

વર્ષ ૧૩ : અંક ૧ | અમદાવાદ : ૧૫-૧૦-૪૭ | ક્રમાંક ૧૪૫

विषय-दर्शन

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

નૂતન વર્ષના પ્રારંભે

[સંપાદકીય]

હજુ તો જાણે હમણાંની જ વાત હોય એમ થોડા જ વખત પૂર્વે રાજનગરના આંગણે મુનિસમ્મેલન ભરાયું હતું, અને તે પછી ૧-૧૧ વર્ષે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિક શરૂ કરવામાં આવ્યું હતું પણ જરાક પાછળ નજર કરીએ છીએ-થોડુંક સિંહાવલોકન કરીએ છીએ અને લાગે છે કે એ વાતને આજે બાર બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. જાણે મુનિસમ્મેલનની કાળગણનાનું સાક્ષાત્ સમયપત્રક કે સીમાચિહ્ન જ ન હોય એમ 'શ્રી જૈન સત્ય પ્રકાશે' એ મુનિસમ્મેલનની યાદને હમેશાં તાજી રાખી છે.

પોતાના બાલ્યકાળસમો ૧૨ વર્ષનો યુગ વટાવી, બીજી અવસ્થાના યુગમાં પ્રવેશ કરવાની ધન્ય વેળાએ, 'શ્રી જૈન સત્ય પ્રકાશ' પોતાના સહાયકો, આશ્રયદાતાઓ અને પોષકો—ચતુર્વિધ શ્રીસંઘના સમગ્ર સભ્યો-પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરો, આર્થિક સહાયતા આપનારા તે તે સદ્‌ગૃહસ્થો કે સંસ્થાઓ, અને લેખન સામગ્રીથી સદા સહકાર આપનારા વિદ્વાનો—પ્રત્યે પોતાના આભારની લાગણી વ્યક્ત કરે છે, અને સદાય એવો સહકાર મળતો રહેશે એવી આશા વ્યક્ત કરે છે

ગુએ બાર વર્ષ દરમ્યાન જે કંઈ કરવા યોગ્ય હતું એ બધુંય કરી શકાયું છે એમ ન કહી શકાય; એવું તો કેટલુંય કરવાનું અવશિષ્ટ રહ્યું છે અમારી વિશેષાંકોની યોજના પણ યુદ્ધકાલીન પરિસ્થિતિના કારણે આગળ ધપી શકી નથી, અર્ધે આવીને જ અટકી પડી છે. અમારો ખ્યાલ તો એવો છે કે જો આર્થિકસાધન અને બીજી સામગ્રી મળતાં રહે તો દર વર્ષે અમુક અમુક વિષયનો એક દળદાર વિશેષાંક શ્રીસંઘને સાદર કરતા રહીએ આજે તો અતિ-આકરી મોંઘવારી અને કાગળનિયમનના ધારાના કારણે એ સંબંધી વિચાર થઈ શકે એમ નથી; પણ સદાય આવી વિષમ પરિસ્થિતિ ચાલુ નહીં રહે, અને અમારી આ ભાવના અતિ દૂરના નહીં એવા કોઈક સમયે જરૂર ફલવતી થશે એવી આશા રાખીએ.

આસપાસની પરિસ્થિતિનો જરાક ઊંડાણથી વિચાર કરીએ છીએ તો લાગે છે કે સમિતિએ 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિકના કાર્ય ઉપરાંત બીજાં કાર્યોમાં પણ કંઈક ફાળો આપવો જોઈએ, અને પોતાનું કાર્યક્ષેત્ર, એના મૂળ નિયમનને લેશ પણ હરકત ન આવે એ રીતે, વિસ્તૃત કરવું જોઈએ. આ માટે કેવી રીતે શું કરી શકાય એ સંબંધી પોતપોતાના વિચારો જણાવવાની અમે આ તબક્કે સમગ્ર શ્રીસંઘના સભ્યોને વિનંતી કરીએ છીએ આવી વિચારણામાંથી જ કંઈક યોગ્ય માર્ગ મળી શકશે એમ અમને લાગે છે.

સદાય શ્રીસંઘની કૃપાનું ભાજન બનેલ 'શ્રી જૈન સત્ય પ્રકાશ' શાસનની અને શ્રીસંઘની વધુ ને વધુ સેવા બજાવવા ભાગ્યશાળી બને એ જ અભિલાષા !

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १२	વિક્રમ સં. ૨૦૦૩ : વીરનિ. સં. ૨૪૭૩ : ઈ. સ. ૧૯૪૭	क्रमांक
अंक १	આસો શુદિ ૧ : બુધવાર : ૧૫મી ઓક્ટોબર	१३५

श्रीदेवेन्द्रसाधुकृतम्

श्रीआत्मसम्बोधन-कुलकम् ।

सं०–पूज्य मुनिमहाराज श्री कान्तिविजयजी

जम्मजरामरणजले नाणाविहवाहिजलयराइन्ने ।
भवसायरे अपारे दुलहं खलु माणुसं जम्मं ॥ १ ॥
तम्मि वि आरियखेत्तं जाईकुलरूवसंपयाओ य ।
चिंतामणिसारिच्छो धम्मो दुलहो य जिणभणिओ ॥ २ ॥
भवकोडिसए परिहिंडिऊण सुविसुद्धपुन्नजोएणं ।
इत्तियमित्ता संपइ सामग्गी पाविया जीव ! ॥ ३ ॥
रूवमसासयमेयं विज्जुलयाचंचलं जए जीयं ।
संझाणुरागसरिसं खणरमणीयं च तारुन्नं ॥ ४ ॥
गयकन्नचंचलाओ लच्छीओ तियसचावसारिच्छं ।
विसयसुहं जीवाणं बुज्झसु रे जीव ! मा मुज्झ ॥ ५ ॥
किंपागफलसमाणा विसया हालाहलोवमा पावा ।
महुमहुरत्तणसारा परिणामे दारुणसहावा ॥ ६ ॥
भुत्ता दिव्वा भोगा सुरेसु असुरेसु तह य मणुएसु ।
न य जीव ! तुज्झ तित्ती जलणस्स व कट्ठनियरेहिं ॥ ७ ॥
जह संझाए सउणाण संगमो जह पहे य पहियाणं ।
सयणाणं संजोगा तहेव खणसंगुरा जीव ! ॥ ८ ॥
पिइमाइभायभइणीभज्जापुत्तत्तणेण सव्वे वि ।
सत्ता अणंतवारं जाया सव्वेसि जीवाणं ॥ ९ ॥

ता तेसिं पडिबंधं उवरिं मा तं करेसु रे जीव ! ।
पडिबंधं कुणमाणो इहइं चिय दुक्खिओ होसि ॥ १० ॥
जाया तरुणी आभरणवज्जिया पाढिओ न मे तणओ ।
धूया नो परिणीया भइणी ना भत्तुणोऽभिमया ॥ ११ ॥
थेवो विभवो संपइ वड्ढइ य रिणं बहू वओ गेहे ।
एवं चिंतासंतावताविओ दुक्खमणुहवसि ॥ १२ ॥
काऊण वि पावाइं जो अत्थो संचिओ तुमे जीव ! ।
सो तंसि सयणाणं सव्वेसिं होइ उवओगी ॥ १३ ॥
जं पुण असुहं कम्मं एक्को च्चिय जीव ! तं समणुहवसि ।
न य ते सयणा सरणं कुगइगइं गच्छमाणस्स ॥ १४ ॥
कोहेणं माणेणं मायालोभेहिं रागदोसेहिं ।
भवरंगगओ सुइरं नडो व्व नच्चाविओ तंसि ॥ १५ ॥
पंचहि वि इंदिएहिं मणवयकाएहिं दुट्ठजोगेहिं ।
बहुसो दारुणरूवं पत्तं दुक्खं तुमे जीव ! ॥ १६ ॥
ता एयं नाऊणं संसारासारयं तुमं जीव ! ।
सयलसुहकारणंमि जिणधम्मे आयरं कुणसु ॥ १७ ॥
जाव न इंदियहाणी जाव न जररक्खसी परिप्फुरइ ।
जाव न रोगवियारा जाव न मच्चू समुल्लियइ ॥ १८ ॥
जह गेहंमि पलित्ते कूवं खणिउं न पारए कोवि ।
तह संपत्ते मरणे धम्मो कह कीरए जीव ! ॥ १९ ॥
पत्तंमि मरणसमए डज्झसि सोयग्गिणा तुमं जीव ! ।
वग्गुरपडिओ व्व मओ संवट्टइओ जह व पक्खी ॥ २० ॥
ता जीव ! संपयं चिय जिणधम्मे उज्जमं तुमं कुणसु ।
मा चिंतामणिसरिसं मणुयत्तं निप्फलं नेसु ॥ २१ ॥
ता मा कुणसु कसाए इंदियवसगो य मा तुमं होसु ।
देविंदसाहुमहियं सिवसोक्खं जेण पाविहिसि ॥ २२ ॥

આ 'આત્મસંબોધનકુલક' પાટણના શ્રી તપાગચ્છ ભંડારની તાડપત્રની (ડા૦ નં૦ ૧૭ પૃ. ૧૦૩ થી ૧૦૫) પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

વિ. સં. ૧૭૨૪નો વિજયપ્રભસૂરિનો વિજ્ઞપ્તિપત્ર

સંગ્રાહક—પૂજ્ય મુનિમહારાજ શ્રી કાંતિસાગરજી, કલકત્તા

કલકત્તાના તુલાપટ્ટીવાળા જૈનમંદિરમાંના હસ્તલિખિત ગ્રંથો તપાસતાં આ એક વિજ્ઞપ્તિપત્ર અચાનક હાથ આવી ચડયો. જ્યાં સુધી મને લાગે છે ત્યાં સુધી આ 'જૈન સત્ય પ્રકાશ' દ્વારા પ્રથમ જ પ્રગટ થાય છે. આચાર્ય વિજયપ્રભસૂરિનું ૧૭૨૪માં અમદાવાદ ચોમાસું હોવાના પુરાવા મારા અવલોકનમાં નથી આવ્યા, અને કૃષ્ણવિજયજીના નામનો ઉલ્લેખ અન્યત્ર જોયો નથી.

એક લાંબા ટીપણાકાર કાગળ પર વિજ્ઞપ્તિલેખ લખેલ છે; જો કે વર્ણન તો આવશ્યકતાથી અધિક અતિશયોક્તિપૂર્ણ છે. આવા પત્રોમાં ઐતિહાસિક તત્ત્વ ભલે ઓછું હોય, પણ ઇતિહાસની કડીઓ જોડવામાં આવી સામગ્રીનું મહત્ત્વ વિશેષ છે. લોકભાષા હોવાથી કદાચ ભાષાશાસ્ત્રીઓ માટે પણ સામગ્રી મળી આવે. વિજયપ્રભ સૂરિજી સંબંધી વિશેષ જાણવા માટે "જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય" જોવા ભલામણ છે. આવા વિજ્ઞપ્તિપત્રોનો સમૂહ અત્યારે ભારતીય વિદ્યા ભવનના સંચાલક સાહિત્યપ્રકાશનપ્રેમી પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીએ તૈયાર કર્યો છે, તેમાં તાત્કાલિક ઇતિહાસ અને જૈનચાર્યોનાં અનેક નવીન ક્રિયાકલાપો પર વિસ્તૃત વિવેચન સંગ્રહીત છે. આવા વિજ્ઞપ્તિપત્રો અમે પણ ઉપલબ્ધ છે. અદ્યાવધિ અન્યત્ર અનુલ્લિખિત છે એવાં બધાંયેનો પરિચય આપવા પ્રયત્ન કરીશ.

આ વિજ્ઞપ્તિપત્રમાંના સંસ્કૃત શ્લોકો ઘણા અશુદ્ધ છે. તે યથાશક્ય સુધારવા પ્રયત્ન કર્યો છે, છતાં તેનાં કેટલીય અશુદ્ધિઓ રહી જ છે.

મૂળ પત્ર આ પ્રમાણે છેઃ—

स्वस्ति श्रीरमणस्तनोतु सततं प्रीतेः सतां संततिं
श्रीमत्पार्श्वजिनेश्वरः कमलिने तेव पंकेरुहाम् ।
मोवायत चक्षुषां जलरुचो वीथीव मोगि द्विषां,
सिंधूनां रजनी सितेव सरसी जन्मेव पुष्पांघसाम् ॥ १ ॥
स्वस्ति श्रीभवनं मनोज्ञनवनं, त्रैलोक्यलोकावनं,
विद्यावल्लिवनं प्रहृष्टसुवनं, सौभाग्यभूभावनम् ।
क्लृप्तैनोलवनं शिवाध्वजवने, श्रेयो वनी जीवनं,
पापा....पवनमृशानि ध्रुवनं पार्श्व स्तुवे पावनम् ॥ २ ॥

છંદ

લેખ લિખઈ શ્રી સંઘ પૂજ્ય વીનતી અવધારો,
ગુજરાત દેશ ઉત્તંગ સૂરત બિંદર જિહાં સારો,
પૂજ્ય તુમ્હારે પ્રસાદ ધર્મધ્યાંન બહુ થાઈ;
જ્ઞાન શીલ તપ ભાવ ભવિક જન ભાવના ભાવઈ,

સુપ્રભાતિ સમરે અહુ ગુરુ ગૌતમ ચિત્ત ધારિ,
ય લેખ લિખઇ શ્રીસંઘ તુમ્હ વાંચીનઈ અવધારિય. ૩

દોહા

સ્વસ્તિ શ્રીગુણ મંદિરં, પ્રણમી આદિ જિણંદ;
યુગલાધર્મ નિવારિયો, ઇક્ષાગ વંશ કુલચંદ. ૪
સકલ લોક સુખ કારણી, મહિમા ગુણમણિ ગેહ;
શાંતિ જિનેશ્વર પ્રણમિયે, સોવિનવર્ણ જ દેહ. ૫
અશ્વસેન કુલિ દીપતો, વામા માત મલ્હાર;
પાર્શ્વનાથ પ્રણમું સદા, સકલ સંઘ જયકાર. ૬
કલિકાલ સુરતરુ સમો, સિદ્ધારથ સુત સાર;
શ્રી મહાવીર જગિ જાંણીયે, ભવભય તારણહાર. ૭
ગગન સમાન ઉત્તંગ જે, રણુઝણુ ઘંટા નાદ;
સુરનર (સુરવર નરવર) કિન્નરી, ગાયે મધુરે સાદ. ૮
સોવિન કલશ બિરાજતા, મહિમંડલિ વિખ્યાત;
કોરણુ તોરણુ મંડિય, સોભઇ નવ નવ ભાત. ૯
નિત્ય નિત્ય નરનારી મલી, પૂજઈ મતિ આનંદ;
જિનપ્રસાદ જિહાં દીપતા, પ્રણમઇ ચૌસઠી ઇંદ. ૧૦
આચારજ વાચક મુનિ, પંડિતના નહીં પાર;
અવર મુનીસર સાધવી, કરતે ધર્મવિચાર. ૧૧
સકલ નગર શિરોમણિ, ધર્મી જનનો વાસ;
શ્રી અમદાવાદ નગર ભલું, સવે જન પૂરઈ આસ. ૧૨
પૂજ્યારાધ્ય તમોત્તમ, પરમપૂજ્ય અર્ચનીયાન;
પરમાશીષ ગુણાગરીષ્ટ, પ્રાપ્ત મહાનૃપમાંન. ૧૩
મહિ મંડલિ વિખ્યાત તું, સાચો સુજસ પ્રમાંણ;
કલિકાલે સુરતરૂ સમો, ભવિક આશા વિશ્રામ. ૧૪
વચનસિદ્ધિ તણો ધણી, મહિયલિ મહિમાવંત;
એક શ્રી પરમાત્મનું, સ્વરૂપ વિચાર કરંત. ૧૫
દ્વિવિધ અસંયમ ટાલકો, દ્વિવિધ નહીં લવલેસ;
દ્વિવિધ ધર્મ પ્રરૂપકો, ગુરૂ વંદો સુવિસેસ (ષ). ૧૬
નાટિક છંદ તમોરલો, તત્ત્વ વહસુમિ જાંણુ;
ત્રણ્ય તત્ત્વ સુધાં ધરઇ, પાલઇ જિનવર આંણ. ૧૭
ક્રોધાદિક જે કુભટ, ટાલઈ ચ્યાર કષાય;
મતિ શ્રુતિ અવધિ કેવલી, ચોથી મનપર્યાય. ૧૮

કેવલજ્ઞાન તે પાંચમું, તેહને કરઇ સુવિચાર;
પંચ ભરત્ત પંચ અઇરાવર્ત્ત, મહાવિદેહ વિચાર. ૧૯
બૌદ્ધ નૈયાયિક સાંખ્ય વલી, મીમાંસક જૈન તે જોય;
ચારવાક છટ્ઠું ભલું, તેહનો વિચારક સોય. ૨૦
ષડ્જ ઋષભ ગાંધાર વલી, મધ્યમ પંચમ નામ;
ધૈવત નૈષધ સપ્ત સ્વર, જાંણઇ તેહનાં ગ્રામ. ૨૧
સ્નાન સુગંધ વિલેપન, વસ્ત્ર ભોજન તે સાર;
તંબોલ શય્યા આસન વલી, અષ્ટ ભોગ નિવારણહાર. ૨૨
પદ્મ શંખ મહાપદ્મ, મકર કચ્છપ સુચકુંદ;
ઇંદ્રનીલાશ્વ નવ નિધિતણો, વિચાર કરે મુનિચંદ. ૨૩
દશ દિગ્પાલ ભુવનપતિ, જાતિ સ્વરૂપ સુજાંણ;
એકા(દ)શ અંગનો જાંણ ભણે-ભણાવઇ સાહિત્ય પ્રમાણ. ૨૪
બાર ઉપાંગતણો વલી, આપે નિર્ણય સાર;
તેર ભવ શ્રી ઋષભના, ભણઇ તાસ વિચાર. ૨૫
વિદ્યા ચૌદશ તણો નિધિ, ચૌદ પૂરવ ગુણધાર;
પન્નર ભેદા સિદ્ધના, જાંણઇ અર્થ વિસ્તાર. ૨૬
સોલ કલા કરી શોભતો, જિમ ગ્રહગણમાંહિ ચંદ;
તપ ગચ્છમાંહી શોભતો, શ્રી વિજયપ્રભસૂરીંદ. ૨૭
સત્તર ભેદ અસંયમો, ટાલઇ મન ઉલ્લાસ;
અઢારે વ્યાકરણતણાં, કીધા બહુ અભ્યાસ. ૨૮
ઉગણીસ દોષ કાઉસગતણા, દૂરિ કરઇ મનિ ભાવિ;
વીસ વિશ(વા) દયા તણાં, પાલઇ મનિ ઉચ્છાવિ. ૨૯
એકવીસ સબલના ટાલકો, બાવિસ પરિસહ જેહ;
કાયંરતે દુરિજ કર્યા, તે મુનિ જીત્યા જેહ. ૩૦
ત્રેવીસ સૂગડાં અધ્યયનના, વ્યાખ્યા જગિ જયકાર;
ચોવીસ તીર્થંકરતણા, ગુણ ગાએ સુવિચાર. ૩૧
પંચવીસ ભલી ભાવના, ભાવક દેવ દયાલ;
છવીસ દશાકલ્પતણા, જાણઇ વિચાર વિશાલ. ૩૨
સતાવીસ ગુણે કરી, જિમ શોભે દિનકર ઇશ;
અઠાવીસ લબધે કરી, પૂરઇ સંગ જગીસ. ૩૩
ઉગણત્રીસ પાપક શ્રુત, વર્જણહાર સદૈવ;
ત્રીસ જ મોહની સ્થાનક, સંગ જ ટાલઇ દેવ. ૩૪
એકત્રીસ સિદ્ધગુણ જાણતો, બત્રીસ લક્ષણધાર;
તેત્રીસ અંજન પાતકી, શાસ્ત્ર એ આધાર. ૩૫

ચોત્રીસ અતિસહ જિનતણા, જાચી વખાણુ કરંત;
પાંત્રીસ વાણી ગુણભલાં, સાંભલી હ(ર)ખ્યા સંત. ૩૬
છત્રીસ ગુણે કરીં શોભતા, સૂરીસ્વર ગુણ ખાણિ;
સૂરીશ્વરના ગુણ ઘણા, નવ નવ ભાવિ વખાણુ. ૩૭
તુજ મુખઇ સરસ્વતી વસઇ, વાદી જીપણુ હાર;
સિદ્ધાન્ત તણો જાણહ સદા, વચન અમૃત શત ધાર. ૩૮
વાદી કેલી કૃપાણુ તું, ચારિત્ર પાત્ર મુકુંદ;
સકલ સાધુ શિરોમણિ, મયણુ નરેંદ્ર સુભટ. ૩૯
કુમતિ તમોભર દિનમણિ, પાય પડઇ સુરવૃંદ;
વાદી ઘટ મુદ્ગર સમો, વાદી ગરુડ ગોવિંદ. ૪૦
વિજ્ઞાનરત્ન રત્નાકરું, મહા કવીશ્વર નાથ;
સરસ્વતી પ્રસાદ જેણે પુગીયો, મુખ્ય ક્ષમા તણો તું નાથ. ૪૧
જાતિ કુલ સમ્પન્નતુહ, વલિત્તલ રૂપ સંપન્ન;
જ્ઞાન દર્શન ચારિત્ર વલી, તેણુંઇ કરી તૂ સમ્પન્ન. ૪૨
લજ્જા લાઘવ સમ્પન્ન, વલી યશ કીરતિ ભંડાર;
ક્રોધ માન માયા વલી, લોભ નિવારણહાર. ૪૩
મેરુ પરિ અકંપ તુહ, સાયર પરિ ગંભીર;
તેજવંત સૂરિજ પરિ, સો ભિનણુ શરીર. ૪૪

ચાલિ

ચારિત્રપાત્રચૂડામણિ, કુમતાંધકારનભોમણિ, સરસ્વતીકંઠાભરણ, વાદીવિજયલક્ષ્મીશરણ, વાદીકદલીકૃપાણુ, વાદીહૃદયબાણ, વાદીજનશિરોમણિ, વાદીતિમિરદિનમણિ, જીત્યાવાદીવૃંદ, જીત્યાનેકવાદ, સરસ્વતીલબ્ધવરપ્રાસાદ, સરસ્વતીભંડાર, ચતુર્દશવિદ્યાઅલંકાર, ષટ્દર્શનપશુગ્રામગોપાલ, કલારંજિતઅનેકભૂમિપાલ, સકલશાસ્ત્રઆધાર, દ્વાસપ્તતિકલાભર્તાર, બહુરાજસમાજનો ઉત્કૃષ્ટ, બહુબુદ્ધિકટાનુરત્નરત્નાકર. મહાકવિશ્વર, શિષ્યકરબૃહસ્પતિ, નિર્જિતશુક્રમતિ, કુચાલવસરસ્વતી, પંચમહાવ્રતધારક, સકલજીવહિતકારક, મોહિનીવિખ્યાતમાંન, અનેકગુણિમણિનિધાંન, આગમ અંગ્યાર અંગ બાર ઉપાંગ ૭ છેદ અન્યોગદ્વાર સૂત્ર મૂલ સહસ પઇવન નંદીસૂત્ર, અઢાર વ્યાકરણ, નામમાલા, ૭૬ કાવ્ય તર્કભાષા પ્રમાણુ અનેક ન્યાય ગ્રન્થ, સ્વ સમય પર સમય અનેક આગમનાં જાંણુ, મધુર વચન દેસણાનાં દેણહાર, અછેવાણી, વંશેવાંણી, નિર્વેદાણી, ધર્મકથા એહવું ચ્યારે પ્રકારે, છે મધુર વચન જેહનું, સમુદ્રની પરિ ગંભીર, સુરગુરુની પરિ ધીમંત, ઉપદેશ દેવા તત્પર, અપરિશ્રાવી, સૌમ્ય દર્શન ચંદ્રમાની પરિ, દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ એહવું ચ્યારે પ્રકારે કરી અભિગ્રહવંત, અવિકંથણો, અચપલો, ચાપલિપણું નિવારણહાર, પરસાતર છે દેહ જેહનું,

ક્ષમાવંત, સુકુમાર કઠિણપણા રહિત, આર્જવ સરલ...કૂપણા રહિત, બારે ભેદે તપ સહિત, સત્તર ભેદે સંયમ સહિત, સત્યવાદી, અદત્તત્યાગી, દ્રવ્યરહિત, બ્રહ્મચર્ય સહિત.

ગાથા.

पडि रुपाई चउदस, खंतिमाई दसविहो धम्मो ।
बारसई भावणाउ, सूरिगुणा हुंति छत्तीसा ॥

પાંચે ઇંદ્રીનું સંવરવૂં, નવવિધ બ્રહ્મચર્યનું પાલવૂં, ચ્યાર કષાયનું ટાલવૂં, પાંચ સુમતિનું પાલવૂં, ત્રિણી ગુપ્તિનું ધારવૂં, પંચ મહાવ્રતનું પાલવું, પાંચ આચારનું પાલવું, એહવા છત્રીસ ગુણેકરી સહિત, અનેક ઉપમા લાયક અનેક વિદ્યાના જ્ઞાયક.

શ્લોક

सस्योयं समयः सुलक्षणतमः, श्लाघ्योयमेवाक्षणो,
मुहूर्तोपि वरः प्रशस्यदिवसः, पूर्णं प्रभातं प्रभो ! ।
पीयूषांजन सन्निभं नयनयोर्मिथ्यात्वरोगापहं,
यस्मिन् जंमतीर्थतावकमिदं दृष्टं मया दर्शनम् ॥१॥
दृष्टोऽद्य श्रुतकेवली गणभृतामाद्यो गुरुर्गौतम–
स्तीर्थस्याधिपतिर्लसद्गुणततिः, स्वामी सुधर्मा तथा ।
श्रीजंबूप्रभवादयो मुनिवराः, अन्येऽपि ये जज्ञिरे
ते सर्वे त्वयि गच्छनायक विभो, दृष्टेऽद्य दृष्टा मया ॥ २ ॥
देहे निर्ममता गुरौ विनयता नित्यं सुता भाषिता,
चारित्रोज्ज्वलता महायशमता, संसार निर्वेदिता ।
अंतर्बाह्यधरी गृहात्मजनता, धर्मज्ञता शुद्धता,
साधो साधुजनस्य लक्षणमिदं, संसारविच्छेदनम् ॥ ३ ॥
सम्प्रति नास्ति न केवली कलियुगे, त्रैलोक्यरक्षामणि–
स्तद्वाचः परमाक्षरन्ति भरतक्षेत्रे जगद्द्योतकाः ।
सम्यक्त्वत्रयधारिणा यतिवरास्ता सासमालंबनं,
त्वत्पूजा जिनवाक्यपूजनतया, सोक्षाज्जिन ! पूजनम् ॥ ४ ॥
नित्यं ब्रम्ह यथा स्मरन्ति मुनयो हंसा यथा मानसं,
सारंगा स्फुटमल्लिकायुतवनं, ध्यायन्ति रेवां गजाः ।
युस्मद्दर्शनलालसा प्रतिदिनं, युस्मान्स्मरामो वयं,
धन्यः कोपि स वासरो प्रभविता, यत्रावयोः संगमः ॥ ५ ॥

(अनुष्टुप)

यथा स्मरंति मेघानां, म.... मीष्मता पिता ।
पद्मिनीव यथा हंसास्तथाऽहं तव दर्शनम् ॥ ६ ॥
यथा स्मरन्ति गोवंशं चक्रवाकी दिवाकरम् ।
सती स्मरति भर्तारं, तथाऽहं तव दर्शनम् ॥ ७ ॥

અનેક ગુણ શ્રી પૂજ્યજીના એક મુખે એક જિહ્વાએ ગુણ ગાતા પાર ન પામીએ, પરમ પૂજ્ય, પરમ બાંધવ, દિનદિન અધિક પ્રતાપ તેજયશ, સકલ ભટ્ટારક, પુરા પુરંદર ભટ્ટારક સીરોમણિ. શ્રી. શ્રી. ૧૦૫ વિજયપ્રભસૂરિશ્વર સપરિવારાન્, ચરણ કમલાન્ સૂરેત નગરાત સંઘ સમસ્તકેન ત્રિકાલ વંદના અવધારવીજી. યત અત્રશ્રી શ્રીપૂજ્યજીના પદ પ્રસાદથી સર્વને સુખ સાતા છઈ, પૂજ્યશ્રીના સુખ સમાધી, નિરાબાધપણાના લેખ લિખી સેવકને સંતોષ ઉપજાવવા...શ્રીપૂજ્યજીને આદેશે પંડિત શ્રી કૃષ્ણવિજયગણિ ચતુર્માસું સૂરત પધાર્યા તેણે કરી ઘણું ધર્મ ધ્યાન વિશેષથી ચાલ્યાં છઇ। શ્રીપૂજ્યજીના પ્રસાદથી પૂજા તથા પ્રભાવના તથા સામીવાછલ્ય સર્વ હવાં છઈ. તેહની વગતી આસાઢ ચઉમાસાનાં ૧ તથા અઠાઇધરનાં પારના સાવક શ્રાવિકા બાલગોપાલને મં૦ ઊઠેઇ કરાવ્યાં છઈ। બીજું શ્રી પં. શ્રી કૃષ્ણવિજય પધારે ધર્મ ધ્યાન ઘણું વિશેષથી ચાલ્યા છઈ. શ્રાવક શ્રાવિકાના મન ઘણુ ઠામ આવ્યાં છઈ. તથા પં૦ કૃષ્ણવિજય ગણિ ઘણું સંવેગી વૈરાગી દીસઇ છઇ, તથા બીજૂં કૃષ્ણબીજયજીનુ ઘણું વર્ણન તો લિખાએ જો પૂજ્યજીને અજાણ્યું હોએ, ઘણું લિખિયે તે કારમમૂ દિસે, વલી જે ગામનું ભાગ્ય હશે ત્યાંહા આદેશ પ્રસાદ થાશે. બીજૂં સુરતના સંઘ ઉપરિ કૃપા કરી શ્રી સુરતના દેવયાત્રા કરવા પધારવૂ. પૂજ્યશ્રી દેવયાત્રા કરો ત્યાહાં સુરતના સંઘનઇ સભારવો પંડિત શ્રી કૃષ્ણવિજય ગણિ સપરિવારની વં–૧૦૮ વાર અવધારવા । સુરતના સંઘ ઉપરિ કૃપા કરી લેખ પ્રસાદ કરવો, વલી સેવા શરણાં કામ કાજ પ્રસાદ કરવાં, વલી એ પાસાના વશેષ સમાચાર લિ. જણાવવા.

દુહા.

કયાંહો કોયલ ક્યાં હો અંબવન, કિહાં દદુર કિહાં મેહ;
વિસર્યા નવિ વીસરે, ગિરુઆ તણા સનેહ. ૧
ગિરુઆ સહેજે ગુણ કરે, કંત મ કારણ જાંણુ;
તરુ સિંચે સરોવર ભરે, મેઘ ન માંગઈ દાંણ. ૨
મન પસરે જિમ માહરું, તિમ જો કર પસરંત,
ચરણ ગ્રહી શરણ રહી, અમૃત વાણી સુંણંત ૩
સંવત ૧૭૨૪ વર્ષે કાર્તિક શુદિ ૧૦ દિને

સિરોહી રાજ્યનાં કેટલાંક પ્રાચીન જિનમંદિરો

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

(ક્રમાંક ૧૪૦ થી શરૂ : ગતાંકથી ચાલુ : આ અંકે પૂર્ણ)

અમે લાજના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની બરાબર પોષ દશમીએ યાત્રા કરી પેશુઆ આવ્યા. અહીં પણ સુંદર મંદિર, ઉપાશ્રય અને શ્રાવકોનાં ઘર છે. ત્યાં કમલકલશ ગચ્છના ધનારિના વર્તમાન શ્રીપૂજ્ય વિજયજિનેંદ્રસૂરિજી મળ્યા. બહુ જ સજ્જન અને ક્રિયારુચિ છે. તેમ જ સંવેગી સાધુઓની જેમ પોતે ક્રિયા આચારવિચાર પાળવાના અભિલાષી છે, પાળે છે. તેમના આગ્રહથી ધનારી આવ્યા. તેમનો જ્ઞાનભંડાર વગેરે બહુ જ પ્રેમથી બતાવ્યું. અહીં પણ સુંદર નાનું શિખરબદ્ધ જિનમંદિર ઉપાશ્રય વગેરે છે. ત્યાંથી અમે કાછોલી આવ્યા.

કાછોલી

અહીં ઊંચી ખુરશીએ સુંદર શિખરબદ્ધ જિનમંદિર છે. મંદિર પ્રાચીન છે. મૂલનાયકજી શ્રી પાર્શ્વનાથજી છે. સાથે જ સુંદર પ્રાચીન પરિકર છે. બન્ને બાજુ પણ શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા છે. મૂલનાયકજીની નીચે ગાદીમાં પ્રાસાદદેવી છે તેની લાઈનમાં બન્ને બાજુ યક્ષયક્ષિણી છે. પછી બન્ને બાજુ હાથી અને સિંહ વગેરે છે. વચમાં પ્રાસાદદેવી, એની નીચે મનોહર ધર્મચક્ર અને બે બાજુ હરણ છે, એની નીચે પરિકરમાં નીચે પ્રમાણેનો લેખ છે, જે બહુ જ મુશ્કેલીથી ઉતરાયોઃ—

॥ संवत् १३०२ वर्षे कच्छोलिका श्री पार्श्वनाथ गोष्ठिक श्रेष्ठि सीरीपाल भा० सिरीयादे पु० नरदेव पुत्र ठा० श्रे० बोडा भा० वीरी० पु० श्रे०रा X द X(१) महा देवसिंह महं सलखा। पु० श्रे० कर्म्मा भा० अणुपमदे० पुत्र महं. अजेसिंहेन पुत्रा जिंदा मोहणसहितेन श्रे० जगसिंह पु० श्रे० धणसिंह X आ (२) म्रपाल श्रे० X मट्टु पु० धीरा श्रे० साहड पु० बिजेसिंह श्रे० झांझण पु० नागसिंह प्रभृति गोष्ठिकसहितेन पितृमातृश्रेयसे श्री पार्श्वनाथ श्रे० अ X (३) परिकरोद्धार कारितः कच्छोलिग्राम (गोत्र) गुरुणामुपदेशेन X X X આગનું દબાઈ ગયું છે.

આ લેખ પ્રમાણે તો સં. ૧૩૦૩માં કાછોલીના પાર્શ્વનાથજીના મંદિરના પરિકરનો ઉદ્ધાર થયો છે—પરિકરનો ઉદ્ધાર કરવામાં આવ્યો છે.

અહીંના ભાઈઓએ કહ્યું કે–મૂલનાયકજી શ્રી પાર્શ્વનાથજીની ભવ્ય, પ્રાચીન પ્રતિમાજી હતાં, પરન્તુ તે ખંડિત થવાથી ભોંયરામાં પધરાવી દીધાં. ત્યારપછી મૂલનાયકજી શ્રી સંભવનાથજી બિરાજમાન કર્યા. પછી સં. ૧૯૭૮માં માગશર શુદિ દશમે શ્રી સંભવનાથજીનું લંછન વગેરે બદલી ધનારીના શ્રીપૂજ્ય મહેંદ્રસૂરિજી અને યોગીરાજ શાંતિવિજયજી મહારાજે (આચાર્ય શ્રી વિજયશાંતિસૂરીશ્વરજીએ) પુનઃ પ્રતિષ્ઠાદિ કરાવ્યાં છે. આ મૂર્તિ પણ પ્રાચીન અને મનોહર છે.

કાછોલીનાં પ્રાચીનતા અને ગૌરવ

કાછોલી ગામ પ્રાચીન છે. કાછોલવાલગચ્છ અને કાછોલી ગોત્ર હતાં એના ઉલ્લેખો મળે છે, જેમાંથી બે પ્રમાણો નીચે આપું છું :

॥ संवत् १४६५ कच्छोलीवालगच्छे भ० श्री सर्वाणंदसूरयः सपरिवाराः श्री नेमिं प्रणमन्ति ॥

ધાતુની એકતીર્થી ઉપર નીચે પ્રમાણે લેખ છે:—

सं (०) १४९२ वर्षे श्री शान्तिनाथबिंबं कछोलीवालगच्छे भ० श्री सर्वाणंदसूरिणामुपदेशेन पूर्णिमापक्षे.

આ સિવાય કાછોલીના મંદિર વગેરેનો પરિચય આગળ આપ્યો છે. કાછોલી ગામ પ્રાચીન છે, અને આ પ્રદેશમાં એનું ગૌરવ પણ સારું છે. મંદિરની બહાર ડાબી બાજુ માણીભદ્રજી અને અહીંના ભાઈઓનાં ગોત્રદેવીની સ્થાપનાની દેરી છે. જમણી બાજુ નીચે એક પથ્થરમાં પણ મોટો લેખ છે, પરન્તુ ચુનાથી ઢંકાઈ ગયો છે એટલે વંચાયો નહિ. અહીં યતિજીની પોશાલ છે, પુસ્તકો પણ છે. અહીંથી અમે ગયા કાસદ્રહ ગયા.

આ ગામ આવતાં ત્રણ બાજુ આબુ ગિરિરાજની ભવ્યતાનો સુંદર પરિચય થાય છે. ત્રીલોકમ આબુગિરિરાજ જાણે વિવિધ શણગાર સજીને આપણી પાસે ને પાસે આવતો હોય એવો ભાસ થાય છે. શું એની સુંદરતા! હૃદય ગંમતા' એનું વિશાલ અને ઉદાર દૃશ્ય પ્રેક્ષકને ત્યાંથી ખસવા ન દે એવું મનોહર દેખાય છે. આબુગિરિરાજને અથડાતાં વાદળાં, ઘડીકમાં ક્યાંક દેખાતો સૂર્યનો પ્રકાશ, ક્યાંક છાવાઈ ગયેલ ધાઈ, વિવિધરંગી તડકો અને છાંયો આબુગિરિરાજના અપૂર્વ લાવણ્યને પ્રકાશિત કરે છે. આબુની મનોહરતા—એનું ગાંભીર્ય જોવું હોય એમણે આ બાજુ પગપાળા આવવાની જરૂર છે. કાછોલી આબુની તળેટીમાં જ છે. કાસદ્રહ જતાં વચ્ચે જ બે રસ્તા આવે છે. એક રસ્તો સીધો આબુરાજને વીંધી ઠેઠ અચલગઢ ઉપર લઈ જાય છે, બીજો રસ્તો દેલવાડા તરફ જાય છે. વળી એક રસ્તો વચ્ચે જાય છે. સાથે ભોમીયાની જરૂર ખરી અને જો ભુલા પડયા તો બસ હેરાનગતિનો પાર જ ન મળે. રસ્તામાં અચલગઢના જિનમંદિરનું ઉચ્ચ શિખર દેખાય છે, શાંતિ સદન—ગુફા અને ગુરુશિખર વગેરે દેખાય છે. ઉપરનો રસ્તો જાણે મોટો સફેદ સાપ પડયો હોય—સાપનો લીસોટો હોય એવો દેખાય છે. કુદરતી મનોહર દૃશ્યોનો આનંદ લૂટતા, સાથેના ભિલની રમપ્રદ વાતો સાંભળતા, એના આબુગિરિરાજના પર્યટનના અનુભવો સાંભળતા અમે આબુને દૂર ને દૂર છોડી જતા કાસદ્રહ આવ્યા.

કાસદ્રહ

કાસદ્રહમાં પ્રાચીન ભવ્ય શિખરબદ્ધ મંદિર છે. કાસદ્રહ જૈનોનું પ્રાચીન ધામ છે એમ સાંભળ્યું હતું. ખાસ દર્શન કરવા અને કંઈક ઇતિહાસ શોધવા જ અમે આવ્યા હતા. કાસદ્રહ સિરોહી સ્ટેટનું કાશી—લઘુકાશી મનાય છે. મારવાડમાં જૈનોએ સિદ્ધાચલજી, ગિરનારજી, તેમજ પ્રભુ શ્રી મહાવીરદેવનાં ઉપસર્ગ વિહારસ્થાનકોરૂપ તીર્થ સ્થાપ્યાં છે, તેમ બ્રાહ્મણોએ પણ અહીં મારવાડમાં આબુમાં અને તેની આજુબાજુમાં ઋષિકેશ, બદરિકાશ્રમ, પુરી, દ્વારિકા અને કાશી સ્થાપ્યાં છે. એ પૈકીનું કાસદ્રહ એ બ્રાહ્મણોની કાશીપુરી મનાય છે. ગામ બહાર મોટી નદી છે એને ગંગા નદી—ભાગીરથી માની છે, એને તીરે આવેલું શિવાલય વિશ્વનાથ મહાદેવનું મંદિર માને છે. કાશીકરવતનું સ્થાન પણ અહીં સ્થાપ્યું છે. ગુજરાત અને આ પ્રદેશમાં રહેનાર કાશી જેટલે દૂર ન જઈ શકે

તે અહીંની યાત્રા કરી, કાશીની યાત્રાનું પુણ્ય ઉપાર્જન કરી શકે છે. અહીં બ્રાહ્મણોનાં ઘર હતાં, સંસ્કૃત અભ્યાસ પણ ચાલતો.

જેનો માટે પણ કાયદ્રહ મહત્ત્વનું સ્થાન હતું–છે. આબુ ઉપર મહામંત્રીશ્વર વિમલનાં ભવ્ય મંદિરો બન્યાં તેમ આબુની નીચે પણ ભવ્ય જિનમંદિરો બન્યાં છે. આબુગિરિરાજનાં વિમલ મંત્રીશ્વરનાં મંદિરો એની વિશ્વવિશ્રુત ખ્યાતીને લીધે વિદેશીઓના આક્રમણનાં ભોગ બન્યાં અને જીર્ણોદ્ધાર પણ થયા છે, જેને લીધે તે સમયના પ્રાચીન લેખો નથી મળતા, જ્યારે કાયદ્રહમાંથી અમને એક પ્રાચીન લેખ વિ. સં. ૧૦૯૧નો મળ્યો જે અહીં આગળ ઉપર આપું છું.

કાયદ્રહનું મંદિર દૂરથી દેખાતું હતું. બાવન જિનાલયનું (કદાચ ચોવીસ દેરીનું પણ સંભવે છે) ભવ્ય મંદિર અત્યારે ચારે તરફથી ખાલી પડ્યું છે. માત્ર મૂલ ગભારામાં મૂલનાયકજી ભગવાન બિરાજમાન છે. મૂલનાયકજીની મૂર્તિ ભવ્ય મનોહર છે. એના પરિકરમાં નીચે પ્રમાણે લેખ છે:—

॥ ६ ॥ संवत् १२३४ वर्षे वैशाख शुदि १३ सोमे प्रागवाट वंशे (शीव) (१) षणदेवभार्या ज्याखा तत्पु० श्रे० प्र × × (ताप) भार्या शान्ति तत्पुत्र प्र० आषाढ पुत्रिका पुनमतो पुत्रेण पिता श्रयोऽर्थं ० ० ० बिंबं कारितं प्रतिष्ठितं सूरिभिः मंगलमह । श्रीः ॥

મંદિરમાં ડાબાં બાજુ પાદુકા છે તેનો લેખ નીચે પ્રમાણે છે:—

॥ सं. १५९९ वर्षे नाणावाल (१) वा० श्रीमद् हेमराज शिष्य विनयंधर कारापिता

બહારની દેરીઓ ઉપરના ભારવટમાં લેખો છે, પરન્તુ કેટલાક તો ઘસાઈ ગયા છે, કેટલાકની ઉપર ચૂનાનાં પડ બાઝી ગયાં છે; ત્રણેક લેખોના સંવતો વાંચ્યા :—

सं. १२९९ (१) कासद्रहगच्छे

सं. १२९१ .... गच्छे

सं. १२९१ कासद्रहगच्छे

તેરમી અને ચૌદમી સદીના લેખો છે.

મૂલ મંદિરની ડાબી બાજુની પહેલી જ દેરી ઉપર એક પ્રાચીન લીપીનો શ્લોકબદ્ધ પ્રાચીન લેખ છે. સાધનો અને સમયના અભાવે લેખ પૂરેપૂરો શુદ્ધ નથી લેવાયો, છતાં સંવત વગેરે તો શુદ્ધ અને સાફ વંચાયા હોવાથી લેખનું મહત્ત્વ ખૂબ છે.

" श्री भिल(छ) माल निर्यातः प्राग्वाटः वणिजांवरः श्रीपतिरिवलक्ष्मीणां + + राजपूजितः ॥ आकरो गुणरत्नानां बन्धुः पद्मदिवाकरः । न (लः) अथवा (ज) + कस्त- स्य पुत्रः + + + रामौ ततो पर ॥ (श्री सुतः) + + + गुणाढ्येन वामदेव + + दमयम् ॥ दृष्ट्वा चक्रे गृहं जैनं विश्वमनोहरम् ॥ संवत् १०९१

ભિનમાલથી નીકળેલા ઉત્તમ વણિક પોરવાડ જેને વિશ્વમાં મનોહર એવું જૈન મંદિર ૧૦૯૧માં બનાવ્યું.

હું ધારું છું આ લેખ ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો છે.

રાયબહાદુર ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ પોતાના સિરોહી રાજ્યકા ઇતિહાસમાં સિરોહી રાજ્યના લેખો આપ્યા છે ખરા, પરંતુ એમના જેવા પુરાતત્ત્વવિદે જૈન મંદિરોના આવા પ્રાચીન લેખો તરફ તદ્દન ઉપેક્ષા જ કરી છે આ ઉચિત નથી. એમના જેવા ભારતીય પુરાતત્ત્વવિદની આ ઉપેક્ષા દરેક સજ્જન ઇતિહાસ–પુરાતત્ત્વવિદને જરૂર ખટકે તેવી છે. આવા પ્રાચીન લેખો ન લેવામાં કદાચ ઓઝાજીને કાંઇ જ ખામી ન દેખાઈ હોય, કિન્તુ ભારતીય પુરાતત્ત્વ ઇતિહાસમાં તો આ મહાન ખામી જ રહી ગઈ છે.

આ કાસહૃદને કાસદ્રહ તરીકે વર્ણવ્યાના ઉલ્લેખો મળે છે, તેમ જ ગામ ઉપર ગચ્છ નીકળ્યાના પ્રાચીન લેખો પણ આપું છું, જેથી સુજ્ઞ પાઠકો આ નગરના માહાત્મ્યને સારી રીતે પીછાની શકશે.

संवत् १३०० वर्षे वैशाख वदी १ शुक्रे श्री कासहृदगच्छे

નીચેના ચાર લેખો સં. ૧૨૪૫ના છે. લેખો સરખા છે એટલે બધા લેખો નથી આપ્યા.

श्री ऋषभनाथस्य ।। संवत् १२४५ वर्षे वैशाख वदि ५ गुरौ. " कासहृदगच्छे श्री सिंहसूरिभिः प्रतिष्ठितं मंगलं

श्री शान्तिनाथस्य ।। संवत् १२४५ वर्षे वैशाखवदि ५ गुरौ महामात्य पृथ्वीपाला-त्मज महामात्य श्री धनपालेन वृ. भ्रातृ ठ० जगदेवश्रेयसे श्री शांति (नाथ) प्रतिमा कारिता कासहृदगच्छे श्री सिंहसूरिभिः प्रतिष्ठिता.

એક સંભવનાથજીની મૂર્તિ છે. એક ચોથો લેખ છે. સંવત વગેરે બધું એક છે. બીના કલ્યાણ માટે છે એવું વધારાનું છે તેમજ

" कासहृदीय श्री सिंहसूरिभिः "

सं. १२४५ वर्षे कासहृदीयगच्छे उद्योतनाचार्य संताने श्री पार्श्वनाथ मूर्तिः

પ્રતિષ્ઠાપક છે શ્રી ઉદ્યોતનાચાર્યીય શ્રી—श्री सिंहसूरिभिः

નીચેનો લેખ એથીયે પ્રાચીન છેઃ—

८० ।। संवत् १२२२ फाल्गुन सुदि १३ रवौ कासहृदगच्छे श्रीमदुद्योतनाचार्य-संताने अर्बुद वास्तव्य श्रे. वरणाग तद्भार्या तुली (तत्पुत्रौ) भ्रातृ पुत्रौ श्रे. छाहरवाहरौ प्रथम [स्य] भार्या आसु तत्पुत्रा देवचंद्र, वीरचंद्र पासचंद्र प्रभृति समस्त कुटुंब समुदायेन श्री पार्श्वनाथबिंबं आत्मश्रेयोऽर्थं कारितमिति ।। मंगलं महाश्रीः ।। चंद्रार्कं यावन्नंदति चिरं जयतु । छ

सं. १३९३ कास हृदगच्छे એક તીર્થ-

(આબુ લેખસંગ્રહ ભાગ બીજો–પ્રાચીન જૈન લેખસંગ્રહ ભાગ બીજો, બન્ને પુસ્તકોમાંથી લેખો લીધા છે.)

કાસહૃદ ગચ્છની ઉત્પત્તિ માટે નીચેની પંક્તિઓ વાંચવા યોગ્ય છે—

उच्चानागरी—विज्जाहरा य वइरा य मज्झिमिल्ला य एयासिए (प) साहाणं को जाणइ सव्वनामाणि ॥ २३ ॥ विज्जाहर साहाए गुच्छागुच्छ सुमण मणहरणा जालिहरका- सद्दरया मुणिमहुअरपरि (गया) दुन्नि ॥ २४ ॥

—પદ્મપ્રભચરિત્ર દેવસૂરિજી કૃત (પ્રાચીન પ્રશસ્તિ સંગ્રહ)

વિદ્યાધર શાખામાંથી જે ગચ્છો નિકળ્યા છે તેમાં જાલિહર—ગચ્છ અને કાસહર–કાસહદગચ્છ પણ છે. આ પ્રમાણ પ્રમાણે કાસહૃદ (દહ) ગચ્છ પ્રાચીન છે.

કાસહૃદમાં ૧૩૩૦માં લખાયેલ શાંતિનાથચરિત્રની પ્રશસ્તિ છે, જે ૧૮ શ્લોકની છે, ઐતિહાસિક માહિતીથી ભરેલી છે. હું તો માત્ર અહીં આપી શકાય એટલી થોડી માહિતી પૂરતો એનો શ્લોક નીચે આપું છું—

"कासहृदे वरनगरे धनदाकेनादिनाथजिनभुवने ।
मूलप्रतिमाऽभिनवाऽस्थाप्यत शुध्धेन वित्तेन ॥"

આ ઉપરથી એમ લાગે છે કે અહીં શ્રી ઋષભદેવજીનું પણ સુંદર મંદિર હશે, જેમાં ધનદાક પોરવાડે ન્યાયસંપન્ન દ્રવ્યથી નવી મૂલ પ્રતિમાની સ્થાપના કર્યાનું સૂચવ્યું છે. અત્યારે તો એક જ શ્રી પાર્શ્વનાથજીનું મંદિર છે.

ઉપરનો સૌથી પ્રાચીન લેખ કે જે ૧૦૯૧નો છે તેની લીપી પડિમાત્રા કરતાં પણ પ્રાચીન અને વાંચવામાં જટિલ છે લીપી પ્રાચીન બંગાલી લીપીને મલતી છે. બહુ જ મુશ્કેલીથી પૂ. પા. મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી અને પૂ. પા. મુનિમહારાજ શ્રી જ્ઞાનવિજયજીએ લેખ વાંચ્યો હતો.

મેં આપેલા ઉપરના પ્રાચીન લેખો પડિમાત્રામાં છે. કાસહૃદના મંદિરની દેરીઓ ઉપરના બધા લેખો પ્રકાશમાં આવે તો જૈન ધર્મના પ્રાચીન ગૌરવના સુવર્ણ પૃષ્ઠ ઉપર સુંદર પ્રકાશ પડે તેમ છે. અહીં શ્રાવકનું એક ઘર સામાન્ય છે એટલે અમે બે કલાકથી વધુ રોકાઈ શકીએ તેમ ન હતા. એમાં વળી સાધનોની ખામી અને ઉતાવળને લીધે બધા લેખો લઈ શકાયા નહિ. હા, લેખ જોયા જરૂર, નીરીક્ષણ કર્યું. થોડામાં કંકુ લગાવી ચુનો ઉખડાવી લેખો જોયા. ઠેઠ અગિયારમી સદીથી ચૌદમી સદી સુધીના લેખો છે.

મંદિરજીમાં અવ્યવસ્થાનો પાર નથી. પ્રભુજીને સાફનું પણ પૂરું ઠેકાણું નથી. એક વાંકુ છે. એકમાં પાણી નથી. પૂજા વગેરે પણ મુશ્કેલીમાં થતી હશે. કેસર વગેરે પણ નથી. ધૂપદીપનું પણ પૂરું ઠેકાણું ન જણાયું. મંદિરમાં પણ જાળાં બાઝ્યાં છે, ધૂળ પડી છે, કબૂતરની હગાર પણ જામી પડી છે. વ્યવસ્થા સુધારવા પ્રયત્ન કરવાની જરૂર છે. અમે ત્યાંથી પહાડને રસ્તે વગર ભોમીએ જૂલા પડયા અને મારવાડના કાંટા કાંકરા અને ગોખરૂનો આકરો સ્વાદ ચાખતા ચાખતા બપોરે બે વાગે કીરાવલી પહોંચ્યા. બધા ખૂબ થાકી ગયા હતા. ત્યાંથી જ સાધુજીવનના પરિષહો પણ અમારા આચીદાર તરીકે ઉભા જ હતા. અહીં સુંદર શાન્તિદાયક પ્રાચીન જિનમંદિર છે. ઊંચી ખુરશી ઉપર વિશાલ કમ્પાઉન્ડમાં મંદિર છે. વચ્ચે મોટા ચોક છે. ચારે બાજુ આબુની પહાડીઓ–ટેકરીઓ દેખાય છે. શ્રાવકોનાં પાંચ ઘર છે. ઉપાશ્રય નથી. એટલે અમે તો ગોચરી કરી વિહાર

ફરી સાંઝે પાંચ વાગે ખરેડી પહોંચ્યા. પદર માઈલનો વિહાર થયો. આ કીરાવલી એ 'કારઉલી' છે. પંદરમી સદીમાં અહીં શાંતિનાથજીનું મંદિર હતું, એ જ પ્રમાણે અદ્યાવધિ પણ છે. શ્રાવકોનાં ઘર ઘટયાં છે. અવસ્થા સામાન્ય છે.

કીરાવલીથી ખરેડી જતાં વચમાં આવ્યું તારટોલી (તારતોલી, તારટેલા ગામ). રસ્તામાં અમને વિચાર આવ્યો હતો કે આબુની તલાટીમાં, 'ટેલીગ્રામ' કે જ્યાં ઉદ્યોતનસૂરિજીએ વિશાલ વટવૃક્ષ નીચે આઠ (૮૪) સાધુમહાત્માઓને આચાર્ય પદ—સૂરિપદ આપ્યું હતું અને વડગચ્છની સ્થાપના થઈ હતી તે વડગચ્છની સ્થાપનાથી પૂનિત થયેલું ગામ આટલામાં હોવું જોઈએ; ત્યાં ખરેડી આવતાં પુલ ઉપર તારટોલી ગ્રામ નામ સાંભળ્યું. ચારે બાજુ ઝાડી છે. વડનાં વૃક્ષો પણ છે. અહીં અત્યારે તો શ્રાવકનાં ઘર કે મંદિર નથી, પણ અહીં મંદિર હતું એનો ઉલ્લેખ મળે છે. જૂઓ—

"સાંતપુર આબથાંડ તડતોલિ, સાગવાડ, બારથે કાછોલી"—(શીલવિજયજી)

કવિ મેઘ કહે છે—"આઉલી તડીતોલાં પ્રાસાદ એ બિહુ થાનકિ દેવજુગાદિ"

આ તડીતોલી એ જ તારટોલી છે. અને મારી કલ્પના મુજબ અને અહીં 'ટેલીગ્રામ' ની સંભાવના લાગે છે. બાકી તો પુરાતત્ત્વવિદોની શોધમાં આવે તે ખરું. અહીં અત્યારે તો થોડાં રબારી પટેલ-વગેરેનાં ઘર છે, થોડાં ઝૂપડાં છે, ગામ બહાર મોટી નદી છે અને ઝાડી ખૂબ છે. સ્થાનની શોધ કરવા જેવી જરૂર છે.

ક.છોલી, કાશહ્રદ અને કીરાવલીમાં પ્રાચીન મંદિરો હતાં, જેનો ઉલ્લેખ તીર્થમાલામાં આવી રીતે આપેલ છે—

"નીતોડી પાંત્રીસ દીઠી કાચોલી અવારિ મીઠી હો"

—(આગમ ગચ્છપતિ શ્રીમહિમાવિરચિત તીર્થમાલા)

'કાસીદ્રે છિ વીર જુગાદિ' ઘાણી વીર નમું પ્રાસાદ—(શીલવિજય તીર્થમાલા)

× × × × કાસિદ્ર દેવ વખાણું હો.

પ્રતિમા દસ મોહનગારી —(મહિમાવિરચિત તીર્થમાલા)

"કાસહ્રદે અરબદ તલહટી આદિ નેમિ પૂજઉં પાપ ઘટી.

—(કવિ મેઘવિરચિત તીર્થમાલા)

અત્યારે સિરોહી સ્ટેટમાં આ કાશહ્રદ લઘુકાશી કહેવાય છે. ત્યાં નદી છે તેને ગંગાનદી માને છે. તીર ઉપર મહાદેવજીનું મંદિર પણ છે. પરંતુ કવિ મેઘ કાશહ્રદને બદલે લઘુ બાણારસી—લઘુકાશી બીજી વર્ણવે છે.—વાંચો તેમના જ શબ્દો—

"ઉંબરણી લઘુ બાણારસી તેહની વાત કહઉં ફિર કિસી;

ઉંબરણી અરબદ તલહટી પ્રાસાદ કરાવિઉ સંધિ હટી."

—(કવિમેઘ)

'આબુધરા ઉંબરણી પૂરી."

એટલે આબુની ધરતીમાં—આબુબાજુમાં ઉંબરણી પ્રસિદ્ધ હતું. અહીં એટલું સમજું છું કે બામણવાડા પાસેનું ઉંદરી ગામ એ આ ઉંબરણી નહિં. ઉંબરણીમાં સુંદર જિનમંદિર તો છે જ.

હવે કીરાવલીનું વર્ણન વાંચો—

"કારઉલી શ્રીશાંતિજીણંદ" —કવિમેઘ

આ જ કવિ આગળ ઉપર બારજાનું વર્ણન આપે છે તે જ પ્રમાણે અત્યારે પણ છે.

" બારજાઈ શ્રી દેવ યુગાદિ. બારજા કોરોલીથી ૧૫ા ગાઉ દૂર છે. કાસહૃદથી અમે કોરોલીને બદલે બારજા પણ જઈ શકત, પરંતુ પહેલા ગયા હોવાથી આ વખતે ન ગયા.

ખરેડી—આબુરોડ

આબુ ઉપર જનાર દરેક યાત્રી અહીં ઊતરે છે. ગામમાં સુંદર શ્વેતાંબર જૈનધર્મશાળા છે, શ્વેતાંબર જૈનમંદિર છે, શ્રાવકોનાં ઘર છે. અહીંથી કુંભારીયાજી (અંબાજી) જવાય છે. ઉપર પણ જવાય છે. ઉપર જતાં આવતા માનપુરના મંદિરનો હમણાં જીર્ણોદ્ધાર થયો છે. આવી રીતે શિરોહી રાજ્યનાં અમારા રસ્તામાં આવેલાં જૈન મંદિરનો ટૂંક પરિચય અહીં આપ્યો છે. શિરોહી રાજ્યમાં ગામડે ગામડે સુંદર જૈન મંદિરો છે. મૂળ મુદ્દે વિમલમંત્રીશ્વરે આબુ અને કુંભારીયાજીનાં ભવ્ય મંદિરો, કળા અને કારીગરીનાં અપૂર્વ ધામરૂપ મંદિરોના નિર્માણ કરાવ્યા પછી આ પ્રદેશ ખૂબ જ ખીલ્યો છે. એમણે ચંદ્રાવતી બાંધ્યા પછી ત્યાંના દાનવીર ધર્મવીર જૈનો આ પ્રદેશમાં ફેલાયા અને જ્યાં જ્યાં પોતે નિવાસ કર્યો ત્યાં ત્યાં પોતાની ધર્મભાવના જીવતી રાખવા સમ્યક્ત્વની શુદ્ધિના મહાન સાધનરૂપ સુંદર જિનભવનો, પૌષધશાળાઓ, ધર્મશાળા અને દાનશાળાઓ વગેરે સ્થાપ્યાં, આજે જેના પ્રાચીન અવશેષરૂપ પ્રાચીન ભવ્ય મંદિરો છે. જ્ઞાનવિમલસૂરિવરજી પણ અહીંની યાત્રા કરી કહે છે, જે તદ્દન સાચું લાગે છે:—

> "શીરોહી દેસેં જૈન વિહાર તે કહેતાં નવિ આવે પાર;
> ગામ ગામ ગિરિ વિષમે ઠામ, દેહરાં દીસે અતિ ઉદ્દામ."

આ પ્રદેશમાં વિચરી સાધુ મહાત્માઓ અને શ્રાવક મહાનુભાવાએ યાત્રાનો લાભ લેવા જેવો છે. સંપૂર્ણ.

સોક્રેટિસ અને મૂર્તિપૂજા

(મૂળ લેખક—સ્વામી જગદીશ્વરાનન્દ)

અનુવાદકઃ— પૂજ્ય મુનિમહારાજ શ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી)

સોક્રેટિસ તે પ્રાચીન ગ્રીસનો શ્રેષ્ઠ ઋષિ અને યોગિ છે. તેના અસલી ઉપદેશ સાથે હિન્દુ દર્શનને એકદમ નિકટતા છે, તેનો મુખ્ય ઉપદેશ અને હિન્દુનો આત્માનં વિદ્ધિ એક છે.

અત્યારે કેટલાએક પંડિત ગ્રીસની પુરાતત્ત્વશોધમાં આ પ્રમાણે પ્રકાશ પાડે છે કે, પ્રાચીન ગ્રીસ પ્રાચીન ભારતનું રૂપાંતર છે, અથવા transplanted India.

મિ૦ ક્યાનન રેબિન્સને ઈંગ્લંડની વિખ્યાત દર્શનપત્રિકા "હિબાર્ટ જર્નલ"માં સોક્રેટિસના જેરૂસાલેમ પરિદર્શનનું વર્ણન તથા હિન્દદેશના જ્ઞાની સ્વામીબેન ગાજાની સાથે થયેલ સંવાદ પ્રગટ કર્યો છે. તેમજ સોક્રેટિસની મૂર્તિપૂજાની વિચારણા પણ આલેખી છે.

પ્રાચીન ગ્રીક પ્રાચીન ભારતની જેમ અનેક દેવ-દેવીઓની આરાધના કરતો હતો.

ગ્રીક દાર્શનિક સોક્રેટિસ અને સ્વામીબેન આજાનો સંવાદ આ પ્રમાણે છે:—

સોક્રેટિસ—મહાશય! મહુદી સમાજ યાબે-દેવતાની કોઈ મૂર્તિને સાચી માનતો નથી, એમ નથી, કિન્તુ વૈદિક જેનાથી તમારા બ્રાહ્મણોનાં અનેક સ્તોત્રો યાને સામ પ્રાપ્ત થયેલ છે તેણે તો યાબેનો બહુ મૂર્તિ ઉલ્લેખ કરેલ છે. તો તે માટે શું સમજવું ! વૈદિક કહે

છે કે—"યાબે એક મેષપાલક છે, વિચારક છે, રાજા છે, તેમજ એક વિશ્રામપ્રદ પહાડ છે.' તેઓ વિશેષમાં જણાવે છે કે—"યાબેને પાંખ છે અને તેના હાથમાં એક પાત્ર છે." શું યાબેની મૂર્તિ આ પ્રમાણે નથી ? મને વિશ્વાસ છે કે—તમો એમ તો નહીં જ કહો કે યાબેનું શરીર કે પાંખ હંસ કે સારસ પક્ષીની જેવાં છે.

સ્વામી—ક્યારેય નહીં, ક્યારેય નહીં, આ કથન માત્ર રૂપક છે.

સો૦—ઠીક છે. આ રીતે તે રૂપકકલ્પના છે, અને કલ્પિત રૂપ એનું નામ જ મૂર્તિ છે. તો ડેવિડે "યાબે"ની મૂર્તિ બનાવી એ વાત તદ્દન સત્ય છે.

સ્વામી—ના, એ રીતે ખોદેલી કે ચૂંટેલી મૂર્તિ ન હતી. અને એ જ કારણે તે હયાત નથી.

સો૦—જરૂર, તેની બાહ્ય હૈયાતી નથી, પણ માનસિક હૈયાતી જરૂર છે. અમારા મનમાં પણ તે જ છે. જો અંદરનું રૂપ બાહ્ય મૂર્તિની અપેક્ષાએ અધિક આવશ્યક છે એમ હોય તો ડેવિડનું પાપ પૌત્તલિકની અપેક્ષાએ અધિક ન મનાય ?

સ્વામી—ના, તેમ ન બને. કારણ ? ડેવિડ "યાબે"નો અંતરંગ (મનુષ્ય) હતો.

સો૦—આથી તો શું ? યહુદીઓ સાથે અમારી તથા બીજી જાતિઓની ભિન્નતા નથી, કે યહુદીઓ ઈશ્વરની માનસિક મૂર્તિને માને છે, જ્યારે ઇતર ધર્મીઓ ઇશ્વરની બાહ્ય તથા માનસિક અને બન્ને પ્રકારની મૂર્તિને માને છે.

એક મુહૂર્ત સુધી મૌન રહી વળી સોક્રેટિસ બોલ્યો કે—વળી તમારી બીજી માન્યતા એ છે ને કે—પથ્થર કે લાકડાથી બનાવેલ મૂર્તિની પૂજા કરવી એ માત્ર મૂર્ખતા છે.

સ્વામી— જરૂર, અમારી એ જ માન્યતા છે.

સો૦—ઠીક. તો અમે એક ભેદની રેખા ખેંચીએ છીએ, તે આ પ્રમાણે—જ્ઞાની-વર્ગ અને સાધારણ મનુષ્યવર્ગમાં જે રીતે ભેદ, એ જ રીતે દરેકમાં ભેદ હોઈ શકે અમારા એથેન્સ નગરમાં ઘણા મનુષ્યોમાં દર્શનોનું જ્ઞાન નથી, અને તમારા શહેરમાં અમે સાંભળ્યું છે કે સાધારણ મનુષ્યો સ્વર્ગીય નિયમોને સમજી શકતા નથી. શું આ ભેદ નથી ? કે એક તરફ અજ્ઞાનીઓનો સમુદાય અને બીજી તરફ મુઠ્ઠિભર જ્ઞાનીઓ. આ ખ્યાલ રાખીને વર્તમાન જનતાના વિષયનું વિવેચન કરવું ઘટે. તેઓ પથ્થર અને લાકડાની મૂર્તિઓની પૂજા કરે છે જ્યારે તમો તેને મૂઢતા માનો છો.

સ્વામી—હા, અમે એમ જ માનીએ છીએ.

સો૦—આ લોકો આ અજ્ઞતાનું કામ શા કારણે કરે છે ?

સ્વામી—તેઓ કારણ જાણતા નથી.

સો૦—આમાં અજ્ઞતા પૂજકની કે મનુષ્યની મૂર્તિની, નક્કી નથી.

સ્વામી— તે હોઈ શકે.

સો૦—તેઓને અજ્ઞ બોલવાથી તેઓ અજ્ઞાની જેવું કામ કરશે; અને તે પણ જ્યાં સુધી તેના હૃદયનું પરિવર્તન ન થાય ત્યાં સુધી.

સ્વામી—જરૂર, એમાં કંઈ શક નથી.

સો૦—જો એમ છે તો તમે તેમની મૂર્તિને પાછળ રાખશો તેથી તેની અજ્ઞા-નતા દૂર નહીં થાય. ઉલટું તેઓ તેના જેવા અન્ય અજ્ઞ માર્ગમાં કે અધિકતર કોનાઇ

માર્ગમાં ઊતરી જશે. અથવા તેઓ ભીલરની પ્રજા પેઠે ખિલાડા કે મગરની પૂજા કરવા લાગશે. નહીં તો નાસ્તિકની પેઠે કંઈ નહીં કરે; બધુંય છોડી દેશે. કિન્તુ અમારું એક મન્તવ્ય છે કે એક બિલાડાની પૂજા કરે તેના કરતાં ઈશ્વરમૂર્તિની પૂજા કરવી તો સોગણું સારું છે. તેમ જ કંઈ ન કરે તે કરતાં બિલાડાની પૂજા પણ છેવટે સારી.

સ્વામી—અમને પણ લાગે છે કે પૂજા નહીં કરવાથી તેઓની વિશેષ ખરાબ દશા થશે.

સો૦—મહાશય! યદિ એમ છે તો તમો અને બીજા જ્ઞાની પુરુષો સમજ્યા જ્યાં સુધી તેઓને ઊંચા દર્શનતત્ત્વનું શિક્ષણ આપો છો અને તેઓ સમજી શકતા નથી ત્યાં સુધી અમારે તેમનો મૂર્તિપૂજાનો વિશ્વાસ ઉઠાવવો ન જોઈએ. તેઓ જ્યારે વિશેષ જ્ઞાની થશે ત્યારે તેઓ તમારાથી એ ભૂલ સમજી શકશે. અને જ્યાંસુધી તેમના હૃદયનો પલટો ન થાય ત્યાં સુધી તેમનાં બાહ્ય અનુષ્ઠાનો તોડી નાખવામાં શું આપણને પાપ ન લાગે? સાધારણ મનુષ્યોની વાત જતી કરીને જ્ઞાનીઓ તરફ ધ્યાન આપીએ. જેઓ જ્ઞાની છે તેઓ કોઈ જાતનું અજ્ઞાન કામ નહીં કરે અર્થાત્ તેઓ મૂર્તિપૂજા નહીં કરે. કેમ કે તે માત્ર અજ્ઞાન છે.

સ્વામી—કિન્તુ તેઓ પણ કરે છે. અમારા જેરૂસલેમમાં નહીં, તમારા એથેન્સ નગરમાં અથવા બાલબક અને ટાયાર શહેરમાં.

સો૦—જરૂર, અમારા એથેન્સમાં ઘણી મૂર્તિઓ છે, તે સાચી વાત છે. પરન્તુ કોઈ જ્ઞાની મૂર્તિપૂજા કરતો નથી.

સ્વામી—એમ હોય તો એથેન્સના દરેક જ્ઞાનીઓ નાસ્તિક છે.

સો૦—કોઈ રીતે નહીં.

સ્વામી—ત્યારે તમે શું કહેવા ધારો છો તે હું સમજી શક્યો નહીં.

સો૦—એ તદ્દન સત્ય છે કે એથેન્સ નગરના જ્ઞાનીઓ દેવદેવીઓની મૂર્તિની સામે ફૂલમાળા અને શ્રદ્ધાર્ધ્ય આપે છે, તેમ જ દેવદેવીઓની શોભાયાત્રા તથા ઉત્સવો કરે છે, છતાં તેઓ પણ પથ્થરપૂજા કરતા નથી. પથ્થરની પૂજા પાછળ જે ભાવનું પ્રતીક છે —તે જ ઈશ્વરી ભાવની પૂજા કરે છે. મતલબ! તેઓ આરસ કે પથ્થરને પૂજતા નથી, કેમકે તેઓ બરાબર સમજે છે કે પથ્થર-પુસ્તક કંઇ નથી, ફક્ત પથ્થર કે લાકડાની પ્રતિમા જે ભાવનું પ્રતીક છે તે જ અસલી ભાવની તેઓ ઉપાસના કરે છે.

સ્વામી—તમે વળી એક પ્રભેદ ઊભો કર્યો. હું દેખી રહ્યો છું કે તમે ખૂબ પાંડિત્યના પક્ષકાર છો. એક મુહૂર્ત પહેલાં જેમ આપણે જ્ઞાનીવર્ગ અને સાધારણ જનતાનો ભેદ જોતા હતા તેમ અત્યારે ભાવ અને પ્રતીકની ભિન્નતા પણ અનુભવાય છે.

સો૦—દેખો, આવી વિચારણાથી અમારી વિચારશક્તિ સૂક્ષ્મ થઈ સૂક્ષ્મતર બનતી જાય છે. તે વાત જવા દો. જ્ઞાની-પુરુષો મૂર્તિમાં રહેલ પથ્થરની પૂજા કરતા નથી. તે મૂર્તિ જે ભાવની દ્યોતક છે તે ભાવની અથવા સત્સ્વરૂપ ઈશ્વરની પૂજા કરે છે.

સ્વામી—સોક્રેટિસ! તમે તમારા દેશની વાત કહો છો. હું તે દેશ સમ્બન્ધે કંઈ જાણતો નથી, એટલે તમો જે કહો છો તે સ્વીકારી લઉં છું.

સો૦—તમારી એ અજ્ઞતા માટે અમારો એક જ ઉત્તર છે કે "આ સૂર્યને જુઓ." અજ્ઞાનીની પાસે આ સૂર્ય સિવાય બીજું કંઈ નથી, જ્યારે જ્ઞાનીની પાસે તેનું નિર્મળ કારણ આ સૂર્યમાં જે ભાવની પ્રતિમૂર્તિ કે વિકાસ છે તે જ છે. જ્ઞાની પુરુષો તેની પૂજા કરે છે. સૂર્ય તેની પાસે એક પ્રકારની પ્રતિમા છે.

એક ઝાલાવંશીય નૃપતિશાખા અને જૈનધર્મ.

લેખક—શ્રીયુત વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી.

ભૂપૃષ્ઠ ઉપર રાજ્યકર્તા અનેક નૃપતિઓ થઈ ગયા; પરંતુ તેઓના ગુણોની કીર્તિગાથાઓ અદ્યાવધિ ગવાય છે. ભારતીય નૃપતિઓમાં સર્વધર્મસમભાવનો ગુણ કેટલીય વાર જોવામાં આવે છે, પછી ભલે તેઓ પોતાને ઇષ્ટ લાગે તે ધર્મની ઉપાસના કરતા હોય. એ ગુણ તો ભારતવાસી ઇસ્લામધર્મોપાસક બાદશાહોમાં પણ ઘણી વખત જોવામાં આવે છે. પ્રાચીન ઇતિહાસ ગ્રંથો આજ્ઞાપત્રો, દાનપત્રો, શિલાલેખો અને ફરમાનપત્રો આ વાતની શાખ પૂરે છે.

ભારતમાં પર્યવસિત થયેલો અથવા અસ્તિત્વ ભોગવતો એવો કોઈ રાજવંશ નહીં હોય કે જેને પ્રાચીન કાલમાં અથવા વર્તમાનમાં એક યા બીજી રીતે જૈનધર્મગુરુઓ અથવા જૈનધર્માનુયાયિઓ સાથે સંપર્ક થયો ન હોય. આ બાબતને પુરવાર કરનારાં અનેક ઉદાહરણો ઇતિહાસને પાને ચઢેલાં નજરે પડે છે, જેવાં કે સિસોદિયા રાજાઓ, મુગલ બાદશાહ અકબર જહાંગીર વગેરે વગેરે. આ રાજાઓ માત્ર જૈનોના સંપર્કમાં આવ્યા છે એટલા માત્રથી પણ આ વાત અટકતી નથી, પણ કેટલાક રાજવંશોની તો ઊખડી જતી જડ જૈનોએ કાયમ રાખી છે, તો કેટલાક નૃપતિઓ જૈન ધર્માચાર્યોનાં બોધ અને સલાહથી પોતાની ઐહિક અને પારલૌકિક કામિત ભાવનાઓ પામ્યાનાં ઉદાહરણો ઇતિહાસોને પાને ચઢેલા જોવામાં આવે છે, જેવા કે—ચાવડા વનરાજ અને પરમાર પ્રહ્લાદનદેવ વગેરે.

ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, મારવાડ, મેવાડ, વગેરે દેશોનું આધિપત્ય ભોગવતા ભિન્નભિન્ન રાજવંશોમાં એક ઝાલાવંશ છે. આ વંશે આદ્યાવધિ ભૂતલ ઉપર પોતની સત્તા કાયમ રાખેલી છે. આ વંશની કીર્તિકથા કવિરાજ નથ્થુરામ સુંદરજીએ પોતે રચેલા "ઝાલાવંશવારિધિ "માં વિસ્તૃત રીતે વર્ણવી છે. આ ગ્રંથ, તેમાં વર્ણવેલા વિષયોથી એમ કહેવાને તો હરકત જ નથી કે, એ એક કીર્તિકથાવાળો ગ્રંથ હોવા છતાં કવિએ ઉપયોગી ઘણા ખરા વિષયોનો તેમાં સમાવેશ કરેલો છે. પરન્તુ સાદ્યંત ગ્રંથ જોતાં એમ જણાય છે કે આ ગ્રંથને જૈન ઇતિહાસ ગ્રંથો, શિલાલેખો દંતકથાઓ વગેરેથી વંચિત રાખેલો છે. પણ જો એ બાબત કવિવરથી અપરિચિત હોય તો દરગુજર કરવા યોગ્ય ગણાય, પરન્તુ ઇરાદા પૂર્વક તેમ બન્યું હોય તો તે પરમ શોચનીય ગણાય.

ઝાલા એ મખવાન વંશીય ક્ષત્રિયોની પ્રસિદ્ધ અટક છે. ઝાલા અવટંક ચૌલુક્ય રાજા સિદ્ધરાજના સમયથી થઈ હોય એમ ઉપર્યુક્ત ગ્રંથમાં જણાવેલું છે. પરન્તુ પ્રબંધચિન્તામણિકાર મેરુતુંગસૂરિજીએ પોતાના ગ્રંથમાં માંગૂજીની વિગત આવતાં ઝાલાવિશેષણ વાપર્યું છે. મખ શબ્દનો અર્થ યજ્ઞ થાય છે. કેટલાક તેને મકવાણા પણ કહે છે. તેનું સંસ્કૃત રૂપ કરતાં વિદ્વાનો તેને મકર વાહન પણ કહે છે. પણ બારોટોની ભાષામાં કહેવાતો મખવાન શબ્દ જ તેમને માટે અસલ રૂપ દેખાડનારો છે, એમ અમારું માનવું છે. મખ એ અપભ્રંશ શબ્દ છે. એનો અસલ શબ્દ મહિષ હોવો જોઇએ; ચાહે તો તેઓ પ્રાચીન કાળમાં પોતાની ધ્વજામાં પાડાનું ચિત્ર રાખતા હોય અથવા પાડાઓ ઉપર સવારી કરવી તેમને પસંદ હોય—એ બેમાંથી ગમે તે કારણસર તેઓ મહિષવાન અથવા મહિષવાહન વિશેષણથી ઓળખાતા હોય એમ અનુમાન થાય છે. અથવા મખનન્વાનનું મખવાન થયેલું માનીએ તો એવું

અનુમાન ઉદ્દભવે છે કે કદાચ તેઓ માખણવાળો:—શ્રીકૃષ્ણચંદ્રનો—વંશ યાદવમાંથી પણ જુદી પડેલી શાખા હોય.હાલ યાદવોદ્દભવ વંશ જાડેજા કહેવાય છે.યાદવ તરીકે સીધી રીતે ઓળખાતા પણ ક્ષત્રિયો છે. એમનાથી આ વંશ અત્યારે તો સ્વતંત્ર મનાય છે. પરંતુ અમારું અનુમાન છે કે અટક ફેર થવાથી ઘણી એક જ જાતિઓના પણ પ્રાચીન કાળે ભાગલા પડેલા હોવાનું ઇતિહાસોમાં જોવાય છે, તો આ વંશનું તેમ બનેલું કેમ ન હોય!

આ વંશનું ગુજરાતમાં આગમન મહારાજા કર્ણદેવ સોલંકીના વખતમાં થયું અને તે આવનાર રાજા હરપાલદેવ હતા. 'વારિધિ'માં વર્ણવ્યા પ્રમાણે તો સિંધના કીર્તિગઢની ગાદી હમીર સુમરા સાથેના યુદ્ધમાં રાજા કેસરદેવનું મરણ અને હાર થવાથી ખોઇ બેસવાથી તેઓ સીધા જ ચૌલુક્યોની છત્રછાયામાં આવ્યા. પણ અમારું એવું અનુમાન છે કે તેઓ અથવા તેમના જાતિબંધુઓ કેટલોક લાંબો વખત કચ્છના ડુંગરાળ પ્રદેશમાં વસેલા હોવા જોઇએ, જેથી કચ્છનો ડુંગરાળ પ્રદેશ આજે પણ આંખપટ કહેવાય છે. આ બાબતને સદરહુ ઇતિહાસ જ પ્રમાણભૂત માનવાને આપણને કારણ આપે છે, કે રાજા માનસિંહજી શત્રુઓથી ઘેરાયા ત્યારે તેઓ એ જ પ્રદેશમાં જઇ ભુજથી ચાર ગાઉ દૂર માનકૂવા ગામ વસાવી ગુજરાત સુધી બહારવટું કે લુંટ કરતા. બીજું કચ્છી અથવા સિંધી ભાષામાં આંખ શબ્દનો અર્થ ડુંગર થતો હોય તો પણ સંભવિત છે. પરન્તુ એ ભાષાનો અમને ખાસ ચોક્કસ પરિચય ન હોવાથી અમે કહી શકતા નથી. પરન્તુ ખાતરીથી જો ધારવા મુજબ એ ભાષામાં એ અર્થ મનાતો હોય તો એનો અર્થ ડુંગરોમાં વસનારાના વંશનો એવો અર્થ થાય તો પ્રાચીન કાળે રાઠોડ જાતિમાંથી આ જાત જુદી પડેલી છે એમ માનવાને કારણ મળે. આ બાબતને અમે વધારે ન લંબાવતાં માત્ર એટલું જ કહીએ છીએ કે આ બાબત વિદ્વાનોએ લક્ષમાં લઇ તપાસવા જેવી છે.

આ વંશના સિંધ કીર્તિગઢના રાજા કેસરદેવ વિ. સં. ૧૧૪૫માં હમીર સુમરા સાથેના યુદ્ધમાં માર્યા ગયા અને પાટડીમાં ગાદી સ્થાપી સં. ૧૧૫૬માં; સંક્ષિપ્ત રાજકાળ નિર્ણય તરંગ ૧૪, પૃ૦ ૩૬૧. આ બન્ને નોંધો ઉપરથી સિંધ રાજ્યનો નાશ થયા પછી ત્યાંથી નાસી હરપાલદેવ ચૌલુક્ય મહારાજા કર્ણદેવની સેવા દરમ્યાન અગ્યાર વર્ષમાં જ પાટડાની ગાદી સ્થાપે છે. તરંગ પંદરમાના વર્ણન મુજબ રાજા કર્ણદેવે તેમને ક્ષત્રીય પુત્રોને ધનુર્વેદનું અધ્યયન કરાવવા માત્ર પગાર બાંધી રાખ્યાની નોંધ પૃ. ૪૫૧માં છે. રાજા કર્ણદેવનો રાજ્યકાળ વિ. સં. ૧૧૨૦થી ૧૧૫૦ સુધીનો છે. તરંગ ૧૬માની આદિમાં પૃ. ૪૧૭ માં કર્ણદેવની રાજ્યસભામાં પોતાને બલીષ્ટ દેખાડવા માટે જમીનમાં ભાલો મારવાની વાત તથા ગુપ્ત રીતે રાખેલા ઘોડાની પાટ ભેદ્યાની નોંધ છે.

એના વિરુદ્ધ પ્રબંધચિંતામણિમાં એ જ વાત એમના પુત્ર ઝાલા માંગુજીના વિષે નોંધેલી છે, અને ત્યાર પછી પૃ. ૪૨૭માં ઝાંઝમેર તળાજાના રાજાની કુંવરી કુલાદેવી, અને કાકુભા બારોટના ચોપડાની નોંધ પ્રમાણે કર્ણદેવની સત્તરમી રાણી સીરોહી રાજાની કુંવરીને બાબરાભૂતના વળગાડથી મુક્ત કરવાના બદલામાં ૨૩૦૦ ગામને ગાગરભેટીમાં બાંધી એક રાતમાં તેવીસો ગામ બક્ષીસ મેળવ્યાની વાત લખી છે. અને તેમાંથી ૫૦૦ ગામ કંગાળી પૈટ પાછા આપ્યાનું વર્ણવ્યું છે.

હરપાલદેવના ત્રણ પુત્રો સોઢાજી, માંગુજી અને શેખરાજીને સોઢાજી ગાદીએ આવતાં

બાબુ જંબુઓને તરંગ ૨૪ના પૃ. ૮૦૨માં ચોરાસી ગામ માંગુજીને અને અબાણા—ચોર વડોદરા શેખચાજીને આપ્યા.

ક્ષત્રિયોના વારસક્રમે ભાઈભાગ સરખે હિસ્સે વહેંચવાનો તે વખતે નિયમ હતો. ઉપર આપેલી ઐતિહાસિક નોંધ ઉપરથી મકવાણા હરપાલદેવને તાબે માત્ર અઢીસો જ ગામ હોય એમ ચોક્કસ દેખાય છે. અને રાજસભામાં પરાક્રમ દર્શનની વાત પ્રબંધચિન્તામણિની પ્રાચીન નોંધ પ્રમાણે તે માંગુજીના સંબંધમાં કર્ણદેવની રાજસભામાં નહીં પણ જયસિંહદેવના વખતમાં બનેલી છે.

હરપાલદેવ રાજ્યભ્વંસ થયા પછી સીધા જ ગુજરાતમાં આવ્યા હોય તો પણ એમના આગમન પછી તેઓ માત્ર પાંચ જ વર્ષમાં પાટડીની ગાદી સ્થાપે છે, અને તે જીવન દરમ્યાન રાજ્યસેવાનો કોઈ ખાસ પ્રસંગ બનેલો જોવામાં આવતો નથી એટલે તેની બક્ષિસરૂપે બેવીસો ગામ જેટલી મોટી જાગીર તેમને મળવી સંભવિત જણાતી નથી. પણ કદાચ બારોટોના ચોપડાની આવા સંબંધની કોઈ નોંધ સાચી હોય અથવા ક્ષત્રિય પરાક્રમી તરીકે તેમને સરકારી નોકરીમાં રાખ્યા હોય તો તે સંભવિત ગણાય.

બીજી રીતે જોઈએ તો માંગુજીને બાપોતી જાગીરમાંથી ૮૪ ગામ મળ્યાં હોય એમ માનવાને પણ આધાર નથી. કારણ કે 'વારિધિ'માં કવિએ લખેલી મોટી જાગીર જ અસંભવિત છે. પણ તેમના સમયમાં ચાલેલી રાજ્યખટપટોમાં યુદ્ધમાં પરાક્રમ કર્યા બદલ જયસિંહદેવના સમયમાં ચોરાસી ગામની જાગીર પાછળથી પ્રાપ્ત થઈ હોય એ બનવા જોગ છે.

ગામ પાટડી મકવાણા હરપાલદેવે વસાવવાનું અને ગાદી સ્થાપ્યાનું પણ માનવાને આધાર મળતો નથી સં. ૧૧૮૬ના ચૈત્ર સુ. ૧૩ના રોજ તેમની ઓશક્તિ ધામાગામે પોતાની પુત્રી સાહત જૂમ્યંતરિત થયા પછી તેઓ અવસાન પામ્યા કે કેમ તે પણ નક્કી નથી. કવિશ્રી પણ એમના રાજ્યને નાના રાજ્ય તરીકે જ ઓળખાવે છે. ઝાલા સોઢાજી અલ્પ જાગીરવાળા અને નિર્ધન હતા એવું નીચેની કવિતાથી જણાય છેઃ—

બાર વરસી કાલ પડ્યો ત્યારે, સુર્યપુરવાસી સહુ ઘરબારે;
લેઈ ચાલ્યો સોઢો તિવારે, ગોડી પાસ પણ ચાલ્યા ત્યારે. ૩
માલવદેશે જઈ સહુ વસિયા, કાલ વિત્યે નિજ દેશે સહુ ધસિયા;
મારગમાં વડ હેઠે વસિયા, કાલ વિત્યે નિજ દેશે ધસિયા. ૪
સોઢો જલ ભરવાને જાવે, ગોડીસા ઉપર ધન ઢાવે;
કાલી સિંહો ફરતો ધાવે, રાજા સોઢો વેગે આવે. ૫
સોઢો સિંહાને તિણ ઠામે, હણતો દેખી શુભ પરિણામે;
ગોડીસા શેઠ મરણ પામે, થયો વ્યંતર તે ગોડી નામે. ૬
પ્રભુ પાસની સેવા સારે, ઉપગાર સોઢાનો સંભારે;
સહુ શોક તણાં સંકટ ચૂરે, સોઢાને ઘેર લખમી પૂરે. ૭

—વીરવિજયજીકૃત ગોડીપાર્શ્વનાથસ્તવન, રચ્યું. સં. ૧૮૭૮ ચૈ. સુ. ૧૧, લખ્યું.
સં. ૧૮૮૦ ચૈત્ર સુ. ૩.

આ ઓગણીસમી સદીની કવિ વીરવિજયજીની નોંધ સોઢાજીની સ્થિતિ કેવી હોવી જોઈએ તેનો ખ્યાલ આપે છે. એમનું મૂલ વતન ઝીંઝુંવાડા જણાવેલું છે. તેઓની

પ્રાથમિક સ્થિતિ સામાન્ય હોય એમ આ કવિતા આપણને ખ્યાલ આપે છે. પાછળથી કવિતામાં જણાવેલા કારણે દૈવી સહાયતાથી તેમને ધનની પ્રાપ્તિ થઈ હતી એટલે હરપાલદેવે પાટડી સ્થાપ્યાનું તો સો વખા અસંભવ જણાય છે. અને તેમના વખતમાં તેઓએ પાટડીમાં રાજ્યગાદી સ્થાપ્યાનું પણ સંભવતું નથી. પણ એ કામ સોઢાજીએ ધન પ્રાપ્તિ થયા પછી કર્યું હોય એ વાત બનવા જોગ છે. ઉપરની વીરવિજયજીની સ્પષ્ટ નોંધને હીરસૌભાગ્ય મહાકાવ્યના કર્તા, જેઓ સત્તરમી સદીમાં થયા છે તેઓ, તો સોઢાજીના પુત્ર દુર્જનશલ્યને પણ ઝીંઝુવાડાના વાસી જ હોવાનું જણાવે છે:—

निःस्वादिवैश्वर्यमवाप्य झींझु—पूरार्कतो दुर्जनशल्यभूमान् ॥ सर्ग १ श्लो ४०

झींझुपुरे सूर्यपुरोऽनवाप्त ॥७॥ ही. सौ. का. स० १

ઉપરના પ્રમાણોથી પાટડી ગામ ક્યારે અને કોણે વસાવ્યું તેના સંબંધમાં હરપાલદેવને હાથે તો તે નથી જ જતું. પાટડીનો સ્પષ્ટ નામનિર્દેશ જૈન ગ્રંથોમાં હરપાલદેવે સં.૧૧૪૫મા પાટડી વસાવ્યાની નોંધ પછી જૈન ગ્રંથોની પ્રશસ્તિમાં નિતલ્લદેવીએ પાટડીમાં પાર્શ્વનાથ ચૈત્ય અને ઉપાશ્રય બંધાવ્યાની નોંધને ૨૩૬ વર્ષનું અંતર છે, એટલે એ અંતર દરમ્યાન ગમે તે રાજાએ ગમે તે વર્ષમા આ પાટડી વસાવેલું હોવું જોઈએ. પણ હરપાલદેવ, સોઢાજી અને દુર્જનશલ્યજી સુધી તો ત નહોતું એ સંદેહ વિનાની વાત છે. અતએવ ઝાલા વંશની જવલંત કીર્તિને સ્થિર કરી શકે તેવું ઐતિહાસિક અન્વેષણ જરૂરી છે એમ આ ચર્ચા સ્પષ્ટ દેખાડી આપે છે. અસ્તુ.

રાણા સોઢાજી:—

ઉપર આપણે જે બાબતો વિચારી તે રાણા હરપાલદેવ વિષે વિચારી, પણ રાણા સોઢાજીને જૈનદેવ અને જિનોપાસક ગૃહસ્થવર્ય ગોડીદાસ સાથે કેવો સંબંધ હતો તેનું વર્ણન ગોડીપાર્શ્વનાથ સ્તવનમાં આ પ્રમાણે આપ્યું છે:—

રાણા સોઢાજી સૂર્યપુરમાં રહેતા હતા. તે વખત દરમ્યાન એક વખત બાર વર્ષનો દુકાળ પડયો ત્યારે સોઢાજી પોતાના કુટુંબના રક્ષણ માટે માળવામાં ગયા. તે વખતે તે ગામમાં વસતા શેઠ ગોડીદાસજી,—જેઓ ભગવાન્ પાર્શ્વનાથજીના પરમભક્ત અને ઉપાસક હતા, તેઓને તેઓ સાથે લેડી ગયા હતા. જ્યારે સુકાળ થયો અને તેઓ સ્વદેશ પાછા ફર્યા ત્યારે પણ શેઠ ગોડીદાસજી તેમની સાથે હતા. માર્ગમાં ભગવાનની પૂજાનો વખત થવાથી વિશ્રામ માટે એક સુંદર વડની છાયામાં ગોડીશાહ શેઠે વિશ્રામ કર્યો. તે વખતે સોઢાજી પાણી લેવા ગયા, એટલામાં શેઠને લૂંટી લેવા તાકી રહેલા કાળા સિંહાએ શેઠને સખ્ત જખમી કર્યા. શેઠ ગતપ્રાણ થતાં પહેલાં પાણી લેવા ગયેલા સોઢાજીએ પાછા આવતાં આ બનાવ જોઈ તેમણે કાળા સિંહાને માર્યો. શેઠ ગોડીદાસે પોતાની અંતિમ અવસ્થાએ મારનારને મરતો જોઈ સોઢાજી ઉપર પ્રેમદૃષ્ટિ નાખી પરલોક પ્રયાણ કર્યું. રાણા સોઢાજીએ તેમના પરિવાર તથા ઇષ્ટદેવ પાર્શ્વનાથની મૂર્તિને ઝીંઝ ગામમાં લાવી પુનઃ સ્થાપ્યા અને તેમની સેવા કરવા લાગ્યા. શેઠ મરીને વ્યંતરદેવ થયા. તેમણે સોઢાજીએ ઉઠાવેલી સેવાથી પ્રસન્ન થઈ સોઢાજીના ઘરમાં પુષ્કળ ધન આપ્યું અને જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે સહાય કરી. ઉપરની પ્રાચીન સ્તવનમાં વર્ણવેલી વિગતથી આપણને જણાવાનું

મળે છે કે રાણા સોઢાજીની શેઠ ગોડીદાસની સારી બરદાસના પરિણામે તેમને ધનસહાય ખૂબ મળતાં તેમનું પરાક્રમ સારું વૃદ્ધિંગત થયું તેઓ એક મહામંડલેશ્વરની સ્થિતિ સુધીનો દરજ્જો શિલા જયસિંહદેવના રાજ્યમાં મેળવી શક્યા. આ સ્તવનમાં ગોડીપાર્શ્વ-નાથની મૂર્તિના પ્રતિષ્ઠાતા હેમચન્દ્રાચાર્ય જણાવેલા છે. એટલે વિ. સં. ૧૧૬૬માં આચાર્ય પદારૂઢ થયા ત્યાર પછી જ એ આ બનાવ છે.

રાણા દુર્જનશલ્યજી:—

રાણા દુર્જનશલ્યજી પૂર્ણિમા ગચ્છના આચાર્ય પરમદેવસૂરિ ઉર્ફે દેવેન્દ્રસૂરિના પરમો-પાસક હતા. દુર્જનશલ્યજીને કુષ્ટરોગ લાગુ પડયો હતો. તે મટાડવા તેમણે પ્રથમ પોતાના ઇષ્ટદેવ સૂર્યદેવની ઉપાસના કરી હતી. પરન્તુ તેથી તેમનો એ રોગ મટી શક્યો નહીં. તેથી એ વાત તેમણે પોતાના માનનીય ગુરુ પરમદેવસૂરિને કહી. પરમતપોપાસક આચાર્ય ભગવાને શંખેશ્વર પાર્શ્વનાથની મંત્રસિદ્ધ ઉપાસનાથી રાણા દુર્જનશલ્યજીનો રોગ મટાડયો. અને તે જ આચાર્ય ભગવાનના ઉપદેશથી તેણે શંખેશ્વર પાર્શ્વનાથના જીર્ણ થયેલા દેવાલયનો ઉદ્ધાર કરાવ્યો.

इतश्च पूर्णिमापक्षोद्योतकारी महामतिः । श्रीमान् परमदेवाख्यः सूरिर्भाति तपोनिधिः ॥१॥
प्रबोधं सप्तयक्षाणां शंखविघ्नविधायिनां । शंखेशपार्श्वभवने यश्चकार कृपापर. ॥६॥
तस्यैवाराधनं कृत्वा चारित्रश्रीविभूषितः । राज्ञो दुर्जनशल्यस्य कुष्टरोगं जहार यः॥७॥
भूपो दुर्जनशल्योऽपि यस्यादेशमवाप्य सः । शंखेशपार्श्वदेवस्य समुद्दध्रे च मन्दिरम् ॥८॥

—सर्वानन्दसूरिकृत जगडूचरित्रम्, सर्ग ६

निःस्वादिवैश्वर्यमवाप्य शीघ्र—पूरार्कतो दुर्जनसल्यभूमान् ।
रूपं यतः सारमिवाप देव—सद्मेव यच्चैत्यमचिकरच्च ॥ ४० ॥
शीघ्र पुरे सूर्यपुरोऽनवाप्तं स्वत्तोभिगम्याङ्गमनङ्गरूपम् ।
अचीकरद्दुर्जनशल्यभूपो विमानतुल्यं तव देव चैत्यम् ॥ ७ ॥

—हीरसौभाग्यमहाकाव्य, सर्ग. १०

प्रभूतरोगेण विनष्टदेहः आराध्य यं दुर्जनशल्यदेवः ॥
चकार देहं मदनस्य तुल्यं वंदे सदा शंखपुरावतंसम् ॥८॥

—शंखेश्वरपार्श्वनाथस्तोत्रम् मुनिचन्द्रसूरिकृतं

શંખેશ્વર મહાતીર્થ, ભા૦ ૧-૨, પૃ૦ ૧૩.

૪ રાણા-ઝાંઝણદેવજી............સં. ૧૨૪૧–સં. ૧૨૬૬=૨૫
૫ રાણા–અર્જુનદેવજી..............સં. ૧૨૬૬–સં. ૧૨૯૬=૩૦
૬ રાણા–દેવરાજજી ....સં ૧૨૯૬–સં. ૧૩૨૧=૨૫

૭ રાણા–દુદાજી.... ....સં. ૧૩૨૧–સં. ૧૩૩૬=૧૫

૮ રાણા–સુરસિંહજી..............,સં. ૧૩૩૬–સં. ૧૩૬૧=૨૫

૯ રાણા–સાતિમદેવજી.............સં. ૧૩૬૧–સં. ૧૩૮૧=૨૦

મહામંડલેશ્વર રાણા સોઢાજી અને રાજા દુર્જનશલ્યજીનો સમય અનુક્રમે સં. ૧૧૮૬થી ૧૨૧૬ અને સં. ૧૨૧૬થી ૧૨૪૧ સુધીના છે. આ બન્ને રાજાઓનો સમય તે ગૂર્જર ચૌલુક્ય નૃપતિ સિદ્ધરાજ જયસિંહ, કુમારપાલદેવ પરમાર્હત, અજયપાલદેવ અને બાલમૂલરાજ સુધીના સમયનું સામ્યત્વ છે. તેથી સહજ જ અનુમાન થાય છે કે જૈનાચાર્ય હેમચન્દ્રસૂરિ અને જૈનધર્મ પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવનાર મહારાજ સિદ્ધરાજ જયસિંહ અને જિનેશ્વરના પરમોપાસક મહારાજા કુમારપાલ દેવના તેઓ મંડલેશ્વર હોવાથી અને ઉપર દર્શાવવામાં આવેલાં કારણોથી તેઓએ જૈનધર્મ પ્રત્યે અનન્ય પ્રેમ દાખવી જૈન ધર્મ પાળ્યો હોય એ તદ્દન બનવા જોગ છે. જો કે આ કાવ્યસંધની નોંધમાં દુર્જનશલ્યજીની જ નોંધ છે, પરન્તુ તેમના નામની સાથે એક બીજી વ્યક્તિનો પણ નામનિર્દેશ અને તેણે એ કામ ક્યારે કર્યું તેની મિતિ સાથે આ પ્રમાણે વધુ વિગત પ્રાપ્ત થાય છેઃ—

દુર્જનશલ્ય નામે ભૂપાલ, ધનવત તે અતિસુકુમાર;
કુષ્ટ ટલ્યો તસ પાસ પસાય, વિમાન સમાન પ્રાસાદ નિપાય. ૨૪
પ્રાસાદ કીધો સુજસ લીધો, સિધો સવિ તસ કાજ;
પ્રત્યક્ષ સુરતરૂ સમ નિર્મમ, જિનવર આપે અવિચલ રાજ. પૃ. ૮૬

—લાવણ્યવિજયોપાધ્યાય શિષ્ય નિત્યવિજયજી સં. ૧૭૪૫—

અગ્યારસેં પંચાવન વરસે, દુરિજન સજ્જન સાથે હર્ષે,
શ્રી ઝુંપુર સૂર્યપુર નામિ, સજ્જન શેઠ બા!! ધન ધામી. ૧૭
દેવ વિમાન સો મંદિર કીધો, લક્ષ્મીતણો બહુ લાહો લીધો. ૧૮ પૃ. ૯૬

—મુનિશ્રી કનકવિજયજી, શંખેશ્વર મહાતીર્થ મુનિશ્રી જયંતવિજયજી

અર્થાત્ વઢીયાર દેશમાં આવેલા શંખેશ્વર પાર્શ્વનાથ મહાતીર્થની ઉપાસનાથી દુર્જનશલ્યજીનો કુષ્ટરોગ નાશ પામવાથી વિ. સં. ૧૧૫૫માં દુર્જનશલ્યજીએ સજ્જન શેઠની મદદથી ઘણા પ્રેમપૂર્વક શંખેશ્વર પાર્શ્વનાથના દેવાલયનો ઉદ્ધાર કરાવ્યો હતો. અને તેઓ ઝીંઝુપુર તથા સૂર્યપુરના વાસિ હતા. આ નોંધ ઉપરથી તો સં. ૧૧૮૬ સુધીનું કરપાલદેવનું અસ્તિત્વ ઉડી જાય છે. પરન્તુ પ્રબંધચિંતામણિની નોંધ સોઢાજી, માંગુજી અને શેખરાજીને સિદ્ધરાજના સમયથી આઘા જવા દેતી નથી. જો કે કનકવિજયજીની નોંધ જૂની હોવા છતાં પણ તેનું મહત્ત્વ પ્રબંધચિંતામણિથી વધારે તો ન જ આંકી શકાય. એમણે સજ્જન શેઠના કાર્ય સાથે દુર્જનશલ્યજીના કાર્યને ભૂલથી અથવા અલ્પ માહિતીથી મેળવી દીધું હોય તો કંઈ અસંભવ નથી. સજ્જન શેઠનો અસ્તિત્વકાલ તો મહારાજા સિદ્ધરાજ જયસિંહના સમયનો જ છે. એટલે સોઢજીના વખતમાં લુણો લાગવાના કારણે જીર્ણ થયેલા દેવળને સમરાવ્યું હોય અને પાછળ દુર્જનશલ્યજીને પણ લુણો લાગવાથી ઉદ્ધાર કરવાની જરૂર પડી હોય તો તે બનવા જોગ છે.

વળી આ દુર્જનશલ્યજી વિષે શંખેશ્વર મહાતીર્થ નામે પુસ્તકમાં મુનિરાજ શ્રી જયંતવિજયજી આ પ્રમાણે કહે છે:–

વિધિમાર્ગોદ્ધારક ચન્દ્રપ્રભસૂરિના પટધર ધર્મઘોષસૂરિના પટધર અભયઘોષસૂરિના મુખ્ય શિષ્ય વિદ્યાકુમારના પ્રતિબોધથી જે નિત્તલ્લદેવીએ આ પ્રતિ લખાવી હતી, તે નીતાદેવીએ પાર્શ્વપ્રભુનું ચૈત્ય તથા પોષધશાળા કરાવી હતી. અને તે ક્ષત્રીય શિરોમણિ-સુરાકના ભાઈ શાંતિમદેવના પુત્ર વિજયપાલની પ્રીયતમા રાણી હતી. તેમનો પુત્ર રાણો પદ્મસિંહ હતો. અને તેમની શૂરવીર પુત્રી રૂપલા દેવી, એ પ્રસ્તુત દુર્જનશલ્યની પ્રેમવતી પત્ની હતી. આ દુર્જનશલ્યને શ્રીદેવીની કુક્ષિથી થએલો ઉદયસિંહ નામે પરાક્રમી પુત્ર હતો. આ ઘટના વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધની છે. તેમજ ઉપર્યુક્ત વિદ્યાકુમારના દાદાગુરુ શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજા સિદ્ધરાજ જયસિંહના સમકાલીન અને સન્માનિત હતા, એવો ઉલ્લેખ મળે છે. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના મંદિરનો ઉદ્ધારક આ જ દુર્જન-શલ્ય હોય તેમ જણાય છે. એટલે આ દુર્જનશલ્ય ઝીંઝુવાડાનો હોવાનું અને તેનો સમય તેરમી સદીનો ઉત્તરાર્ધ અને ચૌદમી સદીનો પૂર્વાર્ધ હોવાનું માનવું ઉચિત જણાય" છે. આના પુરાવા તેઓ તાજિક અને મંડલપદ્ધતિનાં આ પ્રમાણો આપે છે.

इति प्रतिभासर्वज्ञ–त्रैविद्यवृन्दारक–महामण्डलेश्वर–राणकशल्य–श्रीदुर्जनशल्यदेवगुरु-भिः प्रणतपादश्रीदेवेन्द्रशिष्यैः श्रीहेमप्रभसुरिभिः विरचिते त्रैलोक्यप्रकाशे ज्ञानदर्पणापरनाम्नि नव्यताजिके दिन–मास–वर्षार्धकाण्डमण्डलपद्धतिः समाप्ता ॥

(પાટણ જૈનભંડાર ડિ. કૅટે. વૉ. ૨–ગાયકવાડ ઓરીયંટલ સિરીઝ).

ઉપરના અવતરણનો અર્થ શ્રીમાન જયંતવિજયજી હેમપ્રભસૂરિને દુર્જનશલ્ય ગુરુ માનતા એવો કરે છે, પણ નીચેના પ્રમાણથી બન્ને પુરુષના અસ્તિત્વમાં બાધ આવે છે—

श्रीदेवेन्द्रसुरिशिष्यश्रीहेमप्रभसुरिविरचितमर्घकाण्डं सं. १३०५ माघ सुदि १३ गुरौ निष्पन्नमिदं ताजिकं ॥

—વડોદરા પ્રાચ્યા વિદ્યામંદિર નં. ૧૨૦૮૭, સં.૧૫૪૫ની હસ્તલિખિત પ્રતિ પા. ૧૮.

ઉપર આપેલાં બન્ને અવતરણો વિષે અત્રે પ્રથમ વિચાર કરી લીધા પછી ગુજરાતી અવતરણનો વિચાર કરીશું. કવિશ્રીએ આપેલો દુર્જનશલ્યજીનો સમય સંવત્ ૧૨૧૬થી૪૧ છે. અને તાજિકની નોંધ સં ૧૩૦૫ની છે. એ બંન્ને વચ્ચે ચોસઠ વર્ષનો અંતર પડે છે. તેથી ત્રૈલોકયપ્રકાશની પ્રશસ્તિનાં બધાં જ વિશેષણો દેવેંદ્રસૂરિજીના જ માનવાં જોઇએ. એ બાબતમાં જગડુચરિત્રમાં સર્વાનંદસૂરિજી પણ સમંત છે. વળી આ પ્રશસ્તિઓના લખવા મુજબ હેમપ્રભસૂરિને સીધા જ દેવેન્દ્રસૂરિજીના શિષ્ય માનવા પડે છે. પરન્તુ સર્વાનંદસૂરિજીએ જગડુચરિત્રમાં એમણે પટધર તરીકે શ્રીષેણસૂરિજીને સ્થાપ્યાનું જણાવ્યું છે. તથી આ બન્ને પુરુષો વચ્ચે આ પુરુષને ઉમેરીએ તો કશો વિરોધ રહેતો નથી, અને સીધા જ તેમના વિદ્વાન લઘુ શિષ્ય માનીએ નો તેમનું આયુષ્ય ઓછામાં ઓછું ચોર્યાસી વર્ષ માન્યા સિવાય સંગતિ થાય નહિં.

હવે ગૂર્જર પેરામાંની બાબતનો વિચાર કરીએ. તેમાં લખવા મુજબ વંશતાલિકા આ પ્રમાણે થાય.

કવિશ્રીનો ક્રમ	મુનિ શ્રી જયંતવિજયજીના અર્થાનુસાર
૨ સોઢાજી	રાણા દુદાજી
૩ દુર્જનશલ્યજી	રાણા સુરાક — રાણા શાંતિમદેવ
૪ ઝીલણદેવ	રાણા વિજયપાલ
૫ અર્જુનદેવ	રાણી નીતાદેવી
૬ દેવરાજ	રાણા પદ્મસિંહ — પુત્રી રૂપલાદેવી
૭ દુદાજી	(દુર્જનશલ્યની પત્ની)
૮ સુરસિંહજી	
૯ શાંતિમદેવ	
૧૦ વિજયપાલ	
રાણી નીતાદેવી	
પદ્મસિંહ — રૂપલાદેવી	

આ મુકાબલામા મુકેલી વંશતાલિકાઓ જોવાથી આપણને સ્પષ્ટ સમજાય છે કે દસમા પુરુષની પુત્રીનો સંબંધ પત્ની તરીકે હોય જ નહિ. માટે આમ લખવામાં જ ભૂલ થયેલી છે. અથવા તો તે દુર્જનશલ્યની પત્ની રૂપલાદેવી હોય તો આ દુર્જનશલ્યથી તેમને જુદા માનવા જોઇએ, અથવા તો શાંતિમદેવને જુદા માનવા જોઇએ; તો જ અર્થસંગતિ થાય. પણ સ્તોત્રો, સ્તવનો, પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ એ જ દુર્જનશલ્યનો નિર્દેશ કરે છે માટે જે પ્રશસ્તિને આધારે આ લખાયું છે તે પ્રસિદ્ધ થવી જોઇએ અને આ બાબતનું સંશોધન થવું જોઈએ.

મુ. જયંતવિજયજી	કવિ નાથુરામજી	
[રાણા–દુર્જનશલ્ય / રાણી–શ્રીદેવી]	૧૦ રાણા વિજયપાલ સં.	૧૩૮૧–૮૨
	૧૧ ,, મધુપાલ	૧૩૮૨–૮૭
	૧૨ ,, પદ્મસિંહ	૧૩૮૭–૯૬
પુ. ઉદયસિંહ	૧૩ ,, ઉદયસિંહ	૧૩૯૬–૧૪૦૮
	૧૪ પૃથુરાજ — વેગડજી (૧)	૧૪૦૮–૧૧

કવિ નાથુરામજીના ક્રમમાં ઉદયસિંહજી વિજયપાલજીના પ્રપૌત્ર છે, જ્યારે આ નિર્દેશમાં બતાવેલ દુર્જનશલ્ય ને શ્રીદેવીના સીધા જ પુત્ર ઉદયસિંહજી બતાવ્યા છે. આ પણ એક વિષમ-જટિલ સમસ્યા છે, ને તેનું સમાધાન ખંભાતના ખેતરવસીના પાડાના જ્ઞાનભંડારની તાડપત્ર ઉપર લખાયેલી પ્રતની મૂલ પ્રશસ્તિ તપાસ્યા વિના કોઈ બીજે પ્રકારે થાય તેવું નથી. મુ. જયંતવિજયજીએ સદરહુ પુસ્તકમાં પ્રશસ્તિકર્મ શૈલીમા રચાઇ છે તે પણ ટાંક્યુ નથી એટલે આ બાબત માટે કશો જ નિર્ણય વિચારાય તેવું નથી. ખરી રીતે ઉદયસિંહજી પદ્મસિંહજીના જ પુત્ર છે. એટલે કાંઇક અર્થસંગતિમાં ફેરફાર થએલ હોય એમ જણાય છે.

ઝાલી રાણી નીતા દેવીઃ—

આ ઝાલા કુલની માનવંતી રાણી ખેતરવસીની પાડાના જ્ઞાનભંડારની તાડપત્રીય પ્રશસ્તિમાં વર્ણવ્યા મુજબ રાણા વિજયપાલની રાણી હતી. તેણે પાટડીમાં પાર્શ્વનાથ ભગવાનનું દેવાલય બંધાવ્યું હતું. તેમ જ ઉપાશ્રય કરાવ્યો હતો એ કામ તેમણે પૂનમિયાગચ્છના આચાર્ય અભયઘોષસૂરિના મુખ્ય શિષ્ય વિદ્યાકુમાર મુનિના ઉપદેશથી કર્યું હતુ, તેમ જ પાટણ ખેતરવસીના પાડાના જ્ઞાનભંડારની યોગશાસ્ત્ર દ્વિ. પ્ર. વિવરણની પ્રતિ લખાવી હતી, તે તાડપત્ર ઉપર લખેલી હોઈ સદરહુ જ્ઞાનભંડારમાં છે. તેમાંની પ્રશસ્તિમાં જ ઉપરની વાત લખેલી છે. —શંખેશ્વર મહાતીર્થ પૃ. ૪૮—૪૯

પૃથુરાજ (ઝાલા)

૧૫ વેગડજી સં. ૧૪૧૧–૧૪૨૪ ગાદી પાટડી

૧૬ રામસિંહજી સં. ૧૪૨૪-૧૪૪૧

૧૭ વેરીસાલજી સં. ૧૪૪૧--૧૪૪૮

૧૮ રણમલજી સં ૧૪૪૮-૧૪૬૪

૧૯ છત્રસાલજી સં.૧૪૬૪-૧૪૭૬ ગાદી માંડલ

૨૦ જેતસિંહજી સં. ૧૪૭૬-૧૪૯૭ ગાદીકુઆ

૨૧ વનવીરજી સં. ૧૪૯૭-૧૫૧૬

૨૨ ભીમસિંહજી સં. ૧૫૧૬--૧૫૨૫

૨૩ વાઘજી સં. ૧૫૨૫--૧૫૪૨

૨૪ રાયધરજી સ ૧૫૪૨-૧૫૫૬ હળવદમાં ગાદી સ્થાપી સં. ૧૫ ૪ માહાવદી ૧૩ સોમ રાયસર હલવદમાં ૧૫૫૦માં બંધાવ્યું.

૨૫ રાજરાણાજી સં. ૧૫૫૬-૧૫૬૯

૨૬ માનસિંહજી સ. ૧૫૬૯--૧૬૨૦

૨૭ રાયસિંહજી સં. ૧૬૨૦-૧૬૪૦

૨૮ ચંદ્રસિંહજી સં. ૧૬૪૦-૧૬૮૪

૨૯ પૃથ્વીરાજ ગાદી વાંકાનેર સ્થાપના પૂર્વક સં ૧૬૬૨--૧૬૭૯

૩૦ સુલતાનસિંહજી સં. ૧૬૬૨--૧૬૯૯

૩૧ માનસિંહ સં. ૧૬૭૯-૧૭૦૯

૩૨ રાયસિંહ સં. ૧૭૦૯-૧૭૩૫

૩૩ ચંદ્રસિંહજી સં. ૧૭૩૫--૧૭૭૭

૩૪ પૃથ્વીરાજજી સં. ૧૭૭૭-૧૭૮૪

૩૫ કેસરીસિંહજી સં. ૧૭૮૪--૧૮૦૫

૩૬ ભારાજી સં. ૧૮૦૫--૧૮૪૦

૩૭ રાયસિંહજી (ગાદીએ આવેલ નથી)

૩૮ કેસરિસિંહજી બીજા સ. ૧૮૪૦–૧૮૪૩

૩૯ ચંદ્રસિંહજી ઉર્ફે ડોસાજી સં. ૧૮૪૩-૧૮૯૫
૪૦ વખતસિંહજી સં. ૧૮૯૫-૧૯૧૭
૪૧ વનેસિંહજી સં. ૧૯૧૭-૧૯૩૭
૪૨ અમરસિંહજી સં. ૧૯૩૭

ઝાલાવંશના નૃપતિઓ હાલ ભિન્ન ભિન્ન રાજ્યકર્તાઓ છે. ખુદ કાઠિયાવાડમાં જ ધ્રાંગધ્રા, લીંબડી, વાંકાનેર, રાણપુર, થાન, લખતર, વઢવાણ, સાયલા ચુડા, મૂળી; માળવામાં રાયપુર, નરવર, કુનાડી; મારવાડમાં સાદડી, દેલવાડા, ઝાલરાપાટણ, રામપર-મેઘપર, અજમેર, ઉર્ફે અદેપર, વગેરે સ્થળના નાનામોટા રાજાઓ અને ગરાસદારો છે, પણ આ સ્થળે તો અમે માત્ર વાંકાનેર રાજ્યના ક્રમ ઉપર નજર રાખી પ્રસ્તુત વિષયનો પ્રારંભ કરેલો. હવે રાણા હરપાલદેવથી મહારાણા રાજ અમરસિંહજી સુધી અનુક્રમે ૪૨ પુરુષો સં. ૧૧૪૫થી સં. ૨૦૦૨ સુધી થાય છે. તેમાં રાજ્યકર્તાઓએ થોડે ઘણે અંશે અથવા સંપૂર્ણ રીતે જૈનધર્મની ઉપાસના પ્રેમ ભક્તિ કે સત્કાર અનેક વખત કરેલ હશે. પરન્તુ તેની નોંધ આપણી પાસે હાલ નથી જ. ઉપર જણાવેલાં સમગ્ર રાજ્યોમાં બનેલા બનાવોનો સંગ્રહ કરવો એ એક મહાન કાર્ય છે અને તેને માટે સામગ્રીની અનહદ ઊણપ છે. એટલે માત્ર અહીં તો પ્રાચીન સંસ્કૃત ગૂર્જરસાહિત્યમાં મળેલું સાહિત્ય નજર આગળ મૂકી લેખકને સંતોષ માન્યા સિવાય ચાલે તેવું નથી. એટલે હવે એ વૃત્તાંતોને પોષણ મળે અથવા પુરવાર કરે તેવાં પ્રમાણોનું અન્વેષણ કરવાનું વિદ્વાનોને હાથ છે.

પ્રસ્તુત રાજાઓનાં અત્યાર સુધીમાં વાસસ્થાનોનો ક્રમ ઝીંઝુવાડા, પાટડી, માંડલ, કુઆ, હલવદ અને વાંકાનેર છે. આ રાજકર્તાઓમાં નં. ૨૫મા રાણાએ-રાજ રાણાએ હલવદ વસાવ્યા પછી તેમના આર્થિક સ્થિતિ બહુ નમ હતી તેથી તેમના પુત્ર નં. ૨૬મા રાજ-દોલા માનસિંહના વખતમાં તેમના કારભારી શૂરવીર પ્રાગાજીએ નંદવાણાવંશના ધનવાનોને તેડીલાવી સહાય કરવાની શરતે હલવદમાં વસાવ્યા હતા. અને બળાત્કાર માટે તેમણે બાંહેધરી આપી હતી પણ તેઓએ આવી વસ્યા પછી રાજ્યને નાણાં ધીર્યાં નહીં. પ્રાગાજીએ સમજાવ્યા છતાં માન્યું નહિ ત્યારે પ્રાગાજીએ બલાત્કાર કરવાની મસલત કરી, વચન પાલન માટે નંદવાણાઓના રક્ષણ માટે જઈ ઊભો ગયો. દરબારી લૂટારાઓએ હલ્લો કરતાં તે લડયો અને માર્યો ગયો, ત્યારે નંદવાણાઓએ રાજ્યને નાણાં ધીરવા કબૂલ્યું અને ધીર્યાં. ત્યાર પછી અનેક પરિવર્તનો થયાં અને હળવદના વંશજોએ વાંકાનેર વિક્રમની સત્તરમી સદીમાં વસાવી રાજ્ય સ્થાપ્યું. એ રાજ્યના સહાયકો હાલના જૈન શ્રીમાલી જ્ઞાતિના વણિકો છે. અને તેઓ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી ભાગના અનુયાયી છે. અમારું અનુમાન છે કે આ ઇતિહાસમાં નોંધવામાં આવેલા નંદવાણાઓ તે આ લોકના પૂર્વજોની જ અવટંક હોવા સંભવ છે. આ લોકોના પૂર્વજોમાં જ ઓગણીસમી સદીમાં શાહ ઝવેરચંદ થયા છે. તેઓએ જ વાંકાનેર રાજ્યને ટકાવી રાખવા અઢળક ધન અર્પણ કર્યું છે. એ પુરુષ અમદાવાદની હઠીભાઈની વાડીની પ્રતિષ્ઠા વખતે રાજ્યથી રીસામણે નિકળેલા હતા તે વખતે રાજસાહેબે અમદાવાદથી મનાવીને ફરી તેડી લાવી તેઓને વસાવ્યા છે.

આ વણિકો જાતે ચૌહાણ રજપૂત છે, તેમનું પ્રાચીન વતન વાવ થરાદ છે. ત્યાં તેમની કુલદેવીની સ્થાપના છે, તેમના કુલગુરુનો મઠ પણ ત્યાં છે, અને તેમના વંશના વહીવંચાનું કામ પણ તેઓ કરે છે. આ લોકના ભાઈઓ પણ અમદાવાદ પાસેના ગામમાં વસે છે. કુલગુરુ પાસેથી તેમના વંશની થોડી વંશાવલી વકીલ ધર્મસિંહભાઈ લખી લાવેલા

હોવાથી તેમની પાસે છે. દરબારને ધીરવામાં આવેલાં નાણાંના બદલામાં રાજ્ય સાથે થયેલા કરારો, તેમને આપવામાં આવેલા હકો, બક્ષિસો વગેરે સંબંધી ખતપત્રકો વકીલ ધનજીભાઈના તાબાના જૂના ચોપડાઓમાં મોજુદ છે; એમના સબંધી એક શોધક જો કાર્ય કરનાર હોય તો એક સારો ઇતિહાસ લખાય એટલું સાહિત્ય તેમની પાસે છે. વકીલ ધનજીભાઇના પુત્ર ડોક્ટરી પરીક્ષામા ઉત્તીર્ણ છે. રાણા વનેસિંહના વખતમાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસીઓમાં ભારે ઝઘડો થયો હતો. ત્યારે તેઓ તલવારોથી લડયા હતા. લડાઇ ગામમાં થઈ હતી. રાણાજીએ તેમને બહાર જવાની ફરજ પાડવાથી તેઓ એક વાડીમાં જઈ લડયા હતા. તે વાડી આજે પણ ઝાટકાવાડીને નામે પ્રખ્યાત છે. ઝઘડાનું નિમિત્ત એ વાડો જ હોવાથી રાણાજીએ વચ્ચે પડી બન્નેને અટકાવી વાડો ખાલસા કરી છે અને તે પતાળીઆને સામે પાર છે.

વાંકાનેર મચ્છુ અને પતાળીઆ નદીના સંગમ પર વસેલું છે. તેમાં એક જ કંપાઉંડમાં બે દેવળો અને ઉપાશ્રય છે, બહાર નજીકમાં જ લોંકાગચ્છના યતિજીનો જૂનો ઉપાશ્રય છે અને બજારમાં શ્વે. મૂ. પૂ.ની ભોજનશાળા છે તે પણ ઉપાશ્રય તરીકે વપરાય છે, જ્યાં લાયબ્રેરીનાં પુસ્તકો રાખવામાં આવેલાં છે, જેમાં કેટલાંક હસ્તલિખિત પણ છે. અહીંના શાહ ઝવેરચંદ વલ્લભભાઇએ પોતાની મત્તા મિલકત રાજા ડોસાજીને આપી હતી તેથી જ તેઓ ત્રણ રાજ્યોના લશ્કર સામે વિજયી થયા (જુઓ તરંગ ૨૧, પૃ. ૬૨૪). કવિશ્રીએ પણ આની સંક્ષિપ્ત નોંધ લીધી છે. એમ જોતાં તો શાહ ઝવેરચંદભાઇ કાઠિયાવાડના ભામાશાહ જ મનાવા જોઇએ તેમના પિતૃવ્ય કુટુંબીઓનો તો વિપુલ પરિવાર છે, પણ તેમના વારસોમાં માત્ર એક સુશીલ વિધવા સ્ત્રી જ છે. અહીં આપવામાં આવેલી આ સઘળી નોંધ સં. ૧૯૭૪ની મારી મુસાફરીની છે. 'વારિધિ'ના લેખક કવિજી તે વખતે મને રૂબરૂ મળ્યા હતા, અને તેમણે શરૂ કરેલા પુસ્તકના સબંધમાં પૂછતાં કવિજીએ કહેલું કે મારો વિષય ઇતિહાસની સત્યાસત્યતા જોવાનો નથી, પણ ઝાલાકુલના યશોગાનનો છે, એટલે તેઓ ઇતિહાસોપયોગી બીજી કેટલીક સામગ્રી માટે બેદરકાર હોય તે દેખીતું છે. હાલ વાંકાનેરમાં વસતા વણિક્ જૈનોમાં કવિ નેમચંદભાઇએ પોતાની શક્તિના નમુનારૂપ કાવ્ય સાહિત્યનું પણ સર્જન કર્યું છે, અને સંગીતમંડલ પણ તૈયાર કર્યું છે. એ ઉપરાંત તેઓ હાથચાતુર્યના પ્રયોગોમાં પણ પ્રવીણ છે ને તેમનું ભ્રાતૃકુટુંબ પણ વિશાળ છે. વાંકાનેરના શ્રાવીર શ્રીમાળી જ્ઞાતિજનો આંતરકલહ અને વ્યક્તિત્વ ક્લેશોના પરિણામે કોઈ સ્મરણીય કાર્ય કરી શકતા નથી.

અહીં દર્શાવવામાં આવેલું કુટુંબ હાલ સૌ સૌને યથાયોગ્ય વકાલાત, શિક્ષક, કારભારીઆ, ગાંધી, ડોક્ટર, કામદી વગેરે ધંધાઓ કરે છે. આ સ્થળે આ વાત અમે નૃપતિગણો અને રાજ્યના ઉત્કર્ષમાં મૂલ સહાયકોની કિંમત દટાઇ જતી પ્રકાશમાં મૂકવા રજુ કરી છે. રાજ્યનો જ વૃત્તાંત લખવો એ આ સ્થળે હેતુ ન રાખતાં વિનષ્ટતાએ પહોંચતા રાજ્યસ્તંભને પણ વિસારી મૂકવો ન જોઇએ એ આનો અભિપ્રેત હેતુ છે. અમે જો કે પૂર્ણ રીતે તો વૃત્તાંત નથી આપી શક્યા, પણ ગૃહસ્થ કરતાં ત્યાગીઓ આ કામ હાથમાં લે તો તેઓ ઘણી સરળતાથી એ સાહિત્ય મેળવી શકે તેવું છે અને તેની પ્રાપ્તિ માટે મેં સઘળી હકીકત નિવેદિત કરી છે. આશા છે કે વિદ્વાન મુનિવરો જરૂર ધ્યાન આપશે.

જેવી રીતે આ રાજ્યની ઉપર પ્રમાણે હકીકત મળી છે તે જ પ્રમાણે બીજાં રાજ્યોના ઇતિહાસમાં જૈનોએ લીધેલા ભાગના વૃત્તાંતો પણ જરૂર મળશે. ઇતિહાસના જાણકાર વિદ્વાનોને આ કામ સોંપી અમે અમારું વક્તવ્ય સમાપ્ત કરીએ.

मेरुतुंगसूरिरास-सार

(लेखक :-श्रीयुत भंवरलालजी नाहटा)

ऐतिहासिक साहित्यके निर्माण की ओर जैन विद्वानोंका लक्ष सदासे रहा है। रास, भास, गीत, गहूंली, विवाहला, तीर्थमाला प्रभृति भाषा कृतियें; काव्य, पट्टावली, चरित्र प्रभृति संस्कृत ग्रन्थोंका प्राचुर्य इस बातका प्रबल उदाहरण है। हमें इस प्रकारके साधन प्रचुरता से उपलब्ध हुए, जिनमें से कतिपय तो ऐतिहासिक जैन काव्य संग्रहमें हमने प्रकाशित किये, फिर भी जो प्राप्त होते हैं उन्हें समय २ पर सामायिक पत्रों में देते रहते हैं, जिससे जैन इतिहासके साधन विद्वानोंके उपयोगमें आ सकें। कुछ वर्ष पूर्व मेरुतुंगसूरिरासकी नकल कलकत्तेमें इतिहासतत्त्वमहोदधि जैनाचार्य श्री विजयेन्द्रसूरिजीके पास देखी और उसका आवश्यक सार नोट कर लिया था, परन्तु कई स्थान संदिग्ध रह जाने से अभी लींबडीके भण्डार से रास की मूल प्रति मंगा कर नकल कर ली और पाठकों की जानकारीके लिए उसका ऐतिहासिक सार प्रकाशित किया जाता है।

अंचलगच्छमें श्री मेरुतुंगसूरिजी बडे प्रभावक और विद्वान आचार्य हुए हैं। अंचल गच्छीय म्होटी पट्टावली (गुजराती अनुवाद) जो कच्छ-अंजारवाले सा. सोमचंद धारसीकी तरफसे प्रकाशित हुई है, उस मे ५७ वें पट्टधर श्री मेरुतुंगसूरिका जीवनवृत्त प्रकाशित हुआ है, परन्तु कई बातें जनश्रुति आदिके आधार से लिखी हुई हैं, जो ऐतिहासिक दृष्टिसे संशोधन की अपेक्षा रखती हैं। प्रस्तुत रास सूरिजीके समकालीन—उनके स्वर्गवासके बाद संभवतः शीघ्र ही-रचित होने से इसमें वर्णित वृतान्त प्रमाणिक है। कुछ बातें पट्टावलीमें विशेष हैं, खैर जो हो, जिन बातों में अन्तर है उनका दिग्दर्शन कराना ही यहां अभीष्ट है—

१ पट्टावलीमें सूरिजीका जन्मस्थान नानागाम और जाति मीठडिया वहुरा लिखा है, जब कि रासमें नाणीग्राममें प्राग्वाट बहुरा जातिमें जन्म होनेका उल्लेख है।

२ माताका नाम पट्टावलीमें नाहुणदेवी और रासमें नालदेवी लिखा है।

३ दीक्षा संवत् पट्टावलीमें सं. १४१८ और रास में सं. १४१० लिखा है।

४ गृहस्थ नाम पट्टावलीमें मालग तथा रासमें वास्तगकुमार लिखा है।

५ लोलाडईके नृप प्रतिबोधकी कथा पट्टावलीमें नहीं है, उसमें यवन सेनाके भय निवर्तनार्थ सवा मन चावल मंत्रित कर देने और श्रावकोंद्वारा उस सेनाके समक्ष फैंकने से शस्त्रधारी घुडसवार होनेसे यवनसेनाके भग जानेसे भयनिवर्तन की कथा लिखी है।

६ पट्टावलीमें महेन्द्रप्रभसूरिका सं. १४४४ में स्वर्गस्थ होना लिखा है, रासमें सं. १४४५ फा. ब. ११ के दिन (मेरुतुंगसूरिका) महेन्द्रप्रभसूरिके द्वारा गच्छनायकपद स्थापित करनेका उल्लेख है।

७ सूरिजीका स्वर्गवास पट्टावलीमें जूनागढमें सं. १४७३ में हुआ लिखा है जब कि रासके अनुसार सं. १४७१ मार्गशीर्ष पूर्णिमा सोमवार को ही पाटणमें हो चुका था।

८ रासमें बहुतसी ऐतिहासिक महत्त्वपूर्ण बातें लिखी हैं जो पट्टावली में नहीं पायी जाती अतएव यह रास अत्यन्त महत्त्वपूर्ण है और अंचलगच्छ के इतिहासमें संशोधनकी सुन्दर सामग्री प्रस्तुत करनेके साथ साथ नृप प्रतिबोधादि अनेक नवीन सामग्री प्रकाशमें लाता है।

रासमें सूरिजीकी जिन कृतियोंका उल्लेख है उनमेंसे धातुपारायण तथा अंगविद्याउद्धार अद्यावधि अप्राप्त हैं, जिनका अंचलगच्छके ज्ञानभण्डारों में अन्वेषण होना चाहिए। सम्भव है कि और भी कतिपय ग्रन्थ उपलब्ध हों क्यों कि रासमें उल्लिखित ग्रन्थों के अतिरिक्त १ भावकर्मप्रक्रिया, २ शतकभाष्य, ३ नमुत्थुणं टीका, ४ सुश्राद्धकथा, ५ उपदेशमाला टीका, ६ जेसाजी प्रबन्ध (ऐतिहासिक) ग्रन्थ प्राप्त हैं।

अब पाठकोंके अभिज्ञानार्थ उपर्युक्त रासका संक्षिप्त ऐतिहासिक सार दिया जाता है।

प्रथम गाथामें गणधर श्री गौतम स्वामीको नमस्कार करके चौथी गाथा तक प्रस्तावना में उद्देश, चरित्रनायककी महानता, कविकी लघुता आदि वर्णन कर पांचवी गाथासे वीर प्रभुके पट्टधर सुधर्मस्वामी–जम्बू–प्रभवादिकी परम्परामें वज्रस्वामीकी शाखाके प्रभावक विधि-पक्षप्रकाशक श्री आर्यरक्षितसूरि–जयसिंहसूरि–धर्मघोषसूरि–महेन्द्रसूरि–सिंहप्रभ–अजितसिंह–देवेन्द्रसिंह–धर्मप्रभ–सिंहतिलक–महेन्द्रप्रभ तक अंचलगच्छके १० आचार्योंके नाम देकर ११ वें गच्छनायक श्री मेरुतुंगसूरि का चरित्र ८ वीं गाथा से प्रारंभ किया है।

मरुमण्डलमें नाणी नामक नगरमें वुहरा वाचागर और उसके भ्राता विजयसिंह हुए, जिन्होंने सिद्धान्तार्थ श्रवण कर विधिपक्षका स्वीकार किया। विजयसिंहके पुत्र वहरसिंह वहुरा प्राग्वाट वंशके श्रृंगार, विचक्षण व्यवसायी, महान् दानी और धर्मिष्ट हुए। उनको नालदेवी नामक स्त्री शीलालङ्कारधारिणी थी। एक वार नालदेवीकी कुक्षिमें पुण्यवान् जीव देवलोकसे च्यवकर अवतीर्ण हुआ, जिसके प्रभावमें स्वप्नमें उसने सहस्रकिरणधारी सूर्यको अपने मुखमें प्रवेश करते हुए देखा। चक्रेश्वरीदेवीने तत्काल आ कर इस महास्वप्नका फल बतलाया कि तुम्हारे मुक्तिमार्गप्रकाशक ज्ञानकिरणयुक्त सूर्यको तरह प्रतापी पुत्र उत्पन्न होगा, जो संयममार्ग ग्रहण कर युगप्रधान योगीश्वर होगा। चक्रेश्वरीके वचनों को आदर देती हुई धर्मध्यानमें सविशेष रक्त हो कर गर्भका पालन करने लगी। सं. १४०३ में पूरे दिनों से पांचों गृहों के उच्च स्थानमें आने पर नालदेवीने पुत्र जन्म दिया। हर्षोत्सवपूर्वक पुत्रका नाम 'वस्तिगकुमार' रखा गया। क्रमशः बालक बडा होने लगा और उसमें समस्त सद्गुण आ कर निवास करने लगे। एक वार श्रीमहेन्द्रप्रभसूरि नाणीनगरमें पधारे। उनके उपदेशसे अतिमुक्तकुमारकी तरह विरक्त होकर माता पिता की आज्ञा ले संवत् १४१०में

वस्तिगकुमार दीक्षित हुए। वइरसिंहने उत्सव दानादिमें प्रचुर द्रव्य व्यय किया। सूरि महाराजने नवदीक्षित मुनिका नाम मेरुतुंग रखा।

मुनि मेरुतुंग बुद्धि विचक्षणता से व्याकरण, साहित्य, छंद, अलंकार और आगम, वेद, पुराण प्रभृति समस्त विद्याओं के पारंगत पण्डित हो गये। वे शुद्ध संयम पालन करते हुए अमृत सदृश वाणीसे सरस व्याख्यानादि देते थे। श्रीमहेन्द्रप्रभसूरिने इन्हें आचार्यपदके सर्वथा योग्य जान कर सं. १४२६में पाटणमें सूरिपदसे अलंकृत किया। संघपति नरपालने नंदि महोत्सव, दानादि किये। तदनन्तर मेरुतुंगसूरि देश विदेशमें विचर कर उपदेशोंद्वारा भव्य जीवों को एवं नरेन्द्रादि को प्रतिबोध देने लगे। आसाउलीमें यवनराज को प्रतिबोधित किया। सं. १४४४का चातुर्मास लोलाडइमें किया, वहां राठौड वंशी फणगर मेघ राजाको १०० मनुष्यों के साथ धर्ममें प्रतिबोधित किया।

एक बार सूरिजी सन्ध्यावश्यक कर कायोत्सर्ग ध्यानमें स्थित खड़े थे कि एक काले सांपने आ कर पैरमें डस दिया। सूरि महाराज मेतार्य, दमदन्त, चिलातीपुत्रकी तरह ध्यानमें स्थिर रहे। कायोत्सर्ग पूर्ण होने पर मन्त्र, यन्त्र, गारुडीक सब प्रयोगोंको छोड़कर भगवान पार्श्वनाथ की प्रतिमा के समक्ष ध्यानासन जमा कर बैठ गये। ध्यान के प्रभावसे सारा विष उतर गया। प्रातःकाल व्याख्यान देने के लिए आये। संघमें अपार हर्षध्वनि फैल गयी। तदनन्तर श्रीमेरुतुंगसूरि अणहिलपुर पाटण पधारे। गच्छनायक पदके लिए सुमुहूर्त्त देखा गया, महिनों पहले उत्सव प्रारम्भ हो गये। तोरण, बंदरवाल मण्डित विशाल मण्डप तैयार हुआ, नाना प्रकारके नृत्य वाजिंत्रोंकी ध्वनिसे नगर गुंजायमान हो गया। ओसवाल रामदेव के भ्राता खीमागरने उत्सव किया। सं. १४४५ फाल्गुन वदि ११के दिन श्री महेन्द्रप्रभसूरिजीने गच्छनायक पद देकर सारी गच्छधुरा श्रीमेरुतुंगसूरिको समर्पित की। संग्रामसिंहने पदठवणा करके वैभव सफल किया। श्रीरत्नशेखरसूरिको आचार्य स्थापित किये। संघपति नरपालके सांनिध्यसे समस्त महोत्सव निर्विघ्नतया सम्पन्न हुए।

सूरि महाराज निर्मल तप संयम का आराधन करते हुए योगाभ्यासमें विशेष अभ्यस्त रहने लगे। हठयोग-प्राणायाम, राजयोग आदि क्रियाओं द्वारा नियमित ध्यान करते थे, ग्रीष्म ऋतुमें धूपमें और शीतकालकी कडाके की ठंडीमें प्रतिदिन कायोत्सर्ग करके आत्माको अतिशय निर्मल करनेमें संलग्न थे। एक बार आप आबूगिरि के जिनालयोंके दर्शन कर उतरते थे, सन्ध्या हो गयी। मार्ग भूल कर विषम स्थानमें पगदण्डी न मिलने पर बिजलीकी तरह चमकते हुए देवने प्रकट हो कर मार्ग दिखाया। एक बार पाटणके पास सथवाडे सहित गुरुश्री विचरते थे, यवन सेनाने कष्ट देकर सब साथको अपने कब्जे कर लिया। सूरिजी

यवनराजके पास पहूंचे, उनकी आकृति–ललाट देख कर उसका हृदय पलट गया और तत्काल सबको मुक्त कर लौटा दिया। एक वार गुजरातमें मुगलोंका भय उत्पन्न होने पर सारा नगर सूना हो गया, पर सूरिजी खंभातमें स्थिर रहे। कुछ दिनों में भय दूर हुआ और सब लोग लौट आए। सूरिजी वाहडमेर विराजते थे, लघु पोंशालके द्वार पर सात हाथ लम्बा सांप आकर फुंकार करने लगा, जिससे साध्वियां डरने लगी। उन्होंने सूरिजीको सूचना दी। सांप तत्काल स्तंभित हो गया। एक वार सूरिजीने सं. १४६४में साचोर चौमासा किया। अश्वपति (बादशाह) विस्तृत सेना सहित चढाई करने के लिए आ रहा था, सब लोग दसों दिशि भागने लगे, ठाकुर भी भयभित था। सूरिजीके ध्यानबलसे यवनसेना साचौर त्याग कर अन्यत्र चली गई। इस प्रकार सूरिजीके अनेकों अवदात है।

सूरिजीने साहित्यनिर्माण भी खूब किया, इस रासमें निम्नोक्त ग्रन्थरचनाका उल्लेख है:—

१ व्याकरण, २ षट्दर्शननिर्णय, ३ शतपदीसार, ४ रायनामांकचरित्र, ५ कामदेव-कथा, ६ धातुपारायण, ७ लक्षणशास्त्र, ८ मेघदूत महाकाव्य, ९ राजिमती-नेमि सम्बन्ध, १० सूरिमन्त्रोद्धार, ११ अंगविद्याउद्धार, १२ सत्तरी भाष्यवृत्ति इत्यादि.

सूरिजीने सत्यपुर नरेश राउ पाता, नरेश्वर मदनपाल को प्रतिबोध दिया। उडर मलिक भ (?) के पुत्र सूरदास को प्रतिबोध दे कर धोलकाके कलिकुण्ड पार्श्वनाथकी पूजा करवाई। जम्बू (जम्मू) नरेश राउ गजमल गदआ, जीवनराय प्रभृति श्रीमेरुतुंगसूरिके चरण वन्दनार्थ आये। सूरिजी अपार गुणों के समुद्र हैं, नये नये नगरों का संघ वन्दनार्थ आता है। साह सलखा सादागर कारित उत्सव से श्री महीतिलकसूरि एवं महिमश्री महत्तरा का पदस्थापन जम्मूमें साह वरसिंघ कारित उत्सवसे हुआ। खीमराज संघपतिद्वारा खंभात में उत्सव होने पर मेरुनंदनसूरिकी पदस्थापना हुई। माणिक्यशेखरको उपाध्याय पद, गुण-समुद्रसूरि माणिकसुन्दरसूरिको साहतेजा कारित उत्सवसे खंभनयरमें और वहीं जयकीर्तिसूरि को संघवी राजसिंहकृत उत्सवसे आचार्य पद स्थापित किया। इस प्रकार ६ आचार्य, ४ उपाध्याय तथा १ महत्तरा, वाणारिस, पन्यास, पवत्तिणि प्रभृति संख्याबद्ध पदस्थापित व दीक्षित किये।

सूरिजीने पट्टण, खंभात, भरौंच, सोपारक, कुंकण, कच्छ, पारकर, साचोर, मरु, गुज्जर, झालावाड, महाराष्ट्र, पंचाल, लाटदेश, जालोर, घोघा, ऊना, दीव, मंगलपुर, नवा प्रभृति स्थानों में विचरकर बडी शासनोन्नति की। अन्तमें पाटण पधारे, आयु शेष ज्ञात कर अनशन आराधनापूर्वक सं. १४७१ मार्गशीर्ष पूर्णिमा सोमवारके पिछले प्रहर उत्तराध्ययन श्रवण करते हुए अर्हत सिद्धोंके ध्यान से श्रीमेरुतुंगसूरिजी स्वर्ग सिधारे।

મળેલી મદદ

૨૦૦) પૂ. ઉ. શ્રી સુખસાગરજી તથા પૂ. મુ. મ. શ્રી. કાંતિસાગરજીના સદુપદેશથી ગુજરાતી જૈન સંઘ, કલકત્તા.

૧૦૧) પૂ. મુ. મ. શ્રી કનકવિજયજીના સદુપદેશથી લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઈ.

પૂ.મુ.મ.શ્રી દર્શનવિજયજીના સદુપદેશથી રોહીડામાંથી નીચેની ૭ મદદ મળી છે:-

૫૧) શેઠ પુખરાજજી અચલદાસજી સીંઘી

૫૧) ,, ખેમચંદજી નેમચંદજી સીંઘી

૫૧) ,, ધરમચંદજી જોરાવરમલજી સીંઘી

૫૧) ,, હરખચંદજી ગુલાબચંદજી સીંઘી

૫૧) ,, વાલાજી રતનચંદજી શાહ

૫૧) ,, હજારીમલજી દાનમલજી શાહ

૫૧) પૂ. આ. મ. શ્રીવિજયલબ્ધિસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ સમસ્ત, વાપી.

૫૧) પૂ. પં. શ્રીકીર્તિમુનિજીના સદુપદેશથી જૈન સંઘ, ગોધાવી

૫૦) પૂ. આ. મ. શ્રીવિજયલાવણ્યસૂરિજીના સદુપદેશથી વડવા જૈન સંઘ ભાવનગર

૨૫) પૂ. આ. મ. શ્રીવિજયભુવનતિલકસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, સિનોર

૨૫) પૂ. મુ. મ. શ્રીતિલકવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, ઝીંઝુવાડા

૨૫) પૂ. મુ. મ. શ્રીલબ્ધિસાગરજીના સદુપદેશથી જૈન સંઘની પેઢી, ચાણસ્મા

૨૫) પૂ. આ. મ. શ્રીવિજયઉમંગસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, હિમ્મતનગર

૨૫) પૂ. આ. મ. શ્રીવિજયામૃતસૂરિજીના સદુપદેશથી તપગચ્છ અમર જૈન શાળા, ખંભાત

૨૫) પૂ. પં. શ્રીચંદ્રવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, વલસાડ

૨૦) પૂ. આ. મ. શ્રીવિજયધર્મસૂરિજીના સદુપદેશથી દેરબાગ જૈન સંઘ, જામનગર

૧૫) પૂ. આ. મ. શ્રીજિનઋદ્ધિસૂરિજીના સદુપદેશથી મહાવીર જૈન મંદિર, મુંબઈ

૧૫) પૂ. પં. મ. શ્રીચંદ્રસાગરજીના સદુપદેશથી જૈન સંઘ, વિરપુર

૧૧) પૂ. મુ. મ. શ્રી અશોકવિજયજીના સદુપદેશથી વીસા ઓસવાલ જૈન સંઘ, ખંભાત

૧૧) પૂ. આ. મ. શ્રીવિજયકુમુદસૂરિજીના સદુપદેશથી જૈન પાઠશાલા બેરવા

૧૧) પૂ. મુ. મ. શ્રીપ્રકાશવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, પાંચોરા

૧૧) શ્રીયુત છોટાલાલ નરસીદાસ દોસી વઢવાણકેમ્પ

૧૦) પૂ. આ. મ. શ્રીવિજયમનોહરસૂરિજીના સદુપદેશથી મોટા દેરાસરની પેઢી, સાણંદ

૧૦) પૂ. મુ. મ. શ્રીકંચનવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, ગંભીરા

૧૦) પૂ. પં. શ્રીલલિતવિજયજીના સદુપદેશથી દસા શ્રીમાળી જૈન સંઘ, માણસા

૭) પૂ. મુ. મ. શ્રીગુણવિજયજીના સદુપદેશથી પાટીયાના ઉપાશ્રયનો જૈન સંઘ, સાદડી

૫) પૂ. આ. મ. શ્રીવિજયહિમાચલસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, ચાણોદ

શ્રી પર્યુષણા મહાપર્વના આરાધન નિમિત્તે ઉપર મુજબ મદદ સમિતિને મળી છે. આ માટે અમે સર્વ આચાર્ય મહારાજ આદિ મુનિવરો, તે તે ગામના સંઘો અને તે તે સદ્‌ગૃહસ્થોનો આભાર માનીએ છીએ, અને બીજા ગામોના સંઘોને પોતાની મદદ મોકલી આપવા વિનંતી કરીએ છીએ. વ્ય૦

મુદ્રક:–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશક:–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.



વર્ષ ૧૩ : અંક ૨] અમદાવાદ : ૧૫-૧૧-૪૭ [ક્રમાંક ૧૪૬

विषय-दर्शन

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

Shri Jaina Satya Prakasha, Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ

ઐતિહાસિક માહિતીદર્શક

થિરપુરમંડણ શ્રીમહાવીરજિનસ્તવન

અન્વેષકઃ—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયયતીન્દ્રસૂરિજી

થિરપુરમંડન વીરજી રે લાલ, ભેટતાં ભાવઠ જાય રે સોભાગી;
મોટી મુરતી શોભતિ રે લાલ, પ્રણમતાં પાતિક જાય રે સોભાગી;
જયજય શ્રી મહાવીરજી રે લાલ. (૧)

એ છે દેવના દેવ રે લાલ, ત્રિભુવન નાયક જગગુરૂ રે સોભાગી,
સુરનર કરે નિત્ય સેવ રે લાલ, જયજય શ્રી મહાવીરજી સોભાગી.—જય૦-૨
પાટણ નગર તણો ધણી રે લાલ, કુમારપાળ ભૂપાળ રે સોભાગી;
એ બિંબ ભરાવીઓ રે લાલ, પાપ ગયો પાતાળ રે સોભાગી.—જય૦-૩
પ્રાસાદ પાટણમાં કર્યો રે લાલ, ત્રીજો કાકેર જાણ રે સોભાગી;
દીવા દીસે ત્રણે તણા રે લાલ, જન કહે એહવી વણુ રે સોભાગી —જય૦-૪
પાટણ આદિ જીનેશ્વરૂ રે લાલ, કાકેર શાંતિ જીણંદ રે સોભાગી;
થીરપુર સ્થાપના વીરની રે લાલ, દેખતાં ગયા દુઃખદંદ રે સોભાગી.—જય૦-૫
પંચમ કાળ દુકાળમાં રે લાલ, અસુર થયા મહીપાળ રે સોભાગી;
તેહને પ્રાસાદ વિખંડીઓ રે લાલ, ન કરી કોણે સંભાળ રે સોભાગી.—જય૦-૬
ત્રણેમાં સાંપ્રત વાનગી રે લાલ, પાટણ નગર મોઝાર રે સોભાગી;
થંભ દીસે ત્યાંકને રે લાલ, ચોકશે ઉપર બાર રે સોભાગી.—જય૦-૭
ધર્મક્ષેત્ર સોહામણું રે લાલ, લઘુ કાશ્મીર નામ રે સોભાગી;
કણિયાપુર પાટણ કહી રે લાલ, ધન્ય એ થિરપુર ઠામ રે સોભાગી.—જય૦-૮
પંદરશે એકતાલીશે પ્રગટિયા રે લાલ, ફાલ્ગુન માસ મોઝાર રે સોભાગી;
પુજી પ્રણમી ભાવશું રે લાલ, શ્રી સંઘ હર્ષ અપાર રે સોભાગી.—જય૦-૯
શેઠાંની શેરી ત્યાં કને રે લાલ, બેઠા શ્રી વર્દ્ધમાન રે સોભાગી;
સ્નાત્ર મહોત્સવ કર્યો ભાવશું રે લાલ, પહોંચી મનની ખાંત રે સોભાગી.—જય૦-૧૦
પાટણ નગથી આવિયા રે લાલ, શા સાકરચંદ ઉલ્લાસ રે સોભાગી;
સંઘપતિ તીલક ધરાવીઓ રે લાલ, ભેટિયા ગોડી પાર્શ્વ રે સોભાગી.—જય૦-૧૧
ગોડી પાર્શ્વ ભેટિયા રે લાલ, દહેરે શ્રી ભગવંત રે સોભાગી;
સ્નાત્રમહોત્સવ કર્યો ભાવશું રે લાલ, મહીણી નિજ મન ખંત રે સોભાગી.—જય૦-૧૨
શ્રી થિરપુર માંહે આવિયા રે લાલ, ભેટિયા શ્રી વીર જીણંદ રે સોભાગી;
ચોથું વ્રત જ્યાં આદર્યું રે લાલ, કીધું ઉત્તમ કામ રે સોભાગી.—જય૦-૧૩
શાસનનાયક વીરજી રે લાલ, ત્રિશલામાત મલ્હાર રે સોભાગી;
સિદ્ધારથ કુલ ચંદલો રે લાલ, હરિલંછન સુખકાર રે સોભાગી.—જય૦-૧૪
સંવત સત્તર ત્યાશીએ રે લાલ, મહા વદ તેરસ સાર રે સોભાગી;
સાજી લાધો કહે ભાવથી રે લાલ, સફળ કર્યો અવતાર રે સોભાગી.—જય૦-૧૫

આ સ્તવન એક પ્રાચીન હસ્તલિખિત ગુટકામાંથી ઉતારીને અહીં આપ્યું છે.

॥ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૭	क्रमांक
अंक २	કાર્તિક શુદિ ૩ : શનિવાર : ૧૫મી નવેમ્બર	१४१

सम्यक्त्वकुलकम् ।

सं०-पूज्य मुनिमहाराज श्रीकान्तिविजयजी

वेसागिहेसु गमणं महाविरुद्धं जहा कुलवहूणं ।
जाणाहि तहा सावया(य)सुसावगाणं कुतित्थेसु ॥ १ ॥
भणइ जणो नारीणं सइत्तणं कत्थ वेसगिहगमणे ।
एवं कुतित्थगमणे सम्मत्तं सावगस्स कहं ? ॥ २ ॥
किर धम्मंमि कुसलओ सुसावगो सो वि आगओ इहइं ।
तम्हा एस पहाणो सिवाइभणिओ य जो धम्मो ॥ ३ ॥
एवं तब्भत्ताणं थिरकरणं कुणइ तत्थ वच्चंतो ।
वड्ढारइ मिच्छत्तं सुबोहिबीयं हणइ तेसिं ॥ ४ ॥
अन्नेसिं सत्ताणं मिच्छत्तं जो करेइ मूढप्पा ।
सो तेण निमित्तेणं न लहइ बोहिं जिणाभिहियं ॥ ५ ॥
सो परमप्पाणं चिय पाडेइ दुर(रु)त्तरंमि संसारे ।
मिच्छत्तकारणाई जो नवि वज्जेइ दूरेणं ॥ ६ ॥
चिंतामणि व्व दुलहं सम्मत्तं पाविऊण अन्नेहिं ।
तं हारवेइ जीवो लोइयतित्थेसु जंतेणं ॥ ७ ॥
दंसणविराहगाणं तक्कामुक्कोसणंतकालाओ ।
तम्हा दंसणरयणं सव्वपयत्तेण रक्खंति ॥ ८ ॥
जह सियवडेण रहियं न तरइ भवसायरंमि बोहित्थं ।
तह सम्मत्तेण विणा किरियरुइ न तरइ भवोहं ॥ ९ ॥
जह व विणट्ठे तुंबे साहारो नेय होइ अरएहिं ।
तह सम्मत्तेण विणा ताणं च न होइ चरणेण ॥ १० ॥

जह विच्छायं पउमं हवइ विणट्ठंमि कन्नियामज्झे ।
तह विच्छाया किरिया हवइ हु सम्मत्तनासंमि ॥ ११ ॥
जह महआययणं पि य पीढवीणासे विणस्सए सव्वं ।
सम्मत्तपीढनासे तह नासइ गुरुतवच्चरणं ॥ १२ ॥
जह वा सालीपच्छो कीडक्खइओ हवेज्ज नोसारो ।
झीणे तह सम्मत्ते हवइ असारं तवच्चरणं ॥ १३ ॥
अंधारनच्चियं पित्र मयदेहोवट्टणं जहा विहलं ।
इय सम्मत्तेण विणा सव्वं बज्झं अणुट्ठाणं ॥ १४ ॥
ता इत्थेव पयत्तो कायव्वो दुलहं पुणो एयं ।
दंसणरयणं रयणं व दुल्लहं मंदपुन्नाणं ॥ १५ ॥
जह य बहुविग्घपउरो महानिही पायडो वि लोगंमि ।
पुन्नोवयाररहिएहिं न उण पाविज्जए कहवि ॥ १६ ॥
महयासामग्गीए माणुसखित्ताइसवणसद्धाए ।
पाविज्जइ कहमवि इमं अणुत्तरं कम्मविवरेणं ॥ १७ ॥
ता तुब्भेहिं वि पत्तं पुव्वज्जियनिययकम्मविवरेणं ।
संकाइदोसरहियं धरियव्वं अप्पमत्तेहिं ॥ १८ ॥
न वि तं करेइ अग्गी नेय विसं नेय किण्हसप्पो वा ।
जं कुणइ महादोसं तिव्वं जीवस्स मिच्छत्तं ॥ १९ ॥
हारवियं सम्मत्तं सामन्नं नासियं धुवं तेहिं ।
परचित्तरंजणट्ठा आणाभंगो कओ जेहिं ॥ २० ॥
आणाए अवट्टंतं जो उववूहिज्ज जिणवरिंदाणं ।
तित्थयरस्स सुयस्स य संघस्स य पच्चणीओ सो ॥ २१ ॥
किं वा देइ वराओ मणुओ सुट्ठु वि धणी वि भत्तो वि ।
आणाइक्कमणं पुण तणुयं पि अणंतदुहहेउं ॥ २२ ॥
तम्हा सय(इ)सामत्थे आणाभट्ठंमि नो खलु उवेहा ।
अणुकूलगइयरेहिं अणुसट्ठी होइ दायव्वा ॥ २३ ॥
सो धन्नो सो पुन्नो स माणणिज्जो य वंदणिज्जो य ।
गड्डरिगाइपवाहं मुत्तुं जो मन्नए आणं ॥ २४ ॥

आ 'सम्यक्त्वकुलक' पाटणना खेतरवसीना पाडाना ताडपत्रना भंडारनी (डाबडा नं० १ पृ० ११८ थी १२०) प्रति उपरथी उतारीने अहीं आप्युं छे.

“સિરોહી રાજ્યનાં કેટલાંક પ્રાચીન જિન મંદિરો” લેખકના અનુસંધાનમાં—

ગુજરાતનાં કેટલાંક પ્રાચીન જિનમંદિરો

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

અમે ખરેડી થઈ પાલનપુર આવ્યા. વચ્ચે પ્રાચીન ચંદ્રાવતીનાં ખંડિયેરો, મંદિરોનાં શિખરો, થાંભલા, કુંભીઓ, ઘુમ્મટ અને તોરણ વગેરેનાં અનેક ટુકડાઓ પડ્યા છે. પ્રાચીન ભવ્ય નગરીની આ દુર્દશા જોઇ પ્રેક્ષકોનું હૃદય દ્રવી ઊઠે છે. પરમારોની આ પ્રાચીન રાજધાની એક કાળે ગુજરાતની સરહદ ઉપરના અજેય કિલ્લા રૂપ ગણાતી. વિમલ મંત્રીશ્વરે પરમાર નરેશને ગુજરાતની આણ નીચે આણી આ ચંદ્રાવતીને ઉન્નતિને શિખરે પહોંચાડી હતી. આ નગરીમાં અનેક ક્રોડપતિ શ્રીમંત જૈનો વસતા, અનેક જિનમંદિરો અને શિવમંદિરો હતાં. તે ભવ્ય નગરી આજે સાવ ધ્વસ્ત થઈ ગઇ છે. [1] એને જોતાં જોતાં અમે આગળ વધ્યા. ત્યાં એક બાજુ પર રહી જતા સરોતા (સિરોત્તરી) ગામ, કે જ્યાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી સમ્રાટ અકબર પાસે જતાં આ નગરમાં આવ્યા હતા, તે ગામમાં ગામ બહાર એક જૂનું મંદિર હતું, તેનાં ખંડયેરો છે, વગેરે સાંભળ્યું. પછી અમે તો અમીરગઢ, ઈકબાલગઢ, ચિત્રાસણી થઇ પાલનપુર આવ્યા.

ઉપર્યુક્ત ગામોમાં પ્રાચીન સમયમાં મંદિરો હતાં એનો પરિચય નીચે આપું છું.

આગમગચ્છપતિ શ્રી મહિમા પોતાની ચૈત્યપરિપાટીમાં આ સિરોત્તરીના મંદિરનું અને તેની પાસેના જ રોહ અને સિડોત્તરીનાં મંદિરોનું વર્ણન આપે છે તે વાંચવા યોગ્ય હોવાથી નીચે આપું છું:—

---

૧. અહીં ચંદ્રાવતી નગરીનો વિશેષ પરિચય નથી આપતો, કારણ કે “જૈન સત્ય પ્રકાશ” માં મેં એ સંબંધી “ચંદ્રાવતીનાં જૈન મંદિરો” લેખ વિસ્તારથી આપેલો છે. અહીં તો આ વખતે પંદરમી સદીના વિદ્વાન કવિ મેઘે પોતાની તીર્થમાલામા ચદ્રાવતીનો ટૂંક પરિચય આપ્યો છે તે એમના શબ્દોમાં જ આપું છું—

“નગર ચડાઉલીના ગુણ ઘણા ભવણ અઢાર,
ચઉરાસિ ચહુટે હિવ હિરઉં ઠામિઠામિ દીસઈં ભૂહરિઉં;
મૂલનાયક શ્રીનાભિમલ્હાર જીણ દીઠઇ મનિ હર્ષ અપાર,
કરઈ પૂજઈ શ્રાવક મનિ હસી નગર ચડાઉલી.”

આ ચડાઉલી એ જ આપણી ભવ્ય ઐતિહાસિક ચંદ્રાવતીનગરી છે. તેમજ અઢારમી સદીના પ્રસિદ્ધ તીર્થમાલાના કર્તા શ્રી શીલવિજયજી પણ આબુજીની ભૂમિનાં મંદિરોના વર્ણનમાં લખે છે.—

આબૂ ધરા ઉંબરણી પુરી દેવદ્રહ ચંદ્રાવઈ પરી;
વિમલમંત્રી વારિ જાણી અઢારસેય દેવલ ગુણ વાણી”

આવી પ્રાચીન ઐતિહાસિક નગરીમાં અત્યારે થોડાં માટીનાં મકાનો છે, થોડાં ઝુંપડાં છે, બાકી મંદિરો અને મકાનોનાં ખંડિયેરો દેખાય છે.

રોહમાંહિ અડતાલીસ ત્રણ્ય દેહાર શ્રી જગદીસ હો
સીડોત્તરિ દેહરા બિ માનું બિસિં અઢાર બિંબ પ્રમાણું હો
સીરોત્તરિ દેહરાં બિ મોહી, આઠ મૂરાત નયણે જોઈ હો."

આ રોહા નગરને અત્યારે સૌ અમીરગઢ કહે છે. અહીં અત્યારે પાંચ ઘર શ્રાવકોનાં છે. બધાયે મૂલ બહાર ગામના જ નિવાસી છે અને વ્યાપાર ધંધા માટે આવેલા છે. અહીં અત્યારે મંદિર એક પણ નથી અને ઉપાશ્રય માટે પણ હમણાં જ નવી જમીન લીધી છે. ઉપાશ્રય નવો બનશે.

સીડોત્તરીમાં જૂનું મંદિર હતું તે ગામ બહાર ખંડિયેર રૂપે ઊભું છે. ગામમાં નવું મંદિર બન્યું છે. શ્રાવકોનાં પાંચ–છ ઘર છે.

સીરોત્તરનું નામ બદલી પાલનપુર સ્ટેટે એનું નામ 'ઇકબાલગઢ' રાખ્યું છે. અહીં અત્યારે પાંચ ઘર છે. નવીન ઉપાશ્રય બન્યો છે; નાનું મંદિર પણ બનશે. જૂનું મંદિર નથી. અહીંથી ચિત્રાસણી થઈ પાલનપુર જવાનું છે. ચિત્રાસણીમાં નાનું સુંદર શિખરબદ્ધ મંદિર છે. શ્રાવકોનાં ઘર દશ છે. આ ચારે ગામ પાલનપુર સ્ટેટનાં છે. સમ્રાટ્ અકબર–પ્રતિબોધક જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી સીડોત્તરી અને રોહ પધાર્યા હતા.

પાલનપુર

આ નગરનો પ્રાચીન ઇતિહાસ બહુ જ ભવ્ય અને ઐતિહાસિક પ્રસંગોથી ભરપુર છે. એનો ઇતિહાસ હું આ માસિકમાં જુદો જ આપીશ. અત્યારે તો ટૂંક પરિચય જ આપું છું–

સુપ્રસિદ્ધ ધારાવર્ષદેવ પરમારના ભાઈ પ્રહ્લાદનદેવે આ નગર વસાવ્યા–આબાદ કર્યાના પ્રાચીન ઉલ્લેખો મલે છે. પરન્તુ મને અહીં જે ઇતિહાસ મલ્યો છે, તે જોતાં આ નગર એથીયે પ્રાચીન હશે એમ લાગે છે. પ્રહ્લાદનદેવે આ નગરને ઉન્નત અને ગૌરવવન્તુ બનાવ્યું એમાં સંદેહ નથી.[૨]

---

૨ પરમાર ધારાવર્ષના ભાઈ પ્રહ્લાદનકુમારે પાલનપુર વસાવ્યાનો ઉલ્લેખ જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસમાં છે. તેમજ સોમસૌભાગ્ય કાવ્ય વગેરેમાં પણ એ જ પ્રમાણેના પ્રાચીન ઉલ્લેખો મળે છે.

હીરસૌભાગ્ય કાવ્યમાં આ પ્રમાણે ઉલ્લેખ છે:—

प्रह्लादनाच्चन्द्र इवाङ्कभाजामन्वर्थनामाजनि यो जगत्यां
प्राह्लादनः पार्श्वपतिः स तत्र प्राह्लादनाह्वे व्यलसद् विहारे ।
यदीयमूर्तिर्निरमायि भक्त्या प्राह्लादनाह्वे पुरि राणकेण
तस्याजयस्येव नृपस्य पार्श्वोऽप्यामापहः स्नानजलेन जज्ञे ॥

અહીં ટીકાકાર ખુલાસો કરે છે કે પ્રહ્લાદનકુમારે આબુ ઉપરની ચતુર્મુખ ધાતુની મૂર્તિમાંની મૂર્ત્તિને ઓગાળાવી હતી, અને અચલેશ્વરનો પોઠિયો બનાવરાવ્યો હતો; જેના પાપથી એને શરીરે કોઢનો રોગ થયો હતો. પછી આ મૂર્તિ બનાવરાવી અને એના સ્નાત્રજલના છંટકાવથી એનો કોઢનો રોગ ગયો છે. જેમ અજયપાલ રાજાનો રોગ પણ

પ્રહ્લાદન કુમારને એક વાર એવી દુર્બુદ્ધિ સૂઝી કે પાર્શ્વનાથ ભગવાનની પરિકર સહિતની ધાતુની મૂર્તિને ગળાવી નાંખી–આબુ ઉપરના અચલેશ્વરનો નાંદીયો–પોઠિયો બનાવ્યો. કેટલાક કહે છે કે તેમાંથી પલંગના પાયા કરાવ્યા પછી પ્રહ્લાદનને કોઢનો રોગ થયો. આખરે હારી થાકી વનવનમાં એ ભમે છે. ત્યાં પ્રતાપશાલી શ્રી શાલીભદ્રસૂરીશ્વરજીનાં દર્શન થાય છે. પ્રેમ અને ભક્તિથી વિનમ્ર બની રાજા પોતાનું પાપ પ્રકાશી એનો પશ્ચાત્તાપ કરે છે. દયામૂર્તિ જૈનાચાર્યજી એને આશ્વાસન આપી શ્રી પાર્શ્વનાથજીનાં દર્શન પૂજન કરી ભક્તિથી ન્હવણ જલ છાંટવાનું કહે છે. પ્રહ્લાદન કુમાર એ પ્રમાણે કરે છે. એમનો રોગ મટે છે અને પછી પ્રહ્લાદનપુર વસાવી પ્રાહ્લાદન પાર્શ્વનાથજીની મૂર્તિ બનાવરાવી મંદિરમાં પધરાવી પ્રતિષ્ઠા કરાવે છે. ત્યારથી આ નગરી ઇતિહાસના પાને ઝળકે છે. ત્યાર પછી તો અનેક સુવિહિત જૈનાચાર્યો આ નગરીમાં પધાર્યા છે. આ નગરીએ અનેક પ્રસંગો જોયા છે.

પૂ. પા. આ. શ્રી સોમસુંદરસૂરીશ્વરજી જેવાની જન્મદાત્રી ભૂમિ તરીકેનું ગૌરવ આ નગરને પ્રાપ્ત થયેલું છે, જેનો ઇતિહાસ હું આગળ ઉપર આપવા ધારું છું.

વર્તમાન પાલણપુર તો સત્તરમી સદીમાં આબાદ થયું છે. અહીંનો પાલ્હણ વિહાર તો ખૂબ પ્રસિદ્ધ છે અને તેનાં ગુણગાન ઘણાં ગવાયેલા છે. જૂઓ–

"આદિ નગર પાલ્હણપુર વલી પાસજીણિંદ પુજઉ મન રુલી,
પાલ્હણુ આંગિ રોગ સવિ ગમિઆ પારસનાથઈ હેલાં નીગમ્યાં;
ચઉરાસી સીહરિ ધ્વજાદ પાસભૂવણિ નિતુ કરઈ ઉચ્છાહ,
સોલ કોસીસા સોનાતણાં બીજા જીણહર ભૂયણિ અતિ ઘણાં.
"પાલ્હણપુર હોતું ત્રિભુવન ભાણુ"

—(કલ્યાણસાગર વિરચિત પાર્શ્વનાથ ચૈત્યપરિપાટી)

'પાલણપુર શ્રી પારસનાથ" —(શીલવિજયજી તીર્થમાલા)

પાલવિહાર શ્રીપાસનો સુ૦ રાય પલ્હાદે કીધ સા૦
અક્ષત મૂડો નિતુ પ્રતે સુ૦ સોલ મણિ પૂગી પ્રસીદ્ધ; સા૦
પૂજા ભોગ એહવો હતો સુ૦ પહિલાં ઇણિ જગમાંહિ, સા૦
સંપ્રતિ પાણ મહિમા ઘણો સુ૦ પાલણપુરવરમાંહિ. સા૦

—(જ્ઞાનવિમલસૂરિજીકૃત–તીર્થમાલા)

'પાલ્હવિહાર ઉપાસજી૦ સા.' (મેઘવિજયજી ઉપાધ્યાય વિરચિત–પાર્શ્વનાથ નામમાલા)

શ્રી પાર્શ્વનાથજીના સ્નાત્રના જલના છંટકાવથી ગયો હતો અને પછી રાજા અજયપાલે અજયપુર (વર્તમાન અજારા) વસાવી પાર્શ્વપ્રભુની મૂર્તિ સ્થાપી મંદિર બનાવ્યું હતું તેમ પ્રહ્લાદને પણ પ્રહ્લાદનપુરમાં પ્રહ્લાદના પાર્શ્વનાથજીનું મંદિર બંધાવી પ્રભુ મૂર્તિની પ્રેમ અને ભક્તિથી સ્થાપના કરી હતી છે. —(હીરસૌભાગ્ય

અત્યારે પાલનપુરમાં એ જ પલ્લવીયા પાર્શ્વનાથજી—પ્રહ્લાદન–પાર્શ્વનાથજી બિરાજમાન છે અને એ મંદિર શ્રી પલ્લવીયા પાર્શ્વનાથજીનું મંદિર છે.

પાલણપુરમાં અત્યારે દસ જિન મંદિરો છે તે આ પ્રમાણે—

१ પ્રહ્લાવીયાં પાર્શ્વનાથજી—મૂલનાયકજી શ્રી પાર્શ્વનાથજી છે. ત્રણ માલનું ભવ્ય પ્રાચીન જિનમંદિર છે. આ મંદિરની પાસે જ શ્રી આદિનાથજીનું અને નેમિનાથજીનું મંદિર છે. ઉપર પણ પ્રાચીન સુંદર મૂર્તિઓ છે. ધાતુની પ્રાચીન પંચતીર્થી ભવ્ય અને દર્શનીય છે. આ ત્રણે મંદિર સાથે જ છે ત્રણેનું કમ્પાઉન્ડ પણ એક જ છે. મંદિરની બહાર વીરબાલોત્તેજક સભાનું પુસ્તકાલય છે.

૨ શાન્તિનાથજીનું—તપગચ્છના ઉપાશ્રય પાસે જ આવેલું આ ત્રણ માળનું નાજુક ભવ્ય મંદિર છે. મૂલનાયકજીની મૂર્તિ પ્રાચીન અને ભવ્ય છે. આ મંદિરમાં આ. શ્રીસર્વદેવસૂરિજીપ્રતિષ્ઠિત સત્તરીસયજિનપટ્ટક બહુ જ સુંદર છે. આ. શ્રી સર્વદેવસૂરિજીની મૂર્તિ પણ છે.

૩ શ્રી શાન્તિનાથજી—આ મંદિર ડાયરામાં ગણાય છે.

૪-૫ આદિનાથજી અને સંભવનાથજી—સુંદર શિખરબદ્ધ ભવ્ય મંદિર કમાલપુરામાં એક સાથે જ આ બન્ને મંદિરો આવેલાં છે.

આ સિવાય બાકીનાં ઘર મંદિરો છે જે નીચે પ્રમાણે છે.—

૬ ઝવેર મલકાનું ઘર દેરાસર—મૂલનાયકજી આદીશ્વર ભગવાન છે. પાષાણની સુંદર મૂર્તિ છે.

૭-૮ બાદરગંજમાં બે ઘર દેરાસર છે. એકમાં પાષાણની શ્રી આદીશ્વર ભગવાનની મૂર્તિ છે અને બીજામાં સ્ફટિકની શ્રી સુવિધિનાથજીની મૂર્તિ છે.

૯. નગા પારેખના વાસમાં નગા પારેખનું ઘર દેરાસર છે. તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુંદર પંચતીર્થી છે.

૧૦ નગરશેઠનું ઘર દેરાસર. અહીં પંચતીર્થી પાર્શ્વનાથજીની પ્રતિમાજી છે.

પાલણપુરમાં ત્રણ હસ્તલિખિત પુસ્તકોના ભંડાર છે.

૧—ડાયરામાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ સારો છે. લિસ્ટ પણ થયેલું છે.

૨—તપગચ્છના ઉપાશ્રય પાસેની શ્રીસંઘની પેઢીમાં એક કબાટ ભરીને હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ છે. તેનું લિસ્ટ પણ થયેલું છે.

૩—કમાલપુરામાં હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ છે, પણ તેનું લિસ્ટ નથી થયું.

લાયબ્રેરીમાં પુસ્તકો છે. જાહેર પેપરો પણ આવે છે. ૫૦૦ થી ૬૦૦ ઘર જૈનોનાં છે.

પાઠશાળા, કન્યાશાળા વગેરે ધાર્મિક સંસ્થાઓ પણ ચાલે છે. આયંબિલશાળા ભોજનશાળા પણ છે ૪-૫ ઉપાશ્રય છે. ધર્મશાળા છે.

પાલનપુરનો પ્રાચીન ઇતિહાસ પાલનપુરનિવાસી સુશ્રાવક ભાઈ કપૂરચંદ મંછાચંદ શાહ પાસે સંગ્રહીત છે. એમણે મને એમના સંગ્રહનો ઉપયોગ કરવા ઘણો સંગ્રહ આપ્યો છે. હું સમય મેળવી બધું તૈયાર કરી એક જુદા પુસ્તકરૂપે એને પ્રકાશિત કરવાની ભાવના રાખું છું. એટલે અહીં તો પાલનપુરનો માત્ર પરિચય જ આપ્યો છે.

મગરવાડા

" મગરવાડિ જખ્ખ જાગતો તપગછિ મહિમા જે આલતો "

મગરવાડામાં તપગચ્છનું માહાત્મ્ય અને મહિમા વધારનાર માણિભદ્રવીરનું સ્થાનક-મંદિર છે. આજુબાજુનાં નાનાં ગામડાંની અજૈન વસ્તીપર પણ આ સ્થાનકનો પ્રભાવ અમે જોયો. રસ્તામાં એક ખેતરના ખેડુતને પૂછ્યું: ભાઈ, મગરવાડાનો રસ્તો ક્યાં આવ્યો? તો કહે-બાપુ, વીરના સ્થાનકે જાઓ છો ને ? બહુ ચમત્કારી છે હો. અમે પૂછ્યું, તમે જાઓ છો ખરા ? હા. ચ્યમ ના જાઇ ! એ તો જાગતો દેવ છે. આ વીરના થાનકે તો હિન્દુ ને મસલમાન (મુસલમાન) બધાયે જાય છે.

એક મુસલમાન ભાઇને પૂછ્યુ. એણે પણ આ વીરના ચમત્કારી સ્થાનની ખૂબ પ્રશંસા કરી. એણે તો ત્યાં સુધી કહ્યું બધા દેવ સરખા છે. અમે તો બધે જઇએ છીએ વગેરે વગેરે. આ શબ્દો એટલા માટે ઉતાર્યાં છે કે અજૈનો પણ આ ચમત્કારી માણિભદ્ર વીરના સ્થાનકને બહુ જ પ્રેમ, આદર, શ્રદ્ધા અને ભક્તિથી માને છે. કોળી અને ઠાકરડા કદી પણ આ વીરના સોગન નથી ખાતા. એની માનતા માને છે અને એ જ પ્રમાણે બધું પૂરું પણ કરે છે. આ વીરદેવનું નામ લઇને જનારનું કદી કોઇ નામ ન લ્યે, ન તેને લુંટે કે પીડે. અર્ધી રાતે થાનકનું નામ લઇને જાવ, બસ તમે નિર્ભય છો. આટલું માહાત્મ્ય આ માણિભદ્રવીરનું ચારે બાજુ ફરતાં ગામડાંઓમાં છે. ગુજરાતના અને ગુજરાત બહારના જૈનો પણ આ થાનકથી પરિચિત તો છે જ.

મગરવાડા ગામ બહાર વડના ઝાડની બાજુમાં જ આ ભવ્ય થાનક છે; મંદિર વચ્ચે મોટો ચોક-મેદાન-ધર્મશાળા ખેતર અને વિશાલ કમ્પાઉન્ડ છે.

ગામમાં શ્રાવકોના ઘર છે, સુંદર જિનમંદિર-ઉપાશ્રય છે.

આજે મારવાડ અને ગુજરાતના પણ કેટલાક જૈનો કેટલીક વળગાડની બાધા-પીડા વગેરે માટે 'ઉનાવા' જાય છે, એ એક જાતનું મહામિથ્યાત્વ જ છે, અને ત્યાં કેટલીક ફસામણી જેવું પણ થાય છે. એના કરતાં આવા સમ્યક્ત્વી શાસનરક્ષક દેવની ઉપાસના કરી અધ:પાતમાંથી બચવું ઉચિત લાગે છે. બાકી તો "सव्वे जीवा कम्मवस" ખૂબ યાદ રાખવાની જરૂર છે. બહુ જ દુ:ખ અને ખેદની વાત છે કે સારા અને બુદ્ધિમાન ગણાતા, ધર્મનિષ્ઠ મનાતા જૈનો પણ છુટ માતાએ અને ઉનાવાના પીર-(વીર) પાસે જાય છે, મહિનાઓ અને દિવસો ગાળે છે. આ વસ્તુ બહુ જ સુધારો માગે છે. જૈનો જાગે અને પોતાના જ શાસનરક્ષક દેવને સમ્યક્ત્વી દેવ-દેવીઓને શ્રદ્ધા, પ્રેમ-ભક્તિ અને આદરથી ઉપાસના કરે એ ઉચિત છે.

મેત્રાણા

ઉત્તર ગુજરાતનું આ પણ એક ઓગણીસમી સદીનું તીર્થ છે. ધાણધાર પરગણામાં આ સ્થાન તીર્થરૂપ મનાય છે. ગુજરાતના ભોયણી, પાનસર, સેરીસા અને વામજથી પણ પહેલાંનું આ તીર્થ છે. અહીં વિ. સં. ૧૮૯૩ લગભગમાં મૂલનાયકજી શ્રી આદિનાથજી ભગવાન વગેરે ત્રણ પ્રતિમાઓ નીકળી હતી. અત્યારે મંદિર ભવ્ય અને વિશાલ છે. બહાર

ત્રણ દેરીઓ છે. સામે જ મોટી ધર્મશાળા છે. દર પૂર્ણિમાએ મેળો ભરાય છે, ભાતું અપાય છે. મહા સુદિ તેરશે વર્ષગાંઠ ઉજવાય છે પાટણથી ચારૂપ થઇને આગળ જતી રેલ્વે લાઇનનું કાકોશી સ્ટેશન છે,—જેને મેત્રાણારોડ પણ કહે છે. સ્ટેશનથી ૧ માઈલ દૂર આ તીર્થ આવ્યું છે. તેમજ સિદ્ધપુરથી મોટર પણ મેત્રાણા આવે છે. અત્યારે દેખરેખ મેતા અને સિદ્ધપુરના સંઘની કમિટી રાખે છે.

ખાસ મેતાનાં[3] ભાઇઓ શેઠ દલીચંદભાઇ વગેરે સારી દેખરેખ રાખે છે. ગુજરાતનું આ તીર્થ અત્યારે રેલ્વે લાઈનથી દૂર જવાથી અને મૂલ રસ્તાથી થોડે દૂર રહેવાથી યાત્રિકોવિહોણું લાગે છે. બાકી સ્થાન એકાંત, સુંદર અને હવાપાણી સારાં છે. આત્મધ્યાની અને શાંતિ ઇચ્છુક મહાનુભાવોએ જરૂર લાભ લેવા જેવો છે.

કલાણા

મેત્રાણાથી કલાણા થઇ અમે ચારૂપ આવ્યા. કલાણામાં શામળીયા પાર્શ્વનાથજીનું નાનું મંદિર છે. મૂર્તિ બહુ જ ભવ્ય મનોહર અને પ્રાચીન છે. પરન્તુ દેખરેખનો અભાવ છે. ન મલે ચક્ષુનું ઠેકાણું, ન મલે વ્યવસ્થાનું ઠેકાણું. આવા પવિત્ર અને શાંતિદાયક સ્થાનનો લાભ લેનારા બહુ વિરલ જીવો દેખાય છે અમે અહીંથી ચારૂપ આવ્યા.

ચારૂપ

ચારૂપ પ્રાચીન ઐતિહાસિક તીર્થસ્થાન છે. ગુજરાતનાં પ્રસિદ્ધ પ્રાચીન તીર્થોમાં આ તીર્થની ખાસ ગણતરી થાય છે. પ્રભાવકચરિત્રમાં શ્રી વીરાચાર્યજી વીરસૂરિપ્રબંધ ૨૦ મા નમ્બરનો છે, તેમાં ચારૂપનો ઉલ્લેખ મલે છે. આ આચાર્ય ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના સમકાલીન છે. સિદ્ધરાજ જયસિંહનો સમય ૧૧૫૦થી ૧૧૯૯ સુધીનો છે. આ જ સમય સૂરીશ્વરજીનો ગણવો જોઇએ તેઓ પંડિલગચ્છના શ્રી વિજયસિંહસૂરિજીના પટ્ટધર છે. તેઓ અસાધારણ વિદ્વાન, વક્તા અને અનેક દર્શન શાસ્ત્રોના પારગામી હતા; તેમજ મહાન સમયજ્ઞ અને રાજામહારાજાઓને પ્રતિબોધવાની અનુપમ શક્તિ ધરાવનાર હતા. સિદ્ધરાજ જયસિંહ તેમને બહુ માન આપતો અને અવારનવાર ધર્મોપદેશ સાંભળતો હતો. એક વાર રાજાએ મશ્કરીમાં સૂરિજીને કહ્યું: મારી સભામાં તમને આ માન અને સત્કાર છે તેવાં બીજે નહિ મળે. આપ બીજે જાઓ તો ખબર પડે કે આ માન અને સત્કાર કેમ જળવાય છે. સૂરિજી મહારાજ આ વસ્તુ સમજી ગયા અને લાભનું કારણ જાણી મંત્રબળે ઊડીને પલ્લી (મરૂદેશનું વર્તમાન પાલીશહેર સંભવે છે) પહોંચી ગયા. આચાર્યશ્રી ત્યાં પહોંચ્યાના રાજાને સમાચાર મલ્યા. રાજા સિદ્ધરાજ આ સાંભળીને આશ્ચર્ય પામ્યો. સૂરિજી ત્યાંથી મહાબોદ્ધપુરમાં ગયા અને મોટી વાદસભામાં બૌદ્ધોને જીતીને ગ્વાલીયર પધાર્યા. ત્યાં પણ રાજસભામાં વાદીઓને જીતી રાજ્ય તરફથી બહુ જ સન્માન સત્કાર ગૌરવ અને આદર પામ્યા. ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહને સૂરિપુંગવનું ગુજરાત બહાર થયેલુ ગૌરવ-સન્માન સાંભળી ખેદ પણ થયો. હીરો તો જ્યાં જાય ત્યાં માન પામે છે. રાજહંસ તો જ્યાં જાય ત્યાં પ્રેમ સ્નેહ અને આદર પામે જ છે. એને પોતાની

---

[3] મેતામાં સુંદર જિનમંદિર, ઉપાશ્રય અને શ્રાવકોનાં ઘર છે.

ભૂલનો પશ્ચાત્તાપ થયો અને પોતાની સભાના સભ્યોને મોકલી સૂરિજીને પાટણ પધારવા આમંત્રણ મોકલાવ્યું. પોતાની ભૂલનો પશ્ચાત્તાપ પણ પ્રગટ કર્યો.

દયાનિધાન સૂરિજીએ રાજાની વિનંતિનો સ્વીકાર કર્યો, અને ગુજરાતમાં પધાર્યા. સૂરિજી જ્યારે પાટણથી ચાર કોશ દૂર ચારૂપ ગામમાં પધાર્યા ત્યારે તેમને મળવા, અને જાતે વિનંતિ કરવા ગુર્જરેશ્વર સિદ્ધરાજ પોતે ચારૂપ આવ્યા અને સૂરિજીને નમી બહુમાન-પુરસ્સર પાટણ પધારવાની વિનતિ કરી. સૂરિજી પાટણ પધાર્યા ત્યારે બહુ જ ઉત્સવપૂર્વક સિદ્ધરાજે પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

ચારૂપતીર્થ સંબંધે પ્રભાવકચરિત્રમાં વિશેષ ઉલ્લેખ નીચે પ્રમાણે મળે છે.–

"ત્યારે ધરણેંદ્ર કહેવા લાગ્યો કે એ બાબતમાં તમારે અધીરાઈ–ખેદ ન કરવો. હવે આજે દીનતા તજીને જિનબિંબના ઉદ્ધારથી તમે એક જૈન પ્રભાવના કરો. શ્રીકાંતાનગરીના ધનેશ શ્રાવક વહાણ લઈને સમુદ્ર માર્ગે જતાં તેના વહાણને ત્યાંના અધિષ્ઠાયક દેવતાએ સ્તંભેલ હતું. આથી શ્રેષ્ઠીએ તેની પૂજા કરતાં તે વ્યંતરે વ્યવહારીને આપેલ ઉપદેશથી તે ભૂમિમાંથી ભગવંતની ત્રણ પ્રતિમાઓ તેણે બહાર કાઢી. તેમાંની એક પ્રતિમા તેણે ચારૂપ ગામમાં સ્થાપન કરી, જેથી ત્યાં તીર્થ થયું. બીજી પાટણમાં શિંબરક્ષના[૪] મૂળમાં સ્થાપન કરી. અરિષ્ટનેમિની પ્રતિમા પ્રાસાદમાં સ્થાપન કરી. ત્રીજી પ્રતિમા સ્તંભક ગામમાં સેઢિકા (શેઢી) નદીના તટપર વૃક્ષઘટાની અંદર ભૂમિમાં સ્થાપન કરેલ છે, તે પાર્શ્વનાથની પ્રતિમાને તમે પ્રગટ કરો. કારણ કે ત્યાં એ મહાતીર્થ થવાનું છે."

—(પ્રભાવકચરિત્ર)

પ્રવચનપરીક્ષામાં મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી લખે છે કે ગત ચોવીશીના સોળમા તીર્થંકરના સમયમાં અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાઓ કરાવી હતી, તેમાંની એક ચારૂપમાં છે.

બીજા ઉલ્લેખ[૫] પ્રમાણે નમિનાથજીના શાસનકાળ પછી ૨૨૨૨ વર્ષ પછી ગૌડદેશના અષાઢ શ્રાવકે ત્રણ જિનપ્રતિમાઓ કરાવી હતી તેમાંની એક કાંચી[૬] નગરના ધનેશ

---

૪ પાટણની આ અરિષ્ટનેમિની પ્રતિમા અત્યારે પાટણમાં શાળવી વાસમાં નેમિનાથજીના મંદિરમાં વિદ્યમાન છે એમ હું માનું છું. બરાબર ચારૂપમાં બિરાજમાન શ્રી શામળીયા પાર્શ્વનાથજીના માપની અને એ જ નમૂનાની આ મૂર્તિ છે. શ્રી નેમિનાથની મૂર્તિનાં દર્શન કરતાં તરત જ આપણને ચારૂપના શામળીયા પાર્શ્વનાથજીની મૂર્તિનું સ્મરણ થાય છે. ચારૂપ તીર્થના અત્યારના વહીવટકર્તા શેઠ બાલુભાઈને આ સંબંધી પૂછતાં તેઓ પણ મારા મતને મળતા થયા હતા. આ સંબંધી વિશેષ શોધખોળની ખાસ જરૂર છે.

૫. શ્રી નમિનાથજીના શાસનકાળમાં બનેલ આ મૂર્તિનો નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે—

" नमेस्तीर्थकृतस्तीर्थे वर्षे द्वीकचतुष्टये ।
आषाडश्रावको गौडोऽकारयत् प्रतिमात्रयम् " ॥

૬. પ્રસિદ્ધ તીર્થયાત્રી કવિ શીલવિજયજી પોતાની તીર્થયાત્રામાં કાંચી નગરનું વર્ણન કરતાં જણાવે છે કે—

શ્રાવકને ત્યાંથી અહીં ચારૂપમાં આવી છે.

આ પ્રમાણે જોઇએ તો પહેલા પક્ષના માનવા મુજબ ચારૂપમાં અત્યારે બિરાજમાન શ્રી શામળીયા પાર્શ્વનાથજીની મૂર્તિને બન્યે અસંખ્યાતા વર્ષના વહાણાં વાયા છે અને બીજા પક્ષની માન્યતા મુજબ ૫૮૬૭૦૦ વર્ષ લગભગ થયાં છે.

ઉપદેશ તરંગિણીમાં જુદાં જુદાં તીર્થોનો ઉલ્લેખ છે તેમાં ચારૂપનું નામ પણ મલે છે.

સુકૃતસાગર અને ગુર્વાવલીમાં ઉલ્લેખ છે કે માંડવગઢના મંત્રીશ્વર પેથડકુમારે ચારૂપમાં શ્રી શાંતિનાથજીનું મંદિર બનાવ્યાનો ઉલ્લેખ છે.

× × × शंखेश्वर–चारुप–रावणापार्श्वनाथ "

ચારૂપમાં બિરાજમાન શ્રી શામળીયા પાર્શ્વનાથજીની મૂર્તિ—મૂલનાયકજીના પરિકરની નીચે આ પ્રમાણે લેખ છે—

.... दि १३ श्रीनागेन्द्रगच्छे श्रीशीलगुणसूरिसंताने श्रे. राघणसुत श्रे. सोभा (ना) तथा श्रे. जसराजसुत (२) .... देवाभ्यां (श्री) चारुपग्रामे श्रीमहातीर्थे श्रीपार्श्वनाथ परिकर कारित (तं) (३) प्रतिष्ठितं श्रीदेवचंद्रसूरिभिः

આ દેવચંદ્રસૂરિજી સાથે સંબંધ ધરાવનારો સં. ૧૩૦૧ નો લેખ પાટણમાં છે તેમજ શ્રી દેવચંદ્રસૂરિજીની પાટણમાં પંચાસરજીના મંદિરમાં મૂર્તિ પણ છે.

આ દેવચંદ્ર સૂરિજી પાટણ સ્થાપક ચાવડાવંશીય સુપ્રસિદ્ધ વનરાજના મહાઉપકારી ધર્મગુરુ શીલગુણસૂરિના શિષ્ય થાય છે.

અર્થાત્ આ પરિકર પણ હજાર વર્ષથી પણ વધુ જૂનું છે.

આબુના વસ્તુપાલ તેજપાલના લુણીગવસહી મંદિરમાં પોતાની દેરીઓ બંધાવનાર વરહુડિયા ગોત્રના નાગોરનિવાસી સા દેવચંદે અને તેના કુટુંબે કરાવેલાં સત્કાર્યોની નોંધ છે, તેમાં ચારૂપમાં શ્રી આદિનાથ પ્રભુજીનું ભવ્ય બિંબ, એક પ્રાસાદ, અને છ ચોકીઓ સહિત ગૂઢમંડપ બંધાવ્યાનો ઉલ્લેખ છે : 'આબુ' લેખસંગ્રહ ભાગ બીજો)

ઉપર્યુક્ત પ્રમાણો આપણને એક વસ્તુ બહુ જ સ્પષ્ટ રીતે સૂચવે છે કે પાટણ પાસેનું અત્યારનું ચારૂપગામ પ્રાચીન તીર્થ છે–મહાતીર્થ રૂપે ગણાતું હતું. અત્યારે પણ ગુજરાતમાં તો આ તીર્થની પ્રાચીનતા પ્રસિદ્ધ જ છે

કવિરાજ શીલવિજયજી પોતાની તીર્થમાલામાં ચારૂપને પણ સંભારે છે કે—

" આવ્યા પાટણિ અતિ આણંદિ પાસજી ભેટયા પંચાસરિ.
કોકો નારિંગો ચારૂપપાસ અહારે સુગુણ સ્વરૂપ. "

" હેમ રયણની રૂપાતણી જિનપ્રતિમા તિહાં દીપિ ઘણી;
જીન કાંચિઈ જીનપ્રાસાદ સરગ સમોવડિ માંડિ વાદ."

સેરિસા તીર્થ વર્ણનમાં પણ એ જ કવિરાજ લખે છે કે—

" સેરીસિં લોડાણુ જીન પાસ, સંકટ ચૂરિ પૂરિ આસ;
જૈન કાંચીથી આણ્યો દેવ મંત્રબલી ચેલાની સેવ. "

આ હિસાબે જૈન કાંચી નગરથી સેરીસામાં અને ડભોઈમાં પાર્શ્વનાથની મૂર્તિઓ આવી છે.

ચારૂપની વર્તમાન સ્થિતિ–અત્યારે ચારૂપમાં સુંદર ભવ્ય શિખરબદ્ધ મંદિર છે. અહીં પહેલાં એક નાનું દેરું હતું. પછી પાટણના શ્રીસંઘે તીર્થની ૧૯૩૭માં સંભાળ લઇ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. પછી ધર્મશાળા ૧૯૫૧માં બની. પછી હમણાં મૂળનાયકજીને મૂલ ગાદી ઉપરથી ફેરવ્યા સિવાય ભવ્ય જીર્ણોદ્ધાર કરાવી મોટું મંદિર બંધાવ્યું. આ છેલ્લા જીર્ણોદ્ધારની શરૂઆત સં. ૧૯૭૪માં થઇ હતી અને સં. ૧૯૮૪માં જેઠ શુદિ ૫ના જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા આચાર્યવર્ય શ્રીવિજયસિંહસૂરિજી આ. શ્રી વિજયવલ્લભસૂરિજી અને પ્રવર્તકજી શ્રીકાંતિવિજયજી મહારાજ આદિના શુભ હસ્તે થઇ છે. મંદિરને ફરતી મોટી વિશાળ ધર્મશાળા બની છે ધર્મશાળાની બહાર સ્ટેશનના રસ્તા તરફ શેઠ નગીનદાસ કરમચંદની પણ બીજી ધર્મશાળા છે.

જીર્ણોદ્ધારનો અને ઐતિહાસિક વિગતોને જણાવતો લેખ પણ છે.

ચારૂપતીર્થ પ્રાચીન છે અને વર્તમાનમાં પણ પરમ શાંતિનું ધામ છે. દર પુણિમાએ પાટણ અને આજુબાજુના ગામોના જૈનો દર્શન પૂજન આવે છે. તીર્થ ખાસ યાત્રા કરવા લાયક છે. ત્યાંથી વિહાર કરી અમે પાટણ ગયા. (ચાલુ)

छे और सिलोके

लेखक–श्रीयुत अगरचंदजी नाहटा

“जैन सत्य प्रकाश” के क्रमांक १४४ में मुनि लक्ष्मीभद्रविजयजीने ‘सलोका–संचयमां वधारो’ शीर्षक से ६ सलोकों का परिचय दिया है, जिनमें आपने ५ सलोके नवीन बतलाये हैं। पर वास्तव में उनमें से ३ ही नवीन ज्ञात होते हैं। नं. ३ उदयरत्नकृत नेमनाथ शलोका व नं. ६ कुंअरविजयरचित हीरविजयसूरि सलोका का निर्देश कापडियाजीके लेखमें है ही, और ये प्रकाशित भी हो चूके है। नं. ५ हीरविजयसूरि सलोका भी छप चूका है इसका उल्लेख इसी “जैन सत्य प्रकाश” के क्रमांक १४१ में प्रकाशित मेरे लेखमें विद्याधर रचितके रूपमें किया गया था। रचना के अन्तमें “वीर विद्याधर” शब्द आता है इससे मुनिश्रीने वीरविमल नाम अनुमान किया है; मैंने उससे विद्याधर नाम ग्रहण किया है।

“जैन गुर्जर कविओ” भा. ३ में हमारे संग्रह एवं बीकानेरके जैन ज्ञानभंडारो के राससाहित्य का विवरण प्रकाशित करवाने का हमने प्रेरणा एवं प्रयत्न किया था। उसके पश्चात् हमारे संग्रह एवं जानकारीमें अनेकों रास चौपाई आदि रचनायें आयी हैं अतः देशाईजी के तीनों भागों की अनुपूर्तिरूप एक ग्रन्थ अभी तैयार किया जा रहा है, इसी प्रसंग से अपने संग्रहको पुनः देखनेका अवसर आया, तो नवीन सलोके और भी अवलोकनमें आये, उनका परिचय भी यहां दिया जा रहा है।

१ रिषभनाथ सिलोको — जिनहर्ष

अंत—भवियण नर प्रतिबोध दीयंता, शुभ ध्याने मनधर लाभ लियंता।

प्रथम जिणेश्वर मुगति सिधाया, इम **जिनहरष** भले गुण गाया ॥
इति रिषभनाथ सिलोको। पत्र २ (अंतपत्र)

२ **जैसलमेर सिलोको**—गाथा ५१, रामचंद्र, सं. १८७८ का. सु. १५ मू.

आदि—अथ श्रीजेसलमेर श्लोको लिख्यते —
सरसती माता सारद राणी, तुठी जे आपे अविरल वाणी।
सक्त साचे त्रीहू जक्तमें जाणी, वेदशास्त्रमें जेह वखाणी ॥

+　　　+　　　+

अंत—कह्यो सलोको चढती दिसाको, भणजो सुणजो भावेसु लोको।
कहे गुरजो **रामतेचंद** भणतां सुणतां ते परम आणंद ॥ ५ ॥
इति श्री चढती दिसा को सिलोको। पत्र १

३ **पार्श्वनाथ सलोका**—गा. ३७, ख. दौलत, सं. १८४० पौ. व. १०, लूण सर

आदि—अथ श्री पार्श्वनाथजीरो सिलोको लिख्यते।
सकत कहीजे सरसती माई, कवीयण केरी मात सहाई।
विचारौ दान कवियनै आपै, कुवचन केरा नाम उथापैं ॥

+　　　+　　　+

अन्त—संवत अठारैसैं, वरस चालीसै, स्तवना मै कीधी अधिक जगिसे ।३५।
पोस वदि दशमो हर्ष अपारा, लूणसर मांहै अधिक उदारा।
खरतर आचारज गच्छ सुखदाई, वाचक उदे भाणजी विरुद सवाई ।३६।
तेहांना शिष्य वीरभाण कहीये, लोकां रे मांहे जस बहुल लहीये।
श्री सरसती नै सुगुरु पसायैं, **दौलत** मुनिवर इम गुण गावै। ३७।
इति श्री पार्श्वनाथजीरो सिलोको संपूर्ण।

४ **शालिभद्र सिलोको**—

अंत—सीज्या पुंजीने संथारोजी कीधो, महलासुं माताजी वांदण आयो,
अलगा रहजो छेतीस थोडी, भणतां गुणतां संपद आव दवडो।
इति शालभद्रजीको सीलोको संपूर्ण
सं. १९२९ मिती जेठ सुदी १३

५–६—इनके अतिरिक्त जिनहर्षके नेमि सलोके गा. ४९ का उल्लेख हमारी नोंध में हैं और मेघराजरचित पार्श्वचंद्रसूरि सिलोके का उल्लेख ऐतिहासिक **रासंग्रह** भा. १में पाया जाता है।

આપણા પ્રાચીન જ્ઞાન-ભંડારો.*

[પં. લાલચંદ ભગવાન્ ગાંધી, પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા.]

વિદ્યાપ્રેમી બંધુઓ અને બહેનો!

આજે 'આપણા પ્રાચીન જ્ઞાન-ભંડારો' તરફ આપનું લક્ષ્ય ખેંચવા ઇચ્છું છું. છાપખાનાનો યુગ આવતાં આપણાં એ પ્રાચીન પુસ્તકાલયોનો કેટલોક ભાગ પ્રકાશમાં આવ્યો છે, પરંતુ બહોળો ભાગ હજી અપ્રકાશિત અવસ્થામાં છે. એના અવલોકન, સંશોધન, પ્રકાશન, પઠન-પાઠન સંબંધમાં બહુ થોડા સાક્ષરો રસ ધરાવે છે. વિદેશી કેળવણીથી વિભૂષિત થયેલા ઘણા પ્રોફેસરો પણ આ સ્વદેશના ઉત્તમ સંગ્રહના ઉદ્ધાર તરફ ઉદાસીનતા સેવતા જણાય છે. દક્ષિણ હિંદની અપરિચિત તામિલ, તેલુગુ આદિ લિપિમાં નહિ, પરંતુ નાગરી લિપિમાં લખેલાં પ્રાચીન ભાષાનાં પુસ્તકો વાંચવામાં પણ તેમને કંટાળો આવતો જણાય છે. એથી પોતાના પૂજ્ય પૂર્વજોના વિશાળ જ્ઞાનથી તેઓ સ્વયં વંચિત રહે છે, અને બીજાઓને તેનો વાસ્તવિક લાભ આપી શકતા નથી. પ્રજા-સ્વાતંત્ર્યના વર્તમાન યુગમાં વિશ્વ-વિદ્યાલયના વ્યવસ્થાપકોએ અને અન્ય વિદ્વાન્ વિચારકોએ આ પ્રાચીન જ્ઞાન-ભંડારોના સંરક્ષણ, સંશોધન, પ્રકાશન, પઠન-પાઠનાદિ માટે વિશિષ્ટ પ્રબંધ કરવો જરૂરી છે.

શ્રીમંતોના ધન-ભંડારો અને રાજા-મહારાજાઓના રત્ન-ભંડારો કરતાં આ જ્ઞાન-ભંડારો અધિક મહત્ત્વ ધરાવે છે, એમ કહેવામાં અતિશયોક્તિ ન ગણાય, કારણ કે આપણા બુદ્ધિશાળી પૂર્વજોના વિશાળ બુદ્ધિ-વૈભવો એમાં ભરેલા છે. તેમના બહોળા અનુભવો, અત્યુત્તમ પવિત્ર જીવન-સંસ્કારો એમાં ઊતરેલા છે. માનવ-કલ્યાણના, વિશ્વ-મૈત્રીના અમૂલ્ય ઉપદેશો એમાં સમાયેલા છે. આર્ય અને અનાર્ય સંસ્કૃતિનાં પૃથક્કરણો કરી શકાય તેવાં સાધનો તેમાં છે. ભારતવર્ષનો ભવ્ય ઇતિહાસ રચી શકાય તેવી સાધન-સામગ્રી તેમાં મળી આવે છે. ધાર્મિક, આધ્યાત્મિક, વ્યાવહારિક ઉન્નતિના સન્માર્ગો એમાં સૂચવાયેલા છે. ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર અને મોક્ષશાસ્ત્રના રહસ્યમય સૂક્ષ્મ વિચારો એમાં દર્શાવેલા છે. ભાષાશાસ્ત્ર-પ્રાચીન ષડ્ભાષાનાં વ્યાકરણો, તર્કશાસ્ત્ર પર રચાયેલ મત-મતાન્તરોના તત્ત્વજ્ઞાન ભિન્નભિન્ન દર્શનોનાં દૃષ્ટિબિંદુઓ તથા સાહિત્ય, સંગીત અને વિવિધ કલાઓનાં વિજ્ઞાન એમાં છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશી ભાષાઓમાં રચાયેલું ગદ્ય પદ્ય પુષ્કળ સાહિત્ય એમાં છે. ઐતિહાસિક કાવ્યો, રસિક રાસો, લોકકથા, વિનોદ-વાર્તાઓ, નાટકો, કોશો, છંદઃશાસ્ત્ર, અલંકાર, વૈદ્યક, જ્યોતિષ, સામાન્ય નીતિ, રાજનીતિ ચર્ચતા ગ્રંથો, સુભાષિત-સૂક્ત-સંગ્રહો, સ્તુતિ-સ્તોત્રાદિ વિવિધ વિષયના સેંકડો ગ્રંથો સદ્ભાગ્યે અદ્યાવધિ એમાં સુરક્ષિત રહ્યા છે. પ્રાચીન લેખન-કલાના અને ચિત્ર કલાના અનેક નમૂના એમાં જોવા મળે છે.

દોઢ, બે હજાર વર્ષો પહેલાં બહુબુદ્ધિશાળી, સ્મરણશક્તિશાળી, ગુરુ-શિષ્યો પુસ્તકોની અપેક્ષા રાખ્યા વિના મુખ-પાઠથી જ જ્ઞાન અર્પણ, ગ્રહણ કરવાનો વ્યવહાર ચલાવતા હતા. પરંતુ પાછળથી વિષમ કાલ-દોષથી તેવી શક્તિ ક્ષીણ થતાં, મતિમંદતા થતાં, પુસ્તકો વિના જ્ઞાન ગ્રહણ, ધારણ કરવું અશક્ય જણાતાં, પ્રવચન-જ્ઞાનનો વિચ્છેદ થતો અટકાવવા માટે તે સમયના દીર્ઘદર્શી મહાપુરુષોએ આવશ્યકતા વિચારી પુસ્તકો લખવા-લખાવવાની પ્રવૃત્તિ પ્રચલિત કરી શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦મા વર્ષે-વિક્રમસંવત ૫૧૦મા વર્ષે-વલભીપુર(વળા)માં

---

*તા. ૯-૧૦-૪૭ ગુરુવારે રાત્રે બરોડા રેડિયો સ્ટેશનપરથી થયેલ વક્તવ્ય.

સૌરાષ્ટ્રમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પ્રમુખ જૈન સંઘે તીર્થંકર-ગણધરોની વાણીરૂપ જૈન-સિદ્ધાંતને પુસ્તકારૂઢ કર્યો હતો. નાગાર્જુન સ્કંદિલાચાર્ય વગેરેએ પણ એ કાર્ય બજાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, એવા ઉલ્લેખો મળે છે લેખનકલા તો પ્રાચીન સમયથી જાણીતી હતી. મુનિગણને પઠન-પાઠનનું તથા શ્રાવક-શ્રાવિકાદિ વર્ગને પુસ્તકો લખાવવાનું, લખાવી યોગ્ય અધિકારિઓને અર્પણ કરવાનું, વ્યાખ્યાતા ઉપદેશક આચાર્યો-શ્રમણો પાસેથી સાંભળવાનું તેમનું ઉચિત કર્તવ્ય સમજાવ્યું, તેમના દ્રવ્ય-વ્યયને સાત ક્ષેત્રો (સ્થાનો)માંના આ ઉપયોગી ક્ષેત્ર તરફ વાળવામાં આવ્યો. પરમજ્ઞાન મેળવવાના ઉત્તમ સાધનરૂપ એ પોથીઓનું કપૂર, ધૂપ, વસ્ત્ર આદિ દ્વારા પૂજન-સન્માન કરવાનું સમજાવવામાં આવ્યું. જ્ઞાનના આરાધન માટે કાર્તિક શુકલ પંચમી-જ્ઞાનપંચમી તિથિનો વિશેષ વિધિ સૂચવ્યો. પુસ્તકોના સંરક્ષણ માટે યોગ્ય ઉપાયો કરવામાં આવ્યા. ઉત્તમ કુશળ લિપિજ્ઞ વિદ્વાન્ લેખકોની પસંદગી કરવામાં આવી. મલબારી ઉત્તમ ટકાઉ શ્રીતાડપત્રો, લખવાની પાકી સરસ કાળી શાહી વગેરે સાધન-સામગ્રી મેળવવામાં આવી. એવી રીતે પ્રાચીન જ્ઞાનભંડારોની વ્યવસ્થા થઈ.

એ પ્રમાણે વિક્રમની છઠ્ઠી સદીથી શરૂ થયેલાં, દસમી સદી સુધીમાં લખાયેલાં પુસ્તકો હાલમાં દષ્ટિગોચર થતાં નથી. કાલક્રમે જીર્ણશીર્ણ થઈને, ખંડિત-ત્રુટિત થઈને, રાજ્યોની ઉથલપાથલ, આસમાની-સુલતાની જેવા કારણે, ધર્મદ્વેષથી અથવા આકસ્મિક વિગ્રહો, ઉપદ્રવોને લીધે આપણી એ પ્રાચીન પુસ્તક-સંપત્તિ નષ્ટ થઈ જણાય છે. કેટલાંય પુસ્તકો આપણી બેદરકારીથી વિનષ્ટ થયાં હશે, કેટલાંય પુસ્તકો ભેજવાળી જમીન-હવામાં કે ઉધેહી વગેરે જંતુઓના ભોગ બન્યાં હશે, કેટલાંય પુસ્તકો જલ-શરણ અને અગ્નિ-શરણ થયાં હશે, કેટલાય ઉત્તમ પુસ્તકો જર્મની, યૂરોપ, અમેરિકા આદિ પરદેશોમાં પહોંચી ગયાં જણાય છે. વિવિધ ઉપદ્રવોમાંથી સદ્ભાગ્યે જે બચ્યાં છે, અથવા દીર્ઘદર્શી કુશલ સંરક્ષક મહાશયોએ સમયસૂચક દક્ષતાથી જેને બચાવ્યાં છે, તેની રક્ષા અને સાર-સંભાળ આપણે કરવાની છે જ્યાં સુધી જાણવામાં આવ્યું છે, અને જેના પર સંવત્-નિર્દેશ થયો તેવાં નાગરી લિપિમાં લખાયેલાં તે તાડપત્રીય પુસ્તકો સંવત્ એકહજાર વર્ષ પછીનાં જણાય છે. જેસલમેરના એક ભંડારમાં રહેલ, મહેશ્વરસૂરિએ રચેલ પંચમી-માહાત્મ્યનું પ્રા. પુસ્તક સં. ૧૦૦૯માં લખેલું છે, જેમાં આપણી પ્રાચીન કહેવતો, સુભાષિતો સાથે કથાઓમાં ગુંથાયેલા છે.

પુસ્તકો લખાવવામાં અને તેના સંરક્ષણમાં, તથા પઠન, પાઠન, વ્યાખ્યાના દ્વારા તેનો સદુપયોગ કરવા-કરાવવામાં પરોપકાર-પરાયણ જૈનાચાર્યો-જૈનશ્રમણોના સદુપદેશે મોટો ભાગ ભજવ્યો છે, એ આપણે ભૂલવું ન જોઈએ. તેઓએ માત્ર જૈનાગમોનાં જ પુસ્તકો લખાવ્યાં નથી, પરંતુ ઉપયોગી દરેક વિષયનાં પુસ્તકો લખાવ્યાં છે તેના સંગ્રહો અનેક સ્થળે કરાવ્યા છે. તેમણે જ્ઞાનકોશો, ગ્રંથભંડારો કરાવી તેની રક્ષાના વિદ્યા-વૃદ્ધિના પ્રબંધો કર્યા-કરાવ્યા હતા. નવા ગ્રંથોની રચના કરી હતી, પ્રાચીન ગ્રંથો પર વ્યાખ્યાનાદિ રચ્યાં હતાં, પઠન, પાઠન, વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિ ચાલુ રાખી હતી એ રીતે સમાજ પર એમનો મહાન્ ઉપકાર છે.

કાશ્મીરમાં પ્રાચીન સરસ્વતી ભંડાર હતો ઉજ્જયિની (માળવા), પાટલિપુત્ર (પટણા) વગેરે સ્થળો પ્રાચીન સમયમાં વિદ્યાના કેન્દ્રો હતાં. માળવાના મહારાજા સાહસાંક વિક્રમાદિત્ય, મુંજ અને ભોજના વિદ્યા-પ્રેમે, અનેક ગ્રંથોની રચના કરી-કરાવી હતી, અનેક વિદ્વાનોને ઉત્તેજન-પ્રોત્સાહનો મળ્યાં હતાં, એટલે ત્યાં જ્ઞાન-ભંડારો સંભવિત છે, પરંતુ અહિં આપણે ગૂજરાતના ખાસ કરીને પાટણના જ્ઞાન-ભંડારોનો વિચાર કરીએ.

ગુજરાતના મહારાજાઓના અને મંત્રીશ્વર, મહામાત્ય જેવા અધિકારીઓના પ્રોત્સાહને ગુજરાતની સાહિત્ય-સમૃદ્ધિને પ્રશંસનીય રૂપમાં વિકસાવેલી જણાય છે. સોલંકી સુવર્ણ-યુગમાં સેંકડો ગ્રંથોની રચના તથા લેખનાદિ પ્રવૃત્તિ પુષ્કળ પ્રમાણમાં થયેલી જણાય છે. લાખો શ્લોકોવાળું તે સમયનું સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સાહિત્ય મળી આવે છે. મહારાજા કર્ણદેવ, સિદ્ધરાજ જયસિંહ, પરમાર્હત કુમારપાલ, ભીમદેવ, વીસલદેવ, અર્જુનદેવ સારંગદેવ વગેરે રાજાઓના સંસ્મરણો જેમાં છે, તથા તેમના અધિકારી મંત્રીઓ વગેરેનો નામ-નિર્દેશ પણ ત્યાં કરવામાં આવેલ છે મહામાત્ય મુંજાલ, આશુક, ગાંગિલ, સંપત્કર (સંતૂપ), દંડનાયક વોસરિ, મહામાત્ય મહાદેવ, સામંત, પૃથ્વીપાલ, મંત્રીશ્વર વસ્તુપાલ, તેજપાલ, નાગડ, દંડનાયક અભયડ વિજયસિંહ, આહ્‌લાદન, રાજભંડારી પદ્મ, મહામાત્ય મધુસૂદન, માલદેવ વગેરેનાં અધિકાર-સમયમાં વિક્રમની બારમી સદીથી ચૌદમી સદી સુધીમાં લખાયેલાં તાડપત્રીય પુસ્તકો જેમાં ધ્યાન ખેંચે તેવાં છે.

છેલ્લાં બારસો વર્ષોના ગ્રંથોમાં ગ્રંથકારોનો વિશેષ પરિચય મળી આવે છે. જૈન ગ્રંથકારોની ઐતિહાસિક શૈલી એમાં લક્ષ્ય ખેંચે છે. અંતિમ પ્રશસ્તિમાં તેઓએ પોતાની ગુરુ-પરંપરા દર્શાવી હોય છે. ગ્રંથ કયા નગરમાં રહી રચ્યો? કયા રાજાના રાજ્યમાં રચ્યો? કયા વર્ષ, માસ, મિતિમાં રચ્યો? કોની પ્રાર્થના પ્રેરણાથી રચ્યો? તેમાં સંશોધનાદિ સહાયતા કોણે કરી? પ્રથમાદર્શ પુસ્તક કોણે લખ્યું? ગ્રંથનું શ્લોક-પ્રમાણ કેટલું છે? વગેરે ઐતિહાસિક આવશ્યક હકીકતો એમાં જણાવી હોય છે.

ઘણા ગ્રંથોના અંતમાં ગ્રંથ લખનાર સદ્‌ગૃહસ્થનાં કુટુંબનો, તેમનાં સત્કાર્યોનો ઐતિહાસિક પરિચય સંસ્કૃત, પ્રાકૃત પ્રશસ્તિના રૂપમાં અથવા ગદ્ય ઉલ્લેખમાં આપેલો હોય છે. એમાં ઘણાં-જ્ઞાતિ વંશોનો ઇતિહાસ સમાયેલો છે, જેનો સંબંધ ગૂજરાત, મારવાડ, મેવાડ, માલવા આદિ દેશો સાથે છે.

૧૮ દેશી ભાષાઓના ઉલ્લેખવાળી પ્રાકૃત કુવલયમાલા-કથા શક સંવત્ ૭૦૦-વિક્રમ-સંવત્ ૮૩૫માં દાક્ષિણ્યચિહ્નસૂરિ અપરનામ ઉદ્યોતનાચાર્યે જાવાલિપુર (જાલોર)માં રણહસ્તી વત્સરાજ મહારાજાના રાજ્યમાં, ઋષભજિનમંદિરમાં રચી હતી.

ધર્મોપદેશમાલાનું વિવરણ જયસિંહસૂરિએ સં. ૯૧૫માં ભોજદેવ (પ્રતીહાર) મહારાજાના રાજ્યમાં નાગપુરમાં જિનાયતનમાં રચ્યું હતું એ વગેરે ગ્રંથોમાં વિસ્તૃત ઐતિહાસિક પ્રશસ્તિઓ છે.

ગુજરાતની પ્રાચીન રાજધાની અણહિલવાડ પાટણના સંસ્થાપક વનરાજ ચાવડાના સમયનું કોઈ પુસ્તક જણાતું નથી, તેમ છતાં પાટણ પાસેના (ગંભૂતા(ગાંભૂ)માં શક સંવત્ ૭૮૪માં શીલાંકાચાર્યે રચેલી આચારાંગસૂત્રની વૃત્તિ એ પણ ધ્યાન ખેંચે છે.

એ જ ગંભૂતા(ગાંભૂ)માં જિનાલયમાં શક સંવત્ ૮૨૧માં સિદ્ધાંતિક યક્ષદેવના શિષ્ય પાર્શ્વમુનિએ યતિપ્રતિક્રમણસૂત્રની વૃત્તિ રચી હતી, તેમાં શીલવાન્ સુબહુશ્રુત શ્રાવક જંબૂની સહાયતા સૂચવી છે

મહારાજા દુર્લભરાજની રાજસભામાં ચૈત્યવાસીઓ સાથેનાં વાદમાં વિજય મેળવનાર જિનેશ્વરસૂરિને ત્યાંના સિદ્ધાંત પુસ્તકોમાંના દશવૈકાલિકસૂત્ર વગેરે ઉપયોગી થયાં હતાં. તેમણે તથા તેમના અનુયાયી વિદ્વાનોએ રચેલાં પુસ્તકો મળી આવે છે.

મહારાજા ૧લા ભીમદેવ અને વિમલ દંડનાયકનાં સંસ્મરણો તે પછીનાં પુસ્તકોમાં મળી આવે છે.

મહારાજા શ્રી કર્ણદેવના રાજ્ય-સમયમાં રચાયેલ સં. ૧૧૪૧નું પ્રા. મહાવીર-ચરિત્ર વગેરે મળે છે. સં. ૧૧૩૮મા લખાયેલ વિશેષાવશ્યક-ટીકા તથા સં. ૧૧૪૬માં મહામાત્ય મુંજાલના અધિકાર-સમયમાં લખાયેલ યોગદૃષ્ટિસમુચ્ચય વગેરે મળે છે. અભયદેવસૂરિએ જૈનાગમોની વૃત્તિ-વ્યાખ્યાઓ મુખ્યતયા પાટણમાં સં.૧૧૨૦થી ૧૧૨૮માં રચી હતી. ગૂજરાતના શ્રદ્ધાળુ શ્રીમંત શ્રાવકોએ તે પુસ્તકો લખાવ્યાં હતાં. કપડવંજના વાયટકુલના જજ્જનાગના સુપુત્ર સિદ્ધ અને વીરનાગ જેવા સદ્‌ગૃહસ્થોએ આગમનાં પુસ્તકો લખાવ્યાં હતાં.

પરમ પ્રતાપી ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહની અભ્યર્થનાથી આચાર્ય શ્રીહેમચંદ્રે 'સિદ્ધહેમચંદ્ર' નામનું સર્વાંગસુંદર ષડ્ભાષાનું શબ્દાનુશાસન રચ્યું હતું, જેનું સન્માન સિદ્ધરાજે પટ્ટહસ્તી પર સ્થાપી નગર-પર્યટન કરાવી કર્યું હતું. તે પ્રસંગના ચિત્રવાળી પ્રતિ પણ મળી આવે છે. સિદ્ધરાજે ૩૦૦ જેટલા સારા લેખકો રોકી તેની સેંકડો નકલો કરાવી અભ્યાસીઓને અર્પણ કરી રાજભંડારમાં સ્થાપી હતી, તથા દેશ-વિદેશમાં મોકલાવી વિદ્યા-પ્રચાર કર્યો હતો. આચાર્ય શ્રીહેમચંદ્રે અને સમકાલીન બીજા અનેક આચાર્યોએ તથા વિદ્વાનોએ તે સમયમાં રચેલા હજારો શ્લોકોવાળા સંસ્કૃત પ્રાકૃત ઉપયોગી ગ્રંથો મળી આવે છે. સં. ૧૧૮૭મા સિદ્ધ નામના સદ્‌ગૃહસ્થે પોતાના તથા સ્વજનોના શ્રેય માટે લખાવીને જિનાગમ-પુસ્તકોનો સંગ્રહ ચક્રેશ્વરાચાર્યને નિરંતર વાચવા સંશોધન કરવા સમર્પણ કર્યો હતો.

પરમાર્હત કુમારપાળ ભૂપાલની પ્રાર્થનાથી આચાર્ય શ્રીહેમચંદ્રે રચેલા યોગશાસ્ત્ર, વીતરાગસ્તોત્ર અને ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્રની અનેક પોથીઓ લખાઈ હતી. મહારાજાના પઠન-પાઠનની પોથી સોનેરી શ્યાહીથી લખાયેલી હતી. મહારાજા કુમારપાળે ૨૧ જ્ઞાન-ભંડારો કરાવ્યાનું સૂચન પાછળના ગ્રંથોમાં છે. સં. ૧૨૯૪માં લખાયેલી ત્રિષષ્ટિ શ. પુ. ચરિત્રની પોથીમાં આચાર્ય શ્રીહેમચંદ્રને પ્રાર્થના કરતા કુમારપાલનાં ચિત્રો જોવામાં આવે છે.

કુમારપાલના સમયમાં રચાયેલા અને લખાયેલા ઘણા ગ્રંથો વિદ્યમાન છે. સિદ્ધરાજ અને કુમારપાળ બંનેના સચિવ પોરવાડ મંત્રીશ્વર પૃથ્વીપાલની પ્રાર્થનાથી હરિભદ્રસૂરિએ પ્રા. અપભ્રંશ ભાષામાં રચેલાં ૨૪ તીર્થંકરોનાં ચરિત્રોમાંથી ત્રણ ચરિત્રો મળી આવે છે, જેમાં ગૂજરાતના એ મહામંત્રિ-વંશની ઐતિહાસિક પ્રશસ્તિ મળે છે.

આચાર્ય શ્રીહેમચંદ્રના પટ્ટધર મહાકવિ રામચંદ્રસૂરિનો ૧૨ રૂપકો પર વિવેચન કરતો નાટ્યદર્પણ ગ્રંથ ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાળા (નં.૪૮)માં પ્રસિદ્ધ થઈ ગયેલ છે. તેમાં સૂચવેલાં ૩૫ જેટલાં નાટકો ક્યાંય જોવામાં આવતાં નથી. નલવિલાસ નાટક વગેરે પ્રસિદ્ધ છે.

પાટણના કુમાર-વિહારમાં વસંતોત્સવ-પ્રસંગે ભજવવા માટે દેવચંદ્રમુનિએ 'ચંદ્રલેખા-વિજય' નામનું પ્રકરણ રૂપક રચ્યું હતું, તે કુમારપાલની પરિષદના ચિત્ત-પરિતોષ માટે રચાયેલું હતું. તે અપ્રકટ છે.

અજયદેવના રાજનીતિજ્ઞ પરમાર્હત મોઢજ્ઞાતિના મંત્રીશ્વર યશઃપાલે થારાપદ્ર (થરાદ)ના કુમાર-વિહાર જિનમંદિરમાં ભજવવા માટે મોહરાજ-પરાજય નામનું આધ્યા-ત્મિક નાટક રચ્યું હતું. તે કુમારપાલના ઐતિહાસિક યશસ્વિ જીવન સાથે સંબંધ ધરાવે છે. તે ગાયકવાડ-પ્રાચ્ય ગ્રંથમાળા (નં. ૯) માં પ્રકાશિત થઈ ગયેલ છે.

સોમપ્રભાચાર્યે વિ. સં ૧૨૪૧માં રચેલ કુમારપાલ-(જિનધર્મ)-પ્રતિબોધ નામનો વિસ્તૃત ગદ્યપદ્ય પ્રાકૃતગ્રંથ કુમારપાલના પ્રીતિપાત્ર કવિ સિદ્ધપાલના સ્થાનમાં રહી રચ્યો

હતો, જે ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાળા (નં. ૧૪) માં પ્રસિદ્ધ થયેલ છે. તે જ આચાર્યનો બીજો ગ્રંથ સુમતિનાથ-ચરિત્ર હજી અપ્રસિદ્ધ છે.

ભીમદેવ (બીજા)ના રાજ્ય-સમયમાં સં. ૧૨૫૫માં સોમમંત્રીની પ્રેરણાથી પૂર્ણભદ્રસૂરિએ રાજનીતિના વિવેચન માટે જીર્ણ પંચતંત્રને શુદ્ધ કર્યું હતું જે જર્મનીના ડૉ. હર્ટલના સુપ્રયત્નથી પ્રકાશમાં આવ્યું છે.

સુપ્રસિદ્ધ મંત્રીશ્વર વસ્તુપાલે નરનારાયણાનંદ મહાકાવ્ય રચ્યું હતું, જે ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાળા (નં. ૨)માં પ્રકાશિત થઈ ગયું છે. તેના અંતિમ સર્ગમાં તેણે પોતાનો પરિચય આપ્યો છે. તેમની પ્રાર્થના-પ્રેરણાથી નરચંદ્રસૂરિએ કથારત્નસાગર, નરેન્દ્રપ્રભસૂરિએ અલંકારમહોદધિ, બાલચંદ્રસૂરિએ કરુણાવજ્રાયુધ નાટક જેવા અનેક ગ્રંથોની રચના કરી હતી મંત્રીશ્વર વસ્તુપાલ તેજપાલનાં યશસ્વિ જીવનોને ઉદ્દેશી તેમના સમકાલીન અનેક મહાકવિઓએ મહાકાવ્યો, નાટકો અને પ્રશસ્તિઓ રચી હતી. કવિ સોમેશ્વરે કીર્તિકૌમુદી, અરિસિંહે સુકૃતસંકીર્તન, ઉદયપ્રભસૂરિએ સુકૃતકીર્તિકલ્લોલિની અને ધર્માભ્યુદય મહાકાવ્ય (સંઘપતિચરિત), બાલચંદ્રસૂરિએ વસંતવિલાસ મહાકાવ્ય, જયસિંહસૂરિએ હમ્મીરમદમર્દન નાટક અને પ્રશસ્તિ, તથા નરચંદ્રસૂરિ અને નરેન્દ્રપ્રભસૂરિએ રચેલી પ્રશસ્તિઓ ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાળા દ્વારા પ્રકાશમાં આવેલ છે. એ વાંચવા-વિચારવાથી એ મંત્રીશ્વરોની અસાધારણ રાજનીતિજ્ઞતા, અદ્ભુત દક્ષતા અને અપૂર્વ કર્તવ્ય-પરાયણતાનો ખ્યાલ આવે છે. એમની અનુપમ સેવા ગૂજરાતના ગૌરવરૂપ છે, ગૂજરાતીઓને અને બંન્નેને પણ પ્રેરણા આપે તેવી છે મંત્રીશ્વર વસ્તુપાલે સિદ્ધાંતની પ્રતિઓ સોનેરી સ્યાહીથી અને બીજી ચાલુ સ્યાહીથી તાડપત્રો અને કાગળો પર લખાવી હતી. એમણે ૭ક્રોડ દ્રવ્યના વ્યયથી ૭ સરસ્વતીભંડારો સ્થાપ્યા હતા, એવા ઉલ્લેખો પાછળના ગ્રંથોમાં છે.

થરાદ, સાચોર, વટસર, ખંભાત વગેરેમાં જિનપ્રતિમા, જિનમંદિરો આદિ ધર્મકાર્યો કરનાર ગણકકુલના દંડનાયક આહ્લાદને પાટણમાં વાસુપૂજ્ય પ્રભુના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેણે નાગેન્દ્રગચ્છના વર્ધમાનસૂરિદ્વારા સં. ૧૨૯૯મા વાસુપૂજ્યચરિત્ર મહાકાવ્ય રચાવ્યું હતું.

વીસલદેવના વિશ્વસપાત્ર વાયટવંશી રાજભંડારી પદ્મની પ્રાર્થનાથી વાયટગચ્છના મહાકવી અમરચંદ્રે 'પદ્માનંદ,' અપરનામવાળું જિનેન્દ્ર-ચરિત્ર મહાકાવ્ય રચ્યું હતું, જે ગા. પ્રા. ગ્રંથમાળા (ન. ૫૮,)માં પ્રગટ થયું છે.

અર્જુનદેવ, સારંગદેવ વગેરે રાજાઓના સમયમાં લખાયેલાં સચિત્ર કલ્પસૂત્ર વગેરે પુસ્તકો મળી આવે છે. પેથડશાહે ૭ જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા, બીજા પણ અનેક શ્રીમાનોએ અનેક પુસ્તકો લખાવી સદ્ગુરુઓને સમર્પણ કર્યાં હતાં.

મુસલીમ યુગમાં—અલાવદીનના સમયમાં ઠક્કુર ફેરુ જેવા વિદ્વાને રચેલા વાસ્તુસાર શિલ્પગ્રંથ તથા બીજા કેટલાક ગ્રંથો મળે છે અલપખાનના સમયમાં રચાયેલ સમરારાસ અને શત્રુંજય તીર્થોદ્ધાર (નાભિનંદન જિનોદ્ધાર પ્રબંધ) જેવા ગ્રંથો મળે છે.

સુલતાન મહમ્મદ તુગલખથી સન્માનિત થયેલા જિનપ્રભસૂરિની તથા તેમના અનુયાયી વિદ્વાનોની નાની મોટી અનેક કૃતિઓ પ્રાચીન જ્ઞાનભંડારોમાં જોવામાં આવે છે.

વિક્રમની પંદરમી સદીમાં થયેલા માંડવગઢના આલમશાહિના પ્રતિમાત્ર મંત્રી શ્રીમાલી મંડને રચેલા કાવ્યમંડન, અલંકારમંડન, ચંપૂમંડન, સંગીતમંડન, કાદમ્બરીમંડન,

શૃંગારમંડન, સારસ્વતમંડન જેવા અનેક ગ્રંથો, તથા તેના બંધુ ધનદે રચેલાં શૃંગાર, નીતિ, વૈરાગ્ય શતકો મળે છે.

વિક્રમની બારમી સદીથી લઈ ૧૫ સદીના અંત સુધીમાં ૮ ઈંચથી, ૩૬ ઈંચ સુધીની લંબાઈવાળાં તાડપત્રો પર લખેલાં પુસ્તકો અમે પાટણ જૈન ભંડારમાં કેટલોગ (૧ લા ભાગ)માં (ગા. પ્રા. ગ્રં. નં. ૭૬માં) દર્શાવ્યાં છે. કાગળ પર લખેલાં પુસ્તકો સં. ૧૩૫૭–૫૮થી મળી આવે છે. સં. ૧૪૧૮માં ખાદીના મજબૂત કાપડ પર લખાયેલું ધર્મવિધિવૃત્તિનું ૭૪ પાનાનું પુસ્તક ખાસ ધ્યાન ખેંચે છે. તેની લંબાઈ ૨૫ ઇંચ, અને પહોળાઈ ૫ ઇંચ છે. પાટણમાં સંઘનો ભંડાર હવે નવીન તૈયાર થયેલા શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

વિક્રમની ૧૪મી સદીમાં રથપાયેલા સોમતિલકસૂરિના ગ્રંથભંડારને તેમના અનુયાયીઓએ પાછળથી સમૃદ્ધ કર્યો હતો. વિક્રમની પંદરમી સદીમાં થઈ ગયેલા તપાગચ્છાધિપતિ દેવસુંદરસૂરિએ અને તેમના અનુયાયી સોમસુંદરસૂરિ વગેરેએ સેંકડો પુસ્તકો લખાવીને પાટણના જ્ઞાન–કોશમાં સ્થાપન કર્યાં હતાં–એવા ઉલ્લેખો મળે છે.

જ્ઞાનારાધનના આ ઉપયોગી કર્તવ્યમાં ગૂજરાતની વિવિધ જ્ઞાતિની જૈન મહિલાઓનો –શ્રમણીઓનો અને શ્રાવિકાઓનો મોટો ફાળો છે. ૧૦ જેટલી મહિલાઓનાં નામો અમે ત્યાં દર્શાવ્યાં છે, જેમણે પોતાના અને સ્વજનાદિના શ્રેય માટે હજારો શ્લોકવાળાં પુસ્તકો લખાવી પઠન, પઠન, વ્યાખ્યાનાદિ સદુપયોગ માટે ગુરુઓને તથા મહત્તરા, પ્રવર્તિની આદિને સમર્પણ કર્યાં હતાં; તથા જ્ઞાન–ભંડારોમાં પણ ભેટ કર્યાં હતાં. ક્ષત્રિય ઝાલા કુલના વિજયપાલની રાણી નીતા દેવીનું નામ તેમાં સ્મરણ કરવા યોગ્ય છે, જેણીએ વિદ્યાકુમાર મુનિના સદુપદેશથી હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્રને લખાવ્યું હતું.

પાટણ, જેસલમેર જેવા અનેક સ્થાનોમાં જ્ઞાન–ભંડારો સ્થપાવનાર, ખરતરગચ્છના અધિપતિ રાજમાન્ય જિનભદ્રસૂરિના સદુપદેશથી ખંભાતના શ્રીમાન્ ધરણાશાહે પંદરમી સદીના ઉત્તરાર્ધમાં લખાવેલાં ૫૦ જેટલાં પુસ્તકો જેસલમેર કિલ્લાના મોટા ભંડારમાં વિદ્યમાન છે. જેસલમેરના ખેતાશાહે કલ્પસૂત્રનાં પુસ્તકોને સોનાને અક્ષરે લખાવ્યાં હતાં. તથા થીરુશાહ જેવા અનેક સદ્ગૃહસ્થેએ જૈનાગમ–પુસ્તકો લખાવ્યાં હતાં.

શહેનશાહ અકબ્બરે પોતાના પ્રીતિપાત્ર પં. પદ્મસુંદર પાસેથી પ્રાપ્ત કરેલ વિશાલ પુસ્તક–સંગ્રહ જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિને અત્યાગ્રહથી બહુ સન્માન પૂર્વક ભેટ કર્યો હતો. પાતશાહ અકબ્બરના પરમપ્રીતિપાત્ર અને ૨૩ વર્ષો સુધી સહવાસમાં રહી અનેક સત્કાર્યો કરાવનાર મહોપાધ્યાય ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્રની મહત્ત્વની અનેક કૃતિઓ આપણને પ્રાચીન જ્ઞાન–ભંડારોમાંથી મળી આવે છે. પાટણના જ્ઞાન–ભંડારોમાંનાં કેટલાંય પુસ્તકો મુંબઈમાં તથા પૂનાના ભાંડારકર ઓ. રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ વગેરે સ્થલે ગયાં છે.

ગૂજરાતમાં વડોદરા–રાજ્યનું મહત્ત્વ છે કે તેને આંગણે પાટણના ૧૬ પ્રાચીન જ્ઞાનભંડારો ઉપરાંત વડોદરા, છાણી, ડભોઇ જેવા સ્થળોમાં જૈન જ્ઞાન–મંદિરોમાં અને રાજકીય પ્રાચ્યવિદ્યામંદિરમાં હજારોની સંખ્યામાં હસ્તલિખિત પુસ્તકોનો ઉપયોગી સંગ્રહ સુરક્ષિત છે. તેનાં વર્ણનાત્મક સૂચિપત્રો પ્રકટ થતાં વિશેષ મહત્ત્વ જણાશે. આશા રાખીએ કે તેમાંના અલભ્ય દુર્લભ મહત્ત્વના ગ્રંથોની ફોટો–કોપી થાય, અને પ્રશંસનીય પદ્ધતિથી તેનું સંશોધન, પ્રકાશન થઈ તેનો પઠન–પાઠનાદિ સદુપયોગ થાય.

(બરોડા રેડિયોના સૌજન્યથી)

સૂત્ર વિષે પરામર્શ

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

"वीर ! वसभभमराणं कमलवलाणं चउण्ह णयणाणं ।

मुणियविसेसा अत्थी अच्छीसु तुमं रमइ लच्छी[1] ॥

આ પ્રમાણેનું જે પદ્ય સૂયગડચુણ્ણિ (પત્ર ૩૦૪)માં અવતરણ રૂપે અને કંઈક પાઠભેદપૂર્વક નંદિતાઢયકૃત [2] ગાહાલક્ખણમાં પંદરમા પદ્ય તરીકે જોવાય છે એને મંગલાચરણ તરીકે રજૂ કરી હું આ લેખ લખવા પ્રવૃત્ત થાઉં છું.

અર્થ—સૂત્ર એ મૂળે સંસ્કૃત શબ્દ છે. એના નવ અર્થ છેઃ (૧) દોરી, (૨) તાંતણો, (૩) દોરીઓનો સમૂહ, (૪) પ્રથમના ત્રણ વર્ણો-બ્રાહ્મણાદિ જે પવિત્ર દોરો પહેરે છે તે, (૫) પૂતળી કે તારની દોરી, (૬) સંક્ષિપ્ત નિયમ કે આદેશ, (૭) સંક્ષિપ્ત વાક્યોનો ગ્રંથ (જેમ કે આપસ્તંબસૂત્ર, બૌધાયનસૂત્ર ઇત્યાદિ), (૮) સ્મરણ માટે અનુકૂળ સંક્ષિપ્ત વાક્ય અને (૯) કાયદાને લગતો નિયમ.

'સૂત્ર' શબ્દ ગુજરાતીમાં પણ વપરાય છે. સાર્થ ગુજરાતી જોડણીકોશમાં એના નીચે મુજબ સાત અર્થો અપાયા છેઃ—

(૧) દોરો; તાંતણો, (૨) સૂતર. (૩) નિયમ; વ્યવસ્થા (૪) પ્રાચીન શાસ્ત્રકારોએ રચેલાં મૂળ સંક્ષિપ્ત વાક્યો કે તેનો ગ્રંથ. (૫) ધ્યેય તરીકે સ્વીકારેલું ટૂંકું વાક્ય. (૬) 'ફૉર્મ્યુલા' (ગણિત) (૭) પ્રોપોઝિશન (ગણિત).

પાઇયમાં સૂત્રને માટે 'સુત્ત' શબ્દ છે. આ 'સુત્ત', શબ્દને અનુરૂપ સંસ્કૃત શબ્દો બીજા પણ છે. જેમકે શ્રુત, શ્રોત્ર, સુપ્ત, સૂક્ત, અને સ્રોતસ્. પાઇયસદ્દમહણ્ણવમાં 'સૂત્ર' વાચક 'સુત્ત' ના (૧) દોરો, વસ્ત્રનો તાંતણો; (૨) નાટકનો પ્રસ્તાવ અને (૩) એક જાતનું શાસ્ત્ર એમ ત્રણ અર્થ નોંધાયા છે.

આમ 'સૂત્ર' અને 'સુત્ત' એ બે શબ્દો અનેકાર્થી હોવાથી ક્યારે કયો અર્થ પ્રસ્તુત છે તે જાણવું જોઈએ. જૈનોનાં બાર અંગોમાંના બીજા અંગનું એક નામ સૂયગડ છે. બીજાં બે નામો સૂતગડ અને સુત્તકડ છે એમ સૂયગડનિજ્જુત્તિ (ગા. ૨) ઉપરથી જણાય છે. તીર્થંકરોએ અર્થ કહ્યો હોવાથી એ રીતે 'સૂત' એટલે ઉત્પન્ન—;આમ ઉત્પન્ન થયા બાદ ગણધરો દ્વારા રચાયેલ આગમ તે સૂતકૃત (સૂતગડ).

સૂત્ર અનુસાર તત્ત્વનો બોધ જે જે આગમમાં કરાવાયો છે તે સૂત્રકૃત (સુત્તકડ). સ્વ અને પરના સમયનું જેમાં સૂચન કરાવ્યું છે તે સૂચાકૃત (સૂયગડ). આમ આ ત્રણ નામોનો અર્થ છે.

નિક્ષેપ—દરેક શબ્દનો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર રીતે 'ન્યાસ' યાને 'નિક્ષેપ' કરાય છે. એ પ્રમાણે સુતના દ્રવ્યસુત્ત અને ભાવસુત્ત એ બે નિક્ષેપ સૂયગડનિજ્જુત્તિ (ગા. ૩) માં વિચારાયા છે. ત્યાં કહ્યું છે કે દ્રવ્યસુત્ત તે કપાસનું સૂતર

---

૧ આનો અર્થ એ છે કે હે વીર ! બળદનાં અને ભમરાનાં તેમજ કમલ (એક જાતનાક હરણ) નાં અને કમળના પત્ર એ ચારનાં નેત્રના વિશેષને જેણે જાણ્યો છે તેવી અર્થિની એવી લક્ષ્મી તારાં નયનોમાં રમે છે.

૨ આનાં ૪૦મા, ૪૧મા અને ૪૨મા પદ્યો થોડાક પાઠભેદપૂર્વક છંદોનુશાસનની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨૭ આ)માં જોવાય છે.

છે અને ભાવસુત્ત તે આ અધિકારમાંનું સૂચક જ્ઞાન છે. વિશેષમાં અહીં આ ભાવસુત્તના ચાર પ્રકાર ગણાવાયા છે: (૧) સણ્ણાસુત્ત (સંજ્ઞાસૂત્ર), (૨) સંગહસુત્ત (સંગ્રહસૂત્ર), (૩) વિત્ત (વૃત્તનિબદ્ધ) અને (૪) જાતિણિબદ્ધ (જાતિનિબદ્ધ). જાતિનિબદ્ધસૂત્રના કત્થ (કથ્ય) વગેરે ઉપપ્રકારો છે.

આની વિશેષ સમજણ સુયગડચુણ્ણિ અને શીલાંકસૂરિકૃત સુયગડની વૃત્તિ પૂરી પાડે છે. આ ચુણ્ણિ (પત્ર ૬) માં દવ્વસૂયણા (દ્રવ્યસૂચના)નાં ત્રણ ઉદાહરણ નામ સહિત અપાયાં છે: (૧) લોક સૂચવનાર, (૨) [3]નલમવ સૂચવનાર અને (૩) લોઢાને સૂચવનાર. વિશેષમાં દવ્વસુત્તના અંડજ, બોંડજ[4], વાગજ અને વાલજ એમ પ્રકારો સૂચવાયા છે. અંડજ એટલે કે હંસના ગર્ભ વગેરે, બોંડજ એટલે કપાસ વગેરે, કીટજ એટલે કોશેટો વગેરે, વલ્કલજ એટલે શણ, અલસી વગેરે અને બાલજ એટલે ઊંટ વગેરે. પાઇય-સમદ્દમહણ્ણવમાં અંડજનો અર્થ રેશમનો દોરો, અથવા રેશમનું વસ્ત્ર, બોંડજનો અર્થ સુતરાઉ કપડું અને કીડજનો અર્થ કીડાના તંતુમાથી ઉત્પન્ન થયેલું વસ્ત્ર એમ અપાયેલ છે.

શીલાંકસૂરિએ કહ્યું છે કે ભાવસૂત્ર તે આ અધિકારમાંનું સૂચક જ્ઞાન છે—શ્રુતજ્ઞાન છે, કેમકે એ જ સ્વ અને પર અર્થનું સૂચક છે.

પર્યાય—કપ્પ એ છેયસુત્ત (છેદસૂત્ર) પૈકી એક છે. એને સામાન્ય જનતા બૃહત્કલ્પ તરીકે ઓળખે છે. એના ઉપર નિજ્જુત્તિ તેમજ ભાસ (ભાષ્ય) રચાયેલાં છે. એ બંને એક જ ભાષામાં—પાઇયમાં—જઇણ મરહટ્ઠીમાં તેમજ એક જ જાતના છંદમાં—[5]ગાથામાં રચાયેલાં હોવાથી એ બે ભેગાં થઇ ગયાં છે અને મલયગિરિસૂરિ કહે છે તેમ હવે જુદાં પાડવાં બહુ મુશ્કેલ છે. આ પ્રકારની કપ્પનિજ્જુત્તિ પ્રસ્તુત વિષયમાં ખાસ ઉપયોગી છે, કેમકે એક તો એનું ૧૭૪મું પદ્ય સુત્તના નીચે મુજબના નવ પર્યાયો પૂરા પાડે છે:—

(૧) સુય (શ્રુત), (૨) ગંથ (ગ્રન્થ), (૩) સિદ્ધંત (સિદ્ધાન્ત), (૪) સાસણ (શાસન), (૫) આણ (આજ્ઞા), (૬) વયણ (વચન), (૭) ઉવએસ (ઉપદેશ), (૮) પણ્ણવણ (પ્રજ્ઞાપન) અને (૯) આગમ (આગમ).

વ્યુત્પત્તિ—બીજી મહત્ત્વની વાત એ છે કે આનું ૩૧૦મું પદ્ય સુત્તની વિવિધ વ્યુત્પત્તિઓ દર્શાવે છે. આ રહ્યું એ પદ્ય.—

"सुत्तं तु सुत्तमेव उ अहवा सुत्तं तु तं भवे लेसो ।
अत्थस्स सूयणा वा सुवुत्तमिह वा भवे सुत्तं ॥ ३१० ॥"

કહેવાની મતલબ એ છે કે અર્થ વડે નહિ જણાવાયેલ હોવાથી સૂતેલા જેવું હોઇ એ 'સુપ્ત' (પાઇય સુત્ત) છે અથવા શ્લેષ એટલે કે તાંતણા જેવું હોવાથી અનેક અર્થો એકત્રિત કરાયેલા હોવાથી શ્લેષ જેવું હોઇ એ સૂત્ર (પા. સુત્ત) છે. અથવા અર્થનું સૂચન

૩ આ કોઇ જાતિનું નામ હશે. આનો ખરો અર્થ જાણવો બાકી છે.

૪ સૂયગડનિજ્જુત્તિ (ગા. ૩) માં 'પોણ્ડય' શબ્દ છે. શીલાંકસૂરિ એનો અર્થ વનફળમાંથી એટલે જીંડવાંમાંથી ઉત્પન્ન થયેલ કાર્પાસિક અર્થાત્ કપાસનું બનેલું સૂતર કરે છે.

૫ કપ્પનિજ્જુત્તિનું ૨૮૫મું પદ્ય 'અનુષ્ટુભ્'માં છે એટલે આ પ્રાયિક કથન છે.

કરનાર હોવાથી સૂત્ર છે. અથવા સારી રીતે કહેવાયેલું હોવાથી એ સૂક્ત (પા, સુત્ત) છે. આ સંબંધી વિશેષ માહિતી આની પછીની ચાર ગાથાઓમાં અપાઈ છે.

વ્યાખ્યા—ત્રીજી અગત્યની હકીકત ૨૮૫મું અને ૨૭૭મું પદ્ય જણાવે છે. સર્વજ્ઞે કહેલા સુત્તની વ્યાખ્યા ૨૮૫મા પદ્યમાં છે. એ પદ્ય નીચે પ્રમાણે છે:—

" अप्पक्खरमसंदिद्धं सारवं विसज्जोमुहं ।
मत्थोममणवज्जं च सुत्तं सव्वन्नुभासियं ॥ २८५ ॥

આવસ્સયનિજ્જુત્તિમાં આ ૮૮૦મા પદ્ય તરીકે જોવાય છે. આનો અર્થ એ છે કે સર્વજ્ઞે કહેલા સૂત્રમાં અક્ષરો ઓછા હોય છે, એ સૂત્ર સંદેહથી રહિત હોય છે, એ સારવાળું હોય છે, એ વિશ્વતોમુખ એટલે કે પ્રતિસૂત્ર ચાર અનુયોગોની વ્યાખ્યા થઈ શકે તેવું હોય છે.[6]એ ઉત, વૈ. હા, હિ ઇત્યાદિ સ્તોભ રહિત હોય છે.[7]વગર કારણે ઉત, વૈ વગેરેનો એમાં [8] 'સ્તોભક'નો પ્રયોગ હોતો નથી. ૨૭૭મું પદ્ય સૂત્રની વ્યાખ્યા રજૂ કરે છે. આ રહ્યું એ પદ્ય:

" अप्पगंथ महत्थं बत्तीसादोसविरहियं जं च ।
लक्खणजुत्तं सुत्तं अट्ठहि य गुणेहिं उववेयं ॥ २७७ ॥ "

કહેવાની મતલબ એ છે કે ઓછા અક્ષરવાળુ, ઘણા અર્થવાળું, ૩૨ દોષથી રહિત, લક્ષણથી યુક્ત અને આઠ ગુણોવાળુ 'સૂત્ર' હોય છે. આ સંબંધમાં મલયગિરિસૂરિ ચાર ભંગ (ભાંગા) કહે છે. (૧) ઓછા અક્ષર અને અલ્પ અર્થવાળું. જેમકે કાપોસાહિક. (૨) ઓછા અક્ષર અને ઘણા અર્થવાળું. જેમકે સામાયિક. કલ્પ, વ્યવહાર ઇત્યાદિ (૩) ઘણા અક્ષર અને અલ્પ અર્થવાળું. જેમકે जीमूते इति वा अज्जुणे इति वा. (૪) ઘણા અક્ષર અને ઘણા અર્થવાળું જેમકે દૃષ્ટિવાદ. આ બધામાં ઓછા અક્ષર અને ઘણા અર્થવાળું સૂત્ર ઇષ્ટ છે.

બત્રીસ દોષો—કપ્પનિજ્જુત્તિ (ગા. ૨૭૮-૨૮૧)માં સૂત્રના ૩૨ દોષો ગણાવાયા છે. કંઈક પાઠભેદ પૂર્વક ચાર ગાથાઓ મલધારી હેમચન્દ્રસૂરિએ અણુઓગદ્દારની વૃત્તિ (પત્ર ૨૬૧ અ-૨૬૧ આ) માં અવતરણરૂપે આપી છે. અને એની વ્યાખ્યા પણ કરી છે. આ વ્યાખ્યાને તેમજ મલયગિરિસૂરિકૃત કપ્પની વૃત્તિને લક્ષ્યમાં રાખી હું બત્રીસ દોષો અને એની સમજુતી આપું છું:—

---

૬ દાખલા તરીકે દસવેયાલિયનું આગ સૂત્ર એવું છે એમ મલધારી હેમચન્દ્રસૂરિ અણુઓગદ્દારની વૃત્તિ (૨૬૩અ પત્ર)માં કહે છે.

૭ હેમચન્દ્રસૂરિ કહે છે કે 'ચ', વા' ઇત્યાદિ નિપાતો વિનાનુ તે સ્તોભ રહિત' કહેવાય છે.

૮ સ્તોભક એટલે નિપાત એમ હરિભદ્રસૂરિએ આવસ્સયની વૃત્તિ (પત્ર ૩૭૬અ) માં કહ્યુ છે.

૯ અણુઓગદ્દારની 'મલધારી' હેમચન્દ્રસૂરિકૃત વૃત્તિ (પત્ર ૨૬૧અ) માં उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" એ તત્ત્વાર્થસૂત્ર (અ. ૫)ના સૂત્રનો નિર્દેશ છે.

(૧) અલીક એટલે અસત્ય. આના બે પ્રકાર છેઃ અભૂતનું પ્રકાશન અને ભૂતનો અપલાપ. શ્યામાક તન્દુલ જેવડો જ જીવ છે, ઈશ્વરે જગત્ રચ્યું છે ઇત્યાદિ પહેલા પ્રકારના અલીકનાં ઉદાહરણ છે. જીવ નથી એ બીજા પ્રકારના અલીકનું ઉદાહરણ છે.

(૨) ઉપઘાતકજનક અર્થાત્ ઉપઘાત ઉત્પન્ન કરનાર. વેદવિહિત હિંસા ધર્મને માટે છે, માંસ ખાવામાં દોષ નથી[10] ઇત્યાદિ સૂત્ર ઉપઘાતજનક છે.

(૩) અપાર્થક. જેનાં અવયવોનો અર્થ હોય, પણ એના સમુદાયનો અર્થ ન હોય તે એટલે કે સંબંધ વિનાનું. જેમ કે કેળમાં શંખ અને ભેરીમાં કેળ. દશ દાડમ, છ પૂડા. કુંડ, બકરીનું ચામડું, માંસનો પિંડ ઇત્યાદિ.

(૪) નિરર્થક. જેનાં અવયવો અર્થ વિનાનાં હોય તે. જેમકે ડિત્થ, ડવિત્થ, વાજન ઇત્યાદિ. વર્ણના ક્રમનો જ નિર્દેશ જણાતો હોય, પણ અર્થ માલમ ન પડતો હોય તે નિરર્થક છે. જેમકે અ, આ, ઇ, ઈ ઇત્યાદિ.

(૫) છલ. અનિષ્ટ અર્થાન્તરના સંભવથી જ્યાં વિવક્ષિત અર્થને હાનિ પહોંચાડી શકાય તેમ હોય તે 'છલ' જેમકે नवकम्बलो देवदत्तः આના બે અર્થ સંભવે છેઃ (અ) નવ કામળવાળો દેવદત્ત અને (આ) નવી કામળવાળો દેવદત્ત. આત્મા છે. જો આત્મા છે તો જે જે છે તે આત્મા પામે છે. આ પણ છલનું ઉદાહરણ છે. "દીવા નથી દરબારમાં થયું અંધારું ઘોર." આ ગુજરાતી વાક્યના દીવા અને નથી એ બે સંયુક્ત ગણતાં જુદો અર્થ નીકળે છે એટલે એ 'છલ'નું ઉદાહરણ ગણાય.

(૬) દ્રુહિલ. પ્રાણીઓને અહિતનો ઉપદેશ આપીને પાપજનક કાર્યને જે પોષે તે 'દ્રુહિલ' છે. જેમકે લોક જેટલો ઇન્દ્રિયગોચર છે તેટલો જ એ છે

(૭) નિઃસાર. સાર વિનાનું તે 'નિઃસાર.' જેમકે યુક્તિ વિનાનાં વેદનાં વચનો.

(૮) અધિક. આની સમજૂતી બે રીતે અપાઇ છેઃ (અ) હેતુ, દૃષ્ટાન્ત ઇત્યાદિ પાંચ અવયવોમાંથી ગમે તે એકથી અધિક.[11] (આ) અક્ષર, પદ ઇત્યાદિથી અધિક

(૯) ઊન. ઊન એટલે ઊણું ઓછું. આ પણ 'અધિક'ના જેમ બંને રીતે સંભવ છે.

(૧૦) પુનરુક્ત. (જરૂર વિના) ફરીથી કહેવાયેલું તે 'પુનરુક્ત': આના ત્રણ પ્રકાર છેઃ અર્થથી, શબ્દથી અને બંનેથી. ઇન્દ્ર, શક્ર, પુરંદર એ પહેલા પ્રકારનું પુનરુક્ત છે. સૈન્ધવ લાવ, લવણ, સૈન્ધવ લાવ એ બીજા પ્રકારનું પુનરુક્ત છે. ક્ષીર ક્ષીર એ ત્રીજા પ્રકારનું પુનરુક્ત છે.

(૧૧) વ્યાહત. જ્યાં પહેલાના કથનને પાછળનું કથન બાધક હોય તે 'વ્યાહત'. જેમકે કર્મ છે, ફળ છે, પણ ભોગવનાર નથી.

(૧૨) અયુક્ત. અજુગતું તે 'અયુક્ત'. જેમકે પેલા હાથીઓનાં ગંડસ્થળમાંથી પડેલા મદના બિન્દુઓ વડે હાથી, ઘોડા અને રથને ખેંચી જનારી ભયંકર નદી પ્રવર્તી.

(૧૩) ક્રમભિન્ન. જેમાં ક્રમ ન સચવાયો હોય તે 'ક્રમભિન્ન'. જેમકે આંખ, નાક વગેરેના વિષયો તરીકે ગંધ, રૂપ ઇત્યાદિ ગણાવાય.

---

૧૦ જુઓ મનુસ્મૃતિ (અ. ૫, શ્લો. ૫૬).

૧૧ એક હેતુ કે એક ઉદાહરણથી ચાલે તેમ હોય છતાં અધિક અપાય તો આ દોષ આવે છે. હેતુ અને દૃષ્ટાન્તની ન્યૂનતાવાળું તે 'ઊન' છે.

(૧૪) વચનભિન્ન. જ્યાં એકવચનને બદલે દ્વિવચન કે બહુવચન કરાયું હોય એમ જ્યાં જે વચન જોઈએ તેને બદલે અન્ય વચનવાળું સૂત્ર તે 'વચનભિન્ન' કહેવાય છે.

(૧૫) વિભક્તિભિન્ન. જ્યાં એકને બદલે બીજી વિભક્તિ વપરાઈ હોય તે 'વિભક્તિભિન્ન' છે.

(૧૬) લિંગભિન્ન. જ્યાં એક લિંગ અર્થાત્ જાતિને બદલે અન્ય લિંગનો પ્રયોગ કરાયો હોય તે 'લિંગભિન્ન' છે. જેમ આ પુરુષ સારી છે.

(૧૭) અનભિહિત. પોતાના સિદ્ધાન્તમાં ન કહ્યું હોય તે કહેવું એ 'અનભિહિત' છે. જેમકે બૌદ્ધ ચાર આર્યસત્ય કરતાં વધારેનો ઉલ્લેખ કરે તો એને માટે એ 'અનભિહિત છે.

(૧૮) અપદ. જ્યાં અમુક છંદનો અધિકાર હોય ત્યાં બીજા છંદનું નામ દેવું તે 'અપદ' છે. જેમકે 'આર્યા' છંદ કહેવાને બદલે 'વૈતાલીય' છંદ કહેવો. [૧૨]ગાથામાં 'ગીતિ' કે [૧૩]વાનવાસિકાનો પ્રયોગ કરવો.

(૧૯) સ્વભાવહીન. જેનો જે સ્વભાવ ન હોય તેનો તે કહેવો. જેમકે અગ્નિ શીતળ છે, પવન ચંચળ નથી, આકાશ મૂર્ત છે ઇત્યાદિ.

(૨૦) વ્યવહિત, ચાલુ વાતને છોડી બીજી ભળતી વાત લાંબી ચોડી કરી પાછી પાછી ચાલુ વાત કરવી તે 'વ્યવહિત' છે. ટૂંકમાં કહીએ તો "અન્તરવાળું" એમ વ્યવહિતનો અર્થ થાય છે.

(૨૧) કાલદોષ. જેમકે વર્તમાન, ભૂત વગેરે કાળમાંથી જે કહેવાવો જોઈએ તેને બદલે બીજો કહેવો.

(૨૨) યતિદોષ. 'યતિ' એટલે વિરામ, વિશ્રામ. જે છંદમાં જ્યાં યતિ હોવી જોઈએ તેને બદલે અન્યત્ર યતિ આવે તો આ દોષથી એ દૂષિત ગણાય. બિલકુલ યતિ જ ન આવે એને પણ 'યતિદોષ' કહે છે.

(૨૩) છવિદોષ. છવિ એટલે એક પ્રકારનો અલંકાર.[૧૪] એ અલંકાર વિનાનું સૂત્ર તે આ દોષથી દૂષિત મનાય છે.

(૨૪) સમયવિરુદ્ધ. પોતાના સિદ્ધાન્તથી વિરુદ્ધ તે 'સમયવિરુદ્ધ'. જેમકે જૈન કહે કે જીવ નથી.

(૨૫) વચનમાત્ર. હેતુ વગરનું કથન તે 'વચનમાત્ર' છે. જેમકે કોઈ ખીલો ઠોકીને એ સ્થળે લોકના મધ્ય તરીકે ઓળખાવે.

(૨૬) અર્થાપત્તિદોષ. જેમાં અર્થાપત્તિથી અનિષ્ટ સિદ્ધ થાય એ અર્થાપત્તિ-દોષવાળું ગણાય. જેમકે કોઈ કહે કે બ્રાહ્મણને ન મારવો. આથી અર્થાપત્તિથી એમ ફલિત થાય છે કે ઇતર જનોને મારવા.

---

૧૨ સૂયગડનિજ્જુત્તિના ૨૩મા પદ્યની ટીકામાં શીલાંકસૂરિ ગાથાના લક્ષણ માટે નીચે મુજબનું પદ્ય રજૂ કરે છે:—

"सत्तट्ठतरु विसमे ण हो हया ताण छट्ठ णह जलया ।
गाहाए पच्छद्धे भेओ छट्ठो त्ति इक्कलो ॥"

૧૩ નંદિષેણે રચેલા અજિયસંતિથયનું ૩૩મું પદ્ય 'વાણવાસિયા' (સં. વાનવાસિકા)માં છે. એનું લક્ષણ "टचउक्को नववारसलहुहिं सा वाणवासिया" છે અર્થાત્ આ છંદમાં 'ટ' ગણ ચાર હોય છે અને નવમી તેમજ બારમી માત્રા લઘુ હોય છે.

૧૪ આ વાતની આવસ્સયની હરિભદ્રસૂરિકૃત વૃત્તિ (પત્ર ૩૭૫) પણ સાક્ષી પૂરે છે.

(૨૭) અસમાસદોષ. જ્યાં સમાસ કરવાનો હોય ત્યાં ન કરાય અથવા અસ્થાનથી કરાય તો આ દોષ ઉદ્ભવે છે.

(૨૮) ઉપમાદોષ. ઉપમાને લગતો દોષ તે ઉપમા-દોષ છે. હીનોપમા, અધિકોપમા, અને અનુપમા એ ઉપમા-દોષ છે.

(૨૯) રૂપકદોષ. પર્વતનું રૂપક અપાયા બાદ એનું કશું વર્ણન ન કરાય કે એને બદલે સમુદ્ર જેવા અન્ય પદાર્થનું રૂપક અપાય તો એ રૂપકદોષથી યુક્ત ગણાય.

(૩૦) પરપ્રવૃત્તિદોષ. જ્યાં ઘણા યે અર્થ કહ્યા પછી નિર્દેશ ન કરાય તે એમ મલયગિરિ સમજાવે છે. હેમચન્દ્રસૂરિ 'નિર્દેષ' દોષનો ઉલ્લેખ કરે છે, કેમકે એમની સામે એ મતલબનો પાઠ છે. આ સમજાવતાં તેઓ કહે છે કે જ્યાં નિર્દેષ કરાયેલાં પદોની એકવાક્યતા ન કરાય ત્યાં આ દોષ છે. જેમકે દેવદત્ત થાળીમાં ભાત રાંધે છે એમ કહેવાનું હોય ત્યારે 'રાંધે છે' એમ ન કહે.

(૩૧) પદદોષ. મલયગિરિસૂરિ આ દોષ નોંધે છે, જોકે મૂળ ગાથામાં એનો ઉલ્લેખ નથી. એક પદને બદલે અન્ય પદનો પ્રયોગ કરવાથી આ દોષ ઉદ્ભવે છે. હેમચન્દ્રસૂરિએ આને બદલે 'પદાર્થદોષ' નોંધ્યો છે જેમકે વસ્તુના પર્યાયને અન્ય પદાર્થ તરીકે કલ્પવો. જેમકે છ પદાર્થોમાં રહેલી સત્તાને વૈશેષિકો અન્ય પદાર્થ તરીકે કલ્પે છે. આ અજુગતું છે.

(૩૨) સંધિદોષ. જ્યાં સંધિ કરવાની હોય ત્યાં તે ન કરે કે ખોટી કરે—વિસર્ગનો લોપ થવા છતાં કરે તો એ 'સંધિદોષ' છે.

આ પ્રમાણે દોષો વિષેનો વિચાર અહીં પૂર્ણ થાય છે. અને હવે સૂત્રના ગુણોનો વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, પણ તે પૂર્વે કપ્પનિજ્જુત્તિની ૨૭૮મીથી ૨૮૧થી સુધીની ગાથાઓ આવસ્સયનિજ્જુત્તિમાં ગા. ૮૮૧-૮૮૪ તરીકે અપાયેલી છે અને એના ઉપર હરિભદ્રસૂરિની વૃત્તિ છે [૧૫] એ વાત આપણે નોંધી લઈશું. વિશેષમાં મુખ્ય પાઠભેદ તરીકે નીચેની પંક્તિઓ પણ નોંધીશું:-

"उवमा-रुयगदोसो परप्पवत्ती य संधिदोसो य "- કપ્પનિજ્જુત્તિ (ગા.૨૮૧)

" उवमा-रूवगदोसो निद्देसपयत्थ संधिदोसो य"- અણુઓગદ્દારની હેમચન્દ્રકૃત વૃત્તિ (પત્ર ૨૬૧ આ)

" उवमारूवगदोसाऽनिद्देस पयत्थसंधिदोसो य"આવસ્સયનિજ્જુત્તિ(ગા. ૮૮૪)

૭ ગુણો—જો કે આઠ ગુણોની વાત કરવી જોઈએ, છતાં કપ્પનિજ્જુત્તિની પૂર્વોક્ત ૨૮૫મી ગાથા સૂત્રના ૭ ગુણો રજૂ કરે છે એમ કેટલાક માને છે એમ હેમચન્દ્રસૂરિએ અણુઓગદ્દારની વૃત્તિ (પત્ર ૨૬૨ આ-૨૬૩અ) માં કહ્યું છે એ અહીં નોંધી લઈશું. અલ્પ અક્ષરવાળું અસંદિગ્ધ, સારવાળું, વિશ્વમુખી, સ્તોભથી રહિત, અનવદ્ય યાને નિષ્પાપ અને સર્વજ્ઞે કહેલ એમ સૂત્રના ૭ ગુણો છે. મલયગિરિસૂરિ તો નીચે મુજબના કપ્પનિજ્જુત્તિના ૨૮૨મા પદ્યમાંના 'ચ'થી આ ૭ ગુણો અધિક છે એમ કહે છે:—

૧૫ બત્રીસ દોષના સ્પષ્ટીકરણ માટે જુઓ ૩૭૪ આ-૩૭૬ અ પત્રો. આનાથી કોઈ પ્રાચીન સ્પષ્ટીકરણ હોય તો તે જાણવામાં નથી.

"निद्दोसं सारवंतं च हेउजुत्तमलंकियं ।

उवणीयं सोवयारं च मियं महुरमेव य ॥ २८२ ॥"[16]

આઠ અથવા એક ગુણો — કલ્પનિજ્જુત્તિનું ઉપર્યુક્ત પદ્ય આઠ ગુણો જણાવે છે: (૧) નિર્દોષ (ઉપર જણાવાયેલા ૩૨ દોષોથી રહિત), (૨) સારવાળું (એક અભિધેયને વિષે અનેક અભિધાનવાળું—બહુ પર્યાયવાળું), (૩) (સાધર્મ્ય કે વૈધર્મ્યથી—અન્વયથી કે વ્યતિરેકથી) હેતુથી યુક્ત, અથવા સકારણ, (૪) (ઉપમાદિ [17]અલંકારવાળું, (૫) ઉપનયથી યુક્ત, (૬) નકામું નહિ એવું અર્થાત્ સોપચાર, (૭) (શ્લોકાદિ પદો વડે) પરિમિત અથવા (દંડકો વડે) અપરિમિત અને (૮) (સૂત્રથી, અર્થથી અને બંનેથી) મધુર એમ સૂત્ર આઠ ગુણોથી યુક્ત હોય છે. એમાં પહેલાં જણાવાયેલા ૭ ઉમેરતાં ચૌદ થાય છે.

બે અને ત્રણ પ્રકાર—કલ્પનિજ્જુત્તિ (ગાથા ૩૧૫) સૂત્રના એક રીતે ત્રણ પ્રકારો અને બીજી રીતે બે પ્રકારો પૂરા પાડે છે એ ચોથી મહત્ત્વની હકીકત છે. ત્રણ પ્રકારો તરીકે સન્નાસુત્ત (સંજ્ઞા-સૂત્ર), કારગ-સુત્ત (કારક-સૂત્ર) અને પયરણ-સુત્ત (પ્રકરણ સૂત્ર)નો નિર્દેશ છે. ઉસ્સગ્ગિય (ઔત્સર્ગિક) અને અવવાઇય (આપવાદિક) એ બે પ્રકારો છે.

સંજ્ઞાસૂત્ર—સંજ્ઞા એટલે સૈદ્ધાન્તિક સંકેત, પરિભાષા. જે સૂત્રમાં પરિભાષા રૂપ સંજ્ઞા વપરાઈ હોય તે 'સંજ્ઞા સૂત્ર' કહેવાય છે. દાખલા તરીકે નીચે મુજબનાં સૂત્રો:—

(१) " जे छेए से सागारियं न सेवए" —आयार (१, ५, १,)

(२) " सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए"—आयार (१, २, ५)

(३) " आरं दुगुणेणं पारं एगगुणं"—?

પહેલા સૂત્રમાં સાગારિયં, બીજામાં આમગંધ, ત્રીજામાં આર અને પાર એ સૈદ્ધાન્તિક પારિભાષિક શબ્દો છે. પહેલાનો અર્થ 'અબ્રહ્મ' થાય છે. આમનો અર્થ [18]અવિશોધિ કોટિ અને ગંધનો [19]વિશોધિ કોટિ એ અર્થ છે. આરનો અર્થ 'સંસાર' છે. અને પારનો અર્થ 'મોક્ષ' છે. સૂયગડ (અ. ૨, ઉ. ૧)ના આઠમા પદ્યમાંના આરનો અર્થ 'સંસાર' છે અને પારનો અર્થ 'મોક્ષ' છે એમ શીલાંકસૂરિ અર્થાન્તરથી સૂચવે છે.

સૂયગડચુણ્ણિ (પત્ર ૬–૭)માં સંજ્ઞાસૂત્રના (૧) સ્વ સમયનું, (૨) પર સમયનું અને (૩) સ્વ પર સમયનું એમ ત્રણ પ્રકારો સૂચવાયા છે. સ્વ સમયના સાંકેતિક શબ્દો તરીકે વિગઈ (વિકૃતિ) અને [20]પઢમાલિયા (પ્રથમાલિકા) અપાયા છે. અને પર સમયના સાંકેતિક શબ્દો તરીકે 'આત્મા' [21]વાચક, પુદ્ગલ, સંસ્કાર અને ક્ષેત્રજ્ઞ અપાયા છે.

---

૧૬ આ પદ્ય આવસ્સયનિજ્જુત્તિમાં ૮૮૫મા પદ્ય રૂપે જોવાય છે.

૧૭. ૩૧૫ની વૃત્તિ (પત્ર ૮૬)માં મલયગિરિ સૂરિએ નીચે મુજબનું પદ્ય રજૂ કર્યું છે:—

" नियमा अक्खर छंदो माउक्कमनिट्ठुरं छवीजमगं ।

महुरत्तणमत्थघणत्तणं च सुत्ते अलंकारा ॥ "

૧૮–૧૯ વાસણમાં અશુદ્ધ પદાર્થ પડે છે અને એ દૂર કરાતાં જે વાસણ શુદ્ધ ગણાય તે 'વિશોધિ કોટિ' અને ન ગણાય તે 'અવિશોધિકોટિ' કહેવાય છે.

૨૦. પ્રથમ ભોજન, નોકારશી પાળી પછીનું ભોજન.

૨૧. જુઓ D C J M (VXII pt. I p. 61).

કારક સૂત્ર—વિયાહપણ્ણત્તિ (સ ૧, ઉ. ૯)ગતિ નીચે મુજબનો આલાપક કારકસૂત્રના ઉદાહરણ રૂપ છે, કપ્પનિજ્જુત્તિ એમ (ગા. ૩૧૬)ની વૃત્તિમાં મલયગિરિસૂરિ કહે છેઃ—

"आहाकम्मन्नं भुंजमाणे समणे निग्गंथे कइ कम्मपगडीओ बंधंति ? **गोयमा !**

आउवज्जाओ सत्त कम्मपगडीओ । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? "

એક સર્વજ્ઞનું પ્રામાણ્ય હોવાથી સમગ્ર શ્રુતની પ્રસિદ્ધિ છે તો પણ વિસ્તારથી અપાયનું દર્શન થાય તે માટે અધિકૃત અર્થની પ્રસિદ્ધિ કરનાર "**से केणट्ठेणं**" ઇત્યાદિનો ઉપન્યાસ કરાય છે.

પ્રકરણસૂત્ર—જેમાં આક્ષેપ અને નિર્ણયની પ્રસિદ્ધિનું વર્ણન હોય તે "પ્રકરણ સૂત્ર" કહેવાય છે. આક્ષેપ એટલે સૂત્રના દોષ કે પૃચ્છા; અને નિર્ણયની પ્રસિદ્ધિ એટલે પ્રત્યાખ્યાન [22] મલયગિરિસૂરિએ પ્રકરણ સૂત્રનાં ઉદાહરણ તરીકે **નમિપ્રવ્રજ્યા** અને **ગૌતમકેશીય**નો એટલે કે ઉત્તરજ્ઝયણનાં નવમા અને ૨૩મા અજ્ઝયણોનો તેમજ **આર્દ્રકીય** અને **નાલન્દીય**નો એટલે કે સૂયગડના બીજા સુયક્ખંધનાં છઠ્ઠા અને સાતમા અજ્ઝયણનો નિર્દેશ કર્યો છે.

ચાર પ્રકાર—સૂયગડનિજ્જુત્તિ (ગા ૩)માં સણ્ણા (સંજ્ઞા), સંગહ (સંગ્રહ), વિત્ત (વૃત્ત) અને જાતિણિબદ્ધ (જાતિનિબદ્ધ) એમ શ્રુતજ્ઞાન સૂત્રના ચાર પ્રકારો દર્શાવાયા છે. વિશેષમાં જાતિણિબદ્ધના ઉપપ્રકાર તરીકે કથ્થ ઇત્યાદિ એવો ઉલ્લેખ છે. સંજ્ઞાસૂત્ર અને એના ત્રણ પ્રકારો આપણે પૃ. ૫૪માં વિચારી ગયા છે.

સંગ્રહસૂત્ર—અનેક અર્થના સંગ્રહરૂપ સૂત્ર તે 'સંગ્રહસૂત્ર.' દ્રવ્ય એમ કહેવાથી સર્વ દ્રવ્યોનો-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ઇત્યાદિ સમગ્ર દ્રવ્યોનો સંગ્રહ સમજાય છે. જીવ કહેવાથી સંસારી તેમજ અસંસારી એમ બધા જીવોનો સંગ્રહ કરાય છે એવી રીતે 'અજીવ'થી ધર્માસ્તિકાયાદિ સર્વ અજીવ પદાર્થોનો સંગ્રહ કરાય છે. આ પ્રમાણેની સુવિજ્ઞગત હકીકત ઉપરાંત શિલાંકસૂરિકૃત વૃત્તિ (પત્ર ૭ આ. છપાતી આવૃત્તિ)માં "**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**"નો સંગ્રહસૂત્ર' તરીકે ઉલ્લેખ કરાયો છે.

વૃત્તનિબદ્ધ સૂત્ર—શ્લોક વગેરે વૃત્તમાં રચાયેલું સૂત્ર તે, વૃત્તનિબદ્ધ 'સૂત્ર' કહેવાય છે

જાતિનિબદ્ધ સૂત્ર અને એના પ્રકારો—આના ગદ્ય, પદ્ય, કથ્ય અને ગેય એમ ચાર પ્રકાર છે એમ શીલાંકસૂરિ કહે છે, અને ચૂર્ણિકાર પણ એમ જ કહે છે. ચુણ્ણિ (પત્ર ૭)માં કહ્યું છે કે ગદ્ય એટલે ચૂર્ણગ્રન્થ, [23]બ્રહ્મચર્ય ઇત્યાદિ; પદ્ય એટલે [24]ગાથા-ષોડશક ઇત્યાદિ; કથનીય અર્થાત્ કથ્ય એટલે ઉત્તરજ્ઝયણ, ઇસિભાસિય અને [25]નાયા (ધમ્મકહા); અને ગેય એટલે સ્વરના સંચારથી (ગીતિકાપ્રાયનિબદ્ધ). જેમકે કાવિલિજ્જમાનું "**अधुवे असासयम्मि संसारम्मि दुक्खपउराए**",

૨૨. જુઓ કપ્પનિજ્જુત્તિ (ગા. ૩૨૮).

૨૩. આયારના પહેલા સુયક્ખંધ (શ્રુતસ્કંધ)નું આ નામ છે. તેમજ એના નવે અજ્ઝયણ (અધ્યયન)નું પણ આ જ નામ છે.

૨૪. સૂયગડનો પહેલો સુયક્ખંધ. એનું આ નામ છે.

૨૫. ઉત્તરજ્ઝયણના આઠમા અજ્ઝયણનું આ નામ છે.

"निद्दोसं सारवंतं च हेउजुत्तमलंकियं ।
उवणीयं सोवयारं च मियं महुरमेव य ॥ २८२ ॥"[१६]

આઠ અથવા ચૌદ ગુણો — કપ્પનિજ્જુત્તિનું ઉપર્યુક્ત પદ્ય આઠ ગુણો જણાવે છે: (૧) નિર્દોષ (ઉપર જણાવાયેલા ૩૨ દોષોથી રહિત), (૨) સારવાળું (એક અભિધેયને વિષે અનેક અભિધાનવાળું—બહુ પર્યાયવાળું), (૩) (સાધર્મ્ય કે વૈધર્મ્યથી—અન્વયથી કે વ્યતિરેકથી) હેતુથી યુક્ત, અથવા સકારણ, (૪) (ઉપમાદિ) [૧૭]અલંકારવાળું, (૫) ઉપનયથી યુક્ત, (૬) નકામું નહિ એવું અર્થાત્ સોપચાર, (૭) (શ્લોકાદિ પદો વડે) પરિમિત અથવા (દંડકો વડે) અપરિમિત અને (૮) (સૂત્રથી, અર્થથી અને બંનેથી) મધુર એમ સૂત્ર આઠ ગુણોથી યુક્ત હોય છે. એમાં પહેલાં જણાવાયેલા ૭ ઉમેરતાં ચૌદ થાય છે.

બે અને ત્રણ પ્રકાર—કપ્પનિજ્જુત્તિ (ગાથા ૩૧૫) સૂત્રના એક રીતે ત્રણ પ્રકારો અને બીજી રીતે બે પ્રકારો પૂરા પાડે છે એ ચોથી મહત્ત્વની હકીકત છે. ત્રણ પ્રકારો તરીકે સન્નાસુત્ત (સંજ્ઞા-સૂત્ર), કારગ-સુત્ત (કારક-સૂત્ર) અને પયરણ-સુત્ત (પ્રકરણ-સૂત્ર)નો નિર્દેશ છે ઉસ્સગ્ગિય (ઔત્સર્ગિક) અને અવવાઇય (આપવાદિક) એ બે પ્રકારો છે.

સંજ્ઞાસૂત્ર—સંજ્ઞા એટલે સૈદ્ધાન્તિક સંકેત, પરિભાષા. જે સૂત્રમાં પરિભાષા રૂપ સંજ્ઞા વપરાઈ હોય તે 'સંજ્ઞા સૂત્ર' કહેવાય છે. દાખલા તરીકે નીચે મુજબનાં સૂત્રો:—

(१) "जे छेए से सागारियं न सेवए" —आयार (१, ५, १,)

(२) "सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए"—आयार (१, २, ५)

(३) "आरं दुगुणेणं पारं एगगुणं"—?

પહેલા સૂત્રમાં સાગારિયં, બીજામાં આમગંધ, ત્રીજામાં આર અને પાર એ સૈદ્ધાન્તિક પારિભાષિક શબ્દો છે. પહેલાનો અર્થ 'અબ્રહ્મ' થાય છે. આમનો અર્થ [૧૮]અવિશોધિ કોટિ અને ગંધનો [૧૯]વિશોધિ કોટિ એ અર્થ છે. આરનો અર્થ 'સંસાર' છે. અને પારનો અર્થ 'મોક્ષ છે. સૂયગડ (અ. ૨, ઉ. ૧)ના આઠમા પદ્યમાંના આરનો અર્થ 'સંસાર' છે અને પારનો અર્થ 'મોક્ષ છે એમ શીલાંકસૂરિ અર્થાન્તરથી સૂચવે છે.

સૂયગડચુણ્ણિ (પત્ર ૬-૭)માં સંજ્ઞાસૂત્રના (૧) સ્વ સમયનું, (૨) પર સમયનું અને (૩) સ્વ પર સમયનું એમ ત્રણ પ્રકારો સૂચવાયા છે. સ્વ સમયના સાંકેતિક શબ્દો તરીકે વિગઈ (વિકૃતિ) અને [૨૦]પઢમાલિયા (પ્રથમાલિકા) અપાયા છે. અને પર સમયના સાંકેતિક શબ્દો તરીકે 'આત્મા' [૨૧]વાચક, પુદ્ગલ, સંસ્કાર અને લેશ્યા અપાયા છે.

---

૧૬ આ પદ્ય આવસ્સયનિજ્જુત્તિમાં ૮૮૫મા પદ્ય રૂપે જોવાય છે

૧૭. કપ્પની વૃત્તિ (પત્ર ૮૬)માં મલયગિરિ સૂરિએ નીચે મુજબનું પદ્ય રજૂ કર્યું છે:—

"नियमा अक्खर छंमो माउकमनिट्ठुरं छवीजमगं ।
महुरत्तणमत्थघणत्तणं च सुत्ते अलंकारा ॥"

૧૮-૧૯ વાસણમાં અશુદ્ધ પદાર્થ પડે છે અને એ દૂર કરાતાં જે વાસણ શુદ્ધ ગણાય તે 'વિશોધિ કોટિ' અને ન ગણાય તે 'અવિશોધિકોટિ' કહેવાય છે.

૨૦. પ્રથમ ભોજન, નોકારશી પાપી પછીનું ભોજન.
૨૧. જુઓ D C J M (VXII pt. I p. 61).

કારક સૂત્ર—વિયાહપણ્ણત્તિ (સ ૧, ઉ. ૯)માંનો નીચે મુજબનો આલાપક કારકસૂત્રના ઉદાહરણ રૂપ છે, કપ્પનિજ્જુત્તિ એમ (ગા. ૩૧૬)ની વૃત્તિમાં મલયગિરિસૂરિ કહે છેઃ—

“आहाकम्मं भुंजमाणे समणे निग्गंथे कइ कम्मपगडीओ बंधंति ? गोयमा ! आउयवज्जाओ सत्त कम्मपगडीओ । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? ”

એક સર્વજ્ઞનું પ્રામાણ્ય હોવાથી સમગ્ર શ્રુતની પ્રસિદ્ધિ છે તો પણ વિસ્તારથી અપાયનું દર્શન થાય તે માટે અધિકૃત અર્થની પ્રસિદ્ધિ કરનાર “ से केणट्ठेणं ”ઇત્યાદિનો ઉપન્યાસ કરાય છે.

પ્રકરણસૂત્ર—જેમાં આક્ષેપ અને નિર્ણયની પ્રસિદ્ધિનું વર્ણન હોય તે “પ્રકરણ સૂત્ર” કહેવાય છે. આક્ષેપ એટલે સૂત્રના દોષ કે પૃચ્છા; અને નિર્ણયની પ્રસિદ્ધિ એટલે પ્રત્યવસ્થાન. [22] મલયગિરિસૂરિએ પ્રકરણ સૂત્રનાં ઉદાહરણ તરીકે નમિપ્રવ્રજ્યા અને ગોતમકેશીયનો એટલે કે ઉત્તરજ્ઝયણનાં નવમા અને ૨૩મા અજ્ઝયણોનો તેમજ આર્દ્રકીય અને નાલન્દીયનો એટલે કે સૂયગડના બીજા સુયક્ખંધનાં છઠ્ઠા અને સાતમા અજ્ઝયણનો નિર્દેશ કર્યો છે.

ચાર પ્રકાર—સૂયગડનિજ્જુત્તિ (ગા ૩)માં સણ્ણા (સંજ્ઞા), સંગહ (સંગ્રહ), વિત્ત (વૃત્ત) અને જાતિણિબદ્ધ (જાતિનિબદ્ધ) એમ શ્રુતજ્ઞાન સૂત્રના ચાર પ્રકારો દર્શાવાયા છે. વિશેષમાં જાતિણિબદ્ધના ઉપપ્રકાર તરીકે કથ્ય ઇત્યાદિ એવો ઉલ્લેખ છે. સંજ્ઞાસૂત્ર અને એના ત્રણ પ્રકારો આપણે પૃ. ૫૪માં વિચારી ગયા છે.

સંગ્રહસૂત્ર—અનેક અર્થના સંગ્રહરૂપ સૂત્ર તે ‘સંગ્રહસૂત્ર.’ દ્રવ્ય એમ કહેવાથી સર્વ દ્રવ્યોનો—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ઇત્યાદિ સમગ્ર દ્રવ્યોનો સંગ્રહ સમજાય છે. જીવ કહેવાથી સંસારી તેમજ અસંસારી એમ બધા જીવોનો સંગ્રહ કરાય છે એવી રીતે ‘અજીવ’થી ધર્માસ્તિકાયાદિ સર્વે અજીવ પદાર્થોનો સંગ્રહ કરાય છે. આ પ્રમાણેની ચુણ્ણિગત હકીકત ઉપરાંત શિલાંકસૂરિકૃત વૃત્તિ (પત્ર ૭ આ. છપાતી આવૃત્તિ)માં “उत्पादव्ययध्रौव्ययुक्तं सत्”નો સંગ્રહસૂત્ર’ તરીકે ઉલ્લેખ કરાયો છે.

વૃત્તનિબદ્ધ સૂત્ર—શ્લોક વગેરે વૃત્તમાં રચાયેલું સૂત્ર તે, વૃત્તનિબદ્ધ ‘સૂત્ર’ કહેવાય છે

જાતિનિબદ્ધ સૂત્ર અને એના પ્રકારો—આના ગદ્ય, પદ્ય, કથ્ય અને ગેય એમ ચાર પ્રકાર છે એમ શીલાંકસૂરિ કહે છે, અને ચુણ્ણિકાર પણ એમ જ કહે છે. ચુણ્ણિ (પત્ર ૭)માં કહ્યું છે કે ગદ્ય એટલે ચૂર્ણગ્રન્થ, [23]બ્રહ્મચર્ય ઇત્યાદિ; પદ્ય એટલે [24]ગાથાસોલસગ ઇત્યાદિ; કથનીય અર્થાત્ કથ્ય એટલે ઉત્તરજ્ઝયણ, ઇસિભાસિય અને [25]નાયા (ધમ્મકહા); અને ગેય એટલે સ્વરના સંચારથી (ગીતિકાપ્રાયનિબદ્ધ). જેમકે કાવિલિજ્જમાનું “अधुवे असासयम्मि संसारम्मि दुक्खपउराए”,

૨૨. જુઓ કપ્પનિજ્જુત્તિ (ગા. ૩૨૮).

૨૩. આયારના પહેલા સુયક્ખંધ (શ્રુતસ્કંધ)નું આ નામ છે. તેમજ એનાં નવે અજ્ઝયણ (અધ્યયન)નું પણ આ જ નામ છે.

૨૪. સૂયગડનો પહેલો સુયક્ખંધ. એનું આ નામ છે.

૨૫. ઉત્તરજ્ઝયણના આઠમા અજ્ઝયણનું આ નામ છે.

શીલાંકસૂરિ સૂયગડની વૃત્તિ (પત્ર ૩અ)માં કહે છે કે પ્રાચીન ઋષિઓના ચરિત્રના કથનની મુખ્યતાવાળું સૂત્ર તે 'કથ્યસૂત્ર': 'ગદ્ય' એટલે બ્રહ્મચર્યાધ્યયન ઇત્યાદિ; 'પદ્ય' એટલે છંદમાં રચાયેલું; અને 'ગેય'[26] એટલે સ્વરના સંચારથી મુખ્યતયા ગીતિકામાં બંધાયેલું.

ઠાણ (ઠા. ૪, ઉ. ૪; સુત્ત ૩૭૯)માં કાવ્યના ચાર પ્રકારો ગણાવાયા છે: (૧) ગદ્ય, પદ્ય, કથ્ય અને ગેય. અહીં કાવ્યથી જાતિનિબદ્ધ કાવ્ય લઈએ તો એનો પ્રસ્તુત સાથે મેળ મળી રહે છે.

ઉત્સર્ગ-સૂત્ર ઇત્યાદિ—કપ્પનિજ્જુત્તિ (ગા. ૩૨૫)માં ઉત્સર્ગ-સૂત્ર અને અપવાદ-સૂત્ર એમ બે ગણાવાયા છે. કપ્પનું પહેલું સૂત્ર તે ઉત્સર્ગ-સૂત્ર છે અને એનું ત્રીજું સૂત્ર અપવાદ-સૂત્ર છે એમ મલયગિરિસૂરિ કપ્પની વૃત્તિ (પૃ. ૯૭)માં કહે છે. વિશેષમાં તેઓ ઉત્સર્ગાપવાદ-સૂત્ર એવો ત્રીજો ભેદ પણ ગણાવે છે, અને એના ઉદાહરણ તરીકે કપ્પના પાંચમા ઉદ્દેસઅના ૪૭મા અને ૪૮મા સૂત્રનો ઉલ્લેખ કરે છે. આ ઉપરાંત તેઓ સૂત્રના ઔત્સર્ગિક (ઉત્સર્ગ-સૂત્ર), આપવાદિક (અપવાદ-સૂત્ર), ઉત્સર્ગાપવાદ અને અપવાદોત્સર્ગિક (અપવાદ-ઉત્સર્ગસૂત્ર) એમ ચાર પ્રકારો પણ ગણાવે છે.

ઉત્સર્ગ અને અપવાદ તેમજ એને અંગેની[27] ષડ્ભંગીનો વિચાર આર્હતદર્શન-દીપિકા (પૃ. ૮૧૫-૮૧૯)માં મેં કર્યો છે એટલે અહીં એ વિષે હું ઊહાપોહ કરતો નથી. ફક્ત એટલું જ કહીશ કે કપ્પનિજ્જુત્તિ (ગા. ૩૨૮)માં કહ્યું છે કે જેટલા ઉત્સર્ગ છે એટલા અપવાદ છે અને જેટલા અપવાદ છે એટલા ઉત્સર્ગ છે.

સૂત્રના સાત પ્રકાર—નીચે મુજબના પદ્યમાં સૂચવાયા મુજબ સૂત્રના સાત પ્રકાર છે:—

"विहि उज्जम वन्नय भय उस्सग्गऽववाय तदुभयगयाइं ।

सुत्ताइं बहुविहाइं समए गंभीरभावाइं ॥"[28]

આમ અહીં વિધિ, ઉદ્યમ, વર્ણક, ભય, ઉત્સર્ગ, અપવાદ અને ઉત્સર્ગાપવાદ એમ સાત પ્રકારનાં સૂત્રનો ઉલ્લેખ છે. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ સાડી ત્રણસો ગાથામાં સિદ્ધાન્તવિચારરહસ્યગર્ભિત જે સીમંધરજિનસ્તવન રચ્યું છે તેની નવમી ઢાલની અગિયારમી કડીમાં આ બાબત છે. પ્રસ્તુત કડી નીચે પ્રમાણે છે:—

" વિધિ ઉદ્યમ ભય વર્ણના ઉત્સર્ગહ અપવાદ;

તદુભય અર્થે જાણીયે સૂત્ર ભેદ અવિવાદ.

આ ઉપરથી વિસેસાવસ્સયભાસ ગત બીજા ગણધરવાદના અંતમાંની ગાથાની વૃત્તિમાં 'મલધારી' હેમચન્દ્રસૂરિએ વેદનાં વાક્યોના વિધિવાદ, અર્થવાદ અને અનુવાદ પ્રતિપાદન કરનારાં એમ ત્રણ વિભાગ કર્યા છે એ વાતનું સ્મરણ થાય છે.

---

૨૬. વિમલસૂરિકૃત પઉમચરિયના ૨૮મા ઉદ્દેસ (પત્ર ૧૨૨અ)નાં ૪૭માથી ૫૦મા પદ્યનું-ઋષભજિનસ્તુતિનું આ સ્મરણ કરાવે છે કેમકે એ પદ્યો ગેય છે.

૨૭ (અ) ઉત્સર્ગ, (આ) અપવાદ, (ઇ) ઉત્સર્ગાપવાદ, (ઈ) અપવાદોત્સર્ગ, (ઉ) ઉત્સર્ગોત્સર્ગ અને (ઊ) અપવાદાપવાદ.

૨૮ આર્હતદર્શનદીપિકા (પૃ. ૮૧૬) માં મેં આ પદ્ય ઉદ્ધૃત કર્યું છે, પણ આનું મૂળ સ્થળ જાણવામાં નથી.

'ગતપ્રત્યાગત' સૂત્ર—સૂત્રના પ્રકારો વિષેનો ઊહાપોહ આમ પૂર્ણ કરાય તે પૂર્વે 'ગતપ્રત્યાગત' એ નામે સૂત્રનો જે વ્યવહાર શીલાંકસૂરિએ આચારની ટીકા (પત્ર ૧૫૩ અ)માં કર્યો છે તે વિષે હું ઈસારો કરું છું. આચારમાં આવાં કેટલાંક 'ગતપ્રત્યાગત' સૂત્રો ધારી લેવામાં આવ્યાં છે: જેમકે સૂત્ર ૨૩, ૩૩, ૪૧, ૫૭, ૬૩, ૯૪, ૧૦૨, ૧૧૦, ૧૧૯, ૧૨૩, અને ૧૩૧.[29]

સૂત્રનું ઉચ્ચારણ—સૂત્ર કેવી રીતે ઉચ્ચારવું અથવા એનું પઠન કેવી રીતે કરવું એ હકીકત કલ્પનિર્જુત્તિના નીચે મુજબના ૨૮૮મા પદ્યમાં દર્શાવાયું છે:—

" अहीणक्खरं अणहियमविच्चामेलियं[30] अवाइद्धं ।
अक्खलियं च अमिलियं पडिपुन्नं चेव घोसजुयं ॥२८८॥"

આમાં આઠ બાબતોનો નિર્દેશ છે: (૧) અહીનાક્ષર, (૨) અનધિક, (૩) અવ્યત્યાઍડિત, (૪) અવ્યાવિદ્ધ, (૫) અસ્ખલિત, (૬) અમિલિત, (૭) પ્રતિપૂર્ણ અને (૮) ઘોષથી યુક્ત. આની મલયગિરિસૂરિએ આપેલી સમજૂતી વિચારીએ તે પૂર્વે અણુઓગદ્દારનું નીચે મુજબનું સૂત્ર નોંધીશું કે જેમાં મોટે ભાગે આ જ બાબતનો નિર્દેશ છે:—

" सुत्तं उच्चारेअव्वं अक्खलिअं अमिलिअं अवच्चामेलिअं पडिपुण्णं पडिपुण्णघोसं कंठोट्ठविप्पमुक्कं गुरुवायणोवगयं " — सुत्त १५१

અહીં કંઠોષ્ઠવિપ્રમુક્ત અને ગુરુવાચનોપગત એ બે બાબત ખાસ નોંધપાત્ર છે. વિશેષમાં આ સૂત્રનો અક્ખલિઅંથી શરૂ થઈ અંત સુધીનો ભાગ તેરમા સૂત્રમાં જોવાય છે. નવમા પત્રમાં એની વ્યાખ્યા હરિભદ્રસૂરિએ કરી છે. એટલે ફરીથી એ ન કરતાં એ જોવાની એમણે ૧૨૨મા પત્રમાં ભલામણ કરી છે.

અહીનાક્ષર—જેમાં એક, કે એથી અધિક અક્ષરો ઓછા હોય તે હીનાક્ષર. એવું ન હોય તે અહીનાક્ષર.

અનધિક—જેમાં એક, કે એથી વધારે અક્ષરો અધિક હોય તે અધિકાક્ષર. એવું ન હોય તે અનધિકાક્ષર યાને અનધિક છે.

અવ્યત્યાઍડિત—જુદાં જુદાં શાસ્ત્રના પલ્લવનું મિશ્રણ તે 'વ્યત્યાઍડિત' કહેવાય છે. આમ મલયગિરિસૂરિ કહે છે અણુઓગદ્દાર ચુણ્ણિ (પત્ર ૮) માં કહ્યું છે કે એક જ શાસ્ત્રમાંથી જે સમાન અધિકારવાળાં—એકાર્થક સૂત્રો એકઠાં કરી જે પઠન કરાય તે 'વ્યત્યાઍડિત' છે અથવા કોઈ સૂત્ર નાશ પામતાં પોતાની મતિકલ્પના પ્રમાણે તેના જેવું સૂત્ર રચી જે પઠન કરાય તે વ્યત્યાઍડિત છે વ્યત્યાઍડિત ન હોય તે અવ્ય-

---

[29] આ તમામ સૂત્રો મેં A History of the Canonical Literature of the Jainas (પૃ. ૨૧૦-૨૧૭)માં આપ્યાં છે. વિશેષમાં આ પુસ્તકમાં 'સૂત્ર' સંજ્ઞા બાબે કેટલાક આધુનિક વિદ્વાનોના વિરોધ તેમજ આચારનાં સૂત્રોની ડૉ. શુબ્રિંગને હાથે અન્ય પ્રકારે ગણતરી વિષે મેં ઉલ્લેખ કર્યો છે.

[30] વિચ્ચામેલિય વિસેસાવસ્સયભાસની ૫૫મી ગાથામાં છે, જ્યારે એ અર્થવાચક વચ્ચામેલિય ૧૪૮૧મી ગાથામાં છે.

શીલાંકસૂરિ સૂયગડની વૃત્તિ (પત્ર ૩અ)માં કહે છે કે પ્રાચીન ઋષિઓના ચરિત્રના કથનની મુખ્યતાવાળું સૂત્ર તે 'કથ્યસૂત્ર'; 'ગદ્ય' એટલે બ્રહ્મચર્યાધ્યયન ઇત્યાદિ; 'પદ્ય' એટલે છંદમાં રચાયેલું; અને 'ગેય'[૨૬] એટલે સ્વરના સંચારથી મુખ્યતયા ગીતિકામાં બંધાયેલું.

ઠાણ (ઠા. ૪, ઉ. ૪; સુત્ત ૩૭૯)માં કાવ્યના ચાર પ્રકારો ગણાવાયા છે: (૧) ગદ્ય, પદ્ય, કથ્ય અને ગેય. અહીં કાવ્યથી જાતિનિબદ્ધ કાવ્ય લઈએ તો એનો પ્રસ્તુત સાથે મેળ મળી રહે છે.

ઉત્સર્ગ-સૂત્ર ઇત્યાદિ-કપ્પનિજ્જુત્તિ (ગા. ૩૨૫)માં ઉત્સર્ગ-સૂત્ર અને અપવાદ-સૂત્ર એમ બે ગણાવાયા છે. કપ્પનું પહેલું સૂત્ર તે ઉત્સર્ગ-સૂત્ર છે અને એનું ત્રીજું સૂત્ર અપવાદ-સૂત્ર છે એમ મલયગિરિસૂરિ કપ્પની વૃત્તિ (પૃ. ૯૭)માં કહે છે. વિશેષમાં તેઓ ઉત્સર્ગાપવાદ-સૂત્ર એવો ત્રીજો ભેદ પણ ગણાવે છે, અને એના ઉદાહરણ તરીકે કપ્પના પાંચમા ઉદ્દેસઅનાં ૪૭મા અને ૪૮મા સૂત્રનો ઉલ્લેખ કરે છે. આ ઉપરાંત તેઓ સૂત્રના ઔત્સર્ગિક (ઉત્સર્ગ-સૂત્ર), આપવાદિક (અપવાદ-સૂત્ર), ઉત્સર્ગાપવાદ અને અપવાદોત્સર્ગિક (અપવાદ-ઉત્સર્ગસૂત્ર) એમ ચાર પ્રકારો પણ ગણાવે છે.

ઉત્સર્ગ અને અપવાદ તેમજ એને અંગેની[૨૭] ષડ્ભંગીનો વિચાર આર્હતદર્શન-દીપિકા (પૃ. ૮૧૫-૮૧૯)માં મેં કર્યો છે એટલે અહીં એ વિષે હું ઊહાપોહ કરતો નથી. ફક્ત એટલું જ કહીશ કે કપ્પનિજ્જુત્તિ (ગા. ૩૨૮)માં કહ્યું છે કે જેટલા ઉત્સર્ગ છે એટલા અપવાદ છે અને જેટલા અપવાદ છે એટલા ઉત્સર્ગ છે.

સૂત્રના સાત પ્રકાર—નીચે મુજબના પદ્યમાં સૂચવાયા મુજબ સૂત્રના સાત પ્રકાર છેઃ—

"विहि उज्जम वन्नय भय उस्सग्गऽववाय तदुभयगयाइं ।
सुत्ताइं बहुविहाइं समए गंभीरभावाइं ॥"[૨૮]

આમ અહીં વિધિ, ઉદ્યમ, વર્ણક, ભય, ઉત્સર્ગ, અપવાદ અને ઉત્સર્ગાપવાદ એમ સાત પ્રકારનાં સૂત્રનો ઉલ્લેખ છે. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ સાડી ત્રણસો ગાથામાં સિદ્ધાન્તવિચારરહસ્યગર્ભિત જે સીમંધરજિનસ્તવન રચ્યું છે તેની નવમી ઢાલની અગિયારમી કડીમાં આ બાબત છે. પ્રસ્તુત કડી નીચે પ્રમાણે છેઃ—

"વિધિ ઉદ્યમ ભય વર્ણના ઉત્સર્ગહ અપવાદ;
તદુભય અર્થે જાણીયે સૂત્ર ભેદ અવિવાદ.

આ ઉપરથી વિસેસાવસ્સયભાસ ગત બીજા ગણધરવાદના અંતર્ગત ગાથાની વૃત્તિમાં 'મલધારી' હેમચન્દ્રસૂરિએ વેદનાં વાક્યોના વિધિવાદ, અર્થવાદ અને અનુવાદ પ્રતિપાદન કરનારા એમ ત્રણ વિભાગ કર્યા છે એ વાતનું સ્મરણ થાય છે.

---

૨૬. વિમલસૂરિકૃત પઉમચરિયના ૨૮માં ઉદ્દેસ (પત્ર ૧૨૨અ)નાં ૪૭માથી ૫૦મા પદ્યનું-ઋષભજિનસ્તુતિનું આ સ્મરણ કરાવે છે કેમકે એ પદ્યો ગેય છે.

૨૭ (અ) ઉત્સર્ગ, (આ) અપવાદ, (ઇ) ઉત્સર્ગાપવાદ, (ઈ) અપવાદોત્સર્ગ, (ઉ) ઉત્સર્ગોત્સર્ગ અને (ઊ) અપવાદાપવાદ.

૨૮ આર્હતદર્શનદીપિકા (પૃ. ૮૧૬) માં મેં આ પદ્ય ઉદ્ધૃત કર્યું છે, પણ આનું મૂળ સ્થળ જાણવામાં નથી.

'ગતપ્રત્યાગત' સૂત્ર—સૂત્રના પ્રકારો વિષેનો ઊહાપોહ આમ પૂર્ણ કરાય તે પૂર્વે 'ગતપ્રત્યાગત' એ નામે સૂત્રનો જે વ્યવહાર શીલાંકસૂરિએ આચારની ટીકા (પત્ર ૧૫૩ આ)માં કર્યો છે તે વિષે હું ઈસારો કરું છું. આચારમાં આવાં કેટલાંક 'ગતપ્રત્યાગત' સૂત્રો ખાસ જણાવવામાં આવ્યા છે: જેમકે સૂત્ર ૨૩, ૩૩, ૪૧, ૫૭, ૬૩, ૬૪, ૧૦૨, ૧૧૦, ૧૧૯, ૧૨૩, અને ૧૩૧.[29]

સૂત્રનું ઉચ્ચારણ—સૂત્ર કેવી રીતે ઉચ્ચારવું અથવા એનું પઠન કેવી રીતે કરવું એ હકીકત કલ્પનિજ્જુત્તિના નીચે મુજબના ૨૮૮મા પદ્યમાં દર્શાવાયું છે.—

"अहीणक्खरं अणहियमविच्चामेलियं[30] अवाइद्धं ।
अक्खलियं च अमिलियं पडिपुन्नं चेव घोसजुयं ॥२८८॥"

આમાં આઠ બાબતોનો નિર્દેશ છે: (૧) અહીનાક્ષર, (૨) અનધિક, (૩) અવ્યત્યામ્રેડિત, (૪) અવ્યાવિદ્ધ, (૫) અસ્ખલિત, (૬) અમિલિત, (૭) પ્રતિપૂર્ણ અને (૮) ઘોષયુક્ત. આની મલયગિરિસૂરિએ આપેલી સમજૂતી વિચારીએ તે પૂર્વે અણુઓગદ્દારનું નીચે મુજબનું સૂત્ર નોંધીશું કે જેમાં મોટે ભાગે આ જ બાબતનો નિર્દેશ છે:—

"सुत्तं उच्चारेअव्वं अक्खलिअं अमिलिअं अवच्चामेलिअं पडिपुण्णं पडिपुण्णघोसं कंठोट्ठविप्पमुक्कं गुरुवायणोवगयं" — सुत्त १५१

અહીં કંઠોષ્ઠવિપ્રમુક્ત અને ગુરુવાચનોપગત એ બે બાબત ખાસ નોંધપાત્ર છે. વિશેષમાં આ સૂત્રનો अक्खलिअंથી શરૂ થઈ અંત સુધીનો ભાગ તેરમા સૂત્રમાં જોવાય છે. નવમા પત્રમાં એની વ્યાખ્યા હરિભદ્રસૂરિએ કરી છે. એટલે ફરીથી એ ન કરતાં એ જોવાની એમણે ૧૨૨મા પત્રમાં ભલામણ કરી છે.

અહીનાક્ષર—જેમાં એક, કે એથી અધિક અક્ષરો ઓછા હોય તે હીનાક્ષર. એવું ન હોય તે અહીનાક્ષર.

અનધિક—જેમાં એક, કે એથી વધારે અક્ષરો અધિક હોય તે અધિકાક્ષર. એવું ન હોય તે અનધિકાક્ષર યાને અનધિક છે.

અવ્યત્યામ્રેડિત—જુદાં જુદાં શાસ્ત્રના પલ્લવનું મિશ્રણ તે 'વ્યત્યામ્રેડિત' કહેવાય છે. આમ મલયગિરિસૂરિ કહે છે. અણુઓગદ્દાર ચુણ્ણિ (પત્ર ૮) માં કહ્યું છે કે એક જ શાસ્ત્રમાંથી જે સમાન આધિકારવાળાં—એકાર્થક સૂત્રો એકઠાં કરી જે પઠન કરાય તે 'વ્યત્યામ્રેડિત' છે અથવા કોઈ સૂત્ર નાશ પામતાં પોતાની મતિકલ્પના પ્રમાણે એના જેવું સૂત્ર રચી જે પઠન કરાય તે વ્યત્યામ્રેડિત છે વ્યત્યામ્રેડિત ન હોય તે અવ્ય-

---

૨૯ આ તમામ સૂત્રો મેં A History of the Canonical Literature of the Jainas (પૃ. ૨૧૬-૨૧૭)માં આપ્યાં છે. વિશેષમાં આ પુસ્તકમાં 'સૂત્ર' સંજ્ઞા સાથે કેટલાક આધુનિક વિદ્વાનોના વિરોધ તેમજ આચારનાં સૂત્રોની ડૉ. શુબ્રિંગને હાથે અન્ય પ્રકારે ગણતરી વિષે મેં ઉલ્લેખ કર્યો છે.

૩૦ વિચ્ચામેલિય વિસેસાવસ્સયભાસની ૫૫મી ગાથામાં છે, જ્યારે એ અર્થવાચક વચ્ચામેલિય ૧૪૮૧મી ગાથામાં છે.

વ્યામ્રેડિત છે. 'મલધારી' હેમચંદ્રસૂરિએ આ બે બાબત ઉપરાંત ત્રીજી કહી છે:

અવ્યાવિદ્ધ—સૂત્રનું નીચલું પદ ઉપર અને ઉપરનું પદ નીચે કરવું તે વ્યાવિદ્ધ' છે. જેમકે અહિંસા સંજમો તવો ધમ્મો મંગલમુક્કઇં । જસ્સ ધમ્મે સયા મણો દેવા વિ તં નમંસંતિ" આ દોષ વિના સૂત્રનું ઉચ્ચારણ તે 'અવ્યાવિદ્ધ' છે.

અસ્ખલિત—ખૂબ પત્થરવાળા ખેતરમાં હળ એકસરખું ચાલે નહિ, પણ એ ખસી જાય તેમ વચ્ચે વચ્ચે આલાપક છોડી દઈને સૂત્ર ઉચ્ચારવું તે 'સ્ખલિત' કહેવાય. જેમકે ધમ્મો, અહિંસા, દેવા વિ તં નમંસંતિ ।

અમિલિત—જુદા જુદા ઉદ્દેશકના કે અધ્યયનના આલાપકોને એકત્રિત કરવા તે 'મિલિત' છે. એમ કર્યા વિના સૂત્ર ઉચ્ચારવું તે 'અમિલિત' છે.

પ્રતિપૂર્ણ—વર્ણ, પદ, બિન્દુ અને માત્રાથી પરિપૂર્ણ તે 'પ્રતિપૂર્ણ' કહેવાય. ધં મં ક ઉક્કઇં ઇત્યાદિ વર્ણથી અપરિપૂર્ણ છે. ધમ્મો ઉક્કિઇં એ પદથી અપરિપૂર્ણ છે. ધમ્મો મંગલમુક્કિટ્ઠ એ બિન્દુથી અર્થાત્ અનુસ્વારથી અપરિપૂર્ણ છે. ધમ્મ મંગલમુક્કિઇં એ માત્રાથી અપરિપૂર્ણ છે. અહીં 'માત્રા' શબ્દથી 'કાનો' પણ સમજવાનો હોય એમ લાગે છે.

ઘોષથી યુક્ત—ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ 'ઘોષ' કહેવાય છે.

મલયગિરિસૂરિ કલ્પની વૃત્તિ (પૃ ૫૧)માં આ સંબંધમાં કહે છે કે ઉચ્ચૈરુદાત્તઃ, નીચૈરનુદાત્તઃ, સમાહારઃ સ્વરિતઃ અર્થાત્ ઊંચે સ્વરે બોલાય તે 'ઉદાત્ત', નીચે સ્વરે બોલાય તે અનુદાત્ત અને બંને જ્યાં એકત્રિત કરાયા હોય તે 'સ્વરિત' છે.

વિશેષમાં તેઓ કહે છે ઊંચા શબ્દથી જ્યા ઇ ત્તા ઇત્યાદિ, નીચા શબ્દથી તે મિચ્છૂણ્ હસ્તકમ્મં કરેઇ ઇત્યાદિ.

'ઘોસ' શબ્દ વવહાર (ઉ. ૧૦) અને સમણસુત્તમાં છે. તત્ત્વાર્થ (અ. ૯, સૂ. ૨૫)નું ભાષ્ય (પૃ. ૨૫૮) એનું સંસ્કૃત રૂપ 'ઘોષ' આપે છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં સુગુરુવંદણસુત્તની વ્યાખ્યા આપી છે. એમાં ૨૩૯ અ પત્રમાં એમણે કહ્યું છે કે जत्ता भे માં ज અનુદાત્ત સ્વરથી, त्ता સ્વરિત સ્વરથી, અને भे ઉદાત્ત સ્વરથી ઉચ્ચારવા એવી રીતે जवणिज्जं च भे માં ज અનુદાત્ત સ્વરથી, व સ્વરિત સ્વરથી અને णि અનુદાત્ત સ્વરથી તેમજ ज्जं અનુદાત્ત સ્વરથી, च સ્વરિત સ્વરથી અને भे ઉદાત્ત સ્વરથી ઉચ્ચારવા.[32]

---

૩૧ આ દસવેયાલિયની ઊલટાસુલટી પદવાળી પહેલી ગાથા છે. ખરી રીતે એ નીચે મુજબ છે:

"ધમ્મો મંગલમુક્કિઇં અહિંસા સંજમો તવો ।
દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો ॥"

૩૨. આ પ્રમાણેની સુગુરુવંદણસુત્તને અંગેની ઉદાત્તાદિની વ્યવસ્થા આવસ્સય-ચુણ્ણિમાં તેમજ આવસ્સયની હરિભદ્રસૂરિકૃત વૃત્તિમાં જણાતી નથી. વિશેષમાં ... પાઠ ... ઉદ્દેશીને તો હેમચન્દ્રસૂરિએ પણ ઉદાત્તાદિનો નિર્દેશ કર્યો નથી.

આ વિવેચન ઉપરથી જણાયું હશે કે ઉદાત્તાદિ સ્વરની વ્યવસ્થા જૈન શાસ્ત્રમાં હતી અને છે, જો કે વેદની ઉચ્ચારણની પેઠે એ નથી.

વ્યત્યાગ્રેડિત વગેરેનો અન્ય અર્થ—કપ્પનિજ્જુત્તિની ૨૨૮મી ગાથામાં આઠ બાબતનો ઉલ્લેખ છે. એમાંથી હીનાક્ષર અને અધિકારક્ષને છોડીને એની પછીની વ્યત્યાગ્રેડિત પાંચ બાબતને અંગે અક્ષર, પદ, પાદ, બિન્દુ અને માત્રાનો સમવતાર કરવો એમ કપ્પનિજ્જુત્તિની ૨૫૮મી ગાથામાં કહ્યું છે. આ સમજાવતાં મલયગિરિસૂરિ કહે છે કે અન્યાન્ય શાસ્ત્રનાં અક્ષરોથી, પદોથી, માત્રાઓથી અથવા ઘોષોથી વ્યત્યાગ્રેડિત છે. એ પ્રમાણે વ્યાવિદ્ધ વગેરે માટે જાણી લેવું. ઘોષ વડે જ, નહિ કે અક્ષરાદિકથી પરિપૂર્ણ તે ઘોષયુક્ત છે.

ગોપીપુરા, સુરત. તા. ૭-૧૦-૪૭

श्रीजिनपतिसूरि–वधामणागीत

(सं.–श्रीयुत भंवरलालजी नाहटा)

युगप्रधान दादा साहेब श्री जिनदत्तसूरिजी के पट्टधर मणिधारी श्री जिनचन्द्रसूरिजी दिल्लीपति महाराजा मदनपालको प्रतिबोध देनेवाले प्रभावक जैनाचार्य थे। उनके ललाट के ऊपर मणि शोभायमान थी। दिल्लीमें आचार्यश्रीका स्वर्गवास हुआ, इतः पूर्व उन्होंने उपर्युक्त मणि प्राप्त करने के लिए श्रावकों को कह दिया था कि दूधका कटोरा लेकर तैयार रहें अग्नि संस्कार के समय मेरे ललाटस्थित मणि निकल कर दूध में जा पडेगी, परन्तु शोकाकुल श्रावक दूधका कटोरा रखना भूल गये। एक योगी जिसने इन बात को सुन ली और अग्नि संस्कार स्थानमें दूधका कटोरा लिए तैयार रहा उस दुग्ध पात्र में पडी हुइ मणि को लेकर योगी चला गया।

श्रीजिनचंदसूरिजी के पट्ट पर श्री जिनपतिसूरिजी विराजमान हुए। उनकी अवस्था केवल १४ वर्ष की थी। एकवार श्री जिनपतिसूरिजी आशिका (हांसी) पधारे। हाजी मुहता नामक श्रावक ने दिव्य जिनालय निर्माण कराया था वहां के मूलनायक श्रीपार्श्वनाथ प्रतिमा की प्रतिष्ठा के हेतु सूरिजीसे प्रार्थना की। उत्सव महोत्सव बडे समारोह से प्रारंभ हुए। देशदेशान्तरों में कुंकुम पत्रिकाएं भेजी गईं। चारों दिशाओंका श्रावकसंघ प्रतिष्ठावसर पर एकत्र हो गया। इसी अवसर पर मणिग्राही योगी भी आ पहुंचा। उसने लघुवयस्क सूरिजी की परीक्षा करने के लिए पार्श्वनाथ प्रतिमा को स्तंभित कर दी और लोगोंके समक्ष स्तंभित प्रतिमा को मुक्त करने के हेतु सूरिजीको चुनौती दी। समस्त जैन संघ इस विघ्नसे चिन्तातुर हो गया क्योंकि प्रतिष्ठाका मुहूर्त चले जाने से लोक में बडी अपकीर्ति की संभावना थी। साध्वियों के सिखाने से श्राविकाएं गाने लगी कि "बालचंद चन्द्रिका नहीं करता, गुरुजी

સંકલિત છે. 'મલધારી' હેમચંદ્રસૂરિએ આ બે બાબત ઉપરાંત ત્રીજી કહી છે:

અવ્યાવિદ્ધ—સૂત્રનું નીચલું પદ ઉપર અને ઉપરનું પદ નીચે કરવું તે વ્યાવિદ્ધ' છે, જેમકે અહિંસા સંજમો તવો ધમ્મો મંગલમુક્કઠં । જસ્સ ધમ્મે સયા મણો દેવા વિ તં નમંસંતિ " આ દોષ વિના સૂત્રનું ઉચ્ચારણ તે 'અવ્યાવિદ્ધ' છે.

અસ્ખલિત—ખૂબ પત્થરવાળા ખેતરમાં હળ એકસરખું ચાલે નહિ, પણ એ અટકી જાય તેમ વચ્ચે વચ્ચે આલાપક છોડી દઈને સૂત્ર ઉચ્ચારવું તે 'સ્ખલિત' કહેવાય. જેમકે ધમ્મો, અહિંસા, દેવા વિ તં નમંસંતિ ।

અમિલિત—જુદા જુદા ઉદ્દેશકના કે અધ્યયનના આલાપકોને એકત્રિત કરવા તે 'મિલિત' છે. એમ કર્યા વિના સૂત્ર ઉચ્ચારવું તે 'અમિલિત' છે.

પ્રતિપૂર્ણ—વર્ણ, પદ, બિન્દુ અને માત્રાથી પરિપૂર્ણ તે 'પ્રતિપૂર્ણ' કહેવાય. ધં મં ક ઉક્કઠં ઇત્યાદિ વર્ણથી અપરિપૂર્ણ છે. ધમ્મો ઉક્કિઠં એ પદથી અપરિપૂર્ણ છે. ધમ્મો મંગલમુક્કિઠ એ બિન્દુથી અર્થાત્ અનુસ્વારથી અપરિપૂર્ણ છે. ધમ્મ મંગલમુક્કઠં એ માત્રાથી અપરિપૂર્ણ છે. અહીં 'માત્રા' શબ્દથી 'કાનો' પણ સમજવાનો હોય એમ લાગે છે.

ઘોષથી યુક્ત—ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ 'ઘોષ' કહેવાય છે.

મલયગિરિસૂરિ કલ્પની વૃત્તિ (પૃ. ૯૧)માં આ સંબંધમાં કહે છે કે उच्चैरुदात्तः, नीचैरनुदात्तः, समाहारः स्वरितः અર્થાત્ ઊંચે સ્વરે બોલાય તે 'ઉદાત્ત', નીચે સ્વરે બોલાય તે અનુદાત્ત અને બંને જ્યાં એકત્રિત કરાયા હોય તે 'સ્વરિત' છે.

વિશેષમાં તેઓ કહે છે કે ઊંચા શબ્દથી कप्पसे ह वा ઇત્યાદિ, નીચા શબ્દથી से भिक्खू हत्थकम्मं करेह ઇત્યાદિ.

'ઘોસ' શબ્દ વવહાર (ઉ. ૧૦) અને સમણસુત્તમાં છે. તત્ત્વાર્થ (અ. ૯, સૂ. ૨૫) નું ભાષ્ય (પૃ. ૨૫૮) એનું સંસ્કૃત રૂપ 'ઘોષ' આપે છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં સુગુરુવંદણસુત્તની વ્યાખ્યા આપી છે. એમાં ૨૩૯ અ પત્રમાં એમણે કહ્યું છે કે जत्ता એ માં ज અનુદાત્ત સ્વરથી, त्ता સ્વરિત સ્વરથી, અને भे ઉદાત્ત સ્વરથી ઉચ્ચારવા એવી રીતે जवणिज्जं च भे માં ज અનુદાત્ત સ્વરથી, व સ્વરિત સ્વરથી અને णि અનુદાત્ત સ્વરથી તેમજ ज्जं અનુદાત્ત સ્વરથી, च સ્વરિત સ્વરથી અને भे ઉદાત્ત સ્વરથી ઉચ્ચારવા.[૩૨]

---

૩૧ આ દસવેયાલિયની ઊલટાસુલટી પદવાળી પહેલી ગાથા છે. ખરી રીતે એ નીચે મુજબ છે:

ધમ્મો મંગલમુક્કઠં અહિંસા સંજમો તવો ।

દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો ॥"

૩૨. આ પ્રમાણેની સુગુરુવંદણસુત્તને અંગેની ઉદાત્તાદિની વ્યવસ્થા આવસ્સયચુણ્ણિમાં તેમજ આવસ્સયની હરિભદ્રસૂરિકૃત વૃત્તિમાં જણાતી નથી. વિશેષમાં આ બે વાચં વાચનાચાર્યોને ઉદ્દેશીને તો હેમચન્દ્રસૂરિએ પણ ઉદાત્તાદિનો નિર્દેશ કર્યો નથી.

આ વિવેચન ઉપરથી જણાયું હશે કે ઉદાત્તાદિ સ્વરની વ્યવસ્થા જૈન શાસ્ત્રમાં હતી અને છે, જો કે વેદની ઉચ્ચારણની પેઠે એ નથી.

વ્યત્યાગ્રેડિત વગેરેનો અન્ય અર્થ—કપ્પનિજ્જુત્તિની ૨૨૮મી ગાથામાં આઠ બાબતનો ઉલ્લેખ છે. એમાંથી હીનાક્ષર અને અધિકારક્ષને છોડીને એની પછીની વ્યત્યાગ્રેડિત પાંચ બાબતને અંગે અક્ષર, પદ, પાદ, બિન્દુ અને માત્રાનો સમવતાર કરવો એમ કપ્પનિજ્જુત્તિની ૨૬૮મી ગાથામાં કહ્યું છે. આ સમજાવતાં મલયગિરિસૂરિ કહે છે કે અન્યાન્ય શાસ્ત્રનાં અક્ષરોથી, પદોથી, માત્રાઓથી અથવા ઘોષોથી વ્યત્યાગ્રેડિત છે. એ પ્રમાણે વ્યાવિદ્ધ વગેરે માટે જાણી લેવું. ઘોષ વડે જ, નહિ કે અક્ષરાદિકથી પરિપૂર્ણ તે ઘોષયુક્ત છે.

ગોપીપુરા, સુરત. તા. ૭-૧૦-૪૭

श्रीजिनपतिसूरि–वधामणागीत

(सं.–श्रीयुत भंवरलालजी नाहटा)

युगप्रधान दादा साहेब श्री जिनदत्तसूरिजी के पट्टधर मणिधारी श्री जिनचन्द्रसूरिजी दिल्लीपति महाराजा मदनपालको प्रतिबोध देनेवाले प्रभावक जैनाचार्य थे। उनके ललाट के ऊपर मणि शोभायमान थी। दिल्लीमें आचार्यश्रीका स्वर्गवास हुआ, इतः पूर्व उन्होंने उपर्युक्त मणि प्राप्त करने के लिए श्रावकों को कह दिया था कि दूधका कटोरा लेकर तैयार रहें अग्नि संस्कार के समय मेरे ललाटस्थित मणि निकल कर दूध में जा पडेगी, परन्तु शोकाकुल श्रावक दूधका कटोरा रखना भूल गये। एक योगी जिसने इन बात को सुन ली और अग्नि संस्कार स्थानमें दूधका कटोरा लिए तैयार रहा उस दुग्ध पात्र में पडी हुइ मणि को लेकर योगी चला गया।

श्रीजिनचंद्रसूरिजी के पट्ट पर श्री जिनपतिसूरिजी विराजमान हुए। उनकी अवस्था केवल १४ वर्ष की थी। एकवार श्री जिनपतिसूरिजी आशिका (हांसी) पधारे। हाजी मुंहता नामक श्रावक ने दिव्य जिनालय निर्माण कराया था वहां के मूलनायक श्री पार्श्वनाथ प्रतिमा की प्रतिष्ठा के हेतु सूरिजीसे प्रार्थना की। उत्सव महोत्सव बडे समारोह से प्रारंभ हुए। देशदेशान्तरों में कुंकुम पत्रिकाएं भेजी गईं। चारों दिशाओंका श्रावकसंघ प्रतिष्ठावसर पर एकत्र हो गया। इसी अवसर पर मणिग्राही योगी भी आ पहुंचा। उसने लघुवयस्क सूरिजो की परीक्षा करने के लिए पार्श्वनाथ प्रतिमा को स्तंभित कर दी और लोगोंके समक्ष स्तंभित प्रतिमा को मुक्त करने के हेतु सूरिजीको चुनौती दी। समस्त जैन संघ इस विघ्नसे चिन्तातुर हो गया क्योंकि प्रतिष्ठाका मुहूर्त्त चले जाने से लोक में बडी अपकीर्ति की संभावना थी। श्राविकों के सिखाने से श्राविकाएं गाने लगी कि " बालचंद्र चन्द्रिका नहीं करता, गुरुजी

बालक हैं ये क्या जानते हैं!" सूरिजी के ध्यानबल से शासनदेवी या श्री जिनचंद्रसूरिजी ने प्रत्यक्ष होकर वासक्षेप निर्देष किया, जिसके प्रभावसे प्रतिमा पर वासक्षेप करने पर तत्काल स्तंभित प्रतिमा चल हो गयी। समस्त संघमें अपार हर्ष छा गया। ६४ इन्द्रोंने कलशाभिषेक किया। योगी भी सूरिजी के चमत्कार से प्रसन्न हो कर पूर्वोक्त मणि प्रसन्नता पूर्वक उन्हें समर्पण कर गया। इसके बाद योगी दूसरी सिद्ध विद्याएं सूरिजीको देनेको उद्यत हुआ परन्तु उनके लिए ताम्बूल भक्षण अनिवार्य था। सूरिजी के अस्वीकार करने पर योगीने विद्याओंको पाताल प्रवेश करा दिया कि संसार में दूसरा कोई तुम्हारा ग्राहक नहीं। इस प्रकारका वृत्तांत खरतर गच्छ पट्टावली में पाया जाता है। तत्कालीन लोक भाषा में निर्मित "वधामणा गीत" जो हमें जेसलमेर भंडार से प्राप्त हुआ—यहां प्रकाशित किया जाता है। भाषा और इतिहास की दृष्टि से यह गीत महत्त्वपूर्ण है। प्रस्तुतः घटना का समय इस गीत में सं. १२३२ ज्येष्ठ सुदि ३ को है क्योंकि गीत में इसी दिन प्रतिष्ठा करवानेका उल्लेख है। इसकी दूसरी प्रति १७ वीं शती की लिखी बीकानेरकी अनूप संस्कृत लायब्रेरी में विद्यमान है। इतना प्राचीन वधावागीत अन्य कोई उपलब्ध नहीं होता। इसकी भाषा साहित्यिक न होकर तत्कालीन बोलचाल की है। बोलचाल की भाषा की रचनाएं प्रायः नगण्य है इस दृष्टि से इसका महत्त्व बहुत बढ जाता है।

श्री जिनपतिसूरिजी बडे प्रकाण्ड विद्वान आर जबरदस्त वादी थे। आपने सम्राट पृथ्वीराज की सभा में एवं अन्य कितने ही शास्त्रार्थों में प्रतिपक्षी वादियों पर विजय पायी थी। इन के सम्बन्ध में दो गीत साह रयण और साह भत्तउ श्रावकके बनाये हुए हमारे ऐतिहासिक जैन काव्य संग्रह में प्रकाशित हैं। श्री जिनपतिसूरिजी की विस्तृत जीवनी जिनपालोपाध्याय कृत युग प्रधानाचार्य गुर्वावली में है जो सिंघी जैन ग्रंथमाला से शीघ्र ही प्रकाशित होने वाली है। पृथ्वीराज की सभाके शास्त्रार्थ में 'हिन्दुस्तानी' वर्ष १० अंक १में हमारा "पृथ्वीराजकी सभा में जैनाचार्यों के शास्त्रार्थ" नामक निबन्ध देखना चाहिए। श्रीजिनपतिसूरिकी रचनाओं में संघपट्टक वृत्ति और वादस्थल उपलब्ध हैं। इनके शिष्यगण भी बडे विद्वान थे, जिनकी विद्वत्तापूर्ण कृतियें पायी जाती हैं।

श्रीजिनपतिसूरि आसीनगर वद्धामणा गीत

आसी नयरि वधावणउ आयउ जिणपतिसूरि,
जिणचंदसूरि सीसु आइया हे।

बधावणउ वजावि सुगुरु जिणपतिसूरि आवीया छो ।। आंचली ।।

हरियए गोवर गोहलिया मोतिय चउकु पुरेहु ।। जिण० ।। १ ।।

घरि घरि गूडिया उच्छलिया तोरणि वंदुरवाल ।। जिण० ।। २ ।।

करइ कसीलीय झालरिया घाघरिया ऊणकारु ।। जिण० ।। ३ ।।

धनि ए माई सालाखणी ए जायउ जिणपतिसूरि,
तिहुयणे जगि जसु धवलियाले ।। जिण० ।। ४ ।।

हालिय मुहतउ इम भणइ संपइ होसेइ कांइ,
बालइ चांदि कि चांदणउ संघह मणोरह पूरि ।। जिण० ।। ५ ।।

सुहगुरो मनि विहसिय करए संघह वयण सुणेइ ।। जिण० ।। ६ ।।

उत्तर दक्खिण पूरब पच्छिम मिलियउ चउविह संघु । जिण० ।। ७ ।।

बारह सौ बत्तीसा ए मासि जेठह सुद्धि तीजह
पतीठ कारए जिणपतिसूरि ।। जि० ।। ८ ।।

पूरब देसा जोगियउ आइयाउ पतिम थंभिया तेण,
बालइ रांजि दूजणु सरिउ ।। जि० ।। ९ ।।

जोगिया पतिम ज थंभियाले सकइ न कोइ उचाइ,
वालउ अम गुरु रुअडउ ।। जि० ।। १० ।।

सिरमा महत्तर इम भणइ इत्र पहु होसइ कांइ बालइ चांदि कि चांदणउ ।। ११ ।।

सिरमा महत्तर इम भणइ जइ किम फुरइ त फोरि,
कइ संघ कंठण आविसीब ।। १२ ।।

पंसउ संघ जि मनि धरइ ए सुहगुरु बालउ देखि ।
मेरु समाणउ तोलिउए ।। १३ ।।

सिरिमा महत्तर ध्यानुधरि आयलि सासणदेवि,
जिणपतिसूरि गुरु वीनवउए ।। १४ ।। जि० ।।

आचरि दीजहि सतपाट मांहि बइठउ जिणपतिसूरि,
ध्यानिहि ज्ञानिहि सोधियां ले ।। १५ ।। जि० ।।

को कहु चारिक धोवतिया आणउ पतिम उचाई,
वासखेउ सुहगुरु करइए ।। १६ ।। जि० ।।

बालक हैं ये क्या जानते हैं ?" सूरिजी के ध्यानबल से शासनदेवी या श्री जिनचंद्रसूरिजी ने प्रत्यक्ष होकर वासक्षेप निर्देष किया, जिसके प्रभावसे प्रतिमा पर वासक्षेप करने पर तत्काल स्तंभित प्रतिमा चल हो गयी। समस्त संघमें अपार हर्ष छा गया। ६४ इन्द्रोंने कलशाभिषेक किया। योगी भी सूरिजी के चमत्कार से प्रसन्न हो कर पूर्वोक्त मणि प्रसन्नता पूर्वक उन्हें समर्पण कर गया। इसके बाद योगी दूसरी सिद्ध विद्याएं सूरिजीको देनेको उद्यत हुआ परन्तु उनके लिए ताम्बूल भक्षण अनिवार्य था। सूरिजी के अस्वीकार करने पर योगीने विद्याओंको पाताल प्रवेश करा दिया कि संसार में दूसरा कोई तुम्हारा ग्राहक नहीं। इस प्रकारका वृत्तांत खरतर गच्छ पट्टावली में पाया जाता है। तत्कालीन लोक भाषा में निर्मित "वधामणा गीत" जो हमें जेसलमेर भंडार से प्राप्त हुआ—यहां प्रकाशित किया जाता है। भाषा और इतिहास की दृष्टि से यह गीत महत्वपूर्ण है। प्रस्तुतः घटना का समय इस गीत में सं. १२३२ ज्येष्ठ सुदि ३ को है क्योंकि गीत में इसी दिन प्रतिष्ठा करवानेका उल्लेख है। इसकी दूसरी प्रति १७ वीं शती की लिखी बीकानेरकी अनूप संस्कृत लायब्ररी में विद्यमान है। इतना प्राचीन वधावागीत अन्य कोई उपलब्ध नहीं होता। इसकी भाषा साहित्यिक न होकर तत्कालीन बोलचाल की है। बोलचाल की भाषा की रचनाएं प्रायः नगण्य हैं इस दृष्टि से इसका महत्त्व बहुत बढ़ जाता है।

श्री जिनपतिसूरिजी बड़े प्रकाण्ड विद्वान और जबरदस्त वादी थे। आपने सम्राट पृथ्वीराज की सभा में एवं अन्य कितने ही शास्त्रार्थों में प्रतिपक्षी वादियों पर विजय पायी थी। इन के सम्बन्ध में दो गीत साह रयण और साह भत्तउ श्रावकके बनाये हुए हमारे ऐतिहासिक जैन काव्य संग्रह में प्रकाशित हैं। श्री जिनपतिसूरिजी की विस्तृत जीवनी जिनपालोपाध्याय कृत युग प्रधानाचार्य गुर्वावली में है जो सिंघी जैन ग्रंथमाला से शीघ्र ही प्रकाशित होने वाली है। पृथ्वीराज की सभाके शास्त्रार्थ में 'हिन्दुस्तानी' वर्ष १० अंक १में हमारा "पृथ्वीराजकी सभा में जैनाचार्यों के शास्त्रार्थ" नामक निबन्ध देखना चाहिए। श्रीजिनपतिसूरिकी रचनाओं में संघपट्टक वृत्ति और वादस्थल उपलब्ध हैं। इनके शिष्यगण भी बड़े विद्वान थे, जिनकी विद्वत्तापूर्ण कृतियें पायी जाती हैं।

श्रीजिनपतिसूरि आसीनगर वद्धामणा गीत

आसी नयरि वधावणउ आयउ जिणपतिसूरि,
जिणचंदसूरि सीसु आइया हे।

बधावणउ वधावि सुगुरु जिणपतिसूरि आवीया छे ॥ आंचली ॥

हरियए गोवर गोहलिया मोतिय चउकु पुरेहु ॥ जिण० ॥ १ ॥

घरि घरि गूडिया उच्छलिया तोरणि वंदुरवाल ॥ जिण० ॥ २ ॥

करडु कसीलीय झालरिया घाघरिया ऊणकारु ॥ जिण० ॥ ३ ॥

धनि ए माई साल्हखणी ए जायउ जिणपतिसूरि,

तिहुयणे जगि जसु धवलियाले ॥ जिण० ॥ ४ ॥

हाजिय सुहतउ इम भणइ संपइ होसेइ कांइ,

बाल्हइ चांदि कि चांदणउ संघह मणोरह पूरि ॥ जिण० ॥ ५ ॥

सुहगुरो मनि विहसिय करए संघह वयण सुणेइ ॥ जिण० ॥ ६ ॥

उत्तर दक्खिण पूरब पच्छिम मिलियउ चउविह संघु । जिण० ॥ ७ ॥

बारह सौ बत्तीसा ए मासि जेठह सुदि तोजह

पतीठ कारए जिणपतिसूरि ॥ जि० ॥ ८ ॥

पूरब देसा जोगियउ आइयाउ पतिम थंभिया तेण,

बाल्हइ राजि दूजणु सरिउ ॥ जि० ॥ ९ ॥

जोगिया पतिम ज थंभियाले सकइ न कोइ उचाइ,

वालउ अम गुरु रुसडउ ॥ जि० ॥ १० ॥

सिरमा महत्तर इम भणइ इव पहु होसइ कांइ बाल्हइ चांदि कि चांदणउ ॥ ११ ॥

सिरमा महत्तर इम भणइ जइ किम फुरइ त फोरि,

कइ संघ छंडण आचिसीय ।। १२ ॥

पंखउ संघ जि मनि धरइ ए सुहगुरु बालउ देखि ।

मेरु समाणउ तोलिउए ॥ १३ ॥

सिरिमा महत्तर ध्यानुधरि आयलि सासणदेवि,

जिणपतिसूरि गुरु वीनवउए ॥ १४ ॥ जि० ॥

आचरि दीजहि सतपाट मांहि बइठउ जिणपतिसूरि,

ध्यानिहि ज्ञानिहि सोधियां छे ॥ १५ ॥ जि० ॥

को कहु चारिऊ धोवतिया आणउ पतिम उचाई,

वासखेउ सुहगुरु करइए ॥ १६ ॥ जि० ॥

अठावीस सउ कलस लेइ मिलिया चउसठि इंद,
न्हवणु करइ सिरि पास जिण ॥ १७ ॥ जि० ॥
मंगलचारु मंगलकरा सोळस विज्जा देवि,
पास जिणंदह वर भुवणे दह दिसि देवि राखेवि ॥ १८ ॥ जि० ॥
घरि घरे हुअउ वधामणउ सरगहिं रंजियउ जिणचंदसूरि,
त्रिभुवनि जय जय कारि किउ ॥ जि० ॥ १९ ॥

आसिया नयरि वधावणउ ॥ इति ॥

卐

નવી મદદ

૧૦૧) પૂ. આ. મ. શ્રી. વિજયઅમૃતસૂરિજીના સદુપદેશથી પાંજરાપોળ ઉપાશ્રય, અમદાવાદ
૧૦૧) પૂ. મુ. મ. શ્રી. ધુરંધરવિજયજીના સદુપદેશથી જૈનસોસાયટી જૈનસંઘ. અમદાવાદ
૧૦૧) શેઠ. મૂળચંદ બુલાખીદાસ, મુંબઇ
૧૦૦) શેઠ. ચીમનલાલ લાલભાઇ, અમદાવાદ
૫૧) પૂ. આ. મ. શ્રી. વિજયપ્રેમસૂરિજીના સદુપદેશથી નગીનદાસહૉલ, પાટણ
૫૧) પૂ. ઉ. મ. શ્રી. ધર્મવિજયજીના સદુપદેશથી જૈનતપગચ્છસંઘ, મોરબી
૫૦) પૂ. મુ. મ. શ્રી. શિવાનંદવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, જાવાલ
૨૫) શ્રી. વિજયદેવસૂરસંઘ જ્ઞાનભંડાર, મુંબઇ
૨૫) પૂ. મુ. મ. શ્રી. મુક્તિવિજયજીના સદુપદેશથી આણંદજી કલ્યાણજીની પેઢી, વ. કેમ્પ
૨૫) પૂ. પં. મ. શ્રી. માણેકવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, સોલાપુર
૨૫) પૂ. આ. મ. શ્રી. વિજયયતીન્દ્રસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, થરાદ
૨૧) શેઠ સ્વરૂપચંદ રતનચંદ, અમદાવાદ
૧૫) પૂ. આ. મ. શ્રી. વિજયભક્તિસૂરિજીના સદુપદેશથી મીઠાભાઇ કલ્યાણચંદ, કપડવંજ
૧૧) શેઠ લાલભાઇ હીરાચંદ મુંબઇ
૧૦) પૂ. પં. મ. શ્રી. પ્રવીણવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, નવસારી
૧૦) પૂ. આ. મ. શ્રી વિજયકુમુદસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, વીંછ

પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજીના સદુપદેશથી રોહીડાવાસી—

૧૧) શેઠ કસ્તુરમલજી જેતમલજી રોહીડા (પાંચવર્ષ માટે)
૧૧) શેઠ દોલતરામજી ઉમરાજી ,, ,,
૧૧) શેઠ ટેકચંદજી ચીમનલાલજી ,, ,,
૧૧) શેઠ છગનલાલજી વનેચંદજી ,, ,,

મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

श्री जैन सत्य प्रकाश

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૩ : અંક ૩] અમદાવાદ : ૧૫-૧૨-૪૭ [ક્રમાંક ૧૪૭

विषय-दर्शन

લવાજમ–વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય–ત્રણ આના

સિદ્ધાન્ત ચઉપઈ

સં૦—પૂજ્ય મુનિમહારાજ શ્રી. રમણિકવિજયજી

વીર જિણેસર પણમીય પાય, સુરિસા સોહમ મુનિવરરાય ।
પભણું શ્રી સિદ્ધાંતવિચાર, ભવિક જીવનઈ તારણહાર ॥ ૧ ॥
શાશ્વત તીરથ છઇ દેવલોઇ, મણુયલોય પણિ બિહૂ હોઈ ।
ભગવતિ અંગિ નઇ રાયપસેણ, એ બહૂ બોલ્યા છઇ તેણિ ॥ ૨ ॥
શ્રાવકપૂજા જિણવરિ કહી, જ્ઞાતાધર્મકથામાહિ સહી ।
જીવાભિગમ નઇ રાયપસેણ, ભગતિપરિજ્ઞાપયન્નમઝેણિ ॥ ૩ ॥
શ્રાવકનઈ ભગતિ અંગિ, પૂજા તિહાં બોલી બિહુ ભંગિ ।
પૂજાની છઇ એવડી સાખિ, અપૂજના કેહિ અક્ષર દાખિ ? ॥ ૪ ॥
અંતગડઅંગિ મઝારિ, બહા માહિ વલીય વિચારિ ।
સેતુજિ સિદ્ધ અનંતી કોડિ, તિણિ થાપિઉ સહી આવિ પોડિ ॥ ૫ ॥
સિદ્ધક્ષેત્ર તિણિ કારણિ કહિઉં, કેવલવયણે તે સંગ્રહિઉં ।
તિણિ ફરસિ હુઇ પાપહ છેહ, ઈણિ વાતઇ મનિ માણિસિ એહ ॥ ૬ ॥
શ્રાવકનઈ હાઇય મત હોઇ, અંગોપાંગ માહિ તું જોઈ ।
દશવૈકાલિક યતિનઉ ભેદ, શ્રાવકનઉ ધર્મ તિણિ કાંઇ છેદ ॥ ૭ ॥
યતિ શ્રાવક નઉ એકજિ ધર્મ, કુમતિ બોલઈ એહવઉ મર્મ ।
આગઈ સમઇ વિરાધિઉં જેહિ, નરયતણાં ફલ સહીઆં તેહિં ॥ ૮ ॥
બોલિયા ક્ષેત્ર દાનનાં સાત, તિહિ તે નવિ માનઈ વાત ।
પયન્નામાહિ સહી તું જાણિ, કેવલરિષિની એહવી વાંણી ॥ ૯ ॥
મલ્લિનાથ તીર્થંકર તદા, . છઠા અંગમાહિ તેહની કથા ।
દીધઉં દાન સંવત્સરતણઉં, તેહનઉ વિસ્તર કેતુ ભણઉં ? ॥ ૧૦ ॥
ચઉવીસમુ જિણેસર વીર, તેહની ત્રિગતિ જિમ દૂધહ નીર ।
પહિલઇ અંગિ સંવત્સરદાન, માનઇ સે જેહનઇ હુઇ સાન ॥ ૧૧ ॥
દાન દેતાં તુમ્હે માણઉ ખેદ, પંચમાંગિ બોલિઉ છઇ ભેદ ।
તુંગીયા નગરી શ્રાવક કિસ્યા, દેતા દાન પાછા નવિ ખિસ્યા ॥ ૧૨ ॥
જિન જન્મોત્સવ તણઇ અધિકારિ, મેરુસિહરિ સિરિ આણી વારિ ।
સ્નાત્ર કીધું સવિ ઇંદ્રે વલી, જંબૂદીવ પનત્તિ વલી ॥ ૧૩ ॥
આઠમિ ચઉદસિ પૂનિમ ઘણી, પોસહ છઇ પરદેશી તણા ।
ભગવતિ અંગમાહિ પણિ અછઇ, માનિ મૂરખ તું ઝૂરસિ પછઇ ॥ ૧૪ ॥
સયલ કાલ કિમ સરિખઉ હોઇ, ચંદસૂર સાખી છઈ દોઇ ।
અધિકા ઓછા આરા બાર, જ્ઞાતી ભણહરિ કહિયા વિચારિં ॥ ૧૫ ॥

[અનુસંધાન—ટાઇટલના ત્રીજા પાને]

॥ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૭	क्रमांक
अंक ३	માગશર શુદિ ૩ : સોમવાર : ૧૫મી ડીસેમ્બર	१४७

श्रीचतुर्विंशतिजिन–नमस्कारस्तोत्रम् ।

सं०–पूज्य आचार्य महाराज श्री. विजययतीन्द्रसूरिजी

[થરાદના બે જ્ઞાનભંડારમાંના કડવામતના ઉપાશ્રયમાંના જ્ઞાનભંડારમાંની હસ્તલિખિત પુસ્તકોના ૧૮મા નંબરના પોટકામાંથી ઉતારીને પ્રસ્તુત સ્તોત્ર અહીં આપ્યું છે]

प्रणौमि परया भक्त्या, सिद्धिदं सिद्धमण्डलम् ।
परब्रह्मणि संलीनं, सर्वकल्याणकारणम् ॥ १ ॥

नामाकृतिद्रव्यभाव–भेदभिन्नाश्च ये जिनाः ।
पुनन्ति क्षेत्रे काले च, सर्वस्मिंस्तानमाम्यहम् ॥ २ ॥

अर्हतामादिमं नित्यं, जगदानन्ददायकम् ।
भूभुजामादिमं देवं, नाभेयं प्रणिदध्महे ॥ ३ ॥

दयार्द्रचेतसा येन, व्यलिकाद्रक्षितं जगत् ।
तं भवौघविनाशायाऽजितं वन्दामहे वयम् ॥ ४ ॥

शक्रराजेन्द्रभोगीन्द्र–गणैः सेव्याय स्वामिने ।
परब्रह्मस्वरूपाय, सम्भवाय नमोनमः ॥ ५ ॥

विश्वव्यापी जगत्पूज्यः, चिदानन्दमयः शिवः ।
सदानन्दमयी भव्यान्, नन्दयत्वभिनन्दनः ॥ ६ ॥

सुमते त्रिजगत्स्वामिन् , तस्यै ते मतये नमः ।
यया मोहनरेन्द्रस्य, जितं सैन्यं शमामृतैः ॥ ७ ॥

प्रभो पद्मप्रभस्वामिन्, नमस्तुभ्यं जगत्पते ।
व्यलीकहारिणे विश्व-पूजिताय परमात्मने ॥ ८ ॥

रक्षन्तु सर्वकालं वो, भवभीतान् विशेषतः ।
श्रीसुपार्श्वजिनेन्द्रोक्त-देशनावचनोर्मयः ॥ ९ ॥

चन्द्रादित्यौ सदा यस्य, यजतः पादपद्मकम् ।
श्रीचन्द्रप्रभनाथं च, तं नौमि शिवकारणम् ॥ १० ॥

स्तुमः सुविधिनाथस्य, केवलज्ञानसागरम् ।
ज्ञेयोपादेयहेयादि-रत्नानामाकरं भुवि ॥ ११ ॥

रागाग्निना भृशं दग्धान्, भूस्पृशान् भुवनेश्वरः ।
दर्शनात् कुरुते शीतान्, शीतलोऽवतु मां सदा ॥ १२ ॥

यद्रूपनिर्जितोऽनङ्गः, कन्दर्पोऽभूद्यतः श्रिया ।
सेवितः श्रीविलासोऽयं, श्रेयांसः सिद्धिदोऽस्तु वः ॥

जयन्ति वासुपूज्यस्य, देशनाजलराशयः ।
जनानामघलिप्तानां, निर्मलीकरणोद्यमाः ॥ १४ ॥

विमलं हि जगत्सर्वं, केवलज्ञानवारिणा ।
कृतं विमलनाथेन, येन तं प्रणमाम्यहम् ॥ १५ ॥

अनन्तगुणसंपूर्णोऽनन्तनाथः सतां मुदे ।
अनन्तजनसंसेव्योऽनन्तज्ञानमयः शिवः ॥ १६ ॥

पान्तु वो धर्मनाथस्य, क्रमाम्भोजनखांशवः ।
सकमलाकिनाथानां, किरीटमणिरञ्जकाः ॥ १७ ॥

यन्नाम भवभीतानां, भव्यानामभयप्रदम् ।
शान्तितुष्टिकरं नित्यं, तस्मै श्रीशान्तये नमः ॥ १८ ॥

भवाब्धौ मोहभोगीन्द्र-ग्रस्तानां भव्यप्राणिनाम् ।
सिद्धये कुन्थुनाथस्य, देशनावचनामृतम् ॥ १९ ॥

त्यक्त्वा मानुष्यकान् भोगान्, जग्राह व्रतपञ्चकम् ।
वैराग्यरससंपूर्णोऽरनाथः सिद्धयेऽस्तु वः ॥ २० ॥
स्याद्वादजलदो यस्य, भव्यमोहमहातपम् ।
हरते मल्लिनाथं तं, नमामि शिवकारणम् ॥ २१ ॥
यद्वचोऽमृतमासाद्य, जना मोहमहाविषम् ।
उद्वमन्ति क्षणेनैव, तं नौमि मुनिसुव्रतम् ॥ २२ ॥
अंतरङ्गारयो येन, कर्माष्टकसमन्विताः ।
नमिता नमिनाथेन, स मां पातु भवाब्धितः ॥ २३ ॥
बन्धनस्थान् पशून् दृष्ट्वा, त्यक्ता येन दयालुना ।
राजिमती राजकन्या, स नेमिः सिद्धयेऽस्तु वः ॥ २४ ॥
पार्श्वनाथपदद्वन्द्वं, भूयाद् वः सिद्धिकारकम् ।
किरीटकुसुमैः शक्रैः, प्रपूज्यं भक्तिनिर्भरैः ॥ २५ ॥
अज्ञानतमसा व्याप्तं, विश्वं विश्वहितैषिणा ।
द्योतितं केवलज्ञेन, श्रीवीरेण शिवाय सः ॥ २६ ॥

કલિકાલસર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્યવિરચિત અને 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' ગ્રંથના પ્રારંભમાં આપેલી વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોની સ્તુતિ, જે 'સકલાર્હત્સ્તવ' નામે પ્રસિદ્ધ છે, તેના અનુકરણનો નમૂનો આ ઉપર આપેલ સ્તોત્રમાં જોવા મળે છે. અહીં એટલું કહેવું જોઈએ કે આ સ્તોત્રની કવિતા 'સકલાર્હત્સ્તવ' ની કવિતા કરતાં જરૂર ઊતરતી કક્ષાની છે.

श्रीजिनप्रभसूरिकृतं

विवेककुलकम् ।

संपादक--पूज्य मुनिमहाराज श्री कान्तिविजयजी

धणिणो कविणो जइणो तवस्सिणो दाणिणो बहू लोया ।
परमप्पनाणिणो पुण विवेइणो के वि दीसंति ॥ १ ॥
अह विहिमग्गविलग्गा भवऊव्विग्गा सया वि संविग्गा ।
उवसमगुणिणो मुणिणो विवेइणो ते विरायंति ॥ २ ॥
जहट्ठियवत्थुनिरिक्खणपरमं चक्खू अकित्तिमं सुक्खं ।
अन्नाणतिमिरभेओ फुरइ विवेओ सउन्नाण ॥ ३ ॥

देवं गुरुं च धम्मं जहट्ठियं वरविवेइणो लिंति ।
देवा गुरुणो धम्मा विवेयविलयाण सव्वे वि ॥ ४ ॥
गुणजुत्तगणहराणं गुरुगुणरहियाण आयरियसद्दो ।
वट्टइ जह हरिसद्दो देविंदे दद्दुरे य तहा ॥ ५ ॥
जह विट्ठो विय भद्दा अंगारो मंगलो विसं महुरं ।
तह विवरीयायरणा आयरिया के वि भन्नंति ॥ ६ ॥
एगो कह वि पयासइ जिणागमं नासयिंति पुण बहवे ।
ता कह तत्थ पहुच्चइ घडमाणो फोडगाणाणं ॥ ७ ॥
हिंडुयसिद्धंतकरो विवेयवणमद्दणो जहिं भमइ ।
तहिं कह जाणंति जणा जिणागमं सुगुरुपरिहीणा ॥ ८ ॥
पासत्थसत्थनडिया कुबोहजडिया विवेयपरिवडिया ।
कुग्गहगइंदचडिया जीवा भवसायरे पडिया ॥ ९ ॥
अच्छरियं अच्छरियं आगमविहिरयणि विज्जमाणे वि ।
मिच्छत्तमुच्छियमणा अविहिवराडिं जडा लिंति ॥ १० ॥
बहुयपसिद्धिगुणेसुं इयराणं आयरो जहा होइ ।
न तहा परमगुणेसुं गयाणुगामी जणो जेण ॥ ११ ॥
कमलवणं पि हु वियसइ उसिणकरे मउलियइ अमयकिरणे ।
अहवा जडाण संगो सुविवेयविणासणो होइ ॥ १२ ॥
सुविवेयरयणहरणो कसायकलुसाण संगमो नियमा ।
पाडोसिए पलित्ते किं डज्झइ अप्पणो न गिहं ॥ १३ ॥
सुयनाणं मुत्तूणं नियमाग्गस्सं न साहए सिद्धिं ।
किं होइ परित्ताणं भमुहाहिं गएहिं नयणेहिं ॥ १४ ॥
निक्कारणं पि के वि हु अववायपयं बहुं पयासिंति ।
गंगं गयं कहं ति य [1]केरडियं मारियं न पुणो ॥ १५ ॥
इयरभणियंमि तोसो जिणिंदवयणंमि जहं (ह) पुण पओसो ।
तेसिं विसं पि अमयं अमयं विसं हा (ह) महामोहो ॥ १६ ॥
दिणयरकरनियरं पिव जिणागमं तमहरं पि तिमिरकरं ।
घूयस्स व जाह जए ताहं (ह) फुडं वपुरि हा ! मोहो ॥ १७ ॥

१ विषम् ।

लोइयमिच्छत्तविसं आगममंतेण नासइ असेसं ।
लोगुत्तरं तु विसमं न पहू चक्कं सगुत्तस्स ॥ १८ ॥

विसयमहाविसघारिय सिद्धंतसुहारसेण जीवंति ।
जिणवयणामयसित्ता वि घारिया ते कहं हुंति ? ॥ १९ ॥

ता किं दसमच्छेरं अह दूसमदोसगरुयमाहप्पं ।
जेण जिणमग्गलग्गा हा हीलिज्जंति इयरेहिं ॥ २० ॥

न कुणंति सयं सम्मं जिणधम्मं उवहसंति कुणमाणं ।
जह अप्पणा वि रंडा न हवउ अन्ना वि हु अविहवो ॥ २१ ॥

एग्गो करेइ धम्मं बीओ पुण मच्छरेण तहिं दुक्खी ।
अग्गिमसिरंमि भारो झिज्जइ पच्छट्ठिओ वुज्जं ॥ २२ ॥

लग्गा लोइयधम्मे मूढा वयणेहिं भणंति जिणधम्मं ।
सच्चमिणं कन्नाडो गावो वासेइ मरहट्टं ॥ २३ ॥

जे अन्नधम्मलग्गा का जियवयणे वियारणा तेसिं ।
अंतेउरस्स सारा किं जाणइ पोलिपाहरिओ ॥ २४ ॥

अन्नत्थ भमइ मूढा कज्जं अन्नत्थ करथइ असेसं ।
अन्नत्थ मालओ जह खित्तं अन्नत्थ अइदूरं ॥ २५ ॥

अन्नइ भमइ सुहत्थी साहीणे वि हु विवेयवरसुक्खे ।
दीपंतदीवहत्थो मूढो अग्गिं गवेसेइ ॥ २६ ॥

अवराहकारि अन्ने भिडंति अविवेयलोय अन्नेसिं ।
सूयरिहिं बहु भक्खिय पिट्टिज्जइ पड्डगाण मुहं ॥ २७ ॥

दिंति उवाइयमेगे जीवियकज्जंमि मच्चुणो अन्ने ।
गुरुमोहमूढचित्ता समरससित्ता न एगस्स ॥ २८ ॥

धम्मियजणाण चित्तं पासत्थाइयकसायअग्गीए ।
उत्ताविय पि कणगं व किं चयइ वन्नपरिमाणं ॥ २९ ॥

जइ वि हु दुहत्तचित्तो उत्तमसत्तो तहा वि जिणभत्तो ।
भग्गो वि कणयकलसो नहु सरिसो इयरकलसाणं ॥ ३० ॥

जइ वि न चरित्तसज्जो सुविसुद्धपक्खवगो सुकयकज्जो ।
दहणो मलिणंगो विहु होइ पईवो जणे पुज्जो ॥ ३१ ॥

इक्को विवेयदीवो सुविसुद्धं जिणपहं पयासेई ।
तम्हा पत्तवियव्वो सो चेव सया वि सरियव्वो ॥ ३२ ॥

આ 'વિવેકકુલક' પાટણના ખેતરવસીના પાડાના તાડપત્રના ભંડારની (ડા૦ નં૦ ૬ પૃ. ૧૧૫થી ૧૧૮) પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

વિ. સં. ૧૬૬૨માં મુ. પુણ્યકમલવિરચિત

ભિન્નમાલ–સ્તવન

સં૦–પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

[પ્રસ્તુત સ્તવન પાટણના વાગોળપાડાના ભોજક શ્રી ગિરધરભાઈ હેમચંદના હસ્તલિખિત પ્રાચીન પુસ્તકોના સંગ્રહમાંથી શ્રી ગિરધરભાઈ પાસે લખાવીને અહીં આપવામાં આવ્યું છે.]

॥ श्री ऐं नमः ॥

સરસતી ભગવતી નમીય, પાય વાંણી માગીજે;
ભીન્નમાલ પુરમંડણ એ, શ્રીપાસ ગાઈજે. ॥ ૧ ॥
આવી નયર શ્રીયમાલ, પુહુફમાલ રતનમાલ;
ચોથે જુગે પ્રગટયો એ, નામે નયર ભિન્નમાલ. ॥ ૨ ॥
ગઢ મઢ મંદિર પોલ ઉલ, જિન સિવ પરસાદ;
વાપીન કુપી નદીય નિઠાંણ, દીઠાં અતિ ઉલ્હાદ ॥ ૩ ॥
ન્યાતી ચોરાસીની થાપના એ, જિણ નગરન દિની;
ઉચિત ગુણ સગલી કરી એ, જિગુઅ ગંઠા જિની. ॥ ૪ ॥
નેઉ સહસ વવહારીઆ એ, વિપ્ર સહસ પલ્લીઆલ;
લખમીદેવી તણો પ્રસાદ, બહુ ઝાકઝમાલ. ॥ ૫ ॥
તિણ કાલઇ વિવહારિઆ એ, ધન ધરમના આગર;
જેણે પૂજાવું પાસતણો, બિંબ પીતલમે સુંદર. ॥ ૬ ॥
સુરલી સારદાતણી એ, આવે સુરતી અવર;
મહેસ તણી જબ હુઇ રાજ, તવ ભુહિરઈ ભંડારી ॥ ૭ ॥
પ્રતિસય રયણમઈ એ, સોવનમેં સારી,
ઇટં ખણતાં દેવલ ભણ્યાં, પ્રગટયા શ્રીપાસ;
સંવત સોલે ઈકાવનઈ, બહુ [જન] પુગી આસ. ॥ ૮ ॥
મુહતા લખમણ નેપ(મ)ન્યાસ ભાવડ ચઉદસીયા;
સંઘ સોવી પ્રભુ પેખી પાસ, અતિ હીયડે હસીયા. ॥ ૯ ॥
થાપ્યા શાંતિપ્રસાદ આંણિ, નિત પુજા મોહોછવ;
ગીત જ્ઞાન (ગાન) કરે ગોરડી એ, બહુ સ્નાત્ર મોહોછવ. ॥ ૧૦ ॥

વસ્તુ

તિણ અવસર તિણ અવસર નયર જાલોર,
દેસપતિ ગજનીપતિ અછઈ નામઇ ખાંન તસ્ય રાજ પાલઈ;
તુજ (તસ ?) સેવક ભીનમાલપતિ જાઇ ખાંન પાસ નઇ સુણાવઇ,
સુણો સાહિબ પીતલ તણી બુતખાંન અદભુત
પ્રગટયો જો તઇ રાખઇ દેવૈ દાન બહુત. ॥ ૧૧ ॥

ચોપાઇ

ખાંન વાત સુણી જેતલઈ, વેગઈ પાસ અણાવું તેતલઈ;
ખુબ પીતલ મૈં પાયા આજ, ઘંટા કરાવું હસતી કાજ. ॥ ૧૨ ॥
સઘલે વાત હુઈ જિસઈ, સંઘ ચતુરવદ મલિઉ તસઈ;
જાયે વીનવીઉ ગજનીખાન, નિબાપ માંગઈ માહાજન માંન. ॥ ૧૩ ॥
પીતલ ધન હમ પાસઈ લીઓ, ભૂતખાંના તમ ચોડિ દેયો;
બાબા આદમકાં ઈ રૂપ, ઈસકા સઇ બહુ અકલ સરૂપ. ॥ ૧૪ ॥
તસુ ખજં મતિ કીજે ખનુપાર, ઇસકુ કસું ખીલવીયે ઇક વાર; (?)
કરી સલામ ને ચોડો પાસ, ત્યું સહુને હુઓ મનકી આસ. ॥ ૧૫ ॥
અપુ પીરોજી ચાર હજાર, ગજની ખાંન બોલ્યો તિણવાર;
લાખ રૂપીઆ કેતાં મલે, કિમ છોડુ હમઠે એતલે. ॥ ૧૬ ॥
સંઘ સહુ વલી પાછો જાય, હીયડામાંહે દુખ ન સમાય;
હઇ હઇ વાત કહીઇ કીસુ, મલેસ થકી કિમ લેઇયે તિસુ. ॥ ૧૭ ॥
ધરે અભીગ્રહ વિધુ(વિ)ધ પ્રકાર, શ્રીભગવંત કરો અમારી સાર;
નિરતઈ ગાંમ વસે પુન્યવંત, સંઘવી વરજંગ બહુગુણવંત. ॥ ૧૮ ॥
અનહતણો લીધો નેમ, પાસ સુરતી છુટે તિમ સીમ;
પાસ પુજી હું અનહ જીમેસ, હવે જોયો તે પુન્યવિસેષ. ॥ ૧૯ ॥
નીલડે ઘોડે થયા અસવાર, નીલા વસ્ત્ર પહિરિ સિરસાર;
ધરણેંદ્ર નઇ પદમાવઇ સાથ, પ્રગટ થયા શ્રીપાર્શ્વનાથ. ॥ ૨૦ ॥
ગજનીખાન તુ સુતો જાગિ, વેગો ઉઠે સુઝ ચરણે લાગિ;
મુઝને મુકી નયર ભીનમાલ, નહીતર રૂઠો કાલો કાલ. ॥ ૨૧ ॥
જો રૂઠો તો થાસઇ વિરૂ, ધરણઇંદ્રનઇ ઉચર્યું;
તુઠો આપે રિધ અપારિ, અરીયણમાંહિ જય જયકાર. ॥ ૨૨ ॥

વસ્તુ

ખાંન ગજનીય ખાંન ગજનીય ચઢીયો અહંકાર,
બોલત બાંગડ બોલડઇ ભુતખાંના તુ કયા ડરાવે;
ડરઇ સહી દુગોબડે વડાભાગ મેરા કહાવે,
રૂઠો તુઠો કયા કરે હમ ખુદાયકે ઇયાર,
મુછલમાન મોટો મલક ભુતખાંન ખયકાર ॥ ૨૩ ॥

ઢાલ

સુણ બે પાસ વાત તુ મેરી, ટુક ટુક કાયા કરૂંગો તેરી;
સેરી સેરી ફેરવું એ. ॥ ૨૪ ॥
દેખુ કયા તુ સુજ દુખ દેવઇ, તુહ કોપ્યો મૈ કયા મેરા લેવે;
દેવઇ કયા તુજ સોવઇકાં એ. ॥ ૨૫ ॥

પાસકાં પાવીસ સુતાં ખાંન, ધરણેંદ્ર પાસ તણો પરધાન;
ધ્યાન ધરે ફુલ હાખીઇ એ. ॥ ૨૬ ॥
કટક માંહિ ઉપની માર, હુસતી ઘોડા હુઇ સંઘાર;
ઠામ ઠામ મલેસ મરઈ એ. ॥ ૨૭ ॥
બીબી બેઠા બંધન બોલે, નવણુ દેખે થયા અકરેલે;
વહે લોચન સુંદરૂ એ. ॥ ૨૮ ॥
જાલોરી દસ કોસી જેહ, નવિ વરસઈ તિહાં ફોરૂ મેહ;
તે હલડે તડહો પરે એ. ॥ ૨૯ ॥
પરજાલોક કરે પુકાર, પાસ સુરતિ સોડો ખાંનુકાર;
સાર કરો સહુ એતણી એ. ॥ ૩૦ ॥
સાર ભણે મુઝ ચોડી સાંમી, ઇણુએ બહુત વિગાડયા કામ;
દામ બહુત અબ માંગીએ એ. ॥ ૩૧ ॥
સુતો મલક નઈ હેઠો નાંખી, ધરણેંદ્ર વચન સુમુખ ભાખઈ;
છોડક છોડ તુઝ પ્રાંણુ તજે એ. ॥ ૩૨ ॥
મારી સુહી મરમ પીયારી, અંગ ઉપને‌ા રોગ અપારી;
આર નહી વેદન સમો એ. ॥ ૩૩ ॥ ૩૪ ॥*
મનમાંહે ચિંત્યે ગજનીય ખાંન, પાસ જિણેસર માગુ માન;
દીઓ દાન જીવીત તણો એ ॥ ૩૫ ॥
જો વેદન મુજ સમસી રાતિ, જો પ્રભુ ચોડિસ તુમને પ્રભાતિ;
વાત કહેઉ વેદન સમો એ. ॥ ૩૬ ॥

વસ્તુ

પાસ પુજીય પાસ પુજીય કરિ સલામ,
સઘાસણુ બેસણો કરી ભણે ખાંનિ નિજ માન મોડિય;
અલ્લા અલખ આદમ તુમ નહી કોઇ તુઝ તણી જોડીય,
પીર પગંબર તુ ખુદા તુ સાહિબ તુ સુલતાણુ,
મહિર કરો પરજન કહ્યું કહે ન લોપું આણુ. ॥ ૩૭ ॥

ઢાલ

પાસ જિણેસર પુજીઆ એ, તેડાવી સવિ સંઘ તો;
નયર ઝાલોર વધામણા એ, નિતનિત ઓછવ રંગ તો. ॥ ૩૮ ॥
વાજિંત્ર વાજઈ નવ નવા એ, સહુ વગાવઇ ભાસ તો;
ખેલા ખેલે રંગ ભરે, જાચકને આપે દાન તો. ॥ ૩૯ ॥
રથ બેસાડી સવિ વધસુ (વિધિસુ) એ, પોસાવ્યા નિરત ગામ તો;
સંઘવી વરજંગ હરખીઆ એ, કરે મહોત્સવ માનતો ॥ ૪૦ ॥

---

* મૂલ પ્રતમાં ૩૨ પછી ૩૪ આંક છે.

સતરકોડ સુવન્ન ક્રીય, મોટે મંડાણુ જંગ તો;
તેડચા ચિહુ દિસઇ પાઠવીય, તેડાવી સવી સંઘ તો. ॥ ૪૧ ॥
ભગતિ કરે સાહમી તણી એ, દિઇ અવરી દાન તો;
સંઘ પહિરાવિ સાવટુ એ, આપઇ અધિક માન તો. ॥ ૪૨ ॥
તેર માસે પારણા એ, પાસ પુજીનઇ કીધ તો;
સોગ સહુ નાસી ગયા એ, મનના મનોરથ સિદ્ધ તો. ॥ ૪૩ ॥

વસ્તુ

સંઘ ચિહુ દિસ સંઘ ચિહુ દિસ તણા આવંત,
પાસ પાસ તેહની ભલી પતી આસ એ,
ચિહુ દિસી કીરતી વિસ્તરી જૈન ધરમનેં જે ઉધારે;
પન્નર દિવસ પ્રભુ તિહાં રહ્યા, પધાર્યા ભીન્નમાલ,
ઘર ઘર હુવા વધામણા કીજે મંગલમાલ. ॥ ૪૪ ॥

ઢાલ

સંઘ ચોવીય મન હરખીઆ, નિરખી આ પાસ જિણુંદ રે;
ઘર ઘર ગુડી ઉછલે, મિલીઆ ભવિકતણા વૃંદ રે. ॥ ૪૫ ॥
પાસજી ભલાં રે પધારીયા (આંકણી)

આજ આસ્યા સવિ ફલી, મિલી મિલી મોહન વેલ રે;
કામગવી કામકુંભ કર વડે, ચિંતામણુ કરે ઘર ગેલ રે. ॥ પા૦॥ ૪૬ ॥
પંચ પુત્ર સવ મુઆ ચાડીલ, વલી હુઓ રિદ્ધિ નાસ રે;
રડવડે તેહના ચોરડા, ફલ લહઇ દુહવ્યા જિનપાસ રે. ॥ પા૦॥ ૪૭ ॥
પંચ પ્રસાદ જિનવરતણા, સોહઇ સોહઇ સેરમ મમત રે;
સંઘ આવઇ ચિહુ દિસ તણા, જાત્રા કરે મોટે મંડાણુ રે. ॥ પા૦॥ ૪૮ ॥
રોગ જલ જલણુ વિસહર વલિ, ચોર અરંગજ મુગરાજ રે;
રણુદુર જિણુ જાજન પાસનામઇ ભય જાઇ ભાજ રે. ॥ પા૦॥ ૪૯ ॥
આજ ભલઇ મહુરત થાપીઆ, પાસજી પરસાદ મઝાર રે;
નવ ચોકી મન મોહીઓ, પાખતિ પરદિખણા સાર રે. ॥ પા૦॥ ૫૦ ॥
સંવત સોલઇ નઇ બાસિઠઇ, શ્રાવક સુંદર વિચાર રે;
પાંચમ તિથી પાસજી તણી, ગુણુ ગાવઇ હરખ અપાર રે. ॥પા૦॥ ૫૧ ॥

કલસ

અશ્વસેનનંદન દુખનિકંદન પાસજિણવર જગગુરૂ;
ભીનમાલભૂષણુ વિગતિદુષણુ, સંઘ ચોવીહ સુખકરૂ. ॥ ૫૨ ॥
તપગછમંડણુ કુમતિખંડણુ શ્રીહંસરત્નસૂરીસરૂ;
પંડિત સુમતિકમલ સીસ, પુન્યકમલ ભવભયહરૂ. ॥ ૫૩ ॥

॥ ઇતિ શ્રી ભિન્નમાલ સ્તવન ॥

"સિરોહી રાજ્યનાં કેટલાંક પ્રાચીન જિનમંદિર" લેખના અનુસંધાનમાં–

ગુજરાતનાં કેટલાંક પ્રાચીન જિનમંદિરો

લેખક:—પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

(ગતાંકથી ચાલુ : આ અંકે પૂર્ણ)

પાટણ

ગુજરાતની પ્રાચીન રાજધાની, ગુજરાતની અસ્મિતા અને ગૌરવનું કેન્દ્ર પાટણ એક દર્શનીય સ્થાન છે. એક વાર સમસ્ત હિન્દમાં પાટણ પ્રખ્યાત હતું. પાટણમાં ગુજરાતીઓનાં સંસ્કાર, કળા, બુદ્ધિ, વૈભવ અને ધનના ભંડાર ભર્યા હતા. આખા ગુજરાતનો, અરે, છેલ્લા હજાર વર્ષથીયે વધુ કાલનો સમસ્ત ભારતનો ચડતીપડતીનો ઇતિહાસ પાટણે અવલોકયો છે અને એની અનેક નોંધના સંગ્રહો પણ રાખ્યા છે. પાટણનો ભૂતકાળ બહુ જ ઉજ્જ્વળ અને રોમાંચક છે વર્તમાન કાલ પણ રોચક અને ગૌરવવંતો છે. ભવિષ્યકાળ ભાખવાનું કામ બીજાઓને–દ્રષ્ટાઓને સોંપુ છું.

સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિજીના આશ્રયથી ચાવડા વંશનું નામ અજવાળનાર 'વનરાજ'નું જીવન બચ્યું. શીલગુણસૂરિજી, ચાંપો વાણીઓ અને શ્રીદેવીના ઉચ્ચ આદર્શથી વનરાજનું જીવન ઘડાયું–વિકસ્યું. 'વનરાજ' 'માનવરાજ'ના ગૌરવને પામ્યો. પાટણને શોભાવવાનો–શણગારવાનો યશ જેમ ગુર્જર નરેશોને છે તેવો જ યશ, બલ્કે તેથીયે વધુ યશ, લક્ષ્મીદેવીના સદાના લાડકવાયા, દાનવીર, ધર્મવીર અને કર્મવીર જૈનોને ઘટે છે. રાજાઓએ રાજમહેલો, ગજશાળાઓ, ધર્મમંદિરો અને સહસ્રલિંગ જેવા મહાન સ્થાનો બંધાવી પાટણને શોભાવ્યું ત્યારે આ ધનકુબેર, બુદ્ધિનિધાન વણિક જૈનોએ આરસનાં આલીશાન જિનમંદિરો વગેરે બંધાવી લલિત કલાને પૂર્ણતાએ પહોંચાડી. મુસલમાની યુગમાં મકબરા અને મસીદો બંધાયાં, કિલ્લો અને શાળાઓ બની ત્યારે પણ ધર્મવીર અને દાનવીર જૈનોએ દેરાસરો, જ્ઞાનમંદિરો, વિદ્યામંદિર અને જિનમંદિરો બંધાવી પાટણને ગૌરવવન્તુ રાખવા સદાયે પ્રયત્ન કર્યા છે.

પાટણનો ક્રમશ: ઇતિહાસ આપતાં એક પુસ્તક જ લખવું પડે. પાટણમાં ભૂતકાલમાં થયેલા–પધારેલા જૈનાચાર્યોનું રોમાંચક વર્ણન વંચતાં આપણાં રૂવાડાં ઊભાં થાય છે.

પાટણમાં શ્રી શીલગુણસૂરિજીના ઉપદેશથી વનરાજ ચાવડાએ શ્રી પંચાસર પાર્શ્વનાથજીનું મંદિર બંધાવ્યું વનરાજે વિમલ મંત્રીશ્વરના પૂર્વજોને ગાંભૂથી—મૂળ ભિન્નમાલના અને ગાંભૂમાં વસેલા—પાટણમાં વસાવે છે. વણિક ચાંપો મંત્રીશ્વર બને છે. રજપૂતોની વીરતા અને વણિકોના ડહાપણનો ભંડાર એ મંત્રી ગુજરાતનું સામ્રાજ્ય જમાવે છે, ચાવડાઓના રાજ્યકાલમાં જૈનોનું એકછત્રી સામ્રાજ્ય જામે છે. ત્યારપછી આવે છે સોલંકી વંશ. મૂલરાજ સોલંકી મામાની હત્યા કરી, એના ખૂનમાં હાથ ભીના કરી, એ ગાદીએ બેસે છે અને પાપને પ્રક્ષાલવા સરસ્વતીને તીરે રૂદ્રમહાલયની શરૂઆત કરાવે છે. ભિન્નમાલથી બ્રાહ્મણોને આમન્ત્રે છે. પછી તો અવારનવાર જૈનો અને બ્રાહ્મણોનું આધિપત્ય જામે છે. કોઈક વાર સંઘર્ષના તણખા પણ ઝરે છે, છતાં મોટે ભાગે વણિક જૈન મંત્રીઓનું વર્ચસ્વ અખંડિત રહે છે.

દુર્લભરાજની સભામાં સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી અને શ્રી જિનેશ્વરસૂરિજીનો 'ચૈત્યવાસ' સામે વાદ મંડાય છે અને જે મહાન ક્રાંતિનાં બી શ્રી હરિભદ્રસૂરિજીએ વાવ્યાં હતાં, જે મહાન પરિવર્તનની આગાહી શ્રી હરિભદ્રસૂરિજીએ કરી હતી, તેનો

ઉષાકાળ પ્રગટે છે. પછી તો મલધારી શ્રી અભયદેવસૂરિજી વગેરે સમર્થ સૂરિપુંગવોનાં પનોતાં પગલાં ગુર્જરેશ્વરોની રાજસભામાં થાય છે. બીજી તરફ વિમલ મહામંત્રી બને છે. એ દંડનાયક પણ બને છે. ચંદ્રાવતીના પરમારને એ હરાવે છે અને એ દાનવીર ધર્મવીર આબુ ઉપર કલા સંસ્કાર અને ગુર્જર સંસ્કૃતિના ગૌરવરૂપ સુંદર જિનમંદિરો બનાવે છે. વિમલ અને એના પૂર્વજો પરમ જૈનધર્મી હતા. ધર્મરક્ષા અને ધર્મપ્રભાવના માટે તેઓ સદાયે તત્પર રહ્યા છે.

આબુના મંદિરોમાં હું તો ગુજરાતનું ગૌરવ, ગુજરાતની અસ્મિતા અને ગુજરાતની સંસ્કૃતિની જીવંત મૂર્તિનું નિરીક્ષણ કરી રહ્યો છું, ભલે એ મંદિરો જૈન મંદિરો રહ્યાં, કિન્તુ એક ગુજરાતીએ એક-પટ્ટણીએ આબુ ઉપર જ નહીં સમસ્ત ગુજરાત અને રાજપૂતાના ભરમાં જેની દૃઢ છાપ બેસાડી છે, જે ધર્મભાવના જગાવી છે, કલા અને સંસ્કૃતિને જીવતી રાખવાની તમન્ના પ્રગટાવી છે, ગુજરાતની અસ્મિતાને જગાવી છે, એની પછીના ગુર્જરેશ્વરોને, ગુર્જર શ્રીમંતોને અને ગુર્જર કલાપ્રેમીઓને એણે જ પ્રેરણાનાં અમૃત પાન પાયાં છે, એ ભૂલ્યાં ભુલાય તેમ નથી જ. એ દૃષ્ટિએ આપણે પાટણનું ગૌરવ આંકવાની જરૂર છે આબુના એ જૈન મંદિરોની પ્રતિકૃતિ કરવાનું ઘણાયને મન થયું છે. હું તો એમાં પાટણની જ મહત્તા અને કીર્તિ જોઈ રહ્યો છું.

ત્યારપછી અનેક વિદ્વાન સુવિહિત સૂરિપુંગવો પાટણને પુનિત કરે છે, ગુર્જરેશ્વરોને પ્રતિબોધી જ્ઞાનામૃત—ધર્મામૃતનું પાન કરાવી એ ગુર્જરેશ્વરોને સાચા 'માનવરાજો' રાજપુંગવો બનાવે છે. કર્ણદેવ, સિદ્ધરાજ અને કુમારપાલ આ ત્રિપુટીનો યુગ ગુજરાતનો સુવર્ણયુગ બને છે. એમણે બોળા જેવડા ગુજરાતમાંથી મહાન રાષ્ટ્ર ઘડ્યું છે. આમાં શાંતુ મહેતા, મુંજાલ મહેતા, ઉદયન મહેતા, આંબડ અને બાહડ મહેતાનો મુખ્ય હિસ્સો હતો. અને અભયદેવસૂરિ, વિજયસિંહસૂરિ, વીરાચાર્ય, વાદી શ્રી દેવસૂરિજી, દેવચંદ્રસૂરિજી, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી જેવા સમર્થ ધર્મગુરૂઓએ ધર્મોપદેશ આપીને ગુજરાતની યશઃપતાકા—વિજયપતાકા સમસ્ત ભારતમાં ફરકાવી. ગુજરાતના આ સમર્થ જ્યોતિર્ધરો, મહાત્માઓ, સંત પુરુષો, રાજા-મહારાજાઓ અને મંત્રીશ્વરોનો યથાર્થ પરિચય અને ગુજરાતની અસ્મિતાનું સાચું દર્શન આપણને પાટણમાં જ બનેલા દ્વયાશ્રય મહાકાવ્યમાં મળે છે. તેમાંયે સિદ્ધરાજ અને કુમારપાલ તો ગુજરાતના ચંદ્રગુપ્ત અને અશોકનું ગૌરવન્તુ બિરુદ ધરાવે તેવા થયા છે. એમણે ગુજરાતમાં ભોજ દેવ અને વિક્રમાદિત્યને પણ ભૂલાવે તેવા સત્કાર્યો કર્યાં છે, અને ગુર્જરરાષ્ટ્રને શોભાવ્યું છે.

મહારાજા કુમારપાળ પછી ગુર્જરરાષ્ટ્રનો સૂર્ય મધ્યાહ્નેથી અસ્તાચલે ઊતરે છે અને અજયપાલ તેનું નિમિત્ત બની જાય છે. પછી તો મુસલમાની હુમલાઓ ઊતરે છે, મહમદ ઘોરી અને છેલ્લે કરણ વાઘેલાના સમયે ગુજરાત પરદેશી સત્તાનો ભોગ બની જાય છે. વચ્ચે ખારા સમુદ્રમાં મીઠી વીરડી જેવા, ઘોર અંધકારમાં તેજસ્વી નક્ષત્ર જેવા, મહાન તોફાનમાં અથડાતા વહાણને માટે દીવાદાંડી જેવા વસ્તુપાલ તેજપાલ, વીરધવલ એવા થોડા થોડા ચમકે છે, શત્રુંજયોદ્ધારક સમરાશાહ જેવા તેજસ્વી દીવાઓ પ્રકાશે છે અને ગુજરાતના ભૂતકાલીન ગૌરવને યાદ કરાવે છે. પાટણ પણ આગળ જાય છે, પાછું હઠે છે, ચડતી-પડતીમાં અટવાય છે. છતાંયે એ ઊભું થાય છે. અહમદશાહે અહમદાબાદ વસાવ્યા પછી પાટણથી રાજધાનીનું કેન્દ્ર બદલાય છે. એનું માન-સન્માન ગૌરવ અને આદર ઘટે છે. એક વાર તો એ શ્રીહીન વિધવા નારી જેવી દશા પણ પામે છે.

વર્તમાન પાટણ તો તદ્દન નવુંજ વસેલું છે, મુસલમાની યુગમાં એનું નિર્માણ થયું છે, છતાં એ પાટણ પોતાના ભૂતકાલીન ગૌરવને કદી ભૂલ્યું નથી; જ્યાં એક પણ ગુજરાતી વસે છે ત્યાં ત્યાં પાટણ વિજયવંતુ-ગૌરવ ગાથા ગાતું ખડું જ છે. મુસલમાની યુગમાં પણ મુગલાઈ જમાનામાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી, આ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી અને આ. શ્રી વિજયદેવસૂરિજી એ ત્રણે સૂરિપુંગવોના શાસનકાલમાં પાટણમાં જૈન સંઘની વિજયપતાકા ફરકે છે. અહીં અનેક ભવ્ય જિનમંદિરો બને છે, અનેક જિનમૂર્તિઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવો થાય છે, અનેક ઉત્સવો અને દીક્ષાઓ પણ થાય છે. શ્રીહીરવિજયસૂરિજીને પાટણમાં શરૂઆતમાં મુસલમાન સૂબાઓ દ્વારા ઉપદ્રવો પણ થાય છે. ક્ષમામૂર્તિ સૂરિજી એ ઉપદ્રવો સમતાપૂર્વક સહે છે, સૂબાઓને પ્રતિબોધે છે અને જૈન શાસનનો વિજયડંકો વગાડે છે.

સમ્રાટ અકબરના દરબારમાં મહાન્ ગૌરવ, આદર અને સન્માન જગદ્‌ગુરુને મળ્યાં છે. અને સૂરિજીએ સમ્રાટને તથા તેના સૂબાઓને રાણા અને મહારાણાઓને પ્રતિબોધી, અહિંસાનાં ફરમાનો મેળવ્યાં છે, અમારી પળાવી છે, તીર્થરક્ષાનાં ફરમાનો મેળવ્યાં છે, શ્રમણોપાસકોની પણ સમયે સમયે રક્ષા કરી મહાન ગૌરવ અને માન મેળવ્યાં છે. આ સૂરીશ્વરજીની દીક્ષા સં. ૧૫૯૬માં કા.વ. ૨. પાટણમાં થઈ છે. તેમજ તેમનો પાટમહોત્સવ પણ પાટણમાં થયો છે. અને સમ્રાટ અકબરને પ્રતિબોધવા જતાં પહેલાં પોતે પાટણ પધારી, ૧૬૩૯માં પાટણ થઈ પાટણ પાસે વડાવલીમાં પોતાના ગુરુ શ્રી વિજયદાનસૂરિજીની ચરણ-પાદુકાના-સ્તૂપનાં દર્શન કરી આગળ વધ્યા હતા.×

જૈન ધર્મના આ મહાન આચાર્યશ્રીના ત્યાગ, તપ, જ્ઞાન અને ઉત્કૃષ્ટ સંયમના પ્રતાપે સમ્રાટ અકબરે 'અહિંસા પરમો ધર્મઃ'નાં અમીપાન કર્યાં હતાં. સૂરિજીના શિષ્યરત્નોએ—ઉપાધ્યાયજી શ્રી શાંતિચંદ્રજી, ઉપાધ્યાયજી શ્રી ભાનુચંદ્રજી અને શ્રી સિદ્ધચંદ્રજી ગણિએ—વર્ષો સુધી અકબરના ધર્મ દરબારને—ધર્મસભાને શોભાવી છે. અકબર આ. શ્રી વિજયસેનસૂરિજીનાં દર્શન માટે—

×વડાવલીમાં રહેલી ચરણપાદુકાઓનો ઉલ્લેખ હીરસૌભાગ્યમાં આ પ્રમાણે છે—

"सीमभूमौवटपल्लिकायास्ततो भावडस्यात्मभूः सूरिशीतद्युतेः ।
चैत्यमर्चामिव श्रीजिनेन्द्रोर्गुरोः पादुकास्तूपमभ्येत्य स प्राणमत् ॥

(હીરસૌભાગ્ય, સર્ગ ૧૨, શ્લોક ૧૭)

આ પાદુકા અત્યારે ત્યાં નથી પણ પાટણમાં એક પાદુકા છે, જેમાં નીચે પ્રમાણે લેખ છે.

संवत १६२१ वर्षे वैशाष सुदि १२ गरु वडावली मधे भटारक श्री वजइदान सूरिनू नरवाण हवुं तथा वदि कमल पूजा करि तथा नरवाण भावि तेहनी श्रीवजअदान सूर पादानी आपडी मूकाम श्री वजदानसूरगुरुगरभो नमः

આ લેખની ભાષા જૂની ગુજરાતી છે. તેમજ હું મૂળ પાદુકાનો આ લેખ હોય તેમ નથી માનતો; માત્ર કોઈ ભક્તે આખડી રાખી છે, અને પાદુકા બનાવી છે તેનો લેખ માનું છું. મૂળ પાદુકાઓ જુદી હશે. કિન્તુ ભક્તજને પોતાની બાધા પૂરી કરવા આ પાદુકા બનાવી આખડી પૂરી કરી હશે એમ સમજાય છે.

ઉપદેશ માટે તેમને લાહોર બોલાવે છે, તેમનો ઉપદેશ સાંભળી ખૂબ જ પ્રસન્નતા અને આત્મિક શાંતિ–પરમ પ્રમોદ પામે છે અને તેમના શિષ્ય શ્રી વિજયદેવસૂરિજીને 'સવાઈ શ્રી હીરસૂરિનું' અપૂર્વ માન આપે છે અને તેમના શિષ્ય શ્રી વિજયદેવસૂરિજીને અકબરનો પુત્ર જહાંગીર બહુ જ પ્રેમ આદર અને બહુમાન પૂર્વક માંડવગઢમાં મળે છે, અને બહુ જ ખુશી જાહેર કરે છે. આ ત્રણે સૂરિપુંગવોએ સ્વગચ્છ કે વાડાની મહત્તા કદીયે નથી સ્થાપી, માત્ર વીતરાગ ધર્મ–જૈન ધર્મ અને તેના સિદ્ધાંતોની જ મહત્તા વર્ણવી જૈન શાસનની વિજયપતાકાઓ ફરકાવી છે. પાટણના સૂબાઓને પણ આ ત્રણે સૂરિપુંગવોએ ધર્મોપદેશ આપી જૈન શાસનની પ્રભાવનાનાં અનેક શુભ કાર્યો કરાવ્યાં છે. આવા મહાન પ્રતાપી સૂરિપુંગવો ઉપર કેટલાક અનભિજ્ઞ લેખકો જૈન અને જૈનેતરો આક્ષેપો કરવા પ્રેરાય છે. પરંતુ એ તે સૂર્ય સામે ધૂળ ઉડાડવા જેવું જ છે. તેમાંયે શ્રી હીરવિજયસૂરીશ્વરજીએ મુગલ સમ્રાટ અકબરનાં દ્વાર જૈન સાધુઓ માટે ખુલ્લાં કરાવી અહિંસા ધર્મનું જે મહત્ત્વ સમ્રાટ અકબરને સમજાવ્યું, પરધર્મ પ્રતિ સહિષ્ણુતા અને પ્રેમ રાખતાં શીખવ્યું છે એ તો અદ્ભુત છે.

અકબરના દરબારમાં પહેલાં એક જૈનયતિ વર્ય પધાર્યાનો અને પોતાનો પુસ્તકભંડાર આપ્યાનો ઉલ્લેખ જરૂર મળે છે. પરંતુ એમનો સમ્રાટ અકબર ઉપર કોઈ પણ પ્રભાવ પડયો હોય એવો ઉલ્લેખ નથી મળતો. જ્યારે અકબર શ્રી હીરવિજયસૂરીશ્વરજી ઉપર પ્રસન્ન થઈ એ પુસ્તકભંડાર સૂરિજીને પ્રેમાંજલીરૂપે ભેટ આપે છે. આઈને અકબરીમાં પણ શ્રીહીરવિજયસૂરિજી, શ્રી વિજયસેનસૂરિજી અને ઉ. શ્રી. ભાનુચંદ્રજીનાં નામ ઉપલબ્ધ થાય છે. આ વાત પણ મારા ઉપર્યુક્ત કથનનું જ સમર્થન કરે છે. આ ત્રણે સૂરિવરોએ ગુજરાત અને પાટણના સૂબાઓ ઉપર પણ પ્રભાવ પાડયો હતો. છેલ્લે જગદ્ગુરુજી સિદ્ધાચલજીની યાત્રાએ પધાર્યા ત્યારે પાટણનો સિદ્ધગિરિનો મહાન સંઘ નીકળ્યો હતો જે પ્રસિદ્ધ છે. આવી રીતે પાટણમાં અનેક સૂરિપુંગવોનાં પુણ્યપગલાંથી જૈન ધર્મ અને જૈનશાસન પ્રભાવનાનાં–પ્રચારના અનેક શુભ કાર્યો થયાં છે.

વર્તમાન પાટણમાં લગભગ ૧૨૫ જિનમંદિરો છે, અનેક જ્ઞાનભંડારો છે, જેમાં તાડપત્રીય પ્રાચીન ગ્રંથો અને કાગળ કાપડના ગ્રંથો પણ પુષ્કળ છે. અત્યારે તો શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં ઘણા ભંડારો આવ્યા છે એ ખાસ દર્શનીય છે. અહીં અત્યારે પંચાસરા પાર્શ્વનાથજીનું ભવ્ય મંદિર, જેમાં તીર્થંકર પ્રભુઓની અનેક પ્રાચીન મૂર્તિઓ છે, તેમજ શીલગુણસૂરિજી, વનરાજ ચાવડો, દેવચંદ્રસૂરિની મૂર્તિ છે. અષ્ટાપદજીનું મંદિર, ઢંઢેર વાડામાં, જોગીવાડામાં સાળવી વાડામાં સંગ્રામ સોનીનું, આદિનાથજી વગેરેનાં મંદિરો ખાસ દર્શનીય છે. તેમજ ઝાબાલગચ્છના શ્રી શીલસૂરિજીની પ્રાચીન મૂર્તિ, ૧૧૫૫ની આર્યિકા સાધ્વીજીની મૂર્તિ, ૧૪૨૯ની આચાર્યશ્રીની મૂર્તિ, શ્રાવક શ્રાવિકાઓની મૂર્તિ, હાથમાં કેસર, પુષ્પમાલા આદિ પૂજનથાળ લઈને ભક્તિ અર્ઘ્ય આપતાં શ્રાવક શ્રાવિકાઓની મૂર્તિઓ; અનેક પ્રાચીન તીર્થપટો, શાસનદેવોની મૂર્તિઓ વગેરે બહુ જ દર્શનનીય છે. પીત્તળનું[1] સહસ્રકૂટનું મંદિર પણ અપૂર્વ વસ્તુ છે. સંભવનાથજીના મંદિરમાં ૧૫૮૭ની

૧ આ સહસ્રકૂટના ત્રિગડાની નીચેની પરિધ ઉપર નીચે પ્રમાણે લેખ છે:—

सं. १७७४ ज्ये. शुदि ८ । श्री तेजसी भार्या देवबहू सुता पुंजी सुत गुलाब । द्वि० भार्या राधा सुता लहीरक × × सुत मलूक प्रमुख सपरिवार × × × तेजसीकेन सुख

શ્રી હેમવિમલ સૂરિજીના ઉપદેશથી બનેલ ધાતુની પંચતીર્થીમાં રત્નમય મૂર્તિ બન્યાનો લેખ છે પરન્તુ મૂર્તિ તો એ નથી રહી.[૨]

श्रेयोर्थं श्रीपार्श्वनाथादिबिंबसहस्र पित्तलमय । कोष्ठ कारितः श्री पुर्णिमापक्षे । भ । श्री महिमा। प्रभसुरिस्तत्पट्टे । भ । श्री भावप्रभसूरोणामुपदेशात् कृतमहोत्सवेन प्रतिष्ठापितश्च ढंढेरपाटक संबंधिता ॥

તેમજ સહસ્રકુટના ત્રિગડાની બેઠક ઉપર પણ લેખ છે, જે નીચે આપું છું:—

॥ संवत् १७७४ वर्षे ज्येष्ठ शुदि ८ सोमे । पत्तनमध्ये श्री श्रीमालीज्ञातीय वृद्धि शाखायां । दो । श्री वीरा सुत । दोसी श्री शिवजो सुत । दो । श्री मेघजी भार्यां सहिज वहू सुत । दो । श्री जयतसी भार्या रामवहू सुत । दोसी श्री तेजसी भार्या देवबाइ सुता पुजी । सुत गुलाब द्वि० भार्या राधावहु सुता लाहरषी । सुत मुल्कचंद प्रमुख सपरिवारयुतः दो । श्री तेजसीकेन स्वश्रेयोर्थं श्री पार्श्वनाथादिबिंबसहस्र पित्तलमय कोष्ठः कारितः ॥ पूर्णिमा पक्षे । भ० । श्री भावप्रभसूरिभिः प्रतिष्ठितः

બન્ને લેખોનો ભાવ એક સરખો છે. ઉપરના કરતાં નીચેના લેખમાં વંશાવલીનાં નામો વધારે છે, જ્યારે પ્રતિષ્ઠાપકની વંશાવલી નીચેના લેખ કરતાં ઉપરના લેખમાં વધારે છે. બન્ને લેખોનો ભાવાર્થ એક સાથે જ આપું છું એટલે વાંચકોને અનુકુળતા રહેશે.

સં. ૧૭૭૪માં પાટણનિવાસી શ્રી શ્રીમાલી જ્ઞાતિના, વૃદ્ધશાખીય, દોસી શ્રીયુત વીરા (વીરચંદભાઇ), તેમના પુત્ર દોસી શ્રી શિવજી, તેમના પુત્ર દોસી મેઘજી, તેમનાં પત્ની સહિજ વહૂ, તેમના પુત્ર દોસી જયતસી, તેમનાં પત્ની રામવહુ. તેમના પુત્ર દોસી તેજસી, તેમનાં પ્રથમ પત્ની દેવબાઇ, તેમનાં પુત્રી પૂંજી (બાઇ) અને પુત્ર ગુલાબ; તેજસીનાં બીજાં પત્ની રાધાવહુ, તેમની પુત્રી લાહરખી અને પુત્ર મલુકચંદ આદિ સમસ્ત કુટુંબના શ્રેય માટે તેજસીએ શ્રી પાર્શ્વનાથ આદિ હજાર મૂર્તિઓનું પિત્તળનું કોષ્ઠ—બેઠક સહસ્રકુટની ગાદી—(ઉપરનો વચ્ચેનો ભાગ) કરાવ્યો છે અને પ્રતિષ્ઠા પૂર્ણિમા પક્ષના ભટ્ટારક શ્રી મહિમાપ્રભસૂરિ તેમના પટ્ટધર શ્રી ભાવપ્રભસૂરિના ઉપદેશથી; મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી છે. આ સહસ્રકુટનું પિત્તલમય મંદિર ઢંઢેરવાડા સંબંધનુ છે.

૨. ઉપરના મંદિરમાં રત્નમય મૂર્તિનો લેખ છે પરન્તુ ત્યાં રત્નમય મૂર્તિ નથી. જ્યારે મણિયાતિ પાડામાં શેઠ લલ્લુચંદ મગનચંદને ત્યાં નાનું ઘરમંદિર છે તેમાં રત્નમય—સ્ફટિકની મૂર્તિ છે, જેના પારિકરમાં નીચે પ્રમાણે લેખ છે.

મૂલ અંદરનું મંદિર હાથીદાંતનું સુંદર બારીક કોરણીથી સુશોભિત છે. આગળનો ભાગ લાકડાનો છે.

" संवत् १६७३ वर्षे पौष कृष्ण पंचमी शुक्रे श्री पत्तननगरवास्तव्येन वृद्धशाखायां श्री श्रीमालीज्ञातीय दो० धनजी भार्या मरघाइ सुत दो. संतोषीकेन भार्या सहजलदेप्रमुख-कुटुम्बयुतेन स्व श्रेयसे श्री. रि [ष] भदेवपरिकरः कारितः प्रतिष्ठितश्च तपागच्छे भट्टारक पुरंदर भट्टारक श्रीहीरविजयसूरीश्वरशिष्य भट्टारक श्रीविजयसेनसूरीश्वराचलंकारहारानुकारि भट्टारकप्रभु भट्टारक श्रीविजयदेवसूरिभिरिति भद्रं ॥

આ સિવાય શ્રીહેમચંદ્રાચાર્યજી જૈનસભા, એનું પુસ્તકાલય પુસ્તકપ્રકાશન વિભાગ પણ જોવાયોગ્ય છે. નગીનદાસ 'કરમચંદ હોલમાં કેસરબાઈ જૈન જ્ઞાનમંદિર પુસ્તક પ્રકાશન વિભાગ, જૈન ધર્મશાળાઓ (લગભગ–૭) વગેરે વગેરે ઘણું ઘણું જોવા જેવું છે.

આ સિવાય દરવાજા બહારની મસ્જીદ કે જે પ્રાચીન મંદિરમાંથી મસ્જિદ બનેલ છે, તથા કાલિકાનું મંદિર જેમાં એક થાંભલામાં નીચે પ્રમાણે લખે છેઃ—

सं. १२८४ वर्षे श्रीमत्पत्तनवास्तव्य प्राग्वाट ठ. श्री पूनसिंह सूत ठ. श्री आह्लणदेवी कुक्षीभूः ठ. पेथडः

એક થાંભલામાં પરિકરના છંદ છે. તેમજ હમણાં ખોદકામ કરતાં નીકળેલ સહસ્ત્રલિંગ તળાવના અંશો–વિભાગો, રાણકવાવ, જૂનું પાટણ વગેરે વગેરે સ્થાનો ઘણા લોકો જોવા જાય છે. બાકી સરકારી મકાનો—બંગલાઓનો પણ પાર નથી. પણ આજે પાટણ જાણે નિસ્તેજ લાગે છે. સાથે જ પટણીઓનો આપસમાં જે પ્રેમ–સ્નેહ–સંગઠન અને સહકાર જોઈએ તેવો નથી. તેમાંયે જૈનોમાં તો પ્રેમ–સ્નેહ અને અમીભર્યો મીઠો સંબંધ અને સંગઠનની ખાસ ખામી જણાય છે. પાટણનો જૈન એક, અવિભક્ત, અખંડ બને આપસમાં પ્રેમ–સ્નેહ–અમીભર્યો મીઠો સંબંધ રાખે અને મારા–તારાના ભેદો ભૂલી જઈ એક બને એમ ઇચ્છું છું. અંતમાં અઢારમી સદીના પ્રસિદ્ધ યાત્રિક કવિ શ્રી શીલવિજયજીના શબ્દોમાં પાટણનું વર્ણન આપી આ લેખમાળા સમાપ્ત કરી દઉં છું—

"આવ્યા પાટણિ અતિ આદરી, પાસજી ભેટ્યા પંચાસરિ;
કોકો નારિંગો આરૂપ, પાસ અઢારે સુગુણ સ્વરૂપ.
વીસોત્તર સો જીનઆવાસ, દરિસણ આપિ લીલવિલાસ;
કુમારપાલ નિં વિમલપ્રધાન, ઈહાં ઉપના તે ગુણનિધાન.
હેમાચાર્ય તણિ વખાણિ, અઢારસય કોટીધજ જાણિ;
પાટણિ પનોતા શ્રાવક વસિં, ધરમકાર્ય કરતા ઉલ્હાસિ.
પાટણ નય પ્રસીધું જાણ........ ;
કુમારપાલ હુઓ ભૂપાલ, અઢાર દેસ[3] દયા પ્રતિપાલ.

સં. ૧૬૭૩માં પોષવદિ ૫ને શુક્રવારે પાટણનિવાસી વૃદ્ધશાખીય શ્રી શ્રીમાલીજ્ઞાતીય દોશી ધનજી તેમના પત્ની મરઘાબાઇ તેમના પુત્ર દોશી સંતોષીએ તેમના પત્ની સહજલદે પ્રમુખ કુટુમ્બ સહિત પોતાના કલ્યાણ માટે શ્રી ઋષભદેવ ભગવાનનું પરિકર કરાવ્યું જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી શિષ્ય શ્રી વિજયસેનસૂરિ અને તેમના પટ્ટાલંકાર શ્રી વિજયદેવસૂરિજીએ પ્રતિષ્ઠા કરાવી. ભદ્રં ભવતુ, કલ્યાણ થાઓ.

આ સ્ફટિકરત્નની મૂર્તિ ભવ્ય અને દર્શનીય છે. આ સિવાય પાટણમાં કમ્બોઇ પાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિ તેમજ મનમોહન પાર્શ્વનાથજીની મૂર્તિ પણ બે નવા મંદિરોમાં છે. કમ્બોઇ પાર્શ્વનાથજીની મૂર્તિ કમ્બોઇ તીર્થમાં બિરાજમાન કરેલ શ્રી કમ્બોઇ મનમોહન પાર્શ્વનાથજીનું સ્મરણ આપે છે. ખાસ દર્શન કરવા લાયક છે.

૩ જૈનધર્મમાં ભગવાન મહાવીર દેવના નિર્વાણ પછી એવા પ્રતાપી રાજપ્રતિબોધક મહાન આચાર્યો પાંચથી સાત થયા છેઃ—

ઇગ્યાર લાખ હયવરનું સૈન, ગલીઉં નીર પીઇ તે જૈન;
હેમાચાર્યથી સમકિત લહી, જીનમંદિર બહુ કીધાં સહી.
જીનહરબિંબ અનિ અનુકાર, ઉપાસરા નિ જીરણ ઉદ્ધાર;
રાજઋષીની ઉપમા ધરી, ગણધર પદવી તિણિં વરી.
આજ અનોપમ કીર્તિં જાસ, ઉત્તમ પુરૂષ લીલવિલાસ;
તીરથ થાપ્યાં સમકિત ધરી, અવિચલ કરણી રંગી કરી."

પાટણનો ગૌરવવન્તો ભૂતકાલીન ઇતિહાસ ભારતીય ઇતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાય તેવો છે. અવકાશ મળશે તો મારી ઇચ્છા પાટણ, પાલણપુર અને ભુગુકચ્છનો સ્વતંત્ર ઇતિહાસ લખવાની છે.

હું અહીં આ લેખમાળા સમાપ્ત કરું છું, પરન્તુ આ સાથે પાદવિહારી સાધુ મહાત્માઓને જરૂર થોડી વિનંતી કરી લઉં કે-આપના વિહાર દરમ્યાન જે જે પ્રાચીન તીર્થસ્થાનો કે પ્રાચીન મંદિરો અને પ્રાચીન ગામો આવે તેના લેખો અને ઇતિહાસ મલે તેને મોકલી ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે તો ઘણું ઘણું નવું જાણવાનું-અનુભવવાનુ મળશે. માટે આ તરફ પણ થોડો સમય આપવાની જરૂર છે.

પાટણથી અમે ચાણસ્મા થઇ કંબોઇ તીર્થની પ્રતિષ્ઠા કરાવવા કંબોઇ ગયા. આ ગામોનો ઇતિહાસ મેં પૂર્વે આપેલો છે એટલે તે સંબંધી વધુ નથી લખ્યું. ફક્ત સેંધા ગામનો પરિચય આપી આ લેખ સમાપ્ત કરીશ.

સેંધા

ચાણસ્માથી ૪-૪॥ માઇલ દૂર સેંધા ગામ આવેલું છે. અહીં સં.૨૦૦૨ના ચાતુર્માસમાં ગામ બહાર એક પાણીના ધરા પાસેથી સુંદર જિનપ્રતિમાજી નીકળ્યાં છે વાત એમ બની કે ત્યાંના પટેલની છોડી બીજી છોડીઓ સાથે રમતી હતી. એમાં એને થોડે ઊંચેથી કૂદકો મારતાં કંઇક વાગ્યું હાથથી થોડું ખોદતાં ગોઠણનો ભાગ હાથ આવ્યો. એને લાગ્યું કે રમવાની પાંચશેરી નીકળી. એણે બીજી છોકરીઓને કહ્યું પણ ખરું કે આ પાંચશેરી મને જડી છે તે મારી છે, પરન્તુ વધુ ખોદતાં આખી મૂર્તિ દેખાણી. આજુબાજુના પટેલ-ઠાકરડા-રબારી બધા ભેગા થયા. તેમણે આપસમાં નક્કી કર્યું કે આ તો

૧—સમ્રાટ સંપ્રતિના પ્રતિબોધક ધર્મગુરુ આર્ય સુહસ્તિસૂરિ.

૨—સમ્રાટ વિક્રમાદિત્ય પ્રતિબોધક મહાન્ જૈનાચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ.

૩—ગુર્જરેશ્વર રાજાધિરાજ પરમાર્હતોપાસક રાજર્ષિ કુમારપાલ તેમના પ્રતિબોધક કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી.

૪—મુગલકુલતિલક સમ્રાટ અકબર પ્રતિબોધક જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વરજી.

એમાં અકબર સિવાયના ત્રણે રાજાઓએ તો જૈનધર્મનો વિધિપૂર્વક સ્વીકાર કરી જૈનધર્મ પાળ્યો છે.

આવા બીજા પણ સમર્થ સૂરિપુંગવોનાં નામો મળે છે. શ્રી રત્નપ્રભસૂરિજીના ઉપદેશથી રાજા ઉપલદેવે જૈનધર્મ પાળી જૈનધર્મની પ્રભાવના કરી છે. આચાર્ય શ્રી બપ્પભટ્ટીસૂરીશ્વરજીના ઉપદેશથી આમ રાજાએ જૈનધર્મ સ્વીકારી જૈન શાસનની પ્રભાવના કરી છે. તેમજ સામાન્ય રાજા મહારાજાઓને પ્રતિબોધી અહિંસા ધર્મ પળાવનાર તો ઘણાયે જૈન સાધુસંતો, આચાર્યપુંગવો થયા છે જેની નોંધ હું જુદી જ આપવા ધારું છું.

વાણીયાના ભગવાન છે. પછી મૂર્તિને સીધી કરી. મૂર્તિ ઉપાડવા માંડી પણ ન ઊપડી. પછી પેલી ડોશીએ આવી કહ્યું: ભગવાન, ઊઠોને, કેમ બેસી રહ્યા છો? અહીં ક્યાંસુધી બેસી રહેશો? એની આ કાલી કાલી મધુર ભાષા પછી મૂર્તિને ઉપાડતાં જલદી જ ત્યાંથી મૂર્તિ ઊઠી. ગાડીમાં પધરાવી વાજતે ગાજતે ગામમાં લાવ્યા અને સાફ જમીનમાં પધરાવ્યા. બીજે દિવસે ચાણસ્મા અને આજુબાજુનાં ગામોમાં ખબર પહોંચ્યા. જૈનો આવ્યા, મૂર્તિને પોતાને ગામ લઈ જવાની માગણી કરી. પરંતુ સેધાના ગરીબ પણ ભાવિક ઠાકરડા અને રબારીઓએ ના પાડી કે અમે તેમ થાય, મૂર્તિ બીજે ગામ નહિ જ જાય. અમારું માથું જાય પણ ભગવાનને નહિ જવા દઈએ. પછી ત્યાંની બને કોમોએ ભેગા થઈ ઠરાવ કર્યો છે કે આ ભગવાનની મૂર્તિ જ્યાંસુધી આપણા ગામમાં છે ત્યાંસુધી કોઈએ શિકાર કરવો નહિ, મદિરાપાન કરવું નહિ, કોઈ જીવને મારવો નહિ, માંસ વગેરે ખાવાં નહિ. આ ઠરાવ વિરુદ્ધ કોઈ પણ વર્તે તો ભગવાનના ઘરનો ગુન્હેગાર. આ ઠરાવનો જો ભંગ થાય તો મૂર્તિ ભલે બીજે ગામ જાય. અત્યારે એક પતરાના મકાનમાં ઊંચી ગાદી ઉપર ભગવાન વિરાજમાન કર્યા છે. અમે દર્શને ગયા ત્યારે ગામવાળાઓ કહ્યું અમને તો કોઈને ઘેર ગમતું જ નથી. સમય મલે કે અહીં જ આવીએ છીએ. મૂર્તિ નીકળ્યા પછી આજુબાજુનાં ગામડાંઓમાંથી કોળી, ઠાકરડા, રબારી, હરિજનો વગેરે ઢોલ વગાડતાં વગાડતાં આવી ગયા, ભગવાન બાપજીને નમી ગયા. ભગવાનની મૂર્તિ બે ત્રણ ઠેકાણેથી ખંડિત છે, અને બે ત્રણ ઠેકાણે મૂર્તિ કાઢતા કોશ વગેરેનો ઉપયોગ કરતાં થયેલા તાજા ઘા જોઈ મેં પૂછ્યું આ કેમ આમ છે? પૂજારી કહે કે એ મૂર્તિ ખોદી કાઢતાં ઘા વાગી ગયા છે તેના લીસરકા છે મે કહ્યું, ના ના, કોઈક બીજો આવું કરી ગયો હશે. ત્યાં તો એક ઠાકરડો બોલ્યો, મહારાજ અમારા ભગવાનને કોઈ બીજો મારવા આવે તો ખરો? અહીંથી બીજો તો કોઈ જીવતોયે ન જાય. ગામવાળાને અત્યારે પ્રભુ મૂર્તિ ઉપર બહુ જ શ્રદ્ધા-પ્રેમ અને ભક્તિ છે. ગાયકવાડ સરકાર તરફથી તો હુકમ થઈ ગયો છે કે મૂર્તિ જૈનોને સોંપી દેવી. જૈનો લઈ શકે છે; કાયદો–પોલીસ એની મદદે છે. માત્ર જૈનો ગામવાળાની લાગણી ન દુભાય તેવી રીતે સમજાવટથી મૂર્તિ લઈ જવા ધારે છે.

મૂર્તિ સફેદ દૂધ જેવી પ્રાચીન અને ભવ્ય છે મૂર્તિ ઉપર લેખ નથી. નીચે વેલ કોતરેલી છે. ખાસ કાન, સહેજ નાક, હાથ વગેરે ખંડિત છે. મૂર્તિ બાવીશમા તીર્થંકર બાલબ્રહ્મચારી યદુકુલતિલક શ્રી નેમિનાથજીની છે. લગભગ શંખેશ્વરજીની શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની મૂર્તિ જેવડી ભવ્ય અને મનોહર છે. ગામવાળા જ્યાંસુધી પોતાના ઠરાવ ઉપર મક્કમ અને દૃઢ છે, અહિંસાનું અને મદિરાત્યાગનું પૂર્ણ પાલન કરશે ત્યાંસુધી તો મૂર્તિ અહીં છે જ. અહીંથી દર્શન કરી પાછા ચાણસ્મા આવવું પડે છે. કમ્બોઈથી પણ સેંધા દર્શને જવાય છે. સેંધામાં જ એક ઠેકાણે પાર્શ્વનાથ ભગવાનની ફણા પણ છે. બીજા દેવ–દેવીઓ પરિકરના કાઉસગ્ગીયા વગેરે જમીનમાંથી નીકળેલા છે. આ મૂર્તિઓ પ્રાયઃ અહીં રૂપપર મોટું છે, ત્યાંની હોય એમ લાગે છે. મુસલમાની યુગમાં આસમાની સુલતાનીના સમયે ભંડારી દીધી હશે, તે અત્યારે પ્રગટ થઈ હોય તેમ સંભવે છે. મૂર્તિ પરમ દર્શનીય છે. આ ચમત્કારી મૂર્તિનાં દર્શન સાથે જ વાચકો પણ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર પ્રાપ્ત કરે એ શુભેચ્છાપૂર્વક આ લેખમાળા પૂર્ણ કરું છું. —સંપૂર્ણ

પ્રશ્નોત્તર-પ્રબોધ

પ્રયોજક—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

(ક્રમાંક ૧૪૪ થી ચાલુ)

૩૫. પ્રશ્ન—કૃષ્ણલેશ્યાવાળા જીવોનું લક્ષણ (સ્વરૂપ) શું ?

ઉત્તર—સ્વભાવાદિમાં કર્કશતા, કઠોરપણું, ક્રોધ, અપશબ્દ બોલવા, વેર, દયારહિતપણું, અભિમાન, બીજાને હણવા પણ તૈયાર થવું, ખરાબ આચાર (કાયિક વ્યાપાર) વગેરે લક્ષણોથી જાણવું કે આ જીવ કૃષ્ણલેશ્યાના પરિણામવાળો છે. એમ કર્મગ્રંથટીકા, સંવેગ ભાવાદિમાં જણાવ્યું છે. ૩૫

૩૬. પ્રશ્ન—નીલલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

ઉત્તર—માયા-દંભ કરવામાં ચાલાકી, લાંચ ખાવામાં હુશિયારી, અસત્ય (જૂઠ) બોલવું, વિષયાદિમાં આસક્તિ, મનની અસ્થિરતા, આળસ, કાયરપણું, અભિમાન વગેરે લક્ષણોથી નીલલેશ્યાવાળા જીવો પારખી શકાય છે. અને પોતાની ચાલુ લેશ્યાનો પણ નિર્ણય કરી શકાય છે, એમ કર્મગ્રંથ ટીકાદિમાં જણાવ્યું છે. ૩૬

૩૭. પ્રશ્ન—કાપોતલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

ઉત્તર—આરંભમાં આસક્તિ, પાપકર્મને બંધાવનારા કાર્યોને સારા ગણવું, નફા-તોટાનો વિચાર નહિ કરવો, ક્રોધ, શોક, પરની નિંદા કરવી, પોતાની બડાઈ મારવી, લડવામાં સામા માણસને ત્રાસ ઉપજાવવો, ખેદ, વગેરે લક્ષણોથી કાપોતલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૩૭

૩૮. પ્રશ્ન—તેજોલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

ઉત્તર—દક્ષપણું, સંવર ભાવના, કરુણા, સરલતા, દાન, શીલ, સંતોષ, વિદ્યા, ધર્મ-રુચિ, વિવેક, ક્ષમા, પાપનાં કારણોનો પરિહાર વગેરે લક્ષણોથી તેજોલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૩૮

૩૯. પ્રશ્ન—પદ્મલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

ઉત્તર—ધર્મમાં તથા સંકટના સમયે ધૈર્ય રાખવું, સ્થિરતા, દયા, પ્રભુપૂજા, દાન, વ્રતનું ધારણ કરવું આનંદી-પ્રસન્ન સ્વભાવ તથા ચહેરો, પોતાનું અને પરનું ભલું કરવાની ભાવના, ક્ષમા, નમ્રતા વગેરે લક્ષણોથી પદ્મલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૩૯

૪૦. પ્રશ્ન—શુક્લલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

ઉત્તર—તીવ્ર ધર્મ બુદ્ધિ, અપક્ષપાત, પાપકર્મનો પરિહાર, શોક નિંદાનો ત્યાગ, રાગદ્વેષનો ત્યાગ, પરમાત્મદશાની સંપ્રાપ્તિ (લાભ) વગેરે લક્ષણોથી શુક્લલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૪૦

૪૧. પ્રશ્ન—કૃષ્ણલેશ્યા વગેરે છએ લેશ્યાનું ફલ શું ?

ઉત્તર—કૃષ્ણલેશ્યાનું ફલ નારકપણું, નીલલેશ્યાનું ફલ સ્થાવરપણું, કાપોતલેશ્યાનું ફલ તિર્યંચપણું, તેજોલેશ્યાનું ફલ મનુષ્યપણું, પદ્મલેશ્યાનું ફલ દેવપણું અને શુક્લ લેશ્યાનું ફલ મોક્ષ જાણવું. અહીં પરિણામિ જીવને જ પરિણામ વિશેષરૂપ લેશ્યા હોય, તેથી જે લેશ્યાનાં લક્ષણો જણાવ્યાં, તે સર્વ લક્ષણો અભેદનયની વિવક્ષાએ લેશ્યાવંત જીવોના સમજવા. ૪૧

૪૨. પ્રશ્ન—શ્રી. જૈનેન્દ્રાગમોના અનુભવથી પ્રસિદ્ધ જ છે કે (૧) જેવી મતિ હોય, તેવી જ ગતિ થાય, ને (૨) જેવી ગતિમાં જવાનું હોય, તેવી જ મતિ થાય. આ બે વાક્યોનું યથાર્થ રહસ્ય શું સમજવું?

ઉત્તર—આયુષ્યના બંધકાલની અપેક્ષાએ પહેલું વાક્ય ઘટાવવું અને પરભવ જવાની નજીકના કાલની અપેક્ષાએ બીજું વાક્ય ઘટાવવું, એટલે આગામિ ભવનું આયુષ્ય બાંધવાના સમયે જેવી મતિ હોય, તેવી જ ગતિ થાય. આ રીતે કહેવાનું તાત્પર્ય એ છે કે—આગામિ-ભવનું આયુષ્ય બાંધવાના ટાઇમે જેવી મતિ એટલે ભાવના વર્તતી હોય, તેવા આયુષ્યનો બંધ થાય-ઘણું કરીને આવો પ્રસંગ ઘણાં જીવોને પર્વતિથિમાં બને છે. માટે જ શ્રી. મહાનિશીથાદિ શાસ્ત્રોમાં પરમ ઉલ્લાસથી નિયાણાની ભાવનાનો ત્યાગ કરીને વિધિ-પૂર્વક પર્વતિથિઓની આરાધના કરવાનું કહ્યું છે-તે વખતે આત્મા જો સારી ભાવનાઓ ભાવતો હોય, ને સારી રીતે ધર્મારાધન કર્યું હોય, તો શુભ ગતિનું આયુષ્ય બાંધે છે; ને તેથી ઉલટી યોગ પ્રવૃત્તિ કરતો હોય, તો અશુભ ગતિનું આયુષ્ય બાંધે છે. આને અંગે શ્રી. મહાવીરચરિત્ર આદિમાં જણાવ્યું છે કે, નયસાર વગેરે ઘણાં જીવોએ સુપાત્ર દાન વગેરે કારણે શુભ આયુષ્ય બાંધ્યું ને ગર્ભિણી હરિણીને હણતાં મલિન ભાવનાદિ કારણે શ્રેણિક રાજા વગેરે જીવોએ નરકાયુષ્યાદિ અશુભ આયુષ્ય બાંધ્યું હતું. તે પ્રમાણે કૃષ્ણ-વાસુદેવે પણ ૩૦ યુદ્ધ કરવાનો પ્રસંગ, મહારંભાદિ કારણે નરકાયુષ્ય બાંધ્યું હતું. આ રીતે 'મતિ તેવી ગતિ' આ વાક્યનું રહસ્ય જણાવી હવે 'ગતિ તેવી મતિ' આ વાક્યનું રહસ્ય જણાવું છું તે આ પ્રમાણે. જ્યારે મરણની નજીકનો સમય હોય, એટલે પરભવમાં જવાનો થોડો ટાઇમ બાકી હોય, ત્યારે જે ગતિમાં જવાનું હોય, તેવાં ચિહ્નો જણાય છે. એટલે જેઓ શુભ ગતિમાં જવાના હોય તેમની ભાવના, ભાષા ને પ્રવૃત્તિ સારી જણાય. અહીં દૃષ્ટાંત તરીકે-મુક્તિમાં જનારા જીવો, સર્વાર્થ સિદ્ધ વિમાનના જીવો, ધન્ય કુમાર, શાલીભદ્ર વગેરે જાણવા. ને જે જીવો અશુભ ગતિમાં જવાના હોય, તેમની ભાવના વગેરે અશુભ જણાય. અહીં દૃષ્ટાંત તરીકે કૃષ્ણ વાસુદેવને લઇ શકાય. તેમને નરકમાં જવાના નજીકના સમયે જરાસંધને મારવાની ભાવના વગેરે ચિહ્નો પ્રગટ થયાં હતાં. વિશેષ બીના શ્રી. સંવેગમાલા વગેરેમાંથી જાણવી. ૪૨

૪૩. પ્રશ્ન—આત્મતત્ત્વનું સ્વરૂપ શું?

ઉત્તર—જે કર્મનો કર્તા, અને તેના ફલને ભોગવે, બાંધેલા કર્મના ઉદયાનુસારે જુદી જુદી ગતિમાં ફરે, ને સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની નિર્મલ સાધના કરી મોક્ષમાં જાય તે આત્મા કહેવાય. અથવા જ્ઞાનાદિ પર્યાયોને 'अतति=प्राप्नोतीति आत्मा' પામે, તે આત્મા કહેવાય છે. કહ્યું છે કે:—

यः कर्त्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ॥
संसर्त्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥१॥

દ્રવ્યાસ્તિક નયના વિચારે આત્મા નિત્ય છે. પર્યાયાસ્તિક નયના વિચારે આત્મા અનિત્ય છે. આ રીતે સ્યાદ્વાદ શૈલીએ આત્મા નિત્ય પણ કહેવાય, ને અનિત્ય પણ કહેવાય. એમ માનીએ તો જ જાતિસ્મરણાદિ ઘટી શકે. ધર્માસ્તિકાયાદિ ત્રણ અરૂપિ પદાર્થોના જેટલા પ્રદેશો છે, તેટલા જ પ્રદેશો આત્માના કહ્યા છે. તે સર્વ પ્રદેશો કર્માનુસારે પ્રાપ્ત થયેલા નાના કે મોટા શરીરમાં ફેલાઇને રહે છે. માંહો માંહે તેઓ સાંકળની કડીઓની માફક કાયમ સંબદ્ધ જ (જોડાયેલા જ) રહે છે. કોઇ પણ કાળે આત્માનો એકાદે પ્રદેશ છૂટો પડયો નથી, પડતો નથી, ને પડશે પણ નહિ. માટે જ જેમ પુદ્ગલોના પરમાણુ જણાવ્યા તેમ આત્માના પરમાણુ જણાવ્યા નથી, તે વાજબી જ છે. કારણ કે પુદ્ગલ સ્કંધમાંથી પરમાણુ છૂટો પડે, પણ આત્મપ્રદેશ છૂટો ન પડે. બારીના બારણાની તડમાં ગરોળીની પૂછડી ભરાતાં કપાઇને પછી જડ બની જાય છે. તેમાં હકીકત એ બને છે કે, આપણને સામાન્યથી જોતાં તો એમ લાગે છે કે, પૂંછડીનો આત્મા જુદો, ને બાકીના શરીરમાં રહેલો આત્મા જુદો છે. પણ ખરી રીતે તેમ જુદો જુદો આત્મા છે જ નહિ. શરીરના બને વિભાગમાંના આત્મપ્રદેશો સંબદ્ધ છતા અરૂપી હોવાથી આપણે જોઇ જ શકતા નથી. પૂછડી સિવાયના શરીરમાં રહેલા આત્મા જ્યાં સુધી પૂછડીમાં રહેલા આત્મપ્રદેશોને સંપૂર્ણ ખેંચી ન લે, ત્યાંસુધી પૂંછડી તરફડે છે તે બધા આત્મપ્રદેશો ખેંચાઈ ગયા પછી તે જડ બની જાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી આત્માના ૧ સ્કંધ, ૨ દેશ, ૩ પ્રદેશ આ ત્રણ ભેદો શ્રી. જૈનેન્દ્રાગમોમાં જણાવ્યા છે. આત્મપ્રદેશો નાના શરીરમાં સંકોચાઇને ને મોટા શરીરમાં ફેલાઇને રહે છે; એમ શ્રી. તત્ત્વાર્થસૂત્રના "संकोचविकासधर्मत्वादात्मप्रदेशानामिति" આ વચનથી જાણી શકાય છે. એટલે આત્મપ્રદેશોનો સંકોચ પણ થઇ શકે, ને વિકાસ પણ થઇ શકે છે. આથી નાના શરીરમાં ઓછા આત્મપ્રદેશો અને મોટા શરીરમાં વધારે આત્મપ્રદેશો માનવા, એ તદ્દન ગેરવાજબી છે. પ્રદેશસંખ્યાની અપેક્ષાએ કીડી વગેરેનો આત્મા ને હાથી વગેરેનો આત્મા સરખો જ છે. જેમ ચૂલા ઉપર ઉકળતા પાણીમાં નીચેનું પાણી ઉપર આવે ને ઉપરનું પાણી નીચે જાય, તેમ પગ વગેરે વિભાગમાં રહેલા આત્મપ્રદેશો ઉપર મસ્તક સુધી પણ જાય, ને ત્યાંના આત્મપ્રદેશો નીચે પગના તળિયા સુધી પણ જાય છે. આવા જ સ્વરૂપવાળો આત્મા અનાદિ છે, એટલે તેને કોઇએ બનાવ્યો નથી. જેમ ઘાટ વગેરેનો કર્તા કુંભાર વગેરે હોય છે, તેમ આત્માના કર્તા કોઇ નથી, પણ તે આત્મા વિવિધ કર્મો વગેરેનો કર્તા છે એટલે કર્મોને બાંધે છે. જ્યાં સુધી યોગક્રિયા ચાલુ છે ત્યાં સુધી કર્મબંધ જરૂર થાય જ. આવાં અનેક કારણોને લક્ષમાં લઇને શ્રી. સિદ્ધસેન દિવાકરજીએ શ્રી. ભગવતીસૂત્રના 'जावंणं एस जीवे एयइ' ઇત્યાદિ વચનને અનુસાર જણાવ્યું છે કેઃ— 'जोगनिमित्तं कम्मं बंधइ' ઇત્યાદિ. વિશેષ બીના શ્રી. વિશેષાવશ્યકાદિ તથા સમ્મતિ ટીકાદિથી જાણવી. આ પ્રસંગે જરૂર આ બીના યાદ રાખવી કે, એક ચાર્વાક સિવાય બધા દર્શનકારો જુદા જુદા સ્વરૂપે આત્માને માને જ છે. તેમાં સ્યાદ્વાદ દર્શનના ઉપાસકોની સર્વજ્ઞ વચનાનુસારે એવી માન્યતા છે કે, અનાદિ આત્માને કર્માનુસારે જુદી જુદી ગતિમાં ભમવારૂપ સંસાર અનાદિ કાલથી જ ચાલુ છે. આ સંસારનું સ્વરૂપ જણાવ્યું છે કે, તે દુઃખરૂપ છે, અને હાલ દુઃખ રૂપ જ ફલને દેનાર છે, ને ભવિષ્યમાં પણ દુઃખ

ઉપર દુઃખ આપનાર તે સંસાર છે. કહ્યું છે કે:—" इह खलु अणाई जीवे, अणाई जीवस्स भवे, अणाइ कम्मसंजोगनिव्वत्तिए, दुक्खरूवे, दुक्खफले दुक्खाणुबंधे " ઇત્યાદિ દરેક સંસારી આત્માને અનાદિ કર્મના સંબંધને લઇને જુદી જુદી સ્થિતિનો અનુભવ કરવો પડે છે. આ જ કારણથી આત્માનું ને કર્મનું સ્વરૂપ જરૂર સમજવું જોઇએ, જેથી વસ્તુની ઓળખાણ થાય, તે લક્ષણ કહેવાય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, વીર્ય, ઉપયોગ વગેરે ધર્મોદ્વારા આત્માની પિછાણ થાય છે, માટે તે તેનું લક્ષણ કહેવાય. આગમ પ્રમાણથી આત્મસત્તાનો વિચાર કરતાં જેમ શ્રી સમવાયાંગ વગેરે પવિત્ર આગમોમાં "एगे आया" વગેરે ઘણાં પાઠો મળી શકે છે, તેવી રીતે અન્ય દર્શનિયો પણ "स वै आत्मा ज्ञानमय" ઇત્યાદિ વચનથી આત્માને માને જ છે. જૈનદર્શન પ્રત્યક્ષપ્રમાણથી આ રીતે આત્માને સાબીત કરે છે—સર્વ જીવોને ઓછા વધતા પ્રમાણમાં જ્ઞાન ગુણ પ્રત્યક્ષપણે અનુભવાય છે. આ બાબતમાં અવગ્રહાદિ ભેદોનો અનુભવ સાક્ષી પૂરે છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. તેનો આધાર જે હોય, તે જ આત્મા છે. કારણ કે જેવો ગુણ હોય તેવો જ ગુણી હોવો જોઇએ એવો નિયમ છે, માટે જ્ઞાન એ આત્માનો જ ગુણ માનવો જોઇએ તેમ છતાં અન્ય દર્શનીઓમાંના કેટલાએક વિદ્વાનો એમ માને છે કે, પંચ ભૂતમાંથી જ્ઞાન પ્રકટ થાય છે. માટે પંચ ભૂતોનો ગુણ જ્ઞાન છે, પણ તે આત્માનો ગુણ નથી. તેઓની આ માન્યતા વાજબી નથી. કારણ કે જેમ પૃથ્વીમાં (માટીમાં) કઠીનપણું સર્વ સ્થળે સર્વ સમયે જણાય છે, તેમ જો જ્ઞાન પંચ ભૂતનો ગુણ હોય તો તે જ્ઞાન સર્વ સ્થળે સર્વ સમયે પંચ ભૂતમાં કેમ જણાતું નથી. અને ઢેફુ અને મૃતક આદિમાં જ્ઞાનનો અભાવ ન હોવો જોઇએ. હવે કદાચ તેઓ એમ કહે કે ઢેફા વગેરેમાં અમે શક્તિરૂપે ચતન્ય (જ્ઞાન) માનીએ છીએ તો અહીં જૈનો તેમને પૂછે છે કે તમે શક્તિને ચૈતન્યસ્વરૂપ માનો છો કે તેથી વિલક્ષણ માનો છો ? જો તમે શક્તિને ચૈતન્ય સ્વરૂપ માનશો, તો તે ચૈતન્યસ્વરૂપ શક્તિનો ઉપલંભ (પ્રતીતિ) કેમ ન થાય ? અર્થાત્ ચૈતન્યની પ્રતીતિ ઢેકું વગેરેમાં થવી જોઇએ, પણ થતી નથી માટે શક્તિને ચૈતન્યસ્વરૂપ મનાય જ નહિ અને જો તે શક્તિને ચૈતન્યથી વિલક્ષણ એટલે જુદા સ્વરૂપવાળી માનશો તો તે પણ ગેરવાજબી છે. કારણ કે જેમ ઘટ અને પટ એ પદાર્થ વિલક્ષણ હોવાથી "પટત્વ ધર્મે કરી પટમાં ઘટ છે," એમ કહી શકાય નહિ, તેમ શક્તિ રૂપે ચૈતન્ય ઢેકું વગેરેમાં માનવું એ પણ ગેરવ્યાજબી છે. કારણ કે ઢેકું વગેરે પદાર્થો અને ચૈતન્ય બંને વિલક્ષણ છે માટે જ કહ્યું છે કે —

> रूपान्तरेण यदि त—त्सदेवास्तीति मा रटीः ॥
> चैतन्यादन्यरूपस्य भावे तद्विद्यते कथं ॥२॥

આ શ્લોકનો અર્થ ઉપર જણાવી દીધો છે. વિશેષ બીના શ્રીમલયગિરિ મહારાજે બનાવેલી શ્રીઆવશ્યકસૂત્રવૃત્તિ વગેરેમાંથી જાણવી. વળી જૈનશાસ્ત્રકાર —તે (ચૈતન્યને

પંચ ભૂતનો ધર્મ માનનાર) વાદીને પૂછે છે કે સમુદિત પાંચે ભૂતોનો તે ધર્મ છે, એમ માનો છો? આ બાબતમાં ચૈતન્ય એ દરેક ભૂતનો ધર્મ છે એમ તો કહી શકો તેમ નથી. કારણ કે દરેક પૃથ્વી આદિમાં ચૈતન્યનો અનુભવ થતો નથી. કદાચ એમ કહો કે દરેક પરમાણુમાં ચૈતન્યનો અનુભવ થાય છે, તો તેમ પણ ન કહી શકાય, કારણ કે, તેમ માનવાથી ચૈતન્યનો એક સ્વભાવ માની શકાશે નહિ. જેમ હજાર પુરુષોનું ચૈતન્ય જૂદું જૂદું છે, તેમ પરસ્પર જૂદા જૂદા સ્વભાવવાળું ચૈતન્ય માનવાનો અનિષ્ટપ્રસંગ ઉપસ્થિત થશે અને ચૈતન્યનો એકસ્વભાવ તો 'अहं पश्यामि, अहं करोमि' ઇત્યાદિ સ્થલે સ્પષ્ટ જણાય છે ને તે સ્વાનુભવ સિદ્ધ પણ છે. માટે સાબિત થયું કે દરેક ભૂતનો ધર્મ ચૈતન્ય મનાય જ નહિ.

હવે સમુદિત (સમુદાય રૂપે રહેલા) પાંચે ભૂતનો ધર્મ ચૈતન્ય છે એમ પણ કહેવું અનુચિત છે, કારણ કે જ્યારે દરેક ભૂતમાં ચૈતન્ય નથી તો પછી ભૂત સમુદાયમાં તો તે ક્યાંથી જ હોય? અર્થાત્ ન જ હોઈ શકે. અહીં દૃષ્ટાંત એ કે જેમ રેતીના દરેક કણીયામાંથી તેલ નીકળતું નથી, તો રેતીના સમુદાયમાંથી પણ તેલ ન જ નીકળે એ સમજાય એવી બીના છે. તેવી રીતે દરેક ભૂતમાં રહેતું નહિ ધરવતું ચૈતન્ય પણ સમુદિત પંચ ભૂતોમાં પણ ન જ માની શકાય. આથી સાબિત થયું કે, ચૈતન્યને પંચભૂતનો ધર્મ, કે દરેક ભૂતનો ધર્મ છે; એમ કહેવાય જ નહિ. કદાચ વાદી જૈન શાસ્ત્રકારને એમ કહે કે "જેમ મહુડાના દરેક અવયવમાં મદશક્તિ જણાતી નથી છતાં વધારે મહુડાનો સમુદાય ભેગો થવાથી મદશક્તિ ઉત્પન્ન થાય છે, તેમ દરેક ભૂતમાં ચૈતન્ય વિદ્યમાન નથી છતાં ભૂત સમુદાયમાં હું ચૈતન્ય માનું છું," વાદીનું આ વચન સાંભળીને જૈન શાસ્ત્રકાર વાદીને કહે છે કે વાદી! તું મહુડાની સાચી બીના જાણતો જ નથી ખરી હકીકત એ છે કે દરેક મહુડામાં મદશક્તિ અમુક અંશે (દેશથી) રહેલી જ છે. તે જ મદશક્તિ મહુડાના સમુદાયમાં સર્વાંશે પ્રકટ થાય છે. એવું પંચભૂતમાં થતું જ નથી, કારણ કે દરેક પૃથ્વી આદિમાં દેશથી પણ ચૈતન્યની પ્રતીતિ થતી જ નથી, તો પછી ભૂત સમુદાયમાં તો ચૈતન્યની પ્રતીતિ ન જ થાય એ સમજાય તેવી બીના છે. વૃશ્ચિક જ્યારે પણ પરોપકાર કરવાના પવિત્ર આશયવાળા જૈન શાસ્ત્રકારો વાદીને કહે છે કે હે વાદી! જેવો ધર્મ (ગુણ) હોય, તેવો જ ધર્મી હોવો જોઈએ. અહીં પંચભૂત અને ચૈતન્યની બાબતમાં આ નિયમ લગાર પણ ઘટતો નથી. કારણ કે જ્યારે ચૈતન્ય એ બોધસ્વરૂપ છે, ને અરૂપી છે, ત્યારે પંચભૂત એ જડ અને રૂપી હોવાથી ચૈતન્યથી તદ્દન વિલક્ષણ છે. પંચભૂતનો ધર્મ ચૈતન્ય છે એમ કહી શકાય જ નહીં તથા તે પંચભૂતને ચૈતન્યના કારણ તરીકે માનવા, તે પણ અનુચિત છે. કારણ કે તેમ માનવાથી પ્રાણિમય (તમામ જગત) છે એમ માનવાનો અનિષ્ટ પ્રસંગ ઉપસ્થિત થશે, જે તમારે ઇષ્ટ નથી જ. આ બાબતમાં પરિણતિ વિશેષનું પણ બહાનું કાઢવું એ પણ અઘટિત છે. વિશેષ બીના આવશ્યકવૃત્તિ વગેરે શાસ્ત્રોથી જાણવી. ૪૦

(ચાલુ)

ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય

(લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

જૈન આગમિક સાહિત્યના અભ્યાસીને આ ચાર શબ્દો સુપરિચિત છે, કેમકે સાર્થ-વાહના પ્રસંગમાં એ આવે છે.

નાયાધમ્મકહાના પહેલા સુયક્ખંધના આઠમા અજ્ઝયણ (સુત્ત ૬૯)માં નિમ્નલિખિત પંક્તિમાં આ ચાર શબ્દોના ગણિમ, ધરિમ, મેજ્જ અને પારિચ્છેજ્જ એ પાઇય રૂપો જોવા મળે છે:—

"सेयं खलु अम्हं गणिमं धरिमं च मेज्जं च पारिच्छेज्जं च भंडगं गहाय"

આમ આ ચાર શબ્દો વિષે 'અંગ'માં ઉલ્લેખ છે એટલે એને શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીના કેવલિ-જીવન જેટલા પ્રાચીન ગણી શકીએ.

જેમ કવલાહારના અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એમ ચાર પ્રકારો છે અને માલ્યવિધના [1]ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ એમ ચાર પ્રકારો છે તેમ જાતજાતની વેચવાની-ખરીદવાની ચીજોના પણ ચાર પ્રકારો છે અને એનો આ લેખના શીર્ષકમાં ઉલ્લેખ કરાયો છે.

શાબ્દિક નિષ્પત્તિ—ગણિમ અને ધરિમ શબ્દની નિષ્પત્તિ ખાદિમ, સ્વાદિમ, ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ એ શબ્દોની નિષ્પત્તિને મળતી આવે છે. ગણિમ અને ધરિમ એ શબ્દોમાં મૂળ ધાતુ અનુક્રમે गण् અને धृ છે. इम એ પ્રત્યય લાગતાં આ શબ્દો બને છે.

અર્થ—નિસીહ (ઉ. ૧)ની ચુણ્ણિમાં 'ગણિમ'ને અંગે નીચે મુજબ ઉલ્લેખ છે:—

'गणिमं जं दुगाइयाए गणणाए गणिज्जति तत्र हरीतक्यादि "

કહેવાની મતલબ એ છે કે જે બે ઇત્યાદિ ગણતરીએ ગણાય તે 'ગણિમ' છે. જેમકે હરડે વગેરે.

ગણિમાદિનો અર્થ નાયાધમ્મકહાની વૃત્તિ (પત્ર ૧૩૬ અ)માં અભયદેવસૂરિએ નીચે મુજબ સમજાવ્યો છે:

" गणिमं—नालिकेरपूगीफलादि यद् गणितं सत् व्यवहारे प्रविशति; धरिमं—यत् तुलाधृतं सद् व्यवह्रियते; मेयं—यत् सेतिका पल्यादिना मीयते; पारिच्छेद्यं—यद् गुणतः परिच्छेद्यते—परीक्ष्यते वस्त्रमण्यादि "

આનો અર્થ એ છે કે નાળિયેર, સોપારી વગેરે 'ગણિમ' છે. જેનો વ્યવહાર ગણતરી ઉપર અવલંબે છે તે 'ગણિમ' છે. જેનો વ્યવહાર ત્રાજવામાં તોળીને કરાય છે તે 'ધરિમ' છે. જે સેતિકા, પલ્ય વગેરે દ્વારા મપાય છે તે 'મેય' છે. જેની ગુણ દ્વારા પરીક્ષા કરાય છે તે 'પારિચ્છેદ્ય' છે. વસ્ત્ર, મણિ વગેરે પારિચ્છેદ્ય છે.

આ સંબંધમાં અર્થદીપિકા (પત્ર ૧૦૦ આ)માં જે નીચે મુજબનું અવતરણ છે તે વિશેષ પ્રકાશ પાડે છે:—

" गणिमं जाईफलफोप्फलाइ धरिमं तु कुंकुमगुडाई ।
मेज्जं चोप्पडलोणाइ रयणवत्थाइ परिछेज्जं ॥ "

---

[1] આ ચાર શબ્દના અર્થ ઇત્યાદિનો વિચાર મેં "ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ" એ નામના મારા લેખમાં કર્યો છે. જુઓ જૈન સત્ય પ્રકાશ (વ. ૧૨, અં. ૧૨)

આનો ભાવાર્થ એ છે કે જાયફળ, ફોફલ (સોપારી) વગેરે 'ગણિમ' છે. કેસર, ગોળ વગેરે 'ધરિમ' છે. ઘી તેલ વગેરે પદાર્થ જેને અહીં ચોપ્પડ કહેલા છે તે અને મીઠું વગેરે 'મેય' છે. રત્ન, વસ્ત્ર વગેરે 'પરિચ્છેદ્ય' છે. અહીં સુરતમાં મીઠું વજન પર અપાય છે એટલે આ શહેરની અપેક્ષાએ એ 'ધરિમ' ગણાય, પણ મુંબઇમાં એ ટીપરી, પાલી એમ માપ પર અપાય છે એટલે એ શહેરની અપેક્ષાએ એ 'મેય' ગણાય. મુંબઇ જેવા શહેરને ઉદ્દેશીને ઉપર્યુક્ત ગાથામાં મીઠાને 'મેય' ગણ્યું હોવું જોઇએ. સુરતમાં તેલ માપથી અપાય છે અને અન્યત્ર પણ તેમ થતું હશે એમ 'મણનું માપ' એ અર્થ દર્શાવનાર 'મણીકો' શબ્દ ઉપરથી જાણી શકાય છે. આથી ચોપ્પડનો મેય તરીકેનો નિર્દેશ સમુચિત છે. દૂધ પણ મેય છે. એ પણ માપીને અપાય છે.

અણુઓગદ્દારના ૧૯મા સુત્તમાં, 'સત્થવાહ' શબ્દ વપરાયો છે. એને માટે સંસ્કૃતમાં 'સાર્થવાહ'[1] શબ્દ છે. 'સત્થવાહ'નું સ્વરૂપ અણુઓગદ્દાર ચુણ્ણિ (પૃ. ૧૧)માં નીચે મુજબ આલેખાયું છે:—

"रायाणुण्णातो चतुव्विहं दविणजायं गणिमधरिममेज्जपारिच्छेज्जं घेत्तुं लाभत्थी विसयंतरगामी सत्थवाहो"

અર્થાત્ રાજાની રજા મેળવી ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય એમ ચાર પ્રકારના દ્રવ્યના સમૂહને લઇને લાભ મેળવવાના ઇરાદે દેશાંતર જનારો તે 'સાર્થવાહ' છે. આ ભાવાર્થ તેમજ એને લગતી વિશેષ હકીકત હરિભદ્રસૂરિએ અણુઓગદ્દારની વૃત્તિ (પત્ર ૧૬)માં નીચે મુજબનાં બે પદ્યો અવતરણરૂપે રજૂ કરી વ્યક્ત કર્યાં છે:—

"गणिमं धरिमं मेज्जं पारिच्छेज्जं व दव्वजायं तु ।
घेत्तूण लाभट्ठी वच्चइ जो अन्नदेसं तु ॥
निवबहुमओ पसिद्धो दीणाणाहाण वच्छलो पंथे ।
सो सत्थवाह नामं धणो व्व लोए समुव्वहति ॥"

આ બે પદ્યો, નહિ જેવા પાઠભેદપૂર્વક મલયગિરિસૂરિએ જીવાજીવાભિગમની વૃત્તિ (પત્ર ૨૮૦અ)માં તેમજ 'મલધારી' હેમચન્દ્રસૂરિએ અણુઓગદ્દારની વૃત્તિ (પત્ર ૨૩આ)માં આપ્યાં છે. એનું તાત્પર્ય એ છે કે ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્યરૂપ દ્રવ્યના સમૂહને લઇને જે લાભાર્થી અન્ય દેશમાં જાય છે અને જે રાજાનો ખૂબ માનીતો છે, જે પ્રસિદ્ધ છે, જે દીન અને અનાથનું માર્ગમાં વત્સલતાપૂર્વક રક્ષણ કરે છે તે [2]ધન્ય સાર્થવાહની જેમ લોકમાં 'સત્થવાહ' એવું નામ ધારણ કરે છે.

ગણિમ ઇત્યાદિ વિષે તેમજ સાર્થવાહને અંગે ઇશારારૂપે આટલું કથન કરી આ લઘુ લેખ પૂર્ણ કરાય છે.

ગોપીપુરા, સુરત, તા. ૧-૬-૪૭

---

૧ સાર્થને-સથવારાને લઇ જાય-દોરે તે 'સાર્થવાહ'. એને ગુજરાતીમાં 'વણજારો' કહે છે.

૨ આનો જે અધિકાર આવસ્સયચુણ્ણિ (પૂર્વભાગ પત્ર ૧૩૧-૧૩૨)માં છે એથી કોઇ વિશેષ પ્રાચીન જાણવાજોવામાં નથી.

જૈન દર્શનનો સમન્વયવાદ*

અનુવાદક—શ્રીયુત પં. અંબાલાલ પ્રેમચંદ શાહ

ખ્રિસ્તાબ્દ પૂર્વની છઠ્ઠી અને પાંચમી શતાબ્દીમાં બિહારે બે લોકોત્તર વિભૂતિઓને જન્મ આપ્યો, જેમણે વિચાર-સંસારમાં ક્રાંતિ મચાવી દીધીઃ એક તરફ વૈશાલીના વર્દ્ધમાન મહાવીરે જૈનધર્મની સ્થાપના કરી, અને બીજી તરફ કપિલવસ્તુના સિદ્ધાર્થ ગૌતમે તે મહાન બુદ્ધ ધર્મને જન્મ આપ્યો, જેમનાં કિરણો બિહારના વિહારોથી ફૂટીને વિશ્વ-ભૂમંડલના સુદૂરતમ ક્ષિતિજ સુધી ફેલાઈ ગયાં. જો કે બિહારને આ બંને ધર્મના ઉદ્‌ગમ-સ્થાન થવાનું ગૌરવ પ્રાપ્ત છે, તથાપિ આશ્ચર્ય એ છે કે આજ બંનેય પોતાના ઉદ્‌ગમ સ્થાનથી નિર્વાસિતપ્રાય બની ચૂક્યા છે.

અવતરણ—જૈનોની માન્યતા અનુસાર જૈનધર્મ શાશ્વત છે, અને કલ્પ-કલ્પમાં 'તીર્થં-કરો' દ્વારા આનો પ્રચાર અને પ્રસાર થતો રહ્યો છે. વર્તમાન કલ્પમાં પ્રથમ તીર્થંકર હતા ઋષભદેવ. અને ઋષભદેવની પછી ક્રમથી ચોવીસમા તીર્થંકર થયા વર્દ્ધમાન મહાવીર, જેમનો જન્મ વિક્રમની છઠ્ઠી શતાબ્દિ પૂર્વે પટનાથી લગભગ ૨૭ માઈલ ઉત્તરમાં વૈશાલી (વર્તમાન 'બસાઢ'–મુજફ્ફરપુર)ના ક્ષત્રિયકુળમાં થયો હતો. પિતાનું નામ હતું સિદ્ધાર્થ અને માતાનું નામ હતું ત્રિશલા.

ત્રીશ વર્ષની અવસ્થામાં ગૃહસ્થ મહાવીરને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે પછી બાર વર્ષો પછી તેમને કૈવલ્ય (સંબોધિ) ઉપલબ્ધ થયું. તે પછી અને બેંતાલીસ વર્ષો સુધી પ્રચારકાર્ય કરવા પછી ૪૮૦ વિક્રમ પૂ૦માં તેમણે મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

ધ્યાન દેવા લાયક વાત છે કે પાંચમી છઠ્ઠી વિ૦ પૂ૦ શતાબ્દિઓમાં બૌદ્ધ અને જૈન ધર્મોદ્વારા જે મહાન ક્રાંતિ થઈ તેના મૂળમાં બે ક્ષત્રિયકુમારો હતા. આ ઘટના બ્રાહ્મણ-પ્રધાન બ્રાહ્મણ ધર્મપ્રતિ તે યુગના તિરસ્કારની પ્રતીક છે. બૌદ્ધ અને જૈનધર્મ પૂર્વકાલીન યાગપ્રધાન બ્રાહ્મણ ધર્મની વિરુદ્ધ એક પ્રતિક્રિયા રૂપ હતા. આ પ્રતિક્રિયાનું પૂર્વરૂપ આપણે ઉપનિષદોના સૂક્ષ્મ બ્રહ્મવાદથી જ પ્રાપ્ત કરીએ છીએ.

ઉપનિષદોના અધ્યયનથી એ જ અનુમાન થાય છે કે તે સમયે અધ્યાત્મવિદ્યાના ક્ષેત્રમાં ક્ષત્રિયોની પ્રધાનતા સ્થાપિત થઈ ચૂકી હતી. તેમાં પચીસો એવાં પ્રમાણો મળે છે કે જેનાથી એ સિદ્ધ થાય છે કે 'કાશી' અને 'વિદેહ' અધ્યાત્મવિદ્યાનાં બે પ્રધાન ક્ષેત્રો હતાં, અને આ ક્ષેત્રોના રાજા – 'અજાતશત્રુ અને 'જનક' ઘણા મોટા વિદ્વાન અને વિદ્વાનોના પ્રેમી હતા. તથા એમની રાજસભામાં કુરુ, પંચાલ, મત્સ્ય, અંગ આદિ દેશોના ઉદ્‌ભટ દાર્શનિક એવં તાર્કિક વિદ્વાનો આવતા, શાસ્ત્રાર્થ કરી પોતાની પ્રતિભાનો ચમત્કાર દેખાડીને પુરસ્કાર મેળવતા.

જે પ્રકારે બ્રાહ્મણ-ગ્રન્થીય બ્રાહ્મણ ધર્મ', ઉપનિષદીય બ્રાહ્મણ ધર્મ' તથા જૈન બૌદ્ધ ધર્મોના ક્રમિક વિકાસમાં ક્ષત્રિયોની ઉત્તરોત્તર પ્રધાનતાનાં લક્ષણ મળે છે, તે જ પ્રકારે તેમાં આપણે સિદ્ધાન્તોની અધિકાધિક સૂક્ષ્મરૂપતાનો પરિચય મેળવીએ છીએ. બ્રાહ્મણ ગ્રંથોનો તે કર્મ-પ્રધાન સ્થૂલ યાગધર્મ, જે ઉપનિષદોના જ્ઞાનપ્રધાન બ્રહ્મવાદ અને આત્મવાદમાં સૂક્ષ્મ થઈ ચૂક્યો હતો તે બૌદ્ધોના શૂન્યવાદમાં સૂક્ષ્મતાની ચરમ સીમાએ પહોંચી ગયો.

---

* 'જયન્તી-સ્મારક-ગ્રંથ'માં પ્રકાશિત લેખ. હિન્દીમાં મૂળ લેખક–પ્રો. ધર્મેન્દ્ર બ્રહ્મચારી શાસ્ત્રી, એમ. એ. (ત્રિતય); પટના કોલેજ.

દાર્શનિક વિચારોના આ ક્રમિક ઇતિહાસમાં જૈનધર્મને એક પોતાનું મહત્ત્વ છે, પોતાની એક વિશેષતા છે. જૈન ધર્મે ઉપનિષદીય સત્તાત્મક બ્રહ્મવાદ તથા બૌદ્ધીય અસત્તાત્મક ક્ષણિકવાદ યા શૂન્યવાદની સન્મુખ એક મધ્યમમાર્ગ (Via media) પ્રસ્તુત કરવાની ચેષ્ટા કરી. જૈનધર્મનો આ સમન્વયવાદ કેટલીયે દષ્ટિઓથી સ્પષ્ટ કરી શકાય છે.

[क] અનેકાન્તવાદ — મહાવીરે જ્યારે પોતાની આન્તર્દષ્ટિઓ દોડાવી, ત્યારે જોયું કે ઉપનિષદો અને બૌદ્ધોના વિચાર પરસ્પર વિરોધી ધ્રુવો પર હતા. ઉપનિષદો अयमात्मा ब्रह्म અથવા सर्वं खल्विदं ब्रह्म જેવાં મહાવાક્યો દ્વારા એ પ્રમાણિત કરતા હતા કે આખું વિશ્વ બ્રહ્મરૂપમાં 'સત્' છે—તેની સત્તા અસંદિગ્ધ છે. નામરૂપોમાં નાનાત્વ ભલે અસત્ય હોય (नेह नानास्ति किञ्चन); કિન્તુ બ્રહ્મની સત્તા નિર્વિવાદ છે. બીજી તરફ બૌદ્ધ દર્શનના ભાવનાચતુષ્ટયે ઘોષિત કરી રાખ્યું હતું કે—

१ सर्वं क्षणिकम् ।
२ सर्वं दुःखम् ।
३ सर्वं स्वलक्षणम् ।
४ सर्वं शून्यम् ।

તાત્પર્ય એ કે સત્તા સત્ય નથી, ક્ષણિકતા જ સત્ય છે. પલ પલ પર પલટાનારાં નામરૂપો, સંસારની પાછળ અથવા આધારભૂત કોઇ પરદાનશીન સત્તાની કલ્પના, બૌદ્ધોની અનુસારે, યુક્તિ સંગત નથી.

એવી વિષમ પરિસ્થિતિમાં જૈનોએ બનેનું ખંડન પણ કર્યું અને મંડન પણ કર્યું. બૌદ્ધોની વિરુદ્ધ આ પ્રબલ તર્ક રજૂ કરવામાં આવ્યો, કે જો क १, क २, क ३, क ४ .... ની સંતાન અને એકત્વનો બાધક ક નથી; જો બાલક રામ, યુવાન રામ, અને વૃદ્ધ રામ એક બીજાથી જુદાં છે, તો પછી એક જ મનુષ્યની ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં કરાયેલાં એક જ મનુષ્યનાં પાપ-પુણ્યની ક્રમિકતા અને ફેંસલો કેવી રીતે થઇ શકે? क १નાં કર્મોનો ભાગી क ४ કેમ કરીને થઇ શકે? વાસ્તવમાં ક્ષણિકવાદ અને કર્મસિદ્ધાંત બંને મેળવગરનાં બને છે. ન ક્ષણિકવાદનો માનનારો કર્મસિદ્ધાંતને નભાવી શકે તેમ છે અને ન કર્મ સિદ્ધાન્તવાદી ક્ષણિકવાદને નભાવી શકે તેમ છે. મહાસાહસિક[1] બૌદ્ધ ધર્મની આ અસંગતિ અપરિહાર્ય છે.

"दुहुं किमि इक संग होंहि भुआलू ! ॥
हंसबि ठठाइ फुलाइबि गालू !! ॥

ઉપનિષદોએ પણ જે બ્રહ્મની એકાન્ત, અવ્યય સત્યતાનું પ્રતિપાદન કર્યું છે તે અસંગત છે. કેમકે સંસારમાં બધા પદાર્થો ઉત્પન્ન અને વિનષ્ટ થાય છે. ઉત્પત્તિ અને વિનાશનો આજ ક્રમ સનાતન છે. ઉત્પાદ અને વ્યયના આ ધ્રુવ ક્રમનું જ નામ સત્તા છે. કોઇ પણ પદાર્થને આપણે

१ कृतप्रणाशाकृतकर्मभोगभवप्रमोक्षस्मृतिभङ्गदोषान् ।
उपेक्ष्य साक्षात् क्षणभङ्गमिच्छन्नहो महासाहसिकः परोऽसौ ॥
—सर्वदर्शनसंग्रह.

એકાન્ત સત્ય (absolute) કહી ન શકીએ. માન્યું કે બ્રહ્મ એકાન્ત સત્ય છે, ઘટ મિથ્યા છે—સત્યાભાસ છે. ઘટ પણ તત્ત્વતઃ બ્રહ્મ જ છે. કિન્તુ જો આ ભાવના તર્કરૂપ (syllogism) માં રાખવામાં આવે તો આમ થશે—

આ ઘટ (તત્ત્વતઃ) બ્રહ્મ છે.

આ ઘટ (આભાસતઃ) બ્રહ્મ નથી.

તેથી આ ઘટ બ્રહ્મ છે અને નથી પણ[2]. પરંતુ એવું વાક્ય વ્યાઘાતનિયમ (Law of Contradiction) ના અનુસારે અસિદ્ધ છે.

'ષડ્દર્શનસમુચ્ચય'[3] ની ટીકામાં એકાંત સત્તા અથવા નિત્યતાનું ખંડન કરતાં મણિભદ્રસૂરિએ લખ્યું છે કેઃ—"કોઇ વસ્તુ એકાંત નિત્ય બની શકતી નથી, કેમકે 'વસ્તુ'નું લક્ષણ છે अर्थक्रियाकारित्व અને क्रियाकारित्व નો અર્થ જ છે ગતિશીલતા અને ક્રમિકતા; પરંતુ જે નિત્ય છે તે શાશ્વત છે, અક્રમ અને એકરૂપ છે. તેથી જો વસ્તુ નિત્ય છે તો તેમાં ક્રમિકતા નથી અને ક્રમિકતા ન હોય તો अर्थक्रियाकारित्व નથી. અને અર્થક્રિયાકારિત્વ નથી તો કોઈ વસ્તુ જ નથી." તાત્પર્ય એ છે કે જે નિત્ય છે તે વસ્તુ નથી અને જે વસ્તુ છે તે નિત્ય નથી.[4] તે જ પ્રકારે સામાન્ય અને વિશેષનાં પણ વ્યાઘાત છે. ભલા, કોઇ પણ ગોત્વવિરહિત ગોવ્યક્તિ અથવા ગોવ્યક્તિવિચ્છિન્ન ગોત્વનું ઉપપાદન કરી શકે છે? કદી નહીં. દરેક વિશિષ્ટ ગાય પોતાની ગોત્વ જાતિની પ્રતિનિધિ છે. અને દરેક ગોત્વ જાતિની કલ્પના વિશિષ્ટ ગાયથી અનિવાર્યરૂપે સંસ્પૃષ્ટ છે. અતઃ એક માત્ર સામાન્ય યા એક માત્ર વિશેષની ભાવના અંધગજીયતા છે.[5]

તેથી જૈનોએ કહ્યું કે આ સમસ્યાની સૂઝ ત્યારે જ થશે જ્યારે અમે પ્રત્યેક વસ્તુને "છે" અને "નથી" બંને કોટિઓમાં રાખીએ; એકાન્ત "હા" અથવા એકાંત "ના" ન માનીને પ્રત્યેકને "અનેકાન્ત" રૂપે "હા" અને "ના" બંનેય માનીએ.

---

૨. તુલના કરો—घटोऽस्तीति न वक्तव्यं सन्नेव हि यतो घटः ।
नास्तीत्यपि न वक्तव्यं विरोधात् सदसत्त्वयोः ॥

૩. રચયિતા—હરિભદ્રસૂરિ અને ટીકાકાર મણિભદ્રસૂરિ.

૪. तथाहि वस्तुनस्तावदर्थक्रियाकारित्वं लक्षणम् तच्च नित्यैकान्ते न घटते । अप्रच्युतानुत्पन्न स्थिरैकेरूपो हि नित्यः ।

૫. न हि कश्चित् कदाचित् किञ्चित् सामान्यं विशेष-विनाकृतमनुभूयते, विशेषो वा तद्विनाकृतः । ... ... केवलं दुर्णयबल-प्रभावितप्रबलमतिव्यामोहादेकमपलप्यान्यतरद् व्यवस्थापयन्ति कुमतयः । सोऽयमन्धगजन्याय. । ... ...

निर्विशेषं हि सामान्यं भवेत् खरविषाणवत् ।
सामान्यरहितत्वेन विशेषास्तद्वदेव हि ॥

—षड्दर्शनसमुच्चय અને ટીકા.

આ ઘટ છે પરંતુ પટ નથી.[6] અર્થાત્ દૃષ્ટિભેદથી ઘટ છે પણ ખરો, અને નથી પણ[7] ખરો. એક બીજું નિદર્શન "આંધળાનો હાથી," વાળી કિંવદંતી (જેનું અમે અંધગજન્યાય નામ આપ્યું છે, તે) દ્વારા દઈ શકાય છે. એક જ હાથી એક આંધળા માટે સૂંઢ ગાજર જેવી, પૂંછડી લાકડી જેવી અને ત્રીજાને માટે કાન પાપડની સમાન લાગે છે.

સાચું પૂછો તો હાથી ગાજર જેવો, લાકડી જેવો, પાપડ જેવો છે ખરો અને નથીયે ખરો. વિશ્લેષણાત્મક દૃષ્ટિએ તો છે, પરંતુ સંશ્લેષણાત્મક દૃષ્ટિએ નથી.

જૈનોએ કહ્યું છે કે વેદાન્તીઓનું 'સત્' અને બૌદ્ધોનું 'શૂન્ય' બંનેય અન્ધોનો હાથી છે. જરૂરત છે વ્યાપક અને ઉદાર દૃષ્ટિની—અનેકાન્તવાદની, જેમાં એક નહીં, અનેકાનેક દૃષ્ટિકોણોને અવકાશ છે.

દૃષ્ટિકોણોનું પારિભાષિક નામ જૈનોએ 'નય' દીધું છે અને વેદાન્ત તથા બૌદ્ધને 'નયાભાસ' કહીને તેની ઉપેક્ષા કરી છે. 'નૈગમનય' 'સંગ્રહનય,' 'વ્યવહારનય,' 'પર્યાય નય'[8] આદિ નામોની કલ્પના કરવામાં આવી અને આને નયાભાસોના ઉપભેદ માનીને તત્કાલીન પ્રચલિત મતમતાન્તરોની અપૂર્ણતા અને એકાંગિતા સિદ્ધ કરવામાં આવી.

[ख] સ્યાદ્વાદ—તર્કના ક્ષેત્રમા વિકસિત આ 'નયવાદ' ને સ્યાદ્વાદનું નામ દેવામાં આવ્યું, કેમકે જ્યારે આપણે કોઇ પણ પદાર્થને નિશ્ચિત રૂપે સત્ અથવા અસત્, 'હા' અથવા 'નહી' નથી કહી શકતા, તો પછી એક જ ગતિ છે—'શાયદ'–'કદાચિત્' (स्यात्). ઘડો કદાચિત્ છે પણ અને કદાચિત્ નથી પણ. 'કદાચિત્ છે પણ' અને 'કદાચિત્ નથી પણ'—એ બંને શબ્દો અનિર્વચનીય છે ઇત્યાદિ. તાત્પર્ય એ કે કોઈ પણ પદાર્થના સંબંધમાં ઓછામાં ઓછી સાત પ્રકારની 'ભંગીઓ'થી આપણો વિચાર પ્રગટ કરી શકાય છે.

૧ કદાચિત્ હોય.

૨ કદાચિત્ ન હોય.

૩ કદાચિત્ હોય પણ અને નયે હોય.

૪ કદાચિત્ અવક્તવ્ય હોય.

૫ કદાચિત્ હોય પણ, અવક્તવ્ય પણ હોય.

૬ કદાચિત્ ન પણ હોય, અવક્તવ્ય પણ હોય.

---

૬. सर्वमास्ते स्वरूपेण पररूपेण नास्ति च ॥

—षड्दर्शनसमुच्चय ॥

૭. किं वस्त्वस्तीत्यादि पर्यनुयोगे कथञ्चिदस्तीत्यादिप्रतिवचनसम्भवे ते वादिनः सर्वे निर्विण्णाः ।

—सर्वदर्शनसंग्रह

૮. શું દોઢ હજાર વર્ષો પછી શંકરાચાર્યે પારમાર્થિક, વ્યવહારિક અને પ્રાતિભાસિક સત્તાઓની કલ્પના કરી, ત્યારે તેમની આ કલ્પનામાં આપણે તીર્થંકર મહાવીરનું ઋણ નહિ સ્વીકારીએ ? સંભવ છે કે શંકર વેદાંતે આ ત્રિકોટિક સત્તાની સૂઝ જૈનો પાસેથી જ લીધી હોય.

૭ કદાચિત્ હોય પણ, નયે હોય, અવક્તવ્ય પણ હોય[૯]

[ग] અજ્ઞાનવાદ—આ સ્યાદ્વાદનું અનિવાર્ય પરિણામ થયું અજ્ઞાનવાદ (Scep-tisim). અજ્ઞાન, ન કે જ્ઞાન, મોક્ષનું સાધન સમજવામાં આવ્યું. અને આ અજ્ઞાનવાદની સપ્તભંગીઓ અને નવ તત્ત્વોની[૧૦] મદદથી ૬૭ અપવાદ માનવામાં આવ્યા. આ સંખ્યાની વ્યાખ્યા આ પ્રકારે થશે—સપ્ત ભંગીઓની દષ્ટિથી નવતત્ત્વોમાં પ્રત્યેકના હિસાબથી સાત ભેદ થશે;—ઉદાહરણતઃ જીવના હિસાબથી —

જીવ

સત્વ	અસત્વ	સદસત્વ	અવાચ્યત્વ	સદ્વાચ્યત્વ	અસદ્વાચ્યત્વ	સદસદ્વાચ્યત્વ
૧	૨	૩	૪	૫	૬	૭

આ ક્રમથી પ્રકારતઃ નવ તત્ત્વોના હિસાબથી ૯×૭=૬૩ ઉપભેદ થયા, પરંતુ સત્વ, અસત્વ, સદસત્વ, અને અવાચ્યત્વ – આ ચાર દષ્ટિઓથી નવ તત્ત્વોની ઉત્પત્તિનો ખ્યાલ કરતાં ચાર વધુ ઉપભેદો થયા. આ પ્રમાણે અજ્ઞાનવાદનાં ૬૩+૪=૬૭ ઉપભેદો થયા.[૧૧]

---

९. अत्र सर्वत्र सप्तभङ्गिनयाख्यं न्यायमवतारयन्ति जैनाः, स्यादस्ति, स्यान्नास्ति, स्यादस्ति च नास्ति च, स्यादवक्तव्यः, स्यादस्ति चावक्तव्यः, स्यान्नास्ति चावक्तव्यः, स्यादस्ति नास्ति चावक्तव्य इति —सर्वदर्शनसंग्रह

૧૦ પ્રાયઃ જૈનીઓની માન્યતા અનુસાર તત્ત્વોની સંખ્યા નવ છેઃ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ —

जीवाजीवौ तथा पुण्यपापमास्रवसंवरौ ।
बन्धश्च निर्जरा मोक्षः नवतत्त्वानि तन्मते ॥ —षड्दर्शनसमुच्चय

૧૧ Thus we have these seven schools under the first 'principle' and extending the same classification to each of the other eight 'principles' we have nine times seven, i. e., sixty three schools. These refer to the nature of the nine 'principles' severally, but as for their origin in general four other schools are possible, viz., sattva, asattva, sadasattva, and avachyatva—the other three forms of the seven possible variations are not used in this case as they are used only in respect of the several parts of a thing only after its origin has taken place which is not the case here. The last four added to the previous sixty-three give us sixty-seven schools under Ajnanavada.

—School and sects in Jain Literature—Amulyachandra sen, page 36.

ઉપરિવર્ણિત 'સ્યાદ્વાદ' અથવા 'અજ્ઞાનવાદ' ની ઝપાટીમાં પણ જૈનીઓની સમન્વય ભાવના જ કામ કરે છે. 'આ પણ ઠીક' – 'તે પણ ઠીક' એવી મનોવૃત્તિ જૈન દર્શનના પ્રાયઃ પ્રત્યેક અંગમાં પરિલક્ષિત છે સમન્વયવાદીને અજ્ઞાનવાદી હોવાની પ્રવૃત્તિ પણ સ્વાભાવિક જ છે; કેમકે સમન્વયવાદીનો પોતાનો વિશિષ્ટ સિદ્ધાન્ત પ્રાયઃ નથી હોતો, અને વિશિષ્ટ સિદ્ધાંતના અભાવનું જ તો કટુતર નામ છે 'અજ્ઞાન.' સમન્વયવાદ આરંભમાં રુચિકર ભલે હોય, પરંતુ કાલક્રમથી તેનો હ્રાસ અનિવાર્ય છે. તેમાં તે વ્યક્તિત્વ, તે પ્રેરણા (drive) ની કમી–ઓછાશ થયા કરે છે, જે કોઇ પણ સિદ્ધાંતની શક્તિને સંઘર્ષ–પ્રતિસંઘર્ષદ્વારા અક્ષુણ્ણ રાખે. એવી દશામાં જો બૌદ્ધ મતે કાલક્રમથી જૈન મતને હોડમાં હરાવી દીધો તો આશ્ચર્યની કોઇ વાત નથી. જૈનમતની 'ભલમનસાઇ' જ તેમના પરાજયની કારણ બની. આજે જૈન મતાનુયાયીઓ અધિકાધિક લગભગ આગ-યાર લાખ જ છે. તે પણ કેવળ ભારતમાં જ અને ભારતમા પણ શ્વેતાંબર મુખ્યતઃ ગુજ-રાત તથા પશ્ચિમી રાજસ્થાન તથા દિગંબર મુખ્યતઃ દાક્ષિણમાં છે.

[ઘ] **કર્મસિદ્ધાન્ત**—હિન્દુ, બૌદ્ધ અને જૈન એ ત્રણેના કર્મ સિદ્ધાન્તો લગભગ સમાન જ છે. પ્રત્યેકે કંઇક પારિભાષિક શબ્દોના સમાવેશ દ્વારા વિશિષ્ટરૂપ આપવાની ચેષ્ટા કરી છે. જૈનોની માન્યતા અનુસાર જીવ નિસર્ગતઃ અનન્ત દર્શન અનન્ત જ્ઞાન, અનન્ત સુખ અને અનન્ત વીર્યના ભાગી છે, કિન્તુ કર્મના પરમાણુઓ જીવની કષાયો વાસન-ઓ સાથે મળીને અને તેની સાથે ચોટી જઇ, જીવમાં આવી પ્રવેશે છે (**आस्रवंते**). આ આવીને પેસવાના કર્મને (**आ+स्रव**) આસ્રવ કહે છે. પરંતુ આપણામાં જે સંવર (અર્થાત્ તપ અને સચ્ચારિત્રતા) છે (જેની વિસ્તૃત વ્યાખ્યાઓ જૈન મતમાં કરવામાં આવી છે.) તે આ આસ્રવને ઢાંકી દેવાની ચેષ્ટા કરે છે. (**संवृणोतीति संवरः**). પરિણામ થાય છે '**निर्जर**' અર્જિત કર્મોનો ક્ષય અને ફલતઃ મોક્ષ.[12]

આ કર્મસિદ્ધાંતમાં જૈનોએ જ્ઞાનપર એટલું ધ્યાન નથી આપ્યું જેટલું ચારિત્ર પર –જીવનના વ્યાવહારિક નિયમો પર આપ્યું છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રનું 'રત્નત્રય' મોક્ષનું સાધન બતાવવામાં આવ્યું છે.[13] આને આપણે જૈનોનો 'વ્યવહારવાદ' (pragmatism) પણ કહી શકીએ. વ્યવહારવાદ અને સમન્વયવાદ પ્રાયઃ સાથોસાથે જ ચાલે છે. સમન્વયવાદીનું એ ધ્યાન હંમેશાં રહેશે કે તે લોકસંગ્રહી બને– લોકવ્યવહારનો વિરોધ તીવ્રરૂપે કરવો તેને નથી રુચતો. જૈનોએ ચારિત્રના જે નિયમો નિર્ધારિત કર્યો છે તેમાં અને પાતંજલ યોગદર્શનના સાધનોમાં ક્વચિત ક્યાંક બહુ સમાનતા છે. ઉદાહરણતઃ—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જે પતંજલિ 'યમ' યોગદર્શને બતાવ્યા છે, તેને જૈનમતે તેવા જ લઇ લીધા છે. અને તેમાં સમિતિ, ગુપ્તિ, ધર્મ, પરિષહજય, અનુપ્રેક્ષા આદિ અનેકાનેક ચારિત્રનાં અંગો જોડી દીધા છે. અહિંસાને તો અત્યધિક પ્રધાનતા આપી દેવામાં આવી છે. પશુ–બલિ–પ્રધાન બ્રાહ્મણીય

---

१२. अभिनवकर्माभावान्निर्जराहेतुसान्निध्येनार्जितस्य कर्मणो निरसनादात्यन्तिकर्ममोक्षणं मोक्षः । —सर्वदर्शनसंग्रह

१३. सम्यग्ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः —सर्वदर्शनसंग्रह

યાગવાદથી ઉબકાઈ ગયેલી ભારતીય જનતાને જૈનો અને બૌદ્ધોનો અહિંસા સિદ્ધાંત ખૂબ રુચ્યો.

[ક] અનીશ્વરવાદ અને તીર્થંકરવાદ—જૈનોના વ્યવહારવાદ (pragmatism) નો પરિચય તેમની દ્વારા સ્વીકૃત પ્રમાણોથી પણ મળે છે. તેઓ મુખ્ય પ્રત્યક્ષ અને ગૌણતઃ અનુમાન—બે જ પ્રમાણો સ્વીકારે છે. પ્રત્યક્ષમાં પણ તેઓ નિર્વિકલ્પ પ્રત્યક્ષને નથી માનતા. આ બધી વાતો એ સિદ્ધ કરે છે કે જૈનોનો—દૃષ્ટિકોણ મુખ્યતઃ વ્યવહારવાદી રહ્યો છે.

ઉપરની પંક્તિઓમાં એ બતાવવામાં આવ્યું છે કે વેદો અને બ્રાહ્મણ ગ્રંથોની સ્થૂળ બહુદેવભાવના ક્રમશઃ ઉપનિષદોના સૂક્ષ્મ બ્રહ્મવાદથી છણાઈને બૌદ્ધોના શૂન્યવાદની તરફ અગ્રેસર બની. ઉપનિષત્કાર અને બૌદ્ધ—જૈન કાળની વચમાં ષડ્ દર્શનોની પણ કલ્પના થઈ ચૂકી હતી. તેમાં સાંખ્યયોગને આપણે અનીશ્વરવાદી કહી શકીએ. સાંખ્ય દર્શનમાં સૃષ્ટિકર્તા—હર્તા ઈશ્વરની આવશ્યકતા નથી અને યોગે પણ સાંખ્યની 'પુરુષ' ભાવનાને અપનાવીને 'પુરુષ વિશેષ'ને જ ઈશ્વરની ઉપાધિ આપી.૧૪ આ પ્રમાણોથી ક્રમમાં ક્રમ એટલું સિદ્ધ છે કે વૈદિક હિન્દુ દર્શનોમાં પહેલેથી નિરીશ્વરવાદની વિચારધારા પ્રવાહિત થઈ ચૂકી હતી. તેથી એ કહેવું યા સમજવું કે બૌદ્ધો યા જૈનોથી નાસ્તિકતા યા નિરીશ્વરવાદનો પ્રવાહ ચાલ્યો એ ભ્રાન્ત છે. જો જનતામાં નિરીશ્વરવાદની લહેર પહેલેથી જ ન ફેલાઈ હોત તો બૌદ્ધ—જૈન નિરીશ્વર—ભાવનાને પ્રોત્સાહન જ ન મળ્યું હોત.

જૈનોની માન્યતા અનુસાર કર્મસિદ્ધાંત અને પ્રાકૃતિક તથા સદાચાર સંબંધી નિયમોથી જ અતિરિક્ત એક ચેતન પૌરુષેય ઈશ્વરની કલ્પના અનાવશ્યક છે જો આપ કહો કે પ્રત્યેક કાર્યને માટે એક કારણ છે, તે જ પ્રકારે સૃષ્ટિરૂપી કાર્યને માટે ઈશ્વરરૂપી કારણની આવશ્યકતા છે. તો એનો જવાબ મળશે કે ચેતન જ શા માટે, અચેતન જ કારણ કેમ ન મનાય? ઠીક, જો ચેતનને કારણ માનવામાં આવે તો પ્રશ્ન થશે કે, તે અશરીર છે કે સશરીર? જો અશરીરી કારણ કાર્ય કરી શકે છે, તો અશરીરી કુંભકાર ઘટ કેમ નથી બનાવી લેતો? છતાં આખરે ઈશ્વરે સૃષ્ટિ કેમ રચી? મનની મોજથી કે કર્મસિદ્ધાંતથી નાસીપાસ થઈને? જો મનની મોજથી કહેશો તો ઈશ્વરનિરંકુશ થયો જો કાર્ય, કારણ અથવા કર્મ અને તેના યોગથી નાસીપાસ થઈને કહેશો તો તે પરવશ અને પરતંત્ર થયો. અતઃ ચેતન સૃષ્ટિકર્તા ઈશ્વરની સિદ્ધિ આવશ્યક છે. ઈશ્વર વાદના બધા ઉદ્દેશ્યોની સિદ્ધિ 'અદૃષ્ટ' (પ્રકૃતિનો જ અટલ નિયમ) ની કલ્પનાથી જ થઈ શકે છે.

પરંતુ નિરીશ્વરવાદી હોવા છતાં પણ યોગે જે રીતે 'પુરુષ—વિશેષ' ને ઈશ્વરના સ્થાનાપન્ન બનાવ્યો તે જ પ્રકારે જૈનદર્શને પણ પોતાના તીર્થંકરોને ઈશ્વરના સ્થાનાપન્ન બનાવ્યા. ઈશ્વર અથવા અવતારની પ્રતિ હિન્દુઓની જેવી ભાવના છે, જૈનોની પોતાના તીર્થંકરો પ્રતિ પણ તેવી જ ભાવના છે—'જિતેન્દ્ર' યા 'અર્હન્' ને આપણે જૈનોના ઈશ્વર સમજીએ છીએ. કેમકે એમને માટે 'સર્વજ્ઞ', 'દેવ', 'પરમેશ્વર' આદિ વિશે-

૧૪. क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ।

પણ પ્રયુક્ત કરવામાં આવ્યાં છે.[૧૫] અને તેમની મૂર્તિઓની પૂજા તેવી જ ભક્તિભાવનાથી થાય છે, જેવી હિન્દુ દેવી-દેવતાઓની થાય છે. હિન્દુઓના ચોવીસ અવતારો અને જૈનીઓના ચોવીસ તીર્થંકરોની કલ્પના તથા તેમની સંખ્યાને જોઈને પણ આપણે જૈનીઓની સમન્વયવાદી પ્રવૃત્તિનો પરિચય મેળવી શકીએ છીએ.

[ચ] ઉપસંહાર—જેને અમે ઉપરની પંક્તિઓમાં સમન્વયવાદ કહ્યો છે, તે મધ્યમ માર્ગનું આશ્રયણ મહાવીરે નિષ્પક્ષ પરીક્ષણના નામે કર્યું હતું. ષડ્દર્શનસમુચ્ચયના આરંભમાં 'અપરદર્શનો'ની તિરસ્કારભરી મનોવૃત્તિની ભર્ત્સના કરતાં કહેવામાં આવ્યું કે બીજાં દર્શનોએ પુરાણ, મનુસ્મૃતિ, વેદ અને ચિકિત્સાશાસ્ત્રને 'આજ્ઞાસિદ્ધ' બતાવતાં તેને તર્કથી પર બતાવવામાં આવેલ છે.[૧૬] પરંતુ જૈનમતાવલંબી એ કહેશે કે તર્કની કસોટી પર કસવાથી ભય ખાવો જાણે એ સિદ્ધ કરી દે છે કે આપનો પક્ષ નિન્દ્ય છે; નહીં તો 'સાચમાં આંચ' શા માટે! ખરેખર સોનાની પરીક્ષામાં ડરવું કેવું! જૈન પરીક્ષણથી ગભરાતો નથી. પરીક્ષણ પણ નિષ્પક્ષ હોવું જોઈએ. ન તો તેને મહાવીરમાં અનુચિત પક્ષપાત છે અને ન કપિલ આદિમાં અનુચિત દ્વેષ;[૧૭] તેને તો યુક્તિસંગત સિદ્ધાન્તોનું આશ્રયણ કરવું છે. 'સ્યાદ્વાદમંજરી' કારે પણ એ ઘોષિત કર્યું છે કે આર્હંત માર્ગ નિષ્પક્ષ છે.[૧૮] નિષ્પક્ષ પરીક્ષણનો આ દૃષ્ટિકોણ કાર્યરૂપમાં તે સમન્વયવાદ યા મધ્યમમાર્ગ (Via media) ના રૂપમાં, પલ્લવિત થયો, જેની રૂપરેખાનું અંકન પ્રસ્તુત નિબંધનો ઉદ્દેશ્ય હતું.×

---

૧૫. તુ૦—षड्दर्शनसमुच्चय—

जिनेन्द्रो देवता तत्र रागद्वेषविवर्जितः ।
कृत्स्नकर्मक्षयं कृत्वा सम्प्राप्तः परमं पदम् ॥
× × ×
सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥

—सर्वदर्शनसंग्रह

૧૬. पुराणं मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितम् ।
आज्ञासिद्धानि चत्वारि न हन्तव्यानि हेतुभिः ॥

કિન્તુ જૈન—
अस्ति वक्तव्यता काचित् तेनेय न विचार्यते ।
निर्दोषं काञ्चनं चेत् स्यात् परीक्षाया बिभेति किम् ॥

—षड्दर्शनसमुच्चय

૧૭. पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

૧૮. अपक्षपाती समयस्तथार्हतः ॥

× આ લેખમાં કેટલાક વિધાનો નવતર, ખુલાસો કરવા યોગ્ય તેમજ વિચારવા યોગ્ય હોવા છતાં, જૈન દર્શનના સમન્વયવાદ સંબંધી એમાંની માહિતી જાણવા જેવી લાગવાથી આ લેખ અહીં આપ્યો છે. મૂળ લેખકની સામે 'સર્વદર્શનસંગ્રહ' ગ્રંથ વિશેષ રૂપમાં રહ્યો હશે એમ લેખ જોતાં લાગે છે. આમાંના વિચારણીય વિધાનો સંબંધમાં આપણા વિદ્વાનો પ્રમાણોપેત લખાણ લખી મોકલે એવી અમારી વિનંતિ છે.—તંત્રી

કાલિઈ જિણુવર હુઇ અવતાર, કાલિ ચક્રવત્તિ પણ બાર ।
કાલિઈ ચિહું ગાઉ નઉ દેહ, કાલિઉ હાથજિ હુયિ છેહ ॥ ૧૬ ॥
પચ્ચક્ખાણુ શ્રી વીરજિણુ પાસિ, આણુંદિ કીધઉં મન ઉલ્હાસિ ।
અંગ ઉપાસકમાહિ એ ગમ, સુગઘદેસ જિહાં વાણિજગામ ॥ ૧૭ ॥
પચ્ચક્ખાણિં જે કહિ પાંપ, નરગ તણુઉ છઇ જે નઉ બ્યાપ ।
રાયપસેણિ માહિ એ કર્મ, પરદેસી નઉ પહિલઉ ધર્મ ॥ ૧૮ ॥
એકાંતનુ જે લિઇ પક્ષ, તેહ કહુ કિમ કહીઈ દક્ષ ।
વીયરાય આપ્પા આગાર, યતિ શ્રાવકનઈ તેહ જિ સાર ॥ ૧૯ ॥
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ ચ્યારિ, દીક્ષા બોલી પંચ પ્રકારિ ।
સમકિતનુ આલાવુ જોઈ, શ્રાવકનઇં અંગિ બોલિઉ સોઇ ॥ ૨૦ ॥
સમવાય પંચે સમકિત ભેદ, એકં અંતિ હુઈ સમકિત છેદ ।
જિનરાઈ બોલિઉ છઇ ઇસિઉં, લુંકુ બોલઇ હિવં તે કિસિઉં ॥ ૨૧ ॥
નયરે પોસહ સાલ જિહતી, થિવરાચારી રહિતા યતી ।
કલ્પવૃત્તિ માહિ બોલિઉં ઇમ, નથિ માનઇ તુ નિન્હવિ સીમ ॥ ૨૨ ॥
છેદગ્રંથમાહિ છિ વિશેષ, તેહનઉ હઇડિ આણે દેષ ।
લાભબેહુનુ તૂં પ્રોછેસિ, નહીં તુ અનંતકાલ ભમેસિ ॥ ૨૩ ॥
ચઉવીસી સિદ્ધાંતહ તણી, અક્ષર જોઇ નઇ મઈ ભણી ।
જિનવયણે મન નિશ્ચલ કરુ, ભવસાયર જિમ લીલા તરૂ ॥ ૨૪ ॥
॥ ઇતિ સિદ્ધાન્ત ચઉપઇ સમાપ્ત ॥
॥ સંવત ૧૫૮૫ વર્ષે પોષ સુદિ ૧ શનૌ લિખિતં ॥

આ ચઉપઇ પૂ. મુ. મ. શ્રી. પુણ્યવિજયજી મહારાજના સંગ્રહમાંની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારીને અહીં આપી છે.

નવી મદદ

૫૦) શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ.
૨૫) પૂ આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજીના સદુપદેશથી લવારની પોળનો જૈન ઉપાશ્રય, અમદાવાદ
૨૫) પૂ આ. મ. શ્રી વિજયકસ્તુરસૂરિજીના ઉપદેશથી લુણસાવાડા જૈન સંઘ અમદાવાદ.
૧૫) પૂ આ. મ. વિજયદર્શનસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, લુણાવાડા.
૧૫) પૂ પં. મ. શ્રી. સંપતવિજયજી ગણિના સદુપદેશથી શ્રી અગુંદગિરિરાજ જૈન સંઘ, ઇંદોર સિટિ
૧૧) પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, જોરાવરનગર.
૧૦) પૂ પં. મ. શ્રી. દેવેન્દ્રસાગરજીના સદુપદેશથી જૈન સંઘ, ઘોઘા.

મુદ્રક—મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય—અમદાવાદ. પ્રકાશક—ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.



વર્ષ ૧૩ : અંક ૪] અમદાવાદ : ૧૫-૧-૪૮ [ક્રમાંક ૧૪૮

विषय-दर्शन

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

બેગર્સ બિલ (ભિખારી ધારા)ના સંબંધમાં

પૂ. મુ. મ. શ્રી. વિદ્યાવિજયજીએ ગ્વાલિયર રાજસભાના મંત્રીને લખેલ પત્ર

ગ્વાલિયર રાજ્યની ધારાસભામાં એક બેગર્સ બિલ (ભિખારી ધારો) રજુ થયેલ છે આ બિલ જૈન સાધુઓના આચારોને ખોટી રીતે અસર ન કરે તે સંબંધમાં ઘટતું કરવા માટે શિવપુરીથી પૂ. મુ. મ. શ્રી. વિદ્યાવિજયજી મહારાજે ગ્વાલિયર રાજસભાના મંત્રી ઉપર જે પત્ર લખ્યો છે તેની નકલ આગરાથી પ્રસિદ્ધ થતા 'શ્વેતાંબર જૈન 'સાપ્તાહિકના તા. ૧-૧-૪૮ના અંક ઉપરથી ઉદ્ધૃત કરીને અહીં આપવામાં આવે છે. —તંત્રી.

आशीर्वाद । मैंने सुना है कि राजसभा में किसी महाशय ने बाम्बे भेसी-डन्सी का अनुकरण करके बेगर्स बिल पेश किया है। इसका उद्देश्य कुछ भी हो; परन्तु उस उद्देश्य से सम्बन्ध नहीं रखनेवाले साधुओं के साथ अन्याय न हो, इसका ध्यान रखना आवश्यक है। मैं जैन साधुओं की तरफ सभा का ध्यान आकर्षित करना चाहता हू। संसार के भिक्षावृत्ति करनेवाले सब साधुओं से जैन साधुओं के आचार विचार और यम नियम भिन्न प्रकार के हैं।

(१) जैन साधु भिक्षा से ही निर्वाह करते हैं, परन्तु वे अपनी भिक्षा के लिये किसी भी गृहस्थ को या समाज को तकलीफ नहीं देते हैं।

(२) जैन साधु स्वयं रसोई नहीं बना सकते हैं; क्योंकि वे न पैसा टका रखते हैं, न पदार्थों का संग्रह रखते हैं और न विना उबाला पानी और अग्नि आदि का उपयोग ही कर सकते हैं।

(३) उन्हीं गृहस्थी के घरों में वे भिक्षा लेने जाते हैं जो उनके प्रति पूर्ण श्रद्धा रखते हैं और उनकी भिक्षा के नियमों को अच्छी तरह से जानते हैं।

(४) किसी भी गृहस्थ के यहां से भिक्षा भी उतनी ही लेते हैं. जिससे कि गृहस्थों को किसी प्रकार का संकोच न हो और फिर बनाने की जरूरत न पडे। सारांश यह है कि एक गृहस्थ के यहां से थोडी सी ही भिक्षा लेते हैं। इसी प्रकार और भी अनेक गृहस्थों के यहां से थोडी २ भिक्षा लेकर वे अपना उदर-निर्वाह करते हैं। आवश्यकता से अधिक न तो वे ले सकते हैं, न बचाकर ही रख सकते हैं और न उस समय के बाद उसका उपयोग ही कर सकते हैं। यह बात केवल भिक्षा के लिये ही नहीं है किन्तु जल के सम्बन्ध में भी जैन साधुओं का कठोर नियम है। वे उबला हुआ जल भी उतना ही ले सकते हैं, जो दस बारह घन्टे तक उपयोग में आ सके। इस अवधि के बाद यदि जल की आवश्यकता हुई तो फिर दूसरी बार का उबला हुआ जल लेने के लिये गृहस्थ के यहां जाते हैं। कहने का सारांश यह है कि जल का भी तो वे एक दिन का पूरा संग्रह नहीं रख सकते हैं।

[અનુસંધાન—ટાઇટલના ત્રીજા પાને]

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	क्रमांक
अंक ४	પોષ શુદિ ૪ : ગુરુવાર : ૧૫મી જાનેવારી	१४८

खामणाकुलकम् ।

संपादकः—पूज्य मुनि महाराज श्रीकांतिविजयजी

जो कोइ मए जीवो चउगइसंसारभवकडिल्लंमि ।
दूहविओ मोहेणं तमहं खामेमि तिविहेणं ॥ १ ॥

नरएसु य उववन्नो सत्तसु पुढवीसु नारगो होउं ।
जो कोइ मए जीवो दूहविओ तं पि खामेमि ॥ २ ॥

घायणचुन्नणमाई परोप्परं जं कयाइं दुक्खाइं ।
कम्मवसएण नरए तं पि य तिविहेण खामेमि ॥ ३ ॥

निद्दयपरमाहम्मियरूवेणं बहुविहाइं दुक्खाइं ।
जीवाणं जणियाइं मूढेणं तं पि खामेमि ॥ ४ ॥

हा ! हा ! तइया मूढो न याणिमो जं परस्स दुक्खाइं ।
करवत्तयछेयणभेयणेहिं केलीए जणियाइं ॥ ५ ॥
जं किं पि मए तइया कलंकलीभावमागएण कयं ।
दुक्खं नेरइयाणं तं पि य तिविहेण खामेमि ॥ ६ ॥

तिरियाणं च्चिय मज्झे पुढवीमाईसु खारमेएसु ।
अवरोप्परसत्थेणं विणासिया ते वि खायेमि ॥ ७ ॥

बेइंदियतेइंदियचउरिंदियमाइणेगजाईसु ।
जे मक्खिय दुक्खविआ ते वि य तिविहेण खामेमि ॥ ८ ॥
जलयरमज्झगएणं अणेगमच्छाइरूवधारेणं ।
आहारट्ठा जीवा विणासिया ते वि खामेमि ॥ ९ ॥

छिन्ना भिन्ना य मए बहुसो दुट्ठेण बहुविहा जीवा ।
जे जलमज्झगएणं ते वि य तिविहेण खामेमि ॥ १० ॥

सप्पसरीसवमज्झे वानरमज्जारसुणहसरहेसु ।
जे जीवा वेलविआ दुक्खता ते वि खामेमि ॥ ११ ॥

सद्दूलसीहगंडयजाईसुं जीवघायजणियासु ।
जे उयवसेण मए विणासिया ते वि खामेमि ॥ १२ ॥

ओलावगिद्धकुक्कुडहंसबगाईसु सउणजाईसु ।
जे छुहवसेण खद्धा किमिमाई ते वि खामेमि ॥ १३ ॥

मणुएसु वि जे जीवा जिब्भिंदियमोहिएण मूढेण ।
पारद्धिरमंतेणं विणासिया ते वि खामेमि ॥ १४ ॥

फासगहिएण जे चिय परदाराईसु गच्छमाणेणं ।
जे दूमियदूहविया ते वि य खामेमि तिविहेणं ॥ १५ ॥

चक्खिंदियघाणिंदियसोइंदियवसगएण जे जीवा ।
दुक्खंमि मए ठविआ ते हं खामेमि तिविहेणं ॥ १६ ॥

सामित्तं लहिऊणं जे बद्धा घाइया य मे जीवा ।
सवराहनिरवराहा ते वि य तिविहेण खामेमि ॥ १७ ॥

अक्कमिऊणं आणा कारविया जे उ माणभंगेणं ।
तामसभावगएणं ते वि य तिविहेण खामेमि ॥ १८ ॥

अब्भक्खाणं जं मे दिन्नं दुट्ठेण कस्सइ नरस्स ।
रोसेण व लोभेण व तं पि य तिविहेण खामेमि ॥ १९ ॥

परआवयाए हरिसो पेसुन्नं जं कयं मए इहइं ।
मच्छरभावट्ठिएणं तं पि य तिविहेण खामेमि ॥ २० ॥

रुद्दो खुद्दसहावो जाओ णेगासु मिच्छजाईसु ।
धम्मो त्ति सुद्दो सद्दो कन्नेहि वि तत्थ नो विसुओ ॥ २१ ॥

परलोगनिप्पिवासो जीवाण सया घायणपसत्तो ।
जं जाओ दुहहेऊ जीवाणं तं पि खामेमि ॥ २२ ॥

आरियखित्ते वि मए खट्टिगवागुरियडुम्बजाईसु ।
जे वि हया जियसंघा ते वि य तिविहेण खामेमि ॥ २३ ॥

मिच्छत्तमोहिएणं जे वि हया के वि मंदबुद्धीए ।
अहिगरणकारणेणं वहाविया ते वि खामेमि ॥ २४ ॥

दवदाणपलीवणयं काऊणं जे जिया मए दड्ढा ।
सरदहतलायसोसे जे वहिया ते वि खामेमि ॥ २५ ॥

सुहदुक्खकिएण मए जे जीवा केइ भोगभूमीसु ।
अंतरदीवेसु वा विणासिया ते वि खामेमि ॥ २६ ॥

देवत्ते वि य पत्ते केलिपओसेण लोहबुद्धीए ।
जे दूहविया सत्ता ते वि य खामेमि सव्वे वि ॥ २७ ॥

भवभवईणं मज्झे आसुरभावम्मि वट्टमाणेणं ।
निद्दयहणणपमणेणं जे दूमिया ते वि खामेमि ॥ २८ ॥
वंतररूवेण मए केलीकिलभावओ य जं दुक्खं ।
जीवाणं संजणियं तं पि य तिविहेण खामेमि ॥ २९ ॥
जोइसिएसु गएणं विसयामिसमोहिएण मूढेणं ।
जो को वि कओ दुहिओ पाणी मे तं पि खामेमि ॥ ३० ॥
परिरिद्धिमच्छरेणं लोहनिबुड्ढेण मोहवसगेणं ।
अभियोगिएण दुक्खं जाण कयं ते वि खामेमि ॥ ३१ ॥
इय चउगइभावन्ना जे के वि य पाणिणो मए वहिया ।
दुक्खे वा संठविया ते खामेमो अहं सव्वे ॥ ३२ ॥
सव्वे खमंतु मज्झं अहं पि तेसिं खमेमि सव्वेसिं ।
जं केणइ अवरद्धं वेरं चइऊण मज्झत्था ॥ ३३ ॥
न य कोइ मज्झ वेसो सयणो वा एत्थ जीवलोगंमि ।
दंसणनाणसहावो एक्को हं निम्ममो निच्चो ॥ ३४ ॥
जिणसिद्धा सरणं मे साहू धम्मो य मंगलं परमं ।
जिणनवकारो पवरो कम्मक्खयकारणं होउ ॥ ३५ ॥
इय खामणा उ एसा चउगइमावन्नयाण जीवाणं ।
भावविसुद्धीए महं कम्मक्खयकारणं होउ ॥ ३६ ॥

આ 'ખામણાકુલક' પાટણના શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરની (વાડીપાર્શ્વનાથ ભંડારની) તાડપત્રીય પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

अगडदत्तचरित्र सम्बन्धी चार अन्य रास

लेखक— श्रीयुत अगरचंदजी नाहटा

"जैन सत्य प्रकाश" के क्रमांक १४३ में प्रो. हीरालाल कापडिया के "धम्मिल अने अगडदत्तना चरित्रनी सामग्री" शीर्षक लेख में अगडदत्तचरित्र सम्बन्धी गुजराती रचनाओंका उल्लेख जैन गुर्जर कविओ भा. ३ के आधारसे किया है। उसके सम्बन्ध में यहां विशेष ज्ञातव्य प्रकाश में लाया जा रहा है।

१. उल्लिखित सभी रासोंको गुजराती भाषा का बतलाना उचित नहीं है; इसमें से कई राजस्थानी भाषा के भी हैं। जैन गुर्जर कविओ में केवल गुजराती ही नहीं, पर गुजराती, हिन्दी और राजस्थानी तीनों भाषाओंकी जैन रचनाओंका समावेश है, यद्यपि नामकरण गुजराती प्रधान होने व संकलनकर्ता के गुजराती होने के कारण 'गुर्जर कविओ' रख दिया है।

२. श्रीसुन्दर के अगडदत्तप्रबन्ध का समय १६६६ ही है, १६३६ होनेकी आशंका जैन गुर्जर कविओ में की गई वह अविचारित है, क्योंकि रास के आदिमें जिनचंद्रसूरिको

अकबर प्रतिबोधक के रूप में स्मरण किया है और अकबर प्रतिबोधका समय सं. १६४९ है, अतः ३६ संभव नहीं, न उस समय जिनसिंहसूरिको आचार्यपद ही मिला था, जिसका प्रशस्ति में उल्लेख है।

३. कल्याणसागर का समय अभी शंकित है। देसाईने उनका अंचलगच्छीय कल्याणसागरसूरि होना अनुमान किया है, पर नोंध में सूरि शब्द न होने से अन्य भी संभव हैं। प्रति देख के निर्णय करना आवश्यक है।

४. जयसोमको जिनकुशलना शिष्य लिखना भी सही नहीं। वे तो उनकी परम्परा में हुए हैं। जयसोम के विद्वान ग्रन्थकार शिष्य गुणविनय ही थे, अतः हमारे परामर्श अनुसार ही देसाई ने गुणविनय की कृतियों में इस रचनाको सम्मिलित किया है।

५. आपने जैन गुर्जर कविओका उल्लेख तो समुच्चय रूपमे किया है, पर वास्तवमें आपने उसका तीसरा भाग ही देखा है जैसा कि सलोकाके लेख में हुआ है। इसमें भी जैन गुर्जर कविओ के भा. १–२ का उल्लेख नहीं कर पाये। वे ये हैं :–

१. सुमतिरचित अगडदत्त रास सं. १६०१ कार्तिक शुक्ला ११ रवि।
२. थानसागर रचित ,, ,, सं. १६८५ आसोज वदि ५ खंभात।
३. शांतिसौभाग्य रचित अगडदत्त ऋषि चौपई सं. १७८७ पाटण।

इनके अतिरिक्त हमारे संग्रहमें एक अन्य अगडदत्त रास की अपूर्ण प्रति है जिसके प्रारंभिक पद्य इस प्रकार हैं:–

"सिद्ध रिद्ध निद्ध दायका महावीर जिणराज।
तास तणा चरणा नमी चरित रच्युं सुखदाय। १।
चरण कमल सतगुरु तणा, प्रणमी बे कर जोड।
अगडदत्त कुमारना, वर्णन करु मद मोडि। २।

६. जैन गुर्जर कविओ भा. २, पृ. ६४० के अनुसार जैन विद्याशाला अहमदाबाद से प्रकाशित शीलोपदेशमाला के पृ. ३८२ में भी अगडदत्तकाचरित्र प्रकाशित हो चुका है।

७. श्रीविनयभक्तिसुन्दरचरणग्रन्थमाला की ओर से संस्कृत में अगडदत्तचरित्र प्रकाशित है, जिसके ३३४ पद्य हैं।

एक आवश्यक सूचना

फागु, विवाहला, संवाद एवं सिलोको सम्बन्धी साहित्य पर पूर्ण प्रकाश डालनेपर भी नित्य नवीन अनेकों रचनाओंका पता चलता रहता है। कतिपय नवीन प्राप्त फागु काव्य एवं विवाहलोंका तो परिचय फिर कभी दिया जायगा। इसी प्रकारके संधिकाव्य जैन भाषा साहित्यमें बहुत अधिक मिलते हैं, जिनके सम्बन्धमें मेरा एक महत्त्वपूर्ण लेख 'राजस्थानी' के नवीन अंक (प्रथमांक) में "अपभ्रंश भाषा के संधिकाव्य और उनकी परम्परा" शीर्षक से प्रकाशित हुआ है।

બાર ભાવનાનું સાહિત્ય

(લે૦-પ્રો. હીરાલાલ ર. કાપડિયા)

જૈન દર્શનના અને ખાસ કરીને વાચકવર્ય ઉમાસ્વાતિએ રચેલા તત્ત્વાર્થસૂત્રના અભ્યાસીથી એ વાત અજાણી નથી કે જૈન સાહિત્યમાં 'બાર ભાવના' વિષે છૂટું છવાયું ઘણું લખાયું છે, અને તે આ ભાવનાઓની મહત્તાને અનુરૂપ છે. જૈન દર્શન સિવાયનાં દર્શનોમાં આ બાર ભાવનાઓ વિષે કોઈ એક જ સ્થળે ઉલ્લેખ હોય—નિરૂપણ હોય તો તે જોવા જાણવામાં નથી. આથી આ લેખમાં જૈન સાહિત્યનો જ વિચાર કરાય છે. આ સાહિત્યમાં આગમો એની પ્રાચીનતા, મૌલિકતા, ઇત્યાદિને લઈને અગ્ર સ્થાન ભોગવે છે. એ તરફ દૃષ્ટિપાત કરતાં મને મરણસમાહિમાં બાર ભાવનાનાં નામ અને એનું સ્વરૂપ નજરે પડ્યું છે. જેમકે એની ૫૭૦મી ગાથામાં બાર ભાવના એવો ઉલ્લેખ છે. ગા ૫૭૨-૩માં બાર ભાવનાનાં નામ છે અને ગા. ૫૭૪-૬૩૭માં એનું સ્વરૂપ આલેખાયું છે.[1] આમ આ એક પઇણ્ણગની સાડેક ગાથા પાઇયની દૃષ્ટિએ શ્વેતાંબર સાહિત્યમાં સૌથી પ્રાચીન સાધન છે. અંગમાં બાર ભાવનાનાં નામ વગેરે મારા જોવામાં આવ્યાં નથી. બાકી 'ઠાણ'માં ભાવનાને માટે 'અણુપ્પેહા' (સં. અનુપ્રેક્ષા) શબ્દ વપરાયો છે એટલું જ નહિ પણ ઠા. ૪, ઉ. ૧ (સુ. ૨૪૭)માં 'ધર્મ' ધ્યાનની ચાર અણુપ્પેહાનો તેમજ 'સુક્ક' ધ્યાનની ચાર અણુપ્પેહાનો સ્પષ્ટ ઉલ્લેખ છે

સૂયગડ (૧,૨,૧,૧)માં બોધિની દુર્લભતા વિષે ઉલ્લેખ છે અને ૨,૧,૧૩ (પૃ ૭૭)માં 'અન્યત્વ' ભાવનાનું બીજ જોવાય છે.

ઉત્તરજ્ઝયણ (અ. ૧૦, શ્લો. ૧૮)માં ઉત્તમ ધર્મનું શ્રવણ દુર્લભ છે એમ કહી ધર્મસ્વાખ્યાત-તત્ત્વ-ભાવના વિષે સૂચન છે. આ આગમનું વીસમું અજ્ઝયણ 'અશરણ' ભાવનાનું દ્યોતક છે. આના તેરમા અજ્ઝયણ ઉપરની નેમિચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૨૯માં રચેલી વૃત્તિ (પત્ર ૧૮૭ આ)માં અશુચિત્વનો અધિકાર છે.

આ તો આગમોની વાત થઈ એટલે હવે આપણે અનાગમિક સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે શ્વેતાંબર તેમજ દિગંબર એમ ઉભય સંપ્રદાયને માન્ય તત્ત્વાર્થસૂત્ર (અ. ૯, સૂ. ૭)માં બાર ભાવનાઓ-અનુપ્રેક્ષાઓ એનાં નામ સાથે ગણાવાઈ છે. શ્વેતાંબરોને ઉદ્દેશીને તો આ જ અથવા પ્રશમરતિ (શ્લો. ૧૪૯-૧૫૦) પ્રાચીનમાં પ્રાચીન સંસ્કૃત ઉલ્લેખ છે. દિગંબરો પૈકી કેટલાકને મતે આ તત્ત્વાર્થસૂત્ર એ જાતનું સાધન છે તો જેઓ કુન્દકુન્દ આચાર્યને ઈ. સ. ના પ્રારંભમાં થઈ ગયેલા માને છે અને તત્ત્વાર્થસૂત્રના કર્તા ઉમાસ્વાતિને ઈ. સ.ના બીજા સૈકામાં થઈ ગયેલા ગણે છે તેમને મતે કુન્દકુન્દે રચેલ બારસ-અણુવેક્ખા એ આ જાતનું પ્રાચીનમાં પ્રાચીન સાધન છે. આનાં પછીનાં અન્ય સાધનો બાબતમાં નોંધું તે પૂર્વે ઠાણ (સુ. ૨૪૭)માંનો પ્રસ્તુત ઉલ્લેખ તેમજ તત્ત્વાર્થસૂત્ર (અ. ૯)નું સાતમું સૂત્ર હું રજૂ કરીશ.

---

૧ આ ઉપરાંત કોઈ કોઈ ગાથા બાર ભાવના પૈકી કોઈકની ઝાંખી કરાવે છે. દા. ત. ૨૪૨મી ગાથા 'અશરણ' ભાવનાની, ૨૪૩મી ગાથા 'એકત્વ' ભાવનાની, ૩૬૮મી ગાથા 'અન્યત્વ' ભાવનાની, અને ગા. ૩૮૫-૭ 'અશુચિત્વ' ભાવનાની.

"धम्मस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पं० तं जहा – एगाणुप्पेहा, अणिच्चाणुप्पेहा, असरणाणुप्पेहा, संसाराणुप्पेहा"

"सुक्कस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पं० तं–अणंतवत्तियाणुप्पेहा, विपरिणामाणुप्पेहा, असुभाणुप्पेहा, अवायाणुप्पेहा"

પહેલો ઉલ્લેખ એકત્વ, અનિત્યત્વ, અશરણત્વ અને સંસારને લગતી ચાર અનુપ્રેક્ષા સંબંધી છે, જ્યારે બીજો અનંતવૃત્તિતા-ભવની પરંપરા, વિપરિણામ-વિવિધ પ્રકારનાં પરિણમન, અશુભતા (અશુચિત્વ), અને (આસ્રવરૂપ) અપાયને લગતી ચાર અનુપ્રેક્ષા પરત્વે છે.

બાર અનુપ્રેક્ષા (ભાવના)નાં નામઃ--

તત્ત્વાર્થસૂત્રનું નીચે મુજબનું સૂત્ર બાર ભાવનાનાં નામ પૂરાં પાડે છે.—

"अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रव–संवर–निर्जरा–लोक–बोधिदुर्लभ–धर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ॥ ९–७ ॥

અર્થાત્ (૧) અનિત્ય(તા)નું, (૨) [2]અશરણ(તા)નું, (૩) સંસારનું, (૪) એકત્વનું, (૫) અન્યત્વનું, (૬) અશુચિત્વનું, (૭) આસ્રવનું, (૮) સંવરનું, (૯) નિર્જરાનું, (૧૦) લોકનું, (૧૧) બોધિદુર્લભ(તા)નું અને (૧૨) ધર્મના સ્વાખ્યાતત્વનું અનુચિંતન એમ બાર અનુપ્રેક્ષા છે–ઊંડાં ચિંતનો છે.

આ ભાવનાઓનું સ્પષ્ટીકરણ આના ઉપરનું સ્વોપજ્ઞ ભાષ્ય (પૃ. ૨૦૯–૨૨૩) પૂરું પાડે છે. એની વિશેષ સમજણ સિદ્ધસેનગણિકૃત ભાષ્યાનુસારિણી ટીકા પૂરી પાડે છે. તત્ત્વાર્થસૂત્રને લગતાં અન્ય શ્વેતાંબરીય તેમજ દિગંબરીય ટીકા, વિવરણ ઇત્યાદિ પણ આ ભાવનાઓને વિશદ કરનારાં સંસ્કૃત સાધનો છે.

ઉમાસ્વાતિએ પ્રશમરતિ સંસ્કૃતમાં રચી છે. એમાં ૧૪૯મા અને ૧૫૦મા પદ્યમાં બાર ભાવનાઓ ગણાવાઈ છે. આ બે પદ્યો નીચે પ્રમાણે છે.

"भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकताऽन्यत्वे ।
अशुचित्वं संसारः कर्मास्रवसंवरविधिश्च ॥ १४९ ॥
निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥ १५० ॥[3]"

આ બે પદ્યોમાં બાર ભાવનાનો જે ઉલ્લેખ છે તે પૂર્વોક્ત સૂત્રગત ઉલ્લેખથી બે બાબતમાં જૂદો પડે છેઃ (૧) બાર ભાવનાનાં નામમાં અને (૨) એના ક્રમમાં. ક્રમમાં જે ભેદ છે તે કંઈ મહત્ત્વની વસ્તુ નથી, કેમકે અમુક જ ક્રમથી ભાવના ગણાવવી જોઈએ

---

૨ ઉત્તરજ્ઝયણ (અ. ૨૦)ને અનુલક્ષીને સમયસુંદરગણિએ તેમજ કનકવિજયના શિષ્ય મુનિ રામે રચેલી "અનાથમુનિની સજ્ઝાય" આ ભાવનાનું સ્વરૂપ પૂરું પાડે છે.

૩ આ બંને પદ્યો અનેકાન્તજયપતાકાની સ્વોપજ્ઞ વ્યાખ્યા (દ્વિતીય ખંડ, પૃ. ૨૨૫)માં અવતરણરૂપે અપાયાં છે.

એમ નથી. નામમાં જે ફરક છે તે ઉપરચોટિયો છે, આસ્રવભાવના અને કર્માસ્રવ-વિધિરૂપ ભાવના એ અર્થદૃષ્ટિએ એક જ છે. આ હકીકત સંવર-ભાવના અને સંવર-વિધિરૂપ ભાવનાને પણ લાગૂ પડે છે. લોકભાવના અને લોકવિસ્તરભાવના પણ વસ્તુતઃ એક છે.

પ્રશમરતિનાં ૧૫૧માથી ૧૬૨મા સુધીનાં પદ્યો બાર ભાવનાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. એને પણ બૃહદ્‌ગચ્છીય હરિભદ્રસૂરિએ વિ. સં. ૧૧૮૫માં રચેલી સંસ્કૃત [4]વૃત્તિ અને અજ્ઞાતકર્તૃક [5]અવચૂર્ણિ વધારે વિશદ બનાવે છે.

આ તો શ્વેતાંબરોના મતે બાર ભાવનાને અંગેના ઉલ્લેખ સંબંધી પ્રાચીનમાં પ્રાચીન ગ્રન્થોનો વિચાર કરાયો. હવે એ જાતના દિગંબર ગ્રન્થ વિષે કેટલીક બાબતો નોંધી લઈએ.

કુન્દકુન્દ એ દિગંબર આચાર્ય છે. ડૉ. ઉપાધ્યે પવયણસારના અંગ્રેજી ઉપોદ્‌ઘાત (પૃ. ૨૨)માં એમના સમય તરીકે ઇસવીસનના પ્રારંભનો ઉલ્લેખ કરે છે. વિશેષમાં આ ઉપોદ્‌ઘાત (પૃ. ૪૦)માં એમણે આ આચાર્યની કૃતિ નામે બારસ-અણુવેક્‌ખાનો સંક્ષેપમાં પરિચય આપ્યો છે. અહીં કહેવાયા મુજબ આ ૯૧ ગાથાની નાનકડી કૃતિ છે. એમાં નીચે મુજબના ક્રમે બાર ભાવનાઓ વર્ણવાઈ છેઃ (૧) અનિત્યત્વ, (૨) અશરણત્વ, (૩) એકત્વ, (૪) અન્યત્વ, (૫) સંસાર, (૬) લોક, (૭) અશુચિત્વ, (૮) આસ્રવ, (૯) સંવર, (૧૦) નિર્જરા, (૧૧) ધર્મસ્વાખ્યાત અને (૧૨) બોધિદુર્લભતા.

આ સમગ્ર કૃતિ જઘણ સોરસેણી (જૈન શૌરસેની)માં રચાયેલી છે. મૂલાચારના આઠમા પ્રકરણની ગાથા સાથે આની કેટલીક ગાથા મળતી આવે છે. પાંચ ગાથા સર્વાર્થસિદ્ધિમાં અવતરણરૂપે અપાયેલી છે.

મૂલાચાર એ પણ જઘણ સોરસેણીમાં રચાયેલો દિગંબર ગ્રંથ છે. એની કેટલીક હાથપોથીમાં એના કર્તા તરીકે કુન્દકુન્દનું નામ છે. વસુનંદિએ આ ગ્રન્થ ઉપર આચાર-વૃત્તિ નામની વૃત્તિ રચી છે. એમણે અમિતગતિનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે આશાધરે એમનો (વસુનંદિનો) ઉલ્લેખ કર્યો છે, એ જોતાં વસુનંદિનો સમય ઈ. સ. ની દશમીથી તેરમી સદીના ગાળાનો ગણાય વસુનંદિના કથન મુજબ મૂલાચાર એ વટ્ટકેરની કૃતિ છે. ત્રિવર્ણાચારના આ કર્તા ઈસવી સનના પ્રારંભમાં થઈ ગયા એમ કેટલાક માને છે. એમનો સમય નક્કી ન થાય ત્યાં સુધી કુન્દકુન્દને પ્રાચીન ગણીએ તો બારસ-અણુવેક્ખા એ ભાવનાને અંગે પ્રાચીનમાં પ્રાચીન દિગંબર કૃતિ છે, નહિ તો વટ્ટકેરના મૂલાચારનું આઠમું પ્રકરણ એવું સાધન ગણાય.

શિવાર્ય ઉર્ફે શિવકોટિની કૃતિ નામે ભગવતી-આરાધના યાને મૂલારાધનાની લગભગ ૧૫૦ ગાથાઓ બાર ભાવનાના વિષયને લગતી છે. આ ગ્રન્થ કે ગ્રન્થકારનો સમય નિર્ણીત નથી. મરણ-સમાહિ નામના પઇણ્ણગ સાથે પૌરાણિક હકીકત (Legand) અંગે એનું સામ્ય છે. આ શ્વેતાંબરીય પઇણ્ણગની કેટલીક ગાથા ભાવનાના વિષય માટે ઉપયોગી છે. આ પઇણ્ણગના રચનાસમયનો છેવટનો નિર્ણય કરવો બાકી છે.

---

[4]-[5] બંને મૂળ સહિત દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ થયેલી છે.

લગભગ ઈ. સ. ના આઠમા સૈકામાં થઈ ગયેલા મનાતા કાર્તિકેય ઉર્ફે કુમાર નામના દિગંબર વિદ્વાને બારસ-અણુવેકખા નામની કૃતિ રચી છે. એમાં ૪૮૯ ગાથા છે. અને એ બારે ભાવનાઓનું સ્વરૂપ સ્પષ્ટ રીતે રજુ કરે છે. આ ગાથાઓ જઇણ સોરસેણીમાં છે.

કેવળ બાર ભાવનાઓને જ અંગે કોઈ પ્રાચીન દિગંબર વિદ્વાને સંસ્કૃતમાં કૃતિ રચી હોય તો તે જાણવામાં નથી. બાકી અમિતગતિ, સોમદેવ અને પદ્મનંદિએ પોતપોતાની કૃતિમાં બાર અનુપ્રેક્ષાના વિષયને સ્થાન આપ્યું છે. શુભચન્દ્રે પણ જ્ઞાનાર્ણવમાં આ વિષયને લગતાં લગભગ ૧૯૫ પદ્યો રચ્યાં છે. આ શુભચન્દ્રના સમય બાબત શ્રી ગોપાલદાસ જીવાભાઈ પટેલે યોગશાસ્ત્રના ઉપોદ્‌ઘાત (પૃ. ૩૯-૪૦) માં ચર્ચા કરી છે. વિશ્વભૂષણ ભટ્ટારકકૃત 'ભક્તામરચરિત્ર' પ્રમાણે શુભચન્દ્ર વૈરાગ્યશતક વગેરેના કર્તા ભર્તૃહરિ અને માળવાના સુપ્રસિદ્ધ રાજા ભોજના સગા ભાઈ થાય. ભોજના વખતનું એક દાનપત્ર મળી આવ્યું છે. એ વિ. સં. ૧૦૭૮માં લખાયેલું છે. આમ શુભચન્દ્રનો સમય અગિયારમી સદીનો પૂર્વાર્ધ ગણાય. પૃ. ૪૦ માં ગોપાલદાસ કહે છે કે, "શુભચન્દ્ર અને હેમચન્દ્ર વચ્ચે બહુ બહુ તો ૭૦ કે ૮૦ વર્ષનો ગાળો રહે."

વિ. સં. ૧૧૪૫ માં જન્મેલા આ હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્ર યાને અધ્યાત્મોપનિષદ્ રચેલ છે. એના ચોથા પ્રકાશનમાંના શ્લો. ૫૫-૧૧૦ બાર ભાવનાઓનું સ્વરૂપ જ સમજાવે છે. વિશેષમાં એના ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિ આ વિષયને વિશેષતઃ વિશદ બનાવે છે. જ્ઞાનાર્ણવના ૨૯ થી ૪૨ સુધીના સર્ગોમાંથી હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્રના પાંચમા પ્રકાશથી માંડીને અગિયારમા પ્રકાશ સુધીનો પ્રાણાયામ અને ધ્યાનના વર્ણનવાળો આખો ભાગ ઉતારી લીધો હોય એમ જણાય છે. એવું વિધાન ગોપાલદાસે પૃ. ૩૬માં કર્યું છે. તો એ તરફ હું ખાસ કરીને શ્વેતાંબર વિદ્વાનોનું સાદર લક્ષ ખેંચું છું.

અનિત્યત્વાદિ ભાવનાનું વર્ણન બન્ને ગ્રન્થોમાં એક જ શબ્દોમાં નથી, પણ એક જ શૈલીમાં છે અને તરત જ ધ્યાન ખેંચે એવા શબ્દસામ્યથી ઠેર ઠેર ભરપૂર છે, એમ એમણે પૃ. ૩૭-૩૮ માં કહ્યું છે. બાર ભાવનાને લગતી મહત્ત્વની દિગંબર કૃતિઓમાં કોઈ 'અપભ્રંશ' માં પણ હોય તો નવાઈ નહિ. ધવલે જે અપભ્રંશમાં હરિવંસ-પુરાણ રચ્યું છે તેમાં કોઈ સિંહનંદિએ અનુપ્રેક્ષાને અંગે કોઈ કૃતિ રચ્યાનો ઉલ્લેખ છે. આ સિંહનંદિ તે કોણ એ જાણવું બાકી રહે છે. વિશેષમાં એમની કૃતિની ભાષા વિષે પણ કાંઈ જાણવા મળ્યું નથી. આ કૃતિ આજે ઉપલબ્ધ છે કે નહિ એ પણ જાણવામાં નથી.

દિગંબરોનું કાનડી ભાષામાં સાહિત્ય છે. દા. ત. ઈ. સ. ૧૧૭૦થી ૧૨૩૦ના ગાળામાં કે એની આસપાસના સમયમાં થઈ ગયેલા બાલચન્દ્રે કુન્દકુન્દના ત્રણે ગ્રન્થો— પવયણસાર ઈત્યાદિ ઉપર તેમજ પરમાત્મપ્રકાશ (પરમપ્પપયાસ) અને તત્ત્વાર્થસૂત્ર ઉપર કાનડીમાં વૃત્તિ રચી છે. મહાવીરકૃત ગણિતતિલકના મારા અંગ્રેજી ઉપોદ્‌ઘાત (પૃ.૧૭)માં મેં સૂચવ્યું છે કે રાજાદિત્યે (ઈ. સ. ૧૧૨૦) ગણિતને અંગે છ ગ્રન્થ કાનડીમાં રચ્યા છે, અને તેમાંના એકનું નામ જૈનગણિતસૂત્રોદાહરણ છે. આ ગ્રન્થની કોઈ હાથપોથી હોય તો તે મેળવવા હું આજે કેટલાયે વર્ષોથી આતુર છું, પણ હજી સુધી તો મને એનો પત્તો પણ મળ્યો નથી.

કાનડી ભાષામાં બાર ભાવનાને અંગે લખાયું છે એમ ડૉ. ઉપાધ્યાયેનું કહેવું છે. એમણે આવી કૃતિનાં નામ આપ્યાં નથી. અન્ય કોઈએ આપ્યાં હોય તો તે જાણવામાં નથી. આ વિષયને લગતી કોઈ કાનડી કૃતિ શ્વેતાંબરને હાથે રચાયેલી હોય તો તે પણ જાણવામાં નથી. શ્વેતાંબરોની કાનડીમાં કે તામિલમાં કે એવી કોઈ [6]ભાષામાં કૃતિઓ હોય તો તેની યાદી પ્રસિદ્ધ થવી ઘટે.

પ્રાચીન સમયમાં થઈ ગયેલા કોઈ શ્વેતાંબર વિદ્વાને બાર ભાવનાને અંગે સ્વતંત્ર કૃતિ પાઇયમાં કે સંસ્કૃતમાં રચી હોય એમ જણાતું નથી. જૈન ગ્રન્થાવલી (પૃ. ૧૮૦)માં દ્વાદશભાવના નામની એક કૃતિ નોંધાયેલી છે. એ સંસ્કૃતમાં છે અને એનું પ્રમાણ ૬૮૭ શ્લોક જેટલું છે એમ અહીં નિર્દેશાયું છે. એના કર્તાના નામનો કે સમયનો ઉલ્લેખ નથી. પાટણના ભંડારમાં એની હાથપોથી છે.

યાકિની મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ સર્વજ્ઞસિદ્ધિ રચી છે. એના ૧૧મા પત્રમાં ભાવનાસિદ્ધિનો ઉલ્લેખ કર્યો છે. જુઓ અનેકાન્તજયપતાકાના બીજા ભાગનો મારો અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૨૯). આ કૃતિની ભાષા વિષે ખબર નથી. વિશેષમાં એમાં બાર ભાવનાઓ વિષે ઉલ્લેખ છે કે મૈત્રી ઇત્યાદિ ચાર ભાવનાઓ વિષે ઉલ્લેખ છે કે પછી પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ વિષે નિરૂપણ છે કે ધર્મધ્યાનાદિની ભાવનાનું આલેખન છે એ જાણવું બાકી રહે છે, કેમકે આ કૃતિ હજી સુધી ઉપલબ્ધ થઈ નથી. કરાળ કાળ એને સ્વાહા કરી ગયો હોય તો ના નહિ. આ સ્થિતિમાં શ્વેતાંબરની બાર ભાવનાને અંગેની સ્વતંત્ર કૃતિ કઈ એ પ્રશ્ન ઊભો રહે છે.

વિ. સં. ૯૬૨માં પૂર્ણ કરાયેલી ઉપમિતિભવપ્રપંચાકથા (પ્રસ્તાવ ૪)માં એના કર્તા સિદ્ધર્ષિએ બાર ભાવના વિષે ઉલ્લેખ કર્યો છે. ગુજરાતીમાં શ્રી. મો. ગિ. કાપડીઆએ આ હકીકત આના ભાષાંતર (પૃ. ૧૦૬૨-૩)માં રજૂ કરી છે.

મલધારી હેમચન્દ્રસૂરિએ પાઇયમાં ભવભાવણા ૫૩૧ ગાથામાં રચી છે, અને એના ઉપર વિ. સં. ૧૧૭૦માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે.[7] આ સવૃત્તિક કૃતિ બે ભાગમાં ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા તરફથી વિ. સં. ૧૯૯૨માં અને ઇ. સ. ૧૯૩૮માં અનુક્રમે પ્રસિદ્ધ થઈ છે. સાતમી અને આઠમી ગાથામાં બાર ભાવનાનાં નામો છે. નીચે મુજબના ક્રમાંકવાળી ગાથાઓમાં આ બારે ભાવના પૈકી એકેકનું વિસ્તૃત વર્ણન છે:—

ભાવના	ગાથાંક
અનિત્ય	૧૯—૨૫
અશરણ	૨૬—૫૪

૬ જિનપ્રભસૂરિએ એક કૃતિ 'દ્રાવિડ' ભાષામાં રચ્યાનો "પત્તનસ્થ પ્રાચ્ય જૈન ભાંડાગારીય ગ્રન્થસૂચી" (પૃ. ૨૬૬)માં ઉલ્લેખ છે. તો આ કૃતિ જલદી પ્રસિદ્ધ થાય એવો પ્રબંધ કરવો જોઈએ છે.

૭ આવસ્સય (પત્ર ૧૭૧), જીવાભિગમ (પત્ર ૫), પન્નવણા (પત્ર ૫), વિયાહપણ્ણત્તિ (પત્ર ૫ અને ૪૨૦), ઉપમિતિભવપ્રપંચાકથા (પત્ર ૨) અને પઉમચરિય (૫૧૬) એમ ૭ કૃતિનો સાક્ષી તરીકે અહીં ઉલ્લેખ કરાયો છે.

એકત્વ	૫૫—૬૯
અન્યત્વ	૭૭—૮૧
ભવ	૮૨—૪૦૩[૮]
અશુચિત્વ	૪૦૪—૪૨૫
લોકસ્વભાવ	૪૨૬—૪૩૦
આસ્રવ	૪૩૧—૪૪૨
સંવર	૪૪૩—૪૫૦
નિર્જરા	૪૫૧—૪૫૬
ગુણરત્ન	૪૫૭—૪૬૩
બોધિ	૪૬૪—૫૦૦

ભાવનાનું ફળ ૫૦૧માથી ૫૨૪મી ગાથા સુધીમાં દર્શાવાયું છે. સ્વોપજ્ઞ વૃત્તિમાં ભાવનાઓને અંગેનાં દૃષ્ટાંતો—ચરિત્રાદિ સંસ્કૃતમાં લંબાણથી અપાયાં છે.

"જયદેવ મુનિનું ભાવના સંધિપ્રકરણ" એ નામનો શ્રી. મધુસૂદન મોદીનો લેખ "ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરના ત્રૈમાસિક" (વર્ષ ૧૧, અં. ૧)માં છપાયો છે. આ લેખમાં શરૂઆતમાં 'અપભ્રંશ' વિષે ઊહાપોહ છે. પછી વ્યાકરણદૃષ્ટિએ ચર્ચા છે. ત્યારબાદ છંદ વિષે ઉલ્લેખ છે. આના પછી સીનોરની હાથપોથીને આધારે આ 'અપભ્રંશ' [૯]કૃતિ સંસ્કૃત છાયા સાથે અપાયેલી છે. અંતમાં શબ્દકોશ છે. આ નાની કૃતિમાં એકંદર બાસઠ પદ્યો છે. સમગ્ર કૃતિ છ કડવામાં રચાયેલી છે. દરેક કડવામાં દસ દસ પદ્યો છે. છેલ્લા કડવામાં અંતમાં એક વધારે પદ્ય છે. એવી રીતે પહેલા કડવામાં શરૂઆતમાં પ્રાર્થનારૂપે એક પદ્ય છે. પાંચમા પદ્યમાં 'માલવનરિંદુ' એવો જે પ્રયોગ છે તે ઉપરથી મુંજ અને વિલાસવતીને ઉદ્દેશીને આ હકીકત છે એમ શ્રી મોદી કહે છે. મુંજનું અવસાન વિ. સં. ૧૦૫૪માં થયું છે. આ તેમજ આ કૃતિની ભાષા વિચારતાં શ્રી મોદી આ કૃતિને તેરમી ચૌદમી સદીની કૃતિ ગણે છે.

કર્તાએ અંતમાં કહ્યું છે કે એઓ શિવદિવસૂરિ (શિવદેવસૂરિ)ના પ્રથમ શિષ્ય છે. એમનું નામ જયદેવ છે. એઓ મુનિ છે. કર્તાએ આ કૃતિને ભાવણસંધિ કહી છે. ૧૧મા પદ્યમાં 'બાર ભાવના' એવો ઉલ્લેખ છે. કર્તાએ આ ભાવનાઓ અનુક્રમે વર્ણવી નથી.

શ્રી મધુસૂદને પ્રારંભમાં કહ્યું છે કે આયાર (સુય૦ ૨, ચૂ. ૩)માં બાર ભાવનાઓ ગણાવાઈ છે. આમ કહી એમણે નીચે મુજબનાં બે પદ્યો સંસ્કૃત છાયા સહિત આપ્યાં છે:—

" पढममणिच्चमसरणं संसारो एगया य अन्नत्तं ।
असुइत्तं आसव संवरो य तह निज्जरा नवमा ॥

૮ નરકભવ, તિર્યંચભવ, મનુષ્યભવ અને દેવભવ વિષે ગા. ૮૨-૧૭૮, ૧૭૯-૨૫૦, ૨૫૧-૩૨૫ અને ૩૨૬-૪૦૩માં વિસ્તૃત ઊહાપોહ છે.

૯ આ કૃતિ ફરીથી પ્રસિદ્ધ થાય તો કેમ?

लोगसहावो बोहि य दुल्लहा धम्मसाहओ अरहा ।
एयाइं हुंति बारस जहकम्मं भावणीयाओ ॥ ”

આ સંબંધમાં [૧૦]અભિધાનરાજેન્દ્ર (ભા. ૫) જોતાં જણાયું કે ‘ભાવના’ વિષેની એક બાબતની નોંધ લીધા પછી તેના મૂળ તરીકે આયાર (સુય. ૨, ચૂ. ૩) નો ઉલ્લેખ છે. એને આ ગાથાનું મૂળ સમજવાની ભૂલ કરી છે. આ ગાથાઓના મૂળ વિષે તપાસ કરતાં એ મને નેમિચન્દ્રસૂરિકૃત પવયણસારુદ્ધારમાં ૫૭૨મી અને ૫૭૩મી ગાથા તરીકે મળી આવે છે. એમાં નવમા ને બદલે નવમી, दुल्लहा ને બદલે दुलहा, धम्मसाहओ ને સ્થાને धम्मस्स साहओ અને एयाइं ને બદલે एयाउ એમ પાઠભેદ છે. धम्मसाहओ એટલે ધર્મના કરનાર. બારમી ભાવના તરીકે અહીં ધર્મના કહેનાર અરિહંતનો–તીર્થંકરનો ઉલ્લેખ છે.

પવયણસારુદ્ધાર ઉપર સિદ્ધસેનસૂરિએ વિ સં. ૧૨૪૮ (કરિ–સાગર–રવિ) માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એ ઉપરથી નેમિચન્દ્રસૂરિના સમયનો કંઈક ખ્યાલ આવે છે. આ વૃત્તિમાં બાર ભાવનાનું સ્વરૂપ પદ્યમાં આલેખાયું છે. એ ભાવનાનાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૮, ૫, ૯, ૪, ૨, ૧, ૯, ૯, ૧, ૫૯, ૫ અને ૧૦ છે. આમ એકંદર ૧૩૫ પદ્યો છે અને લોકસ્વભાવભાવનાને અંગેનાં પદ્યોની સંખ્યા વિશેષતઃ અધિક છે.

ચૌદ ગાથામાં ગૂંથાયેલી નવતત્તપયરણના ઉપર નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિએ પાઇયમાં ભાસ (ભાષ્ય) રચ્યું છે. એમાંની ૮૪મી અને ૮૫મી ગાથા સાથે ઉપર્યુક્ત બે પદ્યોની લગભગ સમાનતા છે. ફક્ત ૮૫મી ગાથાના અંતમાં जहकम्मं भावणीयाओ ને બદલે अनुपेहाओ जिणुद्दिट्ठा એવો પાઠભેદ છે. આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે ઉપર્યુક્ત ગાથાનો મૂળ કર્તા કોણ છે?

નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય પ્રસન્નચન્દ્રસૂરિના ચરણકમળના સેવક અને ઉપાધ્યાય સુમતિના શિષ્ય દેવભદ્રસૂરિએ સંવેગરંગસાલારાહણાસત્થ (સંવેગરંગશાલા-રાધનશાસ્ત્ર), વીરચરિય (વીરચરિત્ર) અને કહારયણકોસ (કથારત્નકોશ) રચ્યાં છે. વિશેષમાં આ સૂરિએ વિ. સં. ૧૧૬૮માં પાસનાહચરિય (પાર્શ્વનાથચરિત્ર) રચ્યું છે. એના ૫૧માથી ૫૬મા સુધીનાં પત્રમાં બાર ભાવનાનું પાઇયમાં ગદ્યમાં વિસ્તારથી સ્વરૂપ આલેખાયું છે. ત્યારબાદ ૫૬મા અને ૫૭મા પત્રમાં પદ્યમાં બાર ભાવના પૈકી પ્રત્યેકનું ફળ દર્શાવાયું છે. એને અંગે એકંદર ચૌદ પદ્યો છે.

સોમપ્રભસૂરિએ [૧૧]વિ. સં. ૧૨૪૧માં કુમારવાલપડિબોહ મુખ્યતયા મરહટ્ઠીમાં રચેલ છે. એના ત્રીજા પત્થાવ (પ્રસ્તાવ)ના પૃ. ૩૧૧–૩૧૨માં બાર ભાવનાની આછી રૂપરેખા પદ્યમાં ‘અપભ્રંશ’ (અવહટ્ઠ) ભાષામાં આલેખાઈ છે.

ઉપાધ્યાય વિનયવિજયે ‘ગંધપુર’ નગરમાં વિ. સં. ૧૭૨૧માં સોળ પ્રકાશોમાં શાન્તસુધારસ નામનો ગ્રંથ સંસ્કૃતમાં ૨૩૪ પદ્યમાં રચ્યો છે, અને એના ઉપર વૃત્તિ-

---

૧૦ આમાં ભાવનાઓના નિક્ષેપ ઇત્યાદિ બાબતો છે.

૧૧ આ જ વર્ષમાં શાલિભદ્રસૂરિએ ભરહેસરબાહુબલિરાસ (ભરત–બાહુબલિ–રાસ) રચ્યો છે. ઉપલબ્ધ ગુજરાતી સાહિત્યમાં આ સૌથી પ્રાચીન કૃતિ ગણાય છે.

વિજયના શિષ્યાણુ ગંભીરવિજયે સંસ્કૃતમાં વિ. સં. ૧૯૬૮માં ટીકા રચી છે. આ જૈન ધર્મ પ્રસારક સભા તરફથી વિ. સં. ૧૯૬૯માં બહાર પડેલ છે. વિશેષમાં આ મૂળ ગ્રંથ મોતીચંદ ગિ. કાપડીઆના ગુજરાતી વિવેચન સહિત બે ભાગમાં આ સભા તરફથી વિ. સં. ૧૯૯૪માં પ્રકાશિત થયેલો છે. આ ગ્રંથના પહેલા બાર પ્રકાશમાં અનિત્યત્વાદિ બાર ભાવનાનું સ્વરૂપ અને અંતમાં 'બ્રહ્મવિહાર' તરીકે બૌદ્ધ સાહિત્યમાં સુપ્રસિદ્ધ મૈત્રી ઇત્યાદિ ચાર ભાવનાનું સ્વરૂપ આલેખાયું છે. આ ગ્રંથની વિશિષ્ટતા એ છે કે દરેક પ્રકાશના અંતમાં 'ગેયાષ્ટક' છે. અને એ જયદેવકૃત ગીતગોવિન્દનું સ્મરણ તાજું કરે છે. બીજા ભાગના અંતમાં ગ્રંથપરિચય વગેરે અપાયેલ છે. તેમાં પૃ. ૨૬માં સોળે ગેયાષ્ટકના રાગ-રાગિણીની નોંધ છે.પૃ.૧૩માં બાર ભાવનાના વિભાગો દર્શાવાયા છે, જેમકે સંસાર-ભાવના અને લોકસ્વરૂપ-ભાવના એ બે બાહ્ય અવલોકન કરાવનારી (objective) છે. અનિત્યતા, અશરણતા, એકત્વ, અન્યત્વ અને અશુચિત્વ એ પાંચ ભાવના આંતરગ્રાહી (subjective) છે. બોધિદુર્લભતા અને ધર્મ એ ભાવના સ્વરૂપલક્ષી–સાધનધર્મલક્ષી (instrumental) છે, જ્યારે આસ્રવ, સંવર અને નિર્જરા એ ત્રણ ભાવનાઓ આત્માની વર્તમાન સ્થિતિને (evolutionary stage of development) સમજાવે છે. આ રીતે જોતાં ભાવનાઓ આંતર–લક્ષી અને અવાંતરલક્ષી છે. બીજા પૃષ્ઠમાં બાર ભાવનાઓનો, ધર્મનું અનુસંધાન કરાવનાર તરીકે ઉલ્લેખ છે. ત્રીજા પૃષ્ઠમાં એનો ધર્મધ્યાનમાં પ્રવેશ કરવાના હેતુ તરીકે નિર્દેશ છે.

જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૬૧૯)માં વિ. સં. ૧૫૯૫ પહેલાં કોઇકે ૯૪ કડીમાં બાર ભાવના વિષે રચના કરી છે.

જૈ. ગૂ. ક. (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૬૪૧)માં વિદ્યાધરે રચેલી બાર ભાવનાની કૃતિ વિષે ઉલ્લેખ છે.

સજ્ઝાય—ખીમજી ભીમસિંહ માણેક તરફથી ઈ. સ. ૧૮૯૨માં જે સજ્ઝાયમાળા (ભા. ૧) પ્રસિદ્ધ થયેલ છે તેમાં [12]જશસોમના શિષ્ય જયસોમે તેર ઢાલમાં ગુજરાતીમાં રચેલો "બાર ભાવનાની સજ્ઝાય' છે. એનો રચનાસમય નીચે પ્રમાણે કર્તાએ નિર્દેશ્યો છેઃ—

" ભોજન નભ મુનિ વરસ શુચિ સિત તેરસ કુંજવાર "

આમ આ સજ્ઝાય વિ. સં. ૧૭૦૩માં ચૈત્ર સુદ તેરસ ને મંગળવારે રચાયેલી છે. આ સજ્ઝાયપદસંગ્રહ (પૃ. ૯૭–૧૧૪)માં પણ છપાયેલ છે. જૈ. ગૂ. ક. (ખંડ ૩, પૃ. ૧૧૮૨)માં આ કૃતિને બાર ભાવનાવેલિ કહેલી છે. ' સકળ ' એવા નામોલ્લેખવાળી એવી પણ એક બીજી બાર ભાવનાની સજ્ઝાય છે. આ ઉપરથી એના કર્તા સકળચન્દ્ર છે એમ કહેવાય છે, પણ એમના ગચ્છ, સમય ઇત્યાદિ વિષે કોઇ ઉલ્લેખ જાણવામાં નથી. આ સજ્ઝાય છપાયેલી છે.

---

૧૨ વિ. સં. ૧૭૧૬માં 'તપાગચ્છના સોમવિમલસૂરિના શિષ્ય હર્ષસોમના શિષ્ય જશસોમના શિષ્ય જયસોમે ૭ કર્મગ્રન્થ ઉપર બાલાવબોધ રચ્યો છે અને એ પ્રકરણ રત્નાકર (ભા. ૪)માં છપાયો છે. જુઓ જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૬૨).

હવે આપણે આધુનિક સમયનો વિચાર કરીશું. સ્વ. 'શાસ્ત્રવિશારદ' જૈનાચાર્ય વિજયધર્મસૂરિજીના વિદ્વાન્ વિનેય સ્વ. ઉપાધ્યાય મંગળવિજયજીએ જૈનતત્ત્વપ્રદીપના પાંચમા ઉલ્લાસમાં બાર ભાવનાનાં લક્ષણો સંસ્કૃતમાં આપ્યાં છે. આ લઘુ કૃતિને અંગે મેં જે વિસ્તૃત વિવેચનાત્મક આર્હતદર્શનદીપિકા ગુજરાતીમાં રચી છે તેમાં પૃ. ૧૦૮૭–૧૦૯૦માં મેં બાર ભાવના વિષે કેટલોક ઊહાપોહ કર્યો છે.

જૈનાચાર્ય શ્રી. વિજયલબ્ધિસૂરિજીએ વિ. સં. ૧૯૮૨માં બુહારીમાં **વૈરાગ્ય-રસમંજરી** સંસ્કૃતમાં પદ્યમાં રચી. વિ. સં. ૧૯૮૫માં મેં એ ફરીથી સંપાદિત કરી. આ બીજી આવૃત્તિના ચતુર્થ ગુચ્છકમાંના શ્લો. ૧૬૭–૩૩૭માં બાર ભાવનાનું સ્વરૂપ વિસ્તારથી આલેખાયું છે. સમગ્ર કૃતિનો મેં ગુજરાતી અનુવાદ કર્યો છે અને સાથે સાથે સ્પષ્ટીકરણ પણ આપ્યું છે. આ બીજી આવૃત્તિનાં પૃ. ૨૧૨–૨૮૪માં બાર ભાવનાને અંગેનું મારું ગુજરાતી લખાણ છપાયું છે.

ગોપાલદાસે ગુજરાતીમાં તૈયાર કરેલા યોગશાસ્ત્ર (પૃ. ૯૨–૧૦૬)માં બાર ભાવનાનું સ્વરૂપ આલેખાયું છે. તત્ત્વાર્થસૂત્રના પં. સુખલાલજીનાં ગુજરાતી અને હિન્દી વિવેચનો તે તે ભાષામાં આ સ્વરૂપ સંક્ષેપમાં રજૂ કરે છે.

ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજીએ સંસ્કૃતમાં પદ્યમાં અધ્યાત્મ-તત્ત્વાલોક રચ્યો છે. એનો એમણે ગુજરાતીમાં અનુવાદ આપ્યો છે, સાથે સાથે વિવરણ પણ આપ્યું છે. વિશેષમાં મોતીચંદ ઝવેરચંદ મહેતાએ આ કૃતિનો અંગ્રેજી અનુવાદ કર્યો છે અને અંગ્રેજીમાં સ્પષ્ટીકરણ આપ્યું છે. આ કૃતિના પાંચમા પ્રકરણના ૨૨માથી ૭૬મા પદ્યમાં બાર ભાવનાનું સ્વરૂપ સંસ્કૃતમાં છે, જ્યારે પૃ. ૬૬૬–૬૮૩માં એ સ્વરૂપ અંગ્રેજીમાં તેમજ ગુજરાતીમાં છે.

ન્યા. વિ. ન્યા. તી. મુનિ શ્રી ન્યાયવિજયજીએ અધ્યાત્મતત્ત્વાલોકના રૂપાન્તર તરીકે પાઇયમાં અજ્ઝત્તતત્તાલોઅ એના અંગ્રેજી અનુવાદ સહિત રચેલ છે. એના પાંચમા પયરણ (પ્રકરણ)માંનાં ૨૧માથી ૭૭મા સુધીનાં પદ્યો બાર ભાવનાનું સ્વરૂપ પૂરું પાડે છે.

આ પ્રમાણે અહીં મેં બાર ભાવનાને અંગે નાની કે મોટી કૃતિ–(પછી એ સ્વતંત્ર હો કે કોઈ ગ્રન્થના વિભાગરૂપ હો) નોંધી છે એટલે હવે આ તમામ કૃતિની અકારાદિ ક્રમે અહીં સૂચિ આપું છું; જેથી કોઈ ખાસ પ્રૌઢ કૃતિઓ ઉમેરવાની રહી જતી હોય તો તે જાણવાનું અને સૂચવવાનું સુગમ થઈ પડે:—

નામ	ભાષા	કર્તા	રચનાસમય
અજ્ઝત્તતત્તાલોઅ	મરહટ્ઠી	ન્યાયવિજય	ઇ. સ. ૧૯૩૮
,, નો અનુવાદ	અંગ્રેજી	,,	,, ,,
અધ્યાત્મતત્ત્વાલોક	સંસ્કૃત	,,	ઇ. સ. ૧૯૨૦
,, નો અનુવાદ	ગુજરાતી	,,	,, ,,
,, ,, ,, ઇત્યાદિ	અંગ્રેજી	મો. ઝ. મહેતા	,, ,,

[13] અનાથ મુનિની સજ્ઝાય	ગુજરાતી	સમયસુંદરગણિ	વિક્રમની ૧૭મી સદી
,, ,, ,,	,,	રામ	વિક્રમની ૧૭મી (?) સદી
આર્હતદર્શનદીપિકા	,,	હી. ર. કાપડિયા	વિ. સં. ૧૯૮૮
ઉત્તરજ્ઝયણ	અદ્ધમાગહી	ભદ્રબાહુ	વીરસંવત્ ૧૭૦ કરતાં પહેલાં
,, ની વૃત્તિ	સંસ્કૃત	નેમિચન્દ્રસૂરિ	વિ. સં. ૧૧૨૯
ઉપમિતિભવપ્રપંચાકથા	સંસ્કૃત	સિદ્ધર્ષિ	વિ. સં. ૯૬૨
નું ભાષાન્તર	ગુજરાતી	મો. ગિ. કાપડીઆ	ઈ. સ. ૧૯૨૪
કુમારપાલપડિબોહ	[14] "અપભ્રંશ"	સોમપ્રભસૂરિ	વિ. સં. ૧૨૪૧
,, નો અનુવાદ	ગુજરાતી	[15] અજ્ઞાત	વિ. સં. ૧૯૮૩
જૈન તત્ત્વપ્રદીપ	સંસ્કૃત	મંગલવિજય	વિ. સં. ૧૯૭૧
જ્ઞાનાર્ણવ	સંસ્કૃત	શુભચંદ્ર	વિ. ની ૧૧મી સદી
ઠાણ	અદ્ધમાગહી	સુધર્મસ્વામી	ઇ. સ. પૂર્વ ૫૫૭
તત્ત્વાર્થસૂત્ર	સંસ્કૃત	ઉમાસ્વાતિ	ઇ. સ. ની પહેલી સદી
,, ની ટીકા	,,	સિદ્ધસેનગણિ	ઇ. સ. ની આઠમી સદી
,, નું ભાષ્ય	,,	ઉમાસ્વાતિ	ઇ. સ. ની પહેલી સદી
,, નું વિવેચન	ગુજરાતી	સુખલાલ	ઈ. સ. ૧૯૩૦
,, ,,	હિન્દી	,,	વિ. સં. ૧૯૯૬
દ્વાદશ ભાવના	સંસ્કૃત	અજ્ઞાત	?
દ્વાદશાનુપ્રેક્ષા (?)	?	સિંહનંદિ	ધવલ કરતાં પહેલાં
નવતત્તપયરણ ભાસ	મરહટ્ઠી	અભયદેવસૂરિ	વિક્રમની બારમી સદી
પવયણસારુદ્ધાર	મરહટ્ઠી	નેમિચન્દ્રસૂરિ	વિ. સં. ૧૨૪૮ પહેલાં
,, ની વૃત્તિ	સંસ્કૃત	સિદ્ધસેનસૂરિ	વિ. સં. ૧૨૪૮
પાસનાહચરિય	મરહટ્ઠી	દેવભદ્રસૂરિ	વિ. સં. ૧૧૬૮
પ્રશમરતિ	સંસ્કૃત	ઉમાસ્વાતિ	ઈ. સ. ની પહેલી સદી
,, ની અવચૂર્ણિ	,,	અજ્ઞાત	?
,, ની ટીકા	,,	હરિભદ્રસૂરિ	વિ. સં. ૧૧૮૫
બાર ભાવના	ગુજરાતી	અજ્ઞાત	વિ. સં. ૧૫૯૫ પહેલાં
,, ,,	,,	વિદ્યાધર	વિક્રમની સોળમી સદી
બાર ભાવનાની સજ્ઝાય (બાર ભાવનાવેલી)	,,	જયસોમ	વિ. સં. ૧૭૦૩
બાર ભાવનાની સજ્ઝાય	,,	સકલ (ચંદ્ર ?)	વિક્રમની ૧૮મી (?) સદી
બારસ અણુવેક્ખા	સોરસેણી	કાર્તિકેય	ઈ. સ.ની આઠમી સદી
,, ,,	,,	કુંદકુંદ	ઈ. સ.ની પહેલી સદી

૧૩ એમને ઉદ્દેશીને ચોપાઈ વગેરે પણ છે.

૧૪ પ્રસ્તુત ભાગ પૂરતો આ ઉલ્લેખ સમજવાનો છે.

૧૫ નામ જાણવામાં નથી.

ભગવતી–આરાધના	સોરસેણી	શિવાર્ય	ઈ. સ. બીજી (?) સદી
ભવભાવણા	મરહટ્ઠી	મલ. હેમચન્દ્રસૂરિ	વિ. સં. ૧૧૭૦ કે પહેલાં
,, ની વૃત્તિ	,,	,, ,,	વિ. સં. ૧૧૭૦
ભાવણસંધિ	અવહટ્ઠ	જયદેવ	ઈ. સ.ની ૧૩મી–૧૪મી સદી
ભાવનાસિદ્ધિ	સંસ્કૃત	હરિભદ્રસૂરિ	વિ. સં. ૭૫૭–૮૨૭
મરણસમાહિ	અદ્ધમાગહી	અજ્ઞાત	ઈ. સ.ની પાંચમી સદી પૂર્વે
મૂલાચાર	સોરસેણી	વટ્ટકેર	ઈ. સ.ની પહેલી સદી
,, ની વૃત્તિ (આચારવૃત્તિ)	સંસ્કૃત	વસુનંદિ	ઈ. સ.ની ૧૦મીથી ૧૨મી સદીનો ગાળો
યોગશાસ્ત્ર	સંસ્કૃત	હેમચન્દ્રસૂરિ	વિક્રમની ૧૨મી સદી
,, ની વૃત્તિ	,,	,,	,, ,, ,,
,, નો અનુવાદ	ગુજરાતી	મો. ગી. પટેલ	ઈ. સ. ૧૯૩૮
વૈરાગ્યરસમંજરી	સંસ્કૃત	વિજયલબ્ધિસૂરિ	વિ. સં. ૧૯૮૨
,, નું સ્પષ્ટીકરણ	ગુજરાતી	હી. ર. કાપડિયા	ઈ. સ. ૧૯૩૦
શાન્તસુધારસ	સંસ્કૃત	વિનયવિજયગણિ	વિ. સં. ૧૭૨૩
,, ની ટીકા	,,	ગંભીરવિજય	વિ. સં. ૧૯૫૪
સૂયગડ	અદ્ધમાગહી	સુધર્મસ્વામી	ઈ. સ. પૂર્વે ૫૫૭

આમ બાર ભાવનાઓને અંગેના સાહિત્યની સૂચિ પૂરી થાય છે એટલે આ ભાવનાઓ વડે અવિશ્રાંતપણે મનને સુવાસિત કરનારી વ્યક્તિ નિર્મમત્વ પ્રાપ્ત કરી સર્વ ભાવોમાં સમતાને પામે છે, વિષયોથી વિરક્ત બને છે અને એના કષાયો ક્ષીણ થાય છે તેમજ એના સમ્યક્ત્વરૂપ દીપકનો પ્રકાશ આનંદદાયક બને છે એમ ભાવનાઓનું જે અનુપમ ફળ યોગશાસ્ત્ર (પ્ર. ૪, શ્લો. ૨૬–૩૩)માં સૂચવાયેલું છે તે મેળવવા સૌ કોઈ ભાગ્યશાળી થાઓ એમ ઇચ્છતો હું વિરમું છું.

ગોપીપુરા, સુરત, તા. ૧૧–૧૦–૪૮

મુનિરાજ શ્રી આણંદવર્ધનજી વિરચિત
ત્રેસઠ શલાકાપુરુષઆયુષ્યાદિ બત્રીસ સ્થાનક વિચારગર્ભિત સ્તવન

સં૦–પૂજ્ય મુનિમહારાજ શ્રી રમણિકવિજયજી

ગોયમ ગણહર પય નમેવિ તિત્થયર ચઉવીસઇ,
બાર ચક્કીસર વાસુદેવ નવ પણયાલીસઇ;
અંતર આઉ દેહમાન અવસરપણી કાલંઇ,
ત્રીજઇ સૂસમ દૂસમારઇ તિહાં રિષભ હયા લઈ;
ન્યાન વિન્યાન મહાસીઆં એ ભરહચક્કીસર શાખ,
ધનુષ પાંચસઈ દેહ પુવ્વ આઉ ચઉરાસી લાખ. ૧
લાખકોડિપંચાસ અયર અંતરઇ અરિહંત,
અજિત સગર ચક્કીસ મધ્ય અર ચઉથા અંત;

ધનુષચ્યાર શત સાઢ લખ બહુત્તરિ પુવ્વાઉ,
અંતર સાગર ત્રીસ કોડિ લખ્ખ સંભવ ધ્યાઉં;
ધનુષ ચ્યારસઈ દેહ પુણ સાઠિ પૂરવ લક્ષ આય,
સાગર અંતરિ કોડિ લખ દસ અભિનંદન રાય. ૨

રાય ચઉત્થ ધનુષ ત્રિણિ શત સાઢ સુકાયા,
પૂરવ લાખ પંચાસ આયુ નવ કોડિ સિલાયા;
અંતરિ સાગર સુમતિનાથ ધનુષ કાયા ત્રિણ સઈ;
ચ્યાલીસ લખ પુવ્વાયુસાર નેઉ કોડી સહસઈં;
પદમપ્રભ ઇણુઈં અંતરિ એ ધનુષ બિસિં પંચાસ,
પુવ્વાઉં લખ ત્રીસ નવે કોડિ સહસિ સુપાસ. ૩

પાસન સારંગ બિસિં કાય વીસ પુવ્વ લક્ખાઉં,
નવસઈં સાગર અંતરાલિ ચંદ્રપ્રભ ગાઉ;
દોઢ ધનુષ સય પુવ્વ લક્ખ દસ આયસ અંતર,
નેઉ કોડિ સાગર સુવિધિ સય ધનુષ જિનેસર;
પુવ્વાઉ લક્ખ દોઇ જિહાં અયરંતરિ નવ કોડિ,
સીતલ સામી નેઉ ધનુષ પુવ્વ લક્ખક જોડી. ૪

જોડિ ન અંતર કોડિ એક સાગર સય ઊણે,
છાસઠિ લાખ છવ્વીસ સહસ વત્સર પુણ પી(ખી)ણે;
જિનશ્રેયાંસ ત્રિપિષ્ઠ પઢમ કેશવ ધનુ અસીઆ,
આયુસ માણા વરસ લાખ જિન હરિ ચઉરાસીઆ;
ચઉપન સાગર અંતરિ એ વાસુપૂજ્ય જિનરાય,
વાસુદેવ દ્વિપિષ્ઠ બીય ધનુષ સત્તરિ જસ કાય. ૫

સાયર અંતરિ ત્રીસ વિમલ સામી હરિ સયંભૂ,
સાઠિ ધનુષ લખ સાઠિ વરસ આયુ રજ્જ કયંભૂ;
નવ સાગર અંતરિ અનંત પુરિસોત્તમ કેશવ,
દેહ ધનુષ પંચાસ તીસ લખ વત્સરિ જે સિવ;
અંતર ચિહું સાગર હૂઆ એ ધર્મનાથ નરસીહ,
હરિજિન પણ ચાલીસ ધનુ દશ લખ વત્સર દીહ. ૬

દીહ ન સાગર ત્રિણિ માઝ પાઉ પલિય ઊણા,
માહવ ચક્કી ધણુ બયાલ પણ વરસ લખીણા;
ચઉથા સનતકુમાર ચક્કી એકતાલી સારંગ,
તિન્નિ લખ વરસાઉ જેહ પુવ્વંતરિ પારંગ;

શાંતિનાથ જિન સોલમો એ ચક્કીસર પણું હોઇ,
ધનુ ચ્યાલીસ લહખાયુ ગય આધ પલ્યોપમ હોઇ. ૭

હોઈ અંતર કુંથુનાથ ચક્કીસર સોઇ,
કાય ધનુષ પાંત્રીસ સહસ પંચાણુઈ હોઈ;
આયુ વરસ અંતરિ અપલ્ય પુણું અયરાસી,
જિન ચક્કી ધનુ ત્રીસ આયુ વર્ષ સહસ ચઉરાસી;
વરસ કોડિ સહસાણુ મઝિ હરિ બિહુંમાંહિ ચક્કીક,
ઓગણત્રીસ સઉ ધનુ હરિ નામિ નર પુંડરીક. ૮

પુંડરીક પાંસઠિ સહસ પરમાયુ સંવચ્છર,
અઠાવીસ ધનુ સુભૂમ ષટ્‌ખંડ ચક્કીસર;
સાઠિ સહસ વર્ષાયુ તાસ પુણદત્ત સકેશવ,
ધનુષ છવ્વીસઈ વર્ષ સહસ છપન્ન તે શિવ;
મલ્લિનાથ ઓગણીસમો એ કોડિ સહસ વરસેણ,
ધનુષ પણુવીસઈ રાજઋદ્ધિ સહસ પંચાવન જેણ. ૯

જેણંતરિ ચઉપન્ન લાખ મુનિસુવ્રત સામી,
મહાપદમ ચક્કવઇ બિઉ ધનુ વીસ સઈ પામી;
ત્રીસ સહસ વરસાયુ લખ ષટવરસાં માહિઈ,
નામ નારાયણ ધનુષ સોલ વર્ષ બાર સહસાઈ;
જિન શ્રી નમિ એકવીસમો એ કેશવ શ્રી હરિસેણ,
ધનુષ પનર વર્ષ સહસ દશ રાજ કિદ્ધ બિહું તેણ. ૧૦

તેણંતરિ પંચ લાખમાહિં જય નામા ચક્કી,
ધનુષ બાર વર્ષ સહસ ત્રિણિ જસ પુહવી થકી;
નેમિનાથ કૃષ્ણાવસાન દસ ધનુષ પ્રમાણા,
સહસાઉં જિન વાસુદેવ આયી સહસાણા;
સાતસઈ સાઢાંતરિ એ વરસમાંહિ બ્રહ્મદત્ત,
ધનુષ સાત ચક્કી સભૂય આયુ વરસ સઈ સત્ત. ૧૧

શત વરસાઉં પાસનાહ દસ હાથ સરીરઈ,
અંતરિ અઢીસઈ વરસ વઉલિ જિન શ્રી મહાવીરઈ;
બહુત્તરિ વરસાં આયુ પાલિ કર કાયા સપતે,
દુસમ આઈ જન્મકોડિ તીર્થંકર જપતે;
હરિ પ્રતિહરિ જિન ચક્કવઇ એ જીવ થયા ગુણસદ્ધિ,
શ્રી આણંદવર્દ્ધન ઇમ કહઈ પુરુષ સિલાક ત્રિસદ્ધિ. ૧૨

દાર્શનિકશિરોમણિ આચાર્યપ્રવર શ્રી. સિદ્ધસેનદિવાકરજીની
૧૯મી દ્વાત્રિંશિકાનું એક અધિક મળી આવેલું પદ્ય

લેખકઃ–પૂજ્ય મુનિમહારાજ શ્રી. જંબૂવિજયજી

ભગવાન શ્રી. દિવાકરજીની દ્વાત્રિંશિકાઓના સૌ કોઈ અભ્યાસીઓ સારી રીતે જાણે છે કે એ કેટલી બધી અતિગૂઢ અને અતિગહન છે. એનો અર્થ ઉકેલતાં અભ્યાસીઓને અનેક સ્થળે મહાકષ્ટનો અનુભવ થાય છે. જો શુદ્ધ કારિકાઓમાં પણ અર્થપરિજ્ઞાન માટે આ જાતનું કષ્ટ અનુભવવું પડે તો જ્યાં પાઠોની અશુદ્ધિ હોય ત્યાં આ જાતની પારાવાર મુશ્કેલી અનુભવવી પડે એમાં શું આશ્ચર્ય ? ન્યાયાવતારને બાદ કરતાં બીજી દ્વાત્રિંશિકાઓ ઉપર ટીકાગ્રંથો પણ રચાયેલા નથી કે જેના આધારે પાઠશુદ્ધિ તથા અર્થપરિજ્ઞાન સહેલાઈથી કરી શકાય કદાચ કોઈ પૂર્વાચાર્યોએ એ ટીકાગ્રંથોની રચના કરી હશે તો પણ અત્યારે તો એ સર્વથા અજ્ઞાત અને અપ્રાપ્ય જ છે વળી આવા ગૂઢ ગ્રંથોમાં પ્રમાણભૂત આધારથી પાઠશુદ્ધિ કરવામાં આવે તો જ સફળતાની અધિક સંભવના રહે છે. નહિતર માત્ર અમુક પ્રકારની વિચારણાના બળે જ જો પાઠશુદ્ધિ કરવામાં આવે તો પાઠશુદ્ધિ કરવા જતાં આપણા હાથે અશુદ્ધ પાઠોમાં ઉમેરો જ ઘણી વાર થઈ જાય છે આથી આવા ગ્રંથોની હસ્તલિખિત પ્રતિઓ જ્યાં જ્યાંથી મેળવી શકાય ત્યાં ત્યાંથી શોધી શોધીને મેળવીને તેમાંથી શુદ્ધ પાઠોને તારવી કાઢવા એ પાઠશુદ્ધિ કરવાનો ઉત્તમ માર્ગ છે.

અમે ગયા વર્ષે પુના હતા ત્યારે શ્રુતજ્ઞાનના અખંડ ઉપાસક પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સા.નો આ હેતુથી એક પત્ર આવ્યો કે ' ત્યાં પુનામાં ભાંડારકર પ્રાચ્યવિદ્યામંદિર (Bhandarkar Oriental Institute)માં શ્રી સિદ્ધસેનદિવાકરજી· પ્રણીત દ્વાત્રિંશિકાઓની એક તાડપત્ર ઉપર લખાયેલી પ્રાચીન પ્રતિ છે. જૈનધર્મ પ્રસારક સભા (ભાવનગર) તરફથી પ્રકાશિત મુદ્રિત પ્રતિની તેની સાથે તુલના કરીને તેમાંથી તમારે પાઠાંતરો લઈ લેવા." આ પત્ર વાંચી એ પ્રતિ મેળવવા માટે મેં પ્રયાસ કર્યો, પરંતુ સંસ્થાના સંચાલકો તાડપત્ર ઉપર લખાયેલા ગ્રંથોને સંસ્થાના મકાન બહાર આપતા નથી એટલે ત્યાં જઈને જ મેં પાઠાંતરો લેવાની શરૂઆત કરી.

પાઠાંતરો લેતાં શુદ્ધ અને અશુદ્ધ એમ બંને પ્રકારના પાઠાંતરો મને તેમાં મળતા હતા. તેમાં એવા સુંદર અનેક શુદ્ધ પાઠો પણ મને મળવા લાગ્યા કે પ્રયત્નની સફળતાથી તથા ગ્રંથની શુદ્ધિ થવાથી મને ખૂબ આનંદ થતો હતો. પરંતુ જ્યારે ૧૯મી બત્રીશીના પાઠાંતરો લેતો હતો તે સમયે તો મારા આનંદનો પાર જ ન રહ્યો મુદ્રિતમાં નહિ છપાયેલું એક આખું પદ્ય જ મને એમાંથી અધિક મળી આવ્યું. મુદ્રિત ૧૯મી દ્વાત્રિંશિકામાં કુલ ૩૧ પદ્યો છે તેમાં ૧૧મું પદ્ય નીચે પ્રમાણે છપાયેલું છે:–

परस्परस्पृष्टगतिर्भावनापचयाध्वनिः । बद्धस्पृष्टगमद्व्यादिस्नेहरौक्ष्यातिशायनात् ॥११॥

ભાંડારકર સંસ્થાની તાડપત્રપ્રતિમાં આ સ્થળે બે કારિકાઓ છે, અને તેનો ક્રમ નીચે મુજબ છે:–

परस्परस्पृष्टगतिर्भावनापचयाध्वनिः । स्पृष्टग्राह्यश्रुते सम्यगर्थभावोपयोगतः ॥११॥

संघात-भेदो-भयतः परिणामाच्च संभवः । बद्धस्पृष्टगम(सम)द्व्यादिस्नेहरौक्ष्यातिशायनात्॥१२॥

ભાંડારકર સંસ્થાની પ્રતિ સિવાય બીજી હસ્તલિખિત પ્રતિમાં આ કારિકા જોવામાં

નથી આવતી. તેથી આ એક મહત્ત્વની પ્રાપ્તિ છે. આ કારિકા ઉમેરવાથી દ્વાત્રિંશિકાની કારિકાઓની ૩૨ની સંખ્યા પણ પરિપૂર્ણ થઈ જાય છે.

પ્રતિ સંપૂર્ણ જ છે; પણ તેમાં પ્રારંભની ૨૦ બત્રીશીઓ જ છે. પત્ર ૪૮ છે. લંબાઈ–પહોળાઈ ૨×૧૪ ઇંચ છે. એક દ્વાત્રિંશિકાને અંતે **इति श्वेतपटसिद्धसेनाचार्यस्य कृतिः** આવો વિશિષ્ટ અને વિચિત્ર ઉલ્લેખ પણ છે.

ભાંડારકર સંસ્થામાં આ તાડપત્રપ્રતિ ઉપરથી જ કાગળ ઉપર કરેલી એક પ્રતિલિપિ (નકલ) પણ છે. જો કે પ્રતિલિપિ કરનાર લેખકે એમાં કેટલેક સ્થળે અશુદ્ધ પાઠોનો ઉમેરો કરેલો છે તો પણ પાઠાંતરો લેવા ઇચ્છનારને એ અતિઉપયોગી જ છે. જો કોઈ મહાનુભાવની સ્વયં પાઠાંતરો લેવાની ઇચ્છા હોય તો આ કાગળ ઉપર કરેલી પ્રતિલિપિનો ઉપયોગ કરી શકાય તેમ છે. તાડપત્ર ઉપર લખાયેલા ગ્રંથો સંસ્થા બહાર નથી મળી શકતા, પણ કાગળ ઉપર લખાયેલા ગ્રંથો સંસ્થાનાં ધારાધોરણ મુજબ અમેત્યાં બહારગામ પણ મળી શકે છે.

એક પ્રાસંગિક વિચારણા

૧૯મી દ્વાત્રિંશિકાની રચનામાં દિવાકરજીએ ભગવાન ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્રનો ખાસ ઉપયોગ કર્યો છે **दर्शन-ज्ञान-चारित्राण्युपाया. शिवहेतवः ।** આ ૧૯મી દ્વાત્રિંશિકાની ૨જી કારિકાનું પૂર્વાર્ધ વાંચતાં જ સ્પષ્ટ જોઈ શકાય છે કે એમાં **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** [तत्त्वार्थ० १ । १ ।] સૂત્રની સ્પષ્ટ છાયા છે. આવાં બીજાં પણ સ્થળો છે. તે જ રીતે આ કારિકા પણ તત્ત્વાર્થસૂત્રને અનુસરીને છે. **संघात-भेदो-भयतः परिणामाच्च संभवः** આ અંશ "**संघात-भेदेभ्य उत्पद्यन्ते**" [तत्त्वार्थ० ५ । २६] આ સૂત્રને અનુસરીને છે. જો કે મૂલસૂત્રમાં **संघात** અને **भेद** બેનો જ ઉલ્લેખ છે, તો પણ ભાષ્યમાં **संघात, भेद** તથા **उभय**–એ ત્રણેનો નિર્દેશ છે. આથી અહીં દિવાકરજીએ ભાષ્યનો ઉપયોગ કર્યો છે, એમ પણ જણાય છે.

તત્ત્વાર્થસૂત્રની બે પાઠપરંપરા ચાલે છે. એક ભાષ્યસંમત પાઠપરંપરા છે કે જેને બધા જ શ્વેતાંબરો અનુસરે છે, કેમકે ભાષ્યને સ્વોપજ્ઞ–ઉમાસ્વાતિપ્રણીત–જ માને છે. બીજી સર્વાર્થસિદ્ધિસંમત પાઠપરંપરા છે કે જેને બધા જ દિગંબરો અનુસરે છે. કેટલેક સ્થળે એ પાઠભેદની સાથે અર્થભેદ પણ મોટો પડી જાય છે. આ સ્થળે દિગંબરપરંપરામાં **भेद-संघातेभ्य उत्पद्यन्ते** એવો સૂત્રપાઠ છે, જ્યારે શ્વેતાંબરપરંપરામાં **संघात-भेदेभ्य उत्पद्यन्ते** એવો ભાષ્યસંમત સૂત્રપાઠ છે. દિવાકરજી ભાષ્યસંમત સૂત્રપાઠને અનુસર્યા છે એ અહીં સ્પષ્ટ જોઈ શકાય છે.

તેવી જ રીતે **बन्धस्तु(स्य)गम(सम)द्व्यादिस्नेहरौक्ष्यातिशायनात्** આ કારિકાંશ "**द्व्यधिकादिगुणानां तु**" તથા "**बन्धे समाधिकौ पारिणामिकौ**" [तत्त्वार्थ० ५ । ३५,३६] આ સૂત્ર સાથે સંબંધ ધરાવે છે. **द्व्यधिकादिगुणानां तु** આ સૂત્રનો દિગંબર અને શ્વેતાંબર પરંપરામાં ભિન્ન ભિન્ન અર્થ માનવામાં આવે છે. દિગંબરો 'આદિ' શબ્દનો 'વગેરે' એવો અર્થ ન કરતાં 'પ્રકાર' એવો અર્થ કરે છે. એટલે સર્વાર્થસિદ્ધિ આદિ બધી જ દિગંબરીય વ્યાખ્યાઓ પ્રમાણે અજઘન્યગુણસ્નિગ્ધ અથવા અજઘન્યગુણરૂક્ષ પરમાણુનો તેનાથી 'દ્વ્યધિક' એવા ગુણવાળા સાથે જ બંધ માનવામાં આવે છે; ત્ર્યધિક ચતુરધિક આદિ ગુણવાળા સાથે બંધ માનવામાં નથી આવતો. પરંતુ શ્વેતાંબરપરંપરામાં

ભાષ્ય અને ભાષ્યાનુસારિ વૃત્તિ પ્રમાણે **आदि** શબ્દનો='વગેરે' એવો સીધો અર્થ જ લેવામાં આવે છે અને તેથી ત્રિગુણાધિક, ચતુર્ગુણાધિક, યાવત્ અનંતગુણાધિકની સાથે પણ બંધ માનવામાં આવે છે **क्षुधादिस्नेहरौक्ष्यातिशायनात्** દિવાકરજીના વચનથી તેઓ ભાષ્યસંમત માન્યતાને જ અનુસર્યા છે એ સ્પષ્ટ જોઈ શકાય છે.

૩૬મા સૂત્રમાં દિગંબરપરંપરામાં **बन्धेऽधिकौ पारिणामिकौ** એવો સૂત્રપાઠ છે, જ્યારે શ્વેતાંબરપરંપરામાં **बन्धे समाधिकौ पारिणामिकौ** એવો સૂત્રપાઠ છે. દિગંબર-મત પ્રમાણે દ્વિગુણસ્નિગ્ધનો દ્વિગુણરુક્ષ સાથે તેમજ ત્રિગુણસ્નિગ્ધનો ત્રિગુણરુક્ષ સાથે—એમ સમગુણસ્નિગ્ધનો સમગુણરુક્ષ સાથે બંધ માનવામાં નથી આવતો. પરંતુ ભાષ્યસંમત-પાઠાનુસારિ શ્વેતાંબરપરંપરામાં એ પ્રકારનો (સમગુણસ્નિગ્ધનો સમગુણરુક્ષ સાથે) બંધ માનવામાં આવે છે **बद्धस्पृष्टगम(सम)**—આ વચનથી દિવાકરજીએ ભાષ્યસંમત પરંપરાનો જ સ્વીકાર કર્યો છે એ જોઈ શકાય છે.

દિગંબરપરંપરામાં વિદ્યમાન તત્ત્વાર્થવૃત્તિઓમાં પૂજ્યપાદ નામથી પ્રસિદ્ધ આચાર્ય દેવનંદિએ રચેલી સર્વાર્થસિદ્ધિ સૌથી પ્રાચીન વૃત્તિ છે. અકલંક આદિ બધા જ દિગંબર વૃત્તિકારો આ સર્વાર્થસિદ્ધિમાન્ય સૂત્રપાઠને જ અનુસર્યા છે. દિવાકરજી સર્વાર્થસિદ્ધિકાર કરતાં પણ પ્રાચીન છે. (આ સબંધમાં વિસ્તારથી જાણવા માટે જુઓ ભારતીયવિદ્યાના સિંધી સ્મારક અંકમાં પં. સુખલાલજીનો લેખ) કારણ કે પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિમાં દિવાકરજીની બત્રીશીમાંથી એક કારિકાર્ધ ઉદ્ધૃત કર્યું છે. તેમજ એ જ પૂજ્યપાદપ્રણીત જૈનેન્દ્ર વ્યાકરણમાં સિદ્ધસેનાચાર્યના નામોલ્લેખપૂર્વક દિવાકરજીના મતનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

આ. શ્રી. મલ્લવાદિક્ષમાશ્રમણપ્રણીત દ્વાદશારનયચક્રની વૃત્તિમાં ટીકાકાર શ્રી સિંહસૂરગણિવાદિક્ષમાશ્રમણે **यत्र ह्यर्थो वाच्यं (वाचं ?) व्यभिचरति नाभिधानं तत्** આવું શબ્દનયનું લક્ષણ **तथाचाचार्यसिद्धसेन आह** આવા નામોલ્લેખપૂર્વક ઉદ્ધૃત કર્યું છે. ×બીજે બધે સ્થળે સિદ્ધસેનાચાર્યના નામે ટીકાકારે ઉદ્ધૃત કરેલા પ્રાપ્ય વચનો દિવાકરજીનાં જ છે, તેથી આ સિદ્ધસેનાચાર્ય પણ દિવાકરજી હોવાનો જ સંભવ છે. તત્ત્વાર્થ-ભાષ્યમાં (અધ્યાય ૧) નયનિરૂપણમાં **यथार्थाभिधानं शब्दः** એવું શબ્દનયનું લક્ષણ આવે છે. આની સાથે સિદ્ધસેનાચાર્યના નામે ઉદ્ધૃત કરવામાં આવેલા શબ્દનયના લક્ષણ-ને બારીકાઈથી સરખાવી જોતાં શ્રી સિદ્ધસેનાચાર્યના શબ્દનયના લક્ષણનો તત્ત્વાર્થ-ભાષ્યગત શબ્દનયના લક્ષણની સાથે સંબંધ છે એમ સ્પષ્ટ જોઈ શકાય છે. આથી પણ એ વાતની પુષ્ટિ થાય છે કે—દાર્શનિકશિરોમણિ આચાર્યપ્રવર શ્રી. સિદ્ધસેનદિવાકરજીએ પણ તત્ત્વાર્થભાષ્યનો ઉપયોગ કર્યો છે.

નિપાણિ (મહારાષ્ટ્ર), સં. ૨૦૦૪, માગસર વદ ૧૦, તા. ૫-૧-૪૮.

× અહીં **यत्र ह्यर्थो वाच्यं न व्यभिचरति अभिधानं तत्**—એ પ્રકારે અન્વય કરવાથી આ વાક્ય વિધિપ્રધાન છે અને તેમાં શબ્દનયના લક્ષણનું વિધાન કરવામાં આવ્યું છે એ બરાબર સમજી શકાશે. તત્ત્વાર્થટીકાકાર ગંધહસ્તી શ્રી સિદ્ધસેનગણિએ પણ આ વાક્યને **तथाचोच्यते "यत्र ह्यर्थो वाचं न व्यभिचरत्यभिधानं तत्"** એ રીતે જ ઉદ્ધૃત કર્યું છે.

પ્રશ્નોત્તર-પ્રબોધ

પ્રયોજકઃ-પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી. વિજયપદ્મસૂરિજી

(ગતાંકથી ચાલુ)

૪૪ પ્રશ્ન—અન્યદર્શનકારોમાંના કેટલાક એમ માને છે કે શરીરમાં દાખલ થવાના વખતે અને શરીરમાંથી નીકળવાના વખતે આત્મા દેખાતો નથી. માટે અમે માનીએ છીએ કે 'આત્મા નામનો પદાર્થ છે જ નહિ,' ને દેહની હયાતીમાં સંવેદન (ચૈતન્ય) સંભવે છે, અને તે બળીને રાખ થયા પછી ચૈતન્ય જણાતું નથી માટે અમે કહીએ છીએ કે દેહમાંથી ચૈતન્ય પ્રગટ થાય તેથી ચૈતન્ય પદાર્થ છે, ને તે દેહાશ્રિત છે. કારણ કે જેમ ભીંતમાં ચિત્રામણ રહે તેમ તે શરીરમાં રહે છે જેમ ભીંત વિના ચિત્ર ન રહે, અને તે એક ભીંત છોડીને બીજી ભીંતમાં જાય નહિ, એટલે ચિત્ર ભીંતમાં જ ઉપજે (ચિત્રાય) ને ત્યાં જ નાશ પામે, વળી જેમ પાણીનો પરપોટો પાણીમાં જ ઉત્પન્ન થાય, ને ત્યાં જ નાશ પામે, તેવી રીતે ચૈતન્ય પણ પંચ ભૂતમાંથી પ્રગટે ને ત્યાં જ નાશ પામે, એમ કેમ ન માની શકાય?

ઉત્તર—આત્મા, અમૂર્ત (અરૂપી) છે, ને આંતર (કાર્મણ, સૂક્ષ્મ, લિંગ) શરીર પણ જેમ રૂપિ છતાં બહુ જ સૂક્ષ્મ હોવાથી દેખાતું નથી, તો પછી અરૂપી આત્મા ન દેખાય, એમાં નવાઈ શી? એ પ્રમાણે જૈનો તો શું પણ બીજાઓ પણ માને જ છે, એમ પ્રભાકરના આ શ્લોક ઉપરથી સાબિત થાય છે તે આ પ્રમાણે—

अन्तरा भवदेहोऽपि, सूक्ष्मत्वान्नोपलक्ष्यते ॥
निष्क्रामन्प्रविशन्वाऽपि नाभावोऽनीक्षणादपि ॥१॥

અર્થઃ—જ્યાંસુધી સંસારી જીવ સંસારમાં રહે, એટલે મોક્ષે ન જાય, ત્યાં સુધી, કાર્મણ શરીર, તેની સાથે જ રહે છે, માટે તે ભવદેહ કહેવાય છે. તે શરીર બહુ જ સૂક્ષ્મ હોવાથી તેની જેમ—વચમાં તેને ધારણ કરનાર આત્મા પણ જ્યારે પૂર્વ સ્થાનમાંથી નીકળે ને નવીન સ્થાનમાં દાખલ થાય, ત્યારે દેખાતો નથી, તોપણ—આત્મા નથી એમ તો નથી જ—એટલે આત્મા છે જ. આ પ્રમાણે જો કે કાર્મણ શરીરવાળો છતાં પણ આત્મા જતાં કે આવતાં દેખાતો નથી, તોપણ અમુક અમુક ચિહ્નોથી આત્માનો નિર્ણય જરૂર કરી શકાય છે.

અહીં દૃષ્ટાંત એ કે—જેણે ભૂત વગેરેને પહેલાં જોયેલ નથી, તે માણસ પણ જેમ "એને ભૂત વગેરેનો વળગાડ છે, તે કારણ વિના પણ વારંવાર હાસ્ય ગાયન, રુદન વગેરે ચેષ્ટાઓ કરે છે"—આ ચિહ્નો જોઇને નિર્ણય કરે છે કે—આ માણસના શરીરમાં ભૂત વગેરે દાખલ થયેલ છે, તેવી રીતે શ્વાસોચ્છ્વાસ વગેરે ચિહ્નો જોઇને આત્માનો પણ નિર્ણય કરી શકાય છે. વળી વાદીએ પંચભૂત ધર્મ ચૈતન્યને સાબિત કરવા જે ચિત્રનું દૃષ્ટાંત આપ્યું, તે પણ ગેરવાજબી છે. કારણ કે—ચિત્ર, અચેતન (જડ) છે, ચાલવાના સ્વભાવ વિનાનું છે. અને આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, તથા કર્માધીન હોવાથી નારકાદિ વિવિધ ગતિઓમાં ભ્રમણ કરનારો છે. આથી સાબિત થયું કે ભીંત-ચિત્ર અને આત્મા તદ્દન વિલક્ષણ હોવાથી, ચાલુ પ્રસંગે ભીંત-ચિત્રનું દૃષ્ટાંત આપી શકાય જ નહિ. તેથી ચૈતન્ય પંચભૂતનો ધર્મ છે, એમ કહેવું ઉચિત નથી. ૪૪.

૪૫ પ્રશ્ન—એક બાજુ કર્મબંધના પ્રસંગે શ્રી તત્ત્વાર્થસૂત્રાદિમાં મિથ્યાત્વાદિ પાંચ હેતુઓ જણાવ્યા, ને બીજી બાજુ શ્રી સમ્મતિપ્રકરણના પહેલા કાંડની ૧૯મી ગાથામાં કહ્યું છે કે-યોગનિમિત્તે કર્મ બંધાય છે. તો આ બંને પાઠોનું ખરું રહસ્ય શું સમજવું?

ઉત્તર—મિથ્યાત્વની મુખ્યતાથી પહેલે ગુણસ્થાને કર્મ બંધાય છે. અને બીજા, ત્રીજા, ચોથા ને પાંચમા ગુણસ્થાનકે, અવિરતિની મુખ્યતાથી કર્મ બંધાય છે, તથા છઠ્ઠા ગુણસ્થાનકથી માંડીને નવમા ગુણસ્થાનક સુધીના ચાર ગુણસ્થાનકે કષાયની મુખ્યતાથી કર્મ બંધાય છે, ને દશમા ગુણસ્થાનકથી માંડીને તેરમા સયોગ ગુણસ્થાન સુધીના ચાર ગુણસ્થાને થતા કર્મબંધમાં યોગની મુખ્યતા છે. જે વખતે જે હેતુની કર્મબંધમાં મુખ્યતા હોય, તે વખતે સંભવતા બીજા હેતુઓ પણ ગૌણપણે રહેલા જ છે. જેમ પહેલા ગુણસ્થાનકે જે કર્મબંધ થાય તેમાં મિથ્યાત્વ હેતુની મુખ્યતા, ને બાકીના અવિરતિ, કષાય, યોગની ગૌણતા સમજવી. આ રીતે આગળ બીજા વગેરે ગુણસ્થાનકોમાં પણ, અવિરતિ વગેરે હેતુઓમાં પણ, એક હેતુની મુખ્યતા હોય, ત્યારે બીજા સંભવતા હેતુઓની ગૌણતા સમજવી. આ મુદ્દાથી શ્રી તત્ત્વાર્થસૂત્રાદિમાં ચાર બંધ હેતુઓ જણાવ્યા છે, ને યોગ હેતુ લાંબા સમય સુધી રહે છે. એટલે જેમ ઠેઠ તેરમા સયોગિ ગુણસ્થાનક સુધી યોગ હેતુ કાયમ રહે છે, મિથ્યાત્વ, અવિરતિ અને કષાય તેવા નથી. એટલે મિથ્યાત્વ વગેરે ત્રણ હેતુઓ લાંબા કાળ સુધી રહેતા નથી. માટે જ મિથ્યાત્વાદિ ચાર હેતુઓમાં યોગને છેવટે જણાવ્યો છે એ આથી સમજાય છે. કર્મબંધની સાથે જેવો યોગનો અવિનાભાવ સંબંધ છે, તેવો મિથ્યાત્વાદી ત્રણનો સંબંધ નથી. માટે કર્મબંધમાં મુખ્ય કારણ યોગને માની ને બીજાં ત્રણ કારણને ગૌણ માની યોગ નિમિત્તે શુભ અથવા અશુભ કર્મ બંધાય એમ પણ કહી શકાય. આ મુદ્દાથી શ્રીસંમતિમાં અને વિશેષાવશ્યકની ૧૯૦૫મી ગાથામાં યોગને કર્મબંધમાં નિમિત્ત કહ્યો છે. આ રીતે જુદી જુદી અપેક્ષાએ બન્ને વચનો ઘટી શકે છે. તેમાં લગાર પણ અર્થભેદ છે જ નહિ. આવાં આપેક્ષિક વચનો શ્રી ભગવતીસૂત્ર વગેરે ઘણાં સૂત્ર ગ્રંથાદિમાં પણ જણાય છે. શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે જ્યાં સુધી આ જીવ ત્રણ યોગમાંની કંઇ પણ ક્રિયા કરે, ત્યાં સુધી તેને કર્મબંધ ચાલુ રહે છે. કોઇ વખત આયુષ્યનો બંધ થતો હોય ત્યારે આઠ કર્મસમૂહને બાંધે, તે સિવાયના સમયે આયુષ્યનો બંધ થતો નથી માટે સાત કર્મો બંધાય. તેમાં પણ નવમા ગુણસ્થાનક સુધી બાદર કષાયના નિમિત્તે મોહનીય કર્મ બંધાય, તેથી દશમા ગુણસ્થાને આયુ-મોહ સિવાયનાં છ કર્મો બંધાય ને અગીયારમા બારમા તેરમા ગુણસ્થાનકે એક સાતાવેદનીય જ બંધાય; તે સિવાયનાં કર્મો ન જ બંધાય. ૪૫

૪૬ પ્રશ્ન—પાંચ પ્રકારના જ્યોતિષી દેવોમાં કયા દેવો કોની અપેક્ષાએ ઓછી ઋદ્ધિવાળા કહેવાય ને કયા દેવો કોની અપેક્ષાએ મહર્દ્ધિક કહેવાય?

ઉત્તર—૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા—આ રીતે પાંચ પ્રકારના જ્યોતિષી દેવોમાં તારા દેવો કરતાં નક્ષત્રદેવો મહર્દ્ધિક સમજવા અને નક્ષત્રદેવોથી ગ્રહદેવો મહર્દ્ધિક સમજવા. ગ્રહદેવોથી સૂર્ય-ઇંદ્રો મહર્દ્ધિક અને સૂર્ય (દેવો)થી ચંદ્ર-ઇંદ્રો મહર્દ્ધિક સમજવા. અહીં મહર્દ્ધિકપણાનો અને અલ્પર્દ્ધિકપણાનો સંબંધ દેવાયુષ્યની સ્થિતિ સાથે

હોય છે. તેથી સમજાય છે કે-અલ્પર્દ્ધિક દેવોનું આયુષ્ય મહર્દ્ધિક દેવોના આયુષ્યની અપેક્ષાએ અલ્પ હોય. માટે જ ચંદ્રાદિ પાંચેમાં ચંદ્રનું સૌથી વધારે આયુષ્ય હોવાથી સૂર્યાદિ ચાર જ્યોતિષી કરતાં વધારે મહર્દ્ધિક ચંદ્રો ગણાય. તેમાંથી સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા ક્રમસર ઓછી ઓછી ઋદ્ધિવાળા કહેવાય કારણ કે ચંદ્રમાનું આયુષ્ય ૧ પલ્યોપમ ને લાખ વર્ષનું, સૂર્યનું આયુષ્ય ૧ પલ્યોપમ ને હજાર વર્ષનું, ગ્રહનું ૧ પલ્યોપમનું આયુષ્ય, નક્ષત્રનું અર્ધપલ્યોપમનું અને તારાનું આયુષ્ય ૧ પલ્યોપમનું શ્રી જીવાભિગમ, પ્રજ્ઞાપના-સૂત્રાદિમાં જણાવ્યું છે. ૪૬.

૪૭ પ્રશ્ન—ચંદ્રાદિ પાંચેમાં શીઘ્ર ગતિ કરનારા કોણ ? ને મંદ ગતિ કરનારા કોણ ?

ઉત્તર-૧ ચંદ્ર, ૨ સૂર્ય ૩ ગ્રહ, ૪ નક્ષત્ર, ૫ તારા-અહીં જણાવ્યા પ્રમાણે, ક્રમસર ચંદ્રથી સૂર્યની ગતિ ઉતાવળી હોય, તેનાથી ગ્રહ-નક્ષત્ર-તારાની ક્રમસર ગતિ શીઘ્ર હોય છે. કારણ કે એક અહોરાત્રમાં ચંદ્રમા જેટલું ક્ષેત્ર ચાલે, તેટલું ક્ષેત્ર ચાલતાં સૂર્યને અહોરાત્રથી ઓછો વખત લાગે છે, તેનાથી ગ્રહને, નક્ષત્રને ને તારાને ક્રમસર તેટલું જ ક્ષેત્ર ચાલતાં ઓછો વખત લાગે છે. એમ શ્રી જીવાભિગમસૂત્ર ટીકાદિમાં જણાવ્યું છે. ૪૭.

૪૮ પ્રશ્ન- જ્યોતિષી દેવાદિનું જઘન્યોત્કૃષ્ટ આયુષ્ય કેટલું કેટલું હોય ?

ઉત્તર—(૧) ચંદ્રવિમાનમાં દેવોનું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમનો ચોથો ભાગ, ને ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ અને એક લાખ વર્ષ પ્રમાણ જાણવું. તેમાં ચંદ્રવિમાનમાં ચંદ્રદેવ, સામાનિક દેવો ને આત્મરક્ષક દેવો વગેરે ઉપજે છે. તેમાં એવો નિયમ છે કે, ચંદ્ર અને તેના સામાનિક દેવોનું આયુષ્ય ઉત્કૃષ્ટ જ હોય, ને આત્મરક્ષકાદિ દેવોનું આયુષ્ય જઘન્ય જ હોય. તથા ચંદ્રવિમાનમાં રહેનારી દેવીઓનું જઘન્ય આયુષ્ય $\frac{1}{4}$ પલ્યોપમ, ને ઉત્કૃષ્ટ આયુષ્ય $\frac{1}{2}$ પલ્યોપમ અને ૫૦૦૦૦ વર્ષો, (૨) સૂર્યવિમાનમાં દેવોનું જ૦ આ૦ $\frac{1}{4}$ પલ્યોપમ, ઉ૦ આ૦ એક પલ્યોપમ ને ૧ હજાર વર્ષ; દેવીઓનું જ૦ આ૦ $\frac{1}{4}$ પલ્યોપમ, ઉ૦ આ૦ $\frac{1}{2}$ પલ્યોપમ ને ૫૦૦ વર્ષ; (૩) ગ્રહવિમાનમાં દેવોનું જ૦ આ૦ $\frac{1}{4}$ પલ્યો૦, ઉ૦ આ૦ ૧ પલ્યોપમ; દેવીઓનું જ૦ આ૦ $\frac{1}{4}$ પલ્યોપમ, ઉ૦ આ૦ $\frac{1}{2}$ પલ્યોપમ; (૪) નક્ષત્ર વિમાનમાં દેવોનું જ૦ આ૦ $\frac{1}{4}$ પલ્યોપમ, ઉ૦ આ૦ $\frac{1}{2}$ પલ્યોપમ; દેવીઓનું જ૦ આ૦ $\frac{1}{4}$ પલ્યોપમ, ઉ૦ આ૦ સાધિક $\frac{1}{4}$ પલ્યોપમ. (૫) તારા વિમાનમાં દેવોનું જ૦ આ૦ $\frac{1}{8}$ પલ્યોપમ, ઉ૦ આ૦ $\frac{1}{4}$ પલ્યોપમ; દેવીઓનું જ૦ આ૦ $\frac{1}{8}$ પલ્યોપમ, ઉ૦ આ૦ સાધિક $\frac{1}{8}$ પલ્યોપમ ૪૮.

૪૯ પ્રશ્ન— ચંદ્રાદિ પાંચેમાં કયા કયા વધારે ને કયા કયા ઓછા હોય ?

ઉત્તર—ગ્રહાદિ ત્રણ કરતાં ચંદ્ર સૂર્યો ઓછા હોય. ને માંહો માંહે વિચારીએ તો સૂર્ય અને ચંદ્રો સરખી સંખ્યામાં હોય, કારણકે દરેક દ્વીપાદિમાં સરખી સંખ્યાએ જ ચંદ્ર જણાય છે. જેમ જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચંદ્રમા, લવણ સમુદ્રમાં ૪ સૂર્ય ને ૪ ચંદ્રમા વગેરે. નક્ષત્રો સંખ્યાતગુણા જાણવા, કારણ કે દરેક ચંદ્રાદિના પરિવારમાં ૨૮-૨૮ નક્ષત્રો હોય છે. તેથી ગ્રહો સંખ્યાતગુણા જાણવા. કારણ કે નક્ષત્ર કરતાં સાધિક ત્રણ ગુણા ગ્રહો, દરેક ચંદ્રાદિના પરિવારમાં જણાવ્યા છે. તેનાથી તારા સંખ્યાતગુણા જાણવા. કારણ કે દરેક સૂર્યાદિના પરિવારમાં ઘણી કોડાકોડી પ્રમાણ તારા હોય છે. તારા કરતાં ગ્રહો,

નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય ક્રમસર ઓછા ઓછા જાણવા. એમ શ્રી જીવાભિગમ, પ્રજ્ઞાપનાસૂત્ર વૃત્તિ વગેરેમાં જણાવ્યું છે. ૪૯.

૫૦-પ્રશ્ન—શ્રીજીવાજીવાભિગમસૂત્રના રચનાર કોણ ?

ઉત્તર—પ્રભુ શ્રી મહાવીરદેવના પ્રશિષ્ય ચૌદ પૂર્વધર ભગવંતે શ્રીજીવાજીવાભિગમ-સૂત્ર બનાવ્યું છે, એમ "श्रीमज्जिनप्रशिष्यचतुर्दशपूर्वधरविरचितं" ઇત્યાદિ વાક્યથી સમજાય છે. ૫૦.

૫૧ પ્રશ્ન—શ્રીજીવાજીવાભિગમસૂત્ર ક્યા અંગનું ઉપાંગસૂત્ર છે ?

ઉત્તર—ત્રીજા અંગ તરીકે સુપ્રસિદ્ધ શ્રી સ્થાનાંગસૂત્રનું ઉપાંગ આ શ્રીજીવાજીવાભિગમસૂત્ર છે. ૫૧.

૫૨ પ્રશ્ન—અંગ અને ઉપાંગમાં ફેર શો ?

ઉત્તર—અંગ સૂત્રોમાં જણાવેલી પદાર્થતત્ત્વની ટૂંક બીનાનો વિસ્તાર ઉપાંગ સૂત્રોમાં કર્યો છે-એટલે જેમાં અંગની બીના વિસ્તારથી જણાવી હોય તે ઉપાંગ કહેવાય. શરીરમાં અંગ અને ઉપાંગની જેવી સંકલના હોય છે, તેવી જ અંગ સૂત્રોની અને ઉપાંગ સૂત્રોની સંકલના ઘટી શકે છે. અંગ ૧૨ છે તેજ પ્રમાણે ઉપાંગ પણ બાર છે. બારમું અંગ દૃષ્ટિવાદ વિચ્છેદ પામ્યું છે. ૫૨.

૫૩ પ્રશ્ન—શ્રી આચારાંગસૂત્રના મૂલ નિર્યુક્તિ વગેરેનું પ્રમાણ શું ?

ઉત્તર—મૂલ સૂત્રના રચનાર શ્રી સુધર્માસ્વામી ગણધર. સૂત્રનું પ્રમાણ-૨૫૨૫ શ્લોક. આર્યા છંદમાં નિર્યુક્તિના બનાવનાર શ્રી ભદ્રબાહુ સ્વામી. નિર્યુક્તિનું શ્લોક પ્રમાણ-૪૫૦, ગાથા-૩૬૨. ચૂર્ણિનું પ્રમાણ ૮૩૦૦ શ્લોક, ટીકાકાર શ્રી શીલાંકાચાર્ય, તેમણે સં. ૯૩૩માં ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી. તે પહેલાં શ્રી ગંધહસ્તિએ અંગ સૂત્રોની ટીકા બનાવી હતી. તેમાં શીલાંકાચાર્યે જણાવેલા—शास्त्रपरिज्ञाविवरणमतिबहुगहनं' ઇત્યાદિ વાક્યો પ્રમાણભૂત છે. કાલ દોષથી તે વિચ્છેદ પામતાં શ્રી અભયદેવસૂરિએ નવ અંગોની ટીકા નવી બનાવી તે વખતે શ્રી શીલાંકાચાર્યકૃત આચારાંગટીકા અને સૂત્રકતાંગટીકા હયાત હતી તેથી તેમણે નવી ટીકા ન બનાવી ૫૩.

૫૪ પ્રશ્ન— શ્રી સૂત્રકૃતાંગ નામના બીજા અંગની નિર્યુક્તિ વગેરેનું પ્રમાણ શું ?

ઉત્તર— ૧ મૂલ સૂત્રનું શ્લોકપ્રમાણ ૨૧૦૦, ૨ નિર્યુક્તિના બનાવનાર શ્રી ભદ્રબાહુસ્વામી, ૩ નિર્યુક્તિનું શ્લોકપ્રમાણ ૨૬૫, ગાથા ૨૦૮ ૪ ચૂર્ણિ-૧૦૦૦૦ શ્લોક પ્રમાણ, ૫ શ્રી શીલાંકાચાર્યે બનાવેલી ટીકાનું પ્રમાણ ૧૨૮૫૦ શ્લોક. ૫૪.

૫૫ પ્રશ્ન— શ્રી સ્થાનાંગસૂત્રના મૂલસૂત્ર ટીકા આદિનું પ્રમાણ શું ?

ઉત્તર—મૂલ સૂત્રનું પ્રમાણ ૩૬૦૦, પૂજ્યશ્રી અભયદેવસૂરિ મહારાજે વિ૦ સં૦ ૧૧૨૦માં ૧૪૨૫૦ શ્લોકપ્રમાણ બનાવી છે. તે હાલ વિદ્યમાન છે. ૫૫.

૫૬ પ્રશ્ન—શ્રી સમવાયાંગસૂત્રના મૂલસૂત્ર, ટીકા વગેરેનું પ્રમાણ શું ?

ઉત્તર—૧ મૂલ સૂત્રનું પ્રમાણ ૧૬૬૭, ૨ શ્રી અભયદેવસૂરિ મહારાજે વિ૦ સં૦ ૧૧૨૦ માં ૩૫૭૪ શ્લોકપ્રમાણ ટીકા બનાવી. ૫૬.

(ચાલુ)

[ટાઇટલના બીજા પાનાથી ચાલુ]

(५) जैन साधु वस्तुतः भिक्षुक नहीं हैं; क्योंकि वे रात दिन ज्ञान ध्यान में लगे रहने के अतिरिक्त साहित्यिक प्रवृत्ति और जनकल्याण के निमित्त उपदेश देने के कार्य में अपने आपको संलग्न रखते हैं।

(६) जैन साधु बोड़ी, तम्बाकू, पान, भांग, गांजा, चरस आदि समस्त व्यसनों से सर्वथा रहित रहते हैं। नाटक, सिनेमा आदि की तो बात ही दूर है।

(७) जैन साधु हमेशा ही पैदल भ्रमण करते हैं। तांगा, घोड़ा, साइकिल, ऊट, मोटर, रेल आदि किसी भी सवारी का उपयोग नहीं करते हैं।

(८) अपने उपयोग के लिये मात्र मर्यादित वस्त्र रखते हैं और यहां तक कि धातु के पात्र भी काम में नहीं लाते हैं। काठ के पात्र का ही उपयोग करते हैं।

(९) पैसा और स्त्री दोनों से दूर रहते हैं। अपनी सगी माता या एक दिन की लड़की क्यों न हो, वे उसका स्पर्श भी नहीं कर सकते हैं। इसके अतिरिक्त वे वनस्पति और फल फूल का स्पर्श नहीं कर सकते हैं।

(१०) भिक्षा लाने के लिये जो ४२ नियम बने हैं, उनका कठोरता से पालन करना जैन साधुओं के लिये अनिवार्य है।

इस प्रकार के त्यागी, संयमी और लोकोपकारी साधुओं को भिक्षुओं में समावेश करके उन पर बेगर्स बिल लागू करना अनुचित और अन्यायपूर्ण होगा। इसलिये मेरा अनुरोध है कि सभा यदि इस बिल को पास करना ही चाहती है, तो जैन साधुओं पर बिल लागू न हो सके, ऐसा सुधार करके यह बिल पास किया जावे।

મુદ્રકઃ—મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ પો. બો. નં. ૬ શ્રી [illegible]માર્ગ કાર્યાલય—અમદાવાદ. પ્રકાશકઃ—ચીમનલાલ ગોકળદાસ શાહ શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી ઘીકાંટા રોડ—અમદાવાદ.



વર્ષ ૧૩ : અંક ૫] અમદાવાદ : ૧૫-૨-૪૮ [ક્રમાંક ૧૪૫

विषय-दर्शन

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

बारह भावनाके साहित्यके बारेमें विशेष ज्ञातव्य

लेखक—श्रीयुत अगरचन्दजी नाहटा

'श्री जैन सत्य प्रकाश' के गत—१४८वें अंकमें प्रो. हीरालाल र. कापडियाका 'बार भावनानुं साहित्य' शीर्षक लेख प्रकाशित हुआ है। कापडियाजीका विविध विषय एवं प्रकारके जैन साहित्य पर प्रकाश डालनेका प्रयत्न बहुत ही सुन्दर है। अन्य विद्वान मुनियों एवं विद्वानोंको भी इस ओर ध्यान देना चाहिए। ऐसे लेखोंसे हमें हमारे विविध साहित्यके विकास एवं विशालताका परिचय मिलता है। समय समय पर मैं कतिपय लेखोंके सम्बन्धमें विशेष ज्ञातव्य इसी पत्रमें प्रकाशित करता रहा हुं और करते रहनेकी भावना है।

मानवजीवनमें सद्विचारोंकी बहुत ही उपयोगिता है। भावनाका भी उसीमें समावेश होता है। हमारा मन बडा ही चंचल है; प्रतिसमय वह कभी अच्छा कभी बुरा विचार करता ही रहता है। बुरे विचारोंको हटानेके लिये अच्छे विचारोंका बल बढाना बहुत ही आवश्यक है। जैन महापुरुषोंने इसीके लिये कई प्रकारकी भावनाओंका निर्देश किया है। जैन धर्म निवृत्तिप्रधान धर्म है, अतः जिन विचारोंसे हमारी देहासक्ति, धन कुटुम्ब परिवारकी ममता घटे उसके लिये बारह भावनाओंको साधनके रूपमें उपस्थित की है और इनका सम्बन्ध निर्जरातत्त्वके साथ जोडा गया है। अर्थात् इनसे बहिर्मुखी वृत्ति हट कर हम अन्तर्मुखी बनते हैं और आत्मनिष्ठ होते ही हमारे अशुभ विचार एवं पूर्वसंचित कर्मसे हमारा निपटारा होता है।

बारह भावनाका साहित्य बहुत विशाल है। कापडियाजीने जो सूची उपस्थित की है उतना ही साहित्य और भी मिल सकता है। मेरी जानकारीमें भी अनेक ऐसे ग्रन्थ आये हैं जिनमें बारह भावनाओंका विवरण है। पर अभी वह मेरे सामने नहीं है अतः विशेष विचारणा भविष्यमें की जायगी। यहां तो दो–चार बातों पर ही प्रकाश डाला जा रहा है।

१. दि. आचार्य कुन्दकुन्दका समय कई विद्वान प्रथम शताब्दी मानते हैं, पर वह सही नहीं प्रतीत होता। उनके रचित ग्रन्थों पर गंभीरतासे विचार करने पर तीसरी शताब्दीके पहेलेका संभव नहीं है। इसके सम्बन्धमें मैंने अपने "आ. कुन्दकुन्दके समयनिर्णयकी उपेक्षिता दिशा" शीर्षक लेखमें विद्वानोंका ध्यान आकर्षित किया है, जो 'जैन सन्देश' व. १, अं. ४०में प्रकाशित है।

२ जयदेवकी भावनासंधि हमारे संग्रहकी सं. १४९१में लिखित प्रतिमें भी है।

३ बारह भावनाके रचयिता सकलमुनि निश्चित रूपसे तपागच्छीय हीरविजयसूरिशिष्य सकलचन्द्र ही हैं। उनकी अन्य रचनाओंमें भी यही नाम

[अनुसंधान–टाईटलना त्रीजा पाने

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	क्रमांक
अंक ५	માહ શુદિ ૫ : રવિવાર : ૧૫મી ફેબ્રુઆરી	१४९

सारसमुच्चयकुलकम् ।

संपादकः—पूज्य मुनि महाराज श्रीकांतिविजयजी

नरनरवइदेवाणं जं सोक्खं सव्वमुत्तमं लोए ।
तं धम्मेण विढप्पइ तम्हा धम्मं सया कुणह ॥ १ ॥
उच्छन्ना किं च जरा नट्ठा रोगा य किं मयं मरणं ।
ठइयं च नरयदारं जेण जणो कुणइ न य धम्मं ॥ २ ॥
जाणइ जणो मरिज्जइ पेच्छइ लोओ मरंतयं अन्नं ।
न य कोइ जए अमरो कह तह वि अणायरो धम्मे ? ॥ ३ ॥
जो धम्मं कुणइ नरो पूइज्जइ सामिउ व्व लोएण ।
दासो पेसो व्व जहा परिभूओ अत्थवछिच्छो ॥ ४ ॥
इय जाणिऊण एयं वीसंसह अत्तणो पयत्तेण ।
जो धम्मओ चुक्को सो चुक्को सव्वसुक्खाणं ॥ ५ ॥
धम्मं करेह तुरियं धम्मेण य हुंति सव्वसुक्खाइं ।
सो अभयपयाणेणं पंचेन्दियनिग्गहेणं च ॥ ६ ॥
मा कीरउ पाणिवहो मा जंपह मूढ अलियवयणाइं ।
मा हरह परधणाइं मा परदारे मई कुणह ॥ ७ ॥
धम्मो अत्थो कामो अन्ने जे एवमाइया भावा ।
हरइ हरंतो जीयं अभयं दिंतो नरो देइ ॥ ८ ॥
न य किंचि इहं लोए जीयाहिंतो जियाण दइययरं ।
तो अभयपयाणाओ न य अन्नं उत्तमं दाणं ॥ ९ ॥

सो दाया सो तवसी सो य सुही पंडिओ य सो चेव ।
जो सव्वसुक्खबीयं जीवदयं कुणइ खंतिं च ॥ १० ॥
किं पढिएण सुएण व वक्खाणिएण काइं किर तेण ।
जत्थ न नज्जइ एयं परस्स पीडा न कायव्वा ॥ ११ ॥
जो पहरइ जीवाणं पहरइ सो अत्तणो सरीरंमि ।
अप्पाण वेरिओ सो दुक्खसहस्साण आभागी ॥ १२ ॥
जं काणा खुज्जा वामणा य तह चेव रूवपरिहीणा ।
उप्पज्जंति अहन्ना भोगेहिं विवज्जिया पुरिसा ॥ १३ ॥
इय जं पाविंति य दुहसयाइं जणहिययसोगजणयाइं ।
तं जीवदयाए विणा पावाण वियंभियं एयं ॥ १४ ॥
जं नाम किंचि दुक्खं नारयतिरियाण तह य मणुयाणं ।
तं सव्वं पावेणं तम्हा पावं विवज्जेह ॥ १५ ॥
सयणे धणे य तह परियणे य जो कुणइ सासया बुद्धी ।
अणुधावंति कुढेणं रोगा य जरा य मच्चू य ॥ १६ ॥
नरए जिय ! दुस्सहवेयणाउ पत्ताउ जाओ पइं मूढ ! ।
जइ ताओ सरसि इन्हि भत्तं पि न रुच्चए तुज्झ ॥ १७ ॥
अच्छंतु ताव निरया जं दुक्खं गब्भवासमज्झंमि ।
पत्तं तु वेयणिज्जं त संपइ तुज्झ वीसरियं ॥ १८ ॥
भमिऊण भवग्गहणे दुक्खाणि य पाविऊण विविहाइं ।
लब्भइ माणुसजम्मं अणेगभवकोडिदुल्लभं ॥ १९ ॥
तत्थ वि य केइ गब्भे मरंति बालत्तणंमि तारुन्ने ।
अन्ने पुण अंधलया जावज्जीवं दुहं तेसिं ॥ २० ॥
अन्ने पुण कोढियया खयवाहीसहियपंगुभूया य ।
दारिद्देणऽभिभूया परकम्मकरा नरा बहवे ॥ २१ ॥
ते चेव जोणिलक्खा भमियव्वा पुण वि जीव ! संसारे ।
लहिऊण माणुसत्तं जं कुणसि न उज्जमं धम्मे ॥ २२ ॥
इय जाव न चुक्कसि एरिसस्स खणभंगुरस्स देहस्स ।
जीवदयाउवउत्तो ता कुण जिणदेसियं धम्मं ॥ २३ ॥
कम्मं दुक्खसरूवं दुक्खाणुहवं च दुक्खहेउं च ।
कम्मायत्तो जीवो न सुक्खलेसं पि पाउणइ ॥ २४ ॥

जह वा एसो देहो वाहीहिं अहिद्विओ दुहं लहइ ।
तह कम्मवाहिघत्थो जीवो वि भवे दुहं लहइ ॥ २५ ॥
जायंति अपच्छाओ वाहिओ जहा अपच्छनिरयस्स ।
संभवइ कम्मवुड्ढी तह पावा पच्छनिरयस्स ॥ २६ ॥
अइगरुओ कम्मरिऊ कयावयारो य नियसरीरत्थो ।
एस उविक्खिज्जंतो वाहि व्व विणासए अप्पं ॥ २७ ॥
मा कुणह गयनिमीलं कम्मविघायंमि किं न उज्जमह ।
लद्धूण मणुयजम्मं मा हारह अलियमोहहया ॥ २८ ॥
अच्चंतविवज्जासियमइणो परमत्थदुक्खरूवेसु ।
संसारसुहलवेसुं मा कुणह खणं पि पडिबंधं ॥ २९ ॥
किं सुमिणदिट्ठपरमत्थसुन्नवत्थुस्स करहु पडिबंधं ।
सव्वं पि खणियमेयं विहडिस्सइ पेच्छमाणाण ॥ ३० ॥
संतंमि जिणुद्दिट्ठे कम्मक्खयकारणे उवायंमि ।
अप्पायत्तंमि न किं तद्दिट्ठभया समुज्जेह ॥ ३१ ॥
जह रोगी कोइ नरो अइदुसहवाहिवेयणादुहिओ ।
तद्दुहनिव्विन्नमणो रोगहरं वेज्जमन्निसइ ॥ ३२ ॥
तो पडिवज्जइ किरियं सुवेज्जभणियं विवज्जइ अपच्छं ।
तुच्छन्नपच्छभोई ईसी सुवसंतवाहिदुहो ॥ ३३ ॥
ववगयरोगायंको संपत्ताऽऽरोग्गसोक्खसंतुट्ठो ।
बहु मन्नेइ सुवेज्जं अहिणं देइ वेज्जकिरियं च ॥ ३४ ॥
तहु कम्मवाहिगहिओ जम्मणमरणाउइन्नबहुदुक्खो ।
तत्तो निव्विन्नमणो परमगुरुं तयणु अन्निसइ ॥ ३५ ॥
लद्धंमि गुरुंमि तओ तव्वयणविसेसकयअणुट्ठाणो ।
पडिवज्जइ पव्वज्जं पमायपरिवज्जणविसुद्धं ॥ ३६ ॥
नाणाविहतवनिरओ सुविसुद्धासारभिक्खभोई य ।
सव्वत्थ अप्पडिबद्धो सयणाइसु मुक्कवामोहो ॥ ३७ ॥
एमाइ गुरुवइट्ठं अणुचुमाणो विसुद्धमुणिकिरियं ।
मुच्चइ नीसंदिद्धं चिरसंचियकम्मवाहीहिं ॥ ३८ ॥

આ ' આરસસુચ્ચયકુલક ' પાટણના ખેતરવસીના તાડપત્રીય ભંડારની (ડા૦ નં. ૬ પૃ. ૧૨૫ થી ૧૨૮) પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

કુશન સમયના બ્રાહ્મીલિપિમાં

કેટલાક અપ્રસિદ્ધ જૈન લેખો

['જૈન કોન્ફરન્સ હેરલ્ડ' માસિકના સન ૧૯૧૧ના ઓગસ્ટ-સપ્ટેમ્બર માસના અંકમાં છપાયેલ નીચેના લેખો ઇતિહાસ અંગે ઉપયોગી સમજીને ફરીને અહીં આપવામાં આવ્યા છે. મુ. શ્રા. વિ.]

મથુરાના જૈન સ્તૂપ અને તેમાંથી ઉપલબ્ધ મૂર્તિઓ ઉપરના લેખોએ જૈન ધર્મની પ્રાચીનતાના સંબંધમાં જે પાશ્ચાત્ય વિદ્વાનોના મનમાં સંશય હતો તે દૂર કર્યો છે. મથુરાના સ્તૂપમાંથી જડી આવેલા લેખો જૈન ધર્મને ઈ. સ. પૂર્વેના ષષ્ટ શતક સુધી લઈ જાય છે; જે ઐતિહાસિક પ્રમાણોની સામાન્ય ન્યૂનતા જોતાં ઉપેક્ષા કરવા લાયક નથી. ઇન્ડો-સ્કાઇથીઅન રાજાઓ કનિષ્ક, હવિષ્ક, વશિષ્ક અને વાસુદેવના સમયમાં જૈન ધર્મના બહોળા પ્રચારના સાક્ષિ તરીકે આપણને તે સમયના ઘણા લેખો પ્રાપ્ત થયા છે. અને તે ઘણાખરા મથુરાના અને તેની નજદીકના પ્રદેશના છે. મી. સ્મીથના જૈન સ્તૂપ અને મથુરાની એન્ટીક્વીટીઝમાં આપેલા લેખો ઉપરાંત બીજા અન્ય અગત્યના લેખો એપીગ્રાફીઆ ઇન્ડીકાના ૧૯૧૦ના જાનેવારીના અંકમાં આર ડી. બેનરજીએ બહાર પાડયા છે. તે લેખો તે સમયની લિપિ, ભાષા, શિલ્પ, ધર્માનુરાગ અને ગણ તથા શાખાઓના સંબંધમાં આપણને જાણવા જેગ માહીતી આપે છે. આ મૂર્તિઓ તેમન લકનૌના સંગ્રહસ્થાનમાંથી મલી આવી હતી.

કુશન સંવત્ ૯ના લેખવાળી જૈન મૂર્તિ.

આ મૂર્તિના ઉપલબ્ધિ સ્થાન સંબંધી કંઈ જણાયું નથી. લકનૌના સંગ્રહસ્થાનના જૈન વિભાગમાં આ મૂર્તિ મુકેલી છે. અને તેની કૃતિ વિગેરે ઉપરથી મથુરાની શિલ્પકળાની કૃતિ લાગે છે. આ મૂર્તિનું શીર્ષ ખંડિત થયેલું છે. કાયોત્સર્ગ મુદ્રામાં ઉભી રહેલી આ મૂર્તિના દક્ષિણ પક્ષમાં બે પુરૂષો હસ્ત જોડીને ઉભેલા છે અને વામપાર્શ્વે એક સ્ત્રી ઉભી રહેલી છે. આ મૂર્તિ ઉપરનો લેખ અપભ્રષ્ટ સંસ્કૃત ભાષામાં તથા કુશન સમયની ઉત્તર હિંદુસ્તાનમાં વપરાતી લિપિમાં લખાયેલો છે.

सिद्धं सं ९ हे ३ दि १० ग्रह मित्रस्य धितु शीव शिरिस्य वधु एकडलस्य

कोट्टियातो गणातो आर्यतरिकस्य कुटुम्बिनिये

ठानियातो कुलातो वैरातो शाखातो निवर्तना गहपलाये दति

લિપિ—૯મા વર્ષના હેમન્તના તૃતીય માસમાં ૧૦મે દિવસે કોટ્ટિયગણ સ્થાનીય કુલ અને વજ્ર શાખાના આર્ય તરિકની આજ્ઞાથી એકડલની સ્ત્રી, શિવ શિરીની પુત્રવધુ ગ્રહ મિત્રની પુત્રી ગહપલાની આપેલી (કરાવેલી). ઉપર્યુક્ત લેખની ત્રણ અસમાન પંક્તિઓ છે. પ્રથમ પંક્તિ ગાદિની ધાર ઉપર અને બીજી પંક્તિઓ પદ્મ (વિકસિત પદ્મ ઉપર મુકેલી ગાદી ઉપર મૂર્તિ ઉભી રહેલી છે) ઉપર કોતરેલી છે. આની સંખ્યામાં બે પંક્તિવાળો લેખ છે.

आर्य अघ-

मस्म·शिशिनि

આર્ય અથમની શિષ્યા.

મી. આર. ડી. બેનરજી આ મૂર્તિને દિગંબર સંપ્રદાયની કહે છે. પણ કોટિગણ અને વજ્ર શાખા આપણા આમ્નાયમાં છે; તેથી આ મૂર્તિ શ્વેતાંબર આમ્નાયની છે એવું સ્પષ્ટ છે.

કોટિગણ, સ્થાનિયકુલ અને વજ્ર શાખાના આર્ય તરિકની આજ્ઞાથી એકડલની સ્ત્રી, શિવશિરિની પુત્રવધૂ અને મહમિત્રની પુત્રી ગહપલાએ ઉપરનો મૂર્તિ કરાવી હતી. આ મૂર્તિ કુશન સમયની છે. કુશન સમય ઉપર આગળ ઉપર બોલીશુ.

કુશન સમયના ૧૨મા વર્ષની જૈન મૂર્તિ ઉપરનો લેખ.

આ મૂર્તિ ધ્યાન મુદ્રામાં છે અને એક હસ્ત ખંડિત થયેલો છે. આ મૂર્તિની ગાદીની બન્ને બાજુએ બે સિંહ રહેલા છે અને તેઓની મધ્યમાં બેસ રીલીફ (થોડું ઉપર ઉપસી આવેલું કોતરકામ) છે. મધ્યમાં એક ચતુષ્ક કોણાકૃતિ સ્તંભ ઉપર ચક્ર કોરેલું છે. અને તેની બન્ને બાજુએ એક એક પુરૂષ બેઠેલો છે. સ્તંભની દક્ષિણ બાજુએ અંકુસુમ હસ્તુવાળી પાંચ પાંચ સ્ત્રીઓની બે હાર ઉભેલી છે; અને તેવીજ રીતે વામપાર્શ્વે પુરૂષોની હાર ઉભેલી છે. આ મૂર્તિના ઉપલબ્ધિ સ્થાન સંબંધી કંઈ નિશ્ચિત નથી, પરંતુ ૧૮૯૨ ના એપ્રીલ માસના લકનૌ મ્યુઝીઅમના રીપોર્ટમાં રોહિલખંડમાં રામનગરમાં પુરાણા જૈન મંદિરની ભૂમિમાંથી ખોદી કાઢેલી કુશન સંવત ૧૦ વાળી મૂર્તિ ડો૦ ફુહરે નિર્દેશેલા છે તે આ હોય એવું સંભવિત છે.

सं. १०२ व ४ दि १० एतस्य पुर्व्वायां कोट्टियातो गणतो वम्हदासियातो कुलतो उचेन—

गरितो शाखातो गणिस्य आर्य पुशिलस्य शिशिनि दतिञाति........तिहरि नन्दिस्य भगिनिये निव

र्तना साविकानां वद्धकिनिनं जिनदासि रुद्र देव दातागाला रुद्रदेवसा निना रुद्र.........गहमित्र........

कुमारशिरि वमददासि हस्त्विसेना ग्रहशिरि रुद्रदता जयदासि मित्रशिरि

સં. ૧૨ વર્ષના ચતુર્થ માસ ૧૦ મે દિવસે કોટિયગણ બ્રહ્મદાસીય કુલ અને ઉચ્ચાનગરી શાખાના આર્ય પુશિલની શિષ્યા.

દતિલા......હરિ નન્દિની ભગિનીની આજ્ઞાથી સુતાર શ્રાવક અને શ્રાવિકાઓ જિનદાસી રૂદ્રદેવા, દાત્તા, ગાલા (ગાય) ની.

રૂદ્રદેવસામી, રૂદ્ર.........ગ્રહમિત્ર.........કુમારશિરિ વમદાસી (વામદાસી), હસ્તિસેના, ગ્રહશિરિ (ગ્રહશ્રી). રૂદ્રદત્તા, જયદાસી, મિત્રશિરિ.........બિમ્બ ભરાવ્યું.

આ લેખમાં કોટિગણ, બ્રહ્મદાસીય કુલ અને ઉચ્ચનગરી શાખાના આર્ય પુશિલની શિષ્યાની આજ્ઞાથી સુતાર શ્રાવિકાઓએ બિમ્બ ભરાવ્યું.

કુશાન સંવત ૪૮ની શાન્તિનાથની સંભવનાથની મૂર્તિ.

લખનૌના સંગ્રહસ્થાનમાં આ મૂર્તિ જોવામાં આવી હતી. ઋષભનાથ, નેમિનાથ,

પાર્શ્વનાથ, મહાવીરસ્વામિ વગેરેની મૂર્તિઓ મથુરાના પ્રદેશમાંથી એક કરતાં વધુ સંખ્યામાં જડી આવી છે. પરંતુ સંભવનાથની આ એક જ મૂર્તિ જડી આવી છે. રકાઇથીઅન સમયની મૂર્તિઓના સંબંધમાં ખાસ નોંધલેવા જેવું એ છે, કે તેમૂર્તિઓ ઉપર લાંછન હોતાં નથી. તેથી જો લેખમાં આપ્યું હોય તો જ અમુક મૂર્તિ અમુક ભગવાનની છે, એ કહી શકાય. અન્યથા તેનો નિર્ણય કરવો અશક્ય છે. ચિહ્નોયુક્ત મૂર્તિઓ કરવાની પ્રવૃત્તિ ઘણું ખરું કુશાન સમય પછી થઈ હોય એવું ભાસે છે.

અત્યાર સુધી કુશાન સમયની જે મૂર્તિઓ મળી આવી છે તે સર્વથા લાંછન વિરહિત જ છે. ચિહ્ન સમેત જૂનામાં જૂની મૂર્તિ મી. સ્મિથને મળી આવી એ જ છે. લેખ વિનાની તે મૂર્તિ છે, પરંતુ તેની રચના વિગેરે ઉપરથી તે ચતુર્થ અથવા પંચમ શતકની હોય એવું ધરાય છે. આ મૂર્તિનો હસ્ત અને મસ્તક ખંડિત છે; મૂર્તિ ધ્યાન મુદ્રામાં છે. અને બંને બાજુએ સિંહોથી ઉત્તંભિત ગાદી ઉપર બિરાજેલી છે. મધ્યમાં ત્રિરત્નનું ચિહ્ન છે. આ ત્રિરત્નના ચિહ્નની નીચે બે નાનાં ચક્રો આવેલાં છે. અને બંને બાજુએ એક હસ્તમાં પુષ્પ અને એક હસ્તમાં ચક્ર, એમ સ્ત્રી અને પુરુષ ઉભેલાં છે.

લેખ નીચે પ્રમાણે છે.

महाराजस्य हुवष्कस्य संवचरे ४०८ व. २ दि १०७ ए तस्यपुवार्य कोड्डिये (गणे) बमदा

सीये कुले पञ्च नगरिये शाखाये धुजवलस्य शिशिनिये धुजशिरिये नि बतना

बुधुकस्य वधुये शवत्रन (?) पोत्रिये यशाये दन संभवस्य प्रोतिमाप्र तिस्तापिता

મહારાજ હુવષ્કના ૪૮ વર્ષે વર્ષા ઋતુના બીજા માસમાં ૧૭ મે દિવસે (ઉપર કહેલે દિવસે) શવત્રનની પૌત્રી અને બુધુકની વધુ યશાએ કોટ્ટિયગણુ બ્રહ્મદાસીય કુલ અને વજ્ર નગરી શાખાની ધુજવલની શિષ્યા ધુર્જશિરિની આજ્ઞાથી સંભવનાથની મૂર્તિને બેસાડી. કોટ્ટિયગણુ, બ્રહ્મદાસીય કુલ અને વજ્ર નગરી શાખાની ધુર્જશિરિએ આ પ્રતિમા યશા પાસે સંભવનાથની બેસડાવી.

કુશાન સંવત ૫૮ની મૂર્તિ ઉપરનો લેખ.

सिद्धं नम सर (स) तम महरजस्य हुवष्कस्य संवसरे अष्टपनप्रस्य मस ३ दिवस रएत

स्याम् पुर्वायां पे (?) गणे आर्य चेटिये कुले हरित

मालकवियातो शा...........वाचकस्य हगिनादिस्य शिशोगन.......... नगसेनो दनम् ।

સિદ્ધિ, નમસ્કાર; સરસતમ મહારાજ હુવિષ્કના ૫૮ મા વર્ષે ઉન્હાળાના ૩ માસમાં બીજે દિવસે (ઉપર કહેલા દિવસે) ......ગણુ આર્ય ચેટિયકુલ અને હરિમાલકધ (હરિતમાલગધિ) શાખાના વાચક હર્મનદી (અમર્નન્દિ?).ના શિષ્યના...... નાગસેન (?) નું દાન.

સં. ૭૧ની મથુરાની જૈન મૂર્તિ.

આ મૂર્તિની ઉપલબ્ધિ ડૉ. ફુહરે ૧૮૯૦-૯૧ના પોતાના ૧૮૯૦-૯૧ના Annual Progress Report માં જણાવી હતી. આ મૂર્તિની જંઘા અને કમર જ વિદ્યમાન છે. મૂર્તિની પાછળના સમચોરસ સ્તંભાકાર ભાગ ઉપર લેખ છે. તે જોકે ઉકેલવાને તથા સમજવાને મુશ્કેલ છે. તો પણ તેનો કેટલોક ભાગ ઉકલી શકે એવો છે.

सम ७०१ व १ दि १०५

एतये पुत्रये ह

टिय (?) मुनशि मिता (?) ये (?)

मिनिरव सुषोति धितु

हेमदेवस्य..................

૭૧ મા વર્ષે વર્ષાના પ્રથમ માસમાં ૧૫ મે દિવસે (ઉપર કહેલા દિવસે) હેમદેવની............મિનિરવની બેનની છોકરીની છોકરી.........મુનશિમિતાની ....

૭૪ની સાલની ચોમુખ પ્રતિમા.

આ ચોમુખ પ્રતિમાનો નિર્દેશ ૧૮૯૧-૯૨ ના Progress Report માં ડૉ. ફુહરે કરેલો છે. આ મૂર્તિની ગાદીની ચારે બાજુ પર લેખ છે. દરેક બાજુએ ખાસ રીલીફ છે. મધ્યમાં એક સ્તંભ ઉપર ચક્ર અને ઉભય બાજુ ત્રણ ત્રણ હસ્ત જોડી ઉભેલા ભક્તો આવેલા છે. દરેક બાજુએ લેખની બબ્બે લીટીઓ છે, જે થોડી ઘણી વિચ્છિન્ન છે.

सं. ७०४ ग्र. १ दि. ५ अय वरणतो गणतो

कुलातो वजनकरितो शाखातो अयशीरकातो

..................नघनस्य वाचकस्य शिशिनिये अर्य

गहबलाये पण तिथारिये शिशिनिये आर्य दासिये

देवस्य कुटुम्बिनये घरवलाये दति

............................सव्रये

૭૪ ની સાલમાં ઉન્હાળાના પ્રથમ માસમાં પાંચમે દિવસે......દેવની પત્ની ઘર-

વાચકનું, વારણગણ-કુલ વજ નગરીશાખા અને આર્યક (સંભોગ)ની નઘન......વાચકની ......શિષ્યા......મહત્તાની આજ્ઞાથી, દાન

સંવત ૮૦ની મથુરાની મૂર્તિ

सिद्धं महरजस्य वासुदेवस्य सं ८० हमव १ दि १०२ एतस्य पुर्व्यां सावको स:मित:संघनाविस (?) वधुये बलस्य

મહારાજ વાસુદેવના રાજ્યમાં ૮૦ વર્ષે હેમન્તના પ્રથમ માસમાં ૧૨ મે દિવસે શ્રાવક ......સ...ની પુત્રી બલની......સંઘનન્દિની વધૂ... ... ...

સં. ૯૯ની સાલના લેખવાળું મથુરાનું આસ-રીલીફ

(થોડું ઉપર ઉપસી આવેલું કોતરકામ)

પીળા રેતીના પત્થર ઉપર કોતરેલા આસ-રીલીફના કકડાના ઉચ્ચ પ્રાંન્તે એક લેખ કોતરેલો છે. આ આસ રીલીફના બે ચોરસ આકારના ભાગો છે. ઉંચેનો ચોરસ ભાગ સારી હાલતમાં છે. અને તેના ઉપર સ્તૂપનો આકાર છે. સ્તૂપની આસપાસ બે જિનની મૂર્તિઓ છે. એક મૂર્તિ પર છત્ર છે અને બીજી ફણાવાળી છે એટલે પાર્શ્વનાથની. નીચેના ભાગમાં એક હસ્ત ઊંચો અને બીજો હાથ જંઘા ઉપર મુકેલો એમ એક સ્ત્રી ઉભેલી છે તેની વામપાર્શ્વે એક અર્ધ નગ્ન પુરૂષની આકૃતિ છે. કમર ઉપર જ માત્ર વસ્ત્ર છે. પુરૂષની વામ પાર્શ્વે બે સ્ત્રીની નાની આકૃતિઓ છે અને તેઓની પાછળ પ્રણામ કરીને એક વૃક્ષતળે ઉભેલા નાગની આકૃતિ છે.

सिद्धं सं ९०९ ग्रि. २ दि १०६ कोटियातो गणतोठनीयातो वैरातो शाखातो आर्यसुर

शिशिनि धमशिरिये निवर्तना...प्रहृदतस्य धिता धनहथि

A अनथ श्रेष्ठि विजा B कण श्रमण

સિદ્ધ ૯૦૯વર્ષે ગ્રીષ્મ ઋતુના દ્વિતીય માસમાં ૧૬મે દિવસે કોટિયગણની સ્થાનીય કુલની વજ શાખાની આર્યસુરની......શિષ્યા ધર્મ શ્રિરિની આજ્ઞાથી ગ્રહ દતની પુત્રી........ ધનહથિ.

A અનથ શ્રેષ્ઠી વિજા (વિદ્યા) B કૃષ્ણ શ્રમણ

આ લેખમાં પણ કોટિગણના, સ્થાનીય કુલના અને વજ્ર શાખાના આર્ય સરની શિષ્યા ધમ શ્રિરીના ઉપદેશથી ગ્રહદતની પુત્રીએ બિમ્બ ભરાવ્યું છે.

અન્ય લેખ.

गोशालस्यधिता मित्राये दानम्

ગોશાલની પુત્રી મિત્રાનુ દાન

(अमोघ) वृत्तस्यभार्याये कोट्टिये............

........प्रतिष्ठापित मर्हतांपूजाये

કોટિ......અમોઘ કૃતની ભાર્યાએ અર્હંતની પૂજા વાસ્તે પ્રતિષ્ઠા કરાવી. ઉપરના લેખો કુશન સમયના છે. કુશન રાજાઓ કનિષ્ક, હુવિષ્ક, વસિષ્ક અને વાસુદેવ પ્રસિદ્ધ છે. કનિષ્ક બુદ્ધ ધર્મનો એક મહાન સ્તંભ હતો. તેણે બુદ્ધ ધર્મ ફેલાવવા વાસ્તે અનેક ઉપાયો યોજ્યા હતા. આ રાજાના સમયના સંબંધમાં પાશ્ચાત્ય વિદ્વાનોમાં ઘણો મતભેદ છે. મુખ્ય ત્રણ કલ્પનાઓ છે અને તેના વિભાગ કરતાં ૧૧ થવા જાય છે. એ સંબંધમાં અત્ર લંબાણમાં ઉતરવું ઉચિત નથી. સમાસન ડૉ. ફ્લીટના કથન પ્રમાણે કનિષ્ક વિક્રમ સંવતનો ઉત્પાદક છે. આના પ્રમાણે કનિષ્કનો સમય ઈ. સ. પૂર્વ ૫૬ થાય. મી૦ સ્મીથના મત પ્રમાણે કનિષ્કનો સમય ઈ. સ. ૧૨૫ પછીથી છે. મી૦ દેવદત્ત ભાંડારકરના મત પ્રમાણે કુશન સમયના લેખોના સાલમાંથી બે શતક મૂકી દેવામાં આવ્યા છે. આ મત પ્રમાણે કનિષ્કનો સમય ઈ. સ. ૨૦૯ની પછી થાય. મી૦ આર. ડી. બેનરજીએ ઇતર કલ્પનાઓનું પ્રમાણપુરઃસર અયથાર્થ્ય બતાવીને કનિષ્ક શક સંવતનો ઉત્પાદક હતો એ સાબીત કરી આપ્યું છે. આ ઉપરથી કનિષ્ક ઇ. સ. ૭૮ ના અરસામાં થયો હતો તે માનવું ઉચિત લાગે છે.

મી૦ બેનરજીની માન્યતા પ્રમાણે કનિષ્ક, હુવિષ્ક અને વાસુદેવનો સમય નીચે પ્રમાણે છે.

ઇ. સ. ૭૮ કેડફાઇસીસ બીજાનું મૃત્યુ, કનિષ્કનું રાજ્યારોહણ અને કુશન સંવત્‌ની સ્થાપના.

ઇ. સ. ૯૧ હુવિષ્કને રાજ્યની લગામ મળે છે અને કનિષ્ક ચીન તરફ બળવો બેસાડવાને જાય છે.

ઇ. સ. ૧૨૩ કનિષ્કનું મૃત્યુ અને વાસુદેવનું રાજ્યારોહણ

ઈ. સ. ૧૪૦ હુવિષ્કનું મૃત્યુ અને વાસુદેવનું રાજ્યારોહણ.

૯ મા વર્ષની મૂર્તિની સાલ આ પ્રમાણે ઇ. સ. ૮૭ થશે તેવી રીતે બીજી મૂર્તિઓના લેખના સંબંધમાં જાણવું.

મૂર્તિઓના લેખો જોતાં સ્પષ્ટ માલુમ પડે છે કે તેની ભાષા સંસ્કૃત અથવા તો પાલી નથી, પરંતુ અપભ્રષ્ટ સંસ્કૃત છે. તેના ઉદાહરણ તરીકે પ્રથમ લેખના शिवशिरिस्य वधू, कुटुम्बिनिये, दति, વગેરે પર્યાપ્ત છે. મથુરાનું શિલ્પ બાહ્ય રીતીઓથી ભરપૂર છે તે જાણીતું છે. સિંહો, ત્રિરત્નચક્ર, બદ્ધાંજલિ પુરુષો અને સ્ત્રી ભક્તોની આકૃતિઓ વિશેષ જણાય છે. લાંછનના સંબંધમાં ઉપર કહ્યું તેમ અત્યાર સુધી ઉપલબ્ધ સ્કાર્ઈથીઅન સમયની મૂર્તિઓને વિશેષ લાંછન હોતું નથી. મૂર્તિઓ ઘણે ભાગે આર્યાઓના ઉપદેશથી સ્ત્રીઓએ બેસાડેલી છે. એક લેખમાં સુતારો અને તેમની સ્ત્રીઓએ મૂર્તિ કરાવ્યાનું કહે-

વામાં આવ્યું છે. સ્ત્રીઓની ઓળખાણ વારતે તેમના પિતા, સ્વામિ અને સાસુ વિગેરેનાં નામો આપેલાં છે.

મી. આર. ડી. બેનરજી પ્રથમ મૂર્તિના સંબંધમાં કહે છે કે તે દિગમ્બર મૂર્તિ છે પરંતુ આ યથાર્થ નથી. કારણ કે ઉપર જણાવેલા લેખોમાં તે મૂર્તિઓ દિગમ્બર સંપ્રદાયની હોય એવું માનવાને કશો પણ આધાર નથી. તે લેખો સ્પષ્ટ બતાવે છે કે મૂર્તિઓ શ્વેતામ્બર સંપ્રદાયની છે. લેખોનું પૃથક્કરણ કરતાં આપણને માલુમ પડે છે કે આ મૂર્તિઓ જેમના ઉપદેશથી કરાવવામાં આવી છે તે આર્યાઓ ને આચાર્યો મુખ્યત્વે કરીને કોટિગણ, સ્થાનીયકુલ અને વૈર શાખાના છે.

કુશન સંવત ૯	૧૨	૪૮	
કોટ્ટિયગણ સ્થાનિય કુળ વૈરશાખા	આર્યતરિક કોટ્ટિયગણ બ્રહ્મદાસીય કુલ ઉચે નગરી શાખા	આર્ય પુશિલાય શિષ્યા દતિબા કોટિગણ બ્રહ્મદાસીય કુલ વજ નાગરી શાખા	ધુજવલીની શિષ્યા ધુજ [illegible]શરી.

૫૮	૭૪	૯૯	
આર્ય ચેટય કુલ હરિતમાલકય શાખા	વાચક ભગનન્દિ શિષ્ય નાગસેન વારણગણ ...—કુલ વજ નાગરી શાખા	ગહવલા	કોટિયગણ ઠાણિય કુલ વૈર શાખા — આર્ય સૂરની શિષ્યા ધર્મશ્રી

આ ગણ, શાખાઓ અને કુલોને કલ્પસૂત્રની સ્થવિરાવલી સાથે સરખાવતાં તે બરાબર મળતાં આવે છે. કલ્પસૂત્રમાં આપેલા ગણો અને શાખા કુલો નીચે પ્રમાણે છે.

કોટિયગણ

- કુલ: બંભલિજ્જ, વચ્છલિજ્જ, વાણિય અથવા વાણિજ્જ, ઈત્યાદિ
- શાખા: ઉચ્ચાનાગરી, વિજ્જાહરી, વજ્જ, ઈત્યાદિ

ચારણગણ

- કુલ: આર્યચેડય, વચ્છલિજ્જ, હાલિજ્જ, માલિજ્જ, ઈત્યાદિ
- શાખા: વજનાગરી, હારિયમાલાગારિ, વિગેરે

એક સ્થાને વાચક શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાધુઓનાં નામ આગળ આર્ય અને આર્યાઓનાં નામ પાછળ શ્રી લગાડવામાં આવેલા છે જે કલ્પસૂત્રમાં આપેલા સાધુઓનાં નામોનું બરાબર તાદૃશ્ય છે; ઉદાહરણ તરીકે, આર્યતારક આર્યસુર, અને શિવશ્રી. કુશન સમયમાં મથુરા અને તેના સાંનિધ્ય પ્રદેશ જૈન ધર્મથી અંકિત હતા અને શ્વેતામ્બર સંપ્રદાયના આચાર્યોના ઉપદેશનું એ ઉત્તમ ફળ હતું તે કથનની આવશ્યકતા જણાતી નથી.

(ક્રમશઃ)

'મધુબિન્દુ'ના દૃષ્ટાન્તનું પર્યાલોચન

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

જૈન સાહિત્યમાં મધુબિન્દુનું દૃષ્ટાન્ત આવે છે એ વાત સુપ્રસિદ્ધ છે, પણ એ વિષે ક્યાં ક્યાં ઉલ્લેખ છે, કોણે આ દૃષ્ટાંત પ્રથમ રજૂ કર્યું છે ઇત્યાદિ બાબતો બહુ થોડી વ્યક્તિ જાણતી હોય એમ લાગે છે એટલે મુખ્યતયા એમને અનુલક્ષીને આ લેખ હું લખવા પ્રેરાયો છું.

ગુણાઢ્યની પેસાઇ (પૈશાચી) ભાષામાં રચાયેલી અને આજે અનુપલબ્ધ એવી બિહુકહા (બૃહત્કથા)ના પ્રાચીનતમ રૂપાંતર તરીકે આધુનિક સાક્ષરો દ્વારા ઓળખાવાતી અને મોડામાં મોડી વિક્રમની છઠ્ઠી સદીમાં સંઘદાસગણિ વાચકને હાથે શરૂ કરાયેલી [1]વસુદેવહિંડીની કહુપ્પત્તિ (કથોત્પત્તિ)ના લગભગ પ્રારંભમાં આઠમા પૃષ્ઠમાં મૂળમાં મધુબિન્દુનું દૃષ્ટાન્ત અને એનો ઉપનય નજરે પડે છે. આ કૃતિ "જઈણ મરહટ્ઠી"માં રચાયેલી છે અને એના એક ખંડના બે અંશ છપાયા છે, જ્યારે ધર્મસેનગણિકૃત બીજો ખંડ જે સુમારે ૧૭,૦૦૦ શ્લોક જેવડો છે તે અપ્રસિદ્ધ છે. હાલમાં પહેલા ખંડનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયો છે. એટલે મધુબિન્દુના દૃષ્ટાન્તાદિનો પરિચય આ પ્રાચીન ગ્રન્થમાંથી મેળવવાનું કાર્ય પાઇય ભાષા ન જાણનારને માટે સુગમ બન્યું છે. તેમ છતાં આના ઐતિહાસિક પર્યાલોચન માટે એનો સારાંશ હું અહીં આપું છું જેથી એમાં કંઈ વધઘટ આગળ ઉપર થઇ છે કે કેમ તે વિષે ઊહાપોહ થઈ શકે.

દૃષ્ટાંત અને એનો ઉપનય—વિષયસુખના નિરૂપણાર્થે મધુબિન્દુનું દૃષ્ટાન્ત વસુદેવહિંડીમાં નીચે પ્રમાણે અપાયું છેઃ—

એક પુરુષ હતો. તે અનેક દેશોમાં અને નગરોમાં ફરતો હતો. એક વેળા એ એક સાર્થ સાથે એક જંગલમાં પેઠો. ચોરોએ એ સાર્થને લૂંટી લીધો. એનાથી છૂટો પડેલો અને બેબાકળો બનેલો એ પુરુષ આમ તેમ ભમતો હતો. એવામાં મદોન્મત્ત જંગલી હાથીએ એના ઉપર હુમલો કર્યો. એણે નાસવા માંડયું. એવામાં તૃણ અને દર્ભ વડે ઢંકાયેલા પુરાણા કૂવા તરફ એની નજર પડી. એ કૂવાને કાંઠે એક વડનું મોટું ઝાડ હતું. એની વડવાઇઓ કૂવામાં લટકતી હતી. ભયનો માર્યો એ પુરુષ વડવાઈ પકડીને કૂવામાં લટકી પડ્યો. એણે નીચે જોયું તો એને માલૂમ પડ્યું કે અહીં તો મોઢું પહોળું કરીને એને જાણે ગળી જવા માગતો હોય તેવો એક મોટો અજગર છે. વચમાં ચારે બાજુએ એક ભયંકર સાપ ડંખ મારવા તલપી રહ્યા હતા. એક કાળો ઉંદર અને એક ધોળો ઉંદર વડવાઇને ઉપરથી (દાંત વડે) કાપતા હતા. પેલો હાથી ત્યાં આવી પહોંચ્યો અને એ સૂંઢથી એ પુરુષના કેશાગ્રને અડક્યો. એ વડ ઉપર મોટા ઘેરાવાવાળો એક મધપૂડો હતો. પેલા હાથીએ એ ઝાડને ખૂબ હલાવ્યું એટલે પવનને લઈને કેટલાંક મધનાં ટીપાં (મધુબિન્દુઓ) પેલા પુરુષના મુખમાં પડ્યાં. એ રસભેર એને ચાટવા લાગ્યો. મધપૂડામાંથી ઊડેલી મધમાખો એને કરડવા માટે ચારે તરફથી એને ઘેરી વળી.

જંબૂકુમારે આ પ્રમાણે પ્રભવને કહ્યું અને પૂછ્યું કે આવી દશામાં રહેલા એ પુરુષને શું સુખ છે? પ્રભવે જવાબ આપ્યો કે મધનાં ટીપાં ચાટવા મળ્યાં એ સુખ; બાકી બીજું

---

૧ જિનપ્રભસૂરિએ સિદ્ધાન્તાગમસ્તવમાં આ કૃતિનો આ નામથી ઉલ્લેખ કર્યો છે.

બહુ તો દુઃખ. જંબુકુમારે કહ્યું કે સાચી વાત. પછી એમણે એનો ઉપસંહાર કરી તે સ્પષ્ટીકરણ દ્વારા હું અહીં રજૂ કરું છું:—

પેલો પુરુષ=સંસારી જીવ.

જંગલ=જન્મ, જરા, રોગ અને મરણથી વ્યાપ્ત સંસાર.

જંગલી હાથી=મૃત્યુ.

કૂવો=દેવભવ અને મનુષ્યભવ એમ બે જાતના ભવ.

અજગર=નરકગતિ અને તિર્યંચગતિ એમ બે જાતની ગતિ.

ચાર સાપ=દુર્ગતિમાં લઈ જનારા ક્રોધ, માન, માયા અને લોભ રૂપ ચાર કષાયો.

વડવાઈ=જીવનકાળ યાને આયુષ્યની દોરી.

કાળા અને ધોળા ઉંદર=અંધારિયું અને અજવાળિયું એમ બે પખવાડિયાં.

ઉંદરના દાંત=રાત અને દિવસ.

ઝાડ=કર્મબંધનાં કારણરૂપ અવિરતિ અને મિથ્યાત્વ.

મધ=ઇન્દ્રિયોના શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ એ વિષયો.

મધમાખીઓ=શરીરમાં ઉત્પન્ન થતા રોગો.

જંબુકુમારે આ પ્રમાણે ઉપસંહાર કરી એ વાત સ્પષ્ટ કરી કે મધનાં ટીપાં ચાખવાથી જે સુખ મળે છે તે તો સુખની કલ્પના જ છે. એમણે પ્રભવને પૂછ્યું કે કોઈ ગગનચારી એ પુરુષને કહે કે મારો હાથ પકડ, તને અહીંથી બહાર કાઢું તો એ પુરુષ હા પાડે ખરો ? પ્રભવે કહ્યું કે એ દુઃખમાંથી છૂટવા કેમ ન ઇચ્છે ? જંબુકુમારે કહ્યું કે અજ્ઞાનને લઈને કદાચ એ ના પાડે, કેમકે એને મધનાં ટીપાં ચાટવામાં રસ છે. એટલે એ એમ કહે કે મને આ ટીપાંનો આસ્વાદ લઈ લેવા દે, પછી મને બહાર કાઢજે. પણ એને સંતોષ ક્યાંથી થાય ? એનો વડવાઈરૂપ આધાર કપાઈ જતાં એ અજગરના મોંમાં જરૂર પડે.

આમ જંબુકુમાર અને પ્રભવસ્વામીના સંવાદના એક અંગ તરીકે આ દૃષ્ટાંત અહીં રજૂ કરાયું છે અને એ દ્વારા પ્રભવસ્વામીએ જે વિષયસુખની તારીફ કરી હતી તેનો રદિયો અપાયો છે

એમ જણાય છે કે આ વસુદેવહિંડીની હકીકતને સામે રાખી આ પ્રસંગ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ પરિશિષ્ટપર્વ (સ. ૨) માં જંબુ અને પ્રભવના સંવાદરૂપે રજૂ કર્યો છે. ૧૯૦મા પદ્યમાં કહ્યું છે કે વિષયસેવનનું સુખ એ સરસવ કરતાં પણ ઓછું છે, અને દુઃખ ઘણું છે. દા. ત. મધુબિંદુના દૃષ્ટાંતગત પુરુષ. આમ કહી આ જ દૃષ્ટાંત શ્લો. ૧૯૧–૨૧૪ માં અપાયું છે ત્યારબાદ શ્લો. ૨૧૫-૨૧૮ માં એની ભાવના અર્થાત્ ઉપનયનું સ્પષ્ટીકરણ છે આમ પરિશિષ્ટપર્વમાં ઉપર્યુક્ત જઇણ મરહટ્ઠીમાં અપાયેલી હકીકત સંસ્કૃતમાં અપાઈ છે.

યાકિની મહત્તરાના ધર્મસૂનુ તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ સમરાઇચ્ચચરિયના બીજા ભવના લગભગ અંતમાં [2] વિષયસેવનનું સુખ કંઈ નથી, પણ દુઃખ ઘણું છે, એ સિદ્ધ કરવા માટે એક નાય (જ્ઞાત) અર્થાત ઉદાહરણ પદ્યમાં રજુ કર્યું છે. એ ઉદા-

૨ સંસ્કૃત છાયાવાળી આવૃત્તિ પત્ર ૧૩૫-૧૩૯.

કરણ તે પ્રસ્તુત મધુબિંદુનું દૃષ્ટાંત છે. આમાં પુરુષ માર્ગથી ભ્રષ્ટ થઈ અટવીમાં જાય છે એમ કહી અટવીનું વર્ણન ગદ્યમાં કરાયું છે. એવી રીતે હાથીનું પણ ગદ્યમાં અને વિશેષમાં સામી દિશામાંથી આવતી રાક્ષસીનું પણ ગદ્યમાં વર્ણન કરાયું છે. વસુદેવહિંડી કે પરિશિષ્ટપર્વમાં રાક્ષસીનો ઉલ્લેખ નથી. એટલી આની આ વિશિષ્ટતા છે. વડના વૃક્ષની સમીપ આવી પહોંચતાં શું બને છે, એ હકીકત પદ્યમાં રજૂ કરાઈ છે. અહીં વસુદેવહિંડી વગેરેની માફક એક અજગરનો ઉલ્લેખ છે. પુરુષને અંગે બધી બાબત કહ્યા પછી ઉપસંહાર–ઉપનય પદ્યમાં અપાયો છે. રાક્ષસીથી જરા (ઘડપણ)નો નિર્દેશ કરાયો છે. આમ મધુબિંદુનું દૃષ્ટાંત પદ્યમાં પૂરું પાડનાર તરીકે આ સૌથી પ્રાચીન પાઇય સાધન છે, એમ જણાય છે.

પ્રદ્યુમ્નસૂરિએ સમરાઇચ્ચચરીય ઉપરથી સમરાદિત્યસંક્ષેપ નામનો ગ્રંથ, વિ. સં. ૧૩૨૪ (વારિધિ–પક્ષ–ચક્ષુ)માં સંસ્કૃતમાં રચ્યો છે. HIL. (Vol. II, p. 522n). માં રચનાવર્ષ તરીકે ઈ. સ. ૧૨૧૪નો ઉલ્લેખ છે તે વિચારણીય છે, આ કૃતિમાં બીજા ભવમાં મધુબિન્દુનું દૃષ્ટાંત ઉપનય સાથે છે. આ ગ્રંથ ડૉ. યાકોબીએ સંપાદિત કર્યો છે અને તે જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાયો છે. આત્માનંદ સભા તરફથી પણ એ પ્રકાશિત થયો છે અને એમાં શ્લો. ૩૨૧–૩૩૮મા મધુબિંદુનું દૃષ્ટાંત અપાયું છે. અને શ્લો. ૩૩૯–૩૪૬માં ઉપનય છે.[3]

ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજયે સમરાઇચ્ચચરીયને આધારે ગુજરાતી પદ્યમાં સમરાદિત્યકેવળીનો રાસ રચ્યો છે. વિ. સં. ૧૮૩૯ માં[4] પૂર્ણ કરેલા એના જ બીજા ખંડની સાતમી ઢાળમાં આ દૃષ્ટાંત તેમ જ એનો ઉપસંહાર છે.

દિગંબર આચાર્ય હરિષેણે શકસંવત્ ૮૫૩ (ઈ. સ. ૯૩૧–૩૨) માં વઢવાણમાં સંસ્કૃતમાં બૃહત્કથાકોશ રચ્યો છે. એમાં સંસારના અલ્પ સુખને બહુ માનનાર ત્રિવિક્રમનું કથાનક ૯૨મા ક્રમાંકરૂપે અપાયું છે. આ કથાનક તે મધુબિંદુના દૃષ્ટાંતરૂપ છે. એમાં હાથીને બદલે "વાઘનો" ઉલ્લેખ છે. વાઘ બરાડા પાડતો કૂવામાં પડેલા પુરુષની સમીપ આવે છે, અને પગના નખ વડે એને સ્પર્શે છે, પણ એને પકડી શકે તેમ ન હોવાથી એ શરના સ્તંભને પગ વડે હલાવે છે. એ સ્તંભ ઉપરના મધપૂડામાંથી મધનું એક મધુર બિંદુ પડે છે, અને એનો આસ્વાદ પેલો પુરુષ લે છે. ઉંદરો મૂળને કાપે છે, અને અજગરે એ માણસના બે પગ પકડ્યા છે, અને ચારે દિશામાં રાતી આંખવાળા ભયાનક સાપ છે તેમ છતાં પેલો પુરુષ મધના ટીપાના આસ્વાદના સુખને દિવ્ય માને છે. આમ કથાનક આપી એનો ઉપનય સમજાવતાં વાઘ એટલે મૃત્યુ ઇત્યાદિ હકીકત કહેવાઈ છે.

જયરામે ગાથા છંદમાં ધર્મપરીક્ષા રચી હતી. એને 'પદ્ધડિયા' છંદમાં હરિષેણે વિ. સં. ૧૦૪૪માં 'અપભ્રંશ' ભાષામાં ગૂંથી. આ ધમ્મપરિક્ખામાં તેમ જ વિ. સં. ૧૦૭૦માં અમિતગતિએ સંસ્કૃતમાં રચેલી ધર્મપરીક્ષામાં મધુબિંદુનું દૃષ્ટાંત છે. એમ ડૉ. ઉપાધ્યેએ બૃહત્કથાકોશના ટિપ્પણ (પૃ. ૩૮૮) માં સૂચવ્યું છે.

---

૩ ડૉ. યાકોબીની આવૃત્તિ પ્રમાણે શ્લો. ૩૨૦–૩૩૭ અને શ્લો. ૩૩૮–૩૪૩ છે.

૪ સમય રાજ જિનેન્દ્રસૂરિના રાજ્યમાં વિ. સં. ૧૮૪૨માં વસંત પંચમીએ પૂર્ણ કરાયો છે.

સૌ. કમળાબેન અમીચંદ તરફથી ઈ. સ. ૧૯૩૫માં પ્રસિદ્ધ કરાયેલી શ્રી સજ્ઝાયમાળા (પૃ. ૪૪૪–૪૪૧) માં મધુબિંદુઆની સજ્ઝાય છે. એની અંતિમ પંક્તિ નીચે મુજબ છે:—

" ચારણપ્રમોદ મુનીશ્વર જલ્પે, અચળ સુખ ક્ષમ માગીયે "

આ ઉપરથી આના કર્તા કોઈ ચારણપ્રમોદ નામના મુનિ છે એમ સમજી શકાય છે.

આ સજ્ઝાયમાં બે અજગરનો અને પેલા પુરુષને દુઃખમાંથી છોડાવવા આવનાર તરીકે વિમાનમાં આવેલા વિદ્યાધરનો ઉલ્લેખ છે. આનો ઉપનય સમજાવતાં બે અજગરથી તિર્યંચ અને નરક (ગતિ)નો, વિદ્યાધરથી સદ્ગુરુ (સદ્ગુરુ) નો અને વિમાનથી ધર્મનો નિર્દેશ કરાયો છે.

પ્રો. વિન્ટર્નિત્સે A History of Indian Literature (Vol. II, p. 5–23) માં મધુબિન્દુના દૃષ્ટાંતને 'the parable of the man in the well' તરીકે ઓળખાવ્યું છે. આમ કરવા પૂર્વે એમણે કહ્યું છે કે પુષ્કળ કથાઓ, દૃષ્ટાંતો (parables) અને પરી-વાર્તાઓ જે સમરાઇચ્ચચરિયમાં અપાઈ છે તેમાંના ઘણા વિષયો ભારતીય કથાત્મક સાહિત્યમાં જોવાય છે અને કેટલાક દુનિયાભરના (universal) સાહિત્યમાં જોવાય છે. HIL (Vol. II, p. 417) માં આ દૃષ્ટાંતનો ઉલ્લેખ છે. વિશેષમાં આ પુસ્તકના ૫૨૩મા પૃષ્ઠમા આ દૃષ્ટાંત માટે Vol. I, p. 408 જોવાની ભલામણ કરાઈ છે: આ પૃષ્ઠ ઉપર મહાભારત (સ્ત્રી-પર્વ', અ० ૫-૬) માં સુજ્ઞ વિદુર ધૃતરાષ્ટ્ર રાજાને કૂવામાંના માણસને લગતું દૃષ્ટાંત કહી ઉપનય સમજાવે છે એવો ઉલ્લેખ કરી એ સમગ્ર હકીકત એમણે અંગ્રેજીમાં આપી છે. એ આપણે અહીં વિચારીશું:—

એક મોટું ગાઢ અરણ્ય છે. એમાં એક દુર્ગમ વન છે. એમાં સિંહ, વાઘ, હાથી વગેરે ભયંકર, ક્રૂર અને માંસાહારી પ્રાણીઓ વસે છે. એક બ્રાહ્મણ આ વનમાં ભૂલો પડે છે અને આ વનની વિષમતા જોઈને ગભરાઈ જાય છે. એમાંથી બહાર નીકળવા એ ફાંફાં મારે છે તો એને જણાય છે કે એ વનની ચારે બાજૂ જાળો હતી અને એક ભયાનક સ્ત્રી બે હાથ વડે એને બાઝીને રહેલી હતી. વિશેષમા પર્વતના જેવા ઊંચા અને પાંચ પાંચ માથાવાળા નાગો પણ આ વનની ચારે તરફ હતા. વળી આકાશને અડકે એવડાં ઊંચાં ઝાડ હતાં. આ વનની વચમાં ઘાસથી છવાયેલો અને ગૂઢ વેલો વડે વીંટળાયેલો એવો એક કૂવો હતો. પેલો બ્રાહ્મણ આમાં પડ્યો. એણે એ વેલની શાખાઓની જાળીને પકડી રાખી. જેમ ડીંટાએ વળગેલું ફણસનું ફળ નીચે લટકે છે તેમ પગ ઉપર અને માથું નીચે એમ એ લટક્યો.

એવામાં એને બીજો ઉપદ્રવ થયો. એણે એ કૂવામાં મહાપરાક્રમી મહાનાગ જોયો. અધૂરામાં પૂરું કૂવાના ઢાંકણા આગળ એક કાળો છ મોઢાવાળો અને બાર પગવાળો હાથી આવતો દીઠો. એ કૂવાને ઢાંકી દેતા ઝાડની ડાળીઓમાં મધ તૈયાર કરતી અનેક જાતની બિહામણી મધમાખીઓ હતી.

મધ ધારાબંધ ટપકવા લાગ્યું. એટલે પેલા બ્રાહ્મણે તો એ ખૂબ આસક્તિથી પીવા માંડ્યું. આટલાં બધાં સંકટમાં હોવા છતા એ તો મધ પાછળ લટ્ટુ બન્યો અને પોતાની વિકટ પરિસ્થિતિથી એને જરા પણ ખેદ ઉત્પન્ન થયો નહિ.

આ બાજુ જે ઝાડને વળગીને આ બ્રાહ્મણ લટકતો હતો તે ઝાડને કાળા અને ધોળા ઉંદરો કાતરવા લાગ્યા. આમ જાત જાતના ભયમાં સપડાયેલો બ્રાહ્મણ તો મધનો સ્વાદ લેવામાં જ લીન રહ્યો

ધૃતરાષ્ટ્રે વિદુરની પાસે આ વાત સાંભળી એણે એને પૂછ્યું કે પેલા બ્રાહ્મણને આમાં આનંદ કેમ પડે છે? વિદુરે કહ્યું કે આ તો મોક્ષને જાણનારાએ કહેલું ઉપાખ્યાન છે. જે અરણ્ય છે એ મોટો સંસાર છે; દુર્ગમ વન તે ગહન સંસાર છે. વ્યાલો એ વ્યાધિઓ છે; મહાકાય સ્ત્રી એ રૂપ અને વર્ણનો નાશ કરનારી જરા (ઘડપણ) છે; કૂવો તે શરીરધારી જીવોનો દેહ છે; એને તળિયે જે મહાનાગ વસે છે તે કાળ છે કે જે સર્વ દેહધારી જીવોના પ્રાણને હરે છે. જે વેલોમાં એ સપડાયો હતો તે જીવનની આશા છે. કૂવાના ઢાંકણા આગળ આવેલો પેલો છ મોઢાવાળો અને બાર પગવાળો હાથી તે છ ઋતુઓ અને બાર મહિનાવાળો સંવત્સર (વર્ષ) છે; પેલા ઉંદરો તે રાત અને દિવસ છે; મધમાખીઓ તે કામ છે, મધની ધારા તે કામના રસ છે[૫]

આ ઉપાખ્યાનને અંગે વિન્ટરનિટ્સ કહે છે કે આ સાચે ભારતીય શ્રમણ કાવ્ય છે. આનું મૂળ બૌદ્ધ છે એમ કહેવાયું છે, પણ જૈનોના અને ભારતના અન્ય સાધુ-સંપ્રદાયોના જીવનના ખ્યાલ સાથે આ ઉપાખ્યાન જેટલું અનુરૂપ છે તેના કરતાં કંઈ એ બૌદ્ધ દૃષ્ટિ સાથે વધારે અનુરૂપ નથી. તેમ છતાં આ કથાનકનો જે પશ્ચિમમાં સંચાર થયો તેમાં આ ઉપાખ્યાનનાં બૌદ્ધ રૂપાંતરો (version) કારણ રૂપ છે, કેમકે [૬]બર્લામ અને જોઅસફ (Barlaam and Joasaph) અને [૭]"કલીલહ વ દિમ્નહ" જેવાં લોકપ્રિય પુસ્તકોની મારફતે સાહિત્યનું જે વહેણ પશ્ચિમ તરફ વહ્યું તે વહેણની સાથે એમણે પશ્ચિમના સાહિત્યમાં પ્રવેશ કર્યો. પાછળથી એણે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યું". પણ જર્મનીમાં એ રીકર્ટ (Rückert) ના સુંદર કાવ્ય " નામે Es war ein Mann in Syrerland " દ્વારા બૌથા વિશેષ પરિચિત થયું. આ કાવ્યનું નિકટવર્તી મૂળ ' જેલાલેદ્-દીન

૫ આ સમગ્ર ઉપનય છઠ્ઠા અધ્યાયમાં અપાયેલો છે

૬ આ કથાના સંબંધમાં બેન્જામિન ઇ. સ્મિથે સંપાદિત કરેલી The Century Cyclopedia of Names (Vol. I, p. 121) જોતાં જણાય છે કે આ રંગદર્શી કથા (romance) છે. એમ સંભવિત લાગે છે કે ડેમાસ્કસના સેન્ટ જોન કે જેઓ આઠમા સૈકામાં સિરિયાના પાદરી હતા તેમણે આ કથા લખી છે. ઈ. સ. ની ૧૩મી સદીમાં એનું લેટિનમાં ભાષાંતર થયું છે. આ કથામાં બર્લામના સાહસોનું વર્ણન છે. આ કથાના બનાવોનું મૂળ ભારતીય હોય એમ મોટે ભાગે લાગે છે. શેક્સપીયરનો " મર્ચન્ટ ઓફ વેનિસ " નામના નાટકમાં જે મંજૂષા (casket) ની પસંદગીની વાત આવે છે તે ભાગ આ કથાને આભારી છે.

૭ મહમ્મદ હસન મુસેંદીએ સંપાદિત આ કૃતિ (પૃ ૩૧) માં જૂજ઼ં ઝેદાનના કથન મુજબ " કરટક-દમનક " નામની સંસ્કૃત કથાના અનુવાદોની નોંધ છે. એમકે આ સંસ્કૃત કથાના હિબ્રેટો ભાષામાં અને ઇ સ. ૫૯૦માં પહેલવીમાં અનુવાદ થયા છે. આ પહેલવી અનુવાદ ઉપરથી ઇ. સ. ૭૫૦માં અરબી અનુવાદ (કલીલહ વ દિમ્નહ) થયો છે. એના ઉપરથી ફારસી, હિબ્રુ વગેરે દસ ભાષામાં અનુવાદ થયા છે આ પ્રમાણોની માહિતી મને પ્રો. કાપડીઆએ પૂરી પાડી છે. એ બદલ હું એમનો આભારી છું.

રૂમી " નામનું ફારસી કાવ્ય છે, અર્નેસ્ટ કુહને (Kuhn) જગતભરના તમામ સાહિત્યો-ની દ્વારા આ ખરેખર અ-સાંપ્રદાયિક કથાનો પ્રચાર શોધી કાઢયો છે કે, જે કથાએ બ્રાહ્મણોના, જૈનોના, બૌદ્ધોના, મુસ્લિમોના, ખ્રિસ્તિઓના અને યહુદીઓના બોધ (edification) માટે સરખી રીતે ઉપયોગી બની છે.

પ્રસન-પરંપરા —સમરાઇચ્ચચરિયમાં મધુબિંદુના દૃષ્ટાંતની પેઠે સંસારની અસા-રતા સૂચવવા માટે એક દૃષ્ટાંત અપાયું છે. જેમ કે એક રાજાએ સાપને દેડકો ગળી જતો જોયો, એ સાપને કુરરી ૮ ગળતો હતો, અને એને વળી અજગર ગળતો હતો આમ એક બીજાને ગળવાની ક્રિયા થતી હતી. અને તેમાં પણ એક બીજાથી ગળાતાં ઉત્તરોત્તર એ ક્રિયાને વેગ મળતો જતો હતો. આ દૃષ્ટાંત આની પૂર્વેની કોઇ કૃતિમાં છે કે કેમ તેની તપાસ કરવી બાકી રહે છે.

આમ સાધન અને સમય અનુસાર મધુબિંદુના દૃષ્ટાંતનું પર્યાલોચન પૂર્ણ કરાય છે. જો કોઈ પ્રૌઢ અને પ્રામાણિક કૃતિ એ દૃષ્ટાંતને અંગે નોંધવી રહી ગઇ હોય તો તે સૂચ-વવા તજજ્ઞોને સાદર વિજ્ઞપ્તિ છે.

ગોપીપુરા, સુરત, તા. ૧૬-૧-૪૮.

સં. ૧૭૭૮માં શ્રીનરસિંહદાસવિરચિત

મગસીમંડન જિન-સ્તવન

સં૦—પૂજ્ય મુનિમહારાજ શ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી)

(દુહા)

મગસીમંડન વિનવું, સુણિ પરમેસર પાસ ।
સુયસપતિ આનંદ અધિક, આપો વંછિત આસ ॥ ૧ ॥
ત્રિભુવનસાર તરણ, સાચો સમરથ દેવ ।
અહનિસી સદા, સારઇ સુરનર સેવ ॥ ૨ ॥
તુજ સ્મરણ સંકટ ટલઇ, ભાજઈ ભાવઠિ ભુખ ।
રોગ મટે રોગી તણા, નાશઇ દાલિદ્ર દુરિ ॥ ૩ ॥
વાટ ઘાટ સંકટ વિકટ, સંગ વાઘ ભુઈ ઠામ ।
ભુત પ્રેત વિંતર તણા, ટલઇ તુઝ લીધઈ નામ ॥ ૪ ॥
ગિર કિનર જલ થલ વિષમ, અગ્નિ જાલ અસરાલ ।
વિષધર નઠિખ ઉત્તરઇ, તુજ સમરણ તતકાલ ॥ ૫ ॥
પરચા પુરઇ લોકના, આવઇ સંઘ અનેક ।
પૂજા કરો મન ભાવસું, ચિત્ત ધરિ અધિક વિવેક ॥ ૬ ॥
ચંદન કેશર ઘસી કરી, ચરચઇ જિનવર અંગ ।
કુસુમમાલ પ્રેમલ અધિક, મહિરાવઇ મનરંગ ॥ ૭ ।

૮ આને અંગ્રેજીમાં osprey કહે છે. HIL (Vol. II, p 513n) માં આને Sea-eagle કહ્યું છે. ગુજરાતીમાં આપણે એને " ટિટોડી " કહીએ છીએ.

દ્વારંતર દાદા તણુઈ આ, વાજઈ મધુર મૃદંગ ।
ઢોલ દદામા દુમખડિ, ભેરિ નાદ મુચંગ ॥ ૮ ॥
જિન મંદિરથિ જિમણે, દેવરીયાં છત્રીશ ।
તિહા પૂજા પ્રભુની કરઇ, નરનારી જગીશ ॥ ૯ ॥
પ્રભુના મંદિર આગલે, ચોમુખ દેવલ એક ।
વીતરાગ વંદ્યા તીહાં, આનંદ અધિક વિવેક ॥ ૧૦ ॥
વલિ ચોમુખને આગલે, રાયણુ રૂખ ઉદાર ।
તિહાં પગલાં પરમેસ તણા, ભેટા હરખ અપાર ॥ ૧૧ ॥
રાયણુતલ લઘુ દેહરી, જીહાં શ્રી જિનવર પાસ ।
નીલકંઠ નિરપાદુવઇ, આનંદ અધિક ઉલ્લાસ ॥ ૧૨ ॥
જિન મંદિરથિ જિમણઇ, ત્રિહુ દેવરીયાં ઠામ ।
મહારુદ્ર મહિમા નીલા, સોમેસર ઇણુ નામ ॥ ૧૩ ॥
સુંદિર મંદિર પ્રભુ તણા, સોહિ અતિ અભિરામ ।
ઝાલર સંખ શબ્દજ તણા, નાદિક ઠામોઠામ ॥ ૧૪ ॥
કેઈક ગાવઈ મધુર ધ્રુનિ, કેઇ બજાવઇ વીણા ।
કેઈ કર જોડી રહ્યા, ઊભા તલ્લાલીણ ॥ ૧૫ ॥
અતિ ઉચ્છવ આઠે પહર, દેખા પ્રભુ દરબાર ।
ચંદ ચકોર તણી પરઇ, હરખઇ હીયા મઝાર ॥ ૧૬ ॥
મેલઇ મગસી નાથનઈ, મલીયા છે વૃંદ લોક ।
વસ્ત્ર પાત્ર ઉષધ ઘણા પ્રમુખ, લાધઈ સગલા લોક ॥ ૧૭ ॥
કે માતા કે ઉમતા, ઉલગણા અસવાર ।
ચતુર પુરુષ ચોકી ફિરઇ, કરઈ હુસ્યાર ॥ ૧૮ ॥
ઇણુ પરિ મગસિ નાથનઇ, મહિમા અતિ વિસ્તાર ।
હુ કહિ ન સકુ માનવા, એ કોઈ અવદાત ॥ ૧૯ ॥
સાંવલિયા સાહિબ તણી, ગતિ મતિ અલખ અપાર ।
જ્ઞાન વિના સમઝે, કવણુ, અદામ શૃંગાર ॥ ૨૦ ॥
વામાસુત હું વાહરી, કરુ નીરંતર સેવ ।
કરુણાનિધી કૃપાલ છો, તો જાત કહે સું દેવ ॥ ૨૧ ॥

(ઢાલ-ગુંડ મલાર રાગ)

મગસી મંડણુ સુખકારી, તોરા દરસન કી બલીહારી, હો દાદા દરસણુ દે;
તોરે પાય નમઇ રે બહુ પ્રાણિ, ગુણ ગાવઈ ઇન્દ્ર ઇન્દ્રાણિ, હો દાદા ॥૧॥
શ્વેતામ્બર.......હિ વિવહારિ હો દાદા;
પૂજઇ શ્રાવક સમકિત ધારિ, પૂજઇ અનેક પ્રકાર હો દાદા ॥ ૨ ॥
કેઇ શ્રાવિકા સુકલિણી, પુણ્ય દશા અધિક પ્રવાણી હો દાદા૦;
કેઈ વિપ્ર વેદ ધ્વનિકા તોરા, દરસણુ કી બલીહારિ હો દાદા ॥ ૩ ॥

કેઇ યોગિ જંગમ સંન્યાસિ, બ્રહ્મચારિ કેઈ વનવાસિ હો દાદા;
કેઇ વિલખઈ વન વનરાગિ, કેઈ પંડિત પવન અભ્યાસિ હો દાદા ॥ ૪ ॥
સેવત ચરણ સદા સુખકારિ, ઇમ પૂજઈ અનેક પ્રકારિ હો દાદા;
કેઈ અનંત પ્રેમ અણુગારિ, સારિ સેવા અનંત દુહારિ હો દાદા ॥ ૫ ॥
કેઇ ગરઢી ગુણવંતિ ગોરિ, કેઈ તુરણિ મયમત્ત માતિ હો દાદા;
કેઈ ચંચલ નારિ ચુડાલિ, વેણીસર શોભત કાલિ હો દાદા ॥ ૬ ॥
કેઈ પ્રભુમુખ નયણ નિહાલિ, રંગઈ રાતિ હરખઈ વાલિ હો દાદા;
કેઇ નાચઇ નવ[લ] રૂપાલી, ઘુંઘટપટ દૂરઈ ટાલી હો દાદા ॥ ૭ ॥
કેઇ રૂપઈ રંભ સમાનિ, મારુધરની મૃગાનયણી હો દાદા;
કેઇ નવજોવન મદમાતિ, મગસિમંડણ ગુણ ગાતિ હો દાદા ॥ ૮ ॥
કેઇ મયગલ મલપંતિ આવઇ, તોરા ચલણ નમંતિ હો દાદા;
કેઇ માલવ દક્ષિણ દેસે, ગુજરાતિણ નવ નવ વેસે હો દાદા ॥ ૯ ॥
કેઇ આવદના અણુઆલી પુજઈ, રામપુરાની રતનાલિ હો દાદા;
કેઈ હિંદુ તુરક હજારી આવઇ, તો પ્રભુ જાત્ર તુમારિ હો દાદા ॥ ૧૦ ॥
ધન દિન હો પ્રભુ મોરો, મઈ દરસણ પાયો પ્રભુ તોરો હો દાદા;
હવઇ યાત્ર સફલ હુ મોરિ, ભવ ભવ દેજો સેવા તારી હો દાદા ॥ ૧૧ ॥

કલસ

ઈહ પાસ સામિ સુગતિગામિ, દેસ માલવમંડણો;
મગસીય ગામઇ અચલ ઠામઇ, પાપ તાપ વિહંડણો;
સંવત સતર અઠોતર વરસઈ, પોસ વદિ તેરસ દિનઈ,
નરસિંહદાસ ઈમ ઉલસઈ પ્રભુ, ભેટિય દુહ ખિઇ ઘણઇ ॥ ૧૨ ॥

॥ ઇતિ શ્રી શ્રી મગસિમંડણ જિનસ્તવનં, શ્રી પાર્શ્વનાથસ્તવન સંપૂર્ણ ॥
પંડિત શ્રી શ્રીકેશરવિમલગણિ તતશિષ્ય મુનિ રામવિમલ લખી. તત્કૃતાત સંવત્ ૧૭૨૬ વર્ષે જેઠ વદી ૨ દિને શુભં ભવતુ કલ્યાણમસ્તુ શ્રેયઃ ॥ ઠ ॥
શ્રી શ્રી શ્રી ॥ ઠ ॥ ઠ ॥ ઠ ॥ શ્રી શ્રી

યાદૃશં પુસ્તકં દૃષ્ટં તાદૃશં લિખ્યતે મયા ।
તદા શુદ્ધમશુદ્ધં વા મમ દોષો ન દીયતે ॥ ૧ ॥ શ્રી ॥

[નોંધ—આ સ્તવન શ્રી ચારિત્રવિજય જ્ઞાનમંદિરની એક હસ્તલિખિત પ્રતિમાંથી ઉતારીને અહીં આપ્યું છે. સ્તવનના કલશમાં જણાવ્યા પ્રમાણે આ સ્તવન સં. ૧૭૭૮ની સાલમાં પોષ વદી ૧૩ ના દિવસે નરસિંહદાસ નામના કવિએ બનાવ્યું છે. જ્યારે સ્તવનની સંસ્કૃત પુષ્પિકામાં સં. ૧૭૨૦નો ઉલ્લેખ કરેલ છે. આવા બે જુદા જુદા સંવતોની સંગતિ શી હોઈ શકે? એમ લાગે છે કે સંવત ૧૭૨૦ની સાલમાં રચાયેલ કોઈ કૃતિના આધારે પ્રસ્તુત સ્તવન રચાયું હોય. આ સંબંધમાં બીજી કોઈ સંગતિ વિદ્વાનોને સૂઝે તો તે જણાવવા વિનંતિ છે. સં૦]

પ્રશ્નોત્તર-પ્રબોધ

પ્રયોજકઃ-પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી. વિજયપદ્મસૂરિજી

(ગતાંકથી ચાલુ)

૫૭ પ્રશ્ન—શ્રી ભગવતીસૂત્રનાં શતક, ચૂર્ણિ વગેરેનું પ્રમાણ શું ?

ઉત્તર—૧ સર્વાનુયોગમય પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમાં ૪૧ શતક છે. બીજા ગ્રંથોના અમુક ભાગનું નામ જેમ અધ્યયન, પ્રકાશ, સર્ગ, પ્રતિપત્તિ વગેરે જણાવ્યું છે તેમ અહીં આ સૂત્રના ૪૧ શતક એટલે વિભાગ જાણવા. તે દરેકમાં અમુક પ્રમાણમાં જુદી જુદી જાતના પ્રશ્નો વગેરે બીના જણાવી છે. ૨ મૂલ સૂત્રનું પ્રમાણ ૧૫૭૫૨ શ્લોક છે. ૩ ચૂર્ણિ ૩૧૧૪ શ્લોકપ્રમાણ છે. ૪ અવચૂરિની નકલ, પાટણના ભંડારમાં છે. તેનું પ્રમાણ જણાવ્યું નથી. ૫ ટીકા બે છે, એક શ્રી અભયદેવસૂરિ મહારાજે બનાવેલી, તેનું પ્રમાણ ૧૮૬૧૬ શ્લોક છે. પાટણમાં વિ૦ સં૦ ૧૧૨૮ માં ટીકા બનાવી છે. બીજી શ્રીજ્ઞાનશેખરસૂરિ મહારાજે લઘુ ટીકા, અંદાજ ૯૦૦૦ શ્લોકપ્રમાણ, બનાવી છે. બંને ટીકા શ્રી આગમોદય સમિતિ વગેરે તરફથી છપાઈ છે. જુદા જુદા પ્રસંગે ચારે અનુયોગની બીના જણાવેલી હોવાથી આ ભગવતી સૂત્ર સર્વાનુયોગમય કહેવાય છે. ૫૭

૫૮ પ્રશ્ન—શ્રીજ્ઞાતાધર્મકથાંગ વગેરે ૬ અંગસૂત્રોના મૂલસૂત્ર વગેરેનું પ્રમાણ શું ?

ઉત્તર—૬ શ્રીજ્ઞાતાધર્મકથાંગના મૂલ સૂત્રનું પ્રમાણ ૫૪૦૦ શ્લોક છે. તેની ઉપર શ્રી અભયદેવસૂરિ મહારાજે વિ૦ સં૦ ૧૧૨૦ માં ૩૮૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી છે. ૭ શ્રી ઉપાશક દશાંગસૂત્ર- મૂલ સૂત્રનું પ્રમાણ ૮૧૨ શ્લોક, ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજ. ૮ શ્રી અંતકૃદ્દશાંગસૂત્ર-મૂળ સૂત્રનું પ્રમાણ ૮૯૯, ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજ. ૯ શ્રી અનુત્તરોપપાતિક દશાંગ–મૂલ શ્લોક ૧૯૨, ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજ. શ્રી ઉપાસકદશાંગાદિ ત્રણ સૂત્રોની ટીકાનું પ્રમાણ ૧૩૦૦ શ્લોક. ૧૦ શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્ર–મૂલ સૂત્રનું પ્રમાણ ૧૨૫૬ શ્લોક, આ સૂત્રની ૪૬૦૦ શ્લોકપ્રમાણ ટીકા શ્રી અભયદેવસૂરિ મહારાજે બનાવી છે. ૧૧ શ્રી વિપાકસૂત્ર–મૂલ સૂત્રનું પ્રમાણ ૧૨૧૬ શ્લોક, આ સૂત્રની ૯૦૦ શ્લોકપ્રમાણ ટીકા શ્રી અભયદેવસૂરિ મહારાજે બનાવી છે. આ રીતે શ્રી આચારાંગાદિ મૂલ સૂત્રોનું પ્રમાણ ૩૫૩૩૯ શ્લોક, અને અગીઆરે અંગની ટીકાઓનું પ્રમાણ ૭૪૭૯૦ શ્લોક જણાવ્યા છે એમ બૃહટ્ટિપ્પનિકામાં કહ્યું છે. ૫૮

૫૯ પ્રશ્ન—શ્રી ઔપપાતિકાદિ ૧૨ ઉપાંગોના મૂલ સૂત્રાદિનું પ્રમાણ શું ?

ઉત્તર—૧. ઔપપાતિક સૂત્ર-મૂલ ૧૧૬૭ શ્લોક, શ્રી અભયદેવસૂરિજીની ૩૧૨૫ શ્લોકપ્રમાણ ટીકા. ૨ શ્રી રાજપ્રશ્નીય સૂત્ર-મૂલ પ્રમાણ ૨૦૭૯ ને ૨૧૨૦ શ્લોક. શ્રી મલયગિરિ મહારાજે બનાવેલી ૩૭૦૦ શ્લોકપ્રમાણ ટીકા. ૩ શ્રીજીવાભિગમસૂત્ર–આ સૂત્રની ઉપર શ્રી હરિભદ્રસૂરિ મહારાજે નાની ટીકા બનાવી હતી, તે છપાઈ નથી. તેના આધારે જ શ્રીમલયગિરિ મહારાજે ટીકા બનાવી છે, એમ **"आह च मूलटीकाकारः"** ઇત્યાદિ વચનથી જણાય છે. ૧૫૦૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિના આધારે શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ૧૧૯૨ શ્લોકપ્રમાણ ટીકા બનાવી, ને તેના આધારે શ્રી મલયગિરિ મહારાજે ટીકા બનાવી છે. તેનું પ્રમાણ ૧૪૦૦૦ શ્લોક છે. આ શ્રી જીવાભિગમ નામના ત્રીજા ઉપાંગના મૂલ સૂત્રનું પ્રમાણ ૪૭૦૦ શ્લોક છે. શ્રીહરિભદ્રસૂરિ મહારાજે બનાવેલી મૂલ ટીકાનું બીજું

નામ "પ્રદેશવૃત્તિ" છે. સૂત્રમાં જણાતાં કઠિન પદોના વિવરણને પ્રદેશવૃત્તિ નામથી ઓળખાવાય છે. ૪ શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર-આ સૂત્રનાં છત્રીશ પદો છે. અહીં ઉમાસ્વાતિ વાચકના શિષ્ય શ્રી શ્યામાચાર્ય મહારાજે ૩૬ વિભાગ પાડીને દરેક વિભાગને પદ નામ આપીને ઓળખાવ્યા છે. તે દરેકમાં જીવસ્થાન વગેરેની બીના સ્પષ્ટ જણાવી છે. મૂલ સૂત્રનું પ્રમાણ ૭૭૮૭ શ્લોક છે. શ્રી હરિભદ્રસૂરિકૃત લઘુ વૃત્તિ ૩૭૨૮ શ્લોકપ્રમાણ જણાવી છે. તેના આધારે, શ્રી મલયગિરિ મહારાજે ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ મોટી ટીકા બનાવી. શ્રી અભયદેવસૂરિ મહારાજે આ સૂત્રના ત્રીજા પદની ૧૩૩ ગાથાપ્રમાણ સંગ્રહણી બનાવી છે. તેની ૪૩૦ શ્લોકપ્રમાણ અવચૂરિ છપાઈ છે. ૫ શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર-મૂલ સૂત્રનું પ્રમાણ ૨૦૫૪ શ્લોક, શ્રી મલયગિરિકૃત ટીકાનું પ્રમાણ ૯૫૦૦ શ્લોક. ૬ શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર -મૂલ સૂત્રનું પ્રમાણ ૨૨૯૬ શ્લોક, શ્રી મલયગિરિકૃત ટીકાનું પ્રમાણ ૯૦૦૦ શ્લોક. ૭ શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર-મૂલ સૂત્રનું પ્રમાણ ૪૪૫૪ શ્લોક, ચૂર્ણિનું પ્રમાણ ૧૮૭૯ શ્લોક, શ્રી મલયગિરિકૃત ટીકાનું પ્રમાણ ૯૫૦૦ શ્લોક. ૮ થી ૧૨ પાંચ નિરયાવલિકા-૧ કલ્પિકા, ૨ કલ્પાવતંસિકા, ૩ પુષ્પિકા, ૪ પુષ્પચૂલિકા. ૫ વહ્નિદશા-આ પાંચ ઉપાંગો-નિરયાવલિકા નામથી ઓળખાય છે. પાંચે ઉપાંગોની ટીકા શ્રી ચંદ્રસૂરિએ વિ૦ સં૦ ૧૨૨૮ વર્ષે ૧૧૦૯ શ્લોકપ્રમાણ બનાવી, તે છપાઈ છે. આ રીતે બાર ઉપાંગનો ટૂંક પરિચય છે. ૫૯

૬૦ પ્રશ્ન—શ્રી નિશીથસૂત્રના ભાષ્યાદિનું પ્રમાણ શું?

ઉત્તર—૧ આ છેદ ગ્રંથનું બીજું નામ, 'આચારપ્રકલ્પ' છે. તેના ૨૦ ઉદ્દેશા છે. મૂલ સૂત્રનું પ્રમાણ ૮૧૨ (૯૫૦) છે. ૨ બૃહદ્ ભાષ્યનું પ્રમાણ ૧૨૦૦૦ શ્લોક છે. ૩ લઘુ ભાષ્યનું પ્રમાણ ૭૦૦૦ શ્લોક છે. ૪ મૂલ સૂત્ર, ચૂર્ણિ અને ભાષ્ય (ત્રણેનું) પ્રમાણ ૨૮૦૦૦ શ્લોક છે. ૫. નિશીથ સૂત્રના વીશમાં ઉદ્દેશાની ટીકા વિ૦ સં૦ ૧૧૭૩ માં શ્રી પાર્શ્વદેવગણિએ અને શ્રીચંદ્રસૂરિએ બનાવી છે. તે દરેકનું પ્રમાણ બૃહટ્ટિપ્પનિકામાં ૧૧૦૦-૧૧૦૦ શ્લોક જણાવ્યા છે, ને કહ્યું છે કે શ્રી પાર્શ્વદેવગણિકૃત ટીકા ઉપલબ્ધ નથી. ૬૦

૬૧ પ્રશ્ન—બૃહત્કલ્પસૂત્રનાં ચૂર્ણિ વગેરેનું પ્રમાણ શું?

ઉત્તર—૧ કલ્પવિશેષ ચૂર્ણિનું પ્રમાણ ૩૧૦૦૦ શ્લોક, ૨ કલ્પચૂર્ણિનું પ્રમાણ ૧૨૭૦૦ શ્લોક, ૩ મૂલ સૂત્ર અને ભાષ્યને અનુસરીને શ્રી મલયગિરિ મહારાજે ૪૬૦૦ શ્લોકપ્રમાણ બનાવી હતી. બાકીની ટીકા વિ૦ સં૦ ૧૩૩૨માં તપા ક્ષેમકીર્તિસૂરિએ પૂરી કરી. સંપૂર્ણ ટીકાનું પ્રમાણ ૪૨૦૦૦ શ્લોક. ૬૧.

૬૨ પ્રશ્ન—શ્રી વ્યવહારસૂત્રનાં ઉદ્દેશા વગેરેનું પ્રમાણ શું?

ઉત્તર—૧ શ્રી વ્યવહારસૂત્રના ૧૦ ઉદ્દેશા છે. પ્રમાણ ૩૭૩. ૨ ભાષ્યનું પ્રમાણ ૬૪૦૦ શ્લોક. ૩ ચૂર્ણિનું પ્રમાણ ૧૨૦૦૦ શ્લોક. ૪ સૂત્ર અને ભાષ્યને અનુસારે શ્રી મલયગિરિ મહારાજે બનાવેલી ટીકાનું પ્રમાણ ૩૩૬૨૫, ૩૪૬૨૫ શ્લોક છે. ૬૨.

૬૩ પ્રશ્ન—શ્રી દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિ આદિનું પ્રમાણ શું?

ઉત્તર—૧. આ સૂત્રનાં દશ અધ્યયનો છે. મૂલ સૂત્રનું પ્રમાણ ૨૧૦૬, ૨૨૨૫ શ્લોક. ૨. ચૂર્ણિનું પ્રમાણ ૪૩૨૧ શ્લોક. આ સૂત્રના આઠમા અધ્યયનનું નામ પર્યુષણાકલ્પ સૂત્ર છે, કારણ કે દર વર્ષે પર્યુષણા મહાપર્વમાં તે વંચાય છે. મૂલસૂત્રનું પ્રમાણ

૧૨૧૬ શ્લોક છે, માટે જ 'બારસા સૂત્ર' નામથી પણ આ પર્યુષણાકલ્પસૂત્ર સુપ્રસિદ્ધ છે. આની નિર્યુક્તિની ગાથા ૬૮, ને ચૂર્ણિ ૭૦૦ શ્લોકપ્રમાણ છે. શ્રી વિનયચંદ્રસૂરિએ બનાવેલ 'કલ્પનિરુક્તટિપ્પનક'નું પ્રમાણ ૧૫૮ શ્લોક, અને શ્રી પૃથ્વીચંદ્રે બનાવેલ ટિપ્પનકનું પ્રમાણ ૬૪૦ શ્લોક છે. આ પર્યુષણાકલ્પસૂત્રની ઉપર ઘણાં મુનિવરોએ ટીકાઓ બનાવી છે. તેમાં શ્રી ધર્મસાગર ઉપાધ્યાયે 'કલ્પકિરણાવલી' ટીકા બનાવી છે. શ્રી વિનયવિજયઉપાધ્યાયે સુબોધિકા ટીકા બનાવી છે. તે હર પર્યુષણામાં વંચાય છે. કલ્પકૌમુદી, કલ્પદીપિકા, કલ્પપ્રદીપિકા, કલ્પકલ્પલતા, સંદેહવિષઔષધિ વગેરે ટીકાઓ પણ છપાઈ છે. શ્રી. જિનપ્રભસૂરિ મહારાજે ૧૩૬૪ની સાલમાં સંદેહવિષઔષધિ બનાવી એમ બૃહટ્ટિપ્પનિકાદિમાં જણાવ્યું છે ૬૩.

૬૪ પ્રશ્ન—શ્રી મહાનિશીથ સૂત્રનું પ્રમાણ શું?

ઉત્તર—લઘુ વાચનાનુસારે ૩૫૦૦ શ્લોક, મધ્યમ વાચનાનુસારે ૪૨૦૦ શ્લોક અને મોટી વાચનાનુસારે ૪૫૪૪ શ્લોકપ્રમાણ જાણવું. ૬૪.

૬૫ પ્રશ્ન—શ્રી પંચકલ્પસૂત્રના ભાષ્યાદિનું પ્રમાણ શું?

ઉત્તર—૧ મૂલ સૂત્રનું પ્રમાણ ૧૧૩૩ શ્લોક, ૨ શ્રી સંઘદાસગણિકૃત ભાષ્ય ગાથા ૨૫૭૪, ૩૦૩૫. ૩. ચૂર્ણિનું પ્રમાણ. ૩૦૦૦, ૩૧૩૬ શ્લોક. ૬૫.

૬૬ પ્રશ્ન—શ્રી જીતકલ્પસૂત્રના ભાષ્યાદિનું પ્રમાણ શું?

ઉત્તર—૧. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત ગાથા ૧૦૫. ૨. ભાષ્ય ૩૧૨૫ (નથી) ૩ સિદ્ધસેન મહારાજે ૧૦૦૦ શ્લોકપ્રમાણ સંસ્કૃત ચૂર્ણિ બનાવી છે. ૪ ચૂર્ણિટિપ્પનક—ચૂર્ણિની ઉપર કઠિન પદોની ઉપર ટિપ્પણ બનાવ્યું છે. ૫. શ્રી તિલકસૂરિ મહારાજે વિ. સં. ૧૨૨૪માં ૧૮૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી છે. ૬. જીતકલ્પનું વિવરણ. તે સંક્ષિપ્ત ગમનિકા રૂપ છે. તેનું ૫૪૩ શ્લોકપ્રમાણ છે. ૭. શ્રાદ્ધજીતકલ્પની ૩૦ ગાથા છે. તેની ૧૧૫ શ્લોકપ્રમાણ ટીકા છે. ૮. યતિજીતકલ્પની શ્રી સાધુરત્નસૂરિએ ૭૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા રચી છે. ૯ શ્રાદ્ધજીતકલ્પની શ્રીસોમપ્રભસૂરિએ ૨૬૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી, તે હાલ મળતી નથી. જીતકલ્પભાષ્ય છપાયું છે. ૬૬

૬૭ પ્રશ્ન—દશ પયન્નાની મૂલ ગાથા ટીકા વગેરેનું પ્રમાણ શું?

ઉત્તર—૧. આતુરપ્રત્યાખ્યાનની ગાથા ૮૪, શ્લોક ૧૩૪, અંચલગચ્છના ભુવનતુંગસૂરિએ ટીકા બનાવી. ૨. મહાપ્રત્યાખ્યાન ૧૪૩. ૩. દેવેન્દ્રસ્તવ ૩૦૩. ૪. તંદુલવૈચારિક સટીક, છપાયું છે. ૫. સંસ્તારકપ્રકીર્ણક ગા૦ ૧૨૧. ૬, ભક્તપરિજ્ઞા ૧૭૧. ૭. આરાધનાપતાકા ૧૦૭૮વર્ષે શ્રી વીરભદ્રાચાર્યકૃત, ૯૯૩. ૮. ગણિવિદ્યા ગાથા-૮૧. ૯. અંગવિદ્યા ૬૦ અધ્યાયવાળી-૯૦૦૦. ૧૦ ચઉશરણ ગાથા ૬૪. આંચલિક શ્રી ભુવનતુંગ સૂરિકૃત ૮૦૦ શ્લોકપ્રમાણ ટીકા. ૧૧ દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ ગાથા ૨૨૩, શ્લોક ૨૮૦, ૧૨ જ્યોતિષ્કરંડક-મૂલનું પ્રમાણ ૧૮૫૦ શ્લોક, શ્રી મલયગિરિકૃત ટીકાનું પ્રમાણ ૫૦૦૦ શ્લોક. ૧૩ મરણ સમાધિ, ગાથા ૬૫૬. ૧૪ તીર્થોદ્ગાર ગા. ૧૨૩૩. ૧૫ સિદ્ધપ્રાભૃત મૂલ સૂત્ર-૧૨૦, વૃત્તિ ૮૫૦. ૧૬ નિરયવિભક્તિ-૨૦૦, (નથી). ૧૭ ચંદ્રવેધક ૧૭૪. ૧૮ અજીવકલ્પ ગાથા-૪૪. ૧૯ ગચ્છાચાર સટીક, મુદ્રિત, મૂલ ગાથા ૧૩૮. ૨૦ વીરસ્તવ ગાથા-૪૩. અહીં બીજા પણ પયન્નાની બીના જણાવી છે. ૬૭ (ચાલુ)

ભટ્ટારક શ્રીવિજયસિંહસૂરિપ્રણીત

સંવેગી સાધુ-મર્યાદા-પટ્ટક

સં૦—પૂજ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી)

ભટ્ટારક શ્રી જગચ્ચંદ્રસૂરિ, ભટ્ટારક શ્રી સોમસુંદરસૂરિ, ભટ્ટારક શ્રી મુનિચંદ્રસૂરિ। ભટ્ટારક શ્રી આણંદવિમલસૂરિ, ભટ્ટારક શ્રી હીરવિજયસૂરિ, ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિ તત્ પટ્ટાલંકાર આચાર્ય શ્રી વિજયસિંહસૂરિપ્રણીત મર્યાદા પટ્ટકાનુસારેણ આચાર્ય શ્રી વિજયસિંહસૂરિપ્રસાદીકૃત જલ્પાનુસારેણ ગીતાર્થૈઃ સંયમધર્માર્થિનાં સંવિગ્નયતિનાં શુદ્ધ મારગપક્ષકૃતાં મધ્યસ્થાનાં સુવિહિત આચાર પાલના; (પાલનાર્થં) મૂજાદા (મર્યાદા) પટ્ટો લિખ્યતે સંવત ૧૭૧૧ વરષે માઘ સિત (૧૩) ત્રયોદશી ગુરુ પુષ્યે ॥

૧—સર્વ ગીતાર્થની નિશ્રાયેં જ સર્વ કોણે વિહાર કરવો।

૨—ગીતાર્થને પૂછ્યા વિનાં કીસિ પ્રરૂપણા ન કરવી।

૩—યથાશક્તિ નિત્ય ભણવાનો, ભણાવવાનો, લિખવાનો, લિખાવવાનો, અર્થ ધારવાનો કહેવાનો ઉદ્યમ કરવો. જ્ઞાનાચારમાં છતિ શક્તિ ગોપવવી નહિ।

૪—જોગ વહ્યા વિના કોય સૂત્ર સિદ્ધાંત ન વાંચવો।

૫—તથા દિન પ્રત્યે મુખગેં ભાગે ૨૫૦૦ ગણવી જોઇઇ, જઘન્ય પદેં ઉષ્ણકાલેં ૩૦૦, વર્ષાકાલે ૫૦૦, શીતકાલે ૮૦૦ ગણવું।

૬—તથા દિન પ્રતિં છતિ શક્તિઇ જોગવાઇઈ દેહરેં દેવ જુહારવા।

૭—તથા દિન પ્રતેં થોઇ ૮ ત્રિકાલ દેવ વાંદવા, જઘન્ય પદે ૧ વાર।

૮—તથા વહોરવા જતાં તથા ઠંડીલે જતાં વાટેં સર્વથા કુણે ન બોલવુ, કદાપિ બોલવાનું કારણ હોય તો એક પાસા ઉભા રહીને બોલવું।

૯—તથા પ્રતિદિન યથાપર્યાઇ મુનિને વાંદવા।

૧૦—તથા વસ્તિ મધ્યે અણપુંજ્યું ન હાંડવું।

૧૧—તથા ઉઘાડે મુખેં બોલવુ નહિં તથા ક્રિયા કરતાં ને આહાર કરતાં બોલવું નહીં।

૧૨—તથા વાણિયા ને બ્રાહ્મણનેં ઘરે આહાર લેવો, પણ જિહાં દુગંછા ઉપજેં તિહાં સર્વથા ન જવું ને આહાર પણ ન લેવો।

૧૩—તથા એકલા ગોચરી ન કરવી, સર્વથા કાર્ય વિના।

૧૪—તથા બીજા પાણીને લાભે કુંડાનો ધોવણ જરવાણી ન વહોરવુ।

૧૫—તથા એષણાશુદ્ધિ યથાશક્તિ કરવી તિહાં અસમંજસપણું ન કરવું।

૧૬—તથા સિકી ઉપધિ પ્રમુખ પુંજી પડીલેહી લેવા મુકવા, ઉપગરણ પાત્રાં ઉભય ટંક પડિલેહવાં।

૧૭—વર્ષાકાલે વસતી ત્રિરૂપ વાર પૂજવી, કંબલ મુકવી।

૧૮—અવિધિઇ વહેરી આહાર પરઠવાય તો બીજે દિને આંબિલ કીજે, ઘણી અજયણાવાલિ વસ્તુ પરઠવાય તો (૧૧) ઇગ્યાર દિન લગેં ૧૮ ગોચરી પડિકમવી।

૧૯—તથા તર્પણીયા ઉપરાંત પગ કુણે ન ધોવા !

૨૦—તથા વર્ષ પ્રતેં (૨) બે ધોણી જયણાઈ કરવી, પારવિનાં અકાલોપધિ ધોવાને કારણેં કલ્પ સંખ્યાઈ નીવી ૨, ચોલપટ્ટે નીવી ૧।

૨૧—જે વાતેં દાનાદિકનો નિષેધ પરને થાઇ, પરને અપ્રીતિ ઉપજે, નામ લેઈ પરની નિંદા થાઈ, તે વચન સર્વથા ન બોલવું ।

૨૨—તથા વડાને દેખાડ્યા વિનાં આહાર ન લેવો ।

૨૩—તથા સજ્ઝાતર પૂછીને વહોરવાને કાજે જાવું ।

૨૪—તથા એકલી સ્ત્રી સાથે આલાપ ન કરવો ।

૨૫—તથા વસ્ત્ર પાત્ર આધેં પાછેં ન બાંધી મુંકવો, વાટે સુખે નીરવહેં, બે ટંક પડિલેહણાએ પલિમંથન થાયે તેજ રાખવું ।

૨૬- તથા જાત્રાદિકની કોઇ સાધુ સાધ્વી (જે) સારૂં ઉપગરણ મુકી જાય તો માસ ૨ મધ્યે ચિંતા કરવી, પછેં ચિંતા ન થાઈ જેસારુ ? (?) ।

૨૭—તથા ગ્રહસ્થને ઘેર પુસ્તક સીવીનેં ન મુકવું, ગ્નાનાદિકની વૃદ્ધિને અર્થે રાખવું પણિ મુર્છાઇ ન રાખવું ।

૨૮—તથા કારણ વિના માટીનું ભાજન ન રાખવું ।

૨૯—તથા દિવસમાં ૨ ઘડી પહેલી, બે ઘડી પાછલી આહારપાણી આણીને સાચવવી, વિશેષ કારણેં પાણી સૂર્ય ઉદિત અસ્તવેલા જોવી ।

૩૦—તથા અટમ્યાદિકના કારણ વિનાં માસાતીત કાલાતીત વારિ વિના ન રાખવું ।

૩૧—તથા વધતુ ખરડ્યું સાટિઉં કુંણે કોઇને ન દેવું, ગુરવાદિક કારણેં આપે તો મોકલુ ।

૩૨—તથા અનાચરણ વસ્તુ ન વહોરવી-શિતકાલ વિનાં ખજુર પલેલાં દ્રાખ, આદ્રા બેઠા પછી રાતી વાંક કારણ વિનાં અણ જોઈ ન વહોરવી અને પસઆરીનાં સેલડી સર્વથા ન વોહરવી ।

૩૩—તથા દિન પ્રતેં છતી શક્તિ સારગાદિકના કારણ વિનાં એકાસણાદિ તપ સાચવવાં ।

૩૪—તથા માસ મધ્યે અધિક સામર્થે ઉપવાસ પહોંચાડવા, પાંચ પરવી વીગઈ ન લેવી, કારણ વિના ।

૩૫—તથા નીવી મધ્યે તિથિ નીવી આતરે લેવા ઉપરાંત નહીં ।

૩૬—તથા દિન પ્રતેં કોઇ અભિગ્રહ રાખવો ।

૩૭—તથા કાલ સંગ્રાહ આંબિલનો તપ કરવો ।

૩૮—ચૌમાસી સંવત્સરીના છઠ્ઠ અઠ્ઠમ યથાશક્તિંઇ કરવા ।

૩૯—દિન પ્રત્યેં છતિ શક્તિંઇ કાઉસગ્ગ લોગસ્સ ૧૫ તથા ૨૦નો કરવો ।

૪૦—યથાપર્યાયેં બાલ ગિલાનાદિકનું વૈયાવચ્ચ કરવું, છતિ શક્તિ ગોપવવી નહીં ।

૪૧—તથા દશ વિધ સમાચારી વિશેષે પાલવી ।

૪૨—તથા માસ કાલાદિક નિયમ સાચવવા ।

૪૩—તથા ગીતારથના કહ્યા વિના કોઇએ પોતાની ઇચ્છાઇં એકલો વિહાર ન કરવો, નેં જે વિહાર કરે તેસ્યું આહાર વિવહાર ન કરવો ।

૪૪—તથા તપગછની સમાચારિ ઉપરાંત પંચાંગી પરી, તથા વીતરાગની પુજા

પ્રતિમા ઉપરે જેહને અવિશ્વાસ જાણીઈ જેહની ખોટી પરૂપણા હેઈ તેહસ્યું સર્વથા વિવહાર ન કરવો ।

૪૫—તથા એ બોલ ઉપરાંત સઘલા જે ન પાલે તેહને પાયછિત દેવું, સર્વથા નિશ્ચક હોય તો તેસ્યૂં વિહવાર ન કરવો, એ બોલ સર્વમાં ક્ષેત્રાદિક કારણ જાણી વિશેષ ગીતાર્થની સંમીતિ.જી વારે જે જયણા પરવે ત્રી તે વારીને સર્વશાસ્ત્રોક્ત ઉત્સર્ગ અપવાદ રીતિં પ્રમાણ કરવી, પણ તે આજ્ઞા વિના કુંણે કોની મુંદે લેઇને નવી કલ્પના ન કરવી, એ બોલ સર્વ સહુ કોઇ સંવેગીઈં સદ્દહવા, પાલવા ।

॥ ઇતિ સુવિહિતસાધુમર્યાદાપટ્ટકઃ સંપૂર્ણ । સં. ૧૯૨૫ના આશ્વિન શુદિ ૮ દસક્ત મોદી જોઈતાદાસ મનોહરદાસ। મુનિ અમરવિજયજીનાં પાનાં પ્રમાણે ઉતાર્યું છે ઉંઝા મધ્યે ॥

તપગચ્છમાં નીચે મુજબ મર્યાદાપટ્ટકો મળે છે.

૧—ગચ્છાચાર પયન્નો

૨—આ. શ્રી વિજયદાનસૂરિકૃત ૧૧ બોલ (પટ્ટાવલી)

૩—આ. સોમસુંદરસૂરિકૃત સંવિગ્ન સાધુ યોગ્ય નિયમ કુલક ગા—૪૭

૪—આ. મુનિસુંદરસૂરિકૃત અધ્યાત્મકલ્પદ્રુમ

૫—આ. આનન્દવિમલસૂરિકૃત સાધુમર્યાદાપટ્ટક (જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક ૧૫),

૬—આ. વિજયદાનસૂરિકૃત સાત બોલ

૭–૮—જગદ્ગુરૂ આ. શ્રી વિજયહીરસૂરિકૃત સાધુમર્યાદાપટ્ટક (જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક ૧૪) બારબોલ (ક્રમાંક ૧૪)

૯—આ. શ્રી વિજયસિંહસૂરિકૃત સંવેગીસાધુમર્યાદાપટ્ટક (જૈન સત્ય પ્રકાશ)

૧૦—ભટ્ટારક શ્રીક્ષમાસૂરિપ્રસાદીકૃત યતિમર્યાદાપટ્ટક (જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક ૧૮)

‘બાર ભાવનાનું સાહિત્ય’ લેખમાં સુધારો

ગયા અંકમાં—ક્રમાંક ૧૪૮માં—પ્રો. હીરાલાલ ર. કાપડિયાનો ‘બાર ભાવનાનું સાહિત્ય’ નામનો જે લેખ છપાયો છે તેમાં નીચે મુજબ સુધારો કરવો.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૦૬	૩	૭૭	૭૦
૧૧૧	૧૭	૧૯૯૪	૧૯૬૬

પૃ. ૧૧૧ની ૧૭મી લીંટી પછી નીચેની એક પંક્તિ ઉમેરવી—“શાંતસુધારસનો અનુવાદ, ગુજરાતી, મો. ગિ. કાપડીઆ, વિ. સં. ૧૯૯૪”

ટાઈટલના બીજા પાનાથી ચાલુ]

मिलता है। अतः इनका समय भी सं. १६४० के लगभग निश्चित है। 'जैन गुर्जर कविओ' भाग १-३ में भी उल्लेख है ही।

४ जैन गुर्जर कविओ भा. ३ से आपने २ रचनाओंका निर्देश किया है, पर उसी भागके पृ. ९७४, १२४८ में दो अन्य मौलिक रचनाओंका और उल्लेख है। भलीभांति अन्वेषण नहीं करनेके कारण उनको आपने छोड दिया है। उनमें पहली राजस्थानी और दूसरी हिन्दी भाषाकी है। दोनोंके रचयिता खरतर गच्छीय प्रसिद्ध विद्वान हैं। उन दोनोंका परिचय नीचे दिया जाता है —

(१) भावनासंधि-'जैन गुर्जर कविओ' भा, १, पृ.४९३ में भी इसका विवरण दिया गया है। खरतर गच्छीय प्रमोदमाणिक्य शिष्य उ. जयसोमने इसकी रचना की है। अपने समय में यह बहुत प्रसिद्ध रही है। हमारे संग्रहमें भी इसकी १०-१२ प्रतियां होंगी। अन्यत्र पचासों प्रतियें हमारे अवलोकनमें आई हैं। कई वर्ष पूर्व प्रकाशित एक ग्रन्थमें यह छप भी चुकी है। सं. १६४६ में बीकानेरमें श्रीजिनचन्द्रसूरिजीके समय इसकी रचना हुई है। 'जैन गुर्जर कविओ' भा.१में सं.१६७६ दिया था, पर प्रशस्तिमें जिनचन्द्रसूरिजीके राज्यका स्पष्ट निर्देश होनेसे भा.३ में हमने संशोधन करवा दिया है। इसकी पद्यसंख्या ७३ और भाषा राजस्थानी है।

(२) उ. लक्ष्मीवल्लभके 'भावनाविलास' की प्रति हमारे संग्रहमें है। ५२ हिन्दी पद्योमें सं. १७२७ पोष वदि १० को इसकी रचना हुई है।

लेखो माटे आमन्त्रण

सिल्हट (आसाम) थी भाई अगरचंदजी नाहटा लखी जणावे छे के—

मथुराना व्रज साहित्य मंडल तरफथी श्री कन्हैयालाल पोद्दारना सन्मान माटे 'पोद्दार अभिनन्दन ग्रन्थ' प्रकाशित करवानी योजना करी छे। एना राजस्थान विभागना सम्पादकोमां मारु पण नाम छे। जैन मुनिवरो तेमज विद्वानोने विनती छे के राजस्थानमां जैन धर्म, राजस्थानी जैन साहित्य, राजस्थानना कलापूर्ण जैन मंदिरो तेमज राजस्थानी भाषा, साहित्य, इतिहास, पुरातत्त्व, कला अने संस्कृति वगेरे विषयना लेखो अथवा तो मथुरा अने व्रजमंडलना जैन सम्बन्ध विषयक लेखो नीचेना ठेकाणे मोकलीने आभारी करे—

श्रीयुत नरोत्तमदासजी स्वामी M. A., c/o डुंगर कोलेज, बीकानेर

નવી મદદ

૨૫) પૂ. પં. મ. શ્રી. રામવિજયજીના સદુપદેશથી તપગચ્છ જૈન સંઘ, ખાન્તાકુઝ
૨૫) પૂ. મુ. મ. શ્રી સુબુદ્ધિવિજયજીના સદુપદેશથી શ્રી આત્મ-કમલ જ્ઞાનમંદિર, દાદર
૧૫) પૂ. પં. મ. શ્રી. કીર્તિવિજયજીના સદુપદેશથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, પાલીતાણા.

મુદ્રક:–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશક:–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.



વર્ષ ૧૩ : અંક ૬] અમદાવાદ : ૧૫-૩-૪૮ [ક્રમાંક ૧૫૦

विषय-दर्शन

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

જૈનધર્મનું સામાન્ય જ્ઞાન

(લે. શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી)

અમદાવાદ જેવાં શહેરોમાં એક કરતાં વધુ અને ઘણુંખરાં નાનાં ગામોમાં પણ ધાર્મિક જ્ઞાન આપતી પાઠશાળા ચાલતી હોય છે. અભ્યાસ કરાવવાની પદ્ધતિ સર્વે એકધારી નથી હોતી, છતાં ઘણેખરે સ્થળે એ તો જોવામાં આવેલ છે કે અભ્યાસક્રમમાં સામાયિક સૂત્ર, બે પ્રતિક્રમણ, પંચ પ્રતિક્રમણ અને પછી પ્રકરણો તથા કર્મગ્રંથ; પ્રકરણોમાં જીવવિચાર, નવતત્ત્વ, દંડક અને લઘુ સંઘયણીની મુખ્યતા હોય છે. આ બધો અભ્યાસ અર્થ સહિત કરાવવામાં આવતો હોય એવાં સ્થાનો બહુ ઓછાં છે. ઘણું ખરું તો મૂળ સૂત્રની ગોખણપટ્ટી જ વધુ દૃષ્ટિગોચર થાય છે. વ્યાવહારિક શિક્ષણ આપતી સંસ્થાઓ બાદ કરતાં ભણનાર માટે એકધારી પાઠની પદ્ધતિ નથી હોતી, કારણ કે સમય ઓછો હોય છે અને હાજરી અનિયમિત હોય છે.

હવે સૌ કોઈ એ વાત સ્વીકારે છે કે અભ્યાસ અર્થ સહિત કરાવવો જરૂરી છે, છતાં એને અમલી બનાવવામાં કેટલીક મુશ્કેલીઓ અને અગવડે છે કે એનો ઉકેલ આવ્યો શકાયો નથી. એકધારાં પાઠ્યપુસ્તકો માટે પણ વિચારણાઓ ચાલે છે, છતાં કોઈ નિશ્ચિત કાર્યક્રમ હાથ ધરાયો નથી. ઊગતી પ્રજામાં ધાર્મિક જ્ઞાન મુદ્દાસરનું હોય એ માટે બે મત નથી, પણ એ આપવાના માર્ગોમાં મુંડે મુંડે જુદી મતિ જેવું છે.

પંચ પ્રતિક્રમણ અર્થ સહિત શીખાય તો પડિક્કમણ વિધિમાં અપૂર્વ આનંદ આવે છે. છતાં એ અર્થ માટે જે જાતનો વિદ્યાર્થીગણ જોઈએ તે હોતો નથી. બહુ નાની વયનાં બાળકોને એમાંના સૂત્રોનો ભાવ સમજવો મુશ્કેલ પડે તેવો પણ છે. જીવવિચાર અને નવતત્ત્વ અર્થ સહિત શીખાય છે અને એ રીત આવશ્યક છે, કેમકે જૈન દર્શનમાં પ્રવેશવા સારુ એ કૂંચી સમાન છે. પણ એ શીખ્યા પછી આગળ અધ્યયન ચાલુ નથી રહેતું તો મેળવેલ જ્ઞાન ભૂલી જતાં વિલંબ નથી થતો. આ જ્ઞાન આપતી સંસ્થાઓની પરીક્ષા ત્રણ રીતે લેવાતી જોવાય છે.

૧ જૈન શ્વે. કોન્ફરન્સ સ્થાપિત એજ્યુકેશન બોર્ડ મારફતે એક સરખા પ્રશ્નપત્રો દ્વારા નિયત કરાયેલ ધોરણવાર

૨. રાજનગર ધાર્મિક પરીક્ષા લેતા બોર્ડ તરફથી, ઘણુંખરુ એજ્યુકેશન બોર્ડની પદ્ધતિએ, પણ માત્ર અમદાવાદમાં જ

૩. મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળ મારફત જુદાં જુદાં સ્થાનોમાં મોકલાતા પરીક્ષકો દ્વારા, ઘણુ ખરું મૌખિક પ્રશ્નોથી.

ઉપરની રીતો વચ્ચેથી પસાર થનાર વિદ્યાર્થીગણ એક દૃષ્ટિએ જોઈએ તો ઠીક ઠીક પ્રમાણમાં ધાર્મિક જ્ઞાન મેળવી રહેલ જણાય; પણ કેટલીક વાર જૈનધર્મ સંબંધી સામાન્ય જ્ઞાનથી પણ વંચિત હોય છે. કેમ કોઈ પ્રસંગમાં ભણ્યા પણ ગણ્યા નહીં જેવી દશા જોવાય છે. એ સ્થિતિ સુધરે તે માટે અહીં કંઈક પ્રયાસ હાથ ધર્યો છે.

૧. દરેક જૈનધર્મી વિદ્યાર્થીએ જાણવું જોઈએ કે પોતે શ્રી જિન ભગવંતનો અનુયાયી છે.

[અનુસંધાન ટાઇટલ પાના ત્રીજા ઉપર.

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	क्रमांक
अंक ६	ફાગણ શુદિ ૫ : સોમવાર : ૧૫મી માર્ચ	१५०

॥ प्रत्याख्यानकुलकम् ॥

संपादकः—पू. मुनिमहाराज श्री रमणिकविजयजी

काऊण नमुक्कारं, सिद्धाणं अट्ठकम्ममुक्काणं ।
भविअजणबोहणत्थं, पगरणमिणमो निसामेह ॥ १ ॥
राईभोअणविरई, दुविहं तिविहेण चउविहेणावि ।
नवकारसहिअमाई, पच्चक्खाणं त्रिहेऊणं ॥ २ ॥
दिवसस्स जो मुहुत्तं, वज्जेज्जा चउव्विहं पि आहारं ।
अवसेसं भुंजंतो, मासेण चउत्थयं होइ ॥ ३ ॥
सो तस्स फलगुणेणं, कंचण-मणि-रयणभूसिअसरीरो ।
दसवाससहस्साइं, दिव्वं देवत्तणं लहइ ॥ ४ ॥
अह पुण जिणवयणं सुणेइ, सद्दहमाणो करेइ तं चेव ।
सो पलिओवमकोडी, निरुवसग्गे वसइ सग्गे ॥ ५ ॥
न य पणमइ सो पुरिसो, रायाणं देवयं च अरिहमणो ।
तिहुअणनमिअं जो नमइ, पच्चक्खइ जो नमुक्कारं ॥ ६ ॥
भवसयकोडीदुलहं, जर-मरणाठिएण जं जिणक्खाणं ।
आराहइ अ अविग्घं, पच्चक्खइ जो नमुक्कारं ॥ ७ ॥
पोरसि छट्ठ चउत्थे (?) काउं कम्मं खवंति जं मुणिणो ।
तं न हु नारयजीवा, वाससयसहस्सकोडीहिं ॥ ८ ॥
अंगुट्ठ-मुट्ठिपमुहं, निच्चं पालेइ तह इमं सम्मं ।
तस्स गुणनिवहरंजिअ, जाया परिणयणकज्जेण ॥ ९ ॥
मग्गइ तेण वरेणं, निव्वुइकंता करेइ संकेअं ।
संकेअपच्चक्खाणं, वयंति एअं समासेणं ॥ १० ॥

जे निच्चमप्पमत्ता, गंठिं बंधंति गंठिसहिअस्स।
सग्गापवग्गसुक्खं, तेहिं निबद्धं सगंठम्मि ॥ ११ ॥
भणिऊण नमुक्कारं, निच्चं विम्हरणवज्जिअं धन्ना।
पालंति गंठिसहिअं गंठिं सह कम्मगंठीहिं ॥ १२ ॥
मंसासी मज्जरओ, एकेण वि चेव गंठिसहिएणं।
सो वि इह तंतुवाओ, सुसाहुवाया सुरो जाओ ॥ १३ ॥
इअ चिंतिअ सुअब्भासं, अब्भासं सिवपुरस्स जइ महसि।
अणसणसरिसं पुन्नं, वयंति एअस्स समयन्नू ॥ १४ ॥
अट्ठविहकम्मगंठी, भवसयबद्धा थिरीकया बहुसो।
भिंदइ सो अचिरेणं, पच्चक्खइ जो इमं गंठिं ॥ १५ ॥
माणिक मुत्ति अ मरगय, वइरं च – – – करयले बद्धं।
अवहरिऊण न सक्का, गंठीए फलं सुसुद्धाए ॥ १६ ॥
जो पोरिसिं च पुरिसो, पच्चक्खइ सव्वकालमज्झत्थो।
अरिहंत-चक्कवट्टी-बलदेवाणं च वासुदेवाणं।
एएसिं पि कुलेसु, उप्पज्जइ सो सयं पुन्नो ॥ १८ ॥
पुरिमड्ढं पच्चक्खइ, रूवसिणी महिलिआ व पुरिसो वा।
सो अवरम्मि भवम्मि अ, देवत्तणमुत्तमं लहइ ॥ १९ ॥
तत्तो वि चुओ संतो, उवज्जइ धाइकम्मकम्माइं।
मणुअभवम्मि अ पामइ, रयणनिहिं बहुविहं पुरिसो ॥ २० ॥
एगट्ठाणम्मि ठिओ, बहुविहरयणाण सामिओ होइ।
देवत्तणम्मि इंदो, मणुअभवे होइ महयारी ॥ २१ ॥
अपरमिअं सो पावइ, सारीरबलं मणुअलोगम्मि।
एगासणगस्स फलं, जिणवरवीरेण निद्दिट्ठं ॥ २२ ॥
तेएण अहिअतेऊ, न वि सक्को जोअणं व्व जोएउं।
उत्तत्तकणयवन्नो, आयंबिल कारओ पुरिसो ॥ २३ ॥
जो उववासं पुरिसो, अवसं कारेइ जिणवरमएणं।
बप्पुत्तिबुद्धिधुणिअं, सो निहणइ पुराणयं कम्मं ॥ २४ ॥
अट्ठविहंपि अ गंठी, बारसमेएण तवविहाणेणं।
छिज्जइ निखिलं जम्हा, तम्हा उववासमिच्छंति ॥ २५ ॥
॥ इति प्रत्याख्यानकुलकम् ॥

આ પ્રત્યાખ્યાનકુલક વડોદરામાંના શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજના ભંડારની પ્રાચીન પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

શ્રી સમેતશિખર તીર્થનાં ઢાળિયાં

[શ્રી હરકોર શેઠાણી ને શેઠ ઉમાભાઇએ કાઢેલ સંઘનું વર્ણન]

પ્રેષકઃ—શેઠ પનાલાલ ઉમાભાઇ

સંપાદકઃ—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

[રાજનગર–અમદાવાદના જૈનોના ગૌરવભર્યા ઇતિહાસને માટે ઉપયોગી એવી આ આખી કૃતિ અહીં આપવામાં આવી છે. —તંત્રી]

દુહા

શ્રી સંખેશ્વર પાય નમી, નમો પદ્માવતી માય;
સંઘતણા ગુણ ગાવતાં, હેડે હરખ ન માય. ૧
ઉપગારી મારા ગુરૂ, વીરવિજય પંન્યાસ;
તેહ તણા સુપસાયથી, રચના કરૂં થઇ દાસ. ૨
ક્ષણ ક્ષણ ગુરૂ મુજ સાંભરે, તન મન ધન થઇ રંગ;
એક ચિત્તે થઇ સાંભળો, કોઇ ન કરશો ભંગ. ૩
મોહ તિમિર ભેદન ભણી, ગુરૂ દીપક સમ ધાર;
ભવ જળધી પડતા થકા, મ્હોટો ગુરૂ આધાર. ૪
શ્રુતવિદ્યાદાયક ગુરૂ, પચ્ચુવયાર ન થાય;
કોડાકોડી ભવે કરી, કરીએ વિવિધ ઉપાય ૫
મેં તો બાળક્રીડા કરી, હાંસી ન કરશો કોય;
ભૂલ પડે તો શોધજો, સમકિત નિરમળ હોય. ૬
નામ સખાવત જેહનું, હીંમતમાં સિરદાર;
લક્ષ્મીનો લાહવો લીએ, ધન ખરચે એક ધાર. ૭

ઢાળ પહેલી. (ઊઠી પ્રભાતે પ્રભુ નમીએ—એ દેશી)

સમેતશિખર ભવી તુમે સેવો, ત્રિભુવન તીરથ નહિ એવો;
મનુષ જનમનો એ મેવો, —સમેત૦ ૧
મોક્ષ ગયા પ્રભુ એણે ઠામ, જપીએ તેહ તણા નામ;
થાએ મનવંછિત કામ, —સમેત૦ ૨
સુર નંદન વન વીસરામ, મધુવન મંદિર છે ધામ;
શિવવહુ મેલણ આરામ, —સમેત૦ ૩
જંબૂદીપ દક્ષિણ ભરતે, પૂરવ દેશે અનુસરતે;
સમેતશિખર તીરથ વરતે, —સમેત૦ ૪
અજીતાદિક દસ સીવ જાવે, વિમળાદિક નવ શિવ પાવે;
પાસ પ્રભુ એમ વીસ થાવે, —સમેત ૫
રાજનગર ગુજ્જર દેશે, શ્રાવક લોક ભલા વેશે;
સુરાલિ ભાખ્યા સુટા દેશે, —સમેત૦ ૬

ખુશાલ નાહાલ કુલે બેઠો, ગંભીર સાહેરનો પેટો;
કેસરીસિંહ તણો બેટો, —સમેત૦ ૭
વડ ઓશવાળ કુલે આયો, સુરજબાઇ તણો જાયો;
હઠીસિંહ કેસરી ગવરાયો, —સમેત૦ ૮
તેની ઉભય છે નાર, તેહમાં હરકોર ગુણભંડાર;
જગમાં કીર્તિ વિસ્તાર, —સમેત૦ ૯
ઉમાબાઈ સોવનમય કાયા, સગી બહેન તણા જાયા;
તપ કરી પરભવથી આયા, —સમેત૦ ૧૦
શેઠની અનુમતિને નિરખી, ખોળે લીધા છે મન હરખી;
સંતોષ સમતા ગુણ પરખી, —સમેત૦ ૧૧
આદીએ શોભે ઉમાબાઈ, ઇન્દ્ર જયંતસું હુકરાઇ;
પૂરણ પુન્યે સુકમાઇ, —સમેત૦ ૧૨
સમેતશિખર ભેટણુ કાજે, મહારાણી વીકટોરીઆ રાજે;
જિનશાસન ઉન્નત છાજે, —સમેત૦ ૧૩
દાન પુણ્યે છે વડભાગી, વિજયની મુરત એ જાગી;
અલ્પ ભવના સોભાગી, —સમેત૦ ૧૪
ગુરૂ વીરજી દેશના દેતા, સમેતશિખરના ગુણ કહેતા;
મુખ થકી અમરીત ઝરતા, —સમેત૦ ૧૫
દેશના સુણી થયા છે રાગી, કુમતિ દૂર ગઇ ભાગી;
સમકીતની લેશ્યા જાગી, —સમેત૦ ૧૬
કરવી જાત્રા શિખર તણી, શેઠાણી મન હોંશ ઘણી;
સદ્‌ગુરૂનાં વચનો સુણી, —સમેત૦ ૧૭
સંસાર માંહે ઘણા રાતા, ખાએ પીએ ફીરે મદમાતા;
પરભવ પામે અશાતા, —સમેત૦ ૧૮
દેવ ગુરૂને નિત નમતા, ધન ખરચી જાત્રા કરતા;
ધન ધન તે નરની માતા, —સમેત૦ ૧૯
વીરતણું શાસન પામી, ખાવો પીઓ ન કરો ખામી;
થાશો શિવ વહુના નામી, —સમેત૦ ૨૦
હરખમાં વરસ ઘણા વીતાં, શેઠાણી ઉમાબાઈને કહેતાં;
જોશી શિવશંકરને તેડતા, —સમેત૦ ૨૧
માણેકચંદ મોતીચંદ ગુણવાન, શેઠજી આગે પરધાન;
હુકમ ચાલે પામે બહુ માન, —સમેત૦ ૨૨

તેહથી શેઠાણી એમને કહેતા, લે પણ હુકમ સીરે ધરતા;
રજા માગી પૂઠેથી ભલતા, —સમેત૦ ૨૩
ઓગણીસ વીસાને વરસે, કારતક વદ બીજને દિવસે;
મહુરત લીધું મન વિકસે, —સમેત૦ ૨૪
કંકોતરી લખી દેશો દેશે, કલકત્તા વળી જયપુરસે;
સોરઠ કચ્છ મુંબઈ વાસે, —સમેત૦ ૨૫
શુકરવારે મહુરત લીધા, બાહેર જઈ ડેરા કીધા;
વીરવચન પસાએ સીધા, —સમેત૦ ૨૬

ઢાળ બીજી (સાંભળ રે તું સજની મોરી, રજની કયાં રમી આવીજી રે—એ દેશી.)

હિત શિખામણ ઉમાભાઈને, શેઠાણી એણી પેરે બોલે જીરે;
મધુર વચણે સહુસુ બોલે, જાણે અમીયને તોલે. તો જસ લહીએ જીરે. ૧
આવ્યા ગયા ને આદર દીજે, લીજે તાસ સલામો જીરે;
સભા મારગ મુનિવર દેખી, ઊઠી કીજે પરણામો —તો જસ૦ ૨
સાધરમીક ને સગાંવહાલાં, સાથે ભોજન કીજે જીરે;
સંઘ ભગતી પરભાતે ઊઠી, ગુરૂ મુખ ધર્મ સુણીજે —તો જસ૦ ૩
જિનવર પૂજા ને નિત ઓચ્છવ, કરજો નવ નવ ભાતે જીરે;
સંઘ તણી ઠકુરાઈ વિલસો, ભોજન ન કરો રાતે —તો જસ૦ ૪
મોકળે હાથે ધન વાવરજો, સંઘ સકળ સાચવજો જીરે;
પૂરવ સંઘ સંભારી ચિત્તમાં, અમાની મન કરજો —તો જસ૦ ૫
એ શિખામણ હૃદય ધરીને, સંઘનું તિલક કરાવે જીરે,
શાન્તિનાથ પ્રભુ ધર્મ જીનેશ્વર, રથમાંહે પધરાવે —તો જસ૦ ૬
શેઠાણી ઉમાભાઈ બે કર જોડી, પ્રભુને શીશ નમાવે જીરે;
પ્રભુ ગુણ સ્તુતિ અદ્ભુત કરીને, રોમ રોમ વિકસાવે —તો જસ૦ ૭
પરધાન વહુ રથ પૂંઠે ચાલે, રામણ દીવો કર શોભે જીરે;
આભુષણ જરી સાડી ધરીને, નરનારી જોઈ થોભે —તો જસ૦ ૮
શેઠાણીજી ધુરે ચાલે, પાછળ શોભે નારી જીરે;
પ્રભુ ગુણ ગાતી (જાણે) અમરી ભમરી, રાસ રમે લટકાળી—તો જસ૦ ૯
હવે વરઘોડાની સામગ્રી, શ્રીજી હાલે કહીસું જી રે;
શ્રીશુભવીર પસાએ સેવક, આણા મસ્તક વહીસું—તો જસ૦ ૧૦

ઢાળ ત્રીજી (રંગ રસીલા સાંભળો રે એ—દેશી)

રંગ રસીલા સાંભળો રે, વરઘોડાનો ઠાઠ સલુણા;
કનક રજત ધાતુ મળી રે, રથ ઘડીઓ બહુ ઘાટ. સલુણા. રંગ૦ ૧

પુતળીઓ નાટક કરે રે, જોતાં અનિમેષ દેવ, સલુણા;
બે બાજુ ચામર ઢળે રે, ભક્તિ કરે ઘણી સેવ. સલુણા—રંગ૦ ૨

રથ સારથી પ્રભુના થયા રે, મહાસુખભાઈ મહાભાગ, સલુણા;
જાણે મોહને કાઢીઓ રે, હંસ વનેથી કાગ. સલુણા—રંગ૦ ૩
સાબેલા ચાબુઆરીઆ રે, જાણે દેવકુમાર, સલુણા;
કેઈ હસ્તી શિરે ચઢયા રે, કેઈ તુરંગ ખુખાર. સલુણા—રંગ૦ ૪
વાજાં વાગે વિલાતનાં રે, સરણાઇઓ ટહુકાર, સલુણા;
ભેરી ભુંગળ વાજે ઘણાં રે, તાંસાં ઢોળી સાર. સલુણા—રંગ૦ ૫

સાજન માંહી શોભતાં રે, શેઠ વળી શાહુકાર, સલુણા;
જઇન તણા રાગી ઘણા રે, વરઘોડા મોઝાર સલુણા—રંગ૦ ૬
એમ મહોટે મંડાણસું રે, દેતા અઢળક દાન, સલુણા,
સંઘવી તિલક શોભે ઘણું રે, કરમાં શ્રીફળ પાન. સલુણા—રંગ૦ ૭

વરઘોડો જોવા મળ્યા રે, નર નારીના થોક, સલુણા;
શ્રાવક મનમાં ચિંતવે રે, જન્મ ગમાયો ફોક. સલુણા—રંગ૦ ૮
એ સંઘમાંહી પધારશે રે, ધન ધન તે નરનાર, સલુણા;
ગયો અવસર મળશે નહિ રે, કહેતાં ના આવે પાર. સલુણા—રંગ૦ ૯
સમેતશિખર જે સધાવશે રે, તેહનો ધન અવતાર, સલુણા;
કારણ કારજ નીપજે રે, કહે આગમ ગણધાર. સલુણા—રંગ૦ ૧૦
એમ કરતાં અનુમોદના રે, વરઘોડો આવ્યો પુર બહાર, સલુણા;
ડેરા તંબુ કચેરીઓ રે, ચંદનીઓ ઘણી સાર. સલુણા—રંગ૦ ૧૧
પ્રભુજી તણો તંબુ શોભતો રે, જાણે સ્વર્ગ વિમાન સલુણા;
બનાત સાટણ બેહુ મળી રે, દેખી તજે અભિમાન. સલુણા—રંગ૦ ૧૨
નવ કલશા કંચન તણા રે, રેશમી આલી દોર, સલુણા:
બીલ પલટણ પ્હેરો ફીરે રે, પડતી નગરે ઠોર. સલુણા—રંગ૦ ૧૩

વદ પાંચમ દિન આવિયા રે, અમેર સંઘ જમાય, સલુણા;
તારાચંદ સોભાગનો રે, ઉદાર ચિત્તથી થાય. સલુણા—રંગ૦ ૧૪
પાછલી રાતે ચાલીઆ રે, પેથાપુર મુકામ, સલુણા;
સામીવચ્છલ બહુ ભાવસું રે, શ્રાવકનાં બહુ ધામ. સલુણા—રંગ૦ ૧૫
જેચંદશાએ જમાડીઓ રે, પ્રભુ વંદીને સધાય, સલુણા;
બોરૂ ગામે આવિયા રે, ત્રિભોવનના ગુણ ગાય. સલુણા—રંગ૦ ૧૬
લખપતિ મળીઆ સંઘમાં રે, તેહનાં સુણજો નામ, સલુણા;
શેઠ ભગુભાઈ ભાવશું રે, અઢલક ખરચે દામ. સલુણા—રંગ૦ ૧૭

સમતા રસમાં ઝીલતા રે, સમેતશિખર એક ધ્યાન, સલુણા;
પરિવાર સહુ સાથે લીઓ રે, ક્રોધ નહિ અભિમાન. સલુણા—રંગ ૧૮
સુંદરજી સંઘવી આવીઆ રે મોરબી સુંદર ધામ, સલુણા;
જીવદયા ઘણી પાલતા રે, પર પોતાને કામ. સલુણા—રંગ૦ ૧૯
દિન પરતે પૂજા કરે રે અષ્ટપ્રકારી એક ચિત્ત, સલુણા;
પૂજા વિના જમવું નહિ રે, શકિતએ ખરચે વિત્ત, સલુણા.—રંગ૦ ૨૦

ઉમાભાઇ રૂપચંદના રે, મગનભાઇ મનરંગ, સલુણા;
જાણે ઉગ્યો શશી બીજનો રે, વરધવંતા ઉછંગ. સલુણા—રંગ૦ ૨૧
માતા ધીરજ બાઇને રે, જાસુદ છે પ્રધાન, સલુણા;
જેઠાર બેન સમતા રસે રે, જ્ઞાન ભણે એક તાન. સલુણા—રંગ૦ ૨૨
મોહનભાઇ રમે રંગસું રે, દેખી આણંદ થાય, સલુણા;
વેળ વધે એમ એ વધે રે, પુણ્યપનોતી જાણે માય સલુણા—રંગ૦ ૨૩

લઘુગંધવ ઉમાભાઇના રે, મગનભાઇ છે સાથ, સલુણા;
તે આવ્યા પરિવારથી રે, ધન ખરચે બેહુ હાથ. સલુણા—રંગ૦ ૨૪
નગરશેઠ હેમાભાઇના રે, ઊજમબહેન સધાય, સલુણા;
શેઠ લલ્લુભાઇ આવતા રે, ચરચા જ્ઞાનની થાય. સલુણા—રંગ૦ ૨૫

વકીલ માણેકચંદ આવતા રે, ભગવાન સુત કાલીદાસ, સલુણા;
વીસનગરથી ભેગા ભળ્યા રે, જેઠાભાઇ ગુણરાશ સલુણા.—રંગ૦ ૨૬
કુટંબ સહુ મળી ચાલતા રે સાસુ વહુ ઘણો રંગ, સલુણા;
ખીર નીર સમ પ્રીતડી રે, જાણે ખીલ્યો બાગ. સલુણા.—રંગ૦ ૨૭

જે ઘર જાય દીન કલેશમાં રે, કમળા ઘણી અકળાય, સલુણા;
મારે ઇહાં રહેવું નહી રે; જઇ બેઠી શીતળ છાંય. સલુણા.—રંગ૦ ૨૮
બાપુભાઇ સમતા રસે રે, કુમતિ દુર કરાય, સલુણા;
વીરચંદ ઝવેર આવ્યા રે, તપ કરી કરમ જલાય. સલુણા.—રંગ૦ ૨૯

આગળ ભવિ તુમે સાંભળો રે, નામ રહ્યા જે સાર, સલુણા;
શ્રીશુભ વીરના દાસને રે, સેવન ફળે મનોહાર સલુણા—રંગ૦ ૩૦

ઢાળ ચોથી—(વહાલાજીની વાડી અમે જોતા રે—એ દેશી)

ઉમાભાઇ સમેતશિખર ગિરિ જઇએ રે,
વીસ ટુંકની પૂજા કરીએ, ઉમાભાઇ૦ (એ આંકણી)
વદ આઠમે હાલો આવે રે, પ્રભુ પૂજીને આણંદ પાવે રે;
પછે વીસનગર સધાવે, —ઉમા૦ ૧

જેઠાભાઇ સામૈયુ લાવે રે, મહાજન સહુ ભેલા આવે રે;
સંઘ દરિસણ કરવા જાવે, —ઊમા૦ ૨
વીસનગરના સરવે લોક રે, મેડી માલ ચઢી થોક થોક રે;
વળી બેઠા અગાસી ગોખ, —ઊમા૦ ૩
વરઘોડો ધીમે ધીમે આવે રે, જન દેખીને આણંદ પાવે રે;
બજારમાં લોક ન માવે રે, —ઊમા૦ ૪
પ્રભુ દરિસન કરીને વલીઆ રે, ભવોભવનાં પાતકિ ટળીયાં રે;
મને અંતરજામી મળીયા, —ઊમા૦ ૫
સંઘ જમણ કરી દો સધાવે રે, નવગજું લુણવામા આવે રે;
કરે જમણ કાલીદાસ ભાવે, —ઊમા૦ ૬
તીહાંથી વડગામ તે આવે રે, ઘાસ દાણાની લ્હાણી થાવે રે;
ઝવેરી ભાઇચંદ અપાવે, —ઊમા૦ ૭
એકાદશીએ પાલણપુર પેઠા રે, પલ્લવીઆ પાસજી ભેટયા રે;
મારા ભવનાં દુઃખડાં મેટાં, —ઊમા૦ ૮
સ્વામીવચ્છલ પાંચ તે થાવે રે, ઝવેરી ભાઇચંદ કરાવે રે;
બધા બેલને ઘાસદાણો દેવરાવે, —ઊમા૦ ૯
મગનભાઇ તે પરણીને આવ્યા રે. વદાયગીરી બહુ લાવ્યા રે;
પછી ભૂતડીએ સધાવ્યા, —ઊમા૦ ૧૦
શેઠ દલસુખશાએ કીધો રે, સ્વામીવચ્છલ કરી લહાવો લીધો રે;
ગુરૂ વચન સુધારસ પીધો, —ઊમા૦ ૧૧
દાંતીવાડે પ્રભુજીને નમતા રે, ક્રોધ માન માયાને વમતા રે;
પોથાવાડે ગયા મન ભમતા, —ઊમા૦ ૧૨
પ્રભુ વંદીને આણંદ પાવે રે, જીરાવલી ગામ તે આવે રે;
પ્રભુ પાસ તણા ગુણ ગાવે, —ઊમા૦ ૧૩
અણાદરે ડેરા દીધા રે, ચોકી પ્હેરા તે ચોક્કસ કીધા રે;
દેખી તીરથ કારજ સીધા, —ઊમા૦ ૧૪
પ્રભુ દેખી લોચન ઠરીઆં રે, સંસાર સમુદ્રથી તરીઆ રે;
દેલવાડામાં સંચરીઆં, —ઊમા૦ ૧૫
સાત શુદ્ધિ શેઠ કરીને રે, પીતાંબર કસબી ધરીને રે;
સોના રૂપાના કલશા ભરીને, —ઊમા૦ ૧૬
પ્રભુજીને પખાલ તે કરતા રે, કાલ અનાદિનો મલ હરતા રે;
કરી દ્રવ્યપૂજા ભાવમાં ભલતા, —ઊમા૦ ૧૭

ચૈત્યવંદન અપૂરવ બોલે રે, સાંભળતા સુરનર ડોલે રે;
કંઠ નાભિથી બહુ ધોલે, —ઊમા૦ ૧૮
ગુણસ્તુતિ કરીને આવે રે, સ્વામીવચ્છલ જુક્તે કરાવે રે;
પછે અચલગઢ સધાવે, —ઊમા૦ ૧૯
પ્રતિમા ચૌમુખની ચારે રે, પંચધાતુ બેસી મનોહાર રે;
પ્રભુ તેજ તણો નહિ પાર, —ઊમા૦ ૨૦
મૌન એકાદશી સહુ ભાવે રે, પોસહ કરી ધ્યાન ધરાવે રે;
ટીપ કરવા સંઘ મેળાવે રે; —ઊમા૦ ૨૧
ધરમશાલાએ સરવે આવે રે, મમતા મુકી સરલ સ્વભાવે રે;
મન ઉછરંગથી ભરાવે, —ઊમા૦ ૨૨
સહસ ઓગણીસ રૂપૈયા ઝાઝા રે, એક એકની ધરતા મોઝા રે;
વંદી વલીઆ આબુગઢ રાજા, —ઊમા૦ ૨૩
એમ અનુક્રમે ચાલતા રે, સીરોહીમાં દીલડાં ઠરતાં રે;
ડેરા દેખી કરમ ગરંતા, —ઊમા૦ ૨૪
પાંચ વીસામે રાણકપર આવે રે, પ્રભુ દેખીને આણંદ પાવે રે;
ડેરા તંબુ કચેરી કરાવે, —ઊમા૦ ૨૫
સ્વામીવચ્છલ ચાર તે કરીઆ રે, માણેકચંદ મોતીચંદ તીહાં ભલીઆ રે;
શુભવીર સેવકને મલીયા, ઊમાબાઇ સમેત શિખરગિરિ જઇએ રે; ઊમા૦ ૨૬

ઢાલ પાંચમી (પ્રભુ પાસનું મુખડુ જોવા—એ દેશી)

હવે રાણકપુર મનોહાર, દહેરો ઉંચો ચોમુખ ચાર;
મૂલ નાયક રીખવજી દેવ, તેહની કરતા નીત નીત સેવ. ૧
પ્રભુ રીખભના દરીસન કરીએ, ભવોભવના પાતિક હરીએ
દરસણથી દરિસણ થાએ, તે આણંદ જગત ન માએ—એ આંકણી
ઊમાબાઈ સ્નાન કરીને, સોના રૂપાના કલશા ભરીને;
વલી કસ્તુરીમાંહી બરાસ, કેસરમાંહી કરી સુવાસ. ૨
સુગંધી ઉખેવે ધૂપ, પૂજા કરતા સંઘવી ભૂપ;
બહુ ભક્તિએ પૂજ્યા દેવ, દેજો ભવોભવ ચરણની સેવ. ૩
પૂજા ભણાવી લહાવો લીધો, શુભ કરણી કારજ સીધો;
ચોંવરા ચોરાસી સાર, થંભા ગણતી હોય હજાર. ૪
એ સંઘ તણો થયો ઠાઠ, ગાડી સરવ મલી શત સાઠ;
સંઘતણું એક સહસનું માન, લલ્લુ જગચંદ છે પરધાન. ૫
કાકા જેઠમલ કરે કારભાર, અંબાલાલ આવ્યા છે લહાર;
ચોટાથી હલફલ ગાજી, રતનવિજય તણા ગુણરાગી. ૬

લલ્લુભાઇ નગીનદાસ, વ્રતધારી છે ગુણરાસ;
સમતારસ શ્રાવક મલીઆ, સંસાર થકી તે ગલીઆ. ૭
જીનસાલમાં છે શિવરામ, દેરાસરનું સોંપ્યું છે કામ;
સાત સમરણ અહનીસ ગણતા, સંઘ સાન્નિધ્ય દેવ કરંતા. ૮
હવે શ્રાવિકા ગુણરાગી, બાઇ સૂરજ છે મહાભાગી;
જડાબ ભણી છે દોઅ, પ્રકરણ ભણ્યા છે સોઅ. ૯
કપડવણજના મૂલીબાઇ નામ, મેણા બેહેન ધરમનું ધામ;
સૂત્ર અરથ સાંભલવા રસીયા, ગુરૂ ભગતિ કરવા વસીઆ. ૧૦
હવે સાધુ તણો પરિવાર, સંવેગી છે ગુણના ધાર;
સૌભાગ્યવિજય પંન્યાસ, ઉમેદવિજય છે પાસ. ૧૧
બીજા સાધુ ગુણીજન આવે, શાંતિવિમલ સંઘાતે લાવે;
માણેક મુનિ છે પદચારી, મહાપંચવ્રતના ધારી. ૧૨
એમ સાધુ મલ્યા મનોહાર, સંજમનો વહેતા ભાર;
ગુરૂણીજી મલી છે સોલ, ઝીલે સમતારસ રંગરોલ. ૧૩
હવે રાણકપરથી ચલિયા, સાદરી સ્વામિવચ્છલમાં ભળીયા;
બીજે દિન ઘાણેરા આવે, બાપુભાઈ તે સંઘ જમાવે, ૧૪
વલી (વાલી) નગરના શ્રાવક રાગી, સંઘ ભગતિ કરે વડભાગી;
નવમંદિર અપુરવ શોભે, સુર અસુર તણા મન થોભે ૧૫
નાડલાઇ સિદ્ધાચલ નિરખી, ગિરનાર જોઇ મન હરખી;
સહુ તીરથના સીરદાર, સૂત્રમાંહે કહ્યો વિસ્તાર. ૧૬
દેરાં તેર તે સ્વર્ગવિમાન, દેખંતા તજે અભિમાન;
તીહાંથી વરકાણાજી વંદી, ભવ અટવીનું બીજ નિકંદી. ૧૭
સંઘ આવે પાલી વિસરામ, કરે નોકારસી ગુરૂ ગામ;
સંઘ ભગતિ ભગુભાઇ કરતા, સંસાર થકી બહુ ડરતા. ૧૮
વલી માણેકચંદ બહુ ભગતે, સ્વામીવચ્છલ કરે બહુ જુગતે;
સંપૂરણ પંચમી ઢાલ, શ્રોતા ઘર મંગલમાલ. ૧૯
સંઘરચના આગળ કહીશું, શુભવીરને ચરણે રહીશું;
ગુરૂ મ્હેર થઇ જબ આજ, સેવકના સીધાં કાજ. ૨૦

ઢાલ છઠ્ઠી—(બારસ દિન બાર નીકલીઆ રે—એ દેશી)

સંઘ પાલીથી સધાવે રે; જઇન ધરમ જગમાં રૂડો;
સાત મુકામે અજમેર આવે રે—જઇ૦
દેરા તંબુ તીહાં કરીઆ રે, જઇ૦ અજમેરના શ્રાવક મલીયા રે; જઇ૦ ૧

સામૈયુ કરતા ભાવે રે, જઇ૦ કાંઇ ઉલટ અંગ ન માવે રે; જઇ૦
કેઇ ઘોડે ગજ રથ ચઢીઆ રે, જઇ૦ કુમતિના મદ સવી ગલીઆ રે. જઇ૦ ૨

સાજન મલી સહુ ચાલે રે, જઇ૦ નરનારી જુવે નીહાલે; જઇ૦
એમ કરતા જીન ઘર આવે રે, જઇ૦ પ્રભુ દરિસણે દુઃખ શમાવે રે. જઇ૦ ૩

સંઘ દરિસન કરીને ઠરીઆ રે, જઇ૦ પછે સામી વચ્છલમાં ભળીઆ રે; જઇ૦
બહુવિધનું કરે પકવાન રે, જઇ૦ સંઘભગતી કરે એકતાન રે જઇ૦ ૪

સંઘવી પણ સ્વામીભગતી રે, જઇ૦ કરતા તે પણ બહુ જુગતી રે; જઇ૦
હવે સંઘ સકલ સંચરીઓ રે, શ્રી કસનગઢ માણું દે;
પ્રભુ પાસ જીનેશ્વર પૂજા રે, પાપ સઘલા તેહ નિકદે. ૫

કીહાંથી ચાલ્યા અનુક્રમે રે, ગામ નગર પુર નીરખંતા,
પામ્યા નરભવ જેમ ધરમે રે, જેપુરમાં જઇ વીસમતા;
સામૈયુ પુરથી આવે રે; કરતા જૈન તણા રાગી,
સહુ સંઘને હરખ ન માવે રે, આભૂષણ ધરે સોભાગી. ૬

જીનવર પ્રતિમા જિન સરખી રે, આગમમાં છે જિનવાણી,
કુમતિની મુશલ બુદ્ધી રે, આપ મતિ વલી અજ્ઞાની;
હવે દેરાસરમાં આવે રે, ચૈત્યવંદન ભાવે કરતા,
શુભ કારણ જોગ મલંતા રે, પુણ્યતણી પોઠી ભરતા. ૭

વીરચંદ ઝવેર ઓસવાલ રે, સ્વામીવચ્છલ કરતા ભાવે,
વલી સંઘ બીજો શ્રીમાલી રે, કરતા આણંદ બહુ પાવે;
સિદ્ધચક્રના ગુટકા લેતા રે, પરભાતે સહુ પૂજંતા,
દૂધપાકને લાડુ જમાડે રે, વખતમા બહુ હરખંતા. ૮

વલી ત્રીજો સંઘ જેપુરનો રે, જમીને સહુ સંચરીઆ,
સંઘવી પણ પુરતી ભગતી રે, કરીને પૂઠેથી ચલીઆ;
એમ ઠામ ઠામ પુર જોતા રે, ભરતપુરે જઇ સધાવે,
પ્રભુ વંદી પાપ તે ધૂજા રે, રૂપીઆ તિહાં ખપાવે. ૯

દોય સહસનું નામ ધરાવે રે, શ્રાવક જન સહુ સુખ પાવે,
શેઠાણી ઉમાબાઈ જાણું રે, અવસર ફરી ફરી નહિ આવે,
એમ ચાલંતા અનુક્રમે રે, પામ્યા આગરા શહેર વલી,
સામૈયુ તિહાં શણગાર્યું રે, શ્રાવકટોલી સરવ મલી. ૧૦

પ્રભુ વંદી દોદિન વસીયા રે, વાહન સરવે મૂકતા,
નીજ વાહન રાખ્યા સાથે રે, વલી અશ્વ નહી ચૂકંતા;

હવે રેલવેલ કરી માથે રે, ગાડી તેરમા સંઘ મલે,
સંઘવી સંઘવણ હોય સાથે રે, લેઈને શેઠાણી ચલે. ૧૧

રેલ ઉતરીઆ પ્રયાગ ગામે રે, વીસામો કરીને ચલીઆ,
પાંચ દીવસે કુસલે ખેમે રે, નયરી વણારસીએ ભલીઆ;
મહા વદ બીજને દિવસેરે, અંજન શલાકા તિહાં કરતા,
ખરતર મતવાલે કીધી રે, વિધિ કરાવે મનગમતા. ૧૨

પ્રભુ મંદિર સાથે વંદી રે, ભવભવનાં દુખડાં હરતા,
હવે તિહાંથી ચાલ્યા આગલ રે, ગંગા નદી ઉતરતા;
ફરી રેલવેલમાં બેઠા રે, ચંપાનગરી આવતા,
પ્રભુ બારમા જિનવર ભેટયા રે, કરમમેલ સવી ધોવંતા. ૧૩

તિહાં પાંચ કલ્યાણક પૂજી રે, આતમધ્યાને અનુભવતા,
ફરી રેલવેલ ચઢી આવ્યા રે, વરધમાન જઈ વીસમતા;
જિન પૂજી રેલમાં બેઠા રે, રાણીગંજ વીસરામ કરે,
મુકામ બીજે ગિરિ નિરખી રે, ભવ ભવ પાતક દૂર હરે. ૧૪

હવે સમેતશિખર જઈ ભેટયા રે, ઉતરીઆ જઈ મધુવનમાં,
ચિંતામણ પારસ પૂજ્યા રે, આવી વસ્યા મારા મનમાં;
મહા વદ તેરસને દિવસે રે, સમેતશિખર જઈ ઉતરીઆ,
ઠામ ઠામ સામૈયા નીરખી રે, દેખી કોણીક નૃપ સાંભરીઆ. ૧૫

હવે આગલ વાત રસાલ રે, જેહવી બની તેહની કહીશું;
શુભ વીરવડે સેવકને રે, દરસનથી દરસન દરસુ. ૧૬

ઢાળ સાતમી (લાલ લાલ જેસી તેરી આખીઆં રે—એ દેશી)

પાસ રાજને લાવીઆ રે, દીધા આદરમાન;
દસ પણ સેંત ધન રોકડું, દીધા ચોઠીના દાન—
જયો જયો પાસ જિણંદને-(એ આંકણી) ૧

ચઢયા શિખર બીજે દિન રે, ભેટયા ત્રિભુવન નાથ,
કુંથુનાથ વંદી વલી, મલ્યો શિવપુર સાથ. —જયો૦ ૨

નમી મલ્લી અરનાથજી રે, વલી સુવિધિ જિણંદ;
ચૈત્યવંદન કરી ભાવશું, પામ્યા પરમાણંદ. —જયો૦ ૩

સુવિધિ શ્રેયાંસ પદ્મ પ્રભુ રે, ભેટયા ભવ દુઃખ જાએ;
મુનિસુવ્રત ચરણ નમી, ચંદ્ર પ્રભુ ગુણ ગાએ. —જયો૦ ૪

શુણ અનંત છે ચૌદમાના, નમીઆ શીતલ સુરંગ;
શીતલ ગુણ કરવા ભણી, કરી પ્રભુજીનો સંગ. —જયો૦ ૫
શ્રીસંભવ અભિનંદના રે, અહનિશ કરૂં જાપ;
જગમાં તેર જિન વંદીઆ, થઇ સમકિત છાપ. —જયો૦ ૬
પાસ પ્રભુ દરબારમાં રે, આવ્યા બહુ મલી સાથ;
જગતિ વસે ભગવાન છે, સુણો ત્રિભુવનનાથ. —જયો૦ ૭
જમણી બાજુ પ્રભુ વંદીઆ રે, સુણો અદ્ભુત નામ;
ધરમનાથ સુમતિ વલી, વર્યા શિવવધૂ ધામ. —જયો૦ ૮
શાન્તિનાથ શાન્તિ કરે રે, શ્રીસુપાસ જિનરાજ;
વિમલ અજીત દોયે વંદિયા, સીધા સઘળાં કાજ. —જયો૦ ૯
ચિંતામણ પ્રભુ પાસજી રે, ચિંતા ચૂરણહાર;
મન શુદ્ધે સેવા કરે, ઉતરે ભવપાર. —જયો૦ ૧૦
અષ્ટ પ્રકારી પૂજા કરે, ત્રણ શુદ્ધિ કરે જોગ;
મનમોહન જિન પૂજતા, ગયો અનાદિનો રોગ. —જયો૦ ૧૧
જલ ચંદન કુસુમે વલી રે, ધૂપ દીપ મનોહાર;
અક્ષત નૈવેદ્ય ફલ મલી, કરતા એક ધાર. —જયો૦ ૧૨
પૂજા કરી સુમનસ થયા રે, આવ્યા શ્રીપ્રભુ પાસ;
ચૈત્યવંદન કરે ભાવશું, જેહવી બુદ્ધિ પ્રકાશ. —જયો૦ ૧૩
શ્રી શુભવીરના દાસને રે, તુમ ચરણની સેવ;
માગું છું હું એટલું, સુણો દેવાધિદેવ. —જયો૦ ૧૪

(હવે પ્રભુની આગળ બેસી સંઘ ચૈત્યવંદન કરે છે)

જય જય શ્રી ગિરિરાજ તું, મુજ અંતરજામી;
અજર અમર અકલંક રૂપ, મલીઓ મુજ સ્વામી. ૧
ભવ સમુદ્રમાં ડૂબતો, ઝાલો મુજ હાથ;
દયાવંત ત્રિભુવન ધણી, શિવપુરનો સાથ. ૨
ચૈતર વદ ચોથે દિને, પામ્યા દુગ ઉપયોગ;
સંઘ ચતુર્વિધ સ્થાપીને, તજ્યો સંસારી ભોગ. ૩
મુખ આઠે દશ ગણધરા, સાધુ સોળ હજાર;
ભવ્ય જીવ પ્રતિબોધીયા, જૂતલ કરત વિહાર. ૪
શ્રાવણ સુદ આઠમ દિને જો, અણુસણ કરી એક માસ;
વીર તેત્રીસે શિવ ગયા, દાસ નમે નિશદિન. ૫

ઢાલ આઠમી–(મનમોહનજી જગ તાત–એ દેશી)

સુણો સમેતશિખર મહારાજ, મારી વાત વીતી કરૂં રે,
કહેતા નવી આણું લાજ, કર જોડીને ઉભો રહું રે;
તૃષ્ણાએ તાણ્યો જગનાથ, હું રઝળ્યો રે ચારે ગતિએ,
તરૂણી રસમાં સુખ ભોગ, ભોગવતા આપ ચલો મતિ રે. ૧
ધરમના મારગ ચાર, પરમાતમે સૂત્રે કહ્યાં રે,
તુમે સન્મુખ થયા મહારાજ, મે પૂંઠ દીધી તેથી દુઃખ સહ્યાં રે;
એકેન્દ્રિ આદિક માંહે, કાલ અનતો ગયો દુઃખમાં રે,
તિર્યંચ પંચેદ્રિય માંહે, કાળ ગયો વળી ભુખમાં રે ૨
નર પશુઆ બાલક દીન, ભૂખ્યા રાખી આપે જમ્યો રે,
દેશ વેશ્યા બાલક નાર, પરદારાસુ રંગે રમ્યો રે;
જીવહિંસા કરી હરખાય, જૂઠું બોલી માયા ભેલવી રે,
હાસ્ય રતિ અરતિ બહુ, શોક કપટ કરી બુદ્ધિ કેલવી રે. ૩
ભણુતાને કરી અંતરાય, દાન દીયંતાને વારીયો રે,
મેના પોપટને દુઃખ દીધ, વિષય વસે જીવ મારીયા રે;
મુનિરાજની નિંદા કીધ, બહુસુત આણા મેં ન શિર ધરી રે,
પ્રભુ પૂજા અરોચક ભાવ, કુદેવ માનતા પૂજા કરી રે. ૪
અજ્ઞાનપણે મહારાજ, તુમ આગે મેં કરી છતી રે,
કહેવા અવગુણ તુમ પાસ, હું આવ્યો દૂર દેશથી રે;
નદી આદિ પરવત પહાડ, ટાઢ વળી ભૂખ સહી ઘણી રે,
પ્રભુ તુમ હાથ છે લાજ, મહેર કરી તારો જગધણી રે. ૫
એમ સ્તવના કરી મનરંગ, ઉતરીઆ જઈ મધુવને રે,
પ્રભુ પૂજા રચી બહુ ભાવ, ફાગ રમ્યા સહુ એકમને રે,
રાત્રી જગા અહનિશ થાય, પ્રભાવના બહુ ભાતની રે,
સ્વામીવચ્છલ સાત જમાય, શકિત કરે બહુ જાતની રે, ૬
મધુવનમાં મંદિર સાત, પરમાતમ પરમેસરૂ રે,
વલી મંદિર છે અનેક, પાસ પ્રભુના શુભ ગુણધરૂ રે;
એણે વિધસુ વંદી ગિરિરાજ, ચાલ્યા જાએ રાણીગંજમાં રે,
રેલવેલમાં બેઠા જામ, ખાએ પીએ ફીરે મોજમાં રે. ૭
વાંત કરત દૂરથી દીઠ, ગંગા નદી વહે ઢુંકડી રે,
સામૈયું આવ્યું છે સાર, છડીઓ આગલ રૂપે જડી રે;
શિબિકા માંહે ભગવંત, શ્રાવક ખંધે લેઈ ચાલતા રે
કલકત્તા માંહે પરવેશ, પ્રભુ દરબારે જઈ બેસતા રે. ૮

ચૈત્યવંદન અપૂરવ થાય, સ્તવના કરીને આગલ ચલ્યા રે;
દીન બીજે બહુ પકવાન્ન, સંઘભક્તિ બાબુ બહુ કરે રે,
પ્રભુ મંદિર પૂજા રચાય, પુણ્ય તણી પોઠી સહુ ભરે રે. ૯
દિન આઠ રહીને તાંહી, પછે સધાવ્યા જઇ રેલમાં રે,
જાણે વિદ્યાધર મલી જાય, વિમાને બેસી ફીરે રંગમાં રે;
વાત કરતાં નલટી આય, તિહાંથી ઉત્તર દિસે રેલમાં રે;
જાણે સ્વર્ગ તણા સુખ ભોગ, લેવા આવ્યા મુર્શીદાવાદમાં રે. ૧૦
સ્વામિભાઇ મલી હરખાય, સંઘ ભક્તિ કરતા સહુ રે,
કાંઇ કહેતાં નાવે પાર, વિનયનું વૃક્ષ તિહાં થયું રે;
શુભવીર પસાએ દાસ, સંઘ તણા ગુણ કેતા કહું રે,
હવે સુણજો મુર્શીદાવાદ, વિનયવંત શ્રાવક સહુ રે. ૧૧

ઢાલ નવમી—(ગોકુલની ગોવાલણી મહી વેચવા ચાલી—એ દેશી)

મુર્શીદાવાદ સોહામણું કહું તેહની શોભા,
છંડી ચપલતા લક્ષ્મી રહી છે થિર થોભા;
ધનવતા વહેવારીઆ વર મંદિર વસીયા,
વણજ કરે હીરા મોતીના રજવાડે રસીઆ. ૧
ઉંચા મહેલ આવાસના ઘર સેણી ઉજલીઓ,
ઓઝલ પડદે નારીઓ ઝલકે વીજલીઓ;
કોકિલ કંઠ હરાવતી જાણે દેવકુમરીઓ,
પ્રભુ ગુણ ગાતી રાગથી રણઝણતી ભમરીઓ. ૨
સુખીઆ લોક વસે ઘણા ન લહે દિનરાત,
જિન પ્રાસાદ પૂજતા ધરમી પરભાત;
દેરાસર પણ શોભતા જાણે સ્વર્ગ વિમાન,
તેહથી નગરી શોભતી ગઢ લંક સમાન. ૩
પ્રભુ દરબારે શોભતા સુંદર ચોઘડીઆ,
મોહ સુભટ નાઠા તિહાં જલધિમાં પડીઆ;
ચૈત્ય ધજા ફરકે ઘણી ડંડ રતન તો શોભે,
શિખર કલશ કંચન તણા જોતાં સુર નર થોભે. ૪
ચોર ચરડ વિપદા તણી કોઇ વાત ન જાણે,
ધાન સુગાલ ઘણો વલી ગાય ભેંસ દુઝાણું;
શ્રાવક ગુણ હવે સાંભળો દીઠા ન એણે જેહવા,
સુણી ગુણ ગાતા પીજીએ જાણે અમૃત મેવા. ૫

બાબુ પૂરણચંદજી ઘણા ધરમના રાગી,
તપ જપ કિરિઆ આદરે સંસારના ત્યાગી;
વિનયવંત શ્રાવક સહુ દયા દાન મહંતા,
સમતા રસ સહુ ઝીલતા વળી છે ધનવંતા. ૬

સુત પ્રતાપસિંહ બાબુના હોય છે ગુણવંતા,
સદ્‌ગુરૂ પાસે આદરે બાર વ્રત ધરંતા;
ઝવેરી સંતોસીઆ લક્ષ્મીપતિ નામ,
લઘુ બાંધવ છે ધનપતિ જેણે જીત્યો છે કામ. ૭

અજીમગંજ બાલુચંજમાંએ હોએ શેઠ વસંતા,
પરનિંદા દૂરે તજી ધ્યાન લહેર ઠરંતા;
એ આદિ શ્રાવક છે ઘણા કહેતા નાવે પાર,
આપે ઉતારા સંઘને ખાલી કરી ઘરબાર. ૮

બાબુ વધામણી સાંભલી ઉઠયા તેણી વેલા,
ચિંતે પૂરણ પુણ્યથી મનમોહન મેલા;
સામૈયુ સજતા તિહાં જ્હોળા સાબેલા,
નિજ નિજ ઘર પરિવારીને સહુ સાજન ભેલા. ૯

લક્ષ્મી સુત બેઠા નાલખી ટોપી પહેરી સારી,
એંસી સહસ ધન ખરચીકં હીરા જડીઆ છે ભારી;
ઉમાબાઈ આદે ચાલીયા સામૈયા મોઝાર,
સંઘપતિને જોઈ હરખીઆ જાણે ઈંદ્રકુમાર. ૧૦

હાથી ઘોડા પાલખી પ્યાદા આગળ ચાલે,
બહુ ઠકુરાઈ આવતા કોઈ બાબુ મહાલે;
એમ અનુક્રમે આવીઆ પાસજી દરબાર,
રોમ રોમ વિકસાવતા પામ્યા ભવનો પાર. ૧૧

વળી ત્રણ દેહરે ભાવસું વંદીને વળીઆ,
સ્વામીવચ્છલ વિચારમાં સહુ શ્રાવક ભળીઆ;
સંઘ ભગતિ કરતા તિહાં બહુવિધ પકવાન,
સ્વામીભાઇને ભાવસું આપે શ્રીફલ પાન. ૧૨

બાજોઠ તિહાં રૂપા તણાં શોભે સોવનથાલ,
લોટા મુકયા કંચનતણા ઓપ્યા ઝાકઝમાલ,
એણે વિધ સંઘની ભાવસુ ભગતિ ઘણી કરતા,
વીંઝણે કરી પોતે વાયરો નાંખે સહુને પ્રીરતા. ૧૩

ચઉ મંદિર કરી શોભતું ત્રીજું એમ પરગામ,
જગતશેઠ તિહાં વસે ધરે વિષ્ણુનું ધામ;
ત્રીજી પેઢી સાંભલ્યા જઇનમાં સીરદાર,
અગણિત દ્રવ્ય ખરચ્યો તિહાં કહેતાં નાવે પાર. ૧૪
મંડપ બાંધ્યો કસોટીએ શોભે સુંદર શ્યામ,
પ્રાસાદ એહવો જોવતાં દીઠો નહિ કોઇ ઠામ;
જગતશેઠ પદવી તણો મલીઓ છે ઇકબાલ,
વર્ણું અઢારે માનતા ઘણો છે વલી તાપ. ૧૫
અસવાર તુરકી ગારદી ઘર છે સરકારી,
લઘુ બાંધવ પ્રધાન છે બીજા વલી કારભારી;
સહુ મલી ચાકર શેઠના સંત પાંચનું માન,
ઓસવાલ વંસે આવીઆ શોભે ભીને વાન. ૧૬
સરલ સભાવ છે શેઠનો જાણે નહિ એક ધર્મ,
સદ્ગુરૂ રૂડા જો મલે પામે ધર્મનો મર્મ;
સાધર્મિકની આગલે ધરતા બહુ રાગ,
મદ ઝરતા ઘેર ઝુંરતા સુંદર છે નાગ. ૧૭
સંઘપતિ લખપતિ ચાલીઆ જગતશેઠ દરબાર,
લક્ષ્મીપતિ આગે જઈ કરી બેઠક સાર;
કચેરી જાણે શોભની સૌધર્મા લોક,
જગત શેઠ આગળ ધરે સોના મહોર તે રોક. ૧૮
સામસામી પહેરામણી કરતા બહુ રાગી,
શેઠાણીએ નોકારસી કરીને શીખ માગી;
શ્રાવકને વલી આપતા સાકર ને થાલી,
સમતાની સોબત મલી લોભનો સંગ ટાલી. ૧૯
જેઠાભાઈ ભણુભાઇ વલી લ્હાણું આપી ચલીઆ,
શ્રાવક શ્રાવિકા આવીને હઇડા હેર મલીઆ,
એણે વિધસુ તિહાં સંઘની ભગતિ કરે ઝાઝી,
શ્રી શુભવીરની શ્રાવિકા થયા શેઠાણી રાજી. ૨૦

ઢાલ દશમી (સોના રૂપાનુ માઇ બેડલુંરે લોલ—એ દેશી)

મુર્શીદાબાદથી નીકલ્યા રે લોલ, જઇ રૈલવેલ માંહી ભલા રે લોલ,
ઠકુરાઇ વિદ્યાધરની મલી રે લોલ, અપુરવ જાત્રા સવિ ફલી રે લોલ;
વાત કરંતા આવીઆ રે લોલ, નગરી વિશાલાએ આવતાં રે લોલ,

શહેરની બ્હાર મન આવીઆ રે લોલ, તિહાંથી પાદલ ન્હેલ ચાલતા રે લોલ. ૧
હરિસન ચઉ મંદિર થયાં રે લોલ, ભવોભવનાં પાતિક ગયાં રે લોલ,
સામે ચુંલઈ આવ્યા સહુ રે લોલ, પુરની શોભા કેની કહું રે લોલ;
સ્વામીવચ્છલ ભક્તિ ઘણી રે લોલ, પાવાપુરી વીસામતા રે લોલ,
બાણુ છે બાર ગામનો ધણી રે લોલ,.રજા લેઈને ચાલતા રે લોલ. ૨
મંદિર વીર પ્રભુજી તણું રે લોલ, બાગ વચ્ચે શોભે ઘણું રે લોલ,
સહકાર રાગ જામ છે ઘણાં રે લોલ, તરૂ સીતાફળ અંજીર તણા રે લોલ;
ચંબેલી કેતકી મોગરા રે લોલ, આજુબાજુ ઘણી વાડીઓ રે લોલ,
જાઈ જુઈ જાસુલ ખરોરે લોલ, ફૂલ ફલ કેરી ઝાડીઓરે લોલ. ૩
ધરમશાલા સોહામણીરે લોલ, સ્વર્ગ થકી મૂલે આણીરે લોલ,
વનની શોભા કેતી કહુંરે લોલ, જાણે નંદનવન મેલહુ રે લોલ;
દરવાજાની બાહરે રે લોલ, જક્ષો ઘણા ચોકી ભરે રે લોલ,
શેઠાણી આદે પુજા કરી રે લોલ, સંસાર શેરી વિસરી રે લોલ. ૪
નિર્વાણ પગલે વિસરામતા રે લોલ, સરમાં કમલ ઘણા શોભતા રે લોલ,
ગુણ સ્તુતિ તિહાં આચરી રે લોલ, પુજે કમલ વિધિએ કરી રે લોલ;
શેઠાણી ઊમાબાઇ સંસ્તવે રે લોલ, જેહ સ્તવ્યા સુર દાનવે રે લોલ,
નાથજી લોકાગ્રે રહ્યા રે લોલ, ભગતિથી મેં હઈડે ગ્રહ્યા રે લોલ. ૫
શક્તિ અનંતી સાંભલી રે લોલ, ભક્તિથી શક્તિ વેગલી રે લોલ,
શક્તિ ક્ષાયિક ગોપમાન છો રે લોલ, ભક્તિ વશે ભગવાન છો રે લોલ;
ભાવના ભક્તિએ સાકલ્યા રે લોલ, પ્રાસાદથી તે નીકલ્યા રે લોલ,
પ્રભુ ગુણ ગાતા આવીયા રે લોલ, પ્રભાતે સહુ ચાલીયા રે લોલ. ૬
ગુણશીલચૈત્ય આવી વસ્યા રે લોલ, ક્રોધ લોભ માન માયા ખસ્યા રે લોલ,
પગલાં વાંદી સંઘ ચાલીયો રે લોલ, રાજગૃહીમાં આવીયો, રે લોલ;
પંચ શિખરને પુજતા રે લોલ, કરમ સકલ તીહાં ધ્રૂજતા રે લોલ,
વિપુલગિરિ ચઢતા તીહાં રે લોલ, કલ્યાણક સુવ્રતના જીહાં રે લોલ;
ઉદયગિરિએ આવતા રે લોલ, ચૈત્ય વંદન કરી જાવતા રે લોલ,
રતનગિરિ ઉપર ચઢયા રે લોલ, જાણે શિવનગરી જઈ અડયા રે લોલ. ૭
કનકગિરિ શોભા શી કહું રે લોલ, વૈભારગિરિ ચઢતા સહુ રે લોલ,
દર્શન કરી આવ્યા રંગમાં રે લોલ, કરતા કલ્લોલ ગયા સંઘમાં રે લોલ;
મનના મનોરથ સવિ ફલ્યા રે લોલ, પરમાતમ સુજને મલ્યા રે લોલ,
તીરથ નમી સંઘ ચાલીઓ રે લોલ, ગોબર ગામ થઇ આવીઓ રે લોલ. ૮
ગૌતમ સ્વામીને વાંદીને. રે લોલ, ચઇતર સુદ તેરસ દીને રે લોલ,
પાટલીપુર દર્શન કરી રે લોલ, રેલવેલમાં બેઠા ફરી રે લોલ;

પ્રભુ ગુણ ગાતા રેલમાં રે લોલ, કાશી આવ્યા રસ રેલમાં રે લોલ;
સોલ કલ્યાણક જિહાં થયા રે લોલ, દર્શન કરવા તિહાં ગયા રે લોલ. ૯
ચંદ્રાવતી નગરી ગયા રે લોલ, ચંદ્રપ્રભુ જઇ વાંદીઆ રે લોલ,
શ્રેયાંસનાથ સ્વામી ગુણ ગાવતાં રે લોલ, પાસ પ્રભુ દરિસન ભાવતા રે લોલ;
સગ મંદિર બીજાં વલી રે લોલ, દરિસન કરે સહુ સંઘ મલી રે લોલ,
ચઉ સંઘ જમ્યા સીખંડ પુરી રે લોલ, તંબોલ સોપારી ચુરી રે લોલ. ૧૦
લહાણું સેઠાણી આપતાં રે લોલ, જમણ કરીને સધાવતાં રે લોલ,
ફરી રેલવેલ માથે ઠરે રે લોલ, પ્રાગ વીસામો જઇ ઠરે રે લોલ;
પ્રાગથી બેઠા રેલ રાતમાં રે લોલ, આગરે આવ્યા પરભાતમાં રે લોલ,
સેવક વીરનો જે થયો રે લોલ, જંગલમાં મંગલ ભયો રે લોલ. ૧૧

ઢાલ અગિયારમી-(લાલ સુરંગીનો સાહેબો રે—એ દેશી)

આગ્રા શહેરથી સંચર્યા રે, ગામોગામ વિસરામો લાલ,
પાંચ મુકામે કરી આવતા રે, લશ્કર માંહિ આરામો લાલ. ૧
મીઠી જ્ઞાનની ગોઠડી રે, કષ્ટ વિના કરમ ખપાવે લાલ—(એ આંકણી.)
સામૈયાની જુગતિ બની રે, અચરીજ વાત એક કરતા લાલ;
સંઘ ઉપર શિતળ છાંયડી રે, ફરતા ચાકર ધરતા લાલ. મીઠી૦ ૨
વૃદ્ધિચંદ્રજી મુખ્યમાં રે, શ્રાવકમાં સિરદાર લાલ;
સાજનમાંહિ સહુ ચાલતા રે, પાછળ અપછરા શોભે નાર. મીઠી૦ ૩
ગજ રથ ઘોડા આગળ ચલે રે, પાળિયા સુંદર શોભે લાલ;
વરઘોડો આવ્યો શહેરમાં રે, નરનારી જોઇ થોભે લાલ. મીઠી૦ ૪
અનુક્રમ જિનઘર આવ્યા રે, પામ્યા પરમ આણંદ લાલ;
પાંચ તીરથ વાંદતા રે, મોહ રાજા થયો મંદ લાલ. મીઠી૦ ૫
સ્વામીવચ્છલ કરે ભાવથી રે, પ્રભુપૂજા મન રંગે લાલ;
મુનીમ મોતીશા હરખમાં રે, સંઘ જમાડે ઉચ્છરંગે લાલ. મીઠી૦ ૬
માલપૂવા ને દૂધપાકથી રે, જમી તિહાંથી સધાવે લાલ;
સોરાદશીએ મક્ષી પાસજી રે, ભેટીને સુખ પાવે લાલ. મીઠી૦ ૭
શાંતિસ્નાત્ર તિહાં કર્યું રે, વવહારે સુખનું ધામ લાલ;
સંઘ જમીને પધારીઆ રે, નયર ઉજ્જેન મુકામ લાલ. મીઠી૦ ૮
દેવગુરૂની પૂજા ભક્તિ રે, બારમે સ્વર્ગે સધાવે લાલ;
મહાવિદેહે મુગતિ વરે રે, અગુરુલઘુ ગુણ પાવે લાલ. મીઠી૦ ૯
ઊમાભાઈ શેઠાણીને રે, ભાવે હરખભરાએ લાલ;
ધાર્યા મનોરથ સફલ થયા રે, દેવ ગુરૂને સુપસાયે લાલ. મીઠી૦ ૧૦

ગુણી ગુણ અ.તા તે ચાલતા રે, કરતા સંઘ મુકામો લાલ;
સામૈયા સન્મુખ આવતા રે, પામ્યા લોક વિસરામો લાલ. મીઠી૦ ૧૧
ત્રણ વિસામા સંસારમાં રે, દુઃખીયાંને દુઃખ વિસરાં લાલ;
રાગે દેખે નર રંગસું રે, વિનયવતી નિજ દારા લાલ. મીઠી૦ ૧૧
ધાતુપાઠે પંડિત ભણે રે, બહુચલુ કામધેનુ લાલ;
વળગે બાલક માતા ગલે રે, રોમરોમ વિકસે તન બેનું લાલ. મીઠી૦ ૧૨
નેત્ર મળે ખટ્ ગુણે ભર્યાં રે, સજ્જન સંત સોહાવે લાલ;
જહાજ કહ્યા ત્રણ ભાવથી રે, ભવ દવ તાપ સમાવે લાલ. મીઠી૦ ૧૪
ગુરુ દીવો ગુરુ દેવતા રે, હિતકારી શ્રુતધારી લાલ;
શ્રીમુનિચંદ્ર સૂરીશ્વરો રે, મયણાને ઉપગારી લાલ. મીઠી૦ ૧૫
અરિહા દેવ આરધીઆ રે, ત્રિભુવનમાં જાસ અવાજ લાલ;
વીરપ્રભુની સેવા થકી રે, શ્રેણિક હોશે જિનરાજા લાલ. મીઠી૦ ૧૬
ધરમ શરણ છે તીરથપતિ રે, જાત્રા કરી પુણ્યે પૂરે લાલ;
થાલી સાકર લ્હાણું કરી રે, ગુરુ ન રહ્યું શહેર અધુરે લાલ. મીઠી૦ ૧૭
જન્મભુમિ જનની તથા રે, નિદ્રા પાછલે જામે લાલ;
પંડિત ગોષ્ઠી નવીન પ્રિયા રે, પાંચે દીઠે સુખ પામે લાલ. મીઠી૦ ૧૮
સંઘતણી ઠકુરાઈ દેખીને રે, મિથ્યાત્વી સહુ બોલે લાલ;
જૈનધરમ સમ કો નહિ રે, જોતા મસ્તક ડોલે લાલ. મીઠી૦ ૧૯
શેઠાણી હરકોર બાઈને રે, લક્ષ્મી વરી છે બહુ રંગે લાલ;
રમઝમ કરતી ઘરમાં મ્હાલતી રે, ધન ખરચે બહુ ઊછરંગે લાલ. મીઠી૦ ૨૦
દેશોદેશમાં જાણુતા રે, ગુર્જર દેશની રાણી લાલ;
શ્રાવક સહસ લઈ એક આવતી રે,કરવા જાત્રા શિખરની જાણી લાલ. મીઠી૦ ૨૧
વરસ ઘણાં થયાં પણ કો નહિ રે, સંઘ લઈ શિખરજી આવે લાલ;
પણ એ મારગ ચાલતો રે, કયો શેઠાણી સુખ પાવે લાલ. મીઠી૦ ૨૨
એમ અનુક્રમે આવ્યા ઢુંકડે રે, મ્હેમદાવાદ મોઝાર લાલ;
શહેરથી સામા શ્રાવક આવ્યા રે, ગણુતીનો નહિ પાર લાલ. મીઠી૦ ૨૩
લાડુ જમીને પાછા વલ્યા રે, જાણે બેઠા વિમાને લાલ;
વાત કરતાં જઈ ઉતર્યાં રે, પ્રભુ ગુણ બોલે એક તાને લાલ. મીઠી૦ ૨૪
શહેરથી સામૈયું આવતું રે, રાજનગર શહેર બ્હાર લાલ;
મેઘરાજા પણ પધારિયા રે, મુહુરત જોતાં નહિ વાર લાલ. મીઠી૦ ૨૫
નરનારીઓ જોવા મલી રે, જાણે ખીલ્યો છે બાગ લાલ;
તલ પડવા નહિ ભુમિકા રે, સહુ કર જોડે ધરી બહુ રાગ લાલ. મીઠી૦ ૨૬
ઓચ્છવ મોચ્છવ ઠાઠશું રે, વદ ચોથે શુક્રવારે લાલ;
માસ જેઠ સોહામણો રે, પરભાવના કરતા સાર લાલ. મીઠી૦ ૨૭

નિજનિજ ઘેર વિસામતા રે, શેઠાણીના ગુણ ગાતા લાલ;
સહુ બોલે મીઠી વાણીએ રે, સંઘવીને સુખશાતા લાલ. મીઠી૦ ૨૮
મંદમતિ છે ઘણી દાસની રે, જાડી ન જાણું હું લેશ લાલ;
શ્રીશુભવીર પસાયથી રે, મેં કર્યો બાલક વેશ લાલ. મીઠી૦ ૨૯

કલશ

(વીર જિણંદ જગત ઉપગારી—એ દેશી)

ધન ધન શાસન મહાવીરજીનું જેહનો છે ઉપગારજી;
ધન ધન ગણધર ગૌતમ સ્વામીને પ્રશ્ન પૂછયા એક ધારજી. —ધન૦ ૧
તે શાસન રહેશે આ જુગમાં એકવીસ વરસ હજારજી;
પાટ સોંપી પંચમ ગણધરને, ગોતમ વર્યા શિવનારજી. —ધન૦ ૨
સુધર્મો સ્વામી પાટ જંબૂને, અક્ષય પદ વર્યા સારજી;
દશ વસ્તુ લઇ સાથે જંબૂ, સિદ્ધ થયા નિરધારજી. —ધન૦ ૩
તેને પાટે પ્રભવ સ્વામી, ચોદ પૂરવધર સારજી;
શ્રુત કેવલી ખટ થયા અનુક્રમે,સ્થૂલીભદ્ર છેલ્લા મનોહારજી. —ધન૦ ૪
એમ અનુક્રમે પરંપરા પટધર, વિજયદેવસૂરિ રાયાજી;
નામ દશાદશ જેનું ચાલે, ગુણીજન વૃંદ ગવાયાજી. —ધન૦ ૫
વિજયસિંહસૂરિ ત્રેસઠ પાટે, કુમતિ મતંગજ સિંહોજી;
તાસ સીસ સુરિ પદવી લાયક, લક્ષણ લક્ષિત દેહોજી —ધન૦ ૬
સંઘ ચતુર્વિધ દેશ વિદેશી, મલીઓ તિહાં સંકેતેજી;
વિવિધ મહોચ્છવ કરતા દેખી, નિજ સૂરિપદને હેતેજી. —ધન૦ ૭
પ્રાય સીથિલપણું બહુ દેખી, ચિત્ત વૈરાગે વાસીજી;
સૂરિવર આગે વિનય વિરાગે, મનની વાત પ્રકાસીજી. —ધન૦ ૮
સૂરિ પદવી નવિ લેવી સ્વામી, કરશું ક્રિયા ઉદ્ધારજી;
કહે સૂરિ આ ગાદી છે તુમ સીર, તુમ વશ સહુ અણુગારજી. —ધન૦ ૯
ઇમ કહી સ્વર્ગ સધાયા સૂરિવર, સંઘને વાત સુણાવીજી;
સત્યવિજય પંન્યાસની આણા, મુનિગણમાં વરતાવીજી. —ધન૦ ૧૦
સંઘની સાથે તેણે નિજ હાથે, વિજયપ્રભસૂરિ થાપીજી;
ગચ્છ નિશ્રાએ ઉગ્ર વિહારી, સંવેગતા ગુણ વ્યાપીજી —ધન૦ ૧૧
રંગીત ચેલ લહી જગ વંદે, ચૈત્ય ધ્વજાએ લક્ષીજી;
સૂરિ પાઠક રહે સન્મુખ ઉભા, વાચક યશ તસ પક્ષીજી.—ધન૦ ૧૨
મુનિ સંવેગી ગૃહી નિર્વેદી, ત્રીજો સંવેગ પાખીજી;
શિવમારગ એ ત્રણ કહીએ, ઇહાં સિદ્ધાંત છે સાખીજી —ધન૦ ૧૩
તેમના લઘુભાઇ લાભાનંદજી, તે પણ ક્રિયા ઉદ્ધારજી;
કપુર વિજય ક્ષમા સુજસવિજય બુધ, શુભવિજયો ગુણધારજી —ધન૦ ૧૪

દેશના અમૃત સરખી જેહની, પીતા ભવિજન લોકજી;
સેહસ મમે ચોખદ(પોસહ)સાલામાં, નરનારી પામે અશોકજી —ધન૦ ૧૫
દેશના સાંભલીને ભવી પ્રાણી, વ્રત પચ્ચખાણ ધરતજી,
કુમતિ કદાગ્રહ છડી નિજપદ, આતમધ્યાને ઠરંતજી. —ધન૦ ૧૬
તેના લઘુ શિષ્ય પંચમકાલે, કુમતિ કુતર્ક હઠાએજી;
રાજદ્વારે વર્યો જયકમલા, ઢુંઢમતી ભાગા જાએજી.—ધન૦ ૧૭
વીરવિજય પન્યાસ પ્રભાવીક, જ્ઞાનતણા ભંડારજી,
શ્રીપૂજ્ય આવી પોસહસાલે, કહે વાચકપદ લ્યો સારજી.--ધન ૧૮
વીર કહે જોઈએ નહિ મ્હારે, હું નહિ પદવી જોગજી;
પરગુણ બોલે આપ અવગુણ બોલે, કુમતિના કહાડે રોગજી.--ધન૦ ૧૯
સંવત અઢાર સતાવીસ વરસે, વિજય દશમી મનોહારજી;
જન્મ સ્થિતિ એ વીરની જાણો, બ્રાહ્મણ કુળ અવતારજી.—ધન૦ ૨૦
ધોળે કાંઠે રાજનગરમાં, રહેવાનું છે ધામજી;
પુણ્યઉદયથી ગુરૂજી મલ્યા, ખંભાત પાસે લઘુ ગામજી —ધન૦ ૨૧
અઢાર સંવચ્છર અડતાલીસમાં, રત્ન આપે ગુરૂ પાંચજી,
ગુરૂ સાથે વિચરંતા અહનિશ, ત્રિવિધે જાણે સાચજી —ધન૦ ૨૨
નવ કલ્પી વિહાર કરંતા, વરસ મઆં (થયા) શુભ તીસજી;
સંઘ તણા આગ્રહથી વશીયા, નહી મમતા નહી રીસજી. —ધન૦ ૨૩
ઓગણીસ આઠ ભાદરવા કૃષ્ણે, શુભ ચોથે ....

નોંધ: અહીં સુધીનો ભાગ જે બુકમાં છપાયો છે તે સિલાટાઈપવાળી બુક તદ્દન જુની અને ત્રૂટક છે. તેથી શ્રી વીરવિજય મહારાજના કયા શિષ્યે આ કૃતિ બનાવી તે જાણવામાં મુશ્કેલી છે. હરકોર શેઠાણીની હવેલીવાળા ને શેઠ હઠીભાઈ કેસરીસિંગના ભાણેજ ઉમાભાઈના વિદ્યમાન લઘુ પુત્ર શેઠ પનાલાલભાઈએ આ બુક મને આપી હતી. તે મેં વાંચી સુધારીને આ માસિકમાં છપાવ્યુ છે. આ શ્રીસમેતશિખરના ઢાળિયામાં કર્ત્તાએ હરકોર શેઠાણી અને ઉમાભાઈ અમદાવાદથી સંઘ લઈ કયા રસ્તે કયા ક્રમે શ્રી સમેતશિખર પહોંચ્યા, ત્યાં શી શી બીના બની, ત્યાંથી પાછા વળતા કયા રસ્તે અહીં આવી રાજનગરમાં પ્રવેશ કર્યો તે જણાવવા ઉપરાંત સંઘમાં સાધુ, સાધ્વી શ્રાવકાદિ, સમુદાય વાહન વગેરેની બીના પણ જણાવી છે. જ્યાં જ્યાં રસ્તામાં મુકામ કર્યો હોય, ત્યાંના સ્થળના મંદિરાદિની, સાધર્મિકવાત્સલ્ય વગેરેની બીના પણ ટૂંકામાં સરસ જણાવી છે. છેવટે મુનિજીવનમાં ઉતારવા જેવી બીના કલશમાં, કર્ત્તાએ, શ્રી સત્યવિજયગણિના નિસ્પૃહતા, વૈરાગ્યગુણો-ને અંગે જણાવી આ પ્રસ્તુત કૃતિ સંપૂર્ણ કરી છે. એ વાત નિઃસંદેહ છે કે આવી કૃતિઓ શ્રી રાજનગરના ગૌરવમાં અપૂર્વ વધારો કરે છે. વાચકો આ કૃતિનો લાભ લઈ શેઠ ઉમાભાઈ, હરકોર શેઠાણી વગેરેની માફક શ્રી જિનશાસનની ઉન્નતિ કરી, પરમ ઉલ્લાસથી મોક્ષ માર્ગ-ને આરાધી મુક્તિના અવ્યાબાધ સુખ પામે એ જ હાર્દિક ભાવના.

भीमविजयगणि रासका सार

लेखक—श्रीयुत भंवरलालजी नाहटा

जैन ऐतिहासिक राससाहित्य अत्यन्त विशाल है, और आए दिन नित्य नये नये ऐतिहासिक रास उपलब्ध होते हैं। कुछ वर्ष पूर्व उनके प्रकाशनका प्रयत्न हुआ पर उसका यथोचित आदर एवं प्रचार होने से वह कार्य आगे नहीं बढ सका। वास्तवमें जैन समाजकी इतिहासकी ओर बहुत ही कम अभिरुचि प्रतीत होती है।

इतिहासकी उपयोगिता निर्विवाद है। हमारा जीवन, प्राचीन संस्कृति और इतिहाससे अनुमानित होता रहता है। प्राचीनके आधारसे नवीनताकी सृष्टि होती रहती है प्राचीन गौरव मानवको उन्नत बनानेमें बहुत कुछ प्रेरणा देता है। जैन समाजकी वर्तमान स्थिति बहुत ही सोचनीय है, पर वह अपने उज्ज्वल अतीतका आज भी अभिमान कर सकता है।

जैन मुनियोंने समय समय पर राज्याधिकारियों से मिल कर उन पर प्रभाव डाल कर जैन समाज एवं संघकी विपत्तियोंको दूर किया है, उन्हें अनेक प्रकारकी सुविधाएं शासकोंकी ओरसे मिलती रही है। १८वीं शतीके तपागच्छीय यति भीमविजय भी एक प्रभावशाली व्यक्ति थे जिन्होंने औरंगाबादके नवाब असतखानको ज्योतिष वैद्यकादिके चमत्कारोंसे प्रभावित किया था, जिस के फलस्वरूप अनेक स्थानोंके जैन उपाश्रयादि जब्त संपत्तिको पुनः जैन संघको अधिकृत करवाया था। इनके शिष्य मुक्तिविजयने भी नवाबसे इसी प्रकारके काम निकाले थे। इस रासकी २ प्रतियें कलकत्ताके स्वर्गीय बाबू पूरणचन्द्रजी नाहरकी गुलाबकुमारी लायब्रेरीमें संग्रहीत है, जिसके आधारसे रासका संक्षिप्त सार दिया जाता है। इसकी रचना लालचंद्रगणिने १०२ पद्योंमें की है।

रासका सार

तपागच्छनायक सुप्रसिद्ध जैनाचार्य हीरविजयसूरिजीकी परम्परामें भीमविजयगणि बडे प्रतापी हुए। उ० सोमविजय, उ० चारित्रविजय, पं० धर्मविजय के शिष्य पंन्यास भीमविजय थे। आप क्रियाशील, विद्वान और प्रभावशाली पुरुष थे। आपने शत्रुंजय, गिरनार, आबू, ऋषभदेव, मगसी, फलोधी प्रमुख तीर्थोंकी यात्रा की थी। आप ज्योतिष वैद्यकादिमें निष्णात होनेके साथ साथ शरीरका गठन बडा मजबूत और सुंदर था, आपके हृदय पर श्रीवत्स चिह्न अंकित था। श्रीपूज्य श्री विजयरत्नसूरि आपका बडा आदर करते और यतियों को चातुर्मास के आदेशका भार भी उन्होंने आपको सौंप दिया।

भीमविजयगणि पोरवाड वंशीय जसवंतसाहकी भार्या जसरंगदेवीके पुत्र थे। आपने सं. १७३५में श्रीपूज्यजीकी आज्ञा पा कर दक्षिण देशकी ओर विहार किया। औरंगाबादमें आपने चातुर्मास किया उस समय वहां बादशाहकी ओर से दीवान असतखान शासक था। एक बार उसका पुत्र जुलफकार बीमार हो गया। चिन्तित होकर लोगोंको किसी सयाने ज्योतिष व आयुर्वेदविद् पण्डित को लानेकी आज्ञा दी। शाही पुरुष सुखपाल लेकर उपाश्रय आये और गुरुश्रीसे नवाबके पास चलनेको प्रार्थना की। भीमविजय और जितविजय दोनों कार्तिक सुदि १५के दिन नवाबसे मिले। नवाब असतखानने कहा-जुलफकारको नाड़ी देखकर उपचार कीजिये! भीमविजयजीने उसकी जन्मपत्रिका मंगाकर देखी और मधुर शब्दोंमें कहने लगे-आज दोपहरके पश्चात् ज्वर साफ हो जायगा और जुलफकार आपके साथ बैठ कर खाना खावेगा एवं उसकी स्त्रीके ५ मास का गर्भ है। जब नवाबने खोजेको भेज कर मालूम किया तो पंन्यासजीके कथन पर अत्यन्त विश्वास हो गया। और उनके हस्तकमलको चूम कर बड़ी देर तक वार्तालाप किया एवं नवाब से उनकी घनिष्टता हो गई, मान महत्त्व बढा और लोगोंमें बड़ी प्रतिष्ठा हुई।

सं. १७३६में बादशाह औरंगजेब सदलबल अजमेर पर चढ कर आया। बादशाहका दीवान कुलकुली और उमराव श्रेष्ठ गाजी असतखान भी साथ था। असतखानने भीमविजयजी गणिको याद किया और कठमोरसे आदरपूर्वक शाही पुरुष भेजकर अपने पास बुलाया। पूर्व उपकारोंको स्मरण कर इनके कथनसे बहुतोंके काम निकलवाये। जब श्रीपूज्य श्री विजयप्रभसूरिने भीमविजय की प्रशंसा सुनी तो उन्होंने अवसर देखकर भीमविजयको पत्र लिखा कि—अजमेर, मेडता, सोजत, जयतारण, जोधपूर आदि स्थानोंके उपाश्रय खालसे हो गये थे वे अब तक छूटे नहीं, अतः तुम अवश्य इस पुण्य कार्य कर सुयशके भागी बनो! मेडताके संघने भी यही प्रार्थना की तब भीमविजयगणि असत-खानके पास गये और उनसे धर्मशालादिके विषयमें वार्त्तालाप किया। नवाब साहबने बादशाहको समझा बुझा कर सब उपाश्रय मुक्त करवाके फरमानपत्र जारी करवा दिये, समस्त संघमें हर्ष उत्साह छा गया।

भीमविजयगणिने राणपुर, वरकाणा, आबू, गौडी, संखेश्वर प्रमुख तीर्थो की यात्रा की और स्थिरवास करनेके लिए कृष्णगढ आए, इस चातुर्मासमें

કાર્તિક પ્રાના ભીનાશી ચાલુ.]

૨. જિન ભગવંત અન્ય કોઈ પણ ધર્મની નિંદા કરવાનું કહેતા નથી. તેઓ આત્મ-વસ્તુનું સત્ અથવા અસત્ સ્વરૂપ સમજવાનું શીખવે છે.

૩. સત્યનો જ્યાં વાસ છે ત્યાં જ આત્મિક ઉન્નતિ છે અને એ સત્યની પૂર્ણ આચરણા દ્વારા કાયમી સુખ યાને મુક્તિ મેળવાય છે.

૪. ભલે તેવી મહાન વિભૂતિ હોય, પણ જો તે રાગ-દ્વેષ આદિ દોષોથી મુક્ત હોય તો તે સત્ય વસ્તુ સ્વરૂપ દર્શાવી શકતી નથી.

૫. જેઓના જીવનમાં વીતરાગદશા સંપૂર્ણપણે પરિણમી હોય તે જ સત્ય ધર્મ ઉપદેશી શકે છે.

૬. દેવ, ગુરુ અને ધર્મ રૂપ ત્રિપુટીની યથાર્થ પિછાન વિના માનવજીવનની પ્રગતિ શક્ય નથી.

૭. જૈનધર્મમાં એ ત્રિપુટી સંબંધી વિચારણા યુક્તિપુરસ્સર કરવામાં આવી છે.

૮. રાગ, દ્વેષ, અજ્ઞાન, આદિ અઢાર દોષથી જે આત્મા પૂર્ણપણે મુક્ત હોય તેનામાં જ દેવત્વ કહી શકાય.

૯ દેવે દર્શાવેલા માર્ગે વિચરનારા, પાંચ મહાવ્રતના પાળનારા, અને દેવે જે વસ્તુસ્વરૂપની વિચારણા બતાવી હોય તે અન્યને પ્રેમભાવે સમજાવનારા આત્માઓ ગુરુવર્ગમાં ગણાય.

૧૦. અધોગતિમાંથી ઉદ્ધારે અને ઊંચી ગતિએ પહોંચાડે તે જ ધર્મ. ઉપર કહી ગયા એવા વીતરાગ દેવે જે ધર્મ બતાવ્યો છે તે અર્હત્ ધર્મમાં ઉદ્ધારવાની શક્તિ છે. જૈનધર્મ એ અર્હંત ધર્મનું બીજું નામ છે.

૧૧ વીતરાગ દેવ જિન, અરિહંત, તીર્થંકર આદિ ગુણનિષ્પન્ન નામોથી ઓળખાય છે

૧૨ ગુરુવર્ગમાં આચાર્ય, ઉપાધ્યાય, ગણિ, પન્યાસ અને સાધુ-સાધ્વીનો સમાવેશ થાય છે.

૧૩. ધર્મના પ્રકારમાં દર્શન, જ્ઞાન ચારિત્ર અને તપ મુખ્ય છે. એ ઉપરાંત દાન, શિયળ, તપ અને ભાવ પણ ગણાય છે

૧૪. વર્તમાન કાળ જે એકવીસમી સદી કિંવા કલિયુગ કહેવાય છે તે જૈન ધર્મની માન્યતા મુજબ 'પંચમ આરો' છે.

૧૫. વર્તમાન જગત જંબૂદ્વીપના એક ભરતમાં જ સમાય છે.

रायपसेणी, उत्तराध्ययन, दशवैकालिक, भगवती आदि आगमोंका श्रवण कर यति लोगोंको वस्त्र पात्रादिसे संतुष्ट किये । सं. १७७१ भाद्रवा वदि १५ रविवार के दिन शिष्यों को हितशिक्षा दे कर अनशन आराधनापूर्वक अर्द्धरात्रि के समय भीमविजयगणि स्वर्गवासी हुए। बडे ही उत्सव व समारोहके साथ संघने पंन्यासजीकी अन्त्येष्ठि क्रिया की । १२ दिन हो जाने पर फूलोंको गंगामें प्रवाहित कर छतरी स्तूप निवेश बनवाया गया एवं चारों ओर कोट बना कर बगीचा लगाया गया । कूप-वापी निर्मित कर जनताके जल भरनेकी सुविधा प्रस्तुत कर दी । नवाबके किसी चुगलखोरने कान भर दिये। उसने चढाई करके सब माल लूट लिया तब इनके पट्टधर मुक्तिविजयगणिने नवाबसे मिलकर सन्मानपूर्वक मुक्त करवा दिये ।

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રક:-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશક:-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી. ઘીકાંટા રોડ-અમદાવાદ.

શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

અમદાવાદ : વિ. સં. ૨૦૦૪, વૈશાખ શુદિ ૭ : તા. ૧૫-૫-૪૮, શનિવાર

विषय-दर्शन

પ્રાર્થના

શ્રી કેસરીયાજી તીર્થમાટે તા. ૧૨-૪-૪૮ થી ચોવીહાર ઉપવાસ ઉપર ઉતરેલાં ધર્મભગિની જવલબહેનનાં પારણાં વહેલામાં વહેલાં થાય એવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ. —તંત્રી

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

श्रीजिनप्रभसूरिकृतम्

साधर्मिकवात्सल्यकुलकम् ।

सं०—पूज्य मुनिमहाराज श्रीकान्तिविजयजी

साहम्मियवच्छल्लं भणामि भवियाण भावणानिउणं ।
सम्मईसणसोहिं जह विहियं परमपुरिसेहिं ॥ १ ॥
रायाहिरायभरहाइएहिं परमायरेण जह परमं ।
संपइनिवपमुहेहिं साहम्मियवच्छल्लं विहियं ॥ २ ॥
साहम्मियवच्छल्लंमि उज्जया उज्जया य सज्झाए ।
चरणकरणंमि य तहा तित्थस्स पभावणाए य ॥ ३ ॥
महाणुभावेण गुणायरेणं वयरेण पुव्वि—सुयसायरेणं ।
सुयं सरंतेण जिणुत्तमाणं वच्छल्लयं तेण कयं तु जम्हा ॥ ४ ॥
तम्हा सव्वपयत्तेणं जो नमुक्कारधारओ ।
सावओ सो वि दट्ठव्वो जहा परमबंधवो ॥ ५ ॥
विवायं कलहं चेव सव्वहा परिवज्जए ।
साहम्मिएहिं सद्धिं तु जओ सुत्ते [1]वियाहियं ॥ ६ ॥
जो किर पहरइ साहम्मियंमि कोवेण दंमणमणंमि ।
आसायणं च सो कुणइ निक्किवो लोगनाहाणं ॥ ७ ॥
सो अत्थो तं च सामत्थं तं विन्नाणं सउत्तमं ।
साहम्मियाण कज्जंमि जं वच्चेति सुसावया ॥ ८ ॥
अन्नन्नदेसाण समागयाणं अन्नन्नजाईए(इ) समुब्भवाणं ।
तित्थंकराणं वयणे ठियाणं साहम्मियाणं करणिज्जमेयं ॥ ९ ॥
वत्थेहि सयणासणवाहणेहिं तंबोलपाणासणखाइमेहिं ।
धणेण तव्वसणरक्खणेणं कयं जहा से भरहाहिवेणं ॥ १० ॥
वज्जाउहस्स रामेणं जहा वच्छल्लयं कयं ।
ससत्तिअणुरूवं तु तहा कायव्वयं सया ॥ ११ ॥

[इत आरभ्य भाववात्सल्यं आह]

साहम्मियाण वच्छल्लं एयं अन्नं जिणाहियं ।
धम्मट्ठाणेसु सीयंतं सव्वभावेण चोयए ॥ १२ ॥

---

१ 'व्याख्यातम्' इत्यर्थः । २ विन्नाणमणुत्तमं प्रत्यन्तरे । ३ व्ययं कुर्वन्तीत्यर्थः । ४ ०जाईसु समु० प्रत्यन्तरे । ५ तु जम्हा भ० प्रत्यन्तरे ।

[અનુસંધાન ટાઇટલ પાના ત્રીજા ઉપર.

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ સ. ૧૯૪૮	क्रमांक
अंक ७–८	ચૈત્ર-વૈશાખ શુદિ ૭ : શનિવાર : ૧૫મી એપ્રોલ-મે	१५१–५२

શ્રી કેસરીયાજી તીર્થનો વિકટ પ્રશ્ન

લેખક-પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

આજે જૈન સમાજમાં શ્રી કેસરીયાજી તીર્થનો પ્રશ્ન બહુ જ સખત રીતે ચર્ચાઈ રહ્યો છે. શ્રી કેસરીયાજી તીર્થના ઇતિહાસના જાણકારોથી એ વસ્તુ અજાણી નથી કે આ તીર્થ જ્યારથી સ્થપાયું ત્યારથી શ્વેતાંબર જૈન સંઘ તેનો વહીવટ અને વ્યવસ્થા કરતો હતો. 'શ્રી કેસરીયાજી', 'શ્રી કેસરીયાદાદા'–આ નામ જ એ સૂચવે છે કે આ તીર્થ શ્વેતાંબર જૈન સંઘનું જ હોય. શ્વેતાંબર સમાજની એ ઉદારતા અને મહાનુભાવતા હતી અને છે કે અમારા મંદિરમાં હરેક ભક્તજનો, ઉપાસકો અને મુમુક્ષુઓ વગર ભેદભાવે તીર્થભક્તિ-પ્રભુભક્તિનો લાભ ઉઠાવે છે. પરન્તુ આ ઉદારતા અને મહાનુભાવતાનો લાંબા સમયે દુરૂપયોગ થયો અને 'હક્ક' ના વિવાદો ઊઠયા. કિન્તુ વાસ્તવિક રીતે જોઈએ તો આ બધા વિવાદો પાછળથી જ ઊભા કરાયેલા છે.

આ હક્કોના વિવાદો તો હજી ઊભા જ છે ત્યાં ઉદેપુર સ્ટેટે વચમાં પડી ભક્તિ અને વ્યવસ્થાના બહાના હેઠળ ઇદં તૃતીયં જમાડી પંડાઓને રક્ષણના નામે–પૂજાના નામે કોરે પાને હક્કો કરી આપ્યા. આખરે સ્ટેટે તો ત્યાં સુધી હક્કના નામે સત્તા જમાવી કે ઉદેપુરની યુનિવર્સીટીમાં આ તીર્થના લાખો રૂપિયા ઉપાડી લેવાનું જાહેર કર્યું. પરન્તુ જૈન સંઘના સખત ઊહાપોહથી અને રાજકારી પરિસ્થિતિના પલટાથી આ વસ્તુને ઢાંકી દેવામાં આવી, પરન્તુ પંડાઓની પરિસ્થિતિમાં તો હજારે પલટો ન જ આવ્યો.

આજે જ્યારે હિન્દ આઝાદ થયું છે, હિન્દના માનવીઓએ ગુલામીનાં-પરાધીનતાનાં બંધનો તોડી નાંખ્યાં છે, તો પછી જૈનોને પણ આ તીર્થની પરાધીનતા કેમ ગમે? અમારા તીર્થની વ્યવસ્થા અમે જ કરીશું એમાં સ્ટેટને કે પંડાઓને દખલ દેવાનો કે સત્તા જમાવવાનો કોઈ જ હક્ક નથી. અમારા આ હક્કો-મૂળભૂત હક્કો અમને ન સોંપડે ત્યાંસુધી એ અબાધિત હક્કો

મેળવવા કેવાં પગલાં લેવાં તે માટે શ્રી કેસરીયાજી તીર્થકમિટીએ નીચે પ્રમાણે નીવેદન બહાર પાડયું છેઃ–

૧ ચૈત્રી પૂર્ણિમાએ શ્રી કેસરીયાજી દિવસ મનાવવો અને તે દિવસે દરેક ભાઈઓ અને બહેનો આયંબીલ ઉપવાસ આદિ તપશ્ચર્યા કરે.

૨ કાઉસ્સગ્ગ, જાત્રા આદિ દ્વારા શાસનદેવને પ્રાર્થના કરવી કે અમારા આ શુભ કાર્યમાં સહાયતા કરે અને આ નિમિત્તે આમરણાંત ઉપવાસ કરનાર શ્રી. જવલબહેનને આ તપશ્ચર્યામાં બલપ્રદાન કરે.

૩ આ સંબંધી હિન્દના જૈનોની દરેક સ્થળોએ સભાઓ થાય અને તેના સમાચાર તાર દ્વારા ઉદેપુર સ્ટેટના પ્રાઈમ મિનિસ્ટરને, મહારાણાને અને તીર્થરક્ષક કમિટીને નીચેને ઠેકાણે આપે.–

શ્રી કેસરીયાજી તીર્થકમિટી, ઠે. માલદાસસ્ટ્રીટ. જૈન ઉપાશ્રય
મુ ઉદેપુર (મેવાડ)

આ સિવાય તીર્થરક્ષા માટે નીચેના બે ઉપાયો પણ યોજાયા છેઃ (૧) જ્યાં સુધી આપણા અબાધિત હક્કો, કે જેનો સ્વીકાર વિ. સં. ૧૯૩૪માં ઉદેપુર સ્ટેટે કર્યો છે તે હક્કો, પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોઈ પણ જૈન બન્ધુએ આ તીર્થની યાત્રાએ ન જવું. અને (૨) આ તીર્થમાં કોઈ પણ જૈન બન્ધુએ કોઈ પણ જાતની બોલી ન બોલવી અને પંડાઓને પણ કોઈ પણ જાતનું પારિતોષિક ન આપવું. અથવા તો તીર્થની આશાતના કરવા પંડાઓને પ્રેરણા મળે એવું કાંઈ જ ન કરવું.

આજે આ તીર્થમાં પંડાઓનું સ્વચ્છંદી, એકછત્રી રાજ્ય થઈ ગયું છે. જૈન તીર્થમાં જૈન શાસ્ત્ર મુજબ જે વિધિવિધાન થાય તેમાં આ પંડાઓએ સ્વાર્થી બની માત્ર પૈસા કમાવાનો જ ધંધો માંડયો હોય તેમ અનેક ફેરફારો કર્યા છે અને આશાતના પણ થાય છે.

આ અવિધિ અને આશાતના ટાળવા અને શ્વેતાંબર જૈન સંઘના અબાધિત મૂલભૂત હક્કોના રક્ષણ માટે માંગરોળવાસી સુપ્રસિદ્ધ તપસ્વિની જવલબહેને તા. ૧૨-૪-૪૮ના દિવસથી આમરણાંત ચોવીહારા ઉપવાસ આદર્યા છે.

આ બહેને પોતાના ઉપવાસ શરૂ કરતાં પહેલાં ઉદેપુરના મહારાણાજીને જે હૃદયસ્પર્શી પત્ર લખ્યો છે તે પણ વાંચી લેવા જેવો છે, તે બહેન લખે છે કે–

"મારા અંતરાત્માના અવાજથી હું મારા ભાઈ સાથે અત્રે તા. ૪-૪-૪૮ના રોજ આવી. અહીંની આશાતનાઓ, ગેરવ્યવસ્થા અને ગેરવહીવટ દેખી મારા

જૈનો જાગો !

દરેક જૈનની ફરજ છે કે શ્રી કેસરીયાજી તીર્થના સંરક્ષણ માટે પોતાનાથી બનતું કરે. જ્યાં સુધી સમાધાન ન થાય ત્યાં સુધી યાત્રા-ત્યાગ, બોલી ન બોલવી અને પંડાઓને કાંઈ જ ન આપવું–આટલું તો જરૂર કરજો !

આત્માને ઘણું દુઃખ થયું. તપાસ કરતાં આ બધાનું કારણ જૈનધર્મના અજાણ કાર્યકર્તા અને અમલદારવર્ગ તથા પંડયાઓની આપખુદીથી હમણાં થોડાંક વર્ષોથી અવ્યવસ્થા વધી રહેલ છે."

આ સાથે આ બહેને સ્ટેટ પાસે ન્યાય માગતાં જણાવ્યું છે કે-

"આ અવ્યવસ્થા ટાળી હિન્દુસ્તાનના સકલ જૈનસંઘને વિશ્વાસ ઉત્પન્ન કરવા (૧) સંવત ૧૯૭૪માં સ્ટેટ તરફથી જાહેરાત થયા મુજબ કમિટી હસ્તક સંપૂર્ણ વહીવટ વ્યવસ્થા પૂરી સત્તાથી સોંપવામાં આવે યા તો (૨) આ તીર્થનો વહીવટ જે સમાજ તરફથી સ્ટેટની પાસે આવેલ છે તે સમાજને પાછો સોંપી દેવાય."

તપસ્વીની બહેનની આ માગણી તદ્દન ન્યાયોચિત અને વાજબી છે.

આ બહેને ઉદેપુરના મહારાણાજીને ઉપર્યુક્ત પત્રનો ઉત્તર તા. ૧૧-૪-૪૮ સુધીમાં આપવા જણાવ્યું હતું અને ત્યાં સુધીમાં જવાબ નહિ આપવામાં આવે તો તા. ૧૨-૪-૪૮ થી ચોવીહારા ઉપવાસ ઉપર ઊતરવાનું જણાવ્યું હતું.

દુઃખની વાત છે કે ઉદેપુરના મહારાણાજીએ આ પત્રનો જવાબ તા ૧૧ મી સુધી ન જ આપ્યો એટલે આ બહેને તીર્થની રક્ષા ખાતર તા. ૧૨-૪-૪૮ થી આમરણાંત ચોવિહારા ઉપવાસ શરૂ કર્યા છે.

ગૌબ્રાહ્મણ પ્રતિપાલ, સૂર્યવંશી, શિશોદીયા કુલદીપક અને પ્રજાપાલકનું માનવંતું બિરુદ ધરાવનાર મહારાણાજીએ એક ન્યાયોચિત પત્રનો જવાબ ન આપી એમના બિરુદને શોભતું કાંઈ જ નથી કર્યું. આવાં તીર્થોની રક્ષા કરતાં આવાં અનેક બલિદાનો જૈન સંઘને આપવાં પડશે અને જૈન સંઘ બલિદાનો આપશે જ, કિન્તુ આ માનવંતાં બિરૂદો ધરાવનાર મહારાણાજીને તો આ બલિદાનોથી કલંકનો ટીકો જ લાગશે એ યાદ રાખવાની જરૂર છે. મહારાણાજી-ને હાથે ન્યાયનું ખૂન થાય-ન્યાયનું અપમાન થાય અને એક નિર્દોષ તપસ્વિની બહેનનું ન્યાયની રક્ષા કરતાં, ન્યાયનો આદર અને ગૌરવ જાળવતાં, મૃત્યુ થાય એમાં ઉદેપુર સ્ટેટની કે મહારાણાજીની લગારે શોભા નથી.

મહારાણાજીને અને ઉદેપુર સ્ટેટની કાઉન્સીલને અમે સવેળા ચેતવણી આપીએ છીએ કે તમે એમ ન સમજશો કે કાન બહેરા કરવાથી કે આવી ઘોર તપશ્ચર્યા પ્રતિ ઉપેક્ષા કરવાથી તમારી સલામતી છે. કિન્તુ ન્યાયના ખૂનની અને આ તપસ્વિની બહેનના જીવનને લગારે આંચ આવી તો તેની

આપણી ફરજ

હિન્દના દરેક ગામના જૈન સંઘો ઠરાવ કરે કે, શ્રી કેસરીયાજી તીર્થના રક્ષણ માટે સમય આવ્યે અનશન કરશું-બલિદાન આપીશું. આ માટે સ્વયંસેવક મંડલ તૈયાર કરે અને ગામડે ગામડે પ્રચાર માટે પોતાના સભ્યો મોકલે.

બધી જુમ્મેદારી તમારી ગણાશે અને એનાં વિપરીત કટુ ફલો તમારે જ ભોગવવાં પડશે એ ન ભૂલશો.

મેવાડ પ્રાંતીય જૈન શ્વેતાંબર મહાસભાએ પણ સવેળા જાગ્રત થઈ નીચેના મહત્ત્વના અને ઉપયોગી ઠરાવો કર્યા છેઃ-

૧-સંવત ૧૯૩૪ પ્રમાણે વહીવટ સુપ્રત કરવો.

૨-સંતોષકારક સમાધાન ન થાય ત્યાં સુધી કોઈએ યાત્રાએ ન જવું, તેમ જ કોઈ પણ પ્રકારની બોલી ન બોલવી.

૩-કમિટીને સત્તા સુપ્રત કરવામાં ન આવે ત્યાં સુધી પ્રચાર અને વિરોધનું આંદોલન ચાલુ રાખવું.

૪-મુનિરાજોએ તેમજ શ્રીસંઘોએ તીર્થયાત્રાનો બહિષ્કાર પોકારવો.

૫-તત્કાલ નિર્ણય માટે જરૂરી તમામ પગલાં ભરવાં.

જવલ બહેનના ઉપવાસ ચાલુ છે જૈન સમાજ જાગૃત થયો છે. ભારતીય સ્વયંસેવક પરિષદના સેવાભાવી મહાનુભાવો પણ શ્રી કેસરીયાજી ગયા હતા. તેઓ પ્રચાર અને જાગૃતિ માટે તનતોડ પ્રયત્ન કરી રહેલ છે મુનિરાજ શ્રી ધર્મસાગરજી મહારાજ આદિ મુનિ મહાત્માઓ પણ પ્રયત્ન કરી રહેલ છે. કિન્તુ આખા હિન્દના જૈન સંઘનું પ્રતિનિધિત્વ કરતી આપણી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, તથા શ્વેતાંબર જૈન કોન્ફરન્સ, એસોસીએશન ઓફ ઈન્ડિયા, યંગમેન્સ જૈન સોસાયટી વગેરે વગેરે અનેક સંસ્થાઓ હજી કેમ મૌન છે તે સમજાતું નથી. આપણી પેઢીએ લગારે પ્રમાદ કે ઉપેક્ષાભાવ રાખ્યા સિવાય સમાજની જાગ્રતિના આ મહાપૂરમાં નેતૃત્વ લઇ આગળ આવવાની જરૂર છે જૈન સંઘને સવેળા યોગ્ય દોરવણી આપી તીર્થરક્ષા માટે, તીર્થના ન્યાયી હક્કોના સંરક્ષણ માટે, જાગૃત થવાની જરૂર છે.

હિન્દના સકલ જૈન સંઘે એકત્રપણે જાગૃત થઇ તીર્થસંરક્ષણના હક્ક માટે કટીબદ્ધ થવાની જરૂર છે. આજે આઝાદીના આ યુગમાં લગાર ઉપેક્ષા, લગાર અહંભાવ આપણા પતનનું કારણ બની જશે અને આપણા સ્વમાન અને ગૌરવના નાશને નોતરશે. આમાંથી બચવું હોય તો બધાએ અહં અને મમ છોડી સવેળા જાગૃત થઇ એકત્રપણે-સંગઠિતપણે કાર્ય કરવાની જરૂર છે.

પૂજ્ય આચાર્ય મહારાજાદિ પણ સવેળા જાગૃત થઇ આ વિકટ પ્રશ્ન

પૂજ્ય શ્રમણસંઘને

આપ બધા આ પ્રશ્નને સવેળા ઉપાડી લઈ જૈન સંઘને જાગ્રત કરો. સંપ, સંગઠન, ઐક્ય અને પ્રેમથી એકત્રભાવે આ તીર્થના રક્ષણ માટે સંઘને જાગ્રત કરશો, યોગ્ય પ્રચાર કરશો અને સમસ્ત સંઘ તીર્થ માટે બલિદાન આપવા તૈયાર થાય તેવો ઉપદેશ અને પ્રેરણા આપશો.

માટે શ્રીસંઘને જાગૃત રાખે અને કાર્યકર્ત્તાઓમાં પ્રાણ ફૂંકે, જીવન જગાવે એ જરૂરી છે.

હવે એ પ્રશ્ન સ્વાભાવિક ઊઠશે કે વિ. સં. ૧૯૩૪માં કઈ કમિટી નીમાઇ હતી. આ પ્રશ્નના જવાબ માટે ઉદેપુર સ્ટેટનું નીચેનું જાહેરનામું વાંચી લેવું જરૂરી છેઃ-

" नकल हुकम राजे श्री महकमा खास नं. ३७६२

....वास्ते अठाका बन्दोबस्तके एक कमेटी मुकर्रर की जावे और प्रेसीडेन्ट सेलकान्तानतार बदनी सभामें लिखी जावे के इस कमेटोकी रायसुं नेक बन्दोबस्त की तजवीज कर रिपोर्ट करें और कमेटीमें मेम्बर चार मुकर्रर किये जावे। कोठारी छगनलालजी, सेठजी जोहारमलजी चानणमलजी चतुर, जोरावरमल मुनिम, ठाकरदासजी ज्ञानमलजी इन चार ही मेम्बरोंके नाम लिखी जावे ह के यहां का अच्छा और नेक बन्दोबस्त होवे जोरी राय देणी चाहिये।

संवत् १९३४ मागसर वीदी ९ ता. २९ नवम्बर १८७७ इस्वी और सेटजी चम्पालालजीके नाम लिखि जावे की यह काम राजके हस्तमें निकाला गया है सो ऊठा का काममें दखल नही करोगा और जो कामकाज, कूंचिया वगरा था हस्ते होवे सो सेलकान्ततार बदनी सभामें भेज देवोगा मती मजकूर।"

આ ફરમાન એક વસ્તુ બહુ જ સ્પષ્ટ કરે છે કે જે ચાર નામ સૂચવાયાં છે તે ચારે ઓસવાલ જૈન શ્વેતાંબર છે. બીજું જે શેઠ ચમ્પાલાલજી પાસેથી સ્ટેટ કુંચીઓ મગાવે છે તે શેઠ પણ શ્વેતાંબર જૈન છે, એટલે આમાંથી હું અનુમાન તારવું છું કે સં. ૧૯૩૪ના આ ફરમાન પહેલાં શ્વેતાંબર જૈનસંઘ વ્યવસ્થા કરતો અને વહીવટ ચલાવતો હતો. પરંતુ પંડાઓની સતામણીથી યાત્રિકોને હેરાનગતી થતી હશે, જેથી સ્ટેટે ચાર જૈન સદ્‌ગૃહસ્થોની કમિટી નીમી અને પોતે પણ અંદર દખલગીરી શરૂ કરી દીધી આ દખલગીરીની સામાન્ય પહેલ તો વિ. સં. ૧૯૧૬થી જ થઇ છે. આ પહેલાં તો શ્વેતાંબર જૈન સંઘ તદ્દન સ્વતંત્ર રીતે વહીવટ કરતો હતો. જૂઓ સં. ૧૯૩૪ માઘ વદી ૯

આપણી સંસ્થાઓને

હરેક જૈન સંસ્થાઓ અને ખાસ કરીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓએ, બહુ મોડું થાય તે પહેલાં જ, હિન્દના જૈન સંઘનું સમ્મેલન મેળવી, આવેલી આઝાદીમાં જૈનસંઘનું મહત્ત્વ, ગૌરવ અને સ્વમાન જળવાય, તીર્થરક્ષા, સંઘસંગઠન થાય, સાહિત્યનો પ્રચાર થાય અને જૈન સંઘનો ઉદ્ધાર થાય તે માટે પ્રયત્ન કરવો જોઇએ.

તા. ૨૭–૧–૧૮૭૮ ના સ્ટેટ હુકમ નં. ૧૯૯૧ની નીચેની પંક્તિ.

" ठाकुरजीके (ऋषभदेवजी) भन्डारकी कूंची उदयपुरके नगरसेठके पास रहती और भन्डारका मुंह बन्द था.".......

એટલે કે ૧૯૩૪ સુધી તો સ્ટેટની થોડી દખલ થવાની શરૂઆત છતાં શ્રી કેસરીયાજીના ભંડારની ચાવીઓ તો ઉદયપુરના નગરશેઠ પાસે જ રહેતી હતી.

વિ. સં. ૧૯૧૬માં પણ રાજ્યને આ તીર્થમાં ડખલ કરવાનું કારણ મળ્યું હોય તો તે એટલું જ કે તીર્થમાં અવ્યવસ્થા, અંધેર અને આવકના વહીવટનો અભાવ. પરન્તુ વ્યવસ્થા તો શ્વેતાંબર જૈન સંઘની જ હતી. વાંચો તે શબ્દો.

" जोकि गांव धुलेव इलाके मेवाडमें मन्दिर श्री ऋषभदेवजी महाराज का है वहांका इन्तजाम निहायत खराब देख कर वहांके कदिम रिवाज और धर्मके माफिक संवत् १९१६में महाराणाजी श्रीसरूपसिंहजीने खास खयाल इस बातका करके ठाकुरजीके सेवा भावके साथ अच्छी तरह हो और जात्रियोंकी किसी तरहकी शिकायत न रहे। मन्दिरकी आमदनी नेक काममें खर्च हो उसमें किसी तरहका गबान गफलत न होने पावे चंद कलमें मुकरीर कर चालें बाध दी की जिससें सब लोग खुश हों।

૧૯૧૬માં શ્રી કેસરીયાજી તીર્થમાં પ્રાચીન ચાલ્યા આવતા રીતરિવાજ મુજબ અને ધર્મઅનુસાર વ્યવસ્થા, વિધિવિધાન અને વહીવટ વગેરે ચાલે તથા યાત્રિકોને તકલીફ ન પડે અને શ્રી ઋષભદેવજીના ભંડારની બરાબર વ્યવસ્થા થાય તેટલા ખાતર મહારાણા સ્વરૂપસિંહજીએ થોડી કલમો બનાવી આપી અને બંધારણ ઘડી આપ્યું, સાથે તેમણે થોડા નવા રિવાજ પણ દાખલ કર્યા. પરન્તુ આનો આશય તો સેવાભાવ અને યાત્રિકોને રાખવા પૂરતો જ છે

સુજ્ઞ વાચકો આમાંથી સાફ વસ્તુ સમજી શકશે કે ૧૯૧૬માં સ્ટેટની દખલ તો નહોતી જ. હવે આ સેવાભાવ ૧૯૩૪માં ઘટે છે અને સ્ટેટની દખલ શરૂ થતી હોય તેમ લાગે છે, માટે જ મેં ઉપર અનુમાન બાંધ્યું છે.

૧૯૩૪માં સ્ટેટે કમીટી નીમી નગરશેઠ પાસેથી ચાવીઓ મંગાવી લીધી આનો પણ વિરોધ ઊઠયો હતો. પરન્તુ સ્ટેટે પંડાઓ ઉપર દોષારોપણ કરી

નવયુવકોને

આજના યુગમાં તમારાં ઉત્સાહ, જોમ અને શક્તિના સદુપયોગ માટે આ તીર્થરક્ષાના કામમાં લાગી જાઓ.

પોતાનો બચાવ જ કર્યો છે. એટલે આજે તો આપણે જે માગણી કરી છે તે તો ફક્ત એટલી જ છે કે ઉદેપુર સ્ટેટે જૂના રિવાજ મુજબ જેમ શ્વેતાંબર કમિટીને વહીવટ સોંપ્યો છે તેમ આજે વહીવટ-વ્યવસ્થા શ્વેતાંબર કમિટીને સોંપો. એટલે અત્યારની આપણી માંગણી તદ્દન ન્યાયોચિત અને વાજબી જ છે. શ્વેતાંબર સંઘની ઉપર્યુક્ત માંગણીનો અર્થ એટલો જ છે કે-સ્ટેટ પોતાનું વચન બરાબર પાળે, એમના ઉચ્ચ કુલ અને વંશના ગૌરવને છાજે એવી રીતે વચન પાળે.

સ્ટેટને વચન પળાવવા ખાતર જ જૈનસંઘને યાત્રાત્યાગ કરવો પડે, બોલી બંધ કરવી પડે અને આમરણાંત ઉપવાસ કરવા પડે એમાં નથી સ્ટેટની શોભા કે નથી મહારાણાજીની શોભા.

શેઠ આ. ક.ની પેઢી પણ આ ફરમાનો વાંચી વિચારી એવું આંદોલન જગાડે, જૈનસંઘ એવા પ્રબલ આંદોલનનાં પૂર જગાડે કે સ્ટેટને પોતાનું જાહેર કરેલું વચન પાળવાની ફરજ પડે.

ઉદયપુરના મહારાણાજી પણ પોતાની ફરજ બરાબર સમજે. આ એકવીસમી સદી છે, આજે હિન્દ આઝાદ છે, રાજાઓના એકમ બની રહ્યા છે, તો બધો જૂનો જેમની સાથે આપને સંબંધ છે, જે જૈન સંઘના પૂર્વજોએ આપના પૂર્વજો અને રાજ્ય માટે તન, મન અને ધન ન્યોછાવર કર્યાં છે તે સંઘને, તમે તમારા પૂર્વજનું વચન પાળી ન્યાય આપો! બસ, આથી વધારે અમારે આપને કશું જ કહેવાનું નથી.

ઓ વીરના સુપુત્રો! આ તીર્થના આપણા હક્કોના રક્ષણ માટે જાગજો! અત્યારે લગારે પ્રમાદ, ઉપેક્ષાભાવ કે અહંભાવને સ્થાન ન આપશો! આજે આપણી શક્તિ માત્ર ધનસંચય પાછળ જ લાગી રહી છે, પણ આઝાદીના આ યુગમાં એકલા ધનસંચયની મહત્તા આપણને ભારે પડી જશે.

જો સ્વમાનથી ગૌરવ જળવાતું નથી, આપણા હક્કોનું સંરક્ષણ થઈ શકતું નથી તો એ ધનસંચય કશા જ કામનો નથી. ધર્મના રક્ષણ ખાતર, તીર્થના સંરક્ષણ ખાતર અને સંઘના ગૌરવ ખાતર આપણે સર્વસ્વનો ત્યાગ કરતાં શીખવું જોઇએ, તો જ આપણે હક્કો માંગી શકીશું અને તેનું રક્ષણ પણ કરી શકીશું.

જૂનાગઢની આરઝી હકુમતના પ્રસંગમાંથી કંઈક શીખજો અને તીર્થરક્ષા માટે બધા સવેળા જાગ્રત થઈ કટીબદ્ધ થજો. એ શુભેચ્છા સાથે જ જવલબહેનના ઉપવાસને સફળતા પ્રાપ્ત થાઓ એ મહેચ્છા સાથે વિરમું છું. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

थिरापद्रगच्छीय ज्ञानभंडारमें उपलब्ध

विवाहलो, संधि, भास, धवलसंज्ञक साहित्य।

अन्वेषक—पूज्य आचार्यमहाराज श्री. विजययतीन्द्रसूरिजी

(डब्बानम्बर १२–१४)

१ श्रीशान्तिनाथविवाहलो पत्र २५, कर्ता श्री आनन्दप्रमोद, थिरापद्रे श्रेष्ठिनाकरलिखापित।

२ श्रीसुपार्श्वनाथविवाहलो पत्र २०, सं. १६३२में श्रीविनयदेवसूरिरचित, सं. १६४३ में लिखित।

३ श्रीशान्तिनाथ विवाहलो पत्र २८, आनन्दविमलसूरि-सोमसौभाग्यसूरिशिष्य आनंदप्रमोद।

४ श्रीवासुपूज्यधवल पत्र १०, सं. १६४३ मागसिर वदि १२ थिरपुरमें लिखित।

५ श्रीनेमिनाथधवल पत्र २५, सं. १६३० चेतसुदि १० श्रीविनयसूरिरचित।

६ श्रीऋषभदेवधवल पत्र २२, सेवकरचित।

७ श्रीसुबाहुरिषिसंधि पत्र ७, श्रीजिनहंससूरिशिष्य पुण्यसारोपाध्यायरचित, सं. १६७४।

८ भाइनासंधि पत्र ३, श्रीदेवसूरिशिष्य जयदेवकृत।

९ मृगावतिभास पत्र ३।

१० थावच्चाकुमारभास पत्र २८, बडगच्छ पिप्पलशाखीय श्रीविमलप्रभसूरिशिष्य........सं. १६५५ कार्तिकसुदि ८ थिरपुरनगरे।

११ ललितांगभास पत्र ४।

१२ भवियकुटुंबभासरास पत्र ४, सं. १७८३ वैशाख वदि १४ लिखित।

१३ चोवीस तीर्थंकरभास पत्र ७, सेवकरचित, शाह चुप्पललिखित।

१४ सुदर्शनभास पत्र २, सेवकरचित।

१५ चंद्रबाहुजिनभास पत्र ५।

१६ पृथ्वीचन्द्रगुणसागररिषिवेली पत्र २।

१७ चतुर्गतिवेली पत्र ५।

१८ धन्यविलासभास पत्र २२, सं. १६८५ कटुकगच्छीय शाहजी कल्याणरचित, सचित्र।

मु० थराद (न्यु. डीसा) ता. ६-२-४८

દસવેયાલિયની ઉત્પત્તિ

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા. એમ. એ.)

[૧]

દસવેયાલિય એ અર્દ્ધમાગધીમાં રચાયેલી એક પ્રાચીન અને વિશ્વસનીય જૈન કૃતિ છે. એ 'આગમ' ગણાય છે. વિશેષમાં એનો 'મૂલસુત્ત' તરીકે પણ નિર્દેશ કરાય છે. આ આગમની રચના કોને હાથે કયા સંયોગોમાં થઈ એ બાબત અનેક ગ્રન્થોમાં વિચારાઈ છે. એ પૈકી હું તો અહીં મુખ્યતયા ચાર જ કૃતિઓને ઉદ્દેશીને આ હકીકત વિચારીશ : (૧) ભદ્રબાહુસ્વામીએ રચેલી દસવેયાલિયની નિજ્જુત્તિ, (૨) પ્રસિદ્ધિ પ્રમાણે જિનદાસગણિ મહત્તરે આ આગમ ઉપર રચેલી ચુણ્ણિ, (૩) આ આગમ તેમજ એની નિજ્જુત્તિના ઉપર હરિભદ્રસૂરિએ રચેલી સંસ્કૃત ટીકા અને (૪) હેમચન્દ્રસૂરિએ રચેલું પરિશિષ્ટપર્વ.

આ નિજ્જુત્તિના રચનાર તે વીરસંવત્ ૧૭૦ (ઈ. સ. પૂર્વે [1] ૩૫૭)માં સ્વર્ગે સંચરેલા ભદ્રબાહુસ્વામી છે કે શકસંવત્ ૪૨૭ (ઈ. સ. ૫૦૫)માં પંચસિદ્ધાન્તિકા રચનારા વરાહમિહિરના સહોદર અને નૈમિત્તિક આચાર્ય ભદ્રબાહુસ્વામી છે એ જટિલ પ્રશ્ન આપણે બાજુ ઉપર રાખીએ તોપણ આ નિજ્જુત્તિ ઉપર્યુક્ત ચારે સાધનોમાં—આ ઉત્પત્તિ સંબંધમાં પ્રકાશ પાડનારાં તમામ ઉપલબ્ધ સાધનોમાં—પ્રાચીનમાં પ્રાચીન છે.

મહાવીરસ્વામી પછી માત્ર ૯૮ વર્ષે આ ફાની દુનિયા ત્યજી જનારા શય્યંભવસૂરિએ દસવેયાલિય નામનું આ જૈન શાસ્ત્ર રચ્યું છે—વિવિધ પુવ્વ (પૂર્વ)માંથી [2] નિર્યૂહણ કરી એની સંકલના કરી છે. મહાવીરસ્વામીના શિષ્ય-પાંચમા ગણધર સુધર્મસ્વામીને જંબૂસ્વામી નામના શિષ્ય હતા. એ અંતિમ કેવલીને પ્રભવસ્વામી નામે શિષ્ય હતા. શય્યંભવસૂરિ એમના શિષ્ય થાય. એમને હાથે દસવેયાલિયની રચના થઈ છે. આ બાબત સૌથી પ્રથમ કોઈ ગ્રન્થમાં નોંધાઈ હોય તો તે નિજ્જુત્તિ છે. જો એ પહેલા જ ભદ્રબાહુસ્વામીની કૃતિ હોય તો આ ઉત્પત્તિ વિષેની નોંધ મોડામાંમોડી ૭૨ વર્ષે લખાયેલી ગણાય; અને એ જો બીજા ભદ્રબાહુસ્વામીની કૃતિ હોય તો લગભગ ૯૩૪ વર્ષે નોંધ થઈ છે એમ કહેવાય. આમ ૮૬૨ વર્ષનો ગાળો પડે.

[૨]

દસવેયાલિયની નિજ્જુત્તિની [3]ચૌદમીથી અઢારમી ગાથા આ આગમની ઉત્પત્તિ વિષેની હકીકત પૂરી પાડે છે. એટલે હું અહીં એનો અનુવાદ આપું છું :

જિનની પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામેલા, [4]ગણધર, મણગ (મનક)ના પિતા અને દસકાલિયના નિર્યૂહક સેજ્જભવ (શય્યંભવ)ને હું વન્દન કરું છું (ગા.૧૪). મણગને ઉદ્દેશીને

૧ જેઓ મહાવીરસ્વામીનું નિર્વાણ ઈ. સ. પૂર્વે ૪૭૭માં થયાનું માને છે તેમને મતે લગભગ ઈ. સ. ૩૨૨ ગણાય, નહિ કે ઈ. સ. ૩૫૭.

૨ ન્યાયસંગ્રહમાં કહ્યું છે કે 'यूह उद्धरणे इत्यागमिको धातुः'

૩ બારમી ગાથા પણ ઉપયોગી છે. એમાં કહ્યું છે કે સામાયિકના અનુક્રમથી વર્ણન કરીને, પોરુષી પૂરી થતાં સેજ્જંભવે ખરેખર દસકાલિયનું નિર્યૂહણ કર્યું.

૪ અનુત્તર (ઉત્તમ) જ્ઞાન, દર્શન ઇત્યાદિરૂપ ધર્મના ગણને ધારણ કરે તે 'ગણધર' એમ આનો અર્થ હારીભદ્રીય ટીકા (પત્ર ૧૦ આ)માં અપાયો છે.

સેજ્જંભવે દસ અજ્ઝયણ (અધ્યયન)નું નિર્યૂહણ કર્યું. એમણે એ અજ્ઝયણો વિકાલે અર્થાત્ અપરાહ્ણે સ્થાપિત કર્યાં એથી એનું નામ 'દસકાલિય' છે (ગા. ૧૫). 'આયપ્પવાય' પુવ્વમાંથી ધમ્મપન્નત્તિનું, 'કમ્મપ્પવાય' પુવ્વમાંથી (ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણા એમ) ત્રણ પ્રકારની પિંડૈષણાનું, અને 'સચ્ચપ્પવાય' પુવ્વમાંથી વક્કસુદ્ધિનું નિર્યૂહણ કરાયું, બાકીનાં અજ્ઝયણોનું નિર્યૂહણ ('પચ્ચક્ખાણ' નામના) નવમા પુવ્વના ત્રીજા વત્થુ (વસ્તુ)માંથી થયું (ગા. ૧૬–૧૭). બીજો પણ આદેશ (મંતવ્ય) છે કે બાર અંગરૂપ ગણિપિડગ (ગણિ-પિટક)માંથી આ (દસવેયાલિય)નું નિર્યૂહણ ખરેખર મણગના ઉપર અનુગ્રહ કરવા માટે કરાયું છે (ગા. ૧૮).

[૩]

ઉત્પત્તિને અંગેની ઉપર્યુક્ત સંક્ષિપ્ત નોંધનો વિસ્તાર આ આગમની ચુણ્ણિમાં મળે છે. એના રચનાર જો જિનદાસગણિ જ હોય તો શકસંવત્ ૫૯૮ (ઈ. સ. ૬૭૬)માં રચાયેલી (અને આગમોદ્ધારક આનંદસાગરસૂરિના મતે લખાયેલી) નંદીચુણ્ણિના એઓ કર્તા થાય છે. આ હિસાબે આ ચુણ્ણિમાંની હકીકત દસવેયાલિયની ઉત્પત્તિ બાદ લગભગ એક હજાર વર્ષે અપાયેલી ગણાય. આ હકીકત પાઇયમાં – કંઈક મરહટ્ઠીમાં રચાયેલી આ ચુણ્ણિ (પત્ર ૬–૭)માં અપાયેલી છે. એનો પણ અનુવાદ હું અહીં આપું છું:

એક વેળા મધ્ય રાત્રિએ પ્રભવસ્વામીને વિચાર ઉદ્ભવ્યો કે, કોણ મારો ગણધર થશે? એમણે પોતાના ગણ ઉપર અને સંઘ ઉપર એમ બધી બાજુ ઉપયોગ મૂક્યો, પણ કોઈ [5]અવ્યુચ્છેદ નહિ કરનારો જણાયો નહિ. એટલે એમણે ગૃહસ્થોનો વિચાર કર્યો. ઉપયોગ મૂકતાં એમણે રાજગૃહમાં સેજ્જંભવને યજ્ઞ કરાવતો જોયો. એ ઉપરથી 'રાજગૃહ' નગરે આવીને એક સંઘાટકને (બે મુનિને) એમણે કહ્યું: તમે યજ્ઞવાડ (યજ્ઞપાટક)માં જાઓ અને ભિક્ષા માટે ધર્મલાભ આપો. જો તમને ભિક્ષા આપવાની ના પડાય તો તમે કહેજો કે અહો કષ્ટ, તત્ત્વ જાણવામાં નથી (દુઃખની વાત છે કે આ પરમ તત્ત્વ જાણતો નથી). એ મુનિઓ ગયા અને એમને ભિક્ષાની ના પાડવામાં આવી. તેમણે કહ્યું: અહો કષ્ટ, તત્ત્વ જાણવામાં નથી. એ વખતે બારણા આગળ ઊભેલા પેલા સેજ્જંભવે આ વાક્ય સાંભળ્યું, એ ઉપરથી એને વિચાર આવ્યો કે આ ઉપશાંત તપસ્વીઓ અસત્ય બોલે નહિ. એ અધ્યાપક (ઉપાધ્યાય) પાસે ગયો અને એણે એને પૂછ્યું કે તત્ત્વ શું છે? તેણે કહ્યું: વેદો. એ ઉપરથી એણે તરવાર બહાર કાઢી અને કહ્યું કે જો તમે મને તત્ત્વ કહેશો નહિ તો હું તમારું મસ્તક કાપી નાંખીશ. અધ્યાપકે (ઉપાધ્યાયે) વિચાર્યું: મારો સમય પૂરો થયો છે. વેદમાં કહ્યું છે કે મસ્તક કપાવાની વાત આવે તો તત્ત્વ કહેવું. આથી હવે હું જે તત્ત્વ છે તે કહું. આમ વિચારી એ બોલ્યો: આ યજ્ઞસ્તંભ (યૂપ)ની નીચે રત્નની પ્રતિમા છે. એ અરિહંતની (અર્થાત્ જૈન તીર્થંકરની) કહેવાય છે. અરિહંતનો ધર્મ એ 'તત્ત્વ' છે (સાર છે). એ સાંભળી સેજ્જંભવ એને પગે પડ્યો અને યજ્ઞવાટનો ઉપસ્કર (સામગ્રી) એને જ આપી દીધો. પછી પેલા બે મુનિઓને શોધતો શોધતો એ આચાર્ય (પ્રભવસ્વામી) પાસે પહોંચ્યો.

---

૫ અવ્યુચ્છિત્તિકર.

આચાર્યને વન્દન કરી એણે મુનિઓને કહ્યું કે મને ધર્મ કહો. આચાર્યે ઉપયોગ મૂક્યો તો જણાયું કે એ એ જ છે. એ ઉપરથી આચાર્યે એને ધર્મ કહ્યો. એ બ્રાહ્મણે દીક્ષા લીધી અને એઓ ચૌદપૂર્વધર (શ્રુતકેવલી) બન્યા.

એમણે દીક્ષા લીધી ત્યારે એમની પત્ની ગર્ભવતી હતી. એ ઉપરથી એ સમયે એ સ્ત્રીનાં સગાંવહાલાં આક્રન્દ કરવા લાગ્યાં કે જરૂર આના પતિએ પ્રવ્રજ્યા લીધી છે અને એ સ્ત્રી તો પુત્ર વિનાની છે. એ સ્વજનોએ એની સ્ત્રીને પૂછ્યું કે તારા ઉદરમાં કંઈ છે? તેણે કહ્યું : [6]મણાય (કંઈક) જણાય છે. સમય થતાં એણે પુત્રને જન્મ આપ્યો. બાર દિવસ પૂર્ણ થતાં સગાંવહાલાંએ, માતાને પૂછતાં માતાએ 'મણગ' એમ કહ્યું હતું તે ઉપરથી એ બાળકનું નામ 'મણગ' પાડ્યું.

મણગ આઠ વર્ષનો થયો ત્યારે તેણે પોતાની માતાને પૂછ્યું કે મારા પિતા ક્યાં છે? તેણે કહ્યું : તારા પિતાએ તો પ્રવ્રજ્યા (દીક્ષા) લીધી છે એ ઉપરથી એ બાળક નાસીને પિતા પાસે જવા ઉપડ્યો.

એ સમયે આચાર્ય (પ્રભવસ્વામી) ચંપામાં વિચરતા હતા. પેલો બાળક 'ચંપા' ગયો. [7]સંજ્ઞાભૂમિએ ગયેલા એ આચાર્યે એ બાળકને જોયો. બાળકે એમને વન્દન કર્યું. એને જોતાં આચાર્યને એના ઉપર હેત ઉત્પન્ન થયું અને બાળકને પણ એમ જ થયું. આચાર્યે એ બાળકને પૂછ્યું કે તું ક્યાંથી આવે છે? બાળકે કહ્યું : રાજગૃહથી. આચાર્યે પૂછ્યું કે રાજગૃહમાં તું કોનો પુત્ર કે પૌત્ર છે? એણે કહ્યું કે સેજ્જંભવ નામના બ્રાહ્મણ છે એમનો હું પુત્ર છું. એમણે તો ખરેખર પ્રવ્રજ્યા લીધી છે. આચાર્યે પૂછ્યું કે તું શા માટે આવ્યો છે. (ઉત્તર મળ્યો કે) મારે પ્રવ્રજ્યા લેવી છે. એ બાળકે પૂછ્યું કે ભગવાન્! તમે મારા પિતાને ઓળખો છો? આચાર્યે કહ્યું કે હા હું જાણું છું બાળકે પૂછ્યું કે એઓ ક્યાં છે? આચાર્યે કહ્યું : એ મારા મિત્ર છે, એક શરીર રૂપ છે. (અર્થાત્ અમને બેને તું શરીરથી પણ એક જ જાણ). તું મારી પાસે પ્રવ્રજ્યા લે. બાળકે કહ્યું કે એમ કરું છું.

આચાર્ય પ્રતિશ્રય (ઉપાશ્રય)માં આવી વિચારે છે કે આજે સચિત્તનો લાભ થયો. એ બાળકે દીક્ષા લીધી. પછી આચાર્યે ઉપયોગ મૂક્યો કે એ કેટલો વખત જીવશે? છ મહિના જીવશે એમ જણાતાં આચાર્યને વિચાર આવ્યો કે આનું આયુષ્ય અલ્પ છે તો શું કરવું? ચૌદપૂર્વી કોઈ કારણ મળતાં નિર્યૂહણ કરે છે. અને [8]અપશ્ચિમ દસપૂર્વી તો અવશ્ય જ નિર્યૂહણ કરે છે. મારે આ કારણ આવી પડ્યું છે એટલે હું પણ નિર્યૂહણ કરીશ. એ ઉપરથી એમણે નિર્યૂહણ કરવા માંડ્યું વિકાલ–દિવસ થોડો બાકી હતો ત્યારે નિર્યૂહણ થયું, એથી આને 'દસવેયાલિય' કહે છે.

---

૬ સંસ્કૃતમાં 'મનાક્' થાય.

૭ દિશાએ જવાની જગ્યા. આ અર્થ આચાર્યના આચાર સાથે કેવી રીતે સંગત થાય એમ વિચારી છાયાકારે છાયામાં 'વિહારભૂમિ' એવો નિર્દેશ કર્યો હોય એમ જણાય છે.

૮ જેના પછી કોઈ નથી તે અર્થાત્ અંતિમ.

[૪]

ઉપર્યુંક્ત ચુર્ણિના રચનારના પછી થયેલા હરિભદ્રસૂરિએ આ જ ચુર્ણિમાંના લગભગ શબ્દે શબ્દમાં આ ઉત્પત્તિની બાબત કહી છે અને એની સંસ્કૃત છાયા હારિભદ્રીય ટીકાના સંપાદક મહાશયે આપી છે. અહીં જે જરાતરા તફાવત જોવાય છે તે જ હું નોંધીશ : યૂપની નીચે સર્વ રત્નની જે અરિહંતની પ્રતિમા છે તેનું *પ્રક્ષાલન કરાય છે. આમ અહીં પ્રક્ષાલનની વાત છે. બીજું 'મરણ'ને બદલે 'મણાય' છે, જોકે અર્થ તો એનો પણ, 'કંઈક' એમ જ છે.

[૫]

વિ. સં. ૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમાએ જન્મેલા અને વિ. સં ૧૨૨૯માં સ્વર્ગે સંચરેલા 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ પરિશિષ્ટપર્વ (સર્ગ ૫, શ્લો. ૨–૮૬) માં દસવેયાલિયની ઉત્પત્તિ સંસ્કૃતમાં વર્ણવી છે. એમાંથી નીચેની વિશેષતાઓ હું નોંધું છું :

'વત્સ' કુળમાં ઉત્પન્ન થયેલો, આસન્નભવ્ય બ્રાહ્મણ શય્યંભવ છે (શ્લો. ૭). શ્લો. ૧૨–૧૪માં યજ્ઞપાટકનું વર્ણન છે. શ્લો. ૨૦માં એ વાત છે કે ઉપાધ્યાયે કહ્યું કે સ્વર્ગ અને મોક્ષને આપનારા વેદો 'તત્ત્વ' છે અને વેદ કરતાં બીજું કોઈ તત્ત્વ નથી એમ તત્ત્વના જાણકારો કહે છે. શ્લો. ૨૮–૩૨માં એ હકીકત છે કે આ યૂપની નીચે અરિહંતની (તીર્થંકરની) પ્રતિમા રખાઈ છે. અહીં જ રાખીને એ ગુપ્ત રીતે પૂજાય છે અને એ પ્રતિમાના પ્રભાવથી અમારું યજ્ઞાદિ કાર્ય નિર્વિઘ્ને થાય છે. મહાતપસ્વી, સિદ્ધપુત્ર અને પરમ આર્હત નારદ, આર્હતી (તીર્થંકરની) પ્રતિમા ન હોય તો યજ્ઞનો અવશ્ય નાશ કરે છે. આમ કહીને યૂપને ઉપાડી ત્યાં રહેલી રત્નની તીર્થંકરની પ્રતિમા ઉપાધ્યાયે એને બતાવી અને એણે કહ્યું કે જે તીર્થંકર દેવની આ પ્રતિમા છે તે 'તત્ત્વ' છે, એમણે કહેલો ધર્મ છે અને યજ્ઞ ઇત્યાદિ વિડંબના છે. શ્લો. ૬૯માં કાયચિન્તાર્થ અર્થાત્ દિશા જવા માટે પ્રભવસ્વામી ચંપાનગરીના પરિસરમાં ગયા એમ કહ્યું છે. શ્લો. ૭૮માં એ વાત છે કે પ્રભવસ્વામી કહે છે કે તારા પિતામાં અને આ હું તારા કાકામાં કશો ભેદ નથી.

અહીં જે નારદની વાત અપાઈ છે તે શાના આધારે હશે એ જાણવું બાકી રહે છે, તો એ ઉપર સપ્રમાણ પ્રકાશ પાડવા બહુશ્રુતોને મારી વિજ્ઞપ્તિ છે.

---

* ધુવ્વન્તિ એવો જે પાઠ છપાયો છે તે 'ધુવ્વતિ' હોવો જોઈએ એમ માની મેં આ અર્થ કર્યો છે, કેમકે ધુવ્વ્ ધાતુનો અર્થ ધોવું, પ્રક્ષાલન (પખાલ) કરવું એમ થાય છે. છાયામા ધ્રુવેતિ એવો જે ઉલ્લેખ છે તે તો ધુવત્તિ પાઠ હોત તો સમુચિત ગણાત. વિશેષમાં એવો પાઠ માનતાં પણ પ્રતિમાને અચળ–નિત્ય કહેવામાં કંઈ હેતુ સધાતો હોય એમ જણાતું નથી એટલે અર્થદૃષ્ટિએ એ અસંગત ગણાય એટલે મેં અન્ય પાઠ કલ્પ્યો છે.

[૬]

શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલે "સમીસાંજનો ઉપદેશ [શ્રી દશવૈકાલિકસૂત્ર]" નું સંપાદન કર્યું છે. આના ઉપોદ્ઘાત (પૃ. ૩) માં સૂચવાયું છે કે "હરિભદ્રસૂરિની કથામાં જ્યાં કેટલુંક સંદિગ્ધ તેમજ અણુકથ્ય રહી જાય છે, ત્યાં હેમાચાર્યની કથા સ્પષ્ટ વિવરણ આપે છે. એટલે અહીં તો તે બંને કથાઓ મળીને થતી એક કથા જ આપીશું." આ ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે ઉપોદ્ઘાતના લેખકે દસવેયાલિયની ચુણ્ણિ જોઈ હોય એમ લાગતું નથી, જોકે એ ઈ. સ. ૧૯૩૩માં પ્રસિદ્ધ થઈ છે, જ્યારે ઉપર્યુક્ત સંપાદન તો ઈ. સ. ૧૯૪૦માં—૭ વર્ષ બાદ પ્રકાશિત થયું છે.

પૃ. ૫ માં ઉપર્યુક્ત ઉલ્લેખના અંતને ઉદ્દેશીને એવું ટિપ્પણ છે કે "મૂળ કથાનો આ ભાગ સમજાતો નથી. હરિભદ્રસૂરિની કથામાં એ ભાગ આ પ્રમાણે છે: 'આ યજ્ઞ-સ્તંભની નીચે...'.હેમાચાર્યે આ ભાગને વિસ્તાર્યો છે....પરમ અર્હંત એવો નારદ વિધ્વંસ કરી નાખે છે."

આ ટિપ્પણનો હવે પછીનો ભાગ વિચારું તે પૂર્વે એ કહીશ કે મને તો પરિશિષ્ટ-પર્વમાં આપેલી કથા કે હારિભદ્રીય ટીકામાંની કથામાં કશું સંદિગ્ધ જણાતું નથી. વિશેષમાં આ ટિપ્પણમાં નારદને 'આર્હત' એટલે અર્હંત્ યાને જિનના અનુયાયી કહેવાને બદલે તેમને જ 'અર્હંત' યાને 'તીર્થંકર' ગણ્યા છે એ તો દેખીતી ભૂલ છે. નાયા-ધમ્મકહામાં દ્રૌપદીના અધિકારમાં નારદ સર્વવિરતિથી રહીત હોવાને લીધે તો દ્રૌપદી એનું સન્માન કરતી નથી એવી વાત છે એટલે જો આ જાતના આ નારદ પણ હોય તો એ કોઈ જૈન સાધુ ગણાય નહિ તો જૈનોના દેવરૂપ તીર્થંકર તો ક્યાંથી ગણાય? વિશેષમાં અરિહંતના અર્થમાં અહીં જે 'અર્હંત' શબ્દ વપરાયો છે તે શું ઉચિત છે?

"વિધ્વંસ કરી નાખે છે." એવા ઉલ્લેખ બાદ નવીન કંડિકારૂપે નીચે મુજબ આ ટિપ્પણ લંબાવાયું છે:—

"આ જવાબથી શું સૂચવાય છે તે સમજી શકાતું નથી. યજ્ઞોમાં સ્તંભ નીચે મહાવીરની પ્રતિમા રાખવામાં આવતી હતી તેવો બ્રાહ્મણગ્રંથોમાં તો ક્યાંય ઉલ્લેખ મળતો નથી. શતપથ બ્રાહ્મણ, કાત્યાયન શ્રૌતસૂત્ર આદિ ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે યજ્ઞક્રિયાની શરૂઆતમાં 'મહાવીર' નામનું પાત્ર વિશિષ્ટ વિધિ પ્રમાણે તૈયાર કરવામાં આવે છે તથા તેને વિષ્ણુ તથા સૂર્યના પ્રતીક તરીકે પૂજવામાં આવે છે. તે પાત્રનો જ સમાન નામને કારણે અહીં ભૂલભર્યો ઉલ્લેખ થયો હોય તેવી કલ્પના જાય છે બાકી તો, કથાનો આ ભાગ તૂટક અથવા તો સંદિગ્ધ છે, એમ માનવું જોઈએ. અર્હંતની પ્રતિમા યજ્ઞ નીચે રાખવાથી જ બીજા અર્હંત એ હિંસક યજ્ઞની રક્ષા કરે કે તેને અનુમતિ આપે એ કેવી વિચિત્ર કલ્પના છે!'

આ ઉપરથી નીચેના પ્રશ્નો સ્ફુરે છે!

(૧) જૈન સાહિત્યમાં જે કોઈ વૈદિક હકીકત અપાઈ હોય તેનો ઉલ્લેખ બ્રાહ્મણાદિ સાહિત્યમાં શું હોવો જ જોઈએ? વેદો કે તમામ બ્રાહ્મણો સંપૂર્ણતયા આજે ઉપલબ્ધ છે ખરા?

(૨) યજ્ઞમાં સ્તંભની નીચે મહાવીરની પ્રતિમા રખાની એવું તો ઉપર્યુક્ત એકે સાધનમાં કહ્યું નથી. સર્વત્ર જિનની પ્રતિમા એવો[10] બાંધેભારે ઉલ્લેખ છે. પજ્જોસવણાકપ્પ (કલ્પસૂત્ર)ની કેટલીક ટીકામાં શાંતિનાથની પ્રતિમાનો આ પ્રમાણે ઉપયોગ થયાનો ઉલ્લેખ છે. આ પરિસ્થિતિમાં મહાવીરની પ્રતિમા એમ કહેવા માટે શું પ્રમાણ છે?

(૩) જૈનના અગ્રગણ્ય મુનિવરો—મહાવીરસ્વામીના અગિયારે ગણધરો વેદાદિમાં પારંગત બ્રાહ્મણો હતા. તો વૈદિક વિધિ વગેરેથી, એમના પ્રખર બ્રાહ્મણ સંતાનીયો, અપરિચિત હતા એમ માનવું યુક્તિયુક્ત છે? શું હરિભદ્રસૂરિનો વૈદિક અભ્યાસ લેખાણ હશે કે તેમણે ઉપર્યુક્ત વિધાન કર્યું? શું સુષિર જેવા સાધનનો ઉપયોગ કરતી વેળા તેમણે કશો વિચાર જ નહિ કર્યો હશે? શું હેમચન્દ્રસૂરિએ પણ કંઈ વિચાર્યું નહિ?

(૪) કેટલાક વિધિવિધાનનો ગર્ભિત હેતુ ઇત્યાદિ ગુપ્ત રખાય છે તો આવું કંઈ જિનપ્રતિમા રાખવાના સંબંધમાં ન જ હોઈ શકે?

(૫) નારદને 'અર્હંત' યાને અરિહંત માનવાની ભૂલ અહીં ફરીથી થઈ છે એ વાત બાજુ ઉપર રાખીએ તોપણ કોઈ જિનનો ભક્ત જિનના પ્રતિમાનું પૂજન વગેરે થતું જોઈને અનુચિત આચરણનો છડેચોક વિરોધ ન કરતાં એ બાબત આંખમીંચામણાં કરવા પ્રેરાય એ શું અસંભવિત છે?

હિંદુ મંદિરોનો મુસલમાનોને હાથે નાશ થતો અટકાવવા માટે એની મસ્જિદના જેવો ભાસ આપનારી યોજના ઘડાવાનું અને એમ થવાથી એ મંદિરોનું મુસલમાનોને હાથે ખંડન ન થયાની જે વાત છે તેમાં શું કશુંયે તથ્ય નથી?

કથામાં જે જે પ્રસંગ વર્ણવાય તેને તેને નિયમ તરીકે જ ગણવો એવો નિયમ કોઈ સ્થળે જૈન સાહિત્યમાં—પ્રામાણિક ગ્રન્થમાં નથી. અમુક જૈન અમુક રીતે વર્તે એટલે શું તેમ કરવાની એ જિનાજ્ઞા છે એમ માનવું ઉચિત છે?

ઉપોદ્ઘાતના વિદ્વાન્ લેખક મહાશય આ પ્રશ્નો વિચારી એના સપ્રમાણ ઉત્તર આપવા કૃપા કરશે તો હું એમનો આભારી થઈશ એટલો નિર્દેશ કરતો હું વિરમું છું.

ગોપીપુરા, સુરત, તા. ૧૫-૪-૪૮

---

૧૦ જુઓ વિનયવિજયગણિએ વિ સં. ૧૬૯૬માં રચેલી સુબોધિકા (પત્ર ૧૬૧આ) અને ઉપાધ્યાય સમયસુન્દરે વિ. સં. ૧૬૮૪-૫ માં રચેલી કલ્પલતા (પત્ર ૨૧૮ આ). કલ્પકિરણાવલીમાં કે સંદેહવિષૌષધિમાં શાન્તિનાથનું નામ નથી તો કલ્પલતામાં આવો ઉલ્લેખ શાને આધારે છે તે જાણવું બાકી રહે છે.

જૈનધર્મનું સામાન્ય જ્ઞાન

લેખક—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

(ગતાંકથી ચાલુ)

૧૬. જંબૂદ્વીપમાં વચલા ભાગે મેરુ પર્વત આવેલો છે. એની નજીકમાં મહાવિદેહ ક્ષેત્ર, પૂર્વ પશ્ચિમ બત્રીશ મોટા ભાગોમાં વિસ્તરેલું છે. દક્ષિણ છેડે ભરત અને ઉત્તર છેડે ઐરવત નામે ક્ષેત્રો છે. આ રીતે ભરત, મહાવિદેહ અને ઐરવત રૂપ ત્રણ કર્મભૂમિઓ છે.

૧૭. કર્મભૂમિઓ એટલે જ્યાં માનવની વસ્તી પોતાનો નિર્વાહ અસિ, મસી કે કૃષી દ્વારા કરતી હોય.

૧૮ એ ત્રણ પ્રકારની કર્મભૂમિઓના અંતરાળે એક એક પર્વત અને વચમાં એકેક ક્ષેત્ર એ રીતે બે ક્ષેત્રો ભરત-મહાવિદેહના ગાળામાં અને બે ક્ષેત્રો મહાવિદેહ ને ઐરવતના ગાળામાં આવેલાં છે. એ ચાર ક્ષેત્રોમાં યુગલીઆની વસ્તી છે. તેઓ નિર્વાહ માટે માનવની માફક ખેતી આદિ સાધન નથી વાપરતા, પણ કેવળ દશ પ્રકારનાં કલ્પવૃક્ષ ઉપર આધાર રાખે છે.

૧૯. જંબૂદ્વીપ જેવી-ઉપર દર્શાવી તેવી-ગોઠવણવાળા ધાતકી ખંડ અને પુષ્કરવર દ્વીપ નામના બે દ્વીપો છે. પણ વિસ્તારમાં પ્રથમનો ખંડ ચાર ગણો અને પાછળનો દ્વીપ સોળ ગણો છે. આ ઉભયમાં માનવ તેમજ યુગલિકોની વસ્તી છે. પ્રમાણ બમણું છે અર્થાત્ એ દરેકમાં છ કર્મ ભૂમિઓ અને આઠ યુગલિક ક્ષેત્રો, જંબૂદ્વીપમાં જે નામો છે એ નામનાં, આવેલાં છે. પુષ્કરવર દ્વીપનો અર્ધ ભાગ માનુષોત્તર નામા પર્વતથી રોકાયેલ છે.

૨૦. આ રીતે ત્રણ દ્વીપો હોવા છતાં, પર્વતે રોકેલ અર્ધો ભાગ બાદ કરી, બાકીનો પ્રદેશ અઢી દ્વીપ તરીકે ઓળખાય છે. માનવ વસ્તીની છેલ્લી મર્યાદા મનુષોત્તર પર્વત પર્યંતની છે. પર્વત પર કે એનાથી આગળ માનવ વસ્તી નથી. અસંખ્યાબંધ દ્વીપ-સમુદ્રો છે છતાં મનુષ્યલોક તો અઢી દ્વીપના પ્રદેશને જ કહેવાય છે.

૨૧. નંદીશ્વર નામા આઠમો દ્વીપ છે ત્યાં ચૌમુખજી યુક્ત બાવન જિનાલયો જુદા જુદા પર્વત પર આવેલાં છે. દરેકમાં ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ નામવાળા અરિહંત બિંબો છે. એ નામો શાશ્વત એટલા સારુ કહેવાય છે કે દરેક ચોવીશીમાં અને મહાવિદેહમાં વિચરતા તીર્થપતિઓમાં એ નામના જિનો હોય છે જ. ભગવંતના કલ્યાણક પ્રસંગે આ દ્વીપ દેવો માટે મહોત્સવનું ધામ છે

૨૨. મનુષ્યલોકના નીચેના પ્રદેશમાં શરૂઆતમાં ભવનપતિ-વ્યંતર નામા દેવોના વાસગૃહો છે. એની નીચે રત્નપ્રભા આદિ સાત નરકભૂમિઓ આવેલી છે.

૨૪. મનુષ્યલોકના ઉપલા પ્રદેશમાં પ્રથમ જ્યોતિષ્ક દેવોના વિમાનો અને એથી

આગળ બાર દેવ લોકવાસી દેવોની વિમાન શ્રેણીઓ, પછી નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી દેવોનાં વિમાનો છે.

૨૪. સર્વથી ઊંચી ભૂમિને સિદ્ધશિલા તરીકે ઓળખાય છે. કર્મથી કાયમી છૂટા થનાર આત્માઓ ત્યાં રહે છે. અર્થાત્ પરમાત્માઓનું એ વાસસ્થાન છે; મુક્તિપુરી એવું બીજું નામ. મોક્ષે જવું એટલે ત્યાં જવું.

૨૫. જૈનધર્મની નજરે નરક, માનવલોક અને સ્વર્ગ રૂપ ત્રણ લોકની વાત ઉપર મુજબ છે; પ્રથમમાં દુઃખ જ વિશેષ છે, બીજામાં દુઃખસુખ મિશ્રણ રૂપે છે અને ત્રીજામાં યાને સ્વર્ગમાં સુખનું પ્રમાણ અતિઘણું છે.

૨૬. જૈનધર્મ એ ત્રણે લોકમાં રહેનારા જીવોને આઠ પ્રકારનાં કર્મોથી ઘેરાયેલ માને છે. જ્યાં સુધી એ કર્મો છે, ત્યાં સુધી આધિ, વ્યાધિ અને ઉપાધિ છે જ. એથી સાચું એવું આત્મિક સુખ નથી. જ્યાં આત્મા કર્મના પાશમાં પરતંત્ર હોય ત્યાં સાચી સ્વતંત્રતા ન જ હોય.

૨૭. આત્માનું પૂર્ણ સ્વાતંત્ર્ય તો કેવળ સિદ્ધશિલા પર વસનારા મુક્ત આત્માઓ જ ભોગવે છે. કર્મોથી છુટકારો મેળવી એ સ્થાને પહોંચવું એ દરેક જૈનધર્મી આત્માનું ધ્યેય હોવું જોઈએ.

૨૮. આઠ કર્મો તે ૧ જ્ઞાનવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૫ આયુ, ૬ નામ, ૭ ગોત્ર અને ૮ અંતરાય. એ સર્વાં જબરા આંટીઘુટીવાળાં છે.

૨૯. કર્મોને જડમૂળથી ઉખેડી નાંખવા સારુ તીર્થંકર થનાર આત્માની દોરવણી જ ઉપયોગી છે. કેમકે તેઓ જાતે તરેલા છે તેથી અન્યને તારવા સમર્થ છે.

૩૦. આપણા આ ભારત યાને હિંદુસ્તાનમાં આ અવસર્પિણી કાળમાં એવા ચોવીશ તીર્થંકર થયેલા છે. એમાંના છેલ્લા તે શ્રીમહાવીરસ્વામી.

૩૧. ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભુ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભુ, સુવિધિ, શીતળ, શ્રેયાંસ, વાસુપૂજ્ય સ્વામી, વિમળ, અનંત, ધર્મ, શાંતિનાથ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી રૂપ ચોવીશ નામો અનુક્રમે ચોવીસ તીર્થંકરોનાં છે. 'લોગસ્સ'સૂત્રમાં અને મોટી શાંતિમાં આ નામો આવે છે.

૩૨ પહેલા ઋષભદેવ યાને આદિનાથ, સોળમા શાંતિનાથ, બાવીશમા શ્રી અરિષ્ટનેમિ યાને નેમનાથ, ત્રેવીશમા પાર્શ્વનાથ તથા ચોવીશમા શ્રી. મહાવીરસ્વામી વધુ જાણીતા છે.

૩૩ કાઠિયાવાડમાં આવેલ શ્રી શત્રુંજય તીર્થ અને ઉદેપુર નજીકનું શ્રી કેશરીયાજી તીર્થ એ પ્રથમ તીર્થપતિ ઋષભદેવના સ્મૃતિસૂચક ધામ છે. જૂનાગઢ નજીકનું ગિરનાર એ બાવીશમા નેમિનાથનું, પૂર્વમાં આવેલ સમેતશિખર એ પાર્શ્વનાથનું તેમજ પાવાપુરી એ મહાવીર પ્રભુનું સ્મરણ કરાવતું ધામ છે. આબુ ઉપર સ્થાપના પ્રથમ તેમજ બાવીશમા જિનની છે. અષ્ટાપદ તીર્થ આ કાળમાં અજ્ઞાત છે.

૩૪. આત્મકલ્યાણમાં પ્રભુમૂર્તિ અને પ્રભુકથિત આગમ ઉપકારી છે.

૩૫. ધર્મશાસ્ત્રોમાં પિસ્તાળીશ આગમ મુખ્ય ગણાય છે.

માર્ગદર્શક કોણ?

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

(૧)

મહાવિદેહ ક્ષેત્રમાં મહાવપ્ર વિજયમાં પૃથ્વીપ્રતિષ્ઠાન નામે એક નાનું પણ રમણીય ગામ હતું. તે ગામ ઉપર શત્રુમર્દન રાજાનું શાસન ચાલતું હતું. જયન્તી રાજધાનીનું શહેર હતું. ગામેતી નયસાર પૃથ્વીપ્રતિષ્ઠાનનો કારભાર સંભાળતો હતો. એ નાના ગામડાની આવક બહુ વિશાળ ન હતી. ગામથી બહુ દૂર નહિ અને બહુ નજીક નહિ એવી રીતે વિશાળ વન આવ્યું હતું. વન મહાકાય વૃક્ષોથી સમૃદ્ધ હતું નાના એવા ગામનું નામ પૃથ્વીપ્રતિષ્ઠાન એ આ વનને લઈને સાર્થક હતું. એ મહાવનમાં સાગ, સેવન, સીસમ, આમ્બા, લીંબડા, અશોક, જાંબુ, મહુડા વગેરે વિશાળ વૃક્ષો થતાં હતાં. નયસાર ગામનો કારભાર કરી જાણતો એટલું જ નહિ, પણ વનવ્યવસ્થાનો પણ તેને પૂરો અનુભવ હતો. કયું ઝાડ કેટલાં વર્ષે પાકટ થાય, જુદાં જુદાં વૃક્ષોનાં જુદાં જુદાં કાષ્ઠ શા શા ઉપયોગમાં આવે, કયા કયા વૃક્ષને કેવું પોષણ આપ્યું હોય તો તે વધારે સુન્દર અને વિશેષ ઉપજવાળું બને ઇત્યાદિ વનવૃક્ષવિષયક જ્ઞાન નયસારને ઘણું જ સારું હતું.

તેણે વનમાં વૃક્ષોના જુદા જુદા વિભાગ કરી રાખ્યા હતા. જુદાં જુદાં વૃક્ષો ઉપર અનુક્રમે અંક અંકિત કર્યા હતા. કયું વૃક્ષ ક્યારે વાવ્યું, તેનું પ્રથમ છેદન ક્યારે થયું, પુનઃ છેદન ક્યારે કરવું તેની વિગતવાર યાદી તેની પાસે હતી.

આ વન ઉપર હજારો માણસોની આજીવિકા હતી. આ વનનાં કાષ્ઠો દૂર દૂરના પ્રદેશમાં જતાં અને પંકાતાં. મોંમાગ્યા મૂલ્યે વ્યવહારીઆઓ અહીંથી કાષ્ઠને લઈ જતા. આ સર્વમાં નયસારની પ્રામાણિકતા ખૂબ પ્રસિદ્ધિ પામી હતી.

વનના નિયમ વિરુદ્ધ કોઈ પણ વૃક્ષ ધનલોભને કારણે છેદાતું નહિ. વનમાં કામ કરવા આવનાર કર્મકરોને કોઈ પણ રીતે દુભવવામાં આવતાં નહિ. મજૂરોને મહેનતના પ્રમાણમાં પૂરી મજૂરી આપવામાં આવતી. કામ પણ માનવ શરીરને શક્ય હોય તેટલું જ લેવાતું. કામ ચાલે ત્યાં સુધી નયસારનો વાસ પણ મહાવનમાં રહેતો. તેની મીઠી નજરથી મજૂરો પરિશ્રમનું દુઃખ ભૂલી જતા.

એ મહાવનમાં એક નિયત સ્થળે તમ્બૂઓ અને રાવટી નખાતી, ને તેમાં સર્વે રહેતા. મજૂરોને રહેવા માટે સર્વ પ્રકારની સગવડ અપાતી. જ્યારે કામ ચાલતું હોય ત્યારે વનમાં એક ગામ વસ્યું હોય એવો દેખાવ થઈ જતો. વનનાં વિકરાળ પ્રાણીઓથી બચવા ચેકી-પહેરા વગેરે સર્વ ત્યાં રહેતું.

વનની જે ઉપજ થતી તે સર્વ પાઈએ પાઈના હિસાબ સાથે શત્રુમર્દન રાજાને પહોંચી જતી. રાજા શત્રુમર્દન પણ નયસારને એવું વળતર આપતો કે કોઈને પણ અનીતિ કરવાનો પ્રસંગ ઊભો થતો નહિ.

એ વનમાં કેટલાંએક વૃક્ષો એવાં અનામત રાખવામાં આવતા કે રાજ્યને કોઈ વખત ઓચીંતું કાષ્ઠનું પ્રયોજન હોય તો હરકત ન આવે. કામધેનુ ગાયની માફક જ્યારે જોઈએ ત્યારે ત્યાંથી કાષ્ઠ મેળવી શકાતાં.

(૨)

રાજા શત્રુમર્દનનો રાજ્યવિસ્તાર દિવસે દિવસે વધતો જતો હતો. શત્રુમર્દન રાજાના ભયથી આજુબાજુના કેટલાયે રાજાઓ રાજાને વશ થયા હતા અને કેટલાયને રાજાએ વશ કર્યા હતા.

રાજ્યના વિસ્તારની સાથે રાજધાની જયન્તી નગરીનો વિસ્તાર પણ વધતો હતો. રાજસભાનો વિશાળ પ્રાસાદ હવે સંકુચિત જણાતો હતો. રાજ્યને અનુરૂપ નવી રાજસભાનું નિર્માણ અનિવાર્ય હતું.

એકદા રાજાએ નવીન રાજસભાના નિર્માણ માટે મંત્રી વગેરેને આદેશ કર્યો, શિલ્પિઓને બોલાવ્યા, મીસ્ત્રીઓ હાજર થયા. સલાટો શસ્ત્રો—ઓજારો સજવા લાગ્યા. નકશાઓ તૈયાર થઈ ગયા.

સુમુહૂર્તે રાજસભાનું ખાત થયું. આ સર્વ તૈયારીમા ફક્ત એક જ ખામી હતી; તે એ કે પ્રાસાદને પૂરું પડે તેટલું કાષ્ઠ ન હતું.

પ્રતિષ્ઠાનપુરથી કાષ્ઠ કપાવાનો અને તેની રાએતા મુજબ વ્યવસ્થા કર્યાનો હિસાબ થોડા જ માસ ઉપર આવી ગયો હતો, એટલે બીજા સારા કાષ્ઠ માટે બારબાર વરસની રાહ જોવી પડે તેમ હતું.

આમ તો કાષ્ઠનો કાંઈ તૂટો જ ન હતો, અને બીજેથી પણ મળી શકે તેમ હતું, છતાં પોતાનું સર્વોત્તમ કાષ્ઠ મૂકી બીજાને વિશેષ મૂલ્ય આપી મન પ્રસન્ન ન થાય એવું કાષ્ઠ લેવા કોઈને રુચિ થતી ન હતી.

મંત્રીએ પોતાની આ મૂંઝવણ રાજાને કહી. રાજા ખરેખર રાજા હતો, તેણે તરત જ એક આદેશપત્ર લખાવી સહીસિક્કા સાથે નયસાર ઉપર મોકલી આપ્યો. તેમાં વગર સંકોચે ઊંચી જાતનું પૂરતા પ્રમાણમાં કાષ્ઠ મોકલવા જણાવ્યું હતું. કાષ્ઠ શા માટે જોઈએ છે તે પણ તેમાં લખ્યું હતું.

આદેશપત્ર લઈને શીઘ્ર કાસદ રવાના થયો અને જોતજોતમાં પ્રતિષ્ઠાનપુર પહોંચી ગયો. ત્યાં પહોંચી તેણે આદેશપત્ર નયસારને આપ્યો.

આદેશપત્ર વાંચતાંની સાથે સ્વામીભક્ત નયસારને આનંદ ઊપજ્યો, ને પ્રત્યુત્તરમાં પ્રમોદ પૂર્વક વહેલી તકે મંગાવેલ જાતવાર કાષ્ઠો મોકલવા લખી આપ્યું.

આગતાસ્વાગતા સાથે કાસદને વેળાવી તરત જ તેણે વનમાં જવાની તૈયારી કરી.

(૩)

ગ્રીષ્મ ઋતુ હતી, દિવસ ચડતો હતો, તાપ સખત પડતો હતો, તે સમયે ગ્રામરક્ષક નયસાર મહાવનમાં પોતાના ભૃત્યો સાથે એક શાતળ વૃક્ષની છાયામાં વિશ્રામ લઈ રહ્યો હતો.

રાજાના આદેશ અનુસાર કાષ્ઠની વ્યવસ્થા થઈ ગઈ હતી. માથા ઉપરથી ભાર ઊતર્યો હોય તેમ સર્વે વાર્તા-વિનોદની મીઠી મોજ માણી રહ્યા હતા. ભોજનની તૈયારીને

કંઈક વાર હતી, જંગલમાં આજનો છેલ્લો દિવસ હતો. વળતી સવારે પડાવ ઉપાડી લેવાનો હતો.

તે સમયે નયસારના મનમાં એક સુંદર વિચાર પ્રકટ્યો, કે આવા ભીષણ વનમાં કોઈ સાધુસન્ત-ઋષિમુનિ કે અતિથિ આવી મળ્યા હોય, તેમને ભોજન આપીને ભોજન થાય તો તે, ગામમાં પોતાને ઘેર દાન આપીને ભોજન કરવા કરતાં હજારગણું મહત્ત્વનું ગણાય.

ઉચ્ચ આત્માઓના અભિલાષ કદી પણ અફળ નથી હોતા, કારણ કે એ અભિલાષ પાછળ પૂરતો પ્રયત્ન અને તકેદારી હોય છે. નયસારે પોતાનો આ પવિત્ર વિચાર પોતાના સાથીદારોને જણાવ્યો. એ સાંભળી સર્વ ખુશી થયા અને જુદા જુદા રસ્તા ઉપર જુદા જુદા માણસોને તપાસ કરવા મોકલી આપ્યા.

નયસાર પોતે પણ માણસને વિશ્વાસે-ભરોસે બેસી ન રહ્યો; એક રસ્તે કેટલેક દૂર જઈ ચારે તરફ નજર ફેરવવા લાગ્યો. વનમાં વિશેષ રહેવાને કારણે તેની નજરમાં દૂરદૂર જોવાની શક્તિ આવી હતી. એટલે તેની સૂક્ષ્મ દૃષ્ટિએ દૂરદૂર સફેદ વસ્ત્રથી આચ્છાદિત અને આડે માર્ગે ચડી ગયેલ આકૃતિઓ ઝડપી લીધી.

આડમાર્ગે ઉતાવળે પગે નયસાર શીઘ્ર ત્યાં પહોંચ્યો. સાક્ષાત્ ધર્મમૂર્તિસમા મુનિવરોને પ્રવાસના પરિશ્રમથી ખિન્ન જોયા. નયસારે તેમને હાથ જોડી પૂછ્યું :

" આપ અહીં આ બાજુ કઈ તરફ પધારો છો ? આ માર્ગે કોઈ અભીષ્ટ નગર કે યાત્રાસ્થળ નથી. દૂરદૂર જંગલમાં આ રસ્તો જાય છે. આગળ હિંસક પશુઓનો પૂરો ભય છે. મને લાગે છે કે આપ માર્ગ ભૂલ્યા છો. "

" મહાનુભાવ ! તમારું કથન સર્વથા સત્ય છે. અમે માર્ગ ચૂકી વિમાર્ગે ચડી ગયા છીએ. આ વનની વિકટતા દેશ વિદેશમાં વિખ્યાત છે, માટે જ અસહાય કોઈ આ વનનો પાર પામી શકાતું નથી. અમે આ વનને વીતાવવા-પાર પામવા એક સાર્થની સાથે નીકળ્યા હતા. ગત દિવસની વાત છે. વન અટવાનું છે, વનમાં નિર્દોષ આહારાદિનો યોગ સુલભ ન બને, એમ વિચારી અમે બન્ને આહાર માટે ગોચરી લેવા વનની નજીક આવેલા ગામમાં ગયા હતા; પાછા ફર્યા ત્યાં તો સાર્થ પ્રયાણ કરી આગળ નીકળી ગયો હતો. પગલાંના નિશાનને અનુસાર અમે કેટલેક દૂર સાથની પાછળ પાછળ ગયા, પણ ભેવટે વાવટોળથી પગલાં પણ ન જણાયાં અને આજે માર્ગ શોધતાં અહીં આવી ચડ્યા છીએ. "

મુનિવરોની સઘ વાત સાંભળીને નયસાર આવેશ પૂર્વક બોલી ઊઠ્યો: ' કેવો નરાધમ, પાપી, સ્વાર્થી સાર્થવાહ ! ઘડી વાર વધુ રોકાવામાં એ સાર્થવાહનું શું લુંટાઈ જવાનું હતું કે આપને એકલા મૂકીને એ ચાલતો થયો ? શું તેને ખબર ન હતી કે વન કેવું વિષમ છે ? સાથે આવેલ મુનિઓ આ વનમાં પ્રાણાન્તિક આપત્તિમાં આવી પડે તો તેની જવાબદારી કોની ! કોને વિશ્વાસે—કોને આધારે મુનિઓ સાથે ચાલ્યા હતા ? સંભાવિત મુનિહત્યાના ભાવિદોષે દૂષિત સાર્થવાહ નરક સિવાય બીજે ક્યાં જશે ?" નયસારને શાંત પાડતા મુનિવરો બોલ્યા: "મહાનુભાવ ! એમ ઊંચા ન બનો. એ એક વેપારી જીવ, પણ

અમે એની સાથે હતા. અમારી પણ ફરજ હતી કે અમારે લઈને એમને રોકાવું ન પડે; જેમ બને તેમ જલદી વનમાંથી નીકળાય એ લક્ષ્ય એમનું હોય તેમાં અમારે વિઘ્ન કરવો કોઈ રીતે ઉચિત ન હતો. કર્મવશ કષ્ટ આવે છે—આ વનમાં એવા કોઈ કષ્ટ અમને આવી પડત તો તેમાં કર્મનિર્જરાનો લાભ જ મળત. સારું થયું, તમે આવી મળ્યા અને અમને ચેતવ્યા.'

પછી નયસારે કહ્યું : "પૂજ્યો ! આપ મારી સાથે પધારો. આ વનમાં નજીકમાં જ મારી છાવણી છે. આજ મારા ભાગ્યનો ઉદય છે, કે મારી અભિલાષાને અનુસાર આપનો સુયોગ મને મળ્યો છે. વનનાં કાષ્ઠ કપાવવાનું અનિચ્છનીય કાર્ય મારે કરાવવું પડે છે. તેમાં આજે કોઈ મહાત્મા પુરુષ અહીં આવી મળે તો તેમને ભોજન કરાવી કાંઈક સુકૃત ઉપાર્જું" એવો વિચાર મને થયો ને તેની તપાસમાં ફરતાં આપનાં દર્શન મને સાંપડ્યાં.

આપ મારી સાથે પધારો. નમતે પહોરે હું આપને સાર્થ સાથે ટૂંકે રસ્તે પહોંચાડી દઈશ. સાર્થ કઈ તરફ જાય છે તેની મને પૂર્ણ માહિતી છે. આ વનના નાના મોટા દરેક માર્ગોથી હું સારી રીતે પરિચિત છું.

* * *

ખાઈ–પી, આરામ કરી નયસારે તૈયારી કરી અને મુનિઓ પણ સંયમાધાર શરીરને ભાડું આપી આવશ્યક સ્વાધ્યાયાદિ કરી તૈયાર થયા.

કેડી રસ્તે છાંયે છાંયે નયસાર તેમને લઈ જતો હતો. થોડુંઘણું ચાલ્યા ન ચાલ્યા ત્યાં તો સાર્થની ઊડતી ધૂળ દેખાવા લાગી. લગભગ સાર્થની નિકટ આવી પહોંચ્યા બાદ નયસારે હાથ જોડી પાછા વળવાની અનુમતિ મુનિઓ પાસે માંગી.

પાછા ફરતા નયસારને મુનિઓએ કહ્યુ: "મહાનુભાવ ! આ માર્ગ બતાવી, સાર્થ ભેળા કરી તમે આજે ખરેખર મહત્ પુણ્ય ઉપાર્જ્યું છે. છતાં તમને એક સત્ય હકીકત કહેવી અમને ઉચિત લાગે છે, તે એ છે કે, તમે એક મોટા જંગલમાં માર્ગ ભૂલ્યા ઘણા વખતથી ભમ્યા કરો છો."

"પૂજ્ય ! એ શું ? તમે કયા જંગલની ને કયા માર્ગની વાત કરો છો ?" નયસારે પૂછ્યું

"મહાનુભાવ ! આ સંસાર એ અતિશય ભયંકર જંગલ છે. ધર્મ એ એક જ તેમાં સારો માર્ગ છે. રાગ દ્વેષને જીતનાર અરિહંત એ દેવ, માયા મમતાના ત્યાગી એ ગુરુ, અને જિનવર ભાષિત કર્તવ્ય એ ધર્મ. આ એક જ સંસાર અટવીને પેલે પાર પહોંચવાનો માર્ગ છે. એ માર્ગે નહિ ચડેલા આ અટવીમાં અટવાયા કરે છે. તમે એ માર્ગે ચડો ને સુખી બનો એટલું જ અમારુ તમને કહેવું છે." મુનિઓએ સમય પરખી કહ્યું. લઘુકર્મી નયસારે મિથ્યાત્વની ગાંઠ તોડી અને સમ્યક્ત્વ સ્વીકાર્યું. મુનિઓ સાર્થ સાથે થયા અને નયસાર પોતાને સ્થાને આવ્યો. સાચા માર્ગદર્શક કોણ ? નયસાર કે મુનિવરો ?

આ નયસારનો જીવ એ જ ભગવાન્ શ્રીમહાવીરસ્વામીનો આત્મા.

અમદાવાદ, પાંજરાપોળ, જ્ઞાનશાળા.

સં. ૨૦૦૪, ફા વ. ૩

પ્રશ્નોત્તર-પ્રબોધ

રચયિતા—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયપદ્મસૂરિજી

(ક્રમાંક ૧૩૯થી શરૂ : ક્રમાંક ૧૪૯થી શરૂ : આ અંકે પૂર્ણ)

૬૮ પ્રશ્ન—ચાર મૂળસૂત્રોના મૂળસૂત્રાદિનુ પ્રમાણ શું ?

ઉત્તર — ૧ આવશ્યકસૂત્ર, ૨ દશવૈકાલિકસૂત્ર, ૩ ઉત્તરાધ્યયન સૂત્ર, અને ૪ ઓઘનિર્યુક્તિ (પિંડનિર્યુક્તિ) આ ચાર મૂળસૂત્રો કહેવાય છે. તેમાં આવશ્યક સૂત્રની ટુંક બીના આ પ્રમાણે જાણવીઃ સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન—આ ૭ આવશ્યકોની બીના અહીં જણાવી છે (૧૦૦). ૨ શ્રી. ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિ, ૨૫૫૦ (ગાથા), ૩૧૦૦ શ્લોકપ્રમાણ છે. ૩ આવશ્યક ચૂર્ણિ ૧૬૬૦૦ ગાથા અને ૧૮૪૭૪ શ્લોકપ્રમાણ છે. ૪ આવશ્યકસૂત્રની હારિભદ્રીય ટીકાનું પ્રમાણ ૨૨૦૦૦ શ્લોક છે. આ ટીકાનાં કઠીન પદોને અંગે શ્રીમલધારિ હેમચંદ્રસૂરિજીએ ૪૬૪૦ શ્લોકપ્રમાણ ટિપ્પણ બનાવ્યું છે. ૫ શ્રીમલયગિરિ મહારાજે, ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી, તેના ત્રણ ભાગ શ્રી આગમોદયસમિતિએ છપાવ્યા છે. છેવટનો ભાગ અમુદ્રિત છે. ૬ શ્રીતિલકસૂરિકૃત લઘુ ટીકાનું પ્રમાણ ૧૨૩૨૫ શ્લોક છે અને તેની રચના વિ૦ સં૦ ૧૨૯૬માં થઇ છે. ૭ આવશ્યકની અવચૂરનાં પત્ર ૨૨૬ છે. ૮ શ્રીહરિભદ્રસૂરિ મહારાજે ૮૪૦૦૦ શ્લોકપ્રમાણ આવશ્યક ટીકા બનાવી હતી. અને તેઓએ પોતે જ તેમાથી ટૂંકી કરીને ૨૨૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી એમ મુદ્રિત મોટી ટીકાની ટિપ્પણીમાં જણાવ્યું છે. ૯ માનેમિસાધુએ વિ૦ સં૦ ૧૧૨૮માં સાધુપ્રતિક્રમણાદિ ષડ્વિધ આવશ્યક સૂત્રની ટીકા બનાવી. ૧૦ શ્રીદેવેન્દ્રસૂરિજીએ ચૈત્યવંદન ભાષ્ય, ગુરુવંદન ભાષ્ય, અને પ્રત્યાખ્યાન ભાષ્ય—આ ત્રણ ભાષ્યની રચના [illegible] અનુક્રમે તે દરેકની ૬૩, ૪૧, ૪૮ ગાથાઓ જાણવી. ૧૧ શ્રીધર્મઘોષસૂરિજીએ ચૈત્યવંદના ભાષ્યની ઉપર ૮૫૦૦ શ્લોકપ્રમાણ, સંઘાચાર નામવાળી, ટીકા બનાવી. ૧૨ ખરતરગચ્છીય શ્રીતરુણપ્રભસૂરિએ બાલાવબોધ નામની ચૈત્યવંદનાવૃત્તિ. વિ. સ. ૧૩૩૧માં ૭૦૦૦ શ્લોકપ્રમાણ બનાવી. ૧૩ ગાથાબદ્ધ ચૈત્યવંદનાવિચારમાં ચૈત્યવંદના સૂત્રની વ્યાખ્યા કરી છે. ૧૪ શ્રીશાંતિસૂરિ મહારાજે પ્રાકૃત ૯૨૨ ગાથાપ્રમાણ ચૈત્યવંદના મહાભાષ્ય બનાવ્યું, તેમાં ચૈત્યવંદનાનાં સૂત્રોની વ્યાખ્યા કરી છે ૧૫ ચૈત્યવંદના ભાષ્યની બીજી ટીકા છે, પણ તેના કર્તાનું નામ જણાવ્યું નથી. ૧૬ ચૈત્યવંદનાદિ વૃત્તિ કુલપ્રદીપ નામની છે તેનું પ્રમાણ ૨૪૫૮ શ્લોક છે. ૧૭ શ્રી તિલકસૂરિમહારાજે ચૈત્યવંદના-વંદનક-પ્રત્યાખ્યાન આવશ્યકની ટીકા ૫૫૦ શ્લોકપ્રમાણ બનાવી. ૧૮ શ્રીદેવેન્દ્રસૂરિજીએ ચૈત્યવંદનાદિ સૂત્રોની વ્યાખ્યા ૨૭૨૦ શ્લોકપ્રમાણ કરી. ૧૯ શ્રીઅકલંકદેવસૂરિએ ચૈત્યવંદનાદિ સૂત્ર-સાધુ-શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રપદપર્યાયમંજરી નામની ટીકા બનાવી. ૨૦ ઉપાધ્યાયથકી, ચૈત્યવંદના-સૂત્ર વદનકાનિ. ૨૧ શ્રીયશોદેવસૂરિએ વિ. સં. ૧૧૭૪માં ૧-ઇર્યાપથિકીસૂત્રની ૧૫૦ શ્લોક પ્રમાણચૂર્ણિ ૨-ચૈત્યવંદનાસૂત્રની ૮૪૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિ અને ૩-વંદનકસૂત્રની ૭૨૦ શ્લોકપ્રમાણ ચૂર્ણિ બનાવી. ૨૨ ચૈત્યવંદનાસૂત્રની હારિભદ્રીય-લલિતવિસ્તરા ટીકાનું પ્રમાણ ૧૨૭૦ શ્લોક છે. ૨૩ વાદિદેવસૂરિના ગુરુ શ્રીમુનિચંદ્રસૂરિએ ૧૮૦૦ શ્લોકપ્રમાણ લલિતવિસ્તરાટિપ્પનકની રચના કરી. ૨૪ શ્રીપાર્શ્વમુનિએ ૯૫૬ વર્ષે ચૈત્ય-સાધુવંદન-શ્રાવકપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ ૨૦૦૦ શ્લોકપ્રમાણ બનાવી છે. ૨૫ સાધુપ્રતિક્રમણસૂત્ર ૧૩૦ શ્લોકપ્રમાણ છે.

૨૬ શ્રીજિનદેવસૂરિએ વિ૦ સં૦ ૧૧૮૩માં ૨૯૩ ગાથાપ્રમાણ, શ્રાદ્ધ સામાયિક-પ્રતિક્રમણ-સૂત્ર વ્યાખ્યાપ્રકરણ બનાવ્યું, તેનું પ્રમાણ ૩૬૫ શ્લોક છે. ૨૭ શ્રીતિલકસૂરિએ શ્રાદ્ધ-પ્રતિક્રમણસૂત્રની ૩૦૦ શ્લોકપ્રમાણ નાની ટીકા બનાવી, તથા સાધુપ્રતિક્રમણસૂત્રની ૨૯૬ શ્લોકપ્રમાણ વૃત્તિ પણ બનાવી ૨૮ શ્રી હરિભદ્રસૂરિજીએ ચૈત્યવંદનાસૂત્રની ૪૮૨ શ્લોકપ્રમાણ ટીકા બનાવી. ૨૯ આવશ્યકબૃહદ્વૃત્તિમાંની પણ સાધુપ્રતિક્રમણસૂત્રની વૃત્તિ છે. ૩૦ શ્રીજિનપ્રભસૂરિજીએ ૧૩૬૪ની સાલમાં સાધુપ્રતિક્રમણસૂત્રની વૃત્તિ રચી. ૩૧ વિજયસિંહસૂરિએ વિ૦ સં૦ ૧૧૮૩માં શ્રાવકપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિ ૪૫૯૦ શ્લોકપ્રમાણ બનાવી તથા શ્રી ચંદ્રસૂરિએ વિ. સં. ૧૨૨૨માં ૧૯૫૦ શ્લોકપ્રમાણ વૃત્તિ રચી. ૩૨ શ્રીયશોદેવસૂરિએ પ્રત્યાખ્યાનસ્વરૂપ ગ્રંથ પ્રાકૃતમાં ૩૬૦ પ્રમાણવાળો બનાવ્યો. ૩૩ પ્રત્યાખ્યાનવૃત્તિનું પ્રમાણ ૫૫૦ શ્લોક છે. ૩૪ શ્રીમતિસાગરે વિ. સં. ૧૧૬૮માં પ્રાકૃત ૨૫૦ ગાથામય પંચપરમેષ્ઠિવિવરણ બનાવ્યું. આ રીતે આવશ્યકની નિર્યુક્તિ આદિની બીના જાણવી.

૨–હવે દશવૈકાલિકની નિર્યુક્તિ આદિની બીના જણાવું છું. ૧ શ્રી. ભદ્રબાહુસ્વામિકૃત નિર્યુક્તિની ગાથા ૪૪૫, ને અન્યત્ર ૪૫૨ છે. ૨ ચૂર્ણિનું પ્રમાણ ૭૦૦૦ શ્લોક, અન્યત્ર ૭૯૭૦ શ્લોક કહ્યા છે ૩ હરિભદ્રસૂરિકૃત મોટી ટીકાનું પ્રમાણ ૭૫૫૦ શ્લોક છે. ૪ શ્રીતિલકસૂરિકૃત નેમિચરિત્ર યુક્ત વૃત્તિનું પ્રમાણ ૭૦૦૦ શ્લોક છે. ૫ શ્રીસુમતિસૂરિએ નાની મોટી ટીકામાંથી ઉદ્ધરીને ૨૬૦૦ શ્લોકપ્રમાણ ટીકા રચી છે.

૩–હવે શ્રીઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિ આદિની બીના આ પ્રમાણે જાણવી:- ૧ અધ્યયન, ૩૬ શ્લોક ૨૦૦૦. ૨ નિર્યુક્તિ ભદ્રબાહુસ્વામિકૃત, ગાથા-૬૦૭, શ્લો૦ ૭૦૦. ૩ ગોવાલિય મહત્તરના શિષ્યે ૫૯૦૦, શ્લોક અન્યત્ર ૫૮૫૦ પ્રમાણ ચૂર્ણિ રચી. ૪ શ્રીનેમિચંદ્રસૂરિએ (પૂર્વ નામ દેવેન્દ્રગણિ) વિ. સં. ૧૧૨૯માં ૧૪૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી. ૫ વાદિવેતાલ શ્રીશાંતિસૂરિજીએ, ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ સૂત્રમિશ્ર મોટી ટીકા બનાવી. તેમાં પ્રાકૃત ભાગ વધારે હોવાથી તે પાઇય ટીકા અથવા પાયટીકાના નામથી પ્રસિદ્ધ છે.

૪—હવે ઓઘનિર્યુક્તિ સંબંધી બીના નીચે મુજબ જાણવી: ૧ ઓઘનિર્યુક્તિ-મૂલ ગાથા-૧૧૬૪. ૨ ચૂર્ણિ ઉપલબ્ધ નથી. ૩ ભાષ્ય ૩૦૦૦ શ્લોકપ્રમાણ, લભ્ય નથી. ૪ શ્રીદ્રોણાચાર્યે ૬૮૨૫ શ્લોકપ્રમાણ ટીકા બનાવી, તે છપાઈ છે. ૫ શ્રી મલયગિરીયા વૃત્તિ: સૂત્રમિશ્રા ૮૮૫૦, અલભ્ય છે. પિંડનિર્યુક્તિસૂત્ર-૬૦૮ ગાથાઓ, વૃત્તિનું પ્રમાણ ૪૦૦૦ શ્લોક, મળતી નથી. હરિભદ્રસૂરિએ આ પિંડનિર્યુક્તિની ૧૩૫૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી, તે અધૂરી હતી, તે દેવાચાર્યના શિષ્ય શ્રીવીરાચાર્યે ૧૭૫૦ શ્લોકમાં પૂરી કરી. સંપૂર્ણ ટીકાનું પ્રમાણ ૩૧૦૦ શ્લોક, શ્રીમલયગિરિકૃત સૂત્રમિશ્ર ટીકાનું પ્રમાણ ૭૫૦૦ શ્લોક. આ રીતે ચાર મૂલ સૂત્રોની બીના ટૂંકમાં જણાવી. ૬૮

૬૯ પ્રશ્ન—શ્રીનંદીસૂત્રની ચૂર્ણિ વગેરેનું પ્રમાણ શું ?

ઉત્તર—૧ ચૂર્ણિ ૭૩૩ વર્ષે બનાવી, તે ખંભાતના ભંડારમાં જ છે. ૨ શ્રી હરિભદ્રસૂરિ-

કૃત લઘુવૃત્તિ ૨૨૦૦ શ્લોકપ્રમાણ છે, તે શ્રી ઋષભદેવજી કેસરીમલજીની પેઢી તરફથી છપાઈ છે, તેમાં ચૂર્ણિ પણ છપાઇ છે. ૩ ચૂર્ણિ અને લઘુ વૃત્તિના આધારે શ્રીમલયગિરિજીએ, ૭૭૩૨ શ્લોકપ્રમાણ મોટી ટીકા બનાવી. ૪ ચૂર્ણિના આધારે લઘુ વૃત્તિની રચના થઈ, તેના કઠિન પદોની ઉપર શ્રીચંદ્રસૂરિજીએ ૩૩૦૦ શ્લોકપ્રમાણ ટિપ્પનકની રચના કરી. શ્રીદેવવાચકગણિએ ૭૦૦ શ્લોકપ્રમાણ મૂલ નંદીસૂત્ર, જ્ઞાનપ્રવાદ પૂર્વમાંથી ઉદ્ધરીને બનાવ્યું. પાંચ જ્ઞાનની સ્પષ્ટ બીના જાણવાનું અપૂર્વ સાધન આ સૂત્ર છે. ૬૯

૭૦ પ્રશ્ન—શ્રીઅનુયોગદ્વારસૂત્રની ચૂર્ણિ આદિનું પ્રમાણ શું ?

ઉત્તર—૧ શ્રી જિનદાસ મહત્તરે ૨૨૩૫ શ્લોકપ્રમાણ ચૂર્ણિ રચી. ૨ લઘુવૃત્તિ નથી. ૩ મલધારિ શ્રીહેમચંદ્રસૂરિ મહારાજે ચૂર્ણિના આધારે ૫૮૦૦ શ્લોકપ્રમાણ મોટી ટીકા બનાવી, તે સરલ છે. ચૂર્ણિ રતલામ શ્રી ઋષભદેવજી કેસરીમલજીની પેઢી તરફથી છપાઈ છે. શ્રી આચારાંગાદિ સૂત્રમંજૂષાની કૂંચી જેવા શ્રીનંદીસૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર છે, કારણ કે નિર્યુક્તિમાં જણાવેલ નયનિક્ષેપાની યથાર્થ બીના જાણવાનું સાધન અનુયોગદ્વાર સૂત્ર છે. ૭૦

૭૧ પ્રશ્ન—શ્રી વિશેષાવશ્યકસૂત્રના મૂલ ગ્રંથાદિનું પ્રમાણ શું ?

ઉત્તર—૧ શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણે ' કરેમિ ભંતે ' નામના સામાયિક સૂત્રના વિવરણ રૂપે ૪૦૦૦ શ્લોકપ્રમાણ આ મહાભાષ્યની રચના કરી. ૨ મલયગિરિ મહારાજે ૯૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી હતી, જે હાલ મળી શકતી નથી. ૩ શ્રી કોટચાચાર્ય મહારાજે, પ્રાયે ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી તે છપાઈ છે. ૪ મલધારી શ્રીહેમચંદ્રસૂરિકૃત મોટી ટીકા, જેનું પ્રમાણ ૨૮૦૦૦ શ્લોક છે તે, છપાઈ છે. ૧૪૦૦૦ શ્લોકપ્રમાણવાળી એક પ્રાચીન ટીકા પાટણના ભંડારમાં છે. ૭૧.

૭૨ પ્રશ્ન—છ અઠ્ઠાઇઓમાં બે અઠ્ઠાઈ શાશ્વતી કહેવાનું શું કારણ ?

ઉત્તર—૧ કાર્તિક ચોમાસાની, ૨ ફાગણ ચોમાસાની, ૩ અષાડ ચોમાસાની તથા ૪ પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની અઠ્ઠાઈ અશાશ્વતી કહેવાય છે, ને ૫ ચૈત્રની તથા ૬ આસોની અઠ્ઠાઈ શાશ્વતી કહેવાય છે અહીં શરૂઆતમાં જણાવેલી ૪ અઠ્ઠાઇઓની દરેક ચોવીશીના પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં જ જરૂર આરાધના થાય, પણ વચલા બાવીસ તીર્થંકરોના શાસનમાં તે ચાર અઠ્ઠાઇની આરાધના થાય જ, એવો નિયમ નથી. આ કારણથી તે ચાર અઠ્ઠાઇઓ અશાશ્વતી કહેવાય છે. ને બાકીની બે અઠ્ઠાઈની આરાધના ત્રણ કાળના તમામ તીર્થંકરોના શાસનમાં જરૂર થાય જ છે, તેથી તે બે અઠ્ઠાઈ શાશ્વતી કહેવાય છે. કહ્યું છે કે-

तिक्कालियजिणतित्थे, दुण्हं अट्ठाइयाण नियमेगं ॥
आराहणा तओ दो, वुत्ताओ सासया समए ॥ १ ॥
पढमंतिमजिणतित्थे नियया सेसा न सेसजिणतित्थे ॥
वुत्ता असासयाओ जिणिंदसमयम्मि णिद्दोसे ॥ २ ॥

૭૩ પ્રશ્ન—પ્રદેશોદયમાં અને રસોદયમાં ફેર શો ?

ઉત્તર—મિથ્યાત્વાદિ હેતુઓથી બાંધેલ કર્મોનું રસ સ્વરૂપે ભોગવવું એટલે જેવા

જેવા સ્વભાવવાળું કર્મ બાંધ્યુ હોય, તેવા સ્વભાવે ભોગવવું, તે રસોદય અથવા વિપાકોદય, ને ઉદયવતી બીજી અભિન્ન પ્રકૃતિમાં સંક્રમીને એટલે તે સ્વરૂપ થઈને પર પ્રકૃતિરૂપે ભોગવવું તે પ્રદેશોદય કહેવાય. આનું બીજું નામ સ્તિબુકસંક્રમ કહેલ છે, એમ શ્રી પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ ટીકા, સત્તરિચુર્ણિ વગેરેમાં જણાવ્યું છે. ૭૩

૭૪ પ્રશ્ન—શ્રી વર્ધમાન તપની સંપૂર્ણ આરાધના કરનાર શ્રી. ચંદ્રકેવલીનું આયુષ્ય કેટલું હતું?

ઉત્તર—તેમનું સંપૂર્ણ આયુષ્ય ૧૫૫ વર્ષ પ્રમાણ હતું. તેની સંકલના આ રીતે જાણવી-૧૨ વર્ષકુમારપણામાં, ૧૦૦ વર્ષ રાજ્યપાલનમાં, ૮ વર્ષ છદ્મસ્થપણામાં, ૩૫ વર્ષ કેવલીપણામા વ્યતીત થયા, એમ તેમના ચરિત્રાદિમાં જણાવ્યું છે. ૭૪.

૭૫ પ્રશ્ન—સિદ્ધરાજ જયસિંહે પરમાર્હત કુમારપાલ રાજાને બહુ જ હેરાન કર્યા, તેનું શું કારણ?

ઉત્તર—કુમારપાલ રાજાના જીવે પૂર્વભવમાં એક સાર્થવાહને લૂંટયો હતો, ને તેની ગર્ભવંતી સ્ત્રીનો ઘાત કર્યો હતો. તે પાપકર્મના ઉદયથી કુમારપાલ રાજાને સિદ્ધરાજે બહુ જ હેરાન કર્યો હતો. સાર્થવાહ મરીને સિદ્ધરાજ નામે રાજા થયો. કુમારપાલ રાજા પૂર્વભવમાં મેવાડના રાજાના પુત્ર હતા. યશોભદ્રસૂરિની દેશના સાંભળી ધર્મી બન્યા. તે આઢરશેઠને ઘેર નોકરી કરતા હતા. શેઠની સંગતિથી જૈનધર્મ આરાધી, પાંચકોડીનાં અઢાર ફૂલોથી જિનપૂજા કરી અઢાર દેશના અધિપતિ કુમારપાલ નામે રાજા થયા. તેની ઉપરના પૂર્વભવના દ્વેષને લઈને સિદ્ધરાજે કુમારપાલને હેરાન કર્યો હતો. આઢરશેઠ મરીને ઉદાયનમંત્રી થયા તથા યશોભદ્રસૂરિ કાલધર્મ પામી શ્રી હેમચંદ્રસૂરિ થયા, એમ શ્રી ઉપદેશપ્રાસાદ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે. ૭૫.

॥ प्रशस्तिः ॥

अणलागासनहक्खिप्पमिए वरिसेह विक्कमे सुहए ॥
वइसाहे सियपक्खे आईसरपारणादियहे ॥ १ ॥
गुणिजणठाणपसिद्धे जइणउरीरायनयरमज्झम्मि ॥
तवगच्छायरियमहो वयारि गुरुनेमिसूरीणं ॥ २ ॥
पउमेणायरिएणं पियंकरप्पेमसमणपढणट्टं ॥
पण्हुत्तरप्पबोहो रइओ भव्वप्पबोहयरो ॥ ३ ॥
॥ समाप्तः श्रीविजयपद्मसूरिप्रणीतः श्रीप्रश्नोत्तरप्रबोधः ॥
॥ रचना—सं०—२००३—वैशाख सुद ३ ॥ रचनास्थल—अमदावाद ॥

તીર્થાધિરાજની કરમુક્તિ

પાલીતાણારાજ્ય તરફથી શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાનિમિત્તે જૈનસંઘ પાસેથી વાર્ષિક સાઠ હજાર રૂપિયા લેવામાં આવતા હતા તે હવેથી ન લેવાની જાહેરાત સૌરાષ્ટ્ર સરકાર તરફથી કરવામાં આવી છે.

ડાબડા પાના બીજાથી ચાલુ.]

सारणा वारणा चेव चोयणा पडिचोयणा ।
सावएणावि कायव्वा सावयाणं हियट्ठया ॥ १३ ॥
रूसओ (उ) वा परो मा वा विसं वा परियत्तओ (उ) ।
भासियव्वा हिया भासा सपक्खगुणकारिया ॥ १४ ॥

अओ सो सावएण वत्तव्वो—

कल्लं पोसहसालए नेवा दिट्ठो जिणालए ।
साहूणं पायमूलंमि केण कज्जेण अक्खिलमो ॥ १५ ॥
तओ य कहिए कज्जे जइ पमायवसं गओ ।
वत्तव्वो सो जहाजोगं धम्मियं चोयणं इमं ॥ १६ ॥
दुल्लहं माणुसं जम्मं धम्मो सव्वन्नुदेसिओ ।
साहुसाहम्मियाणं च सामग्गी पुण दुल्लहा ॥ १७ ॥
चलं जीयं धणं धन्नं बंधुमित्तसमागमो ।
खणेण ढुक्कए वाही ता पमाओ न जुत्तओ ॥ १८ ॥
न तं चोरा विलुंपंति न तं अग्गी विणासए ।
न तं जूएण हारेइ जं धम्मंमि पमत्तओ ॥ १९ ॥
किण्हसप्पं करग्गेणं चिसं घुंटेहिं घुंटए ।
महानिहिं पमुत्तूणं कायखंडं स गिण्हइ ॥ २० ॥
लद्धे जिणिंदधम्मंमि सव्वकल्लाणकारए ।
वियाणंतो भवं घोरं जो पमायं न मुंचए ॥ २१ ॥
ता सोम ! तं वियाणंतो मग्गं सव्वन्नुदेसियं ।
पमायं जं न मेल्लेहेसि तं सोएसि भवन्नवे ॥ २२ ॥
एवविहाहिं वग्गूहिं चोएयव्वो सुसावओ ।
भाववच्छल्लयं एयं कायव्वं तु दिणे दिणे ॥ २३ ॥
इय दव्वभावमेयं काउं साहम्मियाण वच्छल्लं ।
सव्वन्नुभणियमेयं जिणपहमणहं लहइ जीवो ॥ २४ ॥

આ 'સાધર્મિકવાત્સલ્યકુલક' પાટણ ખેતરવસીના પાડાના તાડપત્રીય ભંડારની (ડા૦ નં૦ ૬ પૃ. ૨૧૭ થી ૨૨૦) પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

---

१ नेव दि० प्रत्यन्तरे। २ अक्खिल मे प्रत्यन्तरे । ३ ढुक्कए प्रत्यन्तरे । ४ सम्मत्तं वि० प्रत्यन्तरे। ५ छड्डेसि प्रत्यन्तरे ।

મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી સક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

श्री जैन सत्य प्रकाश

तंत्री

ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૩ : અંક ૯] અમદાવાદ : તા. ૧૫-૬-૪૮ [ક્રમાંક : ૧૫૩

विषय-दर्शन

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

વાચકશ્રી ઉદયરત્નવિરચિત

ઝવેરીવાડ-નિશાપોળ-શાંતિજિન-પ્રતિષ્ઠા-સ્તવન (વિ. સં. ૧૭૭૯)

સં૦-પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

(હરણી જર ચલે અલનાં—એ દેશી)

સ્વસ્તિ શ્રી ગુર્જર મંડલિ લલના સાહીબાજી, મંગલિક શ્રીપુરમાંહી જયજય લલના;
સ્વસ્તિ હુઓ શ્રી સંઘને લ૦ સા૦, શ્રી શાંતિનાથ પસાય જય૦ (૧)

જય જય ઝવેરીવાડમાં લ૦ સા૦, નિશાપોળીમાંહે નિધાન જય૦;
પ્રગટયો પુન્યપ્રતાપથી લ૦ સા૦ વધાયોં સેવકતા વાન જય૦ (૨)

વડનગરી પાડે વલી લ૦ સા,૦ હો ઓચ્છવ માંડયો આજ જય૦;
ભવજલમાં ભમતાં સહી લ૦ સા૦, હો પ્રભુપદ પજિ (આજ) જય૦ (૩)

સત્તરસે ઓગણ્યાસીએ લ૦ સા,૦ મહાશુદિ તેરશ દિન જય૦;
છ ઘડી દિન ચઢતે વલી લ૦ સા૦, મનોહર મીન લગન જય૦ (૪)

અમૃત ચોઘડીએ ઉચ્ચ ગ્રહે લ૦ સા૦, શુભ પુષ્પ સૌભાગ્ય યોગ્ય જય૦;
ઠોલવ કરણું પ્રભુ થાપતાં લ૦ સા૦, સુખના વાધ્યા સંયોગ જય૦ (૫)

મંગલિક વાજાં વાજતે લ૦ સા૦, સંઘ સકલ સમુદાય જય૦;
સત્તર ભેદ સ્નાત્રસુ લ૦ સા૦, તખત બેઠા જિનરાય જય૦ (૬)

દાનરત્નસૂરિરાજ્યમાં લ૦ સા૦, કરતાં જીર્ણ ઉદ્ધાર જય૦;
વાચક ઉદયરત્ન વદે લ૦ સા૦, વરત્યો જયજયકાર જય૦ (૮)

આ સ્તવન વિ. સં. ૧૮૧૪માં લખાયેલ એક ગુટકામાં મળી આવ્યું છે. એના લખનારનું નામ મોહનરત્ન છે આ ગુટકો અમદાવાદ રાજમહેતારી પોળના શેઠ પુલચંદભાઈએ પાટણવાળા શ્રી. ગિરધરલાલ હેમચંદને વાંચવા આપેલ. તેમાંથી મેં જિનગુણગાયક (ભોજક) મોહનલાલ ગિરધરલાલ પાસે ઉતરાવીને આ સ્તવન અહીં પ્રગટ કર્યું છે

साधर्मिकवात्सल्यकुलकके कर्ताके बारेमें एक स्पष्टीकरण

लेखक—श्रीयुत अगरचन्दजी नाहटा

'श्री जैन सत्य प्रकाश'के क्रमांक १५१–१५२ में प्रकाशित जिनप्रभसूरिका साधर्मिक-वात्सल्यकुलक वास्तवमें अभयदेवसूरिवाला साधर्मीवात्सल्यकुलक ही है। केवल २–३ गाथाओं एवं कुछ पंक्तियोंमें रद्दो बदल किया गया है। अभयदेवसूरिवाला कुलक सार्थ हमने 'जैन धर्म प्रकाश' वर्ष ६२, अं. ६में प्रकाशित किया था। विशेष जानके लिये उससे मिलान करनेकी सूचना की जाती है।

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	क्रमांक
अंक ९	જેઠ શુદિ ૮ : મંગળવાર : ૧૫મી જૂન	१५३

'બાર ભાવનાનું સાહિત્ય' વિષે કંઈક વિશેષ

લેખકઃ—પૂજ્ય મુનિ મહારાજશ્રી રમણિકવિજયજી

ભાઈ હીરાલાલ કાપડિયાએ "જૈન સત્ય પ્રકાશ" વર્ષ ૧૩, અંક ૪ માં "બાર ભાવનાનું સાહિત્ય" એ શીર્ષક હેઠળ લેખ લખ્યો છે તેમાં તેમણે "બાર ભાવનાની" ઘણીખરી કૃતિઓની પ્રાચીનથી માંડીને આધુનિક કૃતિઓ સુધીની માહિતી આપી છે, છતાં તેમાં એક જૈનાચાર્યની કૃતિની માહિતી આપવાની રહી ગઈ છે. આનું કારણ મને એમ જણાય છે કે તેમણે આ કૃતિ જોઈ નહિ હોય અગર જોઈ હોય તો ખ્યાન બહાર રહી ગઈ છે—હશે. એ કૃતિ સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીમાન્ વિજયાનંદસૂરીશ્વરજીની છે. સૂરિ મહારાજે "બાર ભાવનાની સજ્ઝાય" નામે કૃતિની રચના કરી છે. તે તેઓની પ્રસિદ્ધ થયેલી આત્માનંદ સ્તવનાવલીમાં છપાયેલી છે. તેમજ છૂટી છૂટી છપાયેલી બહાર પડી છે. એની નોંધ ભાઈ કાપડિયા લેશે.

કાપડિયાના લેખ પર ભાઈ અગરચંદ નાહટાએ "બાર ભાવનાકે સાહિત્યકે બારેમેં વિશેષ જ્ઞાતવ્ય" એ મથાળાવાળો લેખ 'જૈન સત્ય પ્રકાશ' વર્ષ ૧૩ અંક ૫માં લખ્યો છે. પરંતુ એ લેખ વાંચતાં એમાંથી વિશેષ જ્ઞાતવ્ય જેવું કંઈ જણાતું નથી અને કેટલુંક અપ્રસ્તુત પણ લખ્યું છે, જેમકે 'કુંદકુંદાચાર્યના સમયની ચર્ચા' અને 'સકલચંદ નિશ્ચિત રૂપસેં તપાગચ્છીય હીરવિજયસૂરિ શિષ્ય હી હૈ.'' આ વાત. આમાં પાછલી વાત સુપ્રસિદ્ધ છે, એટલે તેની કંઈ આવશ્યકતા નહોતી અને બીજી થોડી માહિતી આપી છે તે જૈન ગુર્જર કવિઓમાં આપેલી છે તે છે. પણ કાપડિયાએ આપેલી નોંધ વાંચતા નાહટાજીની નોંધમાં વિશેષ જ્ઞાતવ્ય તરીકે ખાસ કંઈ જણાતું નથી. ફક્ત વિશેષમાં કહીએ તો શ્રી લક્ષ્મીવલ્લભકૃત ભાવનાવિલાસનો ઉલ્લેખ છે એટલું જ છે.

લેખનું શીર્ષક જોતાં વાચકને એમ થાય કે આમાં કંઈ ખાસ નવીન માહિતી મળશે, પણ જ્યારે આખો લેખ જોતાં કેવળ એક જ લક્ષ્મીવલ્લભકૃત ભાવના વિલાસની નવીન નોંધ જોવા મળે છે. આથી મારી પાસે જે કંઈ 'બાર ભાવના'ના સંબંધી સાહિત્ય છે, તેની નોંધ અહીં અપ્રસ્તુત નહિ ગણાય.

આ સાહિત્ય સામગ્રી અને વડોદરામાં પ્રવર્તક મહારાજ શ્રીકાંતિવિજયજી મહારાજનો

ભંડાર અને શ્રીહંસવિજયજી મહારાજનો ભંડાર છે, તેમાંથી મળી આવી છે. આવી રીતે બીજા જૈન ભંડારમાં તપાસ કરવામાં આવે તો વિશિષ્ટ સાહિત્ય સામગ્રી મળી આવે એવી મારી શ્રદ્ધા છે.

શ્રીહંસવિજયજી મહારાજના ભંડારમાં ૧૫ મા સૈકામાં લખાયેલી નં. ૮૯૩ વાળી પ્રત છે, તેમાં ભાવના પ્રકરણ છે. આ પ્રકરણ તે બાર ભાવનાની રચના છે, કર્તા તરીકે નામનો ઉલ્લેખ નથી. પણ આ પ્રકરણ ૧૩૩ ગાથાનું છે. તેની આદિ અને અન્તની ગાથા આ પ્રમાણે છે.

આદિ:—

तित्थयरे भगवंते अणंतपरक्कमे अमियनाणी ।
तिन्ने सुगइ नाह (?) गए सिद्धपहपएसए वंदे ॥ १ ॥
वंदामि महाभागं महामुणिं महायसं महावीरं ।
अमर–नर–रायमहियं तित्थयरमिमस्स तित्थस्स ॥ २ ॥
इक्कारस वि गणहरे पवायए पवयणस्स वंदामि ।
सव्वं गणहरवंसं वायगवंसं पययणं च ॥ ३ ॥
पढमं अणिच्चभावं असरणयं एगयं च अन्नत्तं ।
संसारमसुभयं चिय विविहं लोगस्सहावं च ॥ ४ ॥
कम्मस्स आसवं संवरं च निज्जरणमुत्तमे य गुणे ।
जिणसासणम्मि बोहिं सुदुल्लहं चिंतए मइमं ॥ ५ ॥

અન્ત:—

बारस वि भावणाओ एया संखेवउ सम्मत्ताओ ।
भाणेमाणो जीवो जाउ समुवेइ वेरग्गं ॥ ७ ॥
भाविज्ज भावणाओ पालिज्ज वयाइं रयणसरिसाइं ।
पडिपुन्नपावक्खमगो अयरा सिद्धिं पि पाविहिसि ॥ ८ ॥
बोहिदुल्लभयाए मिगुजसपुत्ताय अदगकुमरो ।
चूलगभाया य तहा आहरणा हुंति एमाइ ॥ ९ ॥
दुवालसमी बोधिदुल्लह भावणा समत्ता ॥
एवंगाहा १३३ ॥

આ પ્રકરણ પૂરું થયા પછી આ જ પ્રતિમાં જયદેવકૃત ભાવનાસંધિ નોંધેલી છે.

પ્રવર્તકજી મહારાજના ભંડારમાંથી જુદી જુદી કૃતિઓ પાંચ મળી છે. તે આ પ્રમાણે— (૧) ભાવના કુલક (૨) બાર ભાવના ચતુષ્પદી (૩) દ્વાદશ ભાવના સ્વાધ્યાય (૪) બાર ભાવના (૫) ભાવનાભાસ.

આ પાંચે કૃતિઓનો પરિચય અનુક્રમે જોઈએ.[11]

પ્રથમ ભાવના કુલકઃ—તેના કર્તા તરીકે કોઈનું નામ નથી તેમાં કુલ ગાથા ૨૪ છે. આ કૃતિ જોતાં ૧૯મી સદીના પૂર્વાર્દ્ધની હોય એમ જણાય છે.

બીજી કૃતિ બાર ભાવના ચતુષ્પદી(ચોપાઈ)ઃ—આમાં કર્તાનું નામ નથી. કુલ ગાથા ૯૬ છે. આ કૃતિ સોળમા સૈકાના પૂર્વાર્દ્ધમાં રચાયેલી હોય અગર ૧૫મી સદીના ઉત્તરાર્દ્ધમાં રચાયેલી હોવી જોઈએ. એનું કારણ એ છે કે આની એક પ્રતિ પાટણના ભંડારમાં છે, ને તેની લખ્યા સંવત ૧૫૯૫ની છે. આ પ્રતિની નોંધ રા. રા. ભાઈ મોહનલાલ દેસાઈએ પોતાના જૈન ગુર્જર કવિઓ ભાગ ૩ ખંડ ૧ પૃ. ૬૧૯માં લીધેલી છે. ભાઈ કાપડિયા પોતાના લેખમાં માત્ર 'ભાવના' શબ્દથી આની નોંધ કરે છે. હું અહીં 'ચતુષ્પદી' શબ્દ સાથે આની નોંધ કરું છું એ થોડી વિશેષતા છે.

ભાવના ચતુષ્પદીનો આદિ ભાગ આ પ્રમાણે છે—

कहइ आगमसूत्र अनइं अरथ, जाणइ पूरबअंग समरथ ॥
जव जाणइ अनित्य संसार, तव ते भावइ भावना बार ॥ १ ॥
पहिली अनित्यता भावना, विविध रंग जेहवा आभना ॥
तिस्यां रूप जीव चिहुंगति करइ, थोडा कालमांहिं वली फिरइ ॥२॥
जिसी वस्तु दीसइ प्रभाति, ते विणठी वली दीसइ राति ॥
बिहुं पहरे अनेरी थाइ, समय समय पर्याय पलटाइ ॥ ३ ॥
पहिलुं बालपणइ निश्चंत, जव यौवन तव अति बलवंत ॥
धर्म अर्थ काम त्रिन्हइ करइ, उन्मत हूंतु जगमाहि फिरइ ॥ ४ ॥
तेहज वृधावस्ता थयुं, जरा राक्षसी आवी ग्रहिउ ॥
क्रोधिइ बोलइ चालइ कष्टि, दांत पडइ हीणी हुइ दृष्टि ॥ ५ ॥

तेनो અન્ત ભાગ—

जाणइ आयतणउ आधार, जीवरासि खामिइ तीणी वार ॥
पहिलं नमस्करइ अरिहंत, नमूं सदा हिव सिद्ध अनंत ॥ ९५ ॥
आचार्य उवज्झाइ करी, नमूं साधु शुभमति मनि धरी ॥
ए बारह भावना जे भणइ, रिद्धि वृद्धि अंगणि तेह तणइ ॥ ९६ ॥
॥ इति श्री बार भावना चउपई समाप्त ॥

ત્રીજી કૃતિ દ્વાદશ ભાવના સ્વાધ્યાયઃ—આમાં કર્તા તરીકે કોઈનું નામ નથી, તેમ લખ્યા સંવત નથી, છતાં ભાષા અને લિપી જોતાં આ ૧૮મી સદીની રચના હોવી જોઈએ તેની આદિ ને અન્ત ગાથા આ પ્રમાણે છે:

આદિઃ—

सकलरूप प्रणमि अरिहंत, समरीय साधु सदा गुणवंत ॥
श्री सिद्धांत श्रुतधर राय, बुद्धि तणउ जिणि करिउ पसाय ॥ १ ॥

* * *

अथिर एक अशरण संसारी, अकल अन्यता अशुचि विचारि ॥
आश्रव संवर नइ निर्जरी, धर्मलोकि बोधि सुखकरी ॥ ४२ ॥
ए बारइ भावना भावीइ, जेम चिहुंगति मांहि नावीइ ॥
जु भावइ बारइ भावना, तु नावइ ममता आसना ॥ ४३ ॥

अन्तः—
बोधि बीज इम दुर्लभ जाणि, चिंतामणि पांहि अधिक बखाणि ॥
लहिउ धर्म हिव आलि म हारि, मनसि उं ममता मूलि निवारि ॥७॥
जिमजिम भावइ भावना, धर्म सुकल बहु ध्यान ॥
अजर अमरनइं अखय पद पामइ पंचम ठाण ॥ ८ ॥
ईणइं भावइ केवल लही अवनि इलातीपुत्र ॥
वंशाग्र उपरि चढ्यां, आविउ भाव चारित्र ॥ ९ ॥
गंगाजलि श्री अन्निका पुत्रइं पामिउ ग्यान ॥
शुभ भावइं मुगति राया, तिणि भावइं प्रधान ॥ १० ॥
ऋषभादिक अरिहंत नइं, वंदन करुं प्रणाम ॥
स्वामी तम्हनई वीनवूं, मुझ दिउ शिवपुर ठाम ॥ ११ ॥

॥ इति श्री बार भावना स्वाध्याय समाप्त ॥

ચોથી કૃતિ દ્વાદશાનુપેક્ષા નામની છે તેમાં કર્તાના નામનો ઉલ્લેખ અન્તમાં કર્યો છે. इति द्वादशानुपेक्षा धालूकृत समाप्त આથી આના કર્તા કોઈ આલૂ નામના છે. આની રચના ૧૮મા સૈકાની જણાય છે.

પાંચમી ભાવના ભાસ—આના કર્તા દેવજયશિષ્ય છે. રચના કે લખ્યા સંવત નથી. અન્તમાં આ પ્રમાણે છે:—

बोधी भावना एहवी जाणी भावु भवियण प्राणी ॥
नरय तिरियना दुख न पामइ, एहवी जिनवर वाणी रे ॥
समकित पामी जे नरनारी, संकाथी नवि डोलइ ।
देव सेव ते नरनी सारइ, देवजय—सीस इम बोलइ रे ॥

॥ इति बोधिभावना भाषा ॥ १२ ॥ इति संपूर्ण ॥

આની ભાષા ને લિપી જોતા આની રચના સત્તરમા સૈકાની જણાય છે.

મારી પાસે જે કંઇ ઉપલબ્ધ સાહિત્ય બાર ભાવના સંબંધી છે તેની ટૂંક નોંધ જણાવી છે. આવી રીતે જો વિદ્વાન વર્ગ પ્રાચીન ભંડારમાં તપાસ કરે તો ઘણું શિષ્ટ ને વિશિષ્ટ સાહિત્ય મળી આવશે એમ મારું માનવું છે. આ સાહિત્ય જેટલું જલદી પ્રસિદ્ધિમાં આવે તેટલું સારું એમ ઇચ્છતો હું વિરમું છું.

ઉત્તર બંગાળમાં પ્રાચીન સભ્યતાનો આભાસ

(બંગાળીમાં મૂળ લેખક—શ્રી. ક્ષિતીશચન્દ્ર સરકાર M. A., B. L.)
અનુવાદક—પૂજ્ય મુનિમહારાજ શ્રી. જ્ઞાનવિજયજી (ત્રિપુટી)

ઉત્તર બંગાળામાં અથવા વરેન્દ્રી-મંડલમાં પ્રાચીન સભ્યતા તથા પુરાકીર્તિનાં પ્રમાણો એટલી અધિક સંખ્યામાં પ્રાપ્ત થયાં છે કે જેથી આ મંડલ (ભૂ-પ્રદેશ) આધુનિક બંગાળની પ્રાચીન સભ્યતાના એક સર્વપ્રધાન તીર્થરૂપે ઇતિહાસનાં પૃષ્ઠોમાં ઉલ્લિખિત થશે.

વરેન્દ્ર-કવિ સંધ્યાકર નંદીએ "રામચરિત કાવ્ય"માં પોતાની જન્મભૂમિ વરેન્દ્ર-મંડલને **वसुधाशिरो वरेन्द्रीमंडलचूडामणिकुलस्थानं** અર્થાત્ પૃથ્વીના શિરોભાગ યાને એક સ્થાન તરીકે વર્ણવેલ છે. આ વિભાગની વિસ્તૃત આલોચનામાં **अप्यमितो गंगाकरोतोयानर्घ्यप्रवाहपुण्यतमां अपुनर्भवाख्यमहातीर्थविकलुषो ज्वलामन्त** ગંગાકરોતોયા તથા અપુનર્ભવા વિ-ધૌત કહી તેણે આ પ્રદેશને પુણ્યતમ અને મહાતીર્થ તરીકે ઓળખાવ્યું છે. મોટી ગંગા અર્થાત્ આજની પદ્માનદીના કાંઠાના બન્ને વિભાગોથી કરતોયા નદીની રેતી સુધી વરેન્દ્રમંડળ પથરાયેલ છે. વરેન્દ્રપ્રદેશના રહેવાસીઓમાં 'વારેન્દ્ર સમાજ' આજ પણ વિખ્યાત છે. બંગાળની કેટલીક પ્રાચીન સભ્યતાના અવશેષો વિશાળ ભૂપ્રદેશની માટીમાં આજ પણ છુપાયેલ મોજૂદ છે.

વરેન્દ્ર અનુસન્ધાન સમિતિ સરકારી પ્રત્નતત્ત્વ વિભાગ અને આ દેશના અધિવાસીઓના પ્રયત્નથી વરેન્દ્ર ભૂમિના પ્રાચીન સભ્યતાસૂચક અનેક આશ્ચર્ય શિલ્પો પ્રાપ્ત થયાં છે જે ભિન્ન ભિન્ન સંગ્રહાલયમાં સુરક્ષિત છે.

ધર્મપ્રાણતા જ ભારતનું વૈશિષ્ટ્ય છે, ઇત્યાદિ તથા ભારતના ખોદકામ અને સ્થાપત્ય શિલ્પકળાની રચનાનો અહીં આરંભ થયો છે. ભગવાનની ઉપાસના માટે દેવ-મૂર્તિની જરૂરીઆત તથા તેના સંરક્ષણ માટે દેવાલય કે મન્દિર બનાવવાની જરૂરિયાત લગભગ સૌથી પ્રાચીન અહીં અનુભવાય છે. વરેન્દ્રની સભ્યતા તથા કર્ણના ઇતિહાસમાં પણ આ સંબંધી કોઈ જાતનો વ્યતિક્રમ નથી.

બંગાળમાં નદીઓ ઘણી છે અને પથ્થરોનો અભાવ છે તેથી અહીં પુરાતત્ત્વનાં સ્મરણો સ્થાયી રહે એ દુર્લભ વસ્તુ છે, અને આ કારણે સ્થાપત્યનાં નિદર્શનો અહીં અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. છતાંય વરેન્દ્ર પ્રદેશનો "સોમપુર વિહાર" જેને ત્યાંની પ્રજા "ઓમપુર" ના નામથી ઓળખે છે ત્યાં એક પહાડ જેવી સ્તૂપની આકૃતિ છે. તેનો દેખાવ પહાડ જેવો હોવાથી તેનું અસલ નામ બદલાઈ "પહાડપુર" નામ પડ્યું છે. યાને લોકો તે સ્તૂપને "પહાડપુર" નામથી જ સંબોધે છે.

વરેન્દ્ર-મંડલના ઇતિહાસમાં "પહાડપુરસ્તૂપ" નો વૃત્તાંત સર્વપ્રધાન ઉલ્લેખ યોગ્ય છે. સ્વર્ગત આચાર્ય અક્ષયકુમાર મૈત્રેય સી. આઇ. ઇ. મહોદયે ઈ. સ. ૧૯૧૭માં પહાડપુરમાંથી મળેલ એક સ્તંભાશમાં ખોદેલ લિપિનો પાઠોદ્ધાર કર્યો. આ સ્તૂપના ખોદાણની આવશ્યકતા સંબંધે સરકારી પુરાતત્ત્વ વિભાગના નેતાગણને લખી જણાવ્યું અને સૌથી પહેલા તેની દૃષ્ટિ આ તરફ ખેંચી.

શ્રી દશબલગર્ભ નામની એક વ્યક્તિએ **રત્નત્રયો પ્રમાદેનાને** અર્થાત્ ધર્મ, બુદ્ધ અને સંઘ—ત્રણ રત્નોની તુષ્ટિ માટે આ સ્તંભ આપવા સબંધો શિલાલેખ કોતરાવ્યો છે. સ્તૂપને ખોદતાં એક ગુપ્ત-યુગનું (૧૫૯ ગુપ્તાબ્દે) તામ્રશાસન પણ મળ્યું છે, જેમાં એક બ્રાહ્મણ દંપતીએ જૈન-નિગ્રન્થોના પૂજા પાઠ તથા ખર્ચ ચલાવવા માટે ભૂમિ-દાન કર્યાનો ઉલ્લેખ વાંચી શકાય છે. પહાડપુરના મન્દિરની અસલી દીવાલો ક્યારે કોણે-કયા ધર્મ-વાળાએ ચણી તે સબંધીનો આખરી નિર્ણય કરવાને ઘણો સમય વ્યતીત થશે. અને તે આખરી નિર્ણય ન થાય ત્યાંસુધી આ સ્તૂપમાં જે જે ભિન્ન ભિન્ન નિશાનીઓ જોવામાં આવે છે તે જૈન, બૌદ્ધ તથા હિન્દુના દેવ-દેવીઓની મૂર્તિ વગેરે દરેક ધર્મનાં સ્મૃતિ ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે. આ પ્રદેશમાં જૈનધર્મનાં સ્મૃતિચિહ્નો અલ્પ પ્રમાણમાં જ ઉપલબ્ધ થયાં છે.

પહાડપુરમાં જેમ ઉપર-લિખિત સામાન્ય જૈન-નિશાનીઓ મળી છે તેમ વરેન્દ્ર ભૂમિમાંથી તીર્થંકર શાંતિનાથની તથા ઋષભનાથની મૂર્તિઓ પણ મળી આવેલ છે. આ સિવાય હુએન-સાંગે સૂચવેલ આ પ્રદેશમાં જૈનધર્મની 'પૌંડ્રવર્દ્ધનીયા" શાખા હતી. એટલે આ સબંધી કંઇ વિશેષ માહિતી મળી શકતી નથી. ઈ. સ. ની સાતમી સદીમાં ચીની મુસાફર હુયેન-સાંગ જ્યારે પૌંડ્રવર્ધનમાં આવ્યો ત્યારે અહીંના ઘણા સંઘારામોમાં અનેક બૌદ્ધ સાધુઓ હતા. એક સંઘારામમાં તો ૭૦૦ બૌદ્ધ-સાધુઓ હતા, એમ તેઓ જણાવે છે. પૌંડ્રવર્ધનમાં આજસુધી પહાડપુર સ્તૂપ જેવું બીજું કોઈ મોટું મન્દિર મળી શક્યું નથી.

મૂળ મન્દિરની ચારે તરફની દીવાલમાં અનેક કોટડીઓ દેખાય છે એટલે હુએન-સાંગે ૭૦૦ મહાયાન બૌદ્ધ સાધુઓના જે સમાગમ માટે લખ્યું છે તેનો નિર્ણય ભવિષ્યના ખોદાણ પછી સ્થિર કરી શકાય. નાલન્દા તથા બુદ્ધગયાથી પ્રાપ્ત થયેલ શિલાલેખોના આધારે પહાડપુર વિહારના પ્રભાવનો અને મગધ સાથેના ઘનિષ્ઠ સબંધનો આછો ખ્યાલ આવી શકે છે.

બુદ્ધગયાની એક બૌદ્ધ પ્રતિમાની નીચે **श्रीसामतटकः प्रवरमहायानयायिनः श्रीमत्सोमपुरमहाविहारीयविनयवित् स्थविरवीर्येन्द्रभद्रस्य** એ મુજબ લીટીઓ ખોદેલ છે, જેમાં સોમપુરના મહાયાન વિહારના સ્થવિર વિનય-વિદ્વત્કવિત્ વીર્યેન્દ્રભદ્ર-યાત્રિકના દાનનો ઉલ્લેખ છે.

નાલન્દાની એક શિલાલિપિમાં સોમપુર વિહારના વૃદ્ધ યતિ 'વિપુલશ્રી મિત્ર'નું નામ સૂચવેલ છે. હાલ મૂળ સ્તૂપની પાસે "સત્યપીરની ભિટા" ખોદ્યા પછી નાલન્દાના શિલાલેખમાં દર્શાવેલ ઇ. સ. ની દસમી-અગિયારની સદીના તારા મન્દિરની વાત સાચી પડવાનો સંભવ છે. બે તિબેટી ગ્રન્થકારોએ સોમપુરમાં બૌદ્ધ મન્દિર હોવાનો ઉલ્લેખ કર્યો છે.

બૌદ્ધ ધર્મના ઇતિહાસકાર લામા તારાનાથે લખ્યું છે કે...ગ્રન્થમાં અહીં પાલસમ્રાટ્ દેવપાલે કરેલ સોમપુરી વિહારનો ઉલ્લેખ છે. સ્તૂપના ખોદાણમાં પણ માટીઓની મુદ્રાઓ મળી છે. આ ઉપરથી અહીં પહાડપુરમાં સોમપુર-વિહાર બૌદ્ધોનો હોવાનો અધિક સંભવ છે.

મૂળ મન્દિરની પાસે એક નાનું મન્દિર મળ્યું છે. આથી આ પ્રદેશની નિર્માણ પદ્ધતિનો ખ્યાલ આવે છે. શુદ્ધમયાના મન્દિરના ચોકમાં પણ આવું જ નાનું મન્દિર મળ્યાનું કહેવાય છે. સંભવ છે કે તે કાળમાં નકશા રૂપે કે આદર્શ રૂપે પ્રથમ આવું મન્દિર કરવાની શિલ્પ-પદ્ધતિ હશે. અત્યારની આ પ્રદેશની દોલા–મંચ પર્યંત આવા જ પ્રકારનું અનુકરણ છે.

આ સ્તૂપ ખોદતા પછી જે પ્રાપ્ત થયું છે તેથી આ મન્દિરની રચના–સ્થાપત્યના આદર્શો યવદ્વીપના પ્રસિદ્ધ બરોબુદૂરના મન્દિરના સ્થાપત્યમાં ઉતારેલા હોય એમ અનુમાન થાય છે. વિશેષ શોધખોળ પછી વરેન્દ્ર ભૂમિના ઇતિહાસમાં ભવિષ્યની સાચી શોધ-ખોળોના પરિણામે નવાં નવાં ઉજ્જ્વળ પ્રકરણો ઉમેરાશે; એમ આશા રહે છે.

(ભારતવર્ષ, વર્ષ ૨૧, ખંડ ૨, અંક ૩: ફાલ્ગુણ, ૧૩૪૦, પૃ. ૩૯૯–૪૦૧)

दशाश्रुतस्कन्ध सूत्रकी एक अज्ञात टीकाके खोजकी आवश्यकता

लेखक—श्रीयुत अगरचन्दजी नाहटा

प्राचीन ४५ जैन आगमोंके ६ छेद सूत्रोंमें दशाश्रुतस्कंध भी एक महत्त्वपूर्ण रचना है, जिसकी रचना आचार्य भद्रबाहुस्वामीने की थी। वर्तमानमें सबसे अधिक प्रसिद्ध कल्पसूत्र इसीके ८ वें अध्ययनका विस्तृत रूप माना जाता है। इस पर निर्युक्ति एवं चूर्णिके अतिरिक्त १७ वीं शताब्दिसे प्राचीन कोई टीका अद्यावधि ज्ञात नहीं है। १७ वीं शताब्दिकी भी केवल एक ही टीका, जो पार्श्वचन्द्रसूरि शिष्य ब्रह्मऋषि कृत है, अभी तक ज्ञात है; अन्य कोई भी टीका भंडारोंमें उपलब्ध नहीं है। पर जैसलमेरके जैन भण्डारोंका अवलोकन करते समय एक फुटकर पत्रमें महोपाध्याय गुणविजयरचित दशाश्रुतस्कन्ध टीकाका उल्लेख देखनेमें आया, फिर भी खोज एवं प्रयत्न करने पर भी इसकी प्रति कहीं जाननेमें नहीं आई, अतः अन्वेषणीय है।

स्थानकवासी सम्प्रदायके उपाध्याय (अब आचार्य) आत्मारामजीका अनूदित दशाश्रुतस्कन्ध अभी कुछ मास पूर्व मेरे पढनेमें आया तो उसमें इस सूत्रको मतिकीर्तिरचित टीका की प्रति उन्हें उपलब्ध हुई है और उसका उल्लेख एवं उद्धरण+ उन्होंने अपने अनुवादमें कई जगह दिया है, अतः इसकी प्रति कहां है?—इसके सम्बन्धमें उन्हें पूछने पर आपने संतोषजनक उत्तर नहीं दिया। मेरी रायमें यह टीका गुणविजयरचित ही होनी चाहिए। मतिकीर्ति गुणविनयके विद्वान् शिष्य थे, उनका टीका–निर्माणमें सहायक आदिके रूपमें प्रशस्तिमें उल्लेख होना संभव है। या जैसलमेरके उक्त पत्रके लेखकने प्रशस्तिके भावको

+ देखो—भूमिका पृ. ३, ४, ५, ८, १४; सूत्र १, ४१५, ४७१ आदि।

ठीक न समझकर मतिकीर्ति के बदले उसके गुरु गुणविनयरचित होनेका उल्लेख कर दिया हो। पर इसका निर्णय तो प्रतिकी प्राप्ति होने पर ही संभव है। अतः समस्त विद्वानों से इस ग्रन्थकी प्रतिकी खोज करनेका सादर अनुरोध है।

श्रीविजययतीन्द्रसूरिप्रकाशित सूचीका संशोधन

लेखक—श्रीयुत अगरचन्दजी नाहटा

'श्री जैन सत्य प्रकाश' के क्रमांक १५१–५२में पू. आ. श्रीविजययतीन्द्रसूरिजीने थिरापद्रगच्छीय ज्ञानभण्डारके विवाहलो आदिकी सूची प्रकाशित की है, पर उसमें कतिपय भूलें रह गई हैं, जिनका संशोधन यहां दिया जाता है—

१. नं. १, ३ दोनों शांतिनाथ विवाहले यथासंभव एक ही है। नं. ३ के आगे आपने आनन्दविमलसूरि–सोमसौभाग्यसूरि शिष्य प्रानदप्रमोद लिखा है वहां 'सोमसौभाग्य' के स्थान पर 'सौभाग्यहर्षसूरि' व 'शिष्य' के स्थान पर 'समयमें' एवं नाम 'आनन्दप्रमोद' होना चाहिए। शिष्य तो वे हर्षप्रमोदके थे। देखो जैन गुर्जर कविओ, भा. ३, पृ. ६०३।

२ नं. ४ वासुपूज्यधवलके रचयिता विशेष संभव विनयदेवसूरि ही है।

३ नं. ५ नेमिनाथधवलके कर्ता विनयदेवसूरि छपा है यहां भी विनयदेवसूरि ही चाहिए। ग्रन्थ नामके आगे संवत दिया है वह लेखनका प्रतीत होता है। जैन गुर्जर कविओ भा० ३, पृ. ६०६ के अनुसार इसकी सं. १६१४में लिखित प्रति उपलब्ध है।

४ सुबाहुसंधिके रचयिताका नाम पुण्यसार नहीं पुण्यसागर है, एवं उसका रचनासमय १६७४ नहीं १६०४ है। 'चडोतर' से अपने ७४ समझ लिया, पर वह ४का द्योतक है। जिनमाणिक्यसूरिके आदेशसे इसकी रचना हुई, उनका समय भी सं. १५८२से १६१२का है।

५ नं. ९ से १७का आदि, अन्त प्रकाशित होना आवश्यक है। उनमें नं १० आदिका संभवतः जैन गुर्जर कविओंमें उल्लेख नहीं हुआ अतः अज्ञात है।

थिरापद्र गच्छ एक प्राचीन गच्छ है। उसके भंडारमें उस गच्छकी पट्टावली आदि ऐतिहासिक सामग्री हो या उस गच्छके या अन्य अन्यत्र अप्राप्य ग्रन्थ जो हों उन्हें भी प्रकाशमें लाना चाहिए।

कडवामतका भंडार भी इसी थिरापद्रमें महत्त्वपूर्ण है। उनके बहुतसे ग्रन्थोंका उल्लेख मुझे कडवागच्छ पट्टावलीमें मिला पर वे अन्य कहीं उपलब्ध नहीं है, अतः उस गच्छके भंडारका भी निरीक्षण आवश्यक है।

શિલ્પસિદ્ધ કોક્કાસની કથાનો આલોચના

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

[૧]

એકાદેક મહિના ઉપર ડૉ. જગદીશચન્દ્ર જૈને હિન્દીમાં તૈયાર કરેલ "દો હજાર વર્ષ પુરાની કહાનિયાઁ" નામનું પુસ્તક મારા જોવામાં આવ્યું. એમાં પૃ. ૭૯–૮૦ માં 'કોક્કાસ બઢ્ઈ' એ નામથી શિલ્પસિદ્ધ કોક્કાસની જે કથા અપાઈ છે તે વાંચતાં વસુદેવહિંડીમાં આ કોક્કાસની કથા આવે છે એ વાત યાદ આવી, અને વસુદેવહિંડીનું ભાષાંતર જે મારી સામે હતું તેનો મેં ઉપોદ્ઘાત જોયો. એમાં સંતુલનાર્થે આવસ્સયચુણ્ણિ (પૂર્વ ભાગ, પત્ર ૫૪૦–૫૪૧)નો ઉલ્લેખ ન હતો. ઉપર્યુક્ત હિન્દી પુસ્તકગત 'પ્રાસ્તાવિક' જોયું તો તેમાં વસુદેવહિંડી (પૃ. ૬૧–૬૪)નો ઉલ્લેખ ન હતો. વિશેષમાં આ બંને કૃતિઓમાં જે કોક્કાસની કથા અપાઈ છે તે બે રૂપાન્તરો પૂરાં પાડે છે. આથી આ બંનેની આલોચના કરવાનો મને વિચાર થયો, અને મેં આ કામ આરંભ્યું.

[૨]

આપણું ભારતીય સાહિત્ય વિવિધતા અને વિપુલતા માટે વિખ્યાત છે. એનું કથા–સાહિત્ય અજબ છે. કેટલીયે કથાઓની જન્મભૂમિ ભારતદેશ છે એ વાત વિદ્વાનોથી અજાણી નથી. વળી કેટલીયે કથાઓ આ દેશમાંથી અન્યત્ર ગઈ હોવા વિષે પણ બે મત નથી. કથા–સાહિત્ય જે ભારતમાં રચાયું છે તેમાં લોક–સાહિત્યનાં સંરક્ષણ અને સંવર્ધન પાઇય (પ્રાકૃત) કૃતિઓ દ્વારા જેટલાં થયાં છે એટલાં સંસ્કૃત કૃતિઓ દ્વારા થયાં હોય એમ જણાતું નથી. મહર્ષિ બુદ્ધના પૂર્વ જન્મની ઘટનાઓના વર્ણનરૂપ જાતક--કથાઓ પાલિમાં રચાયેલી છે. એમાંનાં કેટલાંક દૃશ્યો 'સાંચી' વગેરેના સ્તૂપો પર અંકિત છે.[1]

લોક–કથાના મહાસાગરમાંથી જૈન, બૌદ્ધ અને વૈદિક એ ત્રણે મોક્ષાભિલાષી કથાકારોએ પોતપોતાનાં મંતવ્યોને આકર્ષક રીતે સચોટપણે રજૂ કરવા માટે યથેષ્ટ સામગ્રી લીધી છે. નાયાધમ્મકહા નામનું જૈનોનું છઠ્ઠું અંગ અને તેમાંની (૧) ધન્ય અને વિજય ચોરની કથા, (૨) ચોખાના પાંચ દાણાવાળી વાર્તા અને (૩) માકંદીપુત્રની કથા આ વાતની સાક્ષી પૂરે છે. શિલ્પસિદ્ધ કોક્કાસની કથા એ પણ એક લોક–કથા છે. એ ઉપર સૂચવ્યા મુજબ મોડામાં મોડી વિક્રમની છઠ્ઠી સદીમાં સંઘદાસગણિ વાચકની કૃતિ વસુદેવહિંડીમાં અને કેટલાક વિદ્વાનોના મત મુજબ જિનદાસગણિએ રચેલી [2]આવસ્સય-

---

૧ ઈ. સ. પૂર્વેની પાંચમી સદીથી માંડીને ઈ. સ. ની બીજી સદી સુધીમાં આ જાતક-કથાઓ રચાયાનો અને એમાંની અનેક કહાનીઓ મહાભારત અને રામાયણમાં વિકસિત સ્વરૂપમાં પ્રાપ્ત થતી હોવાનો ઉલ્લેખ ઉપર્યુક્ત હિન્દી પુસ્તકના પ્રાસ્તાવિક (પૃ. ૧૩) માં કરાયો છે. સાથે સાથે ભદન્ત આનંદ કૌસલ્યાયનની, જાતક (પ્રથમ ખંડ)ની ભૂમિકા (પૃ. ૨૪--૨૭)ની અહીં નોંધ લેવાઈ છે.

૨ આ આવસ્સયની એક ટીકા છે. એ ભાષાઓની દૃષ્ટિએ ઉપયોગી હોવા ઉપરાંત કથા–સાહિત્ય માટે ઉપયોગી છે. એ અને આગમો ઉપરની બીજી ટીકાઓમાં ભારતીય પ્રાચીન કથા–સાહિત્યનાં અનેક ઉજ્જવળ રત્ન વિદ્યમાન છે. એમાંનાં કેટલાંક અન્યત્ર જણાતાં નથી એમ પ્રો. વિન્ટર્નિત્સે A History of Indian Literature (Vol. II, p. 487)માં કહ્યું છે.

ચુણ્ણિમાં—જમ્બુ મરહટ્ટીમાં રચાયેલી બે પ્રાચીન કૃતિઓમાં જોવાય છે આવસ્સય-ચુણ્ણિમાં વસુદેવહિંડી વિષે ઉલ્લેખ છે. એ જોતાં આ બે કૃતિઓમાં વસુદેવહિંડી વધારે પ્રાચીન ગણાય. આમ શિલ્પસિદ્ધ કોક્કાસની કથા માટે અત્યારે તો પ્રાચીનમાં પ્રાચીન જૈન કૃતિ તરીકે હું વસુદેવહિંડીને ઓળખાવવા લલચાઉં છું, કેમકે એની પૂર્વેની કોઈ જૈન કૃતિમાં આ કથા હોય એમ જણાતું નથી. ઉપલબ્ધ વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં ઓછામાં ઓછાં પંદરસો વર્ષ જેટલી કોઈ પ્રાચીન કૃતિમાં આ કથા છે કે કેમ તે વિચારવું બાકી રહે છે. આવી પરિસ્થિતિમાં હું આ કથાના મૂળ તરીકે ગુણાઢ્યે પેસાઈ (પૈશાચી) ભાષામાં રચેલી બિહક્કહા (બૃહત્કથા)ની સંભાવના કરું છું.

[૩]

વસુદેવહિંડીમાં કોક્કાસની કથા નીચે મુજબ અપાયેલી છે:—

૩'તામ્રલિપ્તિ' નામે નગરીમાં રિપુદમન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રિયમતી નામની રાણી હતી અને ધનપતિ નામનો મહાધનિક સાર્થવાહ બાળમિત્ર હતો. આ નગરીમાં ધનદ નામનો કૌદામ (સુતાર) રહેતો હતો. એને એક પુત્ર થયો. દરિદ્રતાને લઈને એનાં માતપિતા મરણ પામ્યાં એટલે એ ધનપતિ સાર્થવાહને ત્યાં ઊછરવા લાગ્યો. ખાંડણિયા પાસે બેસીને એ ડંગરની કુક્કી (કુક્કુસ) ખાતો હતો. એ ઉપરથી એનું નામ 'કોક્કાસ' પડાયું.

ધનપતિ સાર્થવાહને ધનવસુ નામે પુત્ર હતો. 'યવન' દેશમાં જવા માટે એનું વહાણ તૈયાર થતાં એણે પોતાના પિતાને વિનંતિ કરી કે કોક્કાસને મારી સાથે મોકલો. એની વિનંતિ સ્વીકારાઈ અને વહાણ ઊપડી ધારેલા બંદરે આવી પહોચ્યું.

આ તરફ પેલો કોક્કાસ 'યવન' દેશના સાર્થવાહો અને વહાણવટીઓના એક સુતાર જે પડોશમાં જ રહેતો હતો તેને ઘેર બેસી વખત પસાર કરતો હતો આ સુતાર પોતાના પુત્રોને અનેક પ્રકારનાં કામ શિખવવા ખૂબ મહેનત કરતો પણ તેઓ શીખતા નહિ. કોક્કાસે એ પુત્રોને 'આમ કરો, આમ થાય' ઇત્યાદિ કહ્યું. એથી અચંબો પામેલા પેલા સુતારે એને કહ્યું કે તું મારી વિદ્યા શીખ. કોક્કાસે હા પાડી અને ટૂંક સમયમાં એ દરેક જાતનું કાષ્ઠકર્મ—(સુતારીકામ) શીખી ગયો. પોતાના આ ગુરુની રજા લઈ એ વહાણમાં બેસી 'તામ્રલિપ્તિ' પાછો ફર્યો

એ વખતે આ નગરમાં દુકાળ પડયો હતો. કોક્કાસે ગુજરાન માટે તેમજ રાજાને પોતાની કળાની જાણ કરાવવા માટે (લાકડાનાં) બે કબૂતર બનાવ્યાં. એ રોજ ઊડીને અગાસીમાં સૂકવેલી રાજાની કલમશાલિ (ડાંગર) લઈને પાછાં ફરતાં. રખેવાળોએ રાજાને વાત કહી. રાજાએ પ્રધાનોને તપાસ કરવા કહ્યું. પ્રધાનોએ બધી માહિતી મેળવી રાજાને કહ્યું કે કોક્કાસનાં બે યાંત્રિક કબૂતરો ડાંગર લઈ જાય છે. રાજાએ કોક્કાસને બોલાવી પૂછ્યું તો એણે એ વાત કબૂલ કરી. રાજા રાજી થયો અને એણે એનો સત્કાર કર્યો.

રાજાએ કોક્કાસને કહ્યું કે હું અને તું પ્રચ્છિત દેશમાં જઈ શકીએ તે માટે આકાશગામી યંત્ર તૈયાર કર. કોક્કાસે તેમ કર્યું અને એના ઉપર બેસીને એ અને રાજા પ્રચ્છિત

૩ સાડી પચીસ આર્ય દેશોમાંના 'વંગ' દેશની આ રાજધાની છે. તામલિ મોરિયપુત્ત આ નગરનો રહેવાસી હતો. જુઓ વિયાહપણ્ણત્તિ (સ. ૩, ઉ. ૧).

દેશમાં વારંવાર જવા લાગ્યા. એ જોઇને રાજાની પટ્ટરાણીએ રાજાને વિનંતિ કરી કે દેશાંતર જોવા મને તમારી સાથે લઇ જાઓ. રાજાએ કોક્કાસને બોલાવીને કહ્યું કે મહાદેવી આપણી સાથે આવશે. કોક્કાસે કહ્યું: આ યંત્રમાં ત્રીજા માણસને બેસાડવું યોગ્ય નથી, કેમકે આ વાહન બેનો જ ભાર ઝીલી શકે તેમ છે. સ્વચ્છંદ બુદ્ધિવાળી રાણીને વારવા છતાં તેણે ખૂબ આગ્રહ કર્યો એટલે એ મુગ્ધ રાજા એની સાથે યંત્ર ઉપર બેઠો. કોક્કાસે કહ્યું: તમને પશ્ચાત્તાપ થશે, તમે જરૂર પડી જશો. રાજાએ ગણકાર્યું નહિ એટલે કોક્કાસ યંત્ર ઉપર બેઠો. એણે તંત્રીઓ (દોરીઓ) ખેંચી અને જે યંત્રકીલિકા (યાંત્રિક ખીલી–ચાંપ) દાબવાથી ઉડાતું હતું તે દાબી. બધાં આકાશમાં ઊડયાં. ઘણાં યોજનો વટાવી ગયાં ત્યાં તો અત્યંત ભારને લઇને દોરીઓ તૂટી ગઈ, યંત્ર બગડી ગયું, ચાંપ પડી ગઈ અને ધીરે ધીરે એ વાહન જમીન પર ઊતર્યું. કોક્કાસે રાજાને કહ્યું કે તમે અહીં થોડીક વાર બેસો, હું [૪]'તોસલિ'નગરમાં જઇને યંત્ર સાંધવાનું સાધન લઈ આવું. રાજાએ હા પાડી અને કોક્કાસ ગયો.

આ નગરના એક સુતારને ઘેર જઈ કોક્કાસે વાસી (વાંસી) માગી. સુતારે જાણ્યું કે આ કોઈ શિલ્પીનો પુત્ર છે. એણે કહ્યું કે રાજાનો રથ મારે જલદી તૈયાર કરી આપવાનો છે એટલે હું વાંસી આપી શકું તેમ નથી. કોક્કાસે કહ્યું કે લાવો, હું રથ તૈયાર કરી આપું. સુતારે વાસી આપી એટલે એ લઈ ને એણે જોતજોતામાં બે ચક્ર યોજ્યાં (રથ તૈયાર કર્યો). સુતારને અચંબો થયો અને તેને આ કોક્કાસ હોવો જોઇએ એમ લાગ્યું. ઘડીક ઊભા રહો, હું ઘરમાંથી બીજી વાંસી લઈ આવું છું, એ તમે લઈ જજો, એમ કહી એ સુતાર ગયો.

આમ કહી એ સુતાર (એ 'તોસલિ'નગરના) કાકજંઘ રાજા પાસે ગયો અને એણે એને બધી વાત કહી. રાજાએ કોક્કાસને બોલાવી એનો સત્કાર કર્યો. રાજાએ એ ક્યાંથી આવ્યો છે ઇત્યાદિ એને પૂછ્યું. એણે બધું કહ્યું. કાકજંઘે શત્રુદમન રાજા અને એની રાણીને તેડાવી મંગાવી રાજાને કેદ કરી એની રાણીને અંતઃપુરમાં દાખલ કરી.

કાકજંઘે કોક્કાસને કહ્યું કે તું કુમારોને તારી વિદ્યા શીખવ. કોક્કાસે કહ્યું કે એમને આવું શું કામ છે? રાજાએ બળજબરી કરી એટલે કોક્કાસ વિદ્યા શિખવવા લાગ્યો. એણે બે યાંત્રિક ઘોડા બનાવ્યા અને આકાશગમન માટે તૈયાર કર્યા. એ ઊંઘી ગયો એવામાં રાજાના બે પુત્રો એ ઘોડાઓ ઉપર બેઠા. એ યંત્રોને દબાવતાં એઓ ઊડ્યા. કોક્કાસ જાગ્યો ત્યારે તેણે માણસોને પૂછપરછ કરી તો આ વાત જણાઈ. એણે કહ્યું: ખોટું થયું. બંને પુત્રો નાશ પામશે; કેમકે આ યંત્રોને પાછા વાળવાની કળની એમને ખબર નથી. રાજાને ખબર પડી એટલે એણે કોક્કાસને બોલાવીને પૂછ્યું કે કુમારો ક્યાં ગયા? કોક્કાસે જવાબ આપ્યો કે તેઓ ઘોડા લઈને ગયા છે. આથી ગુસ્સે થયેલા રાજાએ કોક્કાસને મારી નાંખવાનો હુકમ કર્યો.

એક કુમારે એને આ વાત કહી. આ સાંભળી કોક્કાસે ચક્ર-યન્ત્ર તૈયાર કર્યું. એણે કુમારોને કહ્યું કે તમે બધા આ ઉપર બેસો. જ્યારે હું શંખ વગાડું ત્યારે તમે બધા એકી

૪ તોસલિક રાજા આ નગરમાંની જિનની ચમત્કારી મૂર્તિનું રક્ષણ કરતો હતો. કલીસીસથી અહીં આવી મહાવીરસ્વામી મોસલિ ગયા. ફરીથી એ તોસલિ આવ્યા. અહીં એમને ખૂબ કદર્થના કરાઈ. જુઓ વવહાર (ઉ. ૬)નું ભાસ (પત્ર ૧૨૫ તેમજ ૨૬૦)

સાથે વચલી ખીલી (કળ) ઉપર પ્રહાર કરજો, જેથી આ વાહન આકાશમાં ઊડશે. કુમારોએ હા પાડી અને એઓ ચક્રયન્ત્ર ઉપર બેઠા. આ તરફ કોક્કાસને વધ માટે લઈ જવામાં આવ્યો. એણે મરતી વેળા શંખ વગાડયો એટલે કહ્યા પ્રમાણે કુમારોએ પેલી વચલી કળ ઉપર પ્રહાર કર્યો. એટલે એમાંથી શૂળો નીકળી અને એ વડે પેલા કુમારો વીંધાઈ ગયા. આ બાજુ કોક્કાસનો વધ થયો. રાજાએ પૂછ્યું કે કુમારો ક્યાં ગયા? સેવકોએ કહ્યું કે ચક્રયન્ત્રમાં શૂળોથી એ વીંધાઈ ગયા. રાજા કાકવર્ણ બોલ્યો: અરેરે, ખોટું કામ થયું. એને ઘણો શોક થયો અને એ વિલાપ કરતો મરણ પામ્યો.

[૪]

આવસ્સય-ચુણ્ણિમાં આ કથા નીચે પ્રમાણે છે —

૫સોપ્પારક (સોપારક)માં એક રથકાર યાને સુતાર હતો. એની દાસીને આકાશથી એક પુત્ર થયો. એ દાસચેટ૬ ગુપ્ત રીતે રહેવા લાગ્યો. હું જીવીશ નહિ એમ વિચારી એ (રથકાર) પોતાના પુત્રોને શિખવવા લાગ્યો, પણ તેમની બુદ્ધિ મંદ હોવાથી તેઓ કંઈ શીખ્યા નહિ. પણ પેલા દાસ (ચેટ) બધું ગ્રહણ કર્યું. પેલો રથકાર મરણ પામ્યો. (એ નગરના) રાજાએ દાસ (ચેટ) ને આખું ઘર આપી દીધું. એ દાસ (ચેટ) સ્વામી બન્યો.૭

આ તરફ પાટલિપુત્રમાં જિતશત્રુ રાજા હતો, અને ઉજ્જયિનીમાં એક જૈન રાજા હતો. આ (રાજા)ને ચાર સેવક હતા: (૧) એક રસોઇઓ હતો જે રાંધતો. (એ એવી રસોઈ બનાવતો કે જે જમવાથી રાજાને) જમતાં વેંત ખાધેલું પચી જતું અથવા બીજે, ત્રીજે કે ચોથે યામે (એટલે કે રાજાની ઇચ્છા હોય ત્યારે એ પચી જાય એવી એ રસોઈ કરતો). (જો રાજાની ઇચ્છા એમ હોય કે અમુક વખત સુધી) ભૂખ ન લાગે (તો એ તેવી રસોઈ પણ બનાવતો). (૨) બીજો તેલ ચોળનાર હતો. એ ૮કુડપ જેટલું તેલ (શરીરમાં)

---

૫ કોશમાં આ દાસ્યાંકનારે આવેલું હતું. એ વેપારનું મથક હતું. આજ મંગુ, આજ સમુદ્ર અને વઇરસેન સોપારયમાં આવ્યા હતા. સુપ્પારક તે થાણા જીલ્લાનું સોપારા છે એમ મનાય છે.

આચારપ્રદીપ (પત્ર ૩૧ અ)માં આનો 'સોમિલ' તરીકે ઉલ્લેખ છે. મુદ્રિત પ્રતમાં उदाहरणं, कोकासो सोप्पारए એમ જે છપાયું છે તેથી આ રથકારનું નામ 'કોકાસ' હોવાની ભ્રાન્તિ થાય છે. એમ જણાય છે કે कोकासो પછી દંડ જોઈએ—અહીં વાક્ય પૂર્ણ થયું ઘટે. વિશેષમાં આ પત્રમાં મુદ્રણ દોષો છે. बंभणाण ને બદલે बंभणेणं, सावगा ને બદલે सेवगा, અને हव्वति ने બદલે हव्वति, सिरिघरों ने બદલે सिरि-घरघरो એવો કોઈ પાઠ અને छेच्छतिने બદલે पेच्छति પાઠ જોઈએ એમ અર્થ વિચારતાં જણાય છે. આ સ્થળો માટે અન્ય હાથપોથી જોઈ ચોક્કસ નિર્ણય થઈ શકે.

૬ આનું જ નામ 'કોક્કાસ' રખાયું એમ અન્ય ગ્રન્થો જોતાં જણાય છે.

૭ આ કંડિકામાંનો તેમજ 'કાકવર્ણ થયું' ત્યાં સુધીનો અધિકાર ઉપર્યુક્ત હિન્દી પુસ્તકમાં અપાયેલ નથી. એની વિશેષ સમજણ માટે જુઓ આચારપ્રદીપ (પત્ર ૩૨ અ–૩૩ આ).

૮ એક જાતનું માપ. સાર્થ ગુજરાતી જોડણીકોશમાં કુડપ અને કુડવ એમ બંને શબ્દ આપી એ બંનેનો અર્થ 'બાર મૂઠી અથવા સોળ તોલાનું માપ' એમ અપાયો છે.

ધાલી દેતો અને એ બધું એ પાછું બહાર કાઢતો. (૩) ત્રીજો શય્યા રચનાર હતો. રાજાને બીજે, ત્રીજે કે ચોથે પાસે (જ્યારે જાગવું હોય ત્યારે) જાગી શકે તેવી કે ઊંઘવા કરવું હોય તો તે પ્રકારની (એ શય્યા રચતો). અને (૪) ચોથો ભંડારી હતો. એ એવો ભંડાર બનાવતો કે જેની અંદર ગયા પછી કંઈ દેખાય નહિ. આમ આ ચારના ગુણો હતા.

(એક વેળા) જિતશત્રુ રાજાએ પેલા (જૈન રાજા) ના નગરને ઘેરો ઘાલ્યો. એ જૈન (રાજાએ) વિચાર્યું: મનુષ્યો મરાવવાથી અને શો લાભ? (એમ વિચારી) એણે ભોજનનું પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) કર્યું, એટલે કે ભોજન ન લેવાનો નિયમ લીધો. એ મરીને સ્વર્ગે ગયો. નગરજનોએ એ નગર જિતશત્રુને આપી દીધું. એણે પેલા ચાર સેવકોને બોલાવી પૂછ્યું: તમે શું કામ કરો છો (અર્થાત્ તમારી પાસે કઈ કઈ કળા છે?). રસોઈઆએ (પોતાને જે આવડતું હતું તે) કહ્યું. ભંડારીએ રાજાને ભંડારમાં દાખલ કર્યો, પણ એણે કંઈ દીઠું નહિ (એટલે) બીજા દ્વારથી (પ્રવેશ કરાવી ભંડાર) બતાવ્યો. શય્યાપાલે (પોતાની કળા) કહી. તેલ ચોળનારે (બંને પગે તેલ ચોળી) એક પગમાંથી બધું તેલ બહાર કાઢ્યું, પણ બીજામાંથી કાઢ્યું નહિ અને મારા જેવો બીજો કોઈ ચાલાક હોય તો કાઢે એમ કહ્યું.

ચારે જણે (આગળ ઉપર) દીક્ષા લીધી. પેલો જિતશત્રુ રાજા તેલ વડે દાઝ્યો અને એ કાળો પડી ગયો. એનું (એથી) 'કાકવણ્ણ' (કાકવર્ણ, કાગડાના રંગનો) એવું નામ પડ્યું. પહેલાં એનું નામ 'જિતશત્રુ' હતું તે હવે 'કાકવર્ણ' થયું.

આ તરફ સોપારકમાં દુકાળ પડ્યો. કોક્કાસ ઉજ્જયિની ગયો. રાજાને પોતે આવ્યો છે તેની જાણ કરવા એણે (યાન્ત્રિક) કબૂતરો દ્વારા રાજાના ગંધશાલિ (એક જાતના સુગંધી ચોખા) હરવા માંડ્યા. કોઠારીઓએ (રાજાને) કહ્યું. તપાસ કરતાં કોક્કાસ નજરે પડ્યો. એને (રાજા પાસે) લાવવામાં આવ્યો. રાજાએ એને ઓળખ્યો અને એના ભરણપોષણની વ્યવસ્થા કરી.[૯]

કોક્કાસે (રાજાના કહેવાથી) ગરુડ (યંત્ર) બનાવ્યું. રાજા રાણી અને આ કોક્કાસ સાથે (ગગનમાં) વિહરવા લાગ્યો. જે કોઈ રાજા એને નમતો નહિ તેને એ કહેતો કે હું આકાશમાંથી આવીને તમને મારીશ. (બીકના માર્યા) બધા (રાજાઓ) વશ થયા.

કાકવર્ણની રાણીને બીજી રાણીઓ એ (ગરુડયંત્રમાં) જતી ત્યારે પૂછતી (કે અમને બેસાડશો?) (રાણીએ દાદ ન દીધી એટલે) એકે આ ગરુડ (યંત્ર) જતું હતું ત્યારે એની પાછા ફરવાની એક ખીલી લઈ લીધી.[૧૦] ગરુડ (યંત્ર) ગયું (ઊડ્યું). પાછા ફરવાનો

---

૯ આચારપ્રદીપ (પત્ર ૭૭ આ)માં કહ્યું છે કે કોક્કાસે લાકડાનાં સેંકડો પ્રૌઢ કબૂતરો બનાવી રાજાના કોઠારમાં તે જાતની ખીલી વગેરેના પ્રયોગવડે મોકલવા માંડ્યાં. તે પણ જાણે જીવતાં હોય તેમ તે જ ક્ષણે ત્યાં જઈ પોતાની ચાંચવડે કણો ચણી પોતાનું ઉદર ભરી પાછાં આવતાં. એ કણો વડે-ચોખાના દાણાવડે કોક્કાસ પોતાના કુટુંબનો નિર્વાહ કરતો.

૧૦ આચારપ્રદીપ (પત્ર ૪૦ અ)માં ખરી ખીલીને બદલે બીજી એના જેવી બનાવરાવી એ ગોઠવી દેવાઈ એવી હકીકત છે.

વિચાર[11] થયો ત્યારે ખબર પડી (કે પેલી ખીલી નથી.) (આખરે ગરુડયંત્ર) કલિંગ (પહોંચ્યું) અને જમીનથી થોડેક દૂર એની પાંખ ભાંગી અને એ ત્યાં પડ્યું.

(રાજારાણીને ત્યાં મૂકી) કોક્કાસ એ નગરમાં ગયો. ત્યાંનો રથકાર રથ બનાવતો હતો. એણે એક ચક્ર બનાવ્યું, એકનું અર્ધું ઘડ્યું; કંઈ કંઈ બાકી (!) હતું.

પછી કોક્કાસે ઓજારો માગ્યાં. રથકારે કહ્યું: આ તો રાજાનાં હોવાથી બહાર કઢાતાં નથી, એટલે ઘેરથી આણી આપું છું. (એમ કહી) એ ગયો. (આ તરફ) કોક્કાસે એવું ચક્ર બનાવ્યું કે ઊભું રખાય તો (ઉપર) જાય, કોઈ સાથે અફડાય તો એ પાછું ફરે અને પાછળ મોઢું રહે તેમ રાખે તો પણ પડે નહિ. (આમ ચક્ર બનાવીને કોક્કાસ એને તપાસતો હતો એવામાં) એ રથકાર આવ્યો અને એણે જોયું તો એ તૈયાર થઈ ગયું હતું. બહાનું કાઢી એ (ત્યાંથી) ગયો, અને એણે રાજાને કહ્યું કે કોક્કાસ આવ્યો છે કે જેના બળને લઈને સર્વે રાજાઓ વશ કરાયા છે. (રાજાના કહેવાથી) કોક્કાસને પકડવામાં આવ્યો. એને માર માર્યો ત્યારે એણે કહી દીધું (કે કાકવર્ણ અને એની રાણી અમુક જગ્યાએ છે). એ ઉપરથી આ રાજાએ એ કાકવર્ણ અને એની દેવીને પકડ્યાં અને એમને ભોજન આપવાની ના પાડી. નગરજનોએ અપયશની બીકે કાકપિંડ પ્રવર્તાવ્યા (જેથી એ દ્વારા કેદ પકડાયેલાં રાજારાણીને આહાર મળે).

કોક્કાસને (રાજાએ) કહ્યું: મારા પુત્રને માટે (ચારે બાજુ) સાત માળનો મહેલ બનાવો અને વચમાં મારે માટે બનાવ જેથી હું બધા રાજાઓને લાવી શકું. કોક્કાસે તેમ કર્યું.

કોક્કાસે શકુનકયંત્ર રચી કાકવર્ણના પુત્રને (એ દ્વારા) લેખ મોકલ્યો કે તમે આવો, એટલામાં હું આને મારી નાખું છું. તમારા પિતાને અને મને છોડાવશો. દિવસ નક્કી કરાયો.

એ દિવસે રાજા પુત્ર સહિત મહેલમાં પેઠો. (કોક્કાસે) ખીલી ઉપર પ્રહાર કર્યો એટલે એ (મહેલ) સંપુટ થઈ ગયો (અર્થાત્ બીડાઈ ગયો). રાજા અને એનો પુત્ર મરણ પામ્યા. કાકવર્ણના પુત્રે એ નગર લઈ લીધું. અને પોતાના પિતાને તેમજ કોક્કાસને મુક્ત કર્યો. અન્ય (જનો) નું કહેવું છે કે કોક્કાસને નિર્વેદ થતાં એણે આપઘાત કર્યો હતો.

[૫]

આમ આ બે કૃતિઓમાં જે હકીકતો અપાઈ છે તે હવે આપણે સામસામી રાખીને ભિન્નતા નોંધીશું:

---

૧૧ આચારપ્રદીપ (પત્ર ૪૦ અ) પ્રમાણે હકીકત એ છે કે રાજાને પોતે લીધેલું દિગ્વ્રત યાદ આવતાં એણે કોક્કાસને કેટલા યોજન દૂર પ્રયાણ થયું છે એ પૂછ્યું. એના ઉત્તરમાં ૨૦૦ યોજન એમ સાંભળી રાજાએ ગરુડયંત્ર પાછું વાળ, પાછું વાળ એમ કહ્યું, અને વ્રતના ભંગ માટે પોતે પશ્ચાત્તાપ કરવા માંડ્યો.

વસુદેવહિંડી	આવશ્યક ચૂર્ણિ
(૧) કોક્કાસનો પિતા ધનદ સુતાર	(૧) કોક્કાસનો પિતા, બ્રાહ્મણ અને માતા એક સુતારની દાસી.
(૨) બાળપણમાં માતાપિતાનું મરણ	(૨) ૦ (અહીં કશો ઉલ્લેખ નથી)
(૩) 'કોક્કાસ' નામ પડવાનું કારણ	(૩) ૦
(૪) કોક્કાસનું 'યવન' દેશમાં ગમન અને ત્યાંના સુતાર પાસેથી કલાગ્રહણ	(૪) પોતાની માતાના શેઠ–સુતાર પાસેથી કલાગ્રહણ અને રાજા દ્વારા સન્માન
(૫) માતૃભૂમિ તામ્રલિપ્તિમાં દુકાળ	(૫) માતૃભૂમિ સોપારકમાં દુકાળ
(૬) ૦	(૬) જિતશત્રુનો વૃત્તાંત–કાકવર્ણ તરીકે પ્રસિદ્ધિ, રાજાના ચાર સેવકની ચાલાકી
(૭) આકાશગામી યંત્ર યંત્રમાં દોરીની કરામત	(૭) ગરૂડયંત્ર
(૮) કોક્કાસ અને રાજાનો નિરંતર ગગનવિહાર	(૮) કોક્કાસ, રાજા અને પટરાણીનો નિરંતર ગગનવિહાર
(૯) પટરાણીની હઠને લીધે આપત્તિ	(૯) શોક્યના કારસ્તાનથી આપત્તિ
(૧૦) કોક્કાસે અન્ય રાજાનો તૈયાર કરેલો રથ	(૧૦) કોક્કાસે તૈયાર કરેલું અદ્ભુત ચક્ર
(૧૧) ૦	(૧૧) ભોજનનો નિષેધ અને કાકપિંડનું પ્રવર્તન
(૧૨) બે યાંત્રિક ઘોડાની રચના અને બે કુમારોનું ઊડવું	(૧૨) રાજકુંવર માટે મહેલની સ્થાપના
(૧૩) ચક્રયંત્રની રચના અને એ દ્વારા અન્ય કુમારોનો નાશ	(૧૩) ૦
(૧૪) ૦	(૧૪) શકુનયંત્રની રચના અને એ દ્વારા કાકવર્ણના પુત્રને સંદેશો
(૧૫) ૦	(૧૫) મહેલનું સંપુટમાં રૂપાંતર અને શત્રુ રાજા અને એના પુત્રનો નાશ
(૧૬) કોક્કાસનો વધ	(૧૬) કોક્કાસની મુક્તિ અથવા એનો આપઘાત

[૬]

આમ આ બન્ને કૃતિઓમાં અપાયેલી હકીકતોમાં વિશિષ્ટ પ્રકારની કેટલીક ભિન્નતા છે. એથી કેટલાક પ્રશ્ન ઊઠે છે.

(૧) આવસ્સય-ચુણ્ણિમાં વસુદેવહિંડી વિષેનો ઉલ્લેખ પ્રામાણિક છે? (૨) એમાં જે વસુદેવહિંડીનો ઉલ્લેખ છે તે આજે ઉપલબ્ધ થતા ગ્રંથથી ભિન્ન છે કે કેમ? (૩) વસુદેવહિંડી પ્રમાણે કથા આવસ્સય-ચુણ્ણિમાં નથી તેનું શું કારણ? (૪) આવસ્સય-ચુણ્ણિમાં જે આપઘાતની વાત છે તે કયા ગ્રંથને આધારે છે? (૫) આચારપ્રદીપ આવસ્સય-ચુણ્ણિને અનુસરે છે તો શું આ પરંપરા વસુદેવહિંડીના કર્તાને પ્રાપ્ત થયેલી પરંપરા કરતાં વધારે વિશ્વાસપાત્ર છે?

આ પ્રશ્નોના ઉત્તર હાલ તુરત મોકુફ રાખી એ વાત હું નોંધું છું કે,

આવસ્સય-ચુણ્ણિમાં જે શબ્દોમાં કથા અપાઈ છે લગભગ તે જ શબ્દમાં હરિભદ્રસૂરિએ આવસ્સય ઉપરની એમની ટીકા (પત્ર ૪૦૯ અ-૪૧૦ આ) માં આપી છે. એના સંપાદક મહાશયે એની સંસ્કૃત છાયા આપી છે. મલયગિરિસૂરિએ પણ પ્રાયઃ આમ જ કર્યું છે એમ એમની આવસ્સય ઉપરની વૃત્તિ જોતાં જણાય છે

દસવેયાલિયની ચુણ્ણિ (પત્ર ૧૦૩) માં કહ્યું છે કે શિલ્પ વડે પૈસો કમાઈ શકાય છે. એ બાબતમાં કોક્કાસ ઉદાહરણરૂપ છે. અને એ ઉદાહરણ આવસ્સય પ્રમાણે છે. અહીં આવસ્સયથી આવસ્સયની ચુણ્ણિ અભિપ્રેત છે.

[૭]

આ તો પાઈય સાધનો આપણે નોંધ્યાં. હવે કોક્કાસની કથા સંસ્કૃતમાં પણ જે કૃતિઓમાં જણાય છે તે પૈકી બેનો હું અહીં ઉલ્લેખ કરું છું.

(૧) આચારપ્રદીપ (પત્ર ૩૦ આ-૪૬ અ) માં મુખ્યતયા ગદ્યમાં આ કથા છે. એમાં ઉરુચ, લંકા વગેરેનું વર્ણન છે, ચક્રવર્તીના નવ નિધિ અને એનાં ચૌદ રત્નોનું સ્વરૂપ સમજાવ્યું છે અને કોક્કાસના પૂર્વ ભવની હકીકત છે. અહીં જે આ કથા અપાઈ છે તે દર્શનાચારને અંગે છે અને એમાં કાકજંઘ (કાકતર્ણું)ના દિગ્વ્રતનો પણ ઉલ્લેખ છે.

(૨) વિજયલક્ષ્મીસૂરિએ વિ. સં. ૧૮૪૩માં ઉપદેશપ્રાસાદ નામનો ગ્રન્થ સંસ્કૃતમાં રચ્યો છે. એના ચોથા સ્તંભમાં ૫૯મા વ્યાખ્યાનમાં 'કારક' ગુણને અંગે કાકજંઘ ને કોક્કાસની કથા અપાઈ છે.

[૮]

વસુદેવહિંડીમાં સ્વચ્છંદ બુદ્ધિનું કેવું ભયંકર પરિણામ આવે છે, એ દર્શાવવા અને આવસ્સય-ચુણ્ણિમાં શિલ્પસિદ્ધત્વ જણાવવા અપાયેલી કોક્કાસની કથાની આલોચના આમ અહીં પૂર્ણ થાય છે. એટલે હવે આપણા ગૌરવવંતા કથા-સાહિત્યનો તુલનાત્મક અને ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરવાની વૃત્તિ વિદ્વાનોમાં વિશેષતઃ જાગે એમ ઇચ્છી વિરમું તે પૂર્વે એક મિત્રને કહેલી વાત નોંધું: વિમાન (Aeroplane) બહુ ઊંચે જતાં એની પાંખ વળી જતી. એ ખામી દૂર કરવામાં આ કોક્કાસની કથા કામ લાગી-લાકડાનો ઉપયોગ કરવાનું સૂઝયું એમ એક વૈજ્ઞાનિક સામયિકમાં મેં વાંચ્યું છે. પણ આનું નામ યાદ નથી.

ગોપીપુરા, સુરત. તા. ૨૩-૫-૪૮

કવિવર શ્રીવીરવિજયજીવિરચિત

શેઠ હઠીસિંહકૃત અંજનશલાકા-સ્તવન

પ્રેષક:—શેઠ સુરેન્દ્રભાઈ સારાભાઈ

સંપાદક:—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

(ઢાળ પહેલી : વિવેકી વિમલાચલ વસીયે—એ દેશી)

વિનય વિવેક લોકતણા, ગુર્જર દેશે ગામ ઘણાં;
ભવિક ભક્તિ કરે ભેલા, તારણ તીરથના મેલા.
ગુણી ગુણવંતના ગાવો, જિમ સુખ સંપદ નિત પાવો. ગુણી૦ ૧
સિદ્ધગિરિ સંઘ સહાયા રે, ગાવત જિન ગુણ ગિરનારે;
ધરમી શેઠે જગતધણી, પુણ્યભારે નિજ પાપ હણી. ગુણી૦ ૨
ઋષભ નેમીશ્વર દોય રાજા, રાજ્યે સંઘ સહુ તાજા;
મુનિવર મુખ અમૃત જરતા, વિકસી શ્રાવકવૃક્ષ લતા. ગુણી૦ ૩
રાજનગર અમદાવાદે, એક શત જિનવર પ્રાસાદે;
સોહમ ઈશાન ઇંદ્ર સહી, દક્ષિણ ઉત્તર ભાગ લહી. ગુણી૦ ૪
કંચનગિરિ દો શ્રય સીધા, હરિ ઉભારે વહેંચી લીધા;
સોહમ શત એક ઇહાં ઠાવે, ઉપમ સાશયની પાવે. ગુણી૦ ૫
તિણે શત ચૈત્ય મુક્ત છાજે, કંપની બાહાદુરને રાજ્યે;
નંદનવન લીલા લાજી, સરસ સુહોમલ વનરાજી. ગુણી૦ ૬
સુરવરૂ સ્વર્ગ થકી ચવિયા, રાયણ ને સહકાર થયા;
રૂપ વસંત ઋતુ ધરતી, થઇ કોયલ ટહુકા કરતી. ગુણી૦ ૭
થાકી ગંગા ગગને વહેતી, સાભ્રમતી રૂપે રહેતી;
હરીપુર હારેં હરિ ચલતા, નંદીશ્વર જઇ તપ કરતા. ગુણી૦ ૮
નગરશેઠ હેમાભાઈ થયા, પ્રેમાભાઈ પુણ્ય જયંત જયા;
બીજા હઠીસિંહ કેશરી નંદા, તપે વસુધાયે રવિ ચંદા. ગુણી૦ ૯
વડ ઓસવાલની નાતિ શિરેં, વિશ્વમાંહે બહુ કીર્તિ વરેં;
ઉપમા કલ્પતરૂની ધરે, દીન દુઃખીનાં દુઃખ હરે. ગુણી૦ ૧૦
હઠીસિંહ સંઘવી થઇ સુમના, સિદ્ધાચલ ગિરનાર તણા;
સાહામીવત્સલ યાત્રા બહુલી, આપ કમાણી કરે સફલી. ગુણી૦ ૧૧
આઠમ દ્વીપ જિનાલયની, મસલત શેઠની સાથે બની;
હઠીસિંહ હઇયડે હોંશ ધણી, શ્રી શુભ વીર વચન સુણી. ગુણી૦ ૧૨

(ઢાલ બીજી : સાંભળ રે તું સજની મોરી—એ દેશી)

રાજનગર ઉત્તર દરવાજે, વાજે મંગલ તુરજી રે;
સંવત ઓગણીસ સીઠક માઘવ, ઉજ્જવલ પક્ષ સનૂરે.
મનને મોહેં જી. ૧

શેઠની વાડી પ્રત્યુષ દક્ષિણ, ભાગ હઠીસિંહ કેરા જીરે;
કદલી અશોક કુસુમ ધ્રુવ ચંપક, તરૂવર કેરો ઘેરો. મનને૦ ૨

તે અંદે વર મુહૂર્ત લગ્નને, ખાતનું મુહૂર્ત કીધું જીરે;
શિલ્પી કડીઆ બ્રાહ્મણ લોકને, વંછિત ધન તિહાં દીધું. મનને૦ ૩

કોશ પ્રમાણે કોટ કરાવે, બુરજાં ને દરવાજા જીરે;
ટોપીવાલા બારલી ચોકી, કરતા શબ્દ અવાજા. મનને૦ ૪

પડિમા બહુલી ભાગ પ્રમાણે, ઘડતા શિલ્પી સારા જીરે;
વલી મંદિરની રચના રૂડી, વાસ્તુક શાસ્ત્ર વિચારા. મનને૦ ૫

જિમ જિમ દેવલ પડિમા સુંદર, વધતી વધતી થાવે જીરે;
તિમ તિમ શેઠ હઠીસીંહ હોવે, ચિત્તમે આનંદ પાવે. મનને૦ ૬

જાણુ હઠીભાઇ પિંડ કમાઇ, લખમી તે સુજ હોવે જીરે;
વાવરવે ધરમે જગ કીર્તિ, પરભવ સંબલ સાથે. મનને૦ ૭

શેઠ સુતા રૂકિમણી હરકુઅર, હઠીસિંહની હોય નારી જીરે;
કામદેવ રહ્યો વદન છુપાવી, જિણે રમણી હોય હારી. મનને૦ ૮

ઘરવટ કુલવટ ધર્મને મારગ, હરકુંવર અધિકારીજી રે,
શીત રતી ને ચઉ ઇન્દ્રાણી, પણ સરસતી જગ પ્યારી. મનને૦ ૯

એ વર રમણી રમણીક મંદિર, જોતાં નેતર વિકસે જીરે;
કરે બંગલો એક નંદનવનમાં, સુર પ્રાસાદ સરીસે. મનને૦ ૧૦

વરષાંતર હઠીસિંહ નિહાલે, ચૈત્યાદિક સવિશેષ જીરે;
ભૂલ સૂલ શંકા પડી મનમેં, તવ ઘર પોહોતા કલેશે. મનને૦ ૧૧

નંદીશ્વર બાવન જિનાલય, દીઠે ઈહા શુદ્ધ થાવે જીરે;
ઓગણીસ એક (સં.૧૯૦૧) શ્રાવણ સુદી પંચમી ચિતિ સ્વર્ગ સિધાવે. મનને૦ ૧૨

આણુ હરકુંઅરને હેત ધરીને, ઈણી પરે શીક્ષા દાખે જીરે;
આમ ગયા તે સૂતા જાગે, ઈણી પરે લોક જ ભાંખે. મનને૦ ૧૩

તેથી તુમે શેઠ હેમાભાઈ કેરી, આણા ચિત્તમાં ધરજો જીરે;
ધન ખરચી જશ કીર્તિ વરજો, દારિદ્રને દૂર કરજો. મનને૦ ૧૪

ચૈત્ય પૂર્ણ કરી ગુરૂને પૂછી, અંજનશલાકા કરજો જીરે;
તુમ બાંધવ મેમાભાઈ કેરી, બુદ્ધિ બહુ ચિત્ત ધરજો. મનને૦ ૧૫

હરકુંઅર શિર ભાર ઠવીને, બાંધવ ચિત્ત ધરી બોલે જીરે;
પુત્ર સમનચંદ છે ચિરંજીવી, શ્રી શુભ વીર તે બોલે. મનને૦ ૧૬

(ઢાળ ત્રીજી : વિમલાચલ વેગે વધાવો–એ દેશી)

હરકુંઅર તે જયવંતા, દાન ધરમેં સદા ઉલસંતાં
ચૈત્ય અંગઢે કામ ચહંતા, મન મોકળે ધન ખરચંતા રે;
ગુણવંતી સતી સુકુમાલી, જિનશાસન ઉદ્યોતકારી રે. (એ આંકણી) ૧
પાનાચંદ સરૂપચંદ નંદ, ઉમાભાઈ શીતલચંદ;
હઠીભાઈના ભાણેજ ચાવે, મામી વયણે હુકમ ચલાવે રે. ગુણ૦ ૨
જલ થલ વ્યાપાર કરતાં, દાનાદ ગુણે વિકસંતા;
વ્યાપાર જિનાલય સાથે, પણ દોરી હેમાભાઈ હાથે રે. ગુણ૦ ૩
બાવન જિનાલય દહેરું, ચાર માલ શિખર ત્રણ કેરું;
સુંદર પડીમાઓ કરાવી, શેઠે પણ બહુલી ભરાવી રે. ગુણ૦ ૪
લોકે ઘર ઘર બિંબ ભરાવ્યા, અંજનશલાકાએ લાવ્યા;
પ્રભુ શિવવહૂ વરવા આવ્યા, જાણું જનિવાસે સુહાવ્યા રે. ગુણ૦ ૫
ઓગણીશસેં ત્રીજે (સં. ૧૯૦૩) વરસે, માહા વદિ પંચમીને દિવસે;
અંજનશિલાકા કેરું, લીધું મુહૂર્ત શેઠે ભલેરું રે. ગુણ૦ ૬
કંકોતરી દેશો દેશે લખી, આદરમાન વિશેષે;
કચ્છ સોરઠ દેશ હાલાર માલવ, મરૂધર ને મેવાડ રે. ગુણ૦ ૭
દેશ દક્ષિણ પૂરવ વાસી, સંઘમેળો મળ્યો સુવિલાસી;
માણસ સવા લાખ મલાવે, સંઘવત્સલ ભોજન ભાવે રે. ગુણ૦ ૮
રચ્યો મંડપ દેવવિમાન, જન બેઠા કરે ગીત ગાન;
વળી મંડપ જિન ઉપવેશે, પીઠિકા એકશો પાંત્રીશે રે. ગુણ૦ ૯
પ્રભુ થાપ્યા વિધિ અનુસાર, પ્રતિમા સવિ ચાર હજાર;
નવ ગ્રૈવેયક બેઠા દેવા, ચોકિકાયે કરે સહુ સેવા રે. ગુણ૦ ૧૦
માઘ ઉજ્જવલી છઠ વિચારી, જલ ભરવા ચલે નરનારી;
વરઘોડાની રચના સારી, શુભ વીર વચન હુશીયારી રે. ગુણ૦ ૧૧

(ઢાળ ચોથી : દેશી–વિવાહલાની તથા મારો સસરો આવ્યો સાસુ સુતા)

(મારો નાવ્યો માડી જાયો વીર, મેં મહાજન સાંઢીયો—એ દેશી)

જલયાત્રા સામગ્રી સજી કરી, ચઢે નિજ ઘરથી વરઘોડે;
વિમલ જલ લાવે છે, લાવે લાવે મગન કુમાર. વિમલ૦
નવરાવવા ધર્મ જિણંદ, પ્રભુ પધરાવે છે. (એ આંકણી)
રાજનગરનાં વ્યવહારીયા, વર વેશ ધરી રથ જોડે. વિમલ૦ ૧

સાંબેલાં ઘણાં શણગારીયાં, જાણે દેવકુંવર અવતાર; વિમલ૦
ગાયે ગીત ભલી ગુણવંતીયો, વર તોરણ ઘર ઘર બાર. વિમલ૦ ૨

આઠ મંગલધર આગળ ચાલે, બોલે જાચક મંગળ માલ; વિમલ૦
ચાલે કલશ ભરી જલ ભરીયો, થાય પગે વલી છંટકાવ. વિમલ૦ ૩

ઉંચી ફરી રે ધજા વૈજયંતીઓ, ચાર ટબકીઓના બનાવ; વિમલ૦
મેડી માહલે જૂએ મહિલા ચઢી, જોયા જેવો બન્યો રે બનાવ. વિમલ૦ ૪

શેઠ પુત્ર મયાભાઈ ગજ ચઢયા, અંબાડી રૂપાની જાસ; વિમલ૦
વાજે વાજીત્ર વિલાસનાં, ભલી પડી રે નગારાની ધુંશ. વિમલ૦ ૫

ટહૂકે શરણાઇ ટહૂકડા, ચાલે ભાલાધરા જલદાર; વિમલ૦
જલ જલીસુ નીશાન તે જગજગે, ગારદી તુરકી અસવાર. વિમલ૦ ૬

આઠ છત્રધરા ચામરધરા, રૂડો ઇંદ્રધ્વજ સંભાથ; વિમલ૦
અલબેલી સાહેલી સાથમાં, રામણદીવો ઉજમ બેન હાથ. વિમલ૦ ૭

ભેરી ભૂંગળ વીણા વાજતી, વાજીંત્ર વિચિત્ર પ્રકાર; વિમલ૦
બહુ ધૂપ ઘટા ગગને ચલે, નવ નવ વેશે નરનાર. વિમલ૦ ૮

શેઠ સાજન રૂડે સંચર્યા, સાધુ સાધવી કેરા સાથ; વિમલ૦
ચામર હલતાં શિર પાલખી, માંહે બેઠા જગતના નાથ. વિમલ૦ ૯

કરજોડી સહુ કરે વંદના, પ્રભુ રહેજો હઇયડા પાસ; વિમલ૦
દેવ દેવી જુવે ગગને રહી, તલ પડવા નહીં અવકાશ. વિમલ૦ ૧૦

હાથી ઘોડા ને પાલખી, ઘોડવેહેલ્યોનો નહીં પાર. વિમલ૦
શેઠના બાગમાં જઇ ઉતર્યા, દેવ નોતરિયા તેણી વાર. વિમલ૦ ૧૧

તસ આપે અનુપમ બાકલા, ભણે મંત્ર આગમ ઉપદેશ; વિમલ૦
ભંડારી વીરચંદ વિધિ સાચવે, નવી ભૂલ પડે લવ લેશ. વિમલ૦ ૧૨

જલ કુંભ ભરી શ્રીફલ ઠવી, શિર ધરિયા સોહાસણ નાર; વિમલ૦
વરઘોડો ઉતરિયો જિનઘરે, હઠીસિંહની વાડી મઝાર. વિમલ૦ ૧૩

રાતિજાગરણ પૂજા પ્રભાવના, કુંભસ્થાપના ધરતિ વિવેક; વિમલ૦
શુભ વીર પ્રભૂને શાસને, હરકુંવર ધરે બહુ ટેક. વિમલ૦ ૧૪

(ઢાલ પાંચમી : હું તો મોહી છું તુમારા રૂપને રે લો—એ દેશી.)

પૂજન નંદાવર્તનાં રે લો, ગ્રહ દીક્‌પાલની થાપના રે લો;
તેડયા દેવ મંત્રે કરી રે લો, બલિદાન દિધિ વિધિશું ભલી રે લો. ૧

ચોથે દિને ખેત્રપાલને રે લો, શાસનની રખવાલને રે લો;
ચોસઠ ઇંદ્રો નોતર્યો રે લો, બાહિર ભૂતબલિ બાકુલા રે લો. ૨

પૂજી કરી સિદ્ધચક્રને રે લો, વીશ થાનક પંચમેં દિને રે લો;
ઇંદ્ર ઇંદ્રાણી રૂપે બને રે લો, પૂજાવિધિ છઠ્ઠે દિને રે લો. ૩

ચ્યવનકલ્યાણક સાચવે રે લો, સરગથકી ગર્ભે ઠવે રે લો;
ચૌદ સુપન રાત્રી સમે રે લો, સુપનપાઠક ફલ ઉચ્ચરે રે લો. ૪

જનમ્યા પ્રભુની વધામણી રે લો, હરકુંવર શેઠાણી દીયે ઘણી રે લો;
છપન દિગ કુમરી નમે રે લો, રાત્રી ઉત્સવ દિન સાતમે શુણી રે લો. ૫

કેલી ઘરે નવરાવતી રે લો, માતશું ઘરે પધરાવતી રે લો;
વસ્ત્ર ભૂષણ ઠવી ગાવતી રે લો, રાસ ક્રીડા રમી જાવતી રે લો. ૬

આઠ ઇંદ્રાણીઓ આરતી રે લો, હાથેં સોવન કંકાવટી રે લો;
પડિમા સકલ મૂલ નાથશું રે લો, તિલક કરે નિજ હાથશું રે લો. ૭

ઇંદ્ર ચોસઠ આવી મલે રે લો, વરઘોડે મુકુટ શિરે ધરે રે લો;
ચારટ રથ હય વારણાં રે લો, પાલખીયેં બેઠા ઘણા રે લો. ૮

વરઘોડો મારગ સંચર્યો રે લો, મંડપમાં જઇ ઉતર્યો રે લો;
મેરૂ સિંહાસન ઉજ્જવલે રે લો, નાથ નમણ ગંગાજલેં રે લો. ૯

પૂજી ઠવ્યા માતા ઘરેં રે લો, વૃષ્ટિ સોવન ફૂલે કરે રે લો;
ઇંદ્ર ગયા ઘર ઠાઠમેં રે લો, સ્નાત્ર અઠાર દિન આઠમેં રે લો. ૧૦

ધર્મનાથ નિશાલના રે લો, ઉત્સવ વરઘોડા ઘણાં રે લો;
ભોગ યોગ વય પાવતા રે લો, શ્રી શુભ વીર પરણાવતા રે લો. ૧૧

(ઢાલ છઠ્ઠી : હવે વિવાહ સામગ્રી મેલી રે—એ દેશી.)

પ્રભુ વિવાહનો વરઘોડો રે, ભલો વર કન્યાનો જોડો રે;
જલ યાત્રા પરેં સહુ સાથે રે, રામણદીવો ઉજમ બેન હાથે રે જયવંતાજી. ૧

શેઠેં સાજન સહુ નોતરીયા રે, નિજ બાગવને ઉતરિયા રે;
ચોરી પુંખી ઉજલી વહુ લાવ્યાં રે, વર કન્યા તિહાં પરણાવ્યાં રે જયવંતાજી. ૨

હોય પછી ધવલ મંગલ ગવરાવ્યાં રે, પછી મંડપ ઘર પધરાવ્યાં રે;
રાજ્યભારનો ઉત્સવ કીધો રે, પછી વરસી દાન તે દીધો રે જયવંતાજી. ૩

નવમેં વરઘોડો સાર રે, પ્રભુ ધરતા મંગલ ચાર રે;
બિંબ કેસર લેપ સુગંધ રે, નાથ હાથે કંકણ બાંધે રે જયવંતાજી. ૪

સૂરિ મંત્ર પવિત્ર સુગંધી રે, મીંઢલ ને મુરડાશિંગી રે;
પીઠિકા ધૂપ દીપક એણી રે, બલી બાકુલા ફુલને પાણી રે જયવંતાજી. ૫

કુસુંભી વસ્ત્ર ઓઢાડી રે, ચૈત્યવંદન વસ્ત્ર ઉઘાડી રે;
ઉંચ શાસે મંત્ર ઉચ્ચારે રે, કથમેં પંચમી શીત વારે રે જયવંતાજી. ૬

સ્થિર લગન નવાંશ તે બલીયેં રે, કરે અંજન સોવન શલીયેં રે;
પલ પાંચ ઘડી ચૌદ વેલા રે, જ્યોતિ પ્રગટી ઝાકઝમાલા રે જયવંતાજી. ૭

બહુ ઉત્સવ ઠાઠ વિશેષે રે, અગીઆરશેં મંદિર બેસે રે;
કલ્યાણ પાંચ પ્રસિદ્ધો રે, હરકુંઅરે જગ જસ લીધો રે જયવંતાજી. ૮

શ્રી શાંતિસાગરસૂરિ રાયા રે, આદે ચઉ ગણપતિ આયા રે;
વલી સાત સયા અણગાર રે, પહેરામણીયો વિસ્તાર રે જયવંતાજી. ૯

ખરચ્યા રૂપૈયા લખ આઠ રે, સજ્જન કરતાં ગુણપાઠ રે;
પણ દુર્જન દોષ ઉપાડે રે, તે તો પયમાં પૂરા કાડે રે જયવંતાજી. ૧૦

આંબલીનો કાતરો ખાટો રે, વિષ ભરીયો વીંછી કાંટો રે,
શ્વાન પૂછ ને દુર્જન રસના રે, ચાર વાંકા વિધાતા ઘટના રે જયવંતાજી. ૧૧

દશ પૂરવધર વયરસ્વામી રે, વાર એકવીસ પડિમા વિસામી રે;
હવે જાવડશા હરી લીધો રે, પૂરવી થઇને શું કીધો રે જયવંતાજી. ૧૨

જિનવાણી અમૃત તોલે રે, પાખંડી અવગુણ બોલે રે;
ચોર બલતો દેખી ચંદે રે, કરપી દાતાને નંદે રે જયવંતાજી ૧૩

ઘરેં કામ કદી ન ઉઠાડે રે, નંદે વસ જેહ જમાડે રે;
માંદી પડી નારી રાંક રે, ધરે કંચુકે હરજી વાંક રે જયવંતાજી. ૧૪

હોય બજી ને ન મલે નાણું રે, કરકણું ને ઘોડું કાણું રે;
દુર્જન વાતો કહું કેતી રે, કરે કર્ષણી કષ્ટે ખેતી રે જયવંતાજી. ૧૫

કષ્ટે કરી દ્રવ્ય કમાવે રે, જિન મારગ ખેત્રે વાવે રે;
જે સજ્જન તસ ગુણ આવે ર, શોભે મુખ તંબોલ ચાવે રે જયવંતાજી. ૧૬

પ્યાજ લસણ ખેતર દુરગંધી રે, જાય કેતકી વાડી સુગંધી રે;
સુરભી વાસેં રહે તાજા રે, શુભ વીરવિજય મહારાજા રે જયવંતાજી. ૧૭

॥ ઇતિ મોહકોસિંહે કરેલી અંજનશિલાકાનું વીરવિજયકૃત સ્તવનં સંપૂર્ણમ્ ॥

ભારતીય ચિત્રકળા પર એક દૃષ્ટિ

હિન્દીમાં મૂળ લેખકઃ—શ્રીયુત અજિતઘોષ

અનુવાદક--શ્રીયુત પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, દહેગામ.

જૈન ગ્રંથોની લઘુ ચિત્રોની (મિનિયેચર) ચિત્રકળામાં અંગ, પ્રત્યંગ ઉભરેલાં અને અણીદાર દેખાડવામાં આવ્યાં છે. જૈન ચિત્રકારોએ મુખને અંકિત કરવામાં ખાસ દિલચસ્પી બતાવી છે.

સિત્તનવાસલના ફ્રેસ્કોને છોડીને આપણને જૈન ચિત્રકળાનું વિરાટ રૂપ જોવા મળતું નથી. સિત્તનવાસલ ફ્રેસ્કો જૈનોના જ બનાવેલ છે; એમાં પણ પૂરતો સંદેહ છે. જૈન ચિત્રકળા લઘુ ચિત્રોની ચિત્રકળા છે. આ તેરમી શતાબ્દિથી શરૂ થાય છે. સૌથી જૂનો તાડપત્રનો ગ્રંથ ઇ. સ. ૧૨૩૭ નો છે,[1] પરંતુ જે ગ્રંથમાં સૌથી સુંદર મિનિયેચર ચિત્રકળા છે, તે પંદરમી શતાબ્દિનો છે. આ હસ્તલિપિઓ આજકાલ અપ્રાપ્ય છે.

બૌદ્ધ કળાકારોની કલાત્મક કલ્પના અધિકતર ધાર્મિક વસ્તુઓના ચિત્રણમાં જ પ્રગટ થઇ છે, છતાં પે તે કલ્પના વ્યાપક હતી, અને તેની અંદર વિવિધ રૂપો ચિત્રિત કરવામાં આવતાં હતાં. પરંતુ જૈન કળાકારોનાં ચિત્રોમાં કેવળ આધ્યાત્મિક ચિત્રો જ મળે છે. જો અગિયારમી સદીની નેપાલની બૌદ્ધ હસ્તલિપિઓ અને બંગાળની પાલયુગની હસ્તલિપિઓ તેમજ જૈન મિનિયેચર હસ્તલિપિઓની તુલના કરવામાં આવે તો આ બધાની ચિત્રકળાનું અંતર સ્પષ્ટ થઈ જાય છે. બૌદ્ધ ચિત્ર લિપિઓની ચિત્રકળા આ બધાથી ઘણે અંશે અધિક સુંદર છે. તે કોઈ કળા, રીતિ અથવા પદ્ધતિથી બંધાયેલી નથી. તે પોતાના સમયની ચિત્રકળાનું એક અદ્‌ભુત સંતુલન અને સમન્વય છે. ભિન્ન ભિન્ન રંગોને એકી સાથે મેળવી તેમાં નિશ્ચિત પ્રભાવ પેદા કરવો એ બૌદ્ધ ચિત્રકળાની વિશેષતા છે. બૌદ્ધ ચિત્રકળા ભાવનાત્મક કલ્પના પેદા કરે છે, પરંતુ જૈન ચિત્રકળા તેથી તદ્દન વિપરીત છે.

શરૂઆતનાં જૈન લઘુ (મિનીયેચર) ચિત્રો જ્યાંસુધી એના ટેકનીકનો સંબંધ છે, તે બેહદ મનોરંજક છે. ગ્રંથોના પૃષ્ઠ પર લઘુ ચિત્રો માટે જેટલી જગા મૂકવામાં આવતી, તેમાં પહેલાં સ્વર્ણરંજનો લેપ કરવામાં આવતો અને સોનાનાં પાંદડાં ચોંટાડવામાં આવતાં. એ પછી ઘેરા અરુણ રંગથી ચિત્રોમાં રંગ ભરવામાં આવતો. એ પણ સંભવિત જણાય છે કે જૈન ચિત્રકાર પહેલાં સ્કેચ બનાવી લેતા હશે. પહેલાં સ્વર્ણિમ ડિઝાઇનની એક મોટી રૂપરેખા ખેંચી લેવામાં આવતી હતી, પછી આંખ, પાંપણ, કાન અને આંગળિઓ આદિ બનાવી લેવામાં આવતી હતી. પરિણામ એ આવતું કે ચિત્રોમાં મુખ, વસ્ત્ર, ફૂલ અને સજાવટની ચીજો એવી માલમ પડતી કે જાણે તે સુવર્ણની બનાવેલી હોય. મોટી મોટી બહાર નીકળેલી આંખો અને ઉભરાયેલાં અંગ, પ્રત્યંગ પ્રારંભિક જૈન લઘુ ચિત્રોની કળાની

---

૧ જેસા સંશોધન મુજબઃ—જૂનામાં જૂની તાડપત્રની સચિત્ર પ્રતિ પાટણના સંઘવીના પાડાના ભંડારમાં છે. તે સં. ૧૧૫૭ (ઈ. સ ૧૧૦૦)માં ભરૂચમાં લખાયેલી નિશીથચૂર્ણિ ની પ્રતિ છે.

વિશેષતાઓ છે અને આ જ વિશેષતાઓએ તેને અસ્વાભાવિક બનાવી દીધી છે. પ્રારંભિક જૈન કળામાં સૌથી મૂલ્યવાન વસ્તુ છે ચિત્રોની ચારે બાજુની સજાવટ.

જૈન ચિત્રકળાના સંબંધમાં જે નમૂનાઓ પ્રાપ્ત થઈ શકયા છે તેથી આપણે ત્રણ પ્રકારની ચિત્રપદ્ધતિ જોઈ શકીએ છીએ:

(૧) સૌથી પ્રારંભિક પદ્ધતિ ૧૩મીથી લઈને ૧૬મી શતાબ્દિ સુધી પ્રચલિત હતી, અને આ જૈન કળામાં સૌથી પ્રાચીન પદ્ધતિ કહેવાય છે.

(૨) જૈન ચિત્રકળાની બીજી પદ્ધતિ ૧૬મી સદીના મધ્યમાંથી ૧૭મી સદી સુધીની છે, જ્યારે જૈન ચિત્રકળા મોગલ ચિત્રકળાના સંબંધમાં આવી.

(૩) જૈન ચિત્રકળાની ત્રીજી પદ્ધતિ તે છે કે જ્યારે ૧૭મી શતાબ્દિના અંતમાં જૈન ચિત્રકળા રાજપૂત ચિત્રકળાથી પ્રભાવિત થઈ અને ૧૮મી સદીમાં રજપૂત ચિત્રકળાના અવનતિ કાળમાં પૂરેપૂરી રીતે તેમાં ભળી ગઈ.

આ ત્રણે કાળની પદ્ધતિમાં જે સૌમાં મુખ્ય અંતર જોવાય છે, તે મુખના ચિત્રણમાં છે. આપણે મુખનો કેવલ અડધો ભાગ જ ચિતરાયેલો જોઈ શકીએ છીએ. પછી મોગલકાળમાં આપણે સુડોલ અંગ, પ્રત્યંગનું ચિત્રણ જોઈ શકીએ છીએ. જ્યારે રાજપૂતકળાનો પ્રભાવ શરૂ થયો ત્યારે સ્ત્રીઓનો ગોળ ચહેરો ચિત્રિત કરવામાં આવતો અને પુરુષોને મૂછો તથા દાઢી બનવા લાગી. ૧૫મી શતાબ્દિમાં નાનાં ચિત્રોમાં લાલ અને સોનેરી રંગોના સ્થાને સુંદર લીલો રંગ અને સોનેરી રંગ વાપરવામાં આવ્યો. પછી અંતમાં બેડોળમાં બેડોળ લાલ પીળા રંગ વપરાવા લાગ્યા અને સોનું બિલકુલ કાઢી નાંખવામાં આવ્યું. જૈન લઘુ ચિત્રોની રેખાઓ લચકતી બનાવવામાં આવતી, તેથી એ રેખાઓ ખરાબ રીતે અંકાતી. એને જોતાં માલૂમ પડે કે કોઈ અકુશળ હાથોએ આ રેખાઓ ખેંચી છે. લગભગ બધી હસ્તલિપિઓમાં આ લઘુ ચિત્રો જોવા મળે છે. કદી કદી આ બિલકુલ એકબીજાની નકલ માલમ પડે છે. એમાં સારા નરસાનું અંતર કલાકારનું પોતાનું વ્યક્તિગત કૌશલ છે. ૧૫મી શતાબ્દિની હસ્તલિપિઓની જૈન લઘુ ચિત્રોની કળા એ સમયની બીજી ચિત્ર-કળાથી ઘણી ઘાટીલી ઠરે છે. હસ્તલિપિઓના લઘુ ચિત્રોની તુલનામાં જૈન પુસ્તકોના કવર પર જે ચિત્રકળાઓ રહેલી હતી તેમાં ખાસ બહુલતા મળે છે. કદી કદી તે ડિઝાઇનોમાં થોડા ઘણા ફેરફાર કરીને આ પુસ્તકોના કવર પર જોવા મળે છે. આ કવર ચિત્રોમાં મૌલિકતાની અપેક્ષા ટેકનીક અને સજાવટને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. આમાં જીવનના વાસ્તવિક દશ્યોનું ચિત્રણ કરવામાં આવતું.આ બંધાયે દશ્યો સમકાલીન જીવનથી લેવામાં આવતાં. આના પ્રદર્શનમાં એક પ્રતિભા રહેતી. સુરુચિના કારણે પણ આ ચિત્રો બહુ જ સુંદર ઠરે છે. અમને આજ સુધી જે કંઈ જ્ઞાન થઈ શક્યું છે તેથી એ કહેવું અત્યંત કઠણ છે કે જૈન ચિત્રકળાનો પ્રાદુર્ભાવ ક્યાંથી થયો. ૧૫મી શતાબ્દિ અને એ પછી સુધી જે જૈન ચિત્રકળા આપણને ધાર્મિક પુસ્તકોમાં મળે છે, તે સાધારણ જનતાની જ ઉપજત ચિત્રકળાનું રૂપ છે. જનતાની જ કળાને વિશેષ રૂપ આપીને એક ખાસ સાંચામાં ઢાળવામાં આવી છે. એ જ કારણ છે કે જૈન ચિત્રકળામાં સ્ત્રીપુરુષોના આકારપ્રકાર

રુચિથી જકડાયેલા છે. જૈન ચિત્રકળાનો સ્વતંત્ર રૂપે સ્વયં વિકાસ ન થઈ શક્યો, છતાં તે પોતાના સમયની વાસ્તવિકતાના કારણે જ આપણે તેને જૈન ચિત્રકળા કહીએ છીએ. એથી વિપરીત જે ચિત્રકળાને રિયલિસ્ટિક અને લૌકિક ચિત્રકળા કહેવામાં આવે છે તે વાસ્તવમાં જૈન ચિત્રકળા છે જ નહિ, અને ધાર્મિક ચિત્રકળાની તુલનામાં તેને લૌકિક ચિત્રકળા કહીએ અથવા ગુજરાતી ચિત્રકળા કહીએ–ગમે તે નામે પોકારીએ–પણ વાસ્તવમાં એ જનતાની જ ચિત્રકળા છે. આ ગુજરાતની ગ્રામીણ ચિત્રકળા છે અને એ સંબંધમાં શ્રી એન. સી. મહેતાએ વિસ્તારથી સુંદર ઢંગ પૂર્વક લખ્યું છે.

બૌદ્ધ, જૈન, અને હિન્દુ: આ ત્રણે ચિત્રકળાઓએ ધાર્મિક વિશ્વાસોમાં જ પોતાનું મૌલિક રૂપ પ્રાપ્ત કર્યું છે.

–(વિશ્વવાણી; જાન્યુઆરી ૧૯૪૨ ના અંક માંથી સંકલિત)

ચપળતાના પ્રકાર ને ઉપપ્રકાર

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

ઉત્તરજ્ઝયણ એ જૈનોના પવિત્ર, પ્રામાણિક અને પ્રાચીન આગમ તરીકે સુવિખ્યાત છે. એના અગિયારમા અજ્ઝયણમાં બહુશ્રુતની પૂજાનો અધિકાર છે. એમાં સુવિનીત કોને ગણવો તેને અંગે પંદર બાબતોનો ઉલ્લેખ છે. તેમાંથી એક તે 'ચપળતાનો અભાવ' છે આ ચપળતાના સંબંધમાં આ આગમની વિ. સં. ૧૧૨૯માં નેમિચન્દ્રસૂરિએ રચેલી વૃત્તિ (પત્ર ૧૬૮ અ–આ) જોતાં, એમાં ચપળતાના ચાર પ્રકારો અને એમાંના એકના ઉપપ્રકારો નજરે પડે છે. એની હું અહીં સંક્ષિપ્ત નોંધ લઉં છું

ચાર પ્રકાર–ગતિ, સ્થાન, ભાષા અને ભાવ આશ્રીને ચપળતા ચાર પ્રકારની છે

કોઈ જલદી જલદી ચાલતું હોય તો એ 'ગતિ–ચપળતા' છે.

જે એક સ્થળે રહીને પણ હાથ વગેરે હલાવ્યા કરે તે 'સ્થાન-ચપળતા' છે.

બોલવા સંબંધી ચપળતા તે 'ભાષા–ચપળતા' છે. એના (૧) અસત્–પ્રલાપ, (૨) અસભ્ય–પ્રલાપ (૩) અસમીક્ષ્ય–પ્રલાપ અને (૪) અદેશકાલ–પ્રલાપ એમ ચાર ઉપપ્રકાર છે. અછતી (અવિદ્યમાન) વસ્તુ વિષે બોલવું તે 'અસત્–પ્રલાપ' છે સભ્યતાને ન છાજે તેમ બોલવું તે 'અસભ્ય–પ્રલાપ' છે. પૂર્વાપર વિચાર કર્યાં વિના જેમ આવે તેમ બોલવું તે 'અસમીક્ષ્ય–પ્રલાપ' છે. કાર્ય પૂરું થયા પછી આ જો આ દેશમાં કે એ વખતે કરાયું હોત તો સારું થાત એમ જે બોલવું તે 'અદેશકાલ–પ્રલાપ' છે.

સૂત્ર કે અર્થ પૂર્ણ થયા પૂર્વે જે અન્ય ગ્રહણ કરે તે 'ભાવ–ચપળતા' છે.

ગોપીપુરા, સુરત, તા. ૧૭-૧-૪૮

હરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) [illegible]હાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ૭ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીના ૧૦૦૦ વર્ષ પછીના સાતમો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ

મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૧ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.



વર્ષ ૧૩ : અંક ૧૦] અમદાવાદ : તા. ૧૫-૭-૪૮ [ક્રમાંક : ૧૫૪

विषय-दर्शन

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

વિજ્ઞપ્તિ

છાપકામ અને કાગળની દિવસે દિવસે વધતી જતી કારમી મોંઘવારીના સમયમાં પણ "જૈન સત્ય પ્રકાશ" માસિક ગ્રાહકોને માત્ર બે રૂપિયા જેટલા નજીવા લવાજમમાં અને પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોને વગર લવાજમે આપવાનું અમે ચાલુ રાખ્યું છે, અને ભવિષ્યમાં પણ એ મુજબ જ અમે એ ચાલુ રાખવા માગીએ છીએ. આ રીતે માસિક અમે આપી શકયા છીએ એનું મુખ્ય કારણ શ્રીસંઘ તરફથી અમને સમયે સમયે મળતી રહેલી ઉદાર મદદ છે; આવી મદદ ન મળે તો આ રીતે માસિક આપી શકાય જ નહીં.

અત્યારે છેલ્લે છેલ્લે વધેલી મોંઘવારીના કારણે અમારે થોડીક નાણાંભીડ ભોગવવી પડે છે; અને તેથી સમસ્ત શ્રીસંઘ સમક્ષ અમે અમારી એ વાત રજુ કરીએ છીએ, અને આશા રાખીએ છીએ કે અત્યાર સુધીની જેમ આ વખતે પણ શ્રી સંઘ અમારી માંગણી જરૂર પૂરી કરશે.

ચાતુર્માસના ધાર્મિક પર્વોના દિવસો આવે છે. તે વખતે આ માસિકને અને સમિતિને દરેક પ્રસંગે યાદ રાખવા અમે દરેક ગામના જૈન સંઘને તેમજ તે તે ગામમાં બિરાજતા મુનિવરોને વિનંતિ કરીએ છીએ

॥ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	क्रमांक
अंक १०	અષાઢ શુદિ ૧૦ : ગુરુવાર : ૧૫મી જુલાઈ	१५४

ધર્માદા નાણાંની સમસ્યા

[સમ્પાદકીય]

આજકાલ ધર્માદા નાણાં અંગે ઠેર ઠેર જાગેલો ઊહાપોહ ચિંતાજનક થઈ પડ્યો છે; અને તે તે ધર્માદા નાણાંના સંરક્ષકો અને વ્યવસ્થાપકોને માથે તે તે નાણાંની સુરક્ષિતતા જાળવી રાખવાનું અને મૂળ માર્ગ મૂકીને અવળે માર્ગે દોરવાઈ જતા જનતાના માનસને સ્થિર રાખવાનું ભારે જવાબદારીભર્યું કામ આવી પડ્યું છે.

ધર્માદા નાણાંની ઉત્પત્તિ માનવીની સમર્પણની ઉમદા વૃત્તિમાંથી થઈ છે એટલી વાત જો આપણા ખ્યાલમાં રાખીએ તો ધર્માદા નાણાં અંગેની—એની વ્યવસ્થા કે ઉપયોગ અથવા તો માલિકી વગેરે અંગે—વિશેષ માથાકૂટમાં પડવાપણું રહેતું જ નથી. તે તે નિમિત્તને અનુલક્ષીને સમર્પણ કરેલા દ્રવ્યનો ઉપયોગ કરવાનો તેમજ તેનું યોગ્ય સંરક્ષણ કરવાનો માર્ગ એટલો સુનિશ્ચિત કરી રાખેલો છે કે એ માટે વધુ મથામણમાં પડવાની જરૂર ઊભી થતી જ નથી.

સંભવ છે આમાં જૈનેતર સમ્પ્રદાયોમાં કંઈક કહેવાપણું કે સુધારવાપણું હોય; પણ જૈન સંઘે તો આ નાણાંઓ અંગે એવા આકરા નિયમો ધર્માજ્ઞા મુજબ સ્વેચ્છાએ જ સ્વીકારી લીધા છે કે એની શુદ્ધાશુદ્ધિ માટે શંકા કરવાપણું રહેતું જ નથી, અને આનું મુખ્ય કારણ એ છે કે આપણા દીર્ઘદૃષ્ટિવાળા આપ્ત પુરુષોએ આ ધર્માદા નાણાંની આસપાસ નૈતિકતાની અને ધાર્મિકતાની એવી મજબૂત વાડ બાંધી દીધી છે કે સેંકડો વર્ષો વીતી જવા છતાં ધાર્મિક નાણાંની શુદ્ધિની સુવ્યવસ્થા અવિચ્છિન્નપણે આજ લગી જળવાઈ રહી છે. આપણાં દેવમંદિરો અને આપણાં બીજાં ધર્મસ્થાનો આજે પણ ઊજળાં, સફાઈભર્યાં તેમજ મનને શાંતિ આપે એવાં જળવાઈ રહ્યાં હોય તો તેનું મુખ્ય કારણ આપણા શાસ્ત્રકારોએ આપણને પગે પગે સમજાવેલી આ દ્રવ્યશુદ્ધિ જ છે.

તે તે ખાતામાં ભેગાં થયેલાં કે થતાં આ ધર્માદા નાણાંના વપરાશના ક્ષેત્રની મર્યાદા સેંકડો વર્ષોથી જૈન સંઘના જીવનમાં એટલી બધી સ્પષ્ટ રીતે અંકિત થયેલી છે કે એ માટે શાસ્ત્રોના

આધરો શોધવા પડે એવી શંકા જ ઊઠવા પામતી નથી. આપણો રોજ-બ-રોજનો ક્ષણેક્ષણનો વ્યવહાર આપણને સ્પષ્ટ માર્ગનું નિશ્ચિત દર્શન કરાવતો હોય ત્યાં શંકા-કુશંકામાં પડવાને અવકાશ ક્યાં રહે? ધાર્મિક નાણાં અંગે આવી સુનિશ્ચિત દષ્ટિ જૈન સંઘના રોજિંદા વ્યવહારમાં વણાઈ ગઈ છે તેનું મૂળ આપણાં ધર્મશાસ્ત્રોમાં રોપાયેલું છે.

આમ છતાં આજે એવા કેટલાક પ્રસંગો આવી પડે છે કે જ્યારે આપણી આવી સુદૃઢ અને સુનિશ્ચિત માન્યતાને પણ, એ ડગમગી ન જાય એટલા ખાતર, આપણે ચુસ્તપણે જાળવી રાખવા પ્રાણપૂર્ણ પ્રયત્ન કરવો પડે છે.

મુંબઈ ઇલાકામાંના ધાર્મિક ટ્રસ્ટોની તપાસ માટે મુંબઈ સરકારે ન્યાયમૂર્તિ ટેન્ડુલકરના અધ્યક્ષપણા નીચે સાત સદ્ગૃહસ્થોની એક તપાસ કમીટી નીમી હતી, અને આ કમિટીએ જુદી જુદી હિન્દુ તેમજ જૈન આગેવાન વ્યક્તિઓની જુબાની લઈને પોતાનું કામ પુરું કરીને પોતાને થયેલ અનુભવના પ્રકાશમાં પોતાની ભલામણોનો અહેવાલ સરકાર સમક્ષ પેશ કરી દીધો છે.

આ સમિતિ સમક્ષ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ અને દેશના આગેવાન ઉદ્યોગપતિ શેઠ શ્રી. કસ્તુરભાઈ લાલભાઈએ જૈન સંઘનું દ્રષ્ટિબિંદુ રજુ કરતી જે જુબાની આપી છે તેને ઠેરઠેરથી ખૂબ જ આવકાર મળ્યો છે; અને અમદાવાદ મુંબઈના તેમજ બીજા જૈન સંઘોએ આ જુબાનીને જૈન સંઘના પ્રતિનિધિરૂપે સ્વીકાર કરવાનો ઠરાવ કરીને એ જુબાની ઉપર જૈન સંઘની માન્યતાની મહોર છાપી મારી દીધી છે. શેઠ શ્રી. કસ્તુરભાઈએ જે મક્કમતા અને સ્પષ્ટતાપૂર્વક જૈન સંઘનું દૃષ્ટિબિંદુ રજુ કર્યું છે તે બદલ અમે તેમને અભિનંદન આપીએ છીએ. એમણે આપેલી જુબાની જૈન સંઘની મૂલ્યવાન સંપત્તિરૂપ છે એમ અમને લાગે છે; અને તેથી એ આખી અંગ્રેજી જુબાનીનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તૈયાર કરાવેલ ગુજરાતી અનુવાદ આ અંકમાં પ્રગટ કરીએ છીએ. આ જુબાનીના ગુજરાતી અનુવાદની નકલ પૂરી પાડવા માટે અમે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો આભાર માનીએ છીએ.

મુંબઈ સરકારને અમે એટલું જ કહેવા માગીએ છીએ કે ધર્માદા નાણાંના સંરક્ષણ માટે ટ્રસ્ટી ધારો અને ધર્માદા ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ધારો—આ બે ધારાનો જો બરાબર અમલ કરવામાં આવે તો આ માટે બીજા કોઈ પણ નવા ધારાની જરૂર જ ઊભી થતી નથી. મહત્ત્વનો સવાલ ધારો ઘડવાનો નહીં પણ ધારાનો યોગ્ય રીતે અમલ કરવાનો છે એ તરફ અમે સૌનું ધ્યાન દોરીએ છીએ, અને બિનજરૂરી નવા નવા ધારાઓ ઘડવાની માથાકૂટમાંથી ઊગરી જવાનું સૂચવીએ છીએ.

શેઠ શ્રી. કસ્તુરભાઈએ પોતાની જુબાની આપીને જૈન સંઘની વાત યોગ્ય રીતે રજુ કરી છે એટલા પૂરતું આપણું એક કામ પાર પાડ્યું ગણાય. પણ ખરેખરું કામ તો ટેન્ડુલકર સમિતિની ભલામણોનો અહેવાલ બહાર પડે તે વખતે કરવાનું છે એ રખે આપણે ભૂલીએ. તે વખતે પણ આપણે જાગૃત રહીએ અને આપણા સંઘને યોગ્ય દોરવણી આપી આપણા ધર્માદા નાણાંનું જતન કરીએ!

અસ્તુ!

મુંબઈ સરકારે ધર્માદા પબ્લિક ટ્રસ્ટોની તપાસ અર્થે નીમેલા શ્રી ટેન્ડુલકર કમીશન સમક્ષ તા. ૨૨—૪—૪૮ ના રોજ

શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાની

પ્રશ્નકાર : કમીટિના પ્રમુખ ટેન્ડુલકર.

પ્ર. ટે : આપ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય ટ્રસ્ટી છો ?

ક. લા : હા.

પ્ર. ટે : તમારા બંધારણ પરથી અમને માલુમ પડે છે કે જુદા જુદા સ્થળના સંઘો પ્રતિનિધિઓ ચૂંટે છે, અને આ પ્રતિનિધિઓ મેનેજીંગ કમીટીની ચૂંટણી કરે છે.

ક. લા : પદ્ધતિ એવી છે કે જુદા જુદા સ્થળના સંઘો પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે. જેઓ જરૂર મુજબ વરસમાં એક કે બે વાર મળે છે. મેનેજીંગ ટ્રસ્ટીઓનું મંડળ અમદાવાદનું જ હોય છે અને જ્યારે તેમાંથી કોઇની જગ્યા ખાલી પડે છે ત્યારે બાકીના ટ્રસ્ટીઓ પોતાની અંદરથી ખાલી પડેલી જગ્યાની પુરવણી કરે છે અને જુદાં જુદાં સ્થળોએથી ચુંટાયેલા ૧૦૮ પ્રતિનિધિઓની તે સંબંધમાં અનુમતિ મેળવવામાં આવે છે.

પ્ર. ટે : સંઘમા કોનો કોનો સમાવેશ થાય છે ?

ક. લા : જૈનો જે રીતે સંઘ શબ્દનો અર્થ સમજે છે તે રીતે સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર વર્ગનો સમાવેશ થાય છે, પણ સાધારણ રીતે અમુક સ્થળે રહેતા જૈનો એટલે સંઘ એમ સમજવામાં આવે છે.

પ્ર. ટે : આણંદજી કલ્યાણજીની પેઢી પાસે આજે કેટલી મૂડી હશે ?

ક. લા : લગભગ ૬૦ લાખ રૂપિયા.

પ્ર. ટે : ધાર્મિક નિમિત્ત સિવાય આ નાણામાંથી કોઈ સામાજિક હેતુ માટે કશી પણ રકમ વાપરવામાં આવે છે ખરી ?

ક. લા : ના.

પ્ર. ટે : આ પેઢી તેમજ અન્ય જૈન સંસ્થાઓ તરફથી મળેલા જવાબો ઉપરથી મને માલુમ પડે છે કે દેવદ્રવ્ય સામાજિક ઉપયોગ માટે વાપરી ન શકાય, એવી જૈનધર્મની આજ્ઞા છે.

ક. લા : હા જી એમ જ છે.

પ્ર. ટે : આવો શાસ્ત્રીય ઉલ્લેખ ક્યાં છે તે મને કહી શકશો ? કોઈ આગમોમાં આવો ઉલ્લેખ છે ખરો ?

ક. લા : આવી બાબતમાં હું એક અલ્પજ્ઞ શ્રાવક છું. પણ આ બાબતમાં જે સાધુઓ પ્રમાણભૂત ગણાય છે અને દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે શાસ્ત્રીય ઉલ્લેખો રજૂ કરી શકે એમ છે એવા સાધુઓ પાસેથી આને લગતાં પ્રમાણો હું મેળવી આપી શકીશ.

પ્ર. ટે : આપ આવાં પ્રમાણ મેળવી આપી શકશો તો હું બહુ રાજી થઈશ. મને આવાં પ્રમાણોની ખાસ અપેક્ષા છે, કારણ કે જૈનોના ધાર્મિક ખાતાનાં નાણાં સામાજિક કાર્યોમાં વાપરી ન જ શકાય એમ માનવાને કંઈ જ કારણ નથી, એવી અમારી પાસે

જુબાનીઓ આવી છે. દેવદ્રવ્યનો આવો ઉપયોગ વ્યાજબી છે કે નહિ એ બાબતમાં અમારે છેવટના નિર્ણય પર આવવું જોઇએ. આ સબંધમાં નિર્ણય લેતાં અમારે પૂરી સંભાળ લેવી જ રહી.

ક. લા : સમાજના અમુક વર્ગના વિચારો સાંભળીને આપ દોરવાઈ નહિ જાઓ એ બાબતની મને ખાતરી છે.

પ્ર. ટે : દેવદ્રવ્યનો સામાજિક કાર્યો માટે લેશ માત્ર ઉપયોગ થઈ ન શકે એમ આપ કહેવા માંગો છો, એમ હું સમજું છું.

ક. લા : બરાબર એમ જ.

પ્ર. ટે : આણંદજી કલ્યાણજીની પેઢીનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકવામાં આવે છે ?

ક. લા : છેલ્લાં પચાસ–સાઠ વર્ષથી કોઈ પણ ખાનગી પેઢીમાં રોકવામાં આવ્યા નથી.

પ્ર. ટે : બીજી જૈન ચેરીટીઓ સંબંધમાં આમ હોય એમ કમનસીબે માલુમ પડતું નથી.

ક. લા : મને લાગે છે કે આપને મળેલી માહીતી મોટાં ટ્રસ્ટો પુરતી બરાબર નથી, તેઓ કાં તો સ્થાવર મિલ્કતોમાં અથવા તો વ્યાજ મળે એવા સરકારી કાગળિયાઓમાં નાણાં રોકે છે, ખાનગી પેઢીમાં પૈસા રોકતા હોય એવાં કેટલાં ટ્રસ્ટો છે તેની મને ખબર નથી.

પ્ર. ટે: કેટલીક જૈન ચેરીટીઓના વ્યવસ્થાપકો તરફથી મળેલા જવાબો આપના અભિપ્રાય સાથે મળતા થતા નથી. ઘણી પેઢીઓએ કબૂલ કર્યું છે કે તેઓએ પોતાની હસ્તકનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકેલાં છે અને તેના બચાવમાં તેઓ જણાવે છે કે–તેમને વ્યાજના આકારમાં તેવા રોકાણનો સારો બદલો મળે છે, જે ટ્રસ્ટના ખરચોને પહોંચી વળવા માટે જરૂરનો હોય છે. અને ખાનગી પેઢીઓમાં આવી રીતે નાણાં રોકવાનું જોખમ બહુ થોડુ હોય છે અને તે સામે જે બદલો મળે છે, એ જોતાં એટલું જોખમ ખેડવું એ તેમને યોગ્ય લાગે છે. જો આપ કહો છો તેમ આ મુજબની ચાલુ રીતરસમ ન હોય તો તે સાંભળીને મને આનંદ થાય છે.

ક. લા. હું નમ્રપણે રજુ કરું છું કે જૈન ચેરટીઓની કુલ રકમ કેટલી છે અને ખાનગી પેઢીઓમાં આમાંનો કેટલો ભાગ રોકવામા આવે છે, તેની આપ સરખામણી કરશો તો મને ખાતરી છે કે મારું કહેવું આપને બરાબર સાચું માલમ પડશે.

પ્ર. ટે. આપને એક દાખલો આપું : મુમ્બઈમાં શ્રી વીર જૈન કાઠિયાવાડ પાઠશાળા નામની એક સંસ્થા છે તેની રૂા. ૭૦૦૦૦ ની મૂડીમાંથી રૂા. ૫૭૦૦૦ જેટલી મોટી રકમ ખાનગી પેઢીમાં રોકવામાં આવેલ છે.

ક. લા. મને લાગે છે કે આ સંબંધમાં યોગ્ય નિર્ણય ઉપર આવવા માટે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી થાય છે તે આપે નક્કી કરવું જોઇએ અને આમાંના કેટલા ટકા ખાનગી પેઢીમાં રોકાયેલા છે, તેની તારવણી કરવી જોઇએ

પ્ર. ટે. આપની વાત બરોબર છે, અને આને લગતી હકીકતો સરકારી દફતરમાંથી એકઠી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અને તે ઉપરથી સત્ય શું છે તે માલુમ પડશે, પણ ખાનગી પેઢીમાં પૈસા રોકવા એ ઇચ્છવા યોગ્ય પદ્ધતિ નથી એમ તો આપ માનો છો ને ?

ક. લા. એ ચોક્કસ અનિચ્છનીય પદ્ધતિ છે.

પ્ર. ટે. હવે એક બીજા પ્રકારના રોકાણનો વિચાર કરીએ કે જે માત્ર જૈન ચેરીટીઓમાં જ જોવામાં આવે છે. આ રોકાણ સોના ચાંદીને લગતું છે. આ પ્રકારનું નાણાંનું રોકાણ આપને યોગ્ય લાગે છે?

ક. લા. મને લાગે છે કે આવું રોકાણ ઇચ્છવા યોગ્ય છે. સંભવ છે કે બીજી કમીટી માફક તમારી કમીટી એમ સુચવે કે ટ્રસ્ટના ફંડો સરકારી કાગળિયામાં જ રોકવા જોઇએ. પહેલા વિશ્વવિગ્રહ દરમિયાન આપણે બધા જાણીએ છીએ તે રીતે સાડા ત્રણ ટકાની સો રૂપિયાની લોનનો ભાવ ૪૭ ટકા ઊતરી ગયો હતો અને ૫૦ના ભાવમાં વેચાણો હતી. ગવર્મેંટ સીક્યુરીટીમાં જે લાખોની સંખ્યામાં આવું નાણું રોકાયેલું હતું તેને કેટલી ખોટ આવી હશે તે આપ સહજ કલ્પી શકશો. બધુ નાણું એક જ ઠેકાણે રોકવું એ ડહાપણ ભર્યું નથી. આ રીતે સરકારી કાગળીયાની ગમે તેટલી કદર રિર્થાત હોય, તો પણ તેમાં બધું નાણું રોકવુ તે ડહાપણ ભર્યું નથી. જર્મની અને ફ્રાન્સમાં શું બન્યું, એ પણ આપણે જાણીએ છીએ, તેથી ટ્રસ્ટફંડનો અમુક ભાગ સોના ચાંદીમાં રોકવામાં આવે એ જરૂર ડહાપણભર્યું છે. વિશેષમા અમે જે કાંઈ સોના ચાંદીમાં રોકાણ કરીએ છીએ, તે કોઈ સટ્ટાના હેતુથી કરતા નથી. અમોએ કરેલી સોના ચાંદીની ખરીદીનો મોટો ભાગ કાંઈ મોટી કિંમત આપીને ખરીદાયો નથી. જ્યારે ચાંદીનો ભાવ ૪૦ થી ૫૦ ની આસપાસનો હતો અને સોનું ૨૫ થી ૩૦ ની આસપાસનું હતું ત્યારે જ આવી ખરીદી કરવામાં આવી હતી. તેથી જો ટ્રસ્ટીઓએ પોતાની હસ્તકનાં નાણાં સોના ચાંદીમાં રોક્યા હોય તો તે સંબંધમાં તેમને કોઈ પણ પ્રકારનો દોષ દેવો યોગ્ય નથી એમ મને લાગે છે. તેમણે બરોબર જ કર્યું છે એમ મારે કહેવું જોઇએ.

પ્ર. ટે : મને એડવોકેટ જનરલે હજુ હમણાં જ જણાવ્યું હતું કે પંદર દિવસ પહેલાં તેમની સમક્ષ રજુ કરવામાં આવેલી એક યોજના (Scheme) માં આજના ભાવે સોનું ખરીદવાની સાગણી કરવામા આવી હતી. જ્યારે સોના ચાંદીના ભાવ બહુ નીચા હતા ત્યારે આવાં રોકાણ કરવામાં આવતાં હતાં એમ નથી. આજના ઊંચા ભાવોમા પણ તેઓ આવાં રોકાણ કરવા માગે છે. એક બીજી બાબત એ છે કે સોના ચાંદીમાંથી કાંઇ નિષ્પન્ન તો થતું જ નથી.

ક. લા : એ હું કબૂલ કરું છું.

પ્ર. ટે : તો પછી ટ્રસ્ટફંડોમાંથી વ્યાજની રીતે પણ કાંઈક દ્રવ્ય ઉત્પન્ન થવુ જોઇએ, એ જરૂરી નથી ?

ક. લા : નાણામાંથી વ્યાજ ઉત્પન્ન થવુ જોઇએ એ બરાબર છે, પણ એથી વધારે અગત્યની બાબત તો મૂડીની સહીસલામતીને લગતી છે. નાનું સરખું વ્યાજ કમાવા જતાં પણ આપણી મૂડીને ઘસારો ન લાગે, એ આપણે ખાસ જોવું જોઇએ.

પ્ર. ટે : મૂડીનો હેતુ શું છે ? જો એમાંથી કાંઈ પેદા ન થાય તો અમારી પાસે આટલી મુડી છે એટલા સંતોષ ખાતર જ આપણે મૂડી ભેગી કરવી એમ ?

ક. લા : અમારી પાસેનાં નાણાંની અમને કઈ રીતની જરૂરીઆત છે, તે હું આપને

સમજવું કોઈ પણ ચોક્કસ હેતુ માટે બાજુએ રાખી મૂકેલાં નાણાં નકામાં પડી રહ્યાં છે એમ આપને લાગતું હશે, પણ એ બરાબર નથી. આપને એક દાખલો આપું. આબુ પર્વત ઉપર અમારાં અમૂલ્ય મંદિરો છે. મંદિરો ૧૦૪૧ ની સાલમાં બંધાયાં હતાં. આ અમારો ૯૦૦ વર્ષનો વારસો છે. એના સમારકામ પાછળ અમે આજ સુધીમાં બહુ નાણું ખરચ્યું નથી. પણ હવે એવો વખત આવ્યો છે કે તેના જીર્ણોદ્ધાર પાછળ અમારે એક બહુ મોટી રકમ ખરચવી જોઈએ. હમણાં જ મુંબઈથી અમે કેટલાક જાણીતા શિલ્પશાસ્ત્રીઓને ત્યાં લઈ ગયા હતા અને પ્રસ્તુત જીર્ણોદ્ધારનો બાવીસ લાખ રૂપીઆ ખર્ચ આવશે એવો તેમણે અડસટ્ટો કાઢી આપ્યો હતો. આ કાંઈ એવી નાની સૂની રકમ નથી કે જે મુંબઈ, અમદાવાદ કે કોઈ પણ અન્ય સ્થળેથી એકાએક પેદા કરી શકાય. અમારી પાસેના ટ્રસ્ટ ફંડોમાંથી જ આની સગવડ ઉતારવી જોઈએ અને દર વર્ષે આવા હેતુ માટે જો અમે અમુક રકમ અલગ કાઢી હોય તો એ ઉપરથી એમ કહી નહિ શકાય કે આ મૂડી કેવળ નકામી પડી રહી છે. આબુનાં મંદિરો પૂરતું હું એમ કહેવાને તૈયાર છું કે શિલ્પના વિષયમાં દુનિયામાં તેનો કોઈ જોટો નથી, અને તેથી જ અમારાથી બને તે રીતે આ ખજાનાને જાળવી રાખવો તે અમારો ધર્મ થઈ પડે છે. ૯૦૦ વર્ષ પહેલાં જે પથ્થર વાપરવામાં આવ્યો હતો એ જ પથ્થર અમારે વાપરવો રહ્યો અને જે રીતની કોતરણી કરવામાં આવી હતી એ જ રીતની કોતરણી આજે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં નવી કરવાની રહી અને મૂળનો ઉદ્ધાર આબેહુબ જળવાઈ રહે એ અમારે જોવું રહ્યું. એ દિવસોમાં દનીઆના એક આના કે અરધા આનામાં કડીઓ મળતો હતો. પણ આજે તે કરતા વીસ કે ત્રીસ ગણા દામ કડીઆને આપવા પડે છે સુતાર સબંધમાં પણ એ જ સ્થિતિ પ્રવર્તે છે. આ બધી હકીકતો ધ્યાનમા લેતા જૈન મંદિરનાં નાણાં નકામા પડી રહે છે, એમ કહેવું યોગ્ય નથી.

પ્ર. ટે : મંદિરના જીર્ણોદ્ધાર માટે જુદા કરવામાં આવેલાં નાણા તે હેતુ માટે વપરાય છે ખરા કે ?

ક. લા : હા જી. હું એક નહિ પણ સંકડો દેરાસરના દાખલા ટાંકી શકું તેમ છું કે જેમણે પોતાનાં નાણાનો જીર્ણોદ્ધારના કાર્યોમા ઉપયોગ કર્યો છે.

પ્ર. ટે : કીમતી મંદિરો ભવિષ્યમાં ઉત્તમ હાલતમાં રાખવા માટે ઘસારા ફંડ કે અનામત ફંડ રાખવુ વધારે સારું ગણાય કે નહિ ? તમારી પાસે રૂ. ૮૦૦૦૦૦૦ નું ફંડ હોવાના સબબ તમો જીર્ણોદ્ધારના કામમાં રૂ. ૨૨૦૦૦૦૦ સુધીની રકમ વાપરી શકો તે જુદી વાત છે, પરંતુ ૨ કરોડ રૂપયાનુ ફંડ ઊભું કરીને તે રકમનું રોકાણ કરી તેના વ્યાજમાંથી પ્રસંગ ઉપસ્થિત થતાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો તે વધારે સારું ગણાય કે નહિ ?

ક. લા : સાહેબ, હું ખાસ કરીને શિલ્પકામમાં ખાસ રસ ધરાવુ છું. મેં હિંદુ ધર્મનાં ઘણાંખરાં મંદિરો જોયાં છે. અને તે અંગે હુ નમ્રતાપૂર્વક કમીટી સમક્ષ રજુ કરુ છું કે જૈન દેરાસરોમાં જોવામાં આવતી શિલ્પ સમૃદ્ધિ અને કારીગરી કોઈ પણ હિંદુ મંદિરમાં દૃષ્ટિગોચર થતી નથી. ધાર્મિક દૃષ્ટિબિંદુ બાજુએ રાખીને પણ કમીટીએ આ અગત્યની બાજુને ઘટતું ધ્યાન આપવું ઘટે છે. જૈન મંદિરોની શિલ્પ સમૃદ્ધિનું વર્ણન કરવા બેસું તો પણ તેનો

ચોક્કસ ખ્યાલ આપી શકાશે નહીં. એટલા માટે કમીટીને હું એકાદ બે સ્થળોની મુલાકાત લેવાને વિનંતિ કરું છું. અમૂલ્ય શિલ્પ સમૃદ્ધિની જાળવણી બાબતમાં અમે તેટલી દલીલો કરવા કરતાં ઉપરોકત મુલાકાત જ તે બાબતની વધારે ખાતરી કરી આપશે. પાશ્ચિમાત્ય પ્રજાની માફક ઢોલઢીમ વગાડવાની આવી બાબતોમાં અમોને આદત જ નથી. ઇટાલીમાં આવેલ પીઝાના ઢળતા ટાવર સંબંધી આપણે પુસ્તકોમાં વાંચીએ છીએ. પરંતુ અમદાવાદમાં આવેલ મીનારો કે જેના ઉપર ઊભા રહેવાથી તે ખરેખર ધ્રૂજતો હોવાનું માલમ પડે છે તેથી આપણે અજાણ છીએ. આનું કારણ એ છે કે, આપણને ઢોલ વગાડવાની આદત નથી જૈન મંદિરોની શિલ્પ-સમૃદ્ધિનું સંપૂર્ણ વર્ણન કરવા કરતાં કમીટીને ત્રણ દિવસનો સમય ફાજલ પાડીને આબુનાં મંદિરો તથા રાણકપુરનાં મંદિરોની મુલાકાતે આવવા હું વિનંતિ કરીશ. કમીટીની તે મુલાકાતો તેમને જૈન મંદિરો શું છે તેનો સંપૂર્ણ ખ્યાલ આપશે. આવતા ૬-૮ મહિનામાં હું એક પુસ્તક બહાર પાડવા ધારું છું, જે આખા હિંદુસ્તાનના જૈન મંદિરો, જૈન ધર્મશાળાઓ તથા જૈનોની વસ્તી સંબંધી ખ્યાલ આપશે. કાગળનો આવશ્યક જથ્થો મળી રહેતાં તરત જ તે પુસ્તક પ્રગટ કરવામાં આવશે. આ દેશની જૂની શિલ્પકળાના અભ્યાસીને તે પુસ્તક ઘણું જ રસપ્રદ થઈ પડશે. ફરીથી એક વખત હું કમીટીને મેં ઉપર જણાવેલ બે સ્થળોની મુલાકાત લેવા ભારપૂર્વક વિનંતિ કરું છું અને તે મુજબ કરવામાં આવશે તો કમીટીએ જૈન મંદિરોને સ્પર્શ ન કરવો તે વધારે સારું છે તેવી દલીલ કરવાની મારે જરૂર નહીં રહે.

પ્ર. ટે. : આપને એવો ભય રાખવાની જરૂર નથી. જરૂરિયાત વિના જૈન મંદિરો સંબંધે અમે કશો પણ કાયદો કરવા માંગતા નથી. કોઇ પણ સંજોગોમાં મંદિરોની જરૂરિયતો વણપુરાયલી રહે એમ ઇચ્છતા નથી. મંદિરનાં નાણાં બ્યાજબી કામો માટે વપરાવાં ન જોઇએ, એવું પણ અમે સૂચવવા માંગતા નથી. કમીટી સામે એક જ મુદ્દો છે, અને તે એ છે કે—મંદિરની બધી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જો વધારાનું નાણું રહે તો એ નાણાંનો ઉપયોગ સામાજિક કાર્યો માટે કરવો જોઈએ કે નહિ ?

ક. લા. : હું એ દૃષ્ટિબિન્દુ બરોબર સમજી શકું છું, પણ હું નમ્રભાવે રજુ કરું છું કે જ્યાં સુધી કમીટી એક યા બે મંદિરોની મુલાકાત નહિ લે, ત્યાં સુધી જૈન મંદિરોની જરૂરિયાતો કેટલી છે તેનો કમીટીને પૂરો ખ્યાલ આવી શકશે નહિ.

પ્ર. ટે. : જૈન મંદિરની સુરક્ષાને લગતી બ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જૈન મંદિરો પાસે વધારાનું નાણું રહે છે કે નહિ એ પ્રશ્ન સાથે અમારે સીધી નિસબત છે.

ક. લા. હું આગળ વધીને કહું છું કે જૈન મંદિરોના જરૂરી સમારકામ માટે પણ અમારી પાસે પૂરતા પૈસા નથી.

પ્ર. ટે. : ઠીક, તો પછી વધારાનાં નાણાંનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ધાર્મિક સખાવતોના બ્યાજબી થતા ખર્ચમાં અમો આડે આવવા માગતા નથી. પરંતુ જો ફાજલ નાણું હોય તો તે નાણું પ્રજાકીય ઉપયોગમાં વધારે સારી રીતે વ્યય કરી શકાય કે કેમ તે જાણવાની અમારી મુરાદ છે. ત્યારબાદ હું એમ પણ જાણવા માગું છું કે એક દેરાસરનું દ્રવ્ય બીજા દેરાસરોના ઉપયોગમાં વાપરી શકાય કે નહીં ?

ક. લા. પૂર્વે ઉપર જણાવ્યા મુજબ ઉપયોગ કરવામાં આવેલો છે.

પ્ર ટે. આ અંગે જોઈતી માહીતી તમે પૂરી પાડી શકશો ?

ક. લા. હા જી.

પ્ર. ટે. : સોલાપુરના એક સદ્‌ગૃહસ્થ કે જે અખિલ હિંદ જૈન એસોસીએશનની મેનેજીંગ કમીટીના સભ્ય છે, તેમજ જૈન સાહિત્ય સેવા મંડળના પ્રમુખ છે, તેમણે કમીટી સમક્ષની તેમની જુબાનીમાં સૂચવ્યું છે કે પ્રતિમાજીના આગળ ઘીના દીવા કરવાનું બંધ કરવું જોઈએ. આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે ?

ક. લા. આ સૂચનનો હું વિરોધ કરું છું કારણ કે તે પૂજાનું મહત્ત્વનું અંગ છે. એકંદર ખર્ચને ધ્યાનમાં લેતા ઘીના દીવા અંગે થતું ખર્ચ એટલું બધું ઓછું છે કે જે ધ્યાનમાં ન લઈ શકાય. જો વાર્ષિક દસ લાખ રૂપિયા જેટલી રકમ આ અંગે ખર્ચાતી હોય અને કદાચ કમીટીએ આવી મોટી રકમનો વ્યર્થ વ્યય બંધ કરવા સૂચન કરેલ હોય તો તે સમજી શકાય તેમ છે. મારા મંતવ્ય પ્રમાણે કુલ ખર્ચના હિસાબે આ ખર્ચ તદ્દન નજીવો ગણાય અને તે તેથી કરીને બંધ કરી દેવો જોઈએ નહિ. વિશેષમાં મારા માનવા પ્રમાણે ઘીના દીવાઓ બધા જ મંદિરોમાં પ્રગટાવવામાં આવતા નથી. પરંતુ ફક્ત બહુ મોટા મંદિરોમાં જ પ્રગટાવાય છે.

પ્ર. ટે : તમારા મંતવ્ય પ્રમાણે આ ખર્ચ ઘણું જ નજીવું ગણાય.

ક. લા. જરૂર. તે નહિ જેવું નાનું ગણાય.

પ્ર ટે. તમારા ચોપડામાં ખર્ચ અલગ બતાવવામાં આવે છે ?

ક. લા. આ બાબતમાં અમો કશો ખર્ચ કરતા નથી. મંદિરના ભક્તો તરફથી તે ઘણે અંશે પૂરું પાડવામાં આવે છે. વખતો વખત જે જાત્રાળુઓ દર્શનાર્થે આવે છે તેઓ આ અંગે નાણાં આપતા જાય છે. ખરી રીતે અમે આશરે બે લા.ખ રૂપિયાની જોગવાઈ કરીએ છીએ, જ્યારે અમારું વાસ્તવિક ખર્ચ ૮ થી ૯ લાખ રૂપિયા થાય છે. આ ખર્ચને શી રીતે પહોંચી વળવામાં આવે છે ? યાત્રાળુઓ યાત્રા કરીને જ્યારે નીચે ઊતરે છે, ત્યારે અમો તેમને કંઈક ભાતું આપીએ છીએ. યાત્રાળુઓ સવારે વહેલા પાંચ વાગે પર્વત ઉપર ચઢવાનું શરૂ કરે છે, અને લગભગ મધ્યાહ્ને તેઓ નીચે ઊતરી જાય છે તે વખતે અમે તેમને પુરું જમણ આપતાં નથી, પરંતુ તેઓને ફક્ત થોડી મીઠાઈ અને સેવ આપીએ છીએ. આ અંગે અમે ઘણી જુજ રકમ ખર્ચ કરીએ છીએ. અને બાકીનો ખર્ચ યાત્રાળુઓ તરફથી મળી રહે છે

પ્ર. ટે. : હું નથી માનતો કે યાત્રાળુઓને જમાડવામાં કોઈ જાતનો વાંધો હોય.

ક. લા. જમવાનો અર્થ બ્રાહ્મણો જેમ જમે છે તે અર્થમાં નથી. બ્રહ્મભોજન જેવી વસ્તુ જૈન શાસ્ત્રમાં નથી. અમારા ઉપવાસ ઘણા કડક પ્રકારના હોય છે. અત્યારના દિવસો અમારા ઓળીના દિવસો છે. તેમાં ઘી, માખણ, ફળફળાદિ કે તેવું બીજું કશું જ અમો લેતા નથી. પાણીમાં બાફેલું અનાજ અમો લઈ શકીએ છીએ. મારી પત્ની આવા પ્રકારનું વ્રત આદરે છે, અને તે નવ દિવસ સુધી ચાલે છે. આવા વ્રતને આયંબિલ કહેવામાં આવે છે. આ અંગે અલગ મૂકવામાં આવેલ રકમો પૂરેપૂરી ખર્ચાઈ જતી નથી. કારણ કે ઘણા ઓછા માણસો આવું ઉગ્ર તપ આચરે છે.

પ્ર. ટે. : ઘણા માણસો આયંબિલ વ્રત અંગે દાન કરતા હશે અને તમારા કહેવા પ્રમાણે ઘણા ઓછા માણસો આવું ઉગ્ર તપ કરે છે. તો આ બાબતમાં ફાજલ પડેલ રકમનું શું થાય છે? આવું દ્રવ્ય તે દેવદ્રવ્ય તરીકે ગણાય કે?

ક. લા. સાહેબ, મને કહેવા દો કે અમારી પાસે એવું વધારાનું નાણું છે જ નહીં, કે જેનો ઉપયોગ ન થઈ શકે. અમારી જરૂરિયાત એટલી બધી વિશાળ છે કે જો કમીટી આંકડા અને હકીકત તપાસશે તો કમીટી પણ જે નિર્ણય ઉપર હું આવેલ છું તે નિર્ણય ઉપર આવશે. અમારે વધુ નાણાંની જરૂર છે. અમારે ઘણી વખત ઉધરાણાં પણ કરવા પડે છે.

પ્ર. ટે : આ ઉપરથી તમારું સમજવું એમ થાય છે કે તમારી પાસે તમારી જરૂરિયાતોને પહોંચી વળાય તેટલું ભંડોળ નથી.

ક. લા. હા.

પ્ર. ટે જેની ગેરવ્યવસ્થા સાબિત થયેલ છે તેવા ધર્માદા ટ્રસ્ટોના સંચાલકો સામે કાયદેસર પગલાં લેવાય તેમાં તમને કંઈ વાંધો નહી હોય.

ક. લા. જરૂર, મને તેમાં કાંઈ વાંધો નથી ખરી રીતે કેટલાંક વર્ષો અગાઉ જ્યારે મુંબઈ સરકાર પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશન બીલ લાવી ત્યારે મેં તેને સંમતી આપી હતી. રૂઢીચુસ્ત વિભાગ તરફથી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. અને તે બીલને ટેકો આપવામાં મારી ઉપર સખ્ત ટીકાઓ પણ કરવામાં આવી હતી. મેં તેમને જણાવ્યું હતું કે બીલના લાભો તરફ હું આંખમીચામણાં કરી શકું નહીં.

પ્ર. ટે. જૈન ટ્રસ્ટો બાબતમાં વર્ષ આખરે કંઈ પણ ફાજલ દ્રવ્ય રહે છે કે કેમ?

ક. લા. ઘણું કરીને નહીં.

પ્ર. ટે. ઉદાહરણ તરીકે હઠીસીંગના દેરાસરનું સરવૈયું લો, તેમાં રૂા. ૪૩૦૦૦ જણાવેલ છે, સદરહુ રકમ ખરું ફાજલ નાણું નથી? આ રકમનો શું ઉપયોગ થાય છે?

ક. લા. : સમય આવ્યે તે નાણાંનો ઉપયોગ થશે. તે મંદિર એક પ્રસિદ્ધ મંદિર છે અને શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં તેનો ઉલ્લેખ પણ તમને મળી આવશે. લોર્ડ કર્ઝન તથા બીજા વાઈસરોય સાહેબો જેઓ અમદાવાદની મુલાકાતે આવ્યા હતા, તેઓ આ દેરાસરની મુલાકાત લેવાનું ભૂલ્યા નથી.

પ્ર. ટે : આ ઉપરથી એમ જણાય છે કે ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા ફાજલ નાણું સાચવી રાખવામાં આવે છે. આણંદજી કલ્યાણજીની પેઢી પણ તે જ સિદ્ધાંતોનું અનુસરણ કરે છે કે કેમ?

ક. લા. : જરૂર તેમજ છે. મારા કહેવાનો સબબ એ છે કે અમુક વખત સુધી ન વપરાયું હોય તેવું ફંડ હશે ખરું, પણ પ્રસંગ ઉપસ્થિત થયે તેનો અવશ્ય ઉપયોગ થશે. અમે કંઈ એકઠું કરવાના શોખ ખાતર જ નાણું એકઠું કરતા નથી. અમારે અમારા અમૂલ્ય ખજાનો નાશ અગર જીર્ણ થાય તે સામે સાવચેતી રાખવાની જરૂર છે. અમારા પૂર્વજોએ અમોને સોંપેલા અમૂલ્ય ખજાનાનું જતન કરવા અમો ફરજથી બંધાયેલા છીએ. હજાર હજાર પૃષ્ઠનાં ત્રણ પુસ્તકો જે હું પ્રગટ કરવા ધારું છું, તેમાં મેં અમારાં તમામ મંદિરો તથા તેમાં રહેલ શિલ્પકળાનો સમાવેશ કરેલ છે. આથી વિશેષ મારે

કંઈ કહેવાનું નથી. પરંતુ કમીટીને મેં અગાઉ જણાવેલ બે સ્થળોની મુલાકાત લેવાની ફરીથી વિનંતી કરું છું. શોલાપુરની જુમ્મા મસ્જિદની મરામત અંગે જોઇતા દ્રવ્યની સરખામણી તાજ મહાલની મરામત અંગે જોઇતા વિપુલ દ્રવ્ય સામે કરી શકાય નહીં. એક બાજુ જુમ્મા મસ્જિદની મરામત પાછળ ૨-૩ લાખ રૂપિયા ખર્ચ થઈ રહે ત્યારે બીજી બાજુ તેટલી જ રકમ તાજમહાલની મરામત અંગે ઘણી ઓછી થઈ પડે.

પ્ર. ટે. : તમોએ કહ્યું કે એક જ ટોપલીમાં બધાં ઈંડાં ભરવા કરતાં સોનામાં નાણાનું રોકાણ કરવું તે એક સારી નીતિ છે. સમય જતાં એ નિર્વિવાદ છે કે સોના-ચાંદી મોટા પ્રમાણમાં એકઠાં થાય અને જ્યારે ભાવ ઊંચા ચઢે ત્યારે તે જથ્થો વેચવાને સાધારણ રીતે મન લલચાય.

ક. લા. : આ સંબંધમાં મારી સૂચના કમીટીને એ હોઈ શકે કે સમગ્ર ભંડોળના ૨૦ થી ૨૫ ટકા સોના ચાંદીમાં રોકવાની મંજૂરી હોવી જોઇએ. સોના ચાંદીની ખરીદી અંગે તમે નિયંત્રણ લાવી શકો, પરંતુ તેનો સંપૂર્ણ અટકાવ ન કરી શકાય.

મિ. પંડયા સ. : તમોએ જણાવેલ છે કે ટ્રસ્ટની ખાલી પડેલ જગાએ ચાલુ ટ્રસ્ટીઓ બીજા ટ્રસ્ટીઓની નિમણુંક કરે છે, આ બાબતમાં ટ્રસ્ટીની પસંદગી કોણ કરે છે?

ક. લા. : જે ટ્રસ્ટીઓ ચાલુ હોય તેઓ.

સ૦ : કોઇ પણ ઓસવાલની કદી નિમણુક કરવામાં આવી હોય તેવો કોઈ દાખલો છે?

ક. લા. : ના.

સ૦ : આર્થિક સદ્ધરતા બાજુએ રાખીને બીજા કોઈ સામાજિક કાર્યકરની નિમણુક કરવામાં કદી આવેલ છે?

ક. લા. : ના

સ૦ : હું એમ માની લઉં છું કે ટ્રસ્ટની પસંદગી કલમ ૯૨ મુજબ કરવામાં આવે છે.

ક. લા. ચોક્કસ તે મુજબ જ.

સ૦ : તાબાના મંડળો તરફથી નિમણુક કરવામાં નહિ આવતી હોય ફક્ત ચાલુ ટ્રસ્ટીઓમાંથી જ નિમણુક કરી શકાતી હશે

ક. લા. : હા તેમજ છે.

સ૦ : જૈન કોમનો કોઈ પણ સભ્ય આણંદજી કલ્યાણજીના હિસાબના ચોપડા તપાસી શકે છે?

ક. લા. : હા.

સ૦ : તે પ્રમાણે કરવા દેવામાં આવે છે?

ક. લા. : હા.

સ૦ : આણંદજી કલ્યાણજીના હસ્તક જેનો વહીવટ ચાલતો હોય તેવાં દેરાસરો ઉપર પેઢીની કેવા પ્રકારની દેખરેખ છે?

ક. લા. : અમો નીચે પ્રમાણે કરીએ છીએ. સમગ્ર વહીવટ ઘણો જ વ્યવસ્થિત ધોરણે ચલાવવાની અમારી મુરાદ છે. અમારી દેખરેખ નીચે ચાલતાં દેરાસરો જુદી જુદી જગ્યાએ આવેલ છે. નવું વરસ શરૂ થાય તે પહેલાં દરેક દેરાસરના ખર્ચનો અંદાજ (બજેટ) નક્કી કરવામાં આવે છે. દરેક દેરાસરનો મુખ્ય કારકુન પોતાના દેરાસર અંગે અંદાજ પત્રક તૈયાર કરે છે અને તેમાંથી આવતા વર્ષમાં તેટલી રકમ અમુક બાબતમાં

ખર્ચવા ધારે છે તેનો ઉલ્લેખ કરે છે. ધર્મશાળા અંગેના અંદાજ પત્રકમાં ધર્મશાળા અંગે તેમજ વાસણ ખરીદ અંગે તેટલો ખર્ચ કરવો જરૂરી છે, તેનો તેમાં ઉલ્લેખ કરે છે. વગેરે વ. આવા અંદાજ પત્રક અમદાવાદમાં નવ ટ્રસ્ટીઓની કમીટી સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ નવ ટ્રસ્ટીઓ ૨ કે ૩ સભ્યની પેટા કમીટી નીમે છે, જે કમીટી અંદાજપત્રકની એકેએક વિગત ઝીણવટથી તપાસે છે, અને જે બાબત તેમને વ્યાજબી ન જણાતી હોય તે અંદાજપત્રકમાંથી કાઢી નાંખે છે. ત્યારબાદ તે અંદાજપત્રક મંજૂર કરવામાં આવે છે અને હેડ કલાર્કને મંજૂર થયેલ અંદાજપત્રક મુજબ ખરચ કરવાની પરવાનગી મળે છે. અંદાજપત્રકમાં મંજૂર થયેલ ખરચવાની રકમ ઉપરાંત એક પાઈનું પણ ખર્ચ હેડ કલાર્ક કરી શકતો નથી. વહીવટદાર ટ્રસ્ટીઓ પૈકી કોઈ પણ બે ટ્રસ્ટીઓ પોતાની મુનસફીથી રૂ. ૧૦૦ ઉપરાંતની રકમ ખરચ કરી શકતા નથી. ખરચની રકમ રૂ. ૧૦૦ ઉપર જવા સંભવ હોય તો તે માટે તેમણે આખી કમીટીની મંજૂરી મેળવવી પડે છે.

સ૦ : ધારો કે કોઈ દેરાસર તમારી મંજૂર કરવામાં આવેલ ખર્ચ ઉપરાંત વિશેષ રકમ ખરચે તો તેનું પરિણામ શું આવે?

ક. લા. : તે હેડ કલાર્કને બરતરફ કરવામાં આવે.

સ૦ : બરતરફ કરવાને તમોને સત્તા છે

ક. લા. : અલબત્ત! એટલું જ નહી પણ આણંદજી કલ્યાણજીની પેઢી એક દેખતી સંસ્થા છે, તે એવી સંસ્થા નથી કે જે વરસમા એક જ વખત મળીને ફક્ત હિસાબ મંજૂર કરે.

સ૦ : હું જે જાણવા માગું છું, તે હકુમતને અનુલક્ષીને છે.

ક. લા. : હું તે સમજાવું છું અમો મહિનામા બે વખત મળીએ છીએ. તમો જોશો કે છેલ્લા ૨૦, ૩૦ કે જેટલા વરસના તમારે જરૂર હોય તેટલા વર્ષથી મીટીંગોના હેવાલોની ચોપડીઓ રાખવામાં આવે છે. મીટીંગ બુકની અંદર દરેક નિર્ણયો લખી લેવામાં આવે છે. અમુક ખર્ચ મંજૂર કરવામાં આવે કે તરત જ તે તે દેરાસરના અધિકારીઓને તે બાબતની જાણ કરવામાં આવે છે. અદાજ પત્રકમાં ખર્ચની રકમો મંજૂર કરવામાં આવ્યા છતાં વર્ષ દરમ્યાન કોઈ અણધાર્યા સંયોગો ઊભા થાય તેવી બાબતમાં કોઈ પણ જાતની મંજૂરી ના હોય તો તે બાબતની ખબર હેડ કલાર્ક ટ્રસ્ટીઓને અગાઉથી આપે છે. તે વસ્તુ કમીટી સમક્ષ રજૂ કરવામા આવે છે. કમીટી તે માન્ય રાખે કે ના પણ રાખે. અને એ મુજબનો કમીટીનો નિર્ણય તે દેરાસરના અધિકારીઓને જણાવવામાં આવે છે.

સ૦ : તમોને બરતરફની સત્તા છે.

ક. લા. : જરૂર છે જ.

સ૦ : તમારા બંધારણમાં તમોને બરતરફી અંગે કાયદેસર રીતે હક છે? હું દિલગીર છું કે મેં તમારું બંધારણ વાંચેલ નથી, અને તેથી કરીને જ આ સવાલ પૂછું છું.

ક. લા. : તેઓ અમારા નોકરો છે. અને તેમને અમો છૂટા કરી શકીએ છીએ.

પ્ર. ટે. : જૈન સમાજમાં સમાન હેતુ ધરાવતી ઘણી ચેરીટીઓ હોવી જોઈએ. એ બધી ચેરીટીઓ એકમેક સાથે મળીને પોતાનો વહીવટ ચલાવે એમ આપ ઇચ્છો ખરા કે નહિ? દાખલા તરીકે અમદાવાદની વિદ્યાસંસ્થાઓ લ્યો. ઘણી જૈન સંસ્થાઓ પોત–

પોતાની રીતે કેળવણીનો પ્રચાર કરવા માટે જુદી જુદી રીતે કામ કરે છે. તે સંબંધી પરસ્પર સહકાર સાધીને કામ કરે એ વિચાર આપને સમંત છે કે નહિ ?

ક. લા. : ચોક્કસ સિદ્ધાંતો નક્કી કરીને સર્વ સામાન્ય કાર્ય પ્રદ્ધતિ નક્કી કરવામાં આવે એ હું જરૂર ઇચ્છું. પણ આ બધી સંસ્થાઓ સાથે મળીને કામ કરે તેની હું ચોક્કસપણે વિરુદ્ધ છું.

પ્ર. ટે. : આપ શું કહેવા માગો છો તે હું સમજી શકતો નથી.

ક. લા. : મારું કહેવું એમ છે કે પોતપોતાની સંસ્થાનો વહીવટ ચલાવવા માટે બધી સંસ્થાના કાર્યવાહકો એક સંમેલનના આકારમાં એકત્ર થાય અને ચોક્કસ સિદ્ધાંતો તારવી કાઢે, તો તે હું જરૂર પસંદ કરું. પણ બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એવું જો સૂચવવામાં આવતું હોત તો હું તેની તદ્દન વિરુદ્ધ છું.

પ્ર. ટે. : બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એમ હું કહેવા માંગતો નથી. એટલા માટે તો મેં સહકાર શબ્દ વાપર્યો હતો.

ક. લા. : હા જી. એ તો ઘણું ઇચ્છવા યોગ્ય છે.

પ્ર. ટે. : દેવદ્રવ્ય સંબંધમાં મારે પૂછવાનું છે કે તેનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ આપવા પાછળ જો કરવામાં આવે તો તેથી પણ તમારી કોમ નાખુશ થશે ?

ક. લા. : બહુ જ

પ્ર. ટે : દેવદ્રવ્યનો એ વ્યાજબી ઉપયોગ ન ગણાય ?

ક. લા. : બિલકુલ નહિ. આ પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી જૈન ધર્મનું મંતવ્ય બીજા ધર્મો કરતાં બહુ જુદું છે. જૈન ધર્મના ધોરણે ચૈત્ય અને મૂર્તિ સૌથી પહેલાં આવે છે. અને તે જ્ઞાનથી તદ્દન જુદાં જ છે. જ્ઞાનખાતુ પછી આવે છે અને ત્યારપછી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાનું ખાતુ આવે છે. ચૈત્ય અને મૂર્તિ માટે નિર્માણ થયેલાં નાણાં જ્ઞાન પાછળ ખર્ચી શકાતા નથી અને જ્ઞાનનો અર્થ આજની સ્કુલ કે કોલેજમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે નથી.

પ્ર. ટે. : જ્ઞાન એટલે ધાર્મિક સાહિત્યનું શિક્ષણ એમ તમે કહેવા માગો છો ને ?

ક. લા. : હા જી.

પ્ર. ટે. : આ દેવદ્રવ્યનો ઉપયોગ કેળવણી અને એવી અન્ય સામાજિક પ્રવૃત્તિ પાછળ કરવાની હીલચાલ જૈનોમાં છેલ્લી પેઢી દરમ્યાન ચાલી રહી છે ખરી ?

ક. લા. : એવી કોઈ અગત્યની હીલચાલ ચાલી નથી. મારે એમ કહેવાનું છે કે પાંચ હજાર માણસો જો આ વિચારના હોય તો તેની વિરુદ્ધમાં પચાસ હજાર માણસો મળી આવશે. આ બાબત ઉપર તમો કહો તે શરત કરવા હું તૈયાર છું.

પ્ર. ટે. : આજે તો સાસરો સ્થિતિ ચુસ્ત હોય અને પુત્રવધૂ નવા જમાનાની હોઇ શકે છે.

ક. લા. : એ ઠીક છે. પુત્રવધૂને જે કરવું હોય તે ભલે કરે. તેને કોઈ અટકાવશે નહીં. પણ જો મારા પિતા ચોક્કસ હેતુ માટે અમુક રકમ મને આપી ગયા હોય, તો મારી પત્ની કે પુત્રવધૂને ફાવે તેમ તે રકમનો ઉપયોગ કરવાની હું રજા આપી નહીં શકું. તે નવા જમાનાના છે અથવા તો પોતે બહુ મોટું કામ કરી રહેલ છે એમ તે માને છે એટલા ખાતર તે નાણાંનો તેને અન્ય માર્ગે ઉપયોગ કરવા નહિ દઉં. કોઈ પણ સર્વ

કરવા માટે કોઈ બીજાની મિલકત ઝૂંટવી લેવી ન જોઈએ. પણ તેણે પોતે જ તે માટે જરૂરી દ્રવ્ય પેદા કરવું જોઈએ.

સ૦ : તમને ધારાસભાના કામકાજ સંબંધી ઠીકઠીક અનુભવ છે.

ક. લા. : ના સાહેબ, હું માત્ર ત્રણ વરસ જ ત્યાં હતો.

સ૦ : હું ધારું છું કે મારા સવાલનો જવાબ આપવાને પૂરતું છે. કમીટી સમક્ષ બે સૂચનાઓ આવેલ છે જે મુજબ એક વ્યવસ્થાપક સંસ્થા ઊભી કરવી કે જે સરકાર તરફથી ધર્માદા સંસ્થાઓ ઉપર દેખરેખ રાખે. એક સૂચના એ છે કે બધી ધર્માદા સંસ્થાઓ પાસેથી અમુક રકમ ઉઘરાવવી, અને તેનું ફંડ ઊભું કરવું. એ ફંડમાંથી વહીવટ અંગે ખર્ચ નીભાવવો. બીજી સૂચના એવી છે કે તેને તેવી રીતે જુદું ફંડ કરવું નહીં. દર વર્ષે ધારાસભા સમક્ષ રજૂ કરવામાં આવતા બજેટમાં તેનો સમાવેશ કરવો. મને જે મુશ્કેલી લાગે છે તે આ છે. હું તે જાણવા માગું છું કે તે મુશ્કેલી સુદ્ધાની છે કે કેમ? ધારો કે ધર્માદા ટ્રસ્ટોના વહીવટ માટેના ખર્ચના બાબત બજેટમાં હોય તો મને બીક લાગે છે કે તે કદાચ પક્ષીય નીતિઓનો ભોગ થાય અને પરિણામે આખી નીતિ ઊંધી વળી જાય અને સ્થિર બની શકે નહીં. તમને એમ લાગે છે કે મારી આ બીકમાં કંઈ વજૂદ છે.

ક. લા. : હા. હું જરૂર તેને સરકારી વહીવટનો ભોગ ન બનાવું. હું ટ્રસ્ટ ફંડો ઉપર થોડો કર નાંખી વહીવટ ચલાવું. આ બાબતમાં હું રજુ કરું છું અને તમારી કમીટી તે બાબત વિચાર કરે કે છેલ્લા પાંચ વરસના આંકડાઓ તમારી પાસે છે. અમુક રકમ ખર્ચ પણ થઈ ચૂકેલ છે. તેનું શું સારું અથવા ખરાબ પરિણામ આવ્યું તે નક્કી કરવું જોઈએ. જાહેર જનતાને કોઈ પણ જાતના ખાસ લાભ થાય નહીં અને ટ્રસ્ટ ફંડો ઉપર બોજો વધે તેવા વહીવટી સંસ્થાઓ ઊભા કરવાનો કાંઈ અર્થ નથી. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સરકાર તરફથી નિયુક્ત થયેલા વહીવટદારોને લાગ્યું છે કે તેઓ તેમના અંકુશથી વસ્તુસ્થિતિ સુધારી શક્યા છે કે કેમ તે જાણી લેવું જોઈએ. બનવા જોગ છે કે મારી નાણાં સ્થિતિ સદ્ધર હોય અને બીજાની તેવી ન પણ હોય. જો અંકુશ હોય તો સારી વાત છે. પરંતુ તેને અંગે થતું ખર્ચ ટ્રસ્ટ ફંડો ઉપર અંકુશ રાખવા માટે જરૂર હોય તેના કરતાં પ્રમાણ બહારનું ન હોવું જોઈએ.

સ૦ : સરકારી વહીવટી સંસ્થાઓના ન સંસ્થાઓનો તમોને બહોળો અનુભવ છે. કમીટીને એક એવું પણ સૂચન કરવામાં આવ્યું છે કે એક ચેરીટીનો કમીશ્નર તથા ડેપ્યુટી કમીશ્નર તથા બીજા આસીસ્ટંટ કમીશ્નરો નીમવા જોઈએ. બીજી સૂચના એમ પણ કરવામાં આવી છે કે એક વ્યક્તિના હાથમાં સર્વ સત્તાની લગામ સોંપવા કરતાં કાયદાનો અનુભવ ધરાવનારા તથા જે લોકોએ સાથેસાથે ઉચ્ચ અધિકારીઓ તરીકે કામ કર્યું હોય, તેવા એક કમીશ્નરનું બોર્ડ બનાવવું, જેમાં ઉચ્ચ અધિકાર ભોગવેલા તથા કાયદાનો બહોળો અનુભવ ધરાવતા હોય તેવી વ્યક્તિઓનો તેમજ સામુ વર્ગમાંથી એક બે વ્યક્તિઓનો તેમજ એક બે સારા જાણીતા સામાજિક કાર્યકર્તાઓનો અને એક બે આગળપડતા ગૃહસ્થોનો સમાવેશ કરવો. તેઓ બધા એકત્ર થઈને સામુહિક ચેરીટીઝના નિયમન અંગે ઉકેલ વ્યવસ્થિત રીતે કરે. આમાંથી તમે શું પસંદ કરો?

ક. લા. : આવા ટ્રસ્ટોમાં સરકારની કોઈ મોટા પાયા ઉપરની દખલગીરીની હું ચોક્કસપણે વિરુદ્ધ છું. અમુક સ્વાર્થી માણસો ટ્રસ્ટોનો પોતાના સ્વાર્થની ખાતર દુરુપયોગ ન કરે એટલા પૂરતી દખલગીરી આવકારવાને હું તૈયાર છું. મદ્રાસની સરકારે કમીશ્નર નીમેલ છે અને બીજું પણ કેટલુંક કર્યું છે, તેથી મુંબઈ સરકારે પણ એ જ ધોરણે ચાલવું જોઇએ એ મારી દૃષ્ટિએ ખોટી રીત છે. એક બીજી પણ સૂચના આપની કમીટી સમક્ષ હું રજુ કરવા માંગુ છું અને તે એ છે કે અમને જૈનોને હિંદુઓથી તદ્દન અલગ રાખવા જોઇએ, કારણ કે અમારા સિદ્ધાંતો અને હેતુઓ હિંદુઓથી તદ્દન જુદા છે. દેશના વધારે વિશાળ હિતો લક્ષમા લઇને જૈનોના અલગ પ્રતિનિધિત્વ અને બેઠકો માટે અમે હીલચાલ કરી નથી એ કમનસીબીની વાત છે. તેથી જ આજે અમારા ઉપર જ્યાં ત્યાં હુમલા થઈ રહ્યા છે. જ્યારે પણ કાંઈ આવે છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે. અમારો ધર્મ, અમારા આચાર, અમારા વિચાર હિંદુઓના રીતરિવાજથી તદ્દન વિરુદ્ધ છે. હું એમ નથી કહેવા માગતો કે સામાજિક દૃષ્ટિએ અમારે અને હિંદુ વચ્ચે ભેદ છે, સિવાય કે કેટલાક હિંદુઓ માંસાહારી હોય છે, જ્યારે જૈનો બિલકુલ માંસાહારી હોતા નથી, પણ એ સિવાય ધાર્મિક રીતરિવાજ પૂરતા હિંદુ અને જૈન ધર્મ તદ્દન અલગ છે. તમોએ આજ બીજી ચેરીટીઓને બાજુએ રાખી છે. પારસી પંચાયતોને અને તેના ટ્રસ્ટોને તમોએ બાકાત રાખ્યા છે, કારણ કે એ લોકો બહુ શક્તિશાળી છે, લાગવગ ધરાવે છે અને સરકાર તેને અડવા માગતી નથી. જ્યારે જ્યારે કોઈ પણ કાયદો કરવાનો હોય છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે તે અમા જૈનોને બારે અન્યાયકર્તા છે.

પ્ર. ટે. : આપ એમ કહેવા માગો છો કે જૈનો હિંદુઓથી એક અલગ કોમ છે ?

ક. લા. : લગભગ એમ જ.

પ્ર. ટે. : તેમની સાથે અ જ રીતે વર્તાવ કરનામાં આવ એમ તમે ઇચ્છો છો ?

ક. લા. : જ્યાંસુધી ધર્મને લાગે વળગે છે ત્યાં સુધી એ પ્રમાણે જ થવુ જોઇએ. અલબત્ત, અમોએ કોઈ સ્વતંત્ર પ્રતિનિધિત્વની માગણી કરી નથી.

પ્ર. ટે. : ધર્મની વાત બાજુએ રાખીએ તો પણ ચેરીટીઓ વિષે શું ? જૈનોને હિંદુ ચેરીટીઓના લાભથી મુક્ત કરવામાં આવે એમ આપ ઇચ્છો છો ?

ક. લા. : નહિ સાહેબ, જાહેર ચેરીટીઓ પૂરતા તેમને બન્નેને એક ગણો તો મને વાંધો નથી. પણ જો એમ હોય તો પારસી અને મુસ્લિમ ચેરીટીઓને આપ અલગ કેમ રાખો છો ? તે હું સમજી શકતો નથી.

પ્ર ટે : હિંદુઓ અને પારસીઓ અથવા મુસલમાનો વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત હિંદુઓ અને જૈનો વચ્ચે છે એમ આપ ધારો છો ?

ક. લા. : એટલો બધો નહિ જ. એમ છતાં પણ જૈનો અને હિંદુઓ વચ્ચે ઘણો મોટો તફાવત છે.

પ્ર. ટે. : તો પછી જૈનોને હિંદુ ચેરીટીઓનો લાભ મળવો ન જોઇએ એમ આપ ઇચ્છો છો ?

ક. લા. : આપ શું કહેવા માગો છો તે હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : કમીટીની દરેક બેઠક દરમ્યાન હું એમ માનીને ચાલતો હતો કે જૈનો હિંદુ સમા-

જનો એક અંગભૂત વિભાગ છે. તેથી આપે હમણાં જે કહ્યું એથી મને ભારે વિસ્મય થયું છે. જૈનો હિંદુ કોમનો અંગભૂત-વિભાગ નથી, એવો જૈનોનો દાવો છે, એમ આપનું કહેવું હું સમજું છું.

ક. લા. : સામાજિક રીતરિવાજ પૂરતાં જૈનો હિંદુઓના અંગભૂત છે, પણ ધાર્મિક ટ્રસ્ટો અને ચેરીટીઓને લાગે વળગે છે ત્યાં સુધી હું ભારપૂર્વક કહીને જણાવું છું કે જૈનો હિંદુઓથી તદ્દન અલગ છે.

પ્ર. ટે. : જૈન ધર્મ જુદો છે એ તો સ્વીકૃત છે.

ક. લા. : નહિ સાહેબ, એ સ્વીકારવામાં આવ્યું નથી. ધારો કે ધાર્મિક કમીશ્નરો હોવા જોઈએ, એમ તમારી કમીટી નક્કી કરે તો હિંદુઓના અન્ય વિભાગો માફક જૈનોને તે બાબત લાગુ પાડવામાં આવશે. જૈનોના રીતરિવાજ શું છે તેનો ખરો ખ્યાલ અન્ય વિભાગોના લોકોને હોવાનો જરા પણ સંભવ નથી. આ મારો મુદ્દો છે.

પ્ર. ટે. : મેં આપને કહ્યું તેમ ધર્મના રીતરિવાજોને લાગુ પડે એવું અમે કશું કરવા માગતા નથી.

ક. લા. : મારે એટલું જ જોઈએ છે.

પ્ર. ટે : ધર્મના બધા રીતરિવાજોને પહોંચી વળવામાં આવે, ત્યાર બાદ જે કાંઈ વધારાનું નાણું રહે તેનો જ અમારે વિચાર કરવાનો છે. ધર્મ એ તદ્દન જુદો મુદ્દો છે. તે અમારા કમીટીના ક્ષેત્રની બહારની વાત છે.

સ૦ : એમ છતાં એકલો કમીશ્નર જોઈએ કે બોર્ડ તે બાબતનો આપનો જવાબ મારે જોઈએ છે.

ક. લા. : મુંબઈ ધારાસભાએ આ કાયદો ઘડ્યો છે. અને તેનો અમલ પાંચ સાત વરસથી કેવો ચાલે છે તેનો અભ્યાસ તમો કરો. તેના ઉપર આધાર રાખે એનું સૂચન કરું છું. પરિણામ જો સંતોષકારક ન હોય તો જ કાંઈ પગલું લેવાની આવશ્યકતા છે. પરિણામ જો સંતોષકારક હોય તો ટ્રસ્ટો ઉપર બિનજરૂરી બોજો પડે તેવાં ગમે તે સરકારી તંત્રને હું વખોડી કાઢું છું.

સ૦ : એક ક્ષણ માટે ધારી લો કે પરિણામ અસંતોષકારક છે ?

ક. લા. : તો જે વખતે જે પ્રશ્નો ઉપસ્થિત થાય તે માટે જ તે ધર્મોના જાહેર પ્રતિનિધિઓની મદદથી તે કરવા માટે એક અમલદારની નિમણૂક કરવી. તે બની શકે તેટલું ટાઢું હોવું જોઈએ.

શ્રી. ચ. શાહ : આ તપાસનો હેતુ જુદા જુદા ટ્રસ્ટો અને ચેરીટીઓના વહીવટોની દેખરેખ અને નિયંત્રણના ઉપાયો સૂચવવા એ છે. ધાર્મિક ટ્રસ્ટોનો આપણે પહેલો વિચાર કરીએ. આણંદજી કલ્યાણજીને બાદ કરતાં જૈનોની બીજી ધાર્મિક ચેરીટીઓનો પણ વહીવટ એટલો સારી રીતે ચાલે છે કે સરકારના કોઈ પણ નિયંત્રણની તેમને જરૂર નથી એમ આપ કહેવા માગો છો ને ?

ક. લા. : આનો જવાબ મેં આગળ આપી દીધેલ છે. તમો જણાવો છો તેવા દેખરેખ અને નિયંત્રણની જરૂર તો છે જ. એ ચેરીટીઓનો વહીવટ સારો ચાલતો હોય તો પણ તેના ઉપર કંઈક અંકુશ તો જોઈએ જ.

ચી. ચ. શાહ : તો પછી જૈન ચેરીટીઓ ઉપર દેખરેખ રહી શકે એવા કાયદા સામે આપને વાંધો નથી. પ્રશ્ન તો આ નિયંત્રણ કેવું અને કેટલું હોવું જોઈએ, તેનો છે. દાખલા તરીકે પૂરવાર થયેલા ગેરવહીવટના કિસ્સામાં કમીશ્નરને જૂના ટ્રસ્ટીઓને કાઢી મૂકવાની અને નવા ટ્રસ્ટીઓ નીમવાની સત્તા હોવી જોઈએ એ આપને સંમત છે?

ક. લા. : જરૂર. પૂરવાર થયેલા ગેરવહીવટમાં આમ કરવા સામે મને કોઈ વાંધો નથી.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો લઈએ. આપ તેનું વાર્ષિક બજેટ તૈયાર કરતા હશો. આ બજેટો ચેરીટી કમીશ્નર સમક્ષ રજૂ થાય, અને તેની મંજૂરી મળ્યે જ તેનો અમલ થઈ શકે એવા પ્રબંધને આપ સંમતી આપો કે?

ક. લા. : ના સાહેબ. એ જાતની દખલગીરી હું પસંદ કરતો નથી. હું એમ કહેવા માગું છું કે જ્યાં સુધી જુદા જુદા ટ્રસ્ટો, જૈનોના હોય કે હિંદુઓના હોય, સારી રીતે ચાલતા હોય ત્યાં સુધી સરકાર તરફથી તેમાં કોઈ પણ જાતની દખલગીરી હોવી ન જોઈએ.

ચી. ચ. શાહ : ધારો કે અમુક ચોક્કસ હેતુ માટે આપ વીસ લાખ રૂપિયા ખર્ચ કરવા માગો છો અને ચેરીટી કમીશ્નર માને કે ખોટો ખર્ચ છે અને એવો ખર્ચ થવો ન જ જોઈએ એમ કહે, તો એવા સજોગોમાં ચેરીટી કમીશ્નરનું નિયંત્રણ હોવું જોઈએ એમ આપ પસંદ કરો કે ટ્રસ્ટીઓને જ આ બાબતમાં છેવટની સત્તા હોવી જોઈએ એમ આપ કહો છો?

ક. લા. : જરૂર. આ બાબતમાં ટ્રસ્ટીઓને જ પૂરી સત્તા હોવી જોઈએ. ટ્રસ્ટીઓના કામકાજમાં ઓછામાં ઓછી દખલગીરી હોવી જોઈએ. જ્યારે ગેરવહીવટ પૂરવાર થાય, ત્યારે જ સરકારે માથું મારવું જોઈએ. નહિ તો કોઈ પણ મંદિરના જીર્ણોદ્ધાર સાથે અથવા તો ધાર્મિક ક્રિયાકાંડ સાથે કયા પ્રકારની ધાર્મિક લાગણી જોડાયેલી છે તેનો કમીશ્નરને ખરો ખ્યાલ હોવા સંભવ નથી. અને તેથી તેના હાથે અન્યાય થવાનું જોખમ રહે છે.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો બાજુએ રાખીએ. ધારો કે મુંબઈના કોઇ પણ મંદિરના ટ્રસ્ટીઓ કોઈ નવું મંદિર બાંધવા માટે અથવા તો કોઇ જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે પાંચ લાખ રૂપિયાનો ખર્ચ કરવા માગે છે. આ બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ કે કેમ?

ક. લા. : જીર્ણોદ્ધારની બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ. નવું મંદિર બાંધવા સંબંધમાં તમો કાંઇ બંધન મૂકો તો તેની સામે મને કોઈ પણ વાંધો નથી.

ચી. ચ. શાહ : આપ જીર્ણોદ્ધારનો અપવાદ શા માટે કરો છો?

ક. લા. : આ બહુ અગત્યનો મુદ્દો છે. અને જે મંદિરોની સંભાળ લેવાની છે, તે એટલા મોટા અને ભવ્ય હોય છે કે આપે સૂચવેલ દખલગીરીથી કોઇ પણ અર્થ સરશે નહિ. પાંચસો રૂપિયાના પગારદાર કમીશ્નરને આ બાબતનો ખ્યાલ પણ શી રીતે આવવાનો છે? હું કોઈ પણ જીર્ણોદ્ધારમાં પચીસ લાખ રૂપિયા ખર્ચવા માગું છું, એમ જો તે સાંભળે તો આ સાંભળી તેનું હૃદય ચાલતું બંધ થઇ જશે કે કેમ તેની મને ખબર નથી. તેથી આ બાબત ટ્રસ્ટીઓના અભિપ્રાય ઉપર સર્વાંશે છોડવી જોઇએ. અને સરકારની કોઈ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

ચી. ચ. શાહ : પાંચ લાખનો કરવા ધારેલો ખર્ચ કેવળ દુર્વ્યય પણ હોઈ શકે છે.

ક. લા. : આપ એમ કેમ કહી શકો ?

ચી. ચ. શાહ : તો પછી આ સબંધમાં કોઈ એક ચોક્કસ સરકારી વ્યવસ્થા હોય તે વધારે પસંદ કરવા યોગ્ય નથી ?

ક. લા. કોમની ધાર્મિક પ્રવૃત્તિમાં આ તો સીધી દખલગીરી ગણાય, અને તેનો તો વિરોધ જ કરવો જોઈએ.

ચી. ચ. શાહ : ટ્રસ્ટીની નિમણૂક કે ફેરબદલી એ દખલગીરી કહેવાય નહિ ?

ક. લા. : કોઈ પણ નાલાયક ટ્રસ્ટને દૂર કરીને તમો જાહેર ટ્રસ્ટોનું ઘણું ખરું રક્ષણ કરવા માગતા હો તો એ રીતે સરકારનો જે અધિકાર છે એ જ કાર્ય તમો કરી રહ્યા છો. પણ હું અમુક રકમ જીર્ણોદ્ધાર માટે ખરચવા માગું છું. તેની સરકાર પાસેથી મારે મંજૂરી મેળવવી જોઈએ. એમ જ્યારે તમો સૂચવો છો, ત્યારે મારા ધર્મના આચાર વ્યવહારમાં તમો ચોક્કસપણે દખલગીરી કરી રહ્યા છો એમ જ મારે કહેવું રહ્યું.

ચી. ચ. શાહ . એક બીજો દાખલો લઈએ. દરેક મંદિરમાં કરવામાં આવતાં ખર્ચો બે પ્રકારનાં હોય છે નિત્ય અને નૈમિત્તિક. દરેક મોટા મંદિરના વહીવટકર્તાઓએ ચાલુ દૈનિક ખર્ચમાં તેમને કેટલી રકમ જોઈશે, અને વાર્ષિક ઉત્સવો પાછળ કેટલી રકમો જોઈશે, તેનું બજેટ કમીશ્નર પાસે રજૂ કરવું જોઈએ કે કેમ ? એ સંબંધમાં આપ શું ધારો છો ?

ક. લા. : બીલકુલ નહિ.

ચી. ચ શાહ : ધારો કે ટ્રસ્ટીઓ મોટી મોટી રકમો ખરચ્યે જાય છે, અને તે કેવળ નાણાંનો દુર્વ્યય છે, આવા કિસ્સામાં સરકાર તરફથી કોઈ પણ પ્રકારના નિયંત્રણને આપ સંમત ન કરો ?

ક. લા. : હું બીજા ધર્મ વિષે કશું પણ કહેવા માગતો નથી. એમણે શું કરવું કે એમના વિષે તમારે શું કરવું તે તેમણે અને તમારે વિચારવાનું છે. હું તો અહીંયાં જૈનોનો જ પક્ષ રજુ કરવા આવ્યો છું, અને જૈન ધર્મ કેમ ચાલે છે તે હું સમજું છું.

ચી. ચ. શાહ : જૈન ટ્રસ્ટો બહુ સારી રીતે ચાલે છે, તે હું જાણું છું.

ક. લા. : સાહેબ. એ હું જાણતો નથી, પણ હું આશા રાખું છું કે જૈન ટ્રસ્ટો સારી રીતે ચાલતાં હશે.

ચી. ચ. શાહ : જો આખી કોમ માટે એક નિયમ કરવામાં આવે તો જૈનોને તેમાંથી બાકાત રાખવામાં આવે તેમ આપ ઇચ્છો છો ?

ક. લા. : આ બાબત વિષે મેં ખૂબ ભાર દઈને કહ્યું છે, કારણ કે જૈનોના ખ્યાલો અને રીતરિવાજો કેવળ ભિન્ન પ્રકારના છે. ટ્રસ્ટોની જ્યાં જ્યાં ગેરવ્યવસ્થા થતી હોય, ત્યાં તેના ઉપર જરૂર નિયંત્રણ મૂકાવું જોઈએ. પણ ધાર્મિક રીતરિવાજના સંબંધમાં ટ્રસ્ટીઓ ઉપર કોઈ પણ પ્રકારનું નિયંત્રણ હોવું ન જ જોઈએ.

ચી. ચ. શાહ : જો નકામી બાબતો ઉપર પૈસા ખરચવામાં આવતા હોય તો તે ગેરવ્યવસ્થા ન ગણાય ?

ક. લા. : નકામું શેને ગણવું, તેને લગતો આપ મને એક દાખલો આપશો? જેને નકામું કહો છો તે શું તે મને સમજાવશો? કોઇ પણ બાબતને નકામી કે કામની માની લેવા માટે કાંઇક ધોરણ તો જોઇશે જ. આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ તરફ નજર કરે. તે પેઢી કેટલાંયે મંદિરો સંભાળે છે, અને તેનું વાર્ષિક બજેટ રૂપિયા ત્રણ લાખ લગભગનું હોય છે, તે બજેટની વિગતમાંથી નકામી લેખી શકાય એવી એક પણ બાબત મને બતાવો.

ચી. ગ. શાહ : મારો આ પ્રશ્ન સામાન્યતઃ છે. આણંદજી કલ્યાણજીની પેઢીને ઉદ્દેશીને નથી.

ક. લા. : એ સબંધમાં મેં જણાવી દીધું છે, કે હું તો અહીંયાં જૈનો તરફથી રજુઆત કરવા આવ્યો છું.

ધારપુરે : વિગતો નક્કી કરવાનું કામ ટ્રસ્ટીઓ હસ્તક રહેવું જોઇએ, પણ વિગતો નક્કી કર્યા બાદ તેના અમલમાં કાંઇ ભૂલ કે ભંગ થતો હોય, તો સરકાર દખલગીરી કરે તેમાં આપને વાંધો નથી એ પ્રકારની મારી સમજણ બરાબર છે?

ક. લા. : જો કોઈ પણ પ્રકારની ગેરવ્યવસ્થા ચાલતી હોય, તો સરકાર ભલે દખલગીરી કરે.

ધારપુરે : ધારો કે રોશની પાછળ કેટલા મણ તેલ વાપરવુ, તે બાબત બજેટમાં નક્કી કરવામાં આવી છે, અને લગતી વિગતો ટ્રસ્ટીઓએ નક્કી કરી હોય, પણ વિગતના અમલમાં ગેરવ્યવસ્થા માલૂમ પડે તો સરકાર વચ્ચે પડે કે નહિ?

ક. લા. : નહિ સાહેબ. તેના અમલમાં એવી દખલગીરી થવી ન જોઇએ. જો કોઈ પણ પ્રકારની ઉચાપત થતી હોય, અથવા તો કોઇ વ્યક્તિ તેમાંથી અંગત લાભ ઉઠાવતી હોય, તો સરકાર જરૂર વચ્ચે પડે, પણ વિગતોના ચાલુ અમલમાં કોઈ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

સ૦ : ધારો કે તમોએ દેવ ઉપર ૧૦ શેર દૂધ ચઢાવવાનું નક્કી કર્યું છે, અને ધારી લો કે દૂધ તેમને ચઢાવાતું નથી. તો આ બાબતમા સરકારને દરમ્યાનગીરી કરવા દેશો?

ક. લા. : ના સાહેબ. આ તો સાવ નજીવી બાબત છે, અને તે એક એવી બાબત છે, કે જેમાં જો સરકાર આવી બાબતમા દરમ્યાનગીરી કરવાનું શરૂ કરે તો દુનિયામાં દરેક જગ્યાએ સરકાર અપ્રિય બની જાય.

સ૦ : વિગતોમાં નહિ ઊતરતાં ધારો કે મંજૂર કરેલી ફરજ જો અદા કરવામાં નહિ આવે તો તે કરાવવા માટે સરકારને દરમ્યાનગીરી કરવા દો કે કેમ?

ક. લા.: ઝીણી બાબતોમાં નહિ જ. નાણાંની ઉચાપત કે કેવળ દુરુપયોગ થઇ રહ્યો હોય એવા સંજોગોમાં જ. દાખલા તરીકે જૈનોમાં ભીક્ષા આપવાનો કોઇ રીતરિવાજ નથી. હવે ધારો કે આણંદજી કલ્યાણજી રૂ. ૪૦૦૦૦ જેવી મોટી રકમ આવતી કાલથી ભીક્ષા આપવા પાછળ ખરચવા માંડે છે. એ સંજોગોમાં સરકાર જરૂર વચ્ચે પડી શકે છે. અને કહી શકે આ તમારી સત્તાની બહારની વાત છે, એટલે આ અમે નહિ થવા દઇએ. સંક્ષેપમાં સરકારી દખલગીરી ઓછામાં ઓછી હોવી જોઇએ

સ૦ : ઉચાપત કે દુરુપયોગ સિવાય બીજી કોઇ પણ બાબતમાં સરકારી દખલગીરી ન હોવી જોઇએ એવું આરુ કહેવું ખરુ છે?

ક. લા. : તે ખરું છે.

સ૦ : અંદાજપત્રમાં મંજૂર કરવામાં આવેલી રકમ જો તમે ખર્ચો નહિ તો તે એક દુરુપયોગ લેખાય. મોટી અગર નાની બાબતના ભેદભાવ વગર તે એક પ્રકારનો દુરુપયોગ છે.

ક. લા. : મને એક વસ્તુ કહેવા દો કે, છેવટે સરકારી તંત્ર ટ્રસ્ટી મંડળ કરતાં વધારે કાર્યકુશળ ન હોઈ શકે તમારા મંતવ્ય પ્રમાણે સરકારી તંત્ર વધારે શક્તિશાળી અને દૈવી શક્તિ ધરાવનારાઓનું બનેલું હોય છે. છેવટે ટ્રસ્ટીઓની જવાબદારી તો રહેલી જ છે. અને તેમ છતાં તમોએ જણાવ્યું તે મુજબનું કાંઈ બને તો તમારા કમીશનરો ત્યાં છે.

સ૦ : કમીશનર આવી બાબતોમાં તેને સત્તા પ્રાપ્ત થયા સિવાય શી રીતે વચ્ચે પડી શકે ! સરકારી દખલગીરીને તદ્દન વિરૂદ્ધ હોવાનું તમો જણાવો છો.

ક. લા. : ઉચાપત અગર નાણાંના દુરુપયોગ અંગે સરકારની દરમ્યાનગીરી જો કરવામાં આવે તો તે મને માન્ય છે. પરંતુ નજીવી બાબતોમાં સરકારી દખલગીરી મને માન્ય નથી.

સ૦ : સંસ્થાઓના હિસાબ તપાસણી અંગે શું છે ? સરકાર નિયુક્ત તપાસનીશો પાસે હિસાબ તપાસરાવવા તમે સંમત છો

ક. લા. : ના હિસાબ તપાસવાનું કામ અમારા ઓડીટર્સ મારફત થવું જોઈએ. ગવર્નમેન્ટ ઓડીટરના રોકાણ અંગે અમારે રૂ. ૫૦૦ ના બદલે રૂ ૫૦૦૦ નો ખર્ચ વહોરવો પડે. આખી દુનિયામાં એ પુરવાર થયેલ છે કે સરકારી તંત્ર વધુ ખર્ચાળ હોય છે. છેવટે ચારટર્ડ એકાઉન્ટન્ટસ પણ સરકારી એકાઉન્ટન્ટસ છે. અને તમો તેમ સૂચવી શકો છો કે બધું હિસાબી કામ સરકારે મંજૂર કરેલા એકાઉન્ટન્ટસ મારફત તપાસરાવવું જોઈએ. સરકારે મંજૂર કરેલા એકાઉન્ટન્ટસ ઘણી જવાબદાર વ્યક્તિઓ છે અને તે લોકો કંપનીઓના કરોડો રૂપિયાના હિસાબો તપાસે છે. આ તો ઘણી જ નાની રકમ છે. તમારી કમીટીએ સંતોષ રાખવો જોઈએ કે ચારટર્ડ એકાઉન્ટન્ટસની મારફત હિસાબની તપાસ થાય તો તે વધુ આવકારદાયક છે.

સ૦ : કમીટીને એવી સૂચના કરવામાં આવેલ છે કે ઓડીટરો પણ જાતજાતના હોય છે. અને ટ્રસ્ટીઓ પણ જાતજાતના હોય છે.

ક. લા. : ચારટર્ડ એકાઉન્ટન્ટસ સામે પગલાં લેવાનો સરકારને સંપૂર્ણ અધિકાર છે. તેમની નબળાઈની સબબે સરકારી ઓડીટરનો બોજો ટ્રસ્ટીઓ પણ ઉપર લાદવો તે વ્યાજબી ગણાશે નહિ.

પ્રશ્નકાર : ચીમનલાલ ચકુભાઈ શાહ

ચી. ચ. શાહ : એવી ફરિયાદ કરવામાં આવે છે કે હિંદુઓને લાગુ પડતા કાયદાઓ જૈનોને વિના કારણ લાગુ પાડવામાં આવે છે. આ સંબંધમાં અને ખાસ કરીને દેવદ્રવ્ય સંબંધમાં જે કાંઈ શાસ્ત્રીય ઉલ્લેખો હોય તે અમને જણાવવા કૃપા કરશો.

ક. લા. : હા જી, પ્રયત્ન કરીશ.

ચી. ચ. શાહ : ધારો કે એમ માની લઈએ કે દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ સિવાયના કોઈ પણ કાર્યોમાં ઉપયોગ થવો ન જોઈએ એમ જૈન શાસ્ત્રો કહે છે, એમ છતાં પણ એવા ધાર્મિક ઉલ્લેખો બાજુએ રાખીને કાયદાથી એવી ગોઠવણ કરવામાં આવે કે જે કાંઈ

વધારાના નાણાં હોય, તે સામાજિક કાર્યોમાં વાપરવાં જોઇએ, તો એ યોગ્ય નહિ મનાય ? હરિજનો સંબંધમાં પણ ધાર્મિક પ્રતિબંધોની ઉપેક્ષા કરીને જ કાયદાથી તમને મંદિર પ્રવેશનો હક્ક આપવામાં આવ્યો છે એ આપ જાણો છો ?

ક. લા. : સાહેબ, મારા અંગત અભિપ્રાય તરીકે હું એમ રજૂ કરવાની રજા લઉં છું કે દેશના સમગ્ર હિતની ખાતર હિંદુ અને જૈન સંસ્કૃતી જેવી છે તે જ સ્વરૂપે આપણે તેને જાળવવી જોઇએ અને એની સાથે આપણે કોઈ પણ જાતની રમત કરવી ન જોઇએ. તમે કહો છો તેનું પરિણામ તો જે ધાર્મિક ખ્યાલો અને માન્યતાઓ અમને છેલ્લા બે હજાર વર્ષથી વારસામાં મળ્યા છે તેની સાથે ખેલ ખેલવા જેવું આવે. અને એક વખત એ રીતનો વર્તાવ શરૂ કરવામાં આવે તો પછી એનો છેડો ક્યાં આવે તે કોઈ કહી શકે તેમ નથી. હું આ બાબતની મક્કમપણે વિરુદ્ધ છું.

ચી. ચ. શાહ : દરેક સુધારા સામે શરૂઆતમાં તો વિરોધ હોય છે જ.

ક. લા : આ બાબતને સુધારો કહેવો એ બરોબર નથી, એમ મને લાગે છે. ટ્રસ્ટો ચોક્કસ હેતુ માટે ઊભા કરવામાં આવે છે અને તેની પાછળ ચોક્કસ ભાવના અને લાગણી હોય છે. એ ભાવ અને લાગણી ઉપર તમો એક વખત ફાવે તેમ પ્રહાર કરવા માંડશો, તો પછી ચેરીટીઓ માટે ફંડ મેળવવાનું મુશ્કેલ બની જશે.

ચી. ચ. શાહ : મદ્રાસ બાજુ આવેલા તીરૂપતિના મંદિરના વધારાના નાણાંમાંથી પાંચ મોટી શિક્ષણ સંસ્થાઓ આજે ચાલી રહી છે અને તે સંસ્થાઓમાં હિંદુ ન હોય તેમને પણ દાખલ કરવામાં આવે છે અને તેમ કરવાથી હિંદુ સંસ્કૃતિ કે ધર્મને કોઈ પણ પ્રકારનો ધક્કો લાગ્યો નથી. જૈનો આથી કોઈ અલગ પ્રકારના હોય એમ હું માનતો નથી.

ક. લા. તીરૂપતિ મંદિર વિષે મને કશી ખબર નથી.

ચી. ચ. શાહ : ચેરી ટેબલ ટ્રસ્ટમાં કેટલાક કેવળ ધાર્મિક હોય છે અને કેટલાક સામાજિક હોય છે. ધાર્મિક ટ્રસ્ટો સાથે ચોક્કસ પ્રકારની ભાવના અને લાગણી જોડાયેલા હોય છે એ હું કબૂલ કરું છું, પણ જેને આવી લાગણી કે ભાવના સાથે કશો સંબંધ નથી એવા શૈક્ષણિક વૈદકીય અથવા તો અન્ય પ્રકારની સંસ્થાઓને લગતા ટ્રસ્ટો સંબંધમાં ચેરીટી કમીશ્નરને વધારે સત્તા હોવી જોઇએ એમ આપ ઇચ્છો ખરા કે નહીં ? આવા ટ્રસ્ટો સંબધમાં બજેટ રજૂ કરવાની ફરજ પાડતી તેમજ ચાલુ હિસાબ પર દેખરેખ રાખવાની સત્તા ચેરીટી કમીશ્નરને હોવી જોઈએ એમાં આપ સંમત થાઓ છો કે નહીં ?

ક. લા. : સરકાર અને સરકારી તંત્રની હું તો ઓછામાં ઓછી દખલગીરી પસંદ કરું. વધારે દખલગીરી દાખલ કરીને તમે લોકોને વધારે અને વધારે પાંગળા બનાવશો અને એ રીતે તમારા હાથે દેશની ચોક્કસ કુસેવા થવાની.

ચી. ચ. શાહ : પણ લોકો અથવા ટ્રસ્ટીઓ પર જ કેવળ આધાર રાખીને ચાલવાના તો ભયંકર પરિણામો આવ્યાં છે.

ક. લા. : તે તો આંકડાઓ અને દાખલાઓથી પુરવાર થવું જોઈએ.

ત્યારબાદ કમીટીના પ્રમુખે આને લગતાં કોર્ટમાં જે સંખ્યાબંધ કેસો થાય છે તે તરફ શેઠ કસ્તુરભાઈનું ધ્યાન ખેંચ્યું હતું.

ચી. ચ. શાહ:-ઘણા મોટા વેપારીઓના ચોપડાઓમાં શુભ ખાતું એ નામનું ખાતું હોય છે. આ ખાતામાં દર્શાવેલી રકમના વહીવટ ઉપર કોઈ પણ જાતનું નિયંત્રણ હોવું આપ ઇષ્ટ ગણો છો ખરા ?

ક. શા.: જેવા તમો એમ કરવા લાગશો કે તુરત જ એ ખાતાઓ અદૃશ્ય થઈ જશે. આપે ઓછામાં ઓછી દખલગીરીના ધોરણે જ આ બધી બાબતોનો વિચાર કરવો જોઈએ.

ત્યારબાદ શ્રી. કસ્તુરભાઈએ આખી કમીટીને આબુ પર્વત તેમજ રાણકપુરની મુલાકાત લેવાની ફરીને વિનંતિ કરતાં જણાવ્યું હતું કે "એ પ્રવાસ ત્રણ દિવસમાં પૂરો કરી શકીએ. એમ કરવાથી આપ જાતે આ મંદિરોનો વહીવટ કેમ ચાલે છે તે જોઈ શકશો અને તેને સારી સ્થિતિમાં રાખવા માટે નાણાંની કેટલી જરૂર છે તેનો પણ આપ ખ્યાલ લઈ શકશો. કોઈ પણ જાતનો નિર્ણય લેવાયા પહેલા કમીટીએ આ સ્થળો જોવાં જોઈએ એમ હું ધારું છું અને જો એમ કરવામાં આવશે, તો જે વિચારો હું ધરાવું છું એ જ વિચારો પર આપની કમીટી વળશે એવી મને ખાતરી છે.

કમીટીના પ્રમુખે આ નિમંત્રણ બદલ શેઠ કસ્તુરભાઈનો ઉપકાર માન્યો અને જુબાનીનું કામ પૂરું થયું.

ટેન્ડુલકર કમિટીની કામગીરી અંગે—

જૈન સંઘોના ઠરાવો

[ટેન્ડુલકર કમિટીએ જુદા જુદા સદ્‌ગૃહસ્થોની જુબાની લઈને ધર્માદા નાણાં અંગે મુંબઈ સરકારને ભલામણો રૂપે જે અહેવાલ તૈયાર કર્યો છે તે સંબંધમાં જૈન સંઘના દૃષ્ટિબિંદુ અંગે જુદા જુદા ગામોના જૈન સંઘોએ જે ઠરાવો પસાર કર્યા છે તે મળી શક્યા છે તેટલા અહીં રજુ કરીએ છીએ. —તંત્રી]

અમદાવાદના જૈન શ્રીસંઘે સર્વાનુમતે પસાર કરેલા ઠરાવો

વિ. સં. ૨૦૦૪ ના જેઠ વદ પહેલી નોમ તા. ૩૦-૬-૪૮ ને બુધવારે સવારે દશ વાગે અમદાવાદના જૈનોના સકલ સંઘની સભા સંઘપતિ નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઈના પ્રમુખસ્થાને, શ્રી નગરશેઠના વંડે મળી હતી. આ સભામાં સર્વાનુમતે નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતાઃ—

પહેલો ઠરાવ : પ્રમુખસ્થાનેથી નીચે મુજબનો રજૂ કરાયો હતોઃ—"હિન્દુ તેમજ જૈન ધાર્મિક તથા સામાજિક કે સખાવતી ટ્રસ્ટો અને ફંડોના વહીવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી ટેન્ડુલકરના અધ્યક્ષપદે મુંબઈ સરકારે જે કમિટી નીમી છે તેમની પાસે પડેલી શેઠ શ્રી કસ્તુરભાઈની જુબાની ઉપર પૂરતો વિચાર કરી, તે કમિટી જૈન ધાર્મિક ટ્રસ્ટો કે સખાવતી ફંડોનો ઉપયોગ જે નિમિત્તે

સખાવતો કરવામાં આવી હોય તેની મર્યાદા બહાર ધાર્મિક અને નૈતિક રીતિએ ન થઈ શકતો હોવાથી, તેમાં સરકારી દરમિયાનગીરી કરવાની ભલામણ કરશે નહિ, એવી અમદાવાદના જૈનોના સકળ સંઘની મળેલી આ સભા આશા રાખે છે. અને ના. મુંબઈ સરકારને પણ પ્રજાની ધાર્મિક સ્વતંત્રતા અબાધિત રાખવા અને તેમાં હસ્તક્ષેપ નહિ કરવા આ સભા આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે."

બીજો ઠરાવ : શેઠ શ્રી ભગુભાઇ ચુનીલાલ સુતરીઆએ રજૂ કરતાં તેને શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઇએ અને શ્રીયુત ચન્દ્રકાન્ત વકીલે ટેકો આપ્યો. તે ઠરાવ નીચે મુજબ છે:—"જૈનો અને હિન્દુઓના કેટલાક સામાજિક રીતરિવાજોમાં સમાનતા હોવાથી અને ધાર્મિક હક્કો, સંરક્ષણના પ્રશ્નોની વિચારણાના પ્રસંગે પણ અમો જૈનોને હિન્દુઓના જ ભેગા ગણી લેવામાં આવે છે. અમો જૈનો અને હિન્દુઓના ધાર્મિક સિદ્ધાન્તો અને માન્યતાઓમાં ઘણું અંતર છે. આ સ્થિતિમાં અમોને હિન્દુઓના ભેગા ગણવાથી જૈન સંસ્કૃતિ અને હક્કોનું ઘણું નુકસાન થયું છે. જેથી અમદાવાદના જૈનોના સકળ સંઘની આ સભા ધાર્મિક અને તેવા પ્રકારની બાબતોમાં જૈનોને હિન્દુઓના ભેગા ન ગણવા, ના. સરકાર સમક્ષ નમ્રતા પૂર્વક માગણી કરે છે."

ત્રીજો ઠરાવ: શેઠ શ્રી બકુભાઇ મણિલાલે રજૂ કર્યો હતો અને તેને શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડીઆએ ટેકો આપ્યો હતો. તે ઠરાવ નીચે મુજબનો છે:—"અગ્રગણ્ય જૈન આગેવાન અને શ્રીમાન્ શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ શ્રી ટેન્ડુલકર કમિટી સમક્ષ પોતાની જુબાનીમાં પવિત્ર દેવદ્રવ્યના રક્ષણ માટે તથા વહીવટ વગેરે બાબતોમાં જૈન સિદ્ધાંત અનુસાર જે દૃષ્ટિબિન્દુઓ સ્પષ્ટ રીતિએ રજૂ કર્યા છે, તેને શ્રીસંઘની આ સભા અનુમોદન આપવા સાથે અન્ય સ્થળોના શ્રીસંઘોને શેઠ શ્રી કસ્તુરભાઇની જુબાનીને અનુમોદન આપવા ભલામણ કરે છે અને શેઠ શ્રી કસ્તુરભાઇને હાર્દિક અભિનંદન આપે છે. તદુપરાન્ત કમિટી સમક્ષ બીજા જે જે ગૃહસ્થોએ જૈન સિદ્ધાન્ત અનુસાર જે જે વિચારો દર્શાવ્યા છે, તે માટે તેઓને અભિનંદન આપે છે."

આ પછી ચોથો ઠરાવ આજની સભાએ કરેલા સઘળાયે ઠરાવોની નકલો ઘટતાં સ્થળોએ મોકલી આપવાની અધ્યક્ષ શ્રી સંઘપતિને ભલામણ કરનારો અને પાંચમો ઠરાવ અધ્યક્ષશ્રીનો આભાર માનવા સબંધીનો પસાર થયો હતો.

મુંબઇમાં જૈનોની જાહેર સભામાં પસાર થયેલા ઠરાવો

મુંબઇ સરકારે ઑાન. જસ્ટીસ ટેન્ડુલકરના પ્રમુખસ્થાને હિંદુઓના ધાર્મિક ટ્રસ્ટો અને સખાવતોની વ્યવસ્થાદિની તપાસ માટે નિમેલી કમિટીએ અખત્યાર કરેલી વલણ અને પદ્ધતિ અંગે વિરોધ દર્શાવવા અને ધાર્મિક ટ્રસ્ટો અને ફંડોના ઉદ્દેશાનુસાર થતા વહીવટમાં હસ્તક્ષેપ ન કરવા આગ્રહ કરવા માટે મુંબઈના જૈનોની એક જાહેર સભા રવિવાર તા. ૨૭ જુન ૧૯૪૮ ના રોજ સવારના સ્ટા. ટા. ૧૦ (દશ) વાગે ભૂલેશ્વર ઉપર આવેલા શ્રી લાલબાગ જૈન ઉપાશ્રયમાં શ્રીમાન શેઠ અમૃતલાલ કાલીદાસના પ્રમુખ-

સ્થાને નીચેના સુહસ્થોની સહીથી બોલાવવામાં આવી હતી. શેઠ માણેકલાલ ચુનીલાલ, કાંતિલાલ ઇશ્વરલાલ, પોપટલાલ ધારશીભાઇ, નગીનદાસ કરમચંદ, ભાઇચંદ નગીનભાઇ ઝવેરી, દેવજી ટોકરશી મુલજી, રતિલાલ શાંતિદાસ, જીવતલાલ પ્રતાપશી, ધીરજલાલ જીવાભાઈ, મુલચંદ બુલાખીદાસ, રમણલાલ દલસુખભાઇ, ચંદ્રકાંત ઉજમશી, ખાઉચંદ ગોપાલજી, ચંદુલાલ ખુશાલચંદ, વાડીલાલ જેઠાલાલ શાહ, જીવણલાલ લલ્લુભાઇ, રવજીભાઇ સોજપાળ, મેઘજીભાઇ સોજપાળ, દામજીભાઈ જેઠાભાઇ, મગનલાલ મુલચંદ શાહ, ચંદુલાલ વર્ધમાન શાહ, બેચરદાસ હરિચંદ કેશવલાલ વજેચંદ, ભાણજી ધરમશી શાપરીઆ, શાંતિલાલ મગનલાલ શાહ, શ્રેયાંસપ્રસાદ જૈન, પુનમચંદ ધંસીલાલ, હરગોવિંદદાસ જીવરાજ, જમનાદાસ મોનજી, પ્રેમચંદ ગોસાજી, નરોત્તમદાસ જેઠાભાઇ, જોહારમલ મોતીલાલ, કેશવલાલ મોહનલાલ સંઘવી, ચીમનલાલ નેમચંદ શ્રોફ, ચીનુભાઇ લાલભાઇ શેઠ, મોહનલાલ તારાચંદ શાહ, ફકીરચંદ કેસરીચંદ શ્રોફ, મગનલાલ લાલજી, મણીલાલ મોહનલાલ હેમચંદ, શિવલાલ નરપતલાલ, કાલીદાસ હરજીવન, કાંતિલાલ નાનાલાલ, અમૃતલાલ કાલીદાસ દોશી, દામોદરદાસ કરસનદાસ, પ્રેમજી નાગરદાસ, લલ્લુભાઇ કરમચંદ, હાથીભાઇ ગલાલચંદ અને લક્ષ્મીચંદ ગુલાબચંદ ઝવેરી.

આ સભામાં જૈન ભાઇ-બહેનોની ઘણી મોટી સંખ્યામાં હાજરી હતી. શરૂઆતમાં શ્રી મગનલાલ મૂળચંદ શાહે શ્રી ટેન્ડુલકર સમિતિની નિમણૂકનો ઉદ્દેશ વગેરે જણાવ્યું હતું અને એ વાત ઉપર ભાર મૂકયો હતો કે-"આપણાં દેવદ્રવ્યનાં નાણાંનો કોઇ બીજી રીતે ઉપયોગ કરવાનું કહેવામાં આવે તે સામે આપણો સખ્ત વાંધો છે. એ સિદ્ધાન્ત અંગે ભૂતકાળમાં પ્રોવ્હી કાઉન્સીલ સુધી કેસો લડાયા છે અને માનનીય ધારાશાસ્ત્રી ડૉ. એમ. આર. જયકરે પણ એ અંગે અભિપ્રાય આપ્યો છે કે-ટ્રસ્ટોનાં નાણાં કેવી રીતે ખર્ચવાં તેમાં હસ્તક્ષેપ કરવાનો સરકારને જરાયે હક્ક નથી." વગેરે.

પહેલો ઠરાવ: આ પછી શ્રી શાન્તિલાલ મગનલાલ શાહે એવો ઠરાવ રજૂ કર્યો હતો કે-"હિન્દુ તેમજ જૈન ધાર્મિક અને સામાજિક સખાવતી ફંડોના વહીવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી ટેન્ડુલકરના અધ્યક્ષપદે મુંબઇ સરકારે જે કમિટી નીમી છે તે કમિટી મજકુર તપાસના પરિણામે પોતાની ભલામણોમાં જે નિમિત્તે સખાવતો કરવામાં આવી હોય તો તેની મર્યાદામાં ફેરફાર કરવા અને તે બીજી રીતે ખર્ચવા એવી કોઇ પણ ભલામણ કરે તો તે તરફ મુંબઈના જૈનોની આ જાહેર સભા પોતાનો સખ્ત અણગમો અને વિરોધ જાહેર કરે છે,"

આ ઠરાવને શ્રી મનસુખલાલ હીરાલાલ લાલને અને શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ ટેકો આપ્યા બાદ માત્ર એક વિરુદ્ધ મતે ઠરાવ પસાર થયો હતો.

બીજો ઠરાવ: પહેલો ઠરાવ પસાર થયા પછી શેઠ જીવતલાલ પ્રતાપસીએ એવો બીજો ઠરાવ રજૂ કર્યો હતો કે-'ટેન્ડુલકર કમીટી સમક્ષ જે જુબાનીઓ રજૂ થઇ તેમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ અને જાણીતા જૈન ઉદ્યોગપતિ શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ જૈન સિદ્ધાન્તાનુસાર જુબાનીમાં જે દ્રષ્ટિબિન્દુઓ રજૂ કર્યાં છે, તેને આ સભા અનુમોદન આપે છે. તેઓશ્રીની જુબાની પરથી લેવાયેલી ધર્મ

અને સમાજ પ્રત્યેની અનુપમ ઊંડી ભાવના તરી આવે છે, એટલું જ નહિ પણ સમાજને તે માર્ગદર્શન રૂપ છે. તે માટે આ સભા તેઓશ્રીને હાર્દિક અભિનંદન આપે છે. તદુપરાંત, બીજા જે ગૃહસ્થોએ પોતાની જુબાનીમાં જૈન સિદ્ધાંતોના પ્રતિપાદન માટે જે જે વિચારો રજૂ કર્યા છે, તે માટે તેઓને પણ અભિનંદન આપે છે."

આ ઠરાવને શ્રી શિવલાલ નરપતલાલ મણીઆર તથા શ્રી. સુરચંદ પી. બદામીએ ટેકો આપ્યા બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ત્રીજો ઠરાવ—આ પછી શેઠ રમણલાલ દલસુખભાઇએ ત્રીજો ઠરાવ રજૂ કર્યો હતો કે—"જૈનોની આ જાહેર સભા ઉપરોક્ત ઠરાવો અંગે ઘટતી સર્વ કાર્યવાહી કરવા નીચેની સમિતિ પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નિયુક્ત કરે છે. શેઠ અમૃતલાલ કાળીદાસ (ચેરમેન) તથા શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ, શેઠ અમૃતલાલ કાળીદાસ દોસી, શેઠ રવજીભાઇ સોજપાલ, શેઠ મેઘજીભાઇ સોજપાલ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ નરોત્તમ જેઠાભાઇ, શેઠ મગનલાલ મૂળચંદ શાહ, શેઠ રમણલાલ દલસુખભાઇ, શેઠ સુરચંદ પી. બદામી, શેઠ શાન્તિલાલ એમ. શાહ શેઠ મોતીચંદ ગી. કાપડીયા, શેઠ ભાઈચંદ ન. ઝવેરી (સભ્યો) તથા શેઠ દામજીભાઇ જેઠાભાઇ જે. પી. અને શેઠ ચીનુભાઇ લાલભાઇ સોલીસીટર (મંત્રીઓ)"

ઉપરનો ઠરાવ, શ્રી મણિલાલ મોહનલાલના અને શ્રી ભાઇચંદ નગીનભાઈના ટેકા પછી સર્વાનુમતે પસાર થયો હતો. બાદ પ્રમુખશ્રીના પ્રાસંગિક વિવેચન તથા આભાર બાદ સભા વિસર્જન થઇ હતી.

ભાવનગરના જૈનોએ પસાર કરેલ ઠરાવ—શ્રી જૈન આત્માનંદ સભાએ આ પ્રશ્ન ની વિચારણા કરી ઠરાવ કર્યો છે તેનો સાર એ છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રીયુત કસ્તુરભાઈ લાલભાઇએ ટેન્ડુલકર કમીટી સમક્ષ દેવદ્રવ્ય આદિ બાબતમાં પોતાના જે ધાર્મિક વિચારો દર્શાવ્યા છે એને આ સભા અનુમોદન આપે છે. અને શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીયા, જૈન. શ્વે. કો. ના સેક્રેટરી શેઠ દામજી જેઠાભાઇ, શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી વગેરેએ ધાર્મિક દ્રવ્યના રક્ષણ માટે જે જુબાની આપી છે તેને આ સભા આવકારે છે.

જુનાગઢના જૈનોએ પસાર કરેલ ઠરાવ—તા. ૨૮-૬-૧૯૪૮ સોમવારે શ્રી જૈન ધર્મ આરાધક સમાજની સામાન્ય સભા મળતાં નીચેનો ઠરાવ કરવામાં આવેલ.

"હાલમાં મુંબઇ સરકારે ધર્માદા પબ્લિક ટ્રસ્ટોની તપાસ અર્થે નીમેલ શ્રી ટેંડુલકર કમીટી સમક્ષ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ આપેલી જુબાનીને પોતાની અનુમતિ હોવાનું આ સભા સહર્ષ જાહેર કરે છે અને પ્રસ્તુત જુબાની આપવા બદલ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈને આ સભા અંતરના અભિનંદન પાઠવે છે."

આમોદના જૈનોએ પસાર કરેલ ઠરાવ—શ્રી જૈન યુવક મંડળના આશ્રયે પૂજ્ય મુનિવિજય મહારાજના પ્રમુખપણા નીચે પંચની ધર્મશાળા પર તા. ૪-૭-૪૮ ને રવિ-

વારે સવારના ૯-૩૦ વાગે આમોદ સકલ જૈન સંઘની મળેલી જાહેર સભાએ નીચેની મતલબના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યો છે. શ્રી ટેંડુલકર કમીટી સમક્ષ શેઠ કસ્તુરભાઈની જુબાની મુજબ ધાર્મિક ટ્રસ્ટો કે સખાવતી ફંડોનો ઉપયોગ જે નિમિત્તે સખાવતો કરવામાં આવી હોય તેની મર્યાદા બહાર ધાર્મિક અને નૈતિક રીતિએ ન થઇ શકતો હોવાથી તેમાં સરકારી દરમીયાનગીરી કરવાની આવશ્યકતા રહેતી નથી એવી આમોદના સકલ સંઘની મળેલી આ સભા આશા રાખે છે અને મુંબઈ સરકારને પણ પ્રજાની ધાર્મિક સ્વતંત્રતાને અબાધિત રાખવા અને તેમાં હસ્તક્ષેપ નહિ કરવા આ સભા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

જૈનો અને હિંદુઓના કેટલાક સામાજિક રીતરિવાજોમાં સમાનતા હોવાથી ધાર્મિક હકો અને સંરક્ષણના પ્રશ્નોની વિચારણાના પ્રસંગે પણ જૈનોને હિંદુ ભેગા ગણી લેવામાં આવે છે અને હિંદુઓના ધાર્મિક સિદ્ધાંતો અને માન્યતાઓમાં ઘણું અંતર છે. આ સ્થિતિમાં હિંદુઓ ભેગા ગણવામાં જૈન સંસ્કૃતિ અને હકોને ઘણું નુકસાન થયું છે, જેથી આમોદના જૈનોની સકળ સંઘની આ સભા ધાર્મિક અને તેવા પ્રકારની બાબતોમાં જૈનોને હિંદુઓ ભેગા ન ગણવા સરકાર સમક્ષ નમ્રતાપૂર્વક માગણી કરે છે

શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ શ્રી ટેંડુલકર કમીટી સમક્ષ પોતાની જુબાનીમાં પવિત્ર દેવદ્રવ્યના રક્ષણ માટે તથા વહીવટ વગેરે બાબતોમાં જૈન સિદ્ધાંત અનુસાર જે દ્રષ્ટિબિંદુઓ સ્પષ્ટ રીતે રજૂ કર્યાં છે તેને શ્રી સંઘની આ સભા અનુમોદન આપે છે.

મહેસાણાના જૈનોએ પસાર કરેલ ઠરાવ—જેઠ વ. ૧૧ શનિવારે મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી-(ત્રિપુટી) ના અધ્યક્ષપણા નીચે મુનિશ્રી રવિસાગરજી મહારાજની જયન્તી ઉજવવા માટે સભા મળી, તે અંગે પ્રાસંગિક વિવેચનો કરવામાં આવ્યા બાદ પ્રમુખશ્રીએ ટેંડુલકર કમિટી, ધાર્મિક ખાતાઓ અને કમિટીની ભવિષ્યમાં ધાર્મિક ખાતાઓમાં દખલ કરવાની ભાવના વગેરે બાબતો ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ નીચેના ઠરાવો કરવામાં આવ્યા હતા.

(૧) આજના શ્રીસંઘની સભા, સરકાર ટેન્ડુલકર કમિટીદ્વારા અમારા ધાર્મિક ખાતાઓમા વિના કારણે દખલ કરવાનો જે પ્રયત્ન કરે છે તેનો સખ્ત વિરોધ કરે છે. અને પ્રજાતંત્રવાદી સરકારના આ કાર્યને સખ્ત રીતે વખોડી કાઢે છે

(૨) શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇએ કમિટી સમક્ષ જે જુબાની આપી જૈન સંઘના સંરક્ષણ માટે જે હીંમત પૂર્વક જવાબ આપ્યો છે, તેને અભિનંદન આપે છે.

મુદ્રકઃ-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશકઃ-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.



વર્ષ ૧૩ : અંક ૧૧] અમદાવાદ : તા. ૧૫-૮-૪૮ [ક્રમાંક : ૧૫૫

વિષય-દર્શન

શ્રી પર્યુષણા મહાપર્વના આરાધન પ્રસંગે શ્રી સંઘની આ સમિતિ અને આ માસિકને મદદ કરવાની ચતુર્વિધ શ્રી સંઘને વિનંતિ છે.

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

વિજ્ઞપ્તિ

છાપકામ અને કાગળની દિવસે દિવસે વધતી જતી કારમી મોંઘવારીના સમયમાં પણ "જૈન સત્ય પ્રકાશ" માસિક ગ્રાહકોને માત્ર બે રૂપિયા જેટલા નજીવા લવાજમમાં અને પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોને વગર લવાજમે આપવાનું અમે ચાલુ રાખ્યું છે, અને ભવિષ્યમાં પણ એ મુજબ જ અમે એ ચાલુ રાખવા માગીએ છીએ આ રીતે માસિક અમે આપી શક્યા છીએ એનું મુખ્ય કારણ શ્રીસંઘ તરફથી અમને સમયે સમયે મળતી રહેલી ઉદાર મદદ છે; આવી મદદ ન મળે તો આ રીતે માસિક આપી શકાય જ નહીં.

અત્યારે છેલ્લે છેલ્લે વધેલી મોંઘવારીના કારણે અમારે થોડીક નાણાંભીડ ભોગવવી પડે છે; અને તેથી સમસ્ત શ્રીસંઘ સમક્ષ અમે અમારી એ વાત રજુ કરીએ છીએ, અને આશા રાખીએ છીએ કે અત્યાર સુધીની જેમ આ વખતે પણ શ્રી સંઘ અમારી માંગણી જરૂર પૂરી કરશે.

ચતુર્માસના ધાર્મિક પર્વોના દિવસો આવે છે. તે વખતે આ માસિકને અને સમિતિને દરેક પ્રસંગે યાદ રાખવા અમે દરેક ગામના જૈન સંઘને તેમજ તે તે ગામમાં બિરાજતા મુનિવરોને વિનંતિ કરીએ છીએ.

—વ્ય૦

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	क्रमांक
अंक ११	શ્રાવણ શુદિ ૧૧ : રવિવાર : ૧૫મી ઓગસ્ટ	१५५

કવિવર શ્રીલાવણ્યસમય મહારાજકૃત

આલોયણગર્ભિત શ્રીસીમંધરજિનવિનંતિ

યાને

આલોયણ ભાસ

સંપાદક—પૂજ્ય મુનિમહારાજ શ્રીરમણિકવિજયજી

નામ—કવિવર શ્રી લાવણ્યસમયજીની જે કૃતિ અહીં આપવામાં આવી છે, એ કૃતિનું નામ 'આલોયણ ભાસ' છે. પરંતુ મેં જે પ્રતો એકત્ર કરી છે, તે દરેકમાં એનાં જુદાં જુદાં નામો મળે છે. એટલે આ કૃતિનું ખરું નામ શું? તેનો વિચાર કરવો ઘટે. નામો આ પ્રમાણે મળે છેઃ ૧ સીમંધર સ્વાધ્યાય, ૨ સીમંધર વિનંતિ સ્તવન, ૩ સીમંધર વિનંતિ, ૪ આલોયણ, ૫ આલોયણ ભાસ, ૬ આલોયણ સીમંધર સ્તવન. જૈન-ગુર્જર-કવિઓ ભા. ૧માં દેસાઈ મોહનલાલે કવિવરની કૃતિઓની નોંધ આપી છે, તેમાં આને 'આલોયણ વિનંતિ' તરીકે જણાવી છે. અને શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ સંપાદિત ઐતિહાસિક-રાસ-સંગ્રહમાં આ કૃતિની નોંધ 'આલોયણ વિનંતિ' તરીકે કરી છે. આ બધાં નામો મળવા છતાં કૃતિના વિષયના ઔચિત્યનો વિચાર કરી મેં આનું નામ 'આલોયણ ગર્ભિત શ્રી સીમંધર જિન વિનંતિ યાને આલોયણ ભાસ' રાખ્યું છે.

પ્રતિપરિચય—આ કૃતિના સંપાદનમાં મેં ૭ પ્રતોનો ઉપયોગ કર્યો છે. તે પૈકી ત્રણ પ્રતો પૂજ્યપાદ પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજના વડોદરાના ભંડારની છે, એક પ્રત અમદાવાદ વીરના ઉપાશ્રયના જ્ઞાનભંડારની છે, એક પ્રત પૂજ્યપાદ શ્રી મુક્તિવિજયજી મહારાજ (મૂલચંદજી મહારાજ)નો ભંડાર છાણીની અને એક પ્રત મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહની છે.

આ ૭ પ્રતિઓ પૈકી બે પ્રતિમાં લખ્યાસંવતનો ઉલ્લેખ છે. આ બે પ્રતિઓમાંની એક શ્રી પ્રવર્તકજી મહારાજની ત્રણ પ્રતિઓ પૈકી એક છે. અને બીજી પ્રતિ શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહવાળી. શ્રી પ્રવર્તકજી મહારાજની પ્રતિમાં આ પ્રમાણે ઉલ્લેખ છે—संवत् १६७२ वर्षे आ. वद् पठनार्थं लेखितमिदं पत्तननगरे ग. हर्षकुशल-गणिभिः श्रीरस्तु બીજી પ્રતિમાં सं १६७४ वर्षे वैशाख वदि अष्टमी दिने लिखित.

બાકીની જે પ્રતિઓ છે તે પૈકી વીરના ભંડારની પ્રતની ભાષા અને લિપિ જોતાં એમ લાગે છે કે એ પ્રતિ સોળમા સૈકાના અંતમાં અગર સત્તરમા સૈકાની શરૂઆતમાં લખાયેલી હોવી જોઈએ. જે પ્રત શ્રી મુક્તિવિજયજી મહારાજના ભંડારની છે તેની લિપિ જોતાં સત્તરમા સૈકાના ઉત્તરાર્દ્ધમાં લખાયેલી હશે. અને બીજી બે પ્રતિઓ ૧૮મા સૈકાના ઉત્તરાર્દ્ધમાં અગર ૧૯મા સૈકાની શરૂઆતમાં લખાયેલી હોય એમ તેની લિપિ અને ભાષા ઉપરથી અનુમાન થાય છે. જે પ્રતિ સં. ૧૫૭૩માં લખાયેલી છે, તે પ્રતિ આ કૃતિના રચનાસંવત પછી ૧૧મે વર્ષે લખાયેલી છે. કારણ કૃતિની રચનાસંવત ૧૫૬૨ની છે. આ પ્રતિને મુખ્ય રાખીને મેં પ્રસ્તુત કૃતિનું સંપાદન કર્યું છે.

ગાથાપ્રમાણ, પાઠાંતર—છયે પ્રતોમાં ગાથાઓનું પ્રમાણ ઓછાવત્તા રૂપે મળે છે. સં. ૧૫૭૩ વાળી પ્રતિમાં, વીરના ઉપાશ્રયવાળી પ્રતિમાં, શ્રી મૂલચંદજી મહારાજના ભંડારની પ્રતિમાં, અને મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહવાળી પ્રતિમાં ૪૭ ગાથાઓ છે. ત્યારે પ્રવર્તકજી મહારાજના ભંડારની બે પ્રતોમાં અનુક્રમે ૫૪ અને ૫૬ ગાથાઓ છે. પ્રસ્તુત સંપાદનમાં મેં સંવત ૧૫૭૩ વર્ષે લખાયેલી પ્રતને મુખ્ય રાખેલ હોઈ તેમજ બીજી અનેક પ્રતિઓમાં ૪૭ ગાથાઓ મળતી હોઈ અહીં ૪૭ ગાથાઓને મૌલિક તરીકે રાખી છે, અને અર્વાચીન પ્રતિઓમાં મળતી વધારાની ગાથાઓને ક્ષેપક તરીકે ગણીને એ ક્ષેપક ગાથાઓ જુદી આપી છે. આ ક્ષેપક ગાથાઓ પાછળથી ઉમેરાઈ છે, એ આપણને સ્પષ્ટપણે જણાય છે.

કવિવરે ચંદરવા સબંધી ગાથાઓ રચતાં આઠ પ્રકારના ચંદરવાનું વર્ણન કર્યું છે. જ્યાં ચંદરવા સંબંધી જે વિધાન શાસ્ત્રકારે કર્યું છે, ત્યાં દશ પ્રકારના ચંદરવાનું વર્ણન મળ્યું છે. તે આ પ્રમાણે છે—

चंद्रोदयदशकम्—जलस्थानोपरि १, खण्डनस्थानोपरि २, प्रेषणस्थानोपरि ३, चुल्हकोपरि ४, धान्यरक्षणस्थानोपरि ५, दधिमथनस्थानोपरि ६, भोजनस्थानोपरि ७, शयनस्थानोपरि ८, जिनालये ९, उपाश्रये १०।

છેલ્લા બે ચંદરવા કે જે જિનાલય અને ઉપાશ્રયને લગતા છે, તે સાર્વત્રિક ન હોવાને કારણે કવિવરે જતા કરેલ હોઈ, ચંદરવાની અમુક પરંપરાને સાચવી રાખવા પાછળથી કોઈ વિદ્વાને નવી ગાથા બનાવીને ઉમેરેલા લાગે છે કે જે પ્રાચીન પ્રતિઓમાં નથી. છતાં એ નવીન ગાથા બનાવનારના ઉદ્દેશને ધ્યાનમાં રાખી અમે પણ આ ગાથાને મૂળ કૃતિમાં [ ] આવા કાટખૂણ કોષ્ટકમાં આપી છે.

આગળ ચાલતાં કવિશ્રી અપકાયની વિરાધનાનો પ્રસંગ હોઈ માત્ર પાણી ગળવાના ગળણાની વિચારણા અને આલોચનાનો ઉલ્લેખ કરી વિરમે છે, જ્યારે પાછળના કોઈ વિદ્વાને શાસ્ત્રમાં નોંધાયેલા સાત પ્રકારના ગળણાંની વિગતને સૂચવતી બે ગાથાઓ ઉમેરેલી છે, જે ગાથાઓને અમે પ્રસ્તુત કૃતિને અંતે આપી છે.

આ રીતે આ કૃતિમાં બીજી પણ કેટલીક ગાથાઓ ઉમેરાયેલી છે એ બધી ક્ષેપક ગાથાઓને અમે કૃતિને અંતે એકી સાથે આપેલી છે.

આ કૃતિમાં થયેલા ઉમેરા જેવો જ ઉમેરો કવિવરની બીજી એક કૃતિ "શ્રી આદીશ્વર વિનંતી" છે તેમાં પણ થયેલો છે. એ વિનંતિની મૂળ ગાથાઓ ૪૭ છે તેમાં ઉમેરો થતાં સંખ્યા ૫૫ સુધી પહોંચી ગઈ છે.

પ્રસ્તુત રચનામાં માત્ર ગાથાઓમાં વધારો થયો છે એટલું જ નહિ પણ કેટલીક જગ્યાએ પદોની ઊલટાસૂલટી અને ફેરબદલી પણ થઈ ગઈ છે તેમજ પાઠભેદો પણ ઘણા થઈ ગયા છે.

ભાષા—જો કે પ્રસ્તુત વિનંતિની ઉત્તરોત્તર થયેલી નકલોમાં ભાષાનું રૂપ ઘણું જ વિકૃત થયેલું છે, તેમ છતાં, ગ્રંથ અને ગ્રંથકારના જમાનાની ગૂજરાતી ભાષાનો નિર્ણય કરવા માટે ગ્રંથકારના સ્વહસ્તે લખાયેલી પ્રતિ અગર ગ્રંથરચના-સમયના અતિ નજીકના સમયમાં લખાયેલી પ્રતિ મુખ્ય આધાર તરીકે ગણવી જોઈએ. એ વસ્તુને લક્ષમાં રાખી, મેં એકત્ર કરેલી પ્રતિઓ પૈકી ગ્રંથની પ્રાચીનતમ ગણી શકાય તેવી સંવત્ ૧૫૭૩માં લખાયેલી પ્રતિનો આ સંપાદન અને પ્રકાશનમાં ઉપયોગ કર્યો છે, જેને કવિવર શ્રી લાવણ્યસમયની અથવા એમના જમાનાની ભાષાના નમૂના તરીકે આપણે સ્વીકારી શકીએ.

આમ કરવા જતાં કેટલીક વાર એમ પણ બન્યું છે કે કેટલેક ઠેકાણે બીજી પ્રતિના આધારે અમુક પદો વગેરે ફેરફાર કરવા જેવા લાગવા છતાં મૌલિક ભાષાનું રૂપ વિકૃત થઈ જવાના ભયથી એ વિચારને પડતો મૂકવામાં આવ્યો છે.

વીરના ઉપાશ્રયની પ્રતિ ગ્રંથકાર પછી માત્ર પચાસેક વર્ષ બાદ લખાયેલી હોય તેવી લાગે છે. તેમ છતાં તેમાં પદો વગેરેના ફેરફાર ઉપરાંત ભાષાના સ્વરૂપમાં પણ ઘણો પલટો આવી ગયો છે; તો જે પ્રતિઓ એક કે બે સૈકાં અગર તેથી અધિક સમય વીત્યા બાદ લખાઈ હોય તેના ભાષાસ્વરૂપની વિકૃતિ માટે આપણે વધારે કશું જ વિચારવાનું કે કહેવાનું રહેતું જ નથી. મેં એકત્ર કરેલી પ્રતિઓમાં ઉત્તરોત્તર ભાષાના સ્વરૂપમાં કેવો પલટો આવ્યો છે, તેનો ખ્યાલ આવે તે માટે કેટલાંક ઉદાહરણો આ નીચે આપવામાં આવે છેઃ—

સં. ૧૫૭૩ વાલી પ્રતિ	વીર. ઉ. પ્રતિ	બીજી પ્રતિઓ
ભમિઉ	ભિમિઉ	ભમ્યુ, ભમ્યો, ભમ્યો
ભવભિસનઉ	ભવઉસનૂં	ભવઉસન્યો, ભવઉસનો
મઈ	મિ	મે
તુ	તુ	તો, તો
પ્રામીઉં	પામિઉં	પામીયો
ઓલખિઆ	ઓલખ્યાં	ઓલખ્યા, ઉલખ્યા
ધરિઆં	ધર્યાં	ભર્યાં
ચઉથુ	ચુથુ	ચઉથઉ, ચોથો
સંઝેરણુઈ	સંઝેરણુઇ	સંઝેરણઇ, સંઝેરણે, સંઝેરડે
રમિઉ	રમ્યૂ	રમ્યું, રમ્યો
વહિરાવીઆ	વહુરાવીઆ	વોહરાવીયાં, વોહોરાવીયાં
મઈં તુ ઉવલી રે કીધા કેટલા પાપ તુ	મેં તુ ઉલખ્યા રે કરૂ કેતલા પાપ તુ	મિ તો ઉલખ્યા રે કર્યાં કેતલા પાપ તોઃ મે તો વોલ્યાં રે કીધા કેતલા પાપ તો

આવા બીજા ઘણા ફેરફારો છે, જે અમે અહીં આપ્યા નથી, અને આપવાની જરૂરત પણ નથી. ઉપર આપવામાં આવેલાં મામૂલીક પરિવર્તનો ઉપરથી ઉત્તરોત્તર ભાષામાં કેવું પરિવર્તન થયું છે તેનો ખ્યાલ આપણને આવી શકે છે.

રચનાસ્થાનઃ—આ વિનંતિ કવિવરે સંવત ૧૫૬૨માં વામજ ગામમાં બિરાજમાન શ્રી આદીશ્વર ભગવાનના સાન્નિધ્યમાં રહીને કરી છે. વામજ ગામ ઉત્તર ગુજરાતમાં વડોદરા રાજ્ય–મહેસાણા પ્રાંતના કલોલ તાલુકામાં આવેલું છે. વામજ ગામ કલોલ ગામથી ચાર ગાઉ અને સેરિસા તીર્થની નજીકમાં આવેલું છે. અત્યારે ત્યાં જૈન વસ્તી કે તે વખતનું દેરાસર આદિ કંઈ નથી. પરંતુ કવિશ્રીએ જ્યારે આ કૃતિનું નિર્માણ કર્યું ત્યારે જરૂર એની જાહોજલાલી હશે. થોડાં વરસો પહેલાં ત્યાં જમીનમાંથી કેટલીક મૂર્તિઓ મળી આવી છે, એ એનું પ્રતીક છે. આ ગામ સેરિસાની નજીક હોઈ તેનો જીર્ણોદ્ધાર કરતી વખતે અહીંયાં પણ એક દેરાસર બંધાવીને નવેસરથી ભગવાનની એ મૂર્તિઓને બિરાજમાન કરવામાં આવી છે. એટલે અત્યારે સેરિસા તીર્થની જેમ વામજ ગામ પણ યાત્રાના ધામ તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું છે.

ઉદ્દેશ અને સારઃ—પ્રસ્તુત સીમંધરજિનવિજ્ઞપ્તિમાં કવિવરે અંત્ય સમયની આરાધના અને આલોચનાના સ્વરૂપથી અજાણ ભાવુક ધર્માત્મા મનુષ્યે જીવનના અંત્ય સમયે કઈ રીતે આરાધના અને પાપની તેમ જ અતિચારો–દોષોની આલોચના તથા શુદ્ધિ કરવી એ વસ્તુ સમજાવવા પ્રયત્ન કર્યો છે. ઉપાધ્યાયજી શ્રી સમયસુંદરગણીએ પદ્માવતી આરાધનામાં, અને ઉપાધ્યાયજી વિનયવિજયજી મહારાજે પુણ્યપ્રકાશ સ્તવનમાં આ જ પ્રકારની વસ્તુનું પ્રતિપાદન કરેલી છે. તેમ છતાં જેમ આ બે કૃતિઓ અને એને મળતી બીજી કૃતિઓમાં આરાધના, આલોચના, શુદ્ધિ આદિનું સ્વરૂપ પ્રકારાંતરે વર્ણવાયેલું જોવામાં આવે છે, તેમ કવિશ્રીએ પોતાની આ વિજ્ઞપ્તિમાં પણ આરાધના આદિનું સ્વરૂપ એક જુદા જ પ્રકારે અથવા પ્રકારાંતરે કરેલું છે, જે અતિરોચક અને ભાવપ્રધાન શૈલીમાં કરેલું છે. આશા રાખવામાં આવે છે કે–દરેક વિજ્ઞ વાચક કૃતિમાંથી સાહિત્યનો આસ્વાદ લેવા ઉપરાંત કવિવરના મુખ્ય આશયને આચારમાં લાવવા સવિશેષ પ્રયત્નશીલ બને.

ઉપસંહારઃ—અમદાવાદમાં ભઠ્ઠીની બારીએ પંડિત શ્રી વીરવિજયજી મહારાજનો ઉપાશ્રય છે, જે હાલ 'વીરનો ઉપાશ્રય' એ નામથી પ્રસિદ્ધ છે. ત્યાં પંન્યાસજી શ્રી કીર્તિમુનિજી મહારાજ બિરાજમાન હતા. તેમને મળવા માટે મુનિશ્રી પુણ્યવિજયજી ગયા હતા. તે વખતે મુનિશ્રીએ પંન્યાસજીને ત્યાંનો ભંડાર જોવાની ઇચ્છા દર્શાવી. એટલે પંન્યાસજીએ કહ્યું તમે નિરાંતે જ્યારે આવો ત્યારે બતાવું. (કારણ કે આ ભંડારની વ્યવસ્થા પંન્યાસજીના હસ્તક થયેલી છે.) થોડા વખત પછી મુનિરાજ શ્રી પુણ્યવિજયજી અને હું ભંડાર જોવા માટે ગયા. ત્યાં મુનિશ્રી ભંડારમાંથી અમુક પ્રતિઓ જોવા માટે દાબડા બહાર કઢાવીને જોતા હતા. તે વખતે હું એક દાબડાની પ્રતિઓ બહાર કાઢતો હતો, તેમાં એક પ્રતિ ઉપર 'આલોયણ' એમ નામ લખેલું હતું, તે પ્રતિ ખોલીને મેં જોઈ તો કવિવરની કૃતિ જણાઈ. તેથી મને થયું કે આ કૃતિની પ્રેસ કોપી કરીને જૈન–સત્ય–પ્રકાશ માસિકને મોકલી આપું. આ વિચારથી પ્રતિ લાવ્યા, પ્રેસ કોપી તૈયાર કરીને મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને મેં કહ્યું આમાં અશુદ્ધિઓ છે. અને બે ગાથામાં ઉત્તરાર્ધ પદ નથી, એટલે ગાથાઓ મળતી નથી. ત્યારે તેમણે કહ્યું કે લિપિનો દોષ છે, અને લહિયાનો દોષ છે. એટલે ગાથાનાં પદો લખવાં ભૂલી ગયો છે. માટે બીજી પ્રતિ મેળવીને શુદ્ધ કર્યા પછી માસિકને મોકલી આપજે. આપણે જે કામ કરવું તે શુદ્ધ અને ચોકસાઈ પૂર્વક કરવું માટે ઉતાવળ કરવાની જરૂર નથી. આથી બીજી પ્રતિ મેળવવા માટે મેં જૈન–

ગુર્જર-કવિઓ ભાગ પ્રથમ જોયો. તેમાં ભાઇથી દેસાઈએ આ કૃતિની નીચે 'વિ-ધ-સૂ ભંડાર' લખેલું છે, તેથી મને થયું કે ભાઇશ્રી દેસાઇને આ કૃતિ ત્યાં જોવા મળી છે. બીજે જોવામાં આવી નહિ હોય. વિ-ધ-સૂ નો ભંડાર આગ્રામાં હોઇ આ કાર્ય અંગે બીજી પ્રતિ મેળવવાની ઇંતેજારીથી મેં એક પત્ર શિવપુરી મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજને લખ્યો. તેઓ તરફથી જવાબ આવ્યો કે હાલમાં ત્યાંથી મળી શકે તેમ નથી. આથી પ્રેસ કાૅપી એમ ને એમ રાખી મૂકી. એટલામાં અમારું વડોદરાનું ચોમાસું નક્કી થયું, અને અમે વિહાર કરીને વડોદરા આવ્યા. વડોદરાના શ્રી આત્મારામ-જ્ઞાન-મંદિરમાં પૂજ્યપાદ પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજનો ભંડાર અને પૂજ્યપાદ ગુરુદેવ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજનો ભંડાર છે. શ્રી પ્રવર્તકજી મહારાજના ભંડારમાં હસ્તલિખિત લગભગ ગુજરાતી ભાષાની ચાર હજાર પ્રતિઓ છે. તેનું લીસ્ટ જોતાં તેમાંથી આ કૃતિની ત્રણ પ્રતિઓ મળી આવી. એ પ્રતિઓ પૈકી એક પ્રતિ સંવત ૧૫૭૩ની લખેલી હોઇ મને ખૂબ આનંદ ગયો. એ પછી મેં આ પ્રતિ પરથી બીજી નવી પ્રેસ કાૅપી તૈયાર કરીને બીજી પ્રતો સાથે સરખાવીને કવિવર લાવણ્યસમયની આ કૃતિનું સંપાદન કર્યું છે.

આ કાર્યની પ્રેરણા કરનાર અને ઉત્સાહ આપનાર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનો, અને વીરના ઉપાશ્રયના ભંડારની પ્રતિ પંન્યાસજી શ્રી કીર્તિમુનિજી મહારાજ દ્વારા મલી છે તેથી એમનો આભાર માનીને વિરમું છું. —સંપાદક.

આજ અનંતા ભવતણાં, કીધાં અતિક્રમણાં રે [1]મઝ એહજિ ટેવ તુ;
પાપ આલોઉં આપણાં, સુણિ સમરથ રે સીમંધર દેવ તુ. ૧
છોડિ સીમંધર સામીઆ, કાંઈ વીનતી રે કરું [2]બે કર જોડિ તુ;
ખોડિ નહિ કહિતાં ખરુ, [3]ભમિઉ ભવતણી રે કહું કેતલી કોડિ તુ. ૨ છોડિ
છોડિ સીમંધર સ્વામીઆ, આલોયણ રે બોલૂં [4]બે કર જોડિ તુ;
છોડિ કૃપા કરી માહરી, મોરાં કર્મનાં રે બહુ બંધન [5]મોડિ તુ. ૩ છોડિ
સામી! ભમિઅ ભમિઅ ભવ ભિસનઉ; સામી! હું ભમિઉ રે ગતિ ચ્યારિ મઝારિ તુ;
ચઊદહ રાજ [6]મઈ ફરસીઆં, સુખ તરસીઆં રે દુખ [7]એતલુ સાર તુ. ૪ છોડિ
મિથ્યામતિ મનિ આણતુ, નવિ જાણતુ રે કાંઇ ધરમ વિચાર તુ;
સદગુરુ ભેટિ ભલી હૂઇ, એ[8]તુ પામીઉ રે જિનશાસન સાર તુ. ૫ છોડિ
સામી! આઠઈ માતર આદરું, ખરું સમકિત રે ધરું ધર્મનઉં ધ્યાન તુ;
શત્રુ ન કો મનિ માહરઇ, જગિજીવહા રે મોરઇ મિત્ર સમાન તુ. ૬ છોડિ
સામી! [9]સૂધા વ્રત નવિ સાધીયાં, શ્રાવકતણાં રે જે બોલીઆં બાર તુ;
[10]કંદ ન મૂલ ન ટાલીયાં, [11]વટાલીઆ રે આજ અંગ અપાર તુ. ૭ છોડિ

---

૧ મુઝ૦ કાં. ક. પૂ. । ૨ બિહુ૦ કાં. ૧ । ૩ ભમિઉ ભવતણી રે ગતિ કેતલી કોડિ તુ૦ કાં. ૧ । ૪ બિહિ૦ કાં. ૧ । ૫ ત્રોડિ તુ૦ કાં. ૧ મુ. । ૬ મિં૦ કાં. ૨ વી. । ૭ એતલઈ૦ કાં. ૨ । ૮ મિં૦ કાં. ૪ વી. । ૯ સધલાં૦ કાં. ૩. વી. મુ. । ૧૦ કંદમૂલ નવિ૦ કાં. ક. પૂ. વી. મુ. । ૧૧ વિટાલિયાં૦ કાં. ક. પૂ. ।

સામી ! દેવ ન ગુરૂ નવિ ઓલખિઆ, [12]નવિ માણીઉ રે દયાધર્મનઉ ભાવ તુ;
વળી વિકર્મ કીયાં ઘણાં, [13]હસિઆં આપણાં રે કહું કેટલા મર્મ તુ. ૮ છોડિ
સામી ! કરસણ ખેત્ર ખેડાવીઆં, ખણાવીઆ રે ઘણા કૂઅ તલાવ તુ;
[14]દ્રહ કોડિયાં સોસાવીયાં, ખિણિ નાવીઉ રે દયાધર્મનઉ ભાવ તુ. ૯ છોડિ
સામી ! [15]મઇ નિસિભોજન કરી, નવિ પરહરિઉ રે વલી અણગલ નીર તુ;
ચીર પખાલિઆં તે વુઈસિઉ, [16]હસિઉ નાવીઉ રે દયાધર્મનઉ હીર તુ. ૧૦ છોડિ
સામી ! દેખતાં દવ લગાડીયાં, ઊજાડીઆં રે [17]પર નયરની સીમ તુ;
કીધલાં પાપ [18]પરાંચીઆ, [19]હસિઆં સંચીઆં રે કહુ કીજસિ કીમ તુ. ૧૧ છોડિ
પહિલઉ પાણીહારડઇ, નવિ બાંધીઉ રે બીજઉ ખંડણ ઠાઇ તુ;
ત્રીજઉ નઇ પેખી પીસણઇ, [20]ચઉથુ ચંદ્રઉ રે વલી ચૂહલઈ બાંધિ તુ. ૧૨ છોડિ
ભોજનિ ભલઉ અતિ પાંચમુ, છઠઉ ચંદ્રઉ રે [21]વલી છાસિનઇં ઠામિ તુ;
સાતમુ વલી અ સંઝેરણઇ (?), ઈ સિઉ આઠમુ રે સૂઆ સેજ વખાણિ તુ. ૧૩ છોડિ
[નુમો તે દેહાસર ભલો, દસમઉ ચંદ્રઉ રે સામાઇક ઠામિ તુ;
જીવદયાનિ કારિણે, એહવા ચંદૂઆ રે નવિ કીધલા સામિ ! તુ છોડિ]
સામી ! મઇ કણ અણસોઝિયા દલિયા, [22]ઈગુઇં ખંડણિ રે નવિ જોઈઆ જંત તુ;
સારવણે જીવ સારવિઆ, ઇણુઇં ઇંધણિ રે હણિયા જીવ અનંત તુ. ૧૪ છોડિ
સામી ! નીર ગલી ન જાણીઉં, નવિ આણીઉં રે ગલણું ઘરિ સાર તુ;
પાર નહિ પાતિગ તણઉ, ઘણું બોલીઉં રે સુણિ થાઅવિચર તુ. ૧૫ છોડિ
[23]તાણુ નઇં અંગુલ ત્રીસનઉં, પહુલપણિ રે વલી આંગલ વીસ તુ;
સોઈ ગલણુ બિમરું કરી, જલ નવિ ગલિઉં રે જવ ઊગતઈ દીસિ તુ. ૧૬ છોડિ
સામી ! પાલર વાકલ મેલીઆં, મઇં તુ ભેલીઆં રે ભાંભલા તોય તુ;
સોઇ સંખારૂ ઉલટઇ, [24]તીહં સદગતિ રે કિમ દૂકડી હોઇ તુ. ૧૭ છોડિ
સામી ! ઘણું અથાણું અલજ્યુ, ઇણુઇં જીવડઇં રે કીધાં ભક્ષ અભક્ષ તુ;
લાખ ચઉરાસી હું ભમિઉ, હવઇ મનિ ધરી રે તું પરતકિખ તુ. ૧૮ છોડિ
નિસુંણિ જ્ઞાન વિરાધીઆં, નવિ સાધીયા રે સદગુરૂ તણા બોલ તુ;
વિધિ કરી દેવ ન પૂજીઆ, નવિ પાલીઆ રે ખરા ધર્મ નિટોલ તુ. ૧૯ છોડિ

---

૧૨ નવિ આવીઉ રે ક્ષણ ધર્મનુ ભાવતુ૦ કો. ૩. મુ. પુ. । ૧૩ ઇસ્યાં૦ કો. ૧, અસો-હામણાં રે અસ્યાં કેટલા નામ૦ કો. ૧ । ૧૪ દ્રહ નદી નીર સોસાવીઆં૦ વી. । ૧૫ મિ નિસિ-ભોજન રસિ કર્યાં૦ વી. કો. ૩. પુ. । ૧૬ કીસુ દયાનુ રે હદય નાવીઉં હીર તુ૦ કો. ૧ । ૧૭ પુર૦ કો. ૩. વી. મુ. પુ. । ૧૮ પરાંછિઆં૦ કો. ૩. પુ. । ૧૯ અસ્યાં પ્રણાં રે કર્મ કોછીસિઇ કીમ તુ૦ કો. ૧ । ૨૦ ચઉથઉ ચંદૂઉ રે ચૂહલાં અંગિ બંધાય તુ૦ કો. ૩. મુ. વી. પુ. । ૨૧ અનછાસિનઈ ઠામિ તુ૦ વી. મુ. । ૨૨ વલી ખાંડણે રે નવિ જોઇયા પ્રાન તો૦ કો. ૧ । ૨૩ લાંબુ૦ કો. ૧ । ૨૪ તેણઇ૦ કો. ૩. પુ. વી. ।

સામી ! કુતિગ દેખી કારિમા, પરથાસનિ રે હું તો લોલવિઉ ભૂર તુ;
કૂર છાંડિ બાજરિ વસિઉ, નવિ પામીઉ રે પ્રભુ પુન્ય અંકૂર તુ. ૨૦ છોડિ
માયા માંહિ મિત્રચિઉં, [25]મઇં તુ યંત્રસિઉં રે પીલ્યાં જીવ અનંત તુ;
[26]ભાર ઘણુ અતિ પીડીઉ, ક્રોધિ હણિઉ રે બઇલ તુરંગ તુ. ૨૧ છોડિ
સામી ! બાલક માઈ વિછોહીઆં, વલી વાછડૂ રે નવિ મેલીઆ માઈ તુ;
પસૂઆં પરાણિ બાંધીઆ, અપરાધીઆ રે વિણુ ઘાલીઆ ઘાઉ તુ. ૨૨ છોડિ
સામી ! રોસ ભરિયાં હું તઉ રણિ ચડિઉ, મઈં વાહી છઈ રે હથિઆરની ધાર તુ;
વાર ન લાગી વેગલઇ, મઈં તુ કીધલાં રે બહુ કર્મ અપાર તુ ૨૩ છોડિ
સામી ! [27]પંખધરિઆ થઈ પારધી, હણ્યા હરણલા રે વલી વાગરૂ જીવ તુ;
પાંજરિ પોપટ પોષીઆં, સહિ સૂઅડલા રે રડતલા રીવ તુ. ૨૪ છોડિ
સામી ! સાત વ્યસન મઈં પોષીઆં, દેવ ! દોષીઆ રે ધૂરિ ધરમનાં ઠામ તુ;
કામ કીધાં કામીતણાં, [28]દેવ ! દુરગતિ રે પ્રભુ પડતલા રાખિ તુ. ૨૫ છોડિ
સામી ! જૂઅ રમિઉ જઈ જૂવટઈ, મઈં તુ હારિઉ રે વલી અરથભંડાર તુ,
[29]વેશ્યાઘરિ વાસિ વસિઉ, [30]ખિણ નાવિઉ રે દયાધર્મનઉ ભાવ તુ. ૨૬ છોડિ
સામી ! લોભ લગઇ પરધન લીઉં, [31]મઇં તુ કીધલઉ રે થિરથંપણિમોસ તુ;
જોશ જોઈ કૂડઉ ઘણુઉ, વિણુ દોષીઆં રે વલી દીધલઉ દોષ તુ ૨૭ છોડિ

માન ઘણું મનિ આણતુ, નવિ માનીઆં રે ગુરુ માય નઈ બાપ તુ;
દેવ નઈ દરસણિ પીજતુ, નવિ કીજતુ રે કોઈ ધરમઉપાય તુ. ૨૮ છોડિ
સામી ! મસ્તકિ કાંકસા વાહિઆ, વીસઇં વિસા રે મસા માંકણુ લીખ તુ;
જૂઅ જીવાળેનિ દૂહવી, તીણુઈં ભવિ ભવિ રે મઝ લાગીછઇ સીખ તુ. ૨૯ છોડિ
સામી ! ગામ મહાતી હું થયું, બઇઠઉ માંડવી રે લેઈ નગર તલાટ તુ;
વાટ ન વાહી ધર્મની, [32]લેવા ભણી રે મોટા મંદિર હાટ તુ. ૩૦ છોડિ
સામી ! ઊઠવલાં નિતુ આકરાં, કરાવીઆં રે પસૂ પીડીઆં બાલ તુ;
સાંઠસે માંઠ (માંસ ?) ત્રોઠાવીઆ, મરાવીઆ રે બઇઠઉ થઇ વિકરાલ તુ. ૩૧ છોડિ
સામી ! વિણજ કીઆ મઈં વિષતણાં, મઈં તુ વહુરીઆં રે મધુ માખણુ મીણ તુ;
વાગુરીની વઉહરાવીઆ, તીણુઈં કેતલા રે ભવ હું થયુ હીણ તુ. ૩૨ છોડિ
સામી ! ધન ભણી ધાતુ ધમ્યું, કીધાં વસ્તુનાં રે ભલાં ભેલ સંભેલ તુ;
પાપ કુટંબ મઈં પોસીઆં, ધૃત અવગણિ રે મઈં તુ આહરિઉં તેલ તુ. ૩૩ છોડિ

---

૨૫ મઈં તાં યંત્રસિઉ રે પીલ્યા જીવના અંગ તુ. કાં. ક. વી. સુ. પ્ર. । ૨૬ બાર ઘણુઈ ઘણુ પીડિઆં. કાં. ક, બાર ઘણુઈ આરોપીઆ૦ વી. । ૨૭ પંખ ધરીઅ. પરાધીઆ૦ કાં. ૧ । ૨૮ હવિસ્યાં ઘણા રે લીજઈ લાજતાં નામ તુ૦ કાં. ક. સુ. વી. । ૨૯ વેશ્યાઘરિ કાં. ૧ । ૩૦ મુઝ નાવિઉ રે મનિ વિનય વિચાર તુ૦ કાં. ૨ વી. । ૩૧ કીધાં પાતિક રે થિર થાપિણુ મોસ તુ૦ કાં. ક. વી. પ્ર. । ૩૨ મંડાવીઆ રે મોટા૦ કાં. ક. પ્ર. ।

કોડિ જમે કૂડાં હણ્યાં, મઇં તુ ઉલવી રે કીધાં કેટલાં પાપ તુ;
આપ વખાણી થિઉ ભલઉ, લેવા ભણી રે ઘડિયાં નવ નવાં માપ તુ. ૩૪ છોડિ

સામી ! સાટઇં લાંચ લીધી ઘણી, ભલાં સાંભલી રે ભરી કુડી છઇં સાખિ તુ;
લેખ લખિઉ કુડઉ ઘણુઉં, [33]દેવ ! દોષીઆ રે વિણુ દીધલઉ દોસ તુ. ૩૫ છોડિ

સામી ! ઇંટ આરંભ કરાવીઆ, પચાવીઆ રે વલી નયરિ નીમાહ તુ;
[34]પરગટ પસૂઅ મરાવીઆ, ભવ હારીઉ રે દેવ ! હઇઅડલઇ હાણિ તુ. ૩૬ છોડિ

સામી ! વનમાંહિ રિખિ સંતાપીઆ, પ્રભુ ફોડી અછઇ સરોવર તણી પાલિ તુ;
ડાલ મોડિ તરૂઅર તણી, ઘણી નગરની રે મંઇં તુ દીધીછઇ આલિ તુ. ૩૭ છોડિ

સામી ! કામ અંબાલ કરાવીઆં, હલ ખાડલાં રે દંતાલ વિશાલ તુ;
લોભિઇં લોહ પઠાવીઆં, [35]ઇમ પુણ્યની રે પ્રભુ મઇં કરા હાણી તુ. ૩૮ છોડિ

સામી ! વૃક્ષ વિશેષ કપાવીઆ, ઇમ ખાંતસિઉં રે ખોદાવી છઇ ખાણિ તુ;
વીંજણે વાય વીજાવીઆ, ઇમ પુણ્યની રે પ્રભુ મઇં કરી હાણિ તુ. ૩૯ છોડિ

સામી ! લહુડપણઇ હાહૂ કરી, મઇં બોલીઉં રે બોલ અખંડ તુ;
[36]રઢ તણુઇ રસિ મહહ્યાં, મઇં આલીક રે દીવાણિ જ દંડ તુ. ૪૦ છોડિ

સાતઇ ક્ષેત્ર ન સાચવ્યાં, [37]એતુ નિરમલાં રે નવિ દીધલાં દાન તુ;
સીલ ન પાલ્યાં સાચિલાં, તપ નવિ તપિઉ રે નાવિઉં સૂધલું ગ્યાન તુ. ૪૧ છોડિ

સામી ! [38]ચોરી નઇં ચાડી કરી, નવિ સીખીઉ રે કાંઇ સંતનઉ માગ તુ;
રાગ ન આવિઉં ધર્મનું, સેત્રુંજા ભણી રે નવિ કીધલા પાગ તુ. ૪૨ છોડિ

પાંચે ઇંદ્રી લોલવિઉ, હું તુ રોલવિઉ રે સંસાર મઝારિ તુ;
મંદિર માયા જાલિ પડિઉં, ત્રિભુવનપતી ! રે મૂંહનઇં પાર ઉતારિ તુ. ૪૩ છોડિ

આલોઅણ કેતી કહૂં, મઝ લાગાં છઇ રે જિન ! કર્મ અનંત તુ;
[39]કહેતાં પાર ન પ્રામીઇ, તું તુ જગપતિ ! રે જાણુઇ જયવંત તુ. ૪૪ છોડિ

સંવત પનર બાસઠઇ, આદીસર રે અલવેસર સાખિ તુ;
વામજ માંહે વીનવઉં, સીમંધર રે દેવ હરિસણુ દાખિ તુ. ૪૫ છોડિ

અમિઅ કરિઉ આણુંદ ભરિઉ, આજ મઇં કરિઉ રે પોતઇ સુકૃતભંડાર તુ;
[40]ભવભયસાગર ઉતરિઉ, ચિંતિ લાધઉ રે જિણુ સુગતિ દાતાર તુ. ૪૬ છોડિ

---

૩૩ હવિ દૂર્ગતિ રે પ્રભુ પડતલા રાખ તુ૦ કાં. ૩. વી. પુ. । ૩૪ પરગટ પસૂઅ સમરાવીઆં, ભવ હારિઆ રે હિવઇ થયુ અનાહ તુ૦ કાં. ૩. વી. પુ. । ૩૫ કરી ધાતુની રે મિ તુ વાતડી આસ તુ૦ કાં. ૩. વી. । ૩૬ રંડ ભણુઇ૦ કાં. ૧. વી. । ૩૭ નવિ સીંચીઉ રે કાંઇ સત્યનુ માગ તુ૦ કાં. ૨ । ૩૮ ચતુર૦ કાં. ૩ । ૩૯ કહેતાં અનંત ન પામીઇ૦ કાં. વી. । ૪૦ ભવસાગર સુખિ ઉતરિઉ૦ કાં. ૨. વી. ।

સામી ! નામિઈં હું નિરમલ થયું, મજ ભવ ગયું રે પાતગ તણુઈ હરિ તુ
મુનિ લાવણ્યસમઈ ભણુઈ, નિતુ વાંછિયિઈં રે પ્રભુ આણુંદપૂરી તુ. ૪૭ છોડિ

॥ શ્રી સીમંધર સ્વાધ્યાય ॥

॥ શુભ ભવતુ શ્રી સંઘસ્ય ॥

ક્ષેપક ગાથાઓ

ગાથા ૧૭ પછી— [કા. ૩ મુજબ]

ગલણું સાત જિનવર કહિયાં, પહિલું ગલણું રે મેંઠા જલતણું જાણિ તો;
બીજુ ખારા જલતણું, આછણુતણું રે વલી ત્રીજલું આણી તો. છો૦
ચઉથું ઘી, તેલ પાંચમું, છઠુ ગલણું રે છાસિનું શાસ્ત્રપ્રમાણુ તો;
સાતમું આદા ચાલણુ કેરું, એહવી જયણા રે નવિ પાલીઅ સાંમિ તો; છો૦

ગાથા ૧૮ પછી— [કાં. ૧ મુજબ]

છાંણુ સવારે મેલીયાં, એ તો થાપીઆં રે વલી ગોલ વીચાલ તો;
વલી વલી કર્મ કીધાં ઘણાં, તિણે હું પીડચો રે પ્રભુ પાસ પેયાલ તો;છોડિ.

ગાથા ૩૦ પછી— [કાં. ૧ મુજબ]

કોટવાલ નીત આકરાં, કરાવ્યાં રે પસૂ પાડા બાલ તો;
સાંડસેસું માંસ તોડાવીઆ, ધર્યાં ધ્યાન રુદ્ર અપાર તો. છોડિ.

ગાથા ૩૦ પછી— [કાં. ૨ મુજબ]

વિણુજ કર્યા બહૂ બાદલા, રસકસ તણા રે કર્યા કણુ વેપાર તો;
લાખ કસુંભડે મહૂઅડાં, નિમ રૂઅડાં રે વલી ઓષધ સાર તો.
ચોરતણી સંગતિ, વલી વુહરી રે સબલ તેહની વસ્તુ તો;
સંબલ કરી તસ આપીઉં, એહવાં પ્રભુ રે કર્યાં કોડિ પ્રપંચ તો.

ગાથા ૪૦ પછી— [કાં. ૧ મુજબ]

કુંલા ગર્ભ ગલાવીઆ, બલાવીયા રે વલી ચારની ગુંજ્મ તો;
ધાંખનાં આવી ધર્મની, પ્રભુ મેં કીયા રે વલી પાપના પૂંજ્મ તો

ગાથા ૪૪ પછી— [કાં. ૧ મુજબ]

એમ કર્મ કીધાં ઘણાં, તે કહેતાં રે નવી આવે પાર તો;
તુમ દરીસણું હૂં આવીયો, સ્વામિ હવિં રે મુઝનિં તાર તો.
આણુંદભયો અમીઝરો, આજ મિં કર્યો રે પોતે સુકૃતભંડાર તો;
ભવસાગરથી ઉતર્યો, જો મીત ધર્યો રે મુગતી દાતાર તો.

ગાથા ૪૫ પછી— [કાં. ૧ મુજબ]

વાર વાર તુમ્હ વીનવું, મિ તો ભોઇયા રે કીધાં કર્મ અનંત તો;
તેણુ લખમે લખ સાહિયા, ભેટ તુમ્હ વિન રે ભવ ગયા અનંત તો.
તુમ્હ સેવા વિણુ જીવડે, કિહાં સુખ નવિ દેખ રે ખિણુ એકઇ દેવ તો;
કર્મ યોગે હવે તુમ મિલ્યા, મનોરથ સે ફલ્યા રે દુઃખ નાઠા દૂરિ તો. ૫૧

ગાથા ૪૪ પછી— [કાં. ૧ મુજબ]

ઇણુપરિ પાપ આલોઇયાં, જે અનુભવ્યા રે વલી જીવ અનંત તો;
આ જોઇને જિન છોડવે, ઈસ્યાં ભુલવે રે જિન જીવ અનંત તો.

કઠિન શબ્દો

ખોડિ	ખોડ, ભૂલ, ખામી	ગા. ૨	વાકલ	વેકળાનું પાણી (?)	ગા. ૧૭
મોડિ	ભાંગી નાખવું, મોડી નાખવું	,, ૩	ઝાંભલા	ખારાશ પડતું પાણી	,, ૧૭
ભવઉસનઉ	ભવઅવસન્ન,ભવથીકંટાળેલો	,, ૪	તીહં	ત્યાં	,, ૧૭
ચઊદઇ	ચૌદે	,, ૪	અલજયુ	અભિલાષવાળો	,, ૧૮
સુધા	શુદ્ધ	,, ૭	પરતખિ	પ્રત્યક્ષ	,, ૧૮
ઇસિઆં	આવાં	,, ૮	નિટોલ	નક્કી	,, ૧૯
કરસણુ ખેત્ર	વાવેલું ક્ષેત્ર	,, ૯	કુતિગ	કૌતુક	,, ૨૦
કૂઅ	કૂપ-કૂવો	,, ૯	બઇલ	બેલ, બળદ	,, ૨૧
ખિણિ	ક્ષણુ માત્ર	,, ૯	વિછોહીઆં	જુદાંપાડયાં	,, ૨૨
ત્રુઇસઉં	નદીમાં	,, ૧૦	માઇ	માતા	,, ૨૨
ઊજાડીઆં	ઉજ્જડ કર્યાં	,, ૧૧	પરાણિ	પરાણે, જબરજસ્તીથી	,, ૨૨
પરીંચીયા (?)		,, ૧૧	ઘાઉ	ઘાત, પ્રહાર	,, ૨૨
પાણીહારડઇ	પાણીયારા ઉપર	,, ૧૨	હું તઉ	હું તો	,, ૨૩
ખંડણુ ઠાઇ	ખાંડવાને સ્થાને	,, ૧૨	પખધરિઆ	પંખી	,, ૨૪
પીસણઇ	પીસવાની જગ્યાએ	,, ૧૨	સુઅડલા સુડો, સૂડલો, એકજાતનો પોપટ		૨૪
ચૂહલઇ	ચૂલા ઉપર	,, ૧૨	ચંપણિ	ચાંપણુ	,, ૨૭
છાસિનઇંઠામિ	છાશવલોવવાનીજગ્યાએ	,, ૧૩	મોસ	અપલાપ, ઇનકાર	,, ૨૭
સંઝેરણુઇ (?)		,, ૧૩	ઊઢવલા (?)		,, ૩૧
સૂઆ સેજ	શયનસ્થાન	,, ૧૩	ઊલવી	અપલાપ, પચાવી પાડવી	,, ૩૪
અણુસોહિયા	અણુશોધ્યા	,, ૧૪	સાટઈ	સાટે, બદલામાં	,, ૩૫
જંત	જંતુ, જીવ	,, ૧૪	હઇઅડલઇ	હૃદયમાં	,, ૩૬
સારવણુ	સાવરણી	,, ૧૪	ખંતિસિઉં	ખંતથી	,, ૩૯
સારવિઆ	સાફ કર્યા	,, ૧૪	લહુડપણઇ	નાનપણુમાં	,, ૩૯
પહુલપણિ	પહોળાઈમાં	,, ૧૬	અભંડ	નહિ ભાંડવા યોગ્ય	,, ૪૦
બિસરું કરી	બેગડું કરી	,, ૧૬	રહતણઇ	લગનીના, ચડસના	,, ૪૦
દીહિ	દિવસમાં	,, ૧૬	પાગ	પગલાં, યાત્રા	,, ૪૨
પાલર	વરસાદનું પાણી	,, ૧૭	રોલવિઉ	રખડયો	,, ૪૩

આગમોના બાલાવબોધ

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

જન્મ—સમય સમયની બલિહારી છે. એક સમયે જે ભાષા સુગમ જણાતી હોય તે કાલાન્તરે દુર્ગમ જણાય છે. જૈન આગમો સંસ્કૃત ભાષા કરતાં સરળ અને સુગમ એવી અદ્ધમાગધી ભાષામાં રચાયા છે. આ ભાષાનો અભ્યાસ ઘટતો ગયો અને સંસ્કૃત તરફનો પક્ષપાત વધતો ગયો ત્યારે આ આગમ ઉપર જઈણ મરહઠ્ઠી (જૈન માહરાષ્ટ્રી)માં વિવરણો ન રચાતાં સંસ્કૃત વૃત્તિઓ રચાવા માંડી. વખત જતાં સંસ્કૃતનું જ્ઞાન પરિમિત બન્યું એટલે ગુજરાતી ભાષામાં આગમો સમજાવવાનું કાર્ય હાથ ધરાયું. આમ ગુજરાતી બાલાવબોધનો જન્મ થયો.

અર્થ—બાલાવબોધ એટલે બાળકોને—સંસ્કૃત જેવી પ્રૌઢ ભાષાથી અપરિચિત જનોને પ્રચલિત લોકભાષા દ્વારા કરાવાતું જ્ઞાન. આને 'ટબ્બો' પણ કહે છે. 'ટબ્બો' એ અર્થમાં ટબો, ટબુ, ટબંક, ટબાર્થ, સ્તબ્બક, સ્તબુક, સ્તબુકાર્થ ઇત્યાદિ શબ્દો વપરાય છે. આની વ્યુત્પત્તિ દર્શાવવાના હેતુથી મેં "ગુજરાતી" (સાપ્તાહિક) ના તા. ૨૭-૭-૪૧ ના અંકમાં "ટબો અને એનાં સગાંવહાલાં" એ નામનો લેખ લખ્યો હતો.

મહત્ત્વ—બાલાવબોધ એ ગદ્યાત્મક લખાણ છે, અને એથી એક રીતે એનું મહત્ત્વ અધિક છે. ગુજરાતી સાહિત્યમાં જેટલા પ્રમાણમાં પદ્યાત્મક કૃતિઓ છે તેના હિસાબે ગદ્યાત્મક કૃતિઓ ઘણી ઓછી છે. બાલાવબોધ જૂની ગુજરાતી ભાષાનું સ્વરૂપ સમજવા માટે પણ ઉપયોગી છે.[1] આમ બાલાવબોધનું મહત્ત્વ હોવાથી જે જે ભિન્ન ભિન્ન ગ્રન્થો ઉપર અને ખાસ કરીને આગમો ઉપર બાલાવબોધ મળે છે તે સમીક્ષાત્મક પદ્ધતિએ છપાવવા જોઈએ. આ બાલાવબોધ સંસ્કૃત અવચૂરિ–અવચૂર્ણિની ગરજ સારે છે. એ મૂળનો અર્થ સમજવામાં સુગમતા કરી આપે છે. આ બાલાવબોધો કંઈ લંબાણથી વિવેચન નથી, પણ સંક્ષેપમાં અર્થ રજૂ કરનાર વિશિષ્ટ સાધન છે.

સૂચિ—જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૩, ખંડ ૨, પૃ. ૧૭૯૦–૧૭૯૭)માં જૈનોને હાથે રચાયેલા બાલાવબોધોની–વિવરણાત્મક ગદ્ય–કૃતિઓની નોંધ છે. આમાં કેવળ જૈન ગ્રન્થોને અંગે જ બાલાવબોધ નોંધાયા છે એમ નથી, પણ ભગવદ્ગીતા જેવી અજૈન કૃતિના બાલાવબોધ વિષે પણ નિર્દેશ છે. વિશેષમાં આગમો સિવાયની જૈન કૃતિઓને લગતા બાલાવબોધનો પણ ઉલ્લેખ છે. પરંતુ અહીં તો કેવળ આગમોના બાલાવબોધ વિષે હું વિચાર કરવા ઇચ્છું છું, અને તેમ કરવા માટે મુખ્યતયા ઉપર્યુક્ત કૃતિનો ઉપયોગ કરું છું.

૧ **અંતગડદસા**— (અન્તકૃદ્દશા)—આ આઠમા અંગના ઉપરનો ટબ્બો (સ્તબુ-

---

૧ "આપણા કવિઓ" (ખંડ ૧, પૃ. ૨૫૩) માં કહ્યું છે કે "પદ્યમાં તો જૂનાં શબ્દસ્વરૂપોને જાણે અજાણે સાચવી રાખવાનો પ્રયત્ન હોય છે, પદ્યને પ્રૌઢ બનાવવા સાહિત્યકીય ભાષાનાં રૂઢ રૂપો સાચવવાનો પ્રયત્ન હોય છે, અને ગદ્યકથાઓ કે એવું વિશિષ્ટ કાવ્યમય ગદ્ય લખાયું હોય તો તેમાંયે તેવું પ્રૌઢ ગદ્ય સાચવવાનો પ્રયત્ન થયો હોય છે, પણ માત્ર સમજૂતી ખાતર લખવામાં આવેલાં ટીકા–ટિપ્પણમાં તો માનવમુખમાં બોલાતું ભાષાસ્વરૂપ નીકળી આવે તે વધુ સંભવિત છે..."

કાર્ય) ભાવવિજયગણિના શિષ્ય રામવિજયે દ્વીપ બંદરમાં વિ. સં. ૧૭૬૫માં લખ્યો છે, પણ આ ટબ્બાના કર્તાનું નામ જાણવામાં નથી.

૨ **અણુઓગદ્દાર** (અનુયોગદ્વાર)—આ એક ચૂલિયાસુત્ત ઉપર વિક્રમની ૧૯મી સદીમાં-ઈ. સ. ૧૮૧૩–૪ માં એક બાલાવબોધ લખાયો છે. એક વિ. સં. ૧૮૭૮માં લખાયો છે. આ બંને કૃતિ ભિન્ન ભિન્ન હો કે ન હો, પણ એના કર્તાનું નામ જાણવામાં નથી. શોભા ઋષિના શિષ્ય મોહને બાલા૦ રચ્યો છે. એ આ આગમ અને હેમચન્દ્રસૂરિકૃત વૃત્તિ સહિત ધનપતસિંહ તરફથી છપાવાયો છે.

૩ **અણુત્તરોવવાઇયદસા** (અનુત્તરૌપપાતિકદશા)—આ નવમા અંગ ઉપર એક બાલાવબોધ વિ. સં. ૧૭૨૬માં લખાયો છે. એક બાલાવબોધ રત્નવિજયગણિના હાથે વિ. સં. ૧૭૩૧માં, એક કોઈકને હાથે વિ. સં. ૧૮૦૨માં, એક વિ. સં. ૧૮૨૨માં અને એક વિ. સં. ૧૮૪૮માં લખાયેલ છે. આ તમામના કર્તા વિષે આપણે અજ્ઞાત છીએ. વિશેષમાં આ બધા બાલાવબોધ ભિન્ન ભિન્ન કૃતિ છે કે કેમ તે પણ જાણવું બાકી રહે છે. આ આગમ અભયદેવસૂરિકૃત ટીકા, ઋષિ કૃષ્ણલાલના સંસ્કૃત અનુવાદ અને એમણે રચેલા બાલા૦ સહિત ધનપતસિંહ બહાદુર તરફથી છપાવાયાં છે.

૪ **આઉરપચ્ચક્ખાણ** (આતુરપ્રત્યાખ્યાન)—જાદવ મુનિએ આ પઇણ્ણગ ઉપર વિ. સં. ૧૬૫૫માં બાલા૦ લખ્યો છે, પણ એના કર્તાના નામની ખબર નથી.

૫ **આયાર** (આચાર)—બૃહત્તપા નાગોરી તપાગચ્છના સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રે આ પ્રથમ અંગ ઉપર વિક્રમની સોળમી સદીમાં બાલા૦ રચ્યો છે. આ બાલા૦ શીલાંકસૂરિકૃત ટીકા, જિનહંસસૂરિની દીપિકા તેમજ મૂળ આચાર સહિત ધનપતિસિંહ તરફથી છપાયેલો છે.

૬ **આવસ્સય** (આવશ્યક) આ મૂલસુત્તને ષડાવશ્યક પણ કહે છે. એના ઉપર તરુણપ્રભસૂરિએ વિ. સં. ૧૪૧૧ (શશિશિવેન્દુ)માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૪૮૫ માં 'ઉપદેશમાલા' નો બાલા૦ રચનારા સોમસુન્દરસૂરિએ પણ ષડાવશ્યક ઉપર બાલા૦ રચ્યો છે. આ આગમ ઉપર હેમહંસગણિએ વિ. સં. ૧૫૦૧માં, ખરતર ગચ્છના મેરુસુન્દરગણિએ તરુણપ્રભકૃત બાલા૦ ના અનુસારે વિ સં. ૧૫૨૫માં, જયકેશરિસૂરિના શિષ્ય મહિમાસાગરે વિક્રમની સોળમી સદીમાં, મુનિપ્રભસૂરિના શિષ્ય હૃદયધવલે પણ આ સદીમાં, અને ઉત્તરજ્ઝયણ ઉપર બાલા૦ રચનારા સમરચન્દ્રે આ સદીના અંતમાં અને એની પછીની (સત્તરમી) સદીના પ્રારંભમાં એકેક બાલા૦ રચ્યો છે. વળી વિ. સં. ૧૭૫૧માં દિવાળીના દિવસે અહીં (સુરતમાં) જશવિજયના શિષ્ય જિનવિજયે અને વિ. સં. ૧૭૯૦માં સમયસુન્દરે આ આગમ ઉપર એકેક બાલા૦ રચ્યો છે.

વિશેષમાં વિ. સં. ૧૫૧૫માં, વિ. સં. ૧૫૮૩માં, વિ. સં. ૧૫૯૬માં, વિ. સં. ૧૬૦૮માં, વિ. સં. ૧૬૩૦માં, વિ. સં. ૧૭૧૨માં, વિ. સં. ૧૭૫૦માં, વિ. સં. ૧૮૪૯માં અને વિ. સં. ૧૮૮૬માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૭ **ઉત્તરજ્ઝયણ** (ઉત્તરાધ્યયન)—શ્રવણ ઋષિના શિષ્ય મેઘરાજ કે જેમણે વિ. સં. ૧૬૬૯માં સાધુ સામાચારી રચી છે તેમણે આ મૂલસુત્ત ઉપર બાલા૦ રચ્યો છે. વિક્રમની સોળમી સદીમાં થઈ ગયેલા પાર્શ્વચન્દ્રસૂરિના શિષ્ય સમરચન્દ્રે આ આગમ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૭૪ અને ૧૬૯૪ના ગાળામાં અભયસુન્દરગણિના શિષ્ય

કમલલાભે પણ એક બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૨૦માં, વિ. સં. ૧૬૫૩ (સંવત્ અલાઈ ૪૧ વર્ષ)માં, વિ. સં. ૧૬૬૯માં (સ્તબક), વિ. સં. ૧૬૭૬માં (સ્તબક), વિ. સં. ૧૬૯૨માં, વિ સં. ૧૬૯૪માં. વિ. સં. ૧૭૦૫માં, વિ. સં. ૧૭૨૪માં અને વિ. સં. ૧૭૩૬માં અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયા છે. તપાગચ્છના શાન્તિવિજયના શિષ્ય માનવિજયે વિ. સં. ૧૭૪૧ (સંયમવેદેન્દુ)માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૫૪માં, વિ. સં. ૧૭૬૩માં, વિ. સં. ૧૭૬૪માં, વિ. સં. ૧૭૭૨માં, વિ. સં. ૧૭૭૬માં, વિ. સં. ૧૭૮૪માં, વિ. સં. ૧૭૯૦માં, વિ. સં. ૧૭૯૨માં અને વિ. સં. ૧૯૦૨માં (સ્તબક) બાલા૦ લખાયા છે, પણ એ તમામ અજ્ઞાતકર્તૃક છે.

૮ ઉવાસગદસા (ઉપાસકદશા)—આ સાતમા અંગ ઉપર કોઈકે વિ. સં. ૧૬૧૦માં બાલા૦ લખ્યો છે. એના કર્તાનું નામ જાણવામાં નથી. ખરતરગચ્છના જિનચન્દ્રસૂરિના શિષ્ય વાદી હર્ષવલ્લભે વિ. સં. ૧૬૯૨માં બાલા૦ (ટબાર્થ) રચ્યો છે. વિ. સં. ૧૭૦૨માં, વિ. સં. ૧૭૧૨માં, વિ. સં. ૧૭૬૧માં (સ્તબક) અને વિ. સં. ૧૮૫૯માં મેદિનીપુરમાં પં. કલ્યાણલબ્ધિ (કલ્યાણસાગર)ના શિષ્ય દેવેન્દ્રલબ્ધિ (દેવેન્દ્રસાગર)ને હાથે બાલા૦ લખાયા છે. પણ એમાંથી એમના કર્તાનું નામ જાણવામાં નથી.

૯ ઓવવાઇય (ઔપપાતિક) શ્રવણના શિષ્ય મેઘરાજે આ પહેલા ગણાતા ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે લોંકાગચ્છના અમૃતચન્દ્રસૂરિએ બાલા૦ રચ્યો છે અને એ મૂળ તેમજ અભયદેવસૂરિકૃત ટીકા સહિત ધનપતિસિંહે છપાવ્યો છે વિશેષમાં વિ. સં. ૧૮૧૧માં અને વિ. સં. ૧૮૨૫માં કોઈકે બાલા૦ લખેલ છે.

૧૦ ચઉસરણ (ચતુઃશરણ)—આ પઇણ્ણ ઉપર લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય જયચન્દ્રસૂરિએ વિક્રમની સોળમી સદીમાં બાલા૦ રચ્યો છે.[1] સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રે વિ. સં. ૧૫૯૭માં બાલા૦ (વાર્તિક) રચેલ છે. વિ. સં. ૧૬૩૯માં, વિ સં. ૧૬૯૧માં, વિ. સં. ૧૭૧૪માં, કલ્યાણસોમને હાથે વિ. સં. ૧૭૧૯માં, વિ. સં. ૧૭૩૬માં, વિ. સં. ૧૭૬૪માં, ખીમરુચિને હાથે વિ. સં. ૧૮૧૯માં, અને વીસમી સદીમાં બાલા૦ (ટબો) લખાયેલ છે.

જંબૂઅજ્ઝયણ (જમ્બૂ–અધ્યયન)—આ પઇણ્ણગ હશે એમ માની હું વિ. સં. ૧૮૧૬માં લખાયેલા એના એક બાલા૦ ની અહીં નોંધ લઉં છું.

૧૧ જંબુદ્દીવપણ્ણત્તિ (જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ)—જ્ઞાનવિજયના શિષ્ય જીવવિજયે કે જેમણે અધ્યાત્મકલ્પદ્રુમ ઉપર વિ. સં. ૧૭૯૦માં સ્તુબાર્થ (ટબો) રચ્યો છે, તેમણે આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિશેષમાં આ ઉવંગ ઉપર ચન્દ્રભાણ ઋષિએ પણ બાલા૦ રચ્યો છે. એ મૂળ તેમજ શાન્તિચન્દ્રની ટીકા સહિત છપાયો છે. વિ. સં. ૧૮૦૮ માં તેમજ વિ. સં. ૧૮૪૫ માં બાલા૦ લખાયા છે.

૧૨ જીવાજીવાભિગમ—વિક્રમની સત્તરમી સદીમાં થઇ ગયેલા વિનયવિમલના શિષ્યે આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. જયવિજયના શિષ્ય જિનવિજયે પણ વિ. સં. ૧૭૭૨માં બાલા૦ રચ્યો છે. વિશેષમાં વિ. સં. ૧૮૩૩માં, વિ. સં. ૧૮૪૦માં, વિ. સં. ૧૮૭૯માં અને વિ. સં. ૧૮૮૬માં બાલા૦ લખાયા છે.

---

૧ આમ જૈ. ગૂ. ક. (પૃ. ૧૫૮૧) માં ઉલ્લેખ છે. આ જ પૃષ્ઠ ઉપર સોમસુન્દરસૂરિના શિષ્ય પં. સંવેગદેવગણિએ 'ચઉશરણ પયન્ના' રચ્યાનો ઉલ્લેખ છે તો શું આ બાલા૦ છે ?

૧૩ ઠાણ (સ્થાન)—મેઘરાજગણિએ આ ત્રીજા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. એ મૂલ તેમજ અભયદેવસૂરિકૃત ટીકા સહિત ધનપતસિંહ તરફથી છપાયો છે. વિશેષમાં વિ. સં. ૧૭૭૭માં (સ્તબક), વિ. સં. ૧૮૦૦માં અને વિ. સં. ૧૮૩૬માં બાલા૦ લખાયો છે.

૧૪ તંદુલવેયાલિય (તન્દુલવૈચારિક)—આયાર, ઓવવાઇય, ચઉસરણ, દસવેયાલિય, પણ્હાવાગરણ, રાયપસેણઇય અને સૂયગડ ઉપર બાલા૦ રચનારા અને સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રે આ પઇણ્ણગ ઉપર પણ બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૫૩માં એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયેલ છે.

૧૫ દસવેયાલિય (દશવૈકાલિક)—સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રે આ મૂલસુત્ત ઉપર બાલા૦ રચ્યો છે. વિક્રમની સત્તરમી સદીમાં થઈ ગયેલા સોમવિમલસૂરિએ આ આગમ ઉપર તેમજ પજ્જોસવણાકપ્પ ઉપર પણ બાલા૦ રચેલ છે. ખરતર ગચ્છના હર્ષતિલકગણિના શિષ્ય મહોપાધ્યાય રાજહંસે વિ. સં. ૧૬૬૨ પહેલાં બાલા૦ રચ્યો છે. શ્રીપાલ ઋષિએ વિ. સં. ૧૬૬૪માં આ આગમ ઉપર બાલા૦ રચ્યો છે. એવી રીતે વિદ્યારત્નગણિના શિષ્ય કનકસુન્દરગણિએ વિ. સં. ૧૬૬૬માં અને રાજચન્દ્રસૂરિએ વિ. સં. ૧૬૮૮માં એકેક બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૦૭માં, વિ. સં. ૧૬૬૩માં, વિ. સં. ૧૬૭૨માં, વિ. સં. ૧૬૮૫માં, વિ. સં. ૧૭૧૦માં, વિ. સં. ૧૭૧૩માં (સ્તબક), વિ. સં. ૧૭૫૧માં, વિ. સં. ૧૭૫૮માં, વિ. સં. ૧૭૭૧માં, વિ. સં. ૧૭૭૮માં, વિ. સં. ૧૭૯૩માં, વિ. સં. ૧૮૦૭માં, વિ. સં. ૧૮૨૩માં તેમજ વિ. સ. ૧૯૨૯માં અજ્ઞાતકર્તૃક બાલાવબોધો લખાયા છે.

૧૬ દસાસુયક્ખંધ (દશાશ્રુતસ્કન્ધ)—કેશવજી ઋષિએ વિ. સં. ૧૭૦૯માં આ છેયસુત્ત ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૧૪માં તેમજ વિ. સં. ૧૭૬૮માં બાલા૦ લખાયા છે.

૧૭ નંદી (નન્દી)—આ અને ચૂલિયાસુત્ત ઉપર વિ. સં. ૧૬૬૪માં, વિ. સં. ૧૬૬૮માં વિ. સં. ૧૭૯૬માં, વિ. સં. ૧૮૦૦માં, વિ. સં. ૧૮૧૮માં તેમજ વિ. સં. ૧૮૫૭માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયેલ છે. નન્દી ઉપરનો એક બાલા૦ એ મૂલ આગમ તેમજ મલયગિરિસૂરિકૃત ટીકા સહિત ધનપતસિંહ તરફથી છપાયેલ છે.

૧૮ નાયાધમ્મકહા (જ્ઞાતાધર્મકથા)—વિ. સં. ૧૬૬૬માં દસવેયાલિય ઉપર બાલા૦ રચનારા કનકસુન્દરગણિએ આ છઠ્ઠા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિક્રમની સત્તરમી સદીમાં થઈ ગયેલા વિજયશેખરે પણ આ અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિશેષમાં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ વિ. સં. ૧૬૩૦માં, વિ. સં. ૧૬૫૪માં, વિ. સં. ૧૮૪૯માં, વિ. સં. ૧૮૫૩માં, વિ. સં. ૧૮૫૪માં અને વિ. સં. ૧૯૦૫માં લખાયેલો છે.

૧૯ નિરયાવલી—આ ઉવંગ ઉપર વિ. સં. ૧૭૬૪માં, વિ. સં. ૧૭૮૨માં અને વીસમી સદીમાં જિનવિજયે રાંદેરમાં એમ એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયેલ છે.

૨૦ પક્ખિયસુત્ત (પાક્ષિકસૂત્ર)—દીપસાગરના શિષ્ય સુખસાગરે કે જેમણે વિ. સં. ૧૭૬૨માં પજ્જોસવણાકપ્પ ઉપર બાલા૦ રચ્યો છે એમણે આ આગમ ઉપર વિ. સં. ૧૭૭૩માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૯૧માં સમનયવર્ણનની સાથે આ આગમ ઉપર જે બાલા૦ લખાયો છે તે તેમજ વિ. સં. ૧૯૧૨માં લખાયેલો બાલા૦ એ બંને અજ્ઞાતકર્તૃક છે.

૨૧ **પજ્જંતારાહણા** (પર્યન્તારાધના)--આ પઇણ્ણગ તરીકે ઓળખાવાતી કૃતિ ઉપર પંદરમી સદીના સોમસુંદરે કે જેમણે ષડાવશ્યક ઉપર બાલા૦ રચ્યો છે તેમણે એક બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૦૮માં સુન્દરકુશલને હાથે એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે. સોમસૂરિએ પાઇયમાં રચેલ પજ્જંતારાહણ-પયરણ ઉપર વિ. સં. ૧૮૩૯માં એવો એક બાલા૦ લખાયો છે.

૨૨ **પણ્ણવણા** (પ્રજ્ઞાપના)—વિનયવિમલના શિષ્ય ધનવિમલે વિક્ર(? શ્રા)ના સોમસૂરિના રાજ્યમાં--અઢારમી સદીમાં આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. જ્ઞાનવિજયના શિષ્ય અને જંબુદ્દીવપણ્ણત્તિ ઉપર બાલા૦ રચનારા જીવવિજયે પણ આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૮૧૮માં આ ઉવંગ ઉપર એક બાલા૦ લખાયો છે. પરમાણંદ ઋષિએ આ ઉવંગ ઉપર જે બાલા૦ રચ્યો છે તે મૂળ તેમજ મલયગિરિસૂરિકૃત ટીકા સહિત ધનપતસિંહ તરફથી છપાયેલો છે.

૨૩ **પણ્હાવાગરણ** (પ્રશ્નવ્યાકરણ)—અનેક આગમો ઉપર બાલા૦ રચનારા પાર્શ્વચન્દ્રે આ દસમા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૬૬૮માં અને જિનવિજયે વિ. સં. ૧૭૭૦માં આ આગમ ઉપર એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખેલ છે.

૨૪ **રાયપસેણઇય** (રાજપ્રશ્નીય)—આચાર ઇત્યાદિ આગમ ઉપર બાલા૦ રચનારા પાર્શ્વચન્દ્રે આ ઉવંગ ઉપર બાલા૦ રચ્યો છે. શ્રવણના શિષ્ય મેઘરાજે પણ વિ. સં. ૧૬૭૦માં બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૧૮માં, વિ. સં. ૧૭૮૫માં અને વિ. સં. ૧૭૯૪માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૨૫ વંગચૂલિયા (ચૂલિકા)—આના ઉપર વિ. સં. ૧૮૮૨માં એક બાલા૦ લખાયો છે, પણ એના કર્તાનું નામ જાણવામાં નથી.

૨૬ વિયાહપણ્ણત્તિ (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)—રાજસુન્દરસૂરિના શિષ્ય પદ્મસુન્દર ગણિએ આ પાંચમા અંગ ઉપર વિ. સં. ૧૭૦૭ ને વિ. સં. ૧૭૩૪ની વચ્ચે બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૦૧માં એક બાલા૦ લખાયો છે તે આની પૂર્વે કોઈકે રચ્યો છે. વિ. સં. ૧૮૮૬માં એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૨૭ વિવાગસુય (વિપાકશ્રુત)—આ અગિયારમા અંગ ઉપર વિ. સં. ૧૯૨૦માં એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૨૮ **સંથારગ** (સંસ્તારક)—ઉત્તરજ્ઝયણ તેમજ ષડાવશ્યક ઉપર બાલા૦ રચનાર પાર્શ્વચન્દ્રસૂરિએ આ પઇણ્ણગ ઉપર બાલા૦ રચ્યો છે અને એની એક હાથપોથી વિ. સં. ૧૬૩૯માં લખાયેલી છે. સાગરચન્દ્રસૂરિના શિષ્ય હેમરાજે પણ આ આગમ ઉપર વિ. સં. ૧૬૭૪માં બાલા૦ રચ્યો છે.

૨૯ **સમવાય**—ઉત્તરજ્ઝયણ, ઓવવાઇય વગેરે ઉપર બાલા૦ રચનારા મેઘરાજે આ ચોથા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૭૮૧માં આ અંગ ઉપર એક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

૩૦ **સૂયગડ** (સૂત્રકૃત)—અનેક આગમ ઉપર બાલા૦ રચનારા પાર્શ્વચન્દ્રે આ બીજા અંગ ઉપર બાલા૦ રચ્યો છે. એ મૂળ, શીલાંકસૂરિની ટીકા તેમજ હેમવિમલસૂરિજીની દીપિકા સાથે ધનપતસિંહ દ્વારા છપાયેલ છે. આ આગમના પહેલા સુયક્ખધ ઉપર વિ. સં. ૧૬૯૮માં અને વિ. સં. ૧૭૦૭માં એકેક અજ્ઞાતકર્તૃક બાલા૦ લખાયો છે.

આ ઉપરથી નીચે મુજબની બાબતો તારવી શકાય છે—

(૧) અગિયારે અંગો ઉપર ઓછામાં ઓછો એક બાલા૦ તો છે, પણ ઉપાંગો, છેદસુત્તો કે પઇણ્ણગો માટે આમ ઉલ્લેખ થઇ શકે તેમ નથી.

(૨) તરુણપ્રભસૂરિએ [1]વિ. સં. [2]૧૪૧૧માં ષડાવશ્યક ઉપર બાલા૦ રચ્યો તે આગમો ઉપરના તમામ બાલાવબોધોમાં સૌથી પ્રાચીન હોય એમ લાગે છે, કેમકે [3]પજ્જોસવણાકપ્પ જેવા ગ્રન્થાંશને લક્ષ્યમાં લઈએ તોપણ એના ઉપર સૌથી પ્રાચીન બાલ૦ કમલપ્રભસૂરિના શિષ્ય આસચન્દ્રનો વિ. સં. ૧૫૧૭ નો છે.[4]

(૩) અનેક આગમો ઉપરના બાલાવબોધો હજી અપ્રસિદ્ધ દશામાં છે.

(૪) કર્તાનાં નામવાળા બાલાવબોધો સૌથી વધારે કોઈ આગમ ઉપર રચાયા હોય તો તે આગમ ષડાવશ્યક છે.

(૫) બધા આગમો પૈકી આવસ્સય, ઉત્તરજ્ઝયણ અને દસવેયાલિય ઉપર સૌથી વધારે પ્રમાણમાં બાલા૦ રચાયા હોય એમ લાગે છે.

(૬) બાલાવબોધ રચનારામાં સૌથી વધારે બાલા૦ કોણે રચ્યા છે, એ પ્રશ્નનો ઉત્તર વિચારતાં પાર્શ્વચન્દ્રનું નામ મોખરે આવે છે. કેમકે એમણે આગમો ઉપર બાલાવબોધો રચેલા છે.

(૭) આગમો ઉપર બાલાવબોધ રચવાનું કાર્ય જે [5]વિક્રમની પંદરમી સદીની લગભગ શરૂઆતથી શરૂ થયું તે અઢારમી સદીના અન્ત સુધી તો ચાલુ[6] રહ્યું છે, (કોઈ અજ્ઞાતકર્તૃક કૃતિ એ પછી પણ રચાઇ હોય તો તે જુદી વાત છે.) આમ હોવાથી ગુજરાતી ભાષાના રૂપરંગના વિકાસનો ત્રણ સદી જેટલો તો અભ્યાસ કરવાનું કાર્ય આ બાલાવબોધો બજાવે છે.

ગોપીપુરા, સુરત. તા. ૧૧-૬-૪૭.

---

૧ અત્યાર સુધીમાં મળેલી તમામ ગુજરાતી ગદ્યકૃતિઓમાં વિ. સં. ૧૩૩૦માં આશાપલ્લીમાં લખાયેલી આરાધના સૌથી પ્રાચીન છે.

૨ વિ. સં. ૧૪૧૧માં વિજયભદ્રે હંસરાજ વચ્છરાજ ચઉપઈ રચી છે. એ સૌથી જૂની ગુજરાતી લોકકથા ગણાય છે (જુઓ આપણા કવિઓ ખંડ ૧ લું પૃ. ૨૮૪).

૩ વિ. સં. ૧૫૪૮માં આચાર્ય બનેલા અને વિ. સં. ૧૫૬૮માં સ્વર્ગે સંચરેલા હેમવિમલસૂરિએ પજ્જોસવણાકપ્પ ઉપર બાલા૦ રચ્યો છે. વિ. સં. ૧૫૭૮માં એક અજ્ઞાત-કર્તૃક ટબ્બો આ ગ્રન્થાંશ ઉપર લખાયો છે.

૪ નવકારમંત્ર ઉપરના ગુજરાતી વિવેચનની એક હાથપોથી વિ. સં. ૧૩૫૮માં લખાયેલી છે, પણ નવકારમન્ત્ર એ ષડાવશ્યકનું એક અંગ છે.

૫ વિક્રમની ચૌદમી સદીમાં લખાયેલા ગુજરાતી ગદ્યગ્રંથોના નમૂના પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહમાં ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાલામાં પ્રસિદ્ધ થયા છે. વળી જિનવિજયજીએ સંપાદિત પ્રાચીન ગદ્યસંદર્ભ (પૃ. ૨૦૫-૨૨૨) પણ આ સંબંધમાં જોવો ઘટે. આ સંદર્ભના પૃ. ૧-૫૯માં તરુણપ્રભે રચેલી ત્રેવીસ વાર્તાઓ જોવાય છે.

૬ મહાનંદે વિ. સં. ૧૮૩૪માં પજ્જોસવણાકપ્પ ઉપર ટબ્બો રચ્યો છે, પણ આ પજ્જોસવણાકપ્પ દસાસુયક્ખંધનો એક ભાગ છે, અખંડ આગમ નથી એટલે એની અહીં ઉપેક્ષા કરાઈ છે.

મહાકવિ પરમાર્હત શ્રીધનપાલરચિત

શ્રાવકવિધિપ્રકરણ

(મૂળ તથા અનુવાદ યુક્ત ટૂંક પરિચય)

લેખક—પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

મહાકવિ ધનપાલ જૈનશાસનમાં ઊંચું સ્થાન ધરાવે છે. તેઓ જન્મે દ્વિજ-બ્રાહ્મણ હતા. શૈવધર્મની સેવના પણ તેમણે લાંબા કાળ સુધી કરી હતી. તેમની વિદ્વત્તા, પ્રતિભા, પાંડિત્ય અદ્વિતીય હતાં. રાજા ભોજની સભામાં તેઓ લબ્ધપ્રતિષ્ઠ હતા. તેમની કવિત્વશક્તિ અપૂર્વ હતી. તેમના પિતા સર્વદેવ અને માતા સોમશ્રી હતાં સર્વદેવ એ દેવર્ષિ બ્રાહ્મણના પુત્ર. કુટુમ્બમાં સરસ્વતીનો વાસ લાંબા સમયથી હતો. વિદ્વાનોની નગરી તરીકે પ્રસિદ્ધિ પામેલી ધારાનગરીમાં તે કુટુંબ રહેતું હતું. સર્વદેવને બે પુત્રો અને એક પુત્રી હતાં. મોટા પુત્ર એ ધનપાલ, અને નાના પુત્ર શોભન. પુત્રીનું નામ સુન્દરી હતું સર્વદેવ બ્રાહ્મણને ત્યાં કુળપરંપરાથી એક વાત ચાલી આવતી હતી કે-પોતાના પૂર્વજો શ્રીમન્ત હતા, અને લક્ષ્મી ઘરમાં કોઈ સ્થળે ગુપ્ત છે. ઘણા પ્રયત્નો છતાં તે હજુ સુધી હાથ લાગી ન હતી.

આચાર્ય મહેન્દ્રસૂરિજી જ્યારે ધારા નગરીમાં પધાર્યા ત્યારે સર્વદેવે તેમનો પરિચય સાધ્યો. પ્રગાઢ પરિચય થયો એટલે વિનાસંકોચે તેણે આચાર્યશ્રીને વિનવ્યું કે "કૃપા કરી મારા ઘરમાં નિધાન છે તે આપ દેખાડો."

દીર્ઘદૃષ્ટિ આચાર્યશ્રીએ કહ્યું—"તારી મિલકતનો અર્ધો ભાગ મને આપ તો દેખાડું."

"કબૂલ," કહી સર્વદેવે સૂરિજીનું વચન સ્વીકાર્યું. અહિવલયચક્રના પરિબલથી નિધાનસ્થળ આચાર્યશ્રીએ શોધી આપ્યું. તે સ્થળે ખોદતાં અઢળક ધન હાથ લાગ્યું. એકવચની બ્રાહ્મણે એ ધનના બે ભાગ કર્યા અને આચાર્યશ્રીને બોલાવીને કહ્યું—"આ તમારો અર્ધો ભાગ લ્યો."

"અમે સાધુઓ કંચન-કામિનીના ત્યાગી તેને અડકીએ પણ નહિ," આચાર્ય મહારાજે કહ્યું, ને સાથે જણાવ્યું કે-"આ આટલી જ તારી મિલકત છે? બીજું કાંઈ તારી મિલકતમાં નથી?"

બ્રાહ્મણે તેની મિલકત ગણાવી. પણ તે મિલકત બધી સ્થૂલ--જડ હતી. એ મિલકતનું આચાર્યશ્રીને કામ નહોતું. તેમને જરૂર હતી ચેતનવંતી સંપત્તિની. એટલે એમણે કહ્યું: "આ તારા બે પુત્રો એ તારી સંપત્તિ કહેવાય કે નહિ?"

"કહેવાય," બ્રાહ્મણે કહ્યું.

"તો તેમાંથી એક અમને વહોરાવી દે-આપી દે," આચાર્ય મહારાજે સ્પષ્ટ માગણી કરી.

× × ×

ચુસ્ત બ્રાહ્મણ ધનપાલના હૃદયમાં તે કાળ અને તે યુગનું વાતાવરણ ઠાંસી ઠાંસીને ભર્યું હતું. એ યુગે તેને શિખવ્યું હતું કે—हस्तिना ताड्यमानोऽपि, न गच्छेज्जैनमन्दिरम् । न वदेद्यावनीं भाषां, प्राणैः कण्ठगतैरपि ॥

રાજસભાથી ઘેર આવેલા ધનપાલને જ્યારે સર્વદેવે આચાર્યશ્રી સાથેના પ્રસંગને જણાવ્યો ત્યારે ધનપાલે ઉશ્કેરાઈને કહ્યું કે—"કુલધર્મની વિનાશક વાત કરવાનું તમને કેમ સૂઝે છે? એવી પ્રતિજ્ઞા કે વચન એ મિથ્યા છે. કોઈ પણ ઉપાયે એનું પાલન ન થઈ શકે-ન કરી શકાય. મારા માટે તમારે આવી આશા કદી રાખવી નહિ."

સર્વદેવને ખોટું લાગ્યું. તેમણે શોભનને વાત કરી. સરલ સ્વભાવના શોભને પિતાના વચનને માન્ય કર્યું-સ્વીકાર્યું અને તેણે મહેન્દ્રસૂરિજી પાસે સંયમ સ્વીકાર્યું-દીક્ષા લીધી. રાજ્યમાં લાગવગવાળા ધનપાલે આ બનાવથી ક્રોધ કરી, આજુબાજુના પ્રદેશમાં જૈન મુનિઓના વિહારને બંધ કરાવ્યો.

× × ×

શોભન મુનિ બુદ્ધિમાન હતા. તેમણે થોડા સમયમાં સારી વિદ્વત્તા સંપાદન કરી. તેમની વિદ્વત્તાની સાક્ષી તેમણે રચેલી એક જ કૃતિ, જે "શોભનસ્તુતિ" નામે પ્રસિદ્ધ છે તે, પૂરે છે.

માલવદેશમાં વિહાર બંધ થવામાં પોતે નિમિત્ત થયા છે એ વિચાર શોભન મુનિના હૃદયને ડંખતો હતો. ગુરુ મહારાજશ્રીની અનુજ્ઞા લઈને પોતે એકદા ધારાનગરીમાં પધાર્યા. માર્ગમાં ધનપાલનો મેળાપ થયો. મુનિઓનો ઉપહાસ કરવાને ટેવાયેલ ધનપાલે આગળ બે દાંતવાળા શોભનમુનિને કહ્યું—"गर्दभदन्त ! भदन्त ! नमस्ते ॥"

એવા જ પ્રકારનો પ્રત્યુત્તર આપતા શોભનમુનિએ પાન ચાવતા-લાલ મોઢાના-ધનપાલને કહ્યું: "कपिवृषणास्य ! वयस्य ! सुखं ते ।"

ધનપાલને મુનિના યથોચિત ઉત્તર ઉપર બહુમાન ઉપજ્યું, ને પૂછ્યું કે—"कुत्र भवदीयनिवासः ?"

મુનિએ જણાવ્યું—"यत्र भवदीयनिवासः !"

પછી ધનપાલ બહુ માનપૂર્વક શોભનમુનિને પોતાને ઘેર લઈ ગયો. અતિથિસત્કારથી ટેવાયેલ તે ઉચિત સમયે વહોરવા માટે બોલાવવા આવ્યો. શોભનમુનિ પોતે તેને ત્યાં વહોરવા ગયા. ત્રણ દિવસનું દહીં ન લીધું, અભરાઈ ઉપર ખુલ્લા પડેલા મોદક-લાડવા ન વહોર્યા. સ્વાભિમાની બ્રાહ્મણ ધનપાલે કહ્યું કે-શું આ દહીંમાં જીવડા પડ્યા છે ? આ મોદકમાં-લાડવામાં ઝેર છે ?

હતું પણ તેમ જ. અલતો નાખીને દહીંમાં રહેલા નાના જન્તુઓને મુનિએ પ્રત્યક્ષ કરી બતાવ્યા, ને મોદકમાં વિષસંચાર થયો છે, તે પણ સ્પષ્ટ કરી દર્શાવ્યું.

ધનપાલ આશ્ચર્ય પામ્યો. ત્યારથી તે મુનિની વિશેષ સંગતિ કરવા લાગ્યો. પોતાના ભાઈ છે એમ સ્પષ્ટ થતાં તેના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો.

આ પ્રસંગ ધનપાલના જીવન-પરિવર્તનનો ગણાય છે. ધનપાલ તે અત્યાર સુધી અન્વર્થ રીતે ધન-પાલ હતો; તે હવે એક રીતે કહીએ તો ધર્મ-પાલ બન્યો.

શૈવધર્મને તેણે તિલાંજલિ આપી ને આર્હત ધર્મ સ્વીકાર્યો.

× × ×

જૈન ધર્મમાં આવ્યા બાદ અગ્નિશુદ્ધ સુવર્ણ જેમ દીપે તેમ તે દીપવા લાગ્યો. તેની એક એક કૃતિ એ વાતની સાક્ષી પૂરે છે. મહાકવિ ધનપાલની અનેક કૃતિઓમાં તેમને વિખ્યાત કરનાર કૃતિઓ તિલકમંજરી અને ઋષભપંચાશિકા એ બે છે. તિલકમંજરી એ ગદ્ય કથા, સંસ્કૃતમાં કાદમ્બરી જેવી અને અમુક રીતે કાદમ્બરીથી પણ ચઢિયાતી કૃતિ છે. ઋષભપંચાશિકા એ શ્રીઆદિનાથ પ્રભુની સ્તુતિ છે, પ્રાકૃત ભાષામાં છે. આ કૃતિ માટે કુમારપાલપ્રબંધમાં એક ઉલ્લેખ છે કે-શ્રી સિદ્ધાચળની યાત્રા માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ પધાર્યા હતા. જીવદયાપ્રતિપાલ પરમાર્હત

કુમારપાળ ભૂપાળ આદિ સાથે હતા. શ્રીઋષભદેવ ભગવંતની સ્તુતિ કરતા શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ ધનપાલકૃત આ ઋષભપંચાશિકા બોલ્યા.

કુમારપાલ મહારાજાએ પૂછ્યું કે-ભગવંત! આપ કલિકાલસર્વજ્ઞ છો. આપ બીજાએ બનાવેલી સ્તુતિ શા માટે બોલો છો? આચાર્યશ્રીએ જવાબ આપ્યો—

આવી ભક્તિનીતરતી સદ્‌ભૂત ભાવ ભરેલી સ્તુતિ રચવા અમે પણ શક્તિમાન નથી.

ગુરુ મહારાજનું આવું અભિમાન રહિત વચન સાંભળી રાજા વગેરે પણ એ જ સ્તુતિ બોલીને પ્રભુની સ્તવના કરવા લાગ્યા.

ધનપાલની વિદ્વત્તા માટે ઉપરનો પ્રસંગ ઓછા સૌભાગ્યનો નથી.

૧ પાઇય લચ્છી નામમાલા, ૨ શ્રી વીરસ્તુતિ. (પ્રાકૃત) ૩, શ્રી વીરસ્તુતિ (અર્ધ સંસ્કૃત અને અર્ધ પ્રાકૃત) ૪. શોભનસ્તુતિ-વૃત્તિ, ૫, સત્યપુરીય મહાવીર ઉત્સાહ ઇત્યાદિ ધનપાલકૃત કૃતિઓ અત્યારે પણ સારી રીતે ઉપયોગમાં આવે છે. સંસ્કૃત નામમાલા પણ ધનપાલે બનાવેલી હોવી જોઈએ એમ અનેક ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે. અને તેનું નામ 'લાવણ્યવતી નામમાલા' હોવું જોઈએ, પણ તે ઉપલબ્ધ નથી. 'व्युत्पत्तिर्धनपालतः' એ વાક્ય હેમચંદ્રસૂરિજી અભિધાનચિન્તામણિ-વૃત્તિમાં ટાંકે છે તે પણ ઉપરની હકીકતનું પોષક છે

× × ×

એ જ પરમ શ્રાવક મહાકવિ ધનપાલકૃત—આ 'શ્રાવક વિધિ-પ્રકરણ' છે.

આ પ્રકરણની ભાષા પ્રાકૃત છે. વિષય શ્રાવકની દિનચર્યા છે ઓછામાં ઓછું શ્રાવકે કેટલું કરવું જોઈએ તે આ પ્રકરણમાં તેમણે જણાવ્યું છે.

પ્રકરણ ફક્ત ચોવીશ ગાથાનું જ છે. ચોવીશે ગાથાઓ મધુર અને કંઠે ચઢી જાય એવી છે.

સારી રીતે તેનું મુદ્રણ થવાની ખાસ જરૂર છે તે પ્રકરણ જોઈએ તે પ્રમાણમાં પ્રસિદ્ધિમાં નથી આવ્યું તેમાં પણ તેના સારા મુદ્રણ અને આવર્તન નથી થયાં એ પણ એક મુખ્ય કારણ છે.

૧ શ્રાવકે રહેવું ક્યાં? ૨ સવારમાં જાગૃત થઈને શું કરવું? ૩ ઘર દેરાસરમાં શું કરવું? ૪ પચ્ચક્ખાણ ક્યારે વિચારવું? ૫ મોટા-શિખરબંધી જિનમંદિરમાં ક્યારે જવું અને કેવી રીતે જવું? ૬ ગુરુમહારાજ પાસે જઈને શું શું કરવું? ૭ ભોજન ક્યારે કરવું? ભોજન કરતાં પહેલાં શું શું કરવું? ૮ દાન કોને કોને દેવું? ૯ ભોજન એકલા કરવું કે સપરિવાર? ૧૦ સાંજે ભોજન ક્યારે કરવું? ૧૧ રાત્રે દેરાસરમાં શું કરવું? ૧૨ રાત્રિના સમયે દિવસના લાગેલા પાપોનો પ્રતીકાર કેવી રીતે કરવો? ૧૩ વૈયાવચ્ચ-સેવા કોની કેની અને કેવા પ્રકારની કરવી? ૧૪ વિષયવિકારને શાન્ત કરવા શું શું કરવું? ૧૫ શયનવિધિ માટે શું શું વિચારવું?

એ પ્રમાણે પંદર વિષયોના ખુલાસા ખૂબ હળવી કલમે અને અતિશય સંક્ષેપમાં આ પ્રકરણમાં આપ્યા છે. ફક્ત ૧૯ આર્યામાં આ વિષયોનું વિવરણ પૂર્ણ થાય છે. છેવટની પાંચ ગાથાઓ પ્રશસ્તિ જેવી છે, તેનો અર્થ આ પ્રમાણે છે—

(૨૦) આ પ્રમાણે મહાપુરુષોએ બનાવેલી શ્રેષ્ઠ શ્રાવક-વિધિમાંથી મંદમતિવાળા મેં સંક્ષેપથી કહ્યું છે.

(૨૧) આટલું પણ જેને ભારે પડે છે તેનો કર્મભાર પણ ભારે છે, કારણ કે હળવું પણ ધર્મકાર્ય ભારે કર્મીઓને ભારે લાગે છે.

(૨૨) એ રીતે જે ભયંકર દુઃખરૂપી ઇંધણ ને વાળનારા – દૂર કરનારા – જિનેશ્વર-પ્રભુના ચરણોમાં પરમભક્તિ કરે છે તે સંસારને તરી જાય છે.

(૨૩) ભક્તિપૂર્વક જિનપૂજા, સાધુ ભગવંત-ગુરુ મહારાજની-ઉપાસના-સેવના, ઉત્તર ગુણોમાં શ્રદ્ધા અને અપ્રમાદ હંમેશાં કરવો.

(૨૪) આ કાળમાં પાપરૂપી કચરાથી લેપાયેલ લોકને જિનધર્મના ઉપદેશરૂપ પાણીથી જેઓ ધોવે છે ને ધર્મમાં તત્પર રહે છે. એવા પુરુષો વિરલ છે.

× × ×

આ પ્રકરણની ૨૨મી ગાથામાં...**दुक्खिंधणवालय**...એ પ્રમાણે **धणवाल-धनपाल** નામ સરસ યુક્તિપૂર્વક ગોઠવ્યું છે.

શ્રાવકને અવશ્ય કરવા યોગ્ય—જે ન કરે તો તેનામાં શ્રાવકત્વ ન રહે એવી જ કરણી આ પ્રકરણમાં સૂચવી છે અને ખરેખર એટલું પણ ન કરી શકે તે ભારેકર્મી કહેવાય, તેમાં સહજ પણ શંકાને અવકાશ નથી.

આ ચોવીશ આર્યાઓ મોઢે કરી તેને રોજ સંભારવામાં આવે-તેના અર્થનું ચિંતન કરવામાં આવે-તો જીવનમાં ઘણું જાણવા મળે, જીવન દુર્માર્ગથી પાછું વળે, વિરતિમાર્ગે આગળ વધે.

પાઠશાળામાં અભ્યાસ તરીકે આ પ્રકરણ ખાસ ચલાવવા જેવુ છે. નાનપણથી જ બાળકને જો આટલું ઠસી જાય તો તેના જીવનમાં તે શ્રાવકધર્મને સારી રીતે વિકસાવી શકે છે.

શ્રાદ્ધવિધિ, શ્રાવક પ્રતિક્રમણસૂત્ર વૃત્તિ, શ્રાદ્ધગુણવિવરણ, શ્રાદ્ધદિનકૃત્ય, યોગશાસ્ત્ર, વિવેકવિલાસ વગેરે ગ્રંથોમાં શ્રાવકનાં કર્તવ્યોનું વિસ્તારથી વર્ણન આવે છે. તે તે ગ્રંથો સુધી દરેક પહોંચી શકે એવા એ ગ્રંથો નથી. એટલે આ ગ્રંથ અતિ ઉપયોગી છે.

પોતાના જીવનમાં જેણે બન્ને ધર્મોનું ખૂબ સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કર્યું હતું તેણે જે આ કરણીય-અવશ્ય કરણીય બતાવ્યું છે, તેને ગતાનુગતિક માનવાની રખે કોઈ ભૂલ કરે ! બુદ્ધિ અને અનુભવના મિશ્રણ પૂર્વકની શ્રદ્ધાથી આ ગ્રંથ રચાયો છે.

આ પ્રકરણ કેવળ વાંચીને આનંદ માનવા માટે નથી, તેને આચરણમાં મૂકવાની જરૂર છે. કર્મભારથી હળવા થવા ઇચ્છનાર શ્રાવકત્વ પુષ્પની બીડાયેલી પાંખડીઓ આ ગ્રંથના ખુશનુમ ભાવોને ઝીલીને વિકસાવે અને જીવનમાં સૌરભ ફેલાવે.

ખપી મહાનુભાવોના ઉપયોગ માટે આ શ્રાવક-વિધિ-પ્રકરણ મૂળ તેમ જ તેનો ગુજરાતી અનુવાદ અહીં આપવો ઉચિતધાર્યો છે.

શ્રી ધનપાલવિરચિત શ્રાવકવિધિપ્રકરણ (અર્થસાથે)

[१]

जत्थ पुरे जिणभवणं, समयविऊ साहुसावया जत्थ ॥
तत्थ सया वसियव्वं, पवरजलं इंधणं जत्थ ॥ १ ॥

જે નગરમાં જિનેશ્વર પ્રભુનું દેરાસર હોય, સમય-સિદ્ધાન્તના જાણકાર મુનિમહારાજાઓ અને શ્રાવકો જ્યાં હોય ત્યાં હમેશાં વાસ કરવો. વળી જ્યાં શ્રેષ્ઠ-ઉત્તમ-નિર્મળ પાણી અને ઈંધણ-બળતણ હોય. (૧)

[२]

पडिबुद्धेण पहाए, नवकारो सावएण सरियव्वो ॥
संभरियव्वाइं तओ, पंचेव अणुव्वयवयाइं ॥ २ ॥

પ્રભાતમાં જાગૃત થઈને શ્રાવકે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું, ત્યાર પછી પાંચ અનુવ્રત—(૧) સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રત, (૨) સ્થૂલ મૃષાવાદવિરમણ વ્રત, (૩) સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રત (૪) સ્થૂલ મૈથુનવિરમણ વ્રત અને (૫) સ્થૂલ પરિગ્રહવિરમણ વ્રત એ પાંચ અણુવ્રતને સંભારવાં. (અર્થાત્ રાત્રિ પ્રતિક્રમણ કરવું.) (૨)

[३-४]

पक्खालियकरचरणो, कडिल्लवत्थं चएइ सुईभूओ ॥
घरपडिमाउ जिणाणं, पमज्जए वयणकयकोसो ॥ ३ ॥
कुसुमेहिं पूइऊणं, धूवं उग्गाहिऊण भावेण ॥
विहिणा वंदेइ तओ, पच्चक्खाणं तओ सरइ ॥ ४ ॥
(वंदेइ जिणवरिंदे, पच्चक्खाणं तओ लहइ ॥ ४ ॥ પાઠાન્તર)

હાથ-પગ ધોઈને રાત્રિએ પહેરેલા કટિવસ્ત્ર-ધોતિયાનો ત્યાગ કરી પવિત્ર થઈને મુખકોશ બાંધી શ્રી જિનેશ્વર ભગવાનની ઘર-પ્રતિમાઓનું પ્રમાર્જન કરે. કુસુમથી પૂજા કરી, ધૂપ ઉવેખીને ભાવ પૂર્વક વિધિવડે જિનવરોને વંદે, સ્તુતિ-ચૈત્યવન્દન કરે ને પછી પચ્ચક્ખાણ લે. (૩-૪)

[५]

पुणरवि कयसिंगारो, धुवक्खयसुरहिकुसुमकयहत्थो ॥
वच्चइ जिणिंदभवणे, परिहरियासेसघरकम्मो ॥ ५ ॥

વળી ફરીથી સારાં વસ્ત્રાભૂષણાદિ શૃંગાર પહેરી, ધૂપધાણું, અક્ષત, સુગંધી ગંધ, ચંદન, પુષ્પાદિની રકાબી હાથમાં લઈને જિનભવને-શિખરબંધી મોટા મંદિરે, ઘરના સર્વ કાર્યનો ત્યાગ કરીને, જાય. (૫)

[६]

सव्वालंकारसहित-वाहणाईणि सव्वचिंधाणि ॥
मुत्तूण सीहवारे, पविसइ कयउत्तरासंगो ॥ ६ ॥

સર્વ અલંકાર-સચિત્ત-વાહન-આદિ સર્વ ચિહ્નને સિંહદ્વારમાં—જિનમંદિરના પ્રવેશદ્વારમાં ઉતારીને ઉત્તરાસંગ કરીને—ખેસ નાખીને દેરાસરમાં પ્રવેશ કરે. (૬)

[७]

जय-जय-जयं भणंतो, नमेइ तिपयाहिणं करेऊणं ॥
पुणरवि कयमुहकोसो, करेइ पूयं जिणिंदाणं ॥ ७ ॥

"જય-જય-જય" એ પ્રમાણે બોલતો ત્રણ પ્રદક્ષિણા દઈને નમસ્કાર કરે, વળી ફરીથી મુખકોશ બાંધીને જિનવરોની પૂજા કરે. (૭)

[८]

उग्गाहिऊण धूवं, पंचहिं सक्कत्थएहिं वंदित्ता ॥
वंदेइ मुणिवरिंदे, पच्चक्खाणं पुणो सरइ ॥ ८ ॥

ધૂપ ઉવેખીને પાંચ નમુત્થુણં પૂર્વક દેવવંદન કરે. પછી ઉપાશ્રયે જઈને મુનિવરોને વંદે ને ફરીથી પચ્ચકખાણ સંભારે-લે. (૮)

[९]

पुच्छेइ मुणिवराणं, सुहराइयमाइयं सरीरविहिं ॥
भूमिं पमज्जिऊणं, उववसइ साहुमूलम्मि ॥ ९ ॥

મુનિવરોને સુહરાઈ આદિ શરીરની સુખશાતા પૂછે, ભૂમિનું પ્રમાર્જન કરીને સાધુમહારાજ સમક્ષ બેસે. (૯)

[१०]

अपुव्वं जिणवयणं, सुणेइ तत्तिं करेइ जिणभवणे ॥
पनरसकम्मादाणे, वज्जेइ करेइ घरकम्मं ॥ १० ॥

અપૂર્વ જિનવચન-તીર્થંકર ભગવંતનો ઉપદેશ સાંભળે, જિનમંદિરમાં જઈને તત્તિ દેખરેખ રાખે, પનર કર્માદાનનો ત્યાગ કરીને ઘરનાં કાર્યો કરે. (૧૦)

[११]

भोअणकाले पुणरवि, घरपडिमा पूइऊण कुसुमेहिं ॥
उग्गाहिऊण धूवं, नेवज्जं ढोयए सव्वं ॥ ११ ॥

ભોજન સમયે ફરીથી ઘર દેરાસરની પ્રતિમાઓને પુષ્પથી પૂજી ધૂપ ઉવેખીને સર્વ નૈવેદ્યને મૂકે (૧૧)

[१२]

तह साहु-सावयाणं, दुत्थियदुहियाण बालवुड्ढाणं ॥
भत्तिइ देइदाणं, विहिणा भुंजइ सपरिवारो ॥ १२ ॥

પછી સાધુ-શ્રાવકોને, ગરીબ દુઃખીઓને, બાળ-વૃદ્ધોને ભક્તિથી દાન દઈને વિધિપૂર્વક પરિવાર સાથે ભોજન કરે. (૧૨)

[१३]

भुंजइ पुणो वियाले, अट्ठमभाए दिणस्स नियमेण ॥
नियपरिवारस्स तहा, एस विही दंसए निच्चं ॥ १३ ॥

વળી સાંજે દિવસના આઠમા ભાગમાં અર્થાત્ સૂર્યાસ્ત પૂર્વે બે ઘડી પહેલાં ભોજન કરે, અને પોતાના પરિવારને પણ હંમેશ આ પ્રમાણે કરવાનું શિક્ષણ આપે. (૧૩)

[१४]

जिणपडिमाण निसाए, धुवं उग्गाहिऊण भावेण ॥
पडिवज्जियसमभावी, सज्झायं कुणइ भवभीओ ॥ १४ ॥

રાત્રિએ જિનપ્રતિમાનાં દર્શન કરી ભક્તિભાવે ધૂપ ઉખેવી સમતા ભાવમાં સ્થિર થઈ સંસારથી ઉદ્વિગ્ન બની સ્વાધ્યાય કરે. (૧૪)

[१५]

दुपय-चउप्पय-धणधन्न-वत्थु-दिसिभोगगहियपरिमाणो ॥
दिणवरिसजम्मनियमो, निउणं पइदियहमणुसरइ ॥ १५ ॥

દાસ, દાસી, પશુ, ધન, ધાન્ય, વસ્તુ, દિશા, ભોગ વગેરેનું પરિમાણ, મર્યાદા, સ્વીકારે, અમુક દિવસ માટે-અમુક વર્ષ માટે કે જીવે ત્યાં સુધી જિંદગી પર્યંતના નિયમ લે, હંમેશ કાળજી પૂર્વક એ નિયમને સંભારે, તેને બરાબર પાળે. (૧૫)

[१६]

तह साहुसावयणं, दुत्थियदुहियाण बालवुड्ढाणं ॥
पुच्छि(च्छं)तो य समत्थं, वेयावच्चं कुणइ हिट्ठो ॥ १६ ॥

પછી શ્રાવકોની, દીન-દુઃખીની, બાલ-વૃદ્ધની, સુખશાતા-કુશલ પ્રવૃત્તિ પૂછે અને ઉલ્લાસથી સેવા-ભક્તિ કરે. (૧૬)

[१७]

पंचविहविसयसुक्खं, उवभुंजइ परिमिएसु दिवसेसु ॥
तिव्वाभिलासविरओ, बंभरओ पंचसु तिहीसु ॥ १७ ॥

પાંચ પ્રકારના વિષયસુખને પરિમિત વર્ષમાં-અમુક ગણત્રીના દિવસોમાં-ભોગવે, તેમાં પણ તીવ્ર અભિલાષ ન રાખે, પાંચ તિથિમાં તો બ્રહ્મચર્ય પાલે (૧૭)

[१८]

चिंतइ सयणम्मि ठिओ, सुहज्झाणं इत्थभवसमुद्दम्मि ॥
कहवि भमंतेण मए, लद्धो जिणदेसिओ धम्मो ॥ १८ ॥

શય્યામાં-પથારીમાં સ્થિર બેસી શુભ વિચારણા કરે કે આ ભવસમુદ્રમાં પરિભ્રમણ કરતાં કરતાં મેં મહામહેનતે આ જિનપ્રણીત ધર્મ પ્રાપ્ત કર્યો છે. (૧૮)

[१९]

ता संसारसमुद्दं, तरेमि जिणधम्मजाणवत्तेण ॥
अक्खयनिव्वाणपुरे, सासयसुक्खं लहिस्सामि ॥ १९ ॥

તો જિનધર્મરૂપી વહાણ વડે આ સંસારસમુદ્રનો હું પાર પામીશ, અને અક્ષત-મોક્ષપુરીમાં શાશ્વત સુખને મેળવીશ. (૧૯)

[२०]

इय पवरगुणड्ढयविरइयाइ पवराए सावगविहीए ॥
संखेवेणावि मए, वागरियं मंदमइणावि ॥ २० ॥

આ પ્રમાણે મંદ બુદ્ધિવાળો હું છું, છતાં મેં શ્રેષ્ઠ ગુણોવાળા મહાપુરુષોએ બતાવેલી ઉત્તમ શ્રાવક વિધિમાંથી સંક્ષિપ્તમાં-ટૂંકામાં પણ કહ્યું. (૨૦)

[२१]

एयंपि जस्स गरुअं, गरुअ कम्माण संचयं तस्स ॥
लहुअं धम्मकज्जं, अइगरुअं गरुअकम्माणं ॥ २१ ॥

આટલું પણ જેને ભારે લાગે છે તેનો કર્મસમૂહ પણ ભારે છે, કારણ કે હળવું પણ ધર્મકર્મ ભારે કર્મીઓને ભારભૂત-અતિ ભારે લાગે છે. (૨૧)

[२२]

इय दारुणदुक्खिंधणवालयजिणचंदवंदचलणेसु ॥
जोकुणइ परमभत्ती (त्ति) नित्थिण्णो तेण संसारो ॥ २२ ॥

આ પ્રમાણે દારુણ-ભયંકર દુઃખરૂપી-ઈંધણ કાષ્ટને બાળનારા-દૂર કરનારા જિનવર ચંદ્ર સમૂહના ચરણોમાં પરમભક્તિને જે કરે તે સંસારનો પાર પામે છે. (૨૨)

[२३]

जिणपूआ म त्तीए, सुसाहुजणपज्जुवासणाए य ॥
उत्तरगुणसद्धाए, अपमाओ होइ कायव्वो ॥ २३ ॥

ભક્તિપૂર્વક જિનવરની પૂજા અને સુસાધુ મહારાજની સેવા ઉત્તર-ઉત્તમ ગુણોની શ્રદ્ધા વગેરેમાં અપ્રમાદ કરવો જરૂરી છે. (૨૩)

[२४]

इण्हिं विरलापुरिसा, धम्मपरा पावकयवरविलित्तं ॥
जे निव्ववं(लं)ति लोअं, जिणधम्मुवएससलिलेण ॥ २४ ॥

આ કાળમાં ધર્મમાં તત્પર અને પાપરૂપી કચરાથી મલિન-ખરડાયેલ લોકને ધર્મના ઉપદેશ રૂપી જલથી સાફ કરનારા-ધોનારા પુરુષો દુર્લભ છે. (૨૪)

॥ ઇતિ શ્રાવકવિધિપ્રકરણમ્ ॥

આત્મદર્શનનો અભિલાષ

લેખિકા—શ્રી લીલાબેન હઠીસિંગ

જગતમાં ઘણા મહાપુરુષો થયા છે. તેમનાં વિચારકારેલાં વચનોનો મહાન અર્થ હૃદયમાં ઉતારીએ તો કેટલો આનંદ થાય. તેની પરિસીમા કોણ બાંધી શકે ? "દર્શનથી જે દર્શન થાય તે આનંદ તો જગત ના માય." આત્મદર્શન ક્યારે થાય, ક્યા ધ્યાન, જ્ઞાન, ક્રિયાથી થાય તે સમજવું ઘણું કઠિન છે. આત્મદર્શન એટલે સમ્યક્ત્વનું ભાન થવું જિજ્ઞાસુ આત્મા જ્ઞાનથી તેને હસ્ત કરવા ઇચ્છે, વૈરાગ્ય ને ત્યાગની વૃત્તિ કેળવે, રોગ કામથી નિવૃત્તિ પામે અને આત્માને નિર્મળ કરતાં કરતાં શુદ્ધ ભાવોને પ્રત્યક્ષ કરે. શુદ્ધ જ્ઞાન સહિત ક્રિયાનું આલંબન એ ખરું આલંબન છે. કારણ કે સમ્યગ્જ્ઞાન સહિત જે ક્રિયા તે મોક્ષે ચઢવાની નિસરણી છે. અધકચરા અને અડધા જ્ઞાનવાળા નાસ્તિકો ક્રિયાને વખોડે છે, પણ તેમને ક્યાં ભાન છે કે આ પુદ્ગલાદિક વસ્તુઓ ક્ષણિક છે, અને છતાં મનુષ્યદેહે જ મોક્ષ પામી શકાય છે.

જ્ઞાનનું હસ્ત એવું હોય તો તેની સ્વાભાવિકતા શુદ્ધ ક્રિયામાં જ દેખાય. ઉપયોગ એટલે વિચક્ષણતા; વિશુદ્ધ વિચારવાળું વર્તન. વર્તનને જ્ઞાનથી શુદ્ધ કરવું જોઈએ. જ્ઞાન સ્વસ્થતાનું હોવું જોઈએ. સુજ્ઞતા જોઈએ કે ભોળપણુ પહોંચાડતું જ્ઞાન વિશેષ લાભ કરતું નથી. વિશદ જ્ઞાન શ્રવણ સાથે વાચન વગર આવતું નથી, તેથી સાહિત્યનું ખૂબ વાચન–મનન કરવું જોઈએ

આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત કરવા સતત કેટલો પ્રયત્ન જોઈએ ? ત્યાગ–વૈરાગ્યની સાચી ભાવનાથી ઉચ્ચ કોટીનું મનન કરી મન કેળવવું જોઈએ. રસજ્ઞતા સહિત વૈરાગ્ય તે જ સત્ય ભાવ છે. સમભાવીપણું, મમત્વની ઓછાશ, વિવેકબુદ્ધિ, સાર–અસારનો વિચાર, ક્રિયાનું યથાર્થ જ્ઞાન તે આત્મદર્શનની અભિલાષાને પ્રત્યક્ષ કરાવે છે. આત્મા જ્યાં જ્યાં દૂષિત થતો હોય ત્યાંથી તેને પાછો વાળી માનસિક સંયમમાં રાખવો તે વીતરાગ ધર્મનાં પગથિયાં છે. ચઢવાનું ક્રમે ક્રમે બને, પણ વિચારની શુદ્ધતા તો પહેલાં જ કરવી જોઈએ. કદાચ શરીરબળ શૂન્ય થયું હોય તોપે માનસિક બળથી પણ દુષ્ટ વિચારો, લોલુપતા, અભિલાષાઓ, ધન–યૌવનની સાંસારિક વાસનાઓ વગેરેને કાબૂમાં લાવી અપૂર્વ વીર્યના ઉલ્લાસથી ઉચ્ચ કોટીનું સંયમ સાધવા સતત જાગ્રત અને પ્રયત્નશીલ રહેવું જોઈએ.

મને આત્મદર્શનનો [illegible] અભિલાષ છે. વિચારથી ઉચ્ચ ભાવનાઓનું મનન કરું છું, [illegible] આધ્યાત્મિક બળ ક્યાં કેળવ્યું, ક્યાં [illegible] છે. આત્મદર્શનની વૃત્તિથી પ્રેરાઈ આ લખાયું છે. તેમાં [illegible] [illegible] [illegible] છું. [illegible] [illegible] આ [illegible] [illegible] [illegible] પ્રયત્ન છે.

[illegible] [illegible], અમદાવાદ, તા. ૨૩–[illegible]–[illegible]

મુદ્રક:–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશક:–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

श्री जैन सत्य प्रकाश

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૩ : અંક ૧૨ | અમદાવાદ : તા. ૧૫-૯-૪૮ [ક્રમાંક : ૧૫૬

विषय—दर्शन

લવાજમ સંબંધી સૂચના.

ઘણાખરા ગ્રાહક ભાઈઓનું લવાજમ આ અંકે પુરું થાય છે તો જેમનું લવાજમ પુરુ થતુ હોય તેમણે પોતાના લવાજમના બે રૂપિયા મોકલી આપવા. લવાજમ નહીં મળે તો આવતો અંક વી. પી. થી મોકલવમાં આવશે તે સ્વીકારી લેવા વિનંતિ છે વ્ય.

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

भावनाकुलकम् ।

सम्पादक—पूज्य मुनिमहाराज श्री कान्तिविजयजी

निसाविरामे · परिभावयामि, गेहे पलित्ते किमहं सुयामि ।
[1]डज्झंतमप्पाणमुविक्खयामि, जं धम्मरहिओ [2]दीहे गमामि ॥ १ ॥
इमस्स [3]देहस्स दुहालयस्स, [4]किर जीव लुद्धो ठाणस्सगस्स ।
अन्नं सरं किं पि [5]अपित्थरस्स, जायाइ कूवि व दद्दुरस्स ॥ २ ॥
माणुस्सजम्मे [6]तुडिलद्धएणं, जिणिंदधम्मो न कओ य जेणं ।
तुट्टे गुणे जह धाणुक्कएणं, [7]हत्थामले वा य अवस्सतेणं ॥ ३ ॥
दुलहे वि लद्धे माणुस्सजम्मे, चिन्तामणीतुल्लजिणिंदधम्मे ।
पुविल्लए किंचि वि दुट्ठकम्मे, सुहाणुट्ठाणंमि अणायरो मे ॥ ४ ॥
चरणं चरेउं जइ नो तरेसि, गिहत्थधम्मं न समायरेसि ।
सव्वस्स गमणे अद्धं न लेसि, पच्छा घणं जीव विसूरएसि ॥ ५ ॥
विसुद्धयं दंसणनाणसारं, न धारियं संजमसीलभारं ।
सड्ढत्तणं तं पि हु नामधारं, [8]कहं नु होही भवजलहिपारं ॥ ६ ॥
देवो जिणो साहु गुरू पसत्था, तत्ताइं जीवाइनवपयत्था ।
मन्नंति जे [9]केइ नरा कयत्था, अच्छंतु ता पंचमहव्वयत्था ॥ ७ ॥
धन्ना मुणी जे चइऊण गेहं, तवेण उग्गेण दमंति देहं ।
न मन्नियं पुत्तकलत्तनेहं, बहुमाणसारं पणमामि ते हं ॥ ८ ॥
मायापियाबंधवसयणविंदं, लहु [10]उज्झियं घरवावारदंदं[11] ।
उम्मूलियं मोहणवल्लिकंदं, नमामि तेसिं चरणारविंदं ॥ ९ ॥
पुव्विं पि जे [12]के गिहगुत्तिलीणा, घित्तुं वयं गुरुकुलवासलीणा ।
अमुच्छियाऽगिद्ध अदीणवयणा, कालोचिया जे पालंति जयणा ॥ १० ॥
समिइसमिया तिगुत्तिगुत्ता, सज्झायज्झाणेसु सयाऽणुरत्ता ।
[13]संविग्गचित्ता विकहाविरत्ता, न मोहपंके मणयं पि खुत्ता ॥ ११ ॥
न मोहिया इंदियतक्करेहिं, न विद्धया मयरद्धयसरेहिं ।
न खोभिया दुट्ठपरीसहेहिं, न गंजिया कोहाइयभडेहिं ॥ १२ ॥

(અનુસંધાન ટાઇટલના ત્રીજા પાને)

---

१ ०मविक्खं० प्र० । मुवेक्खं० प्र० । २ दिअहे प्र० । ३ गेहस्स प्र० । ४ किं जीव लुद्धो सि निहाणगस्स प्र० । ५ ०च्छरस्स प्र० । ६ तडि० प्र०, तुट्टिलद्धएणं प्र० । ७ हत्थेमल्लिवाय प्र० । ८ कह अम्ह होही प्र० । ९ के इहइं कयत्था प्र०, केवि इहं कयत्था प्र० । १० ज्झियं प्र० । ११ विंद प्र० । १२ नो गिह० प्र० । १३ संवेगचित्ता प्र० ।

॥ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

वर्ष १३	વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૮	क्रमांक
अंक १२	ભાદરવા શુદિ ૧૨ : બુધવાર : ૧૫મી સપ્ટેમ્બર	१५६

કવિવર દીપવિજયજીવિરચિત

શ્રી કેશરીયાતીર્થની એક અપ્રસિદ્ધ લાવણી

સંગ્રાહક તથા સંપાદક--પૂજ્ય મુનિમહારાજ શ્રી. અભયસાગરજી

[નોંધ—આ લાવણી વિ. સં. ૧૮૭૫ના ફાગણ શુદિ ૧૩ મંગળવારે ઉદયપુરના મહારાણા શ્રી. ભીમસિંહના રાજ્યમાં કેશરિયાજીના એક સંઘમાં ગયેલા કવિ દીપવિજયજી મહારાજે બનાવેલ છે......આમાં યદ્યપિ વર્તમાન ઐતિહાસિક દૃષ્ટિએ તપાસતાં સાહિત્યિકોને ઐતિહાસિક તત્ત્વ પ્રાપ્ત નહીં થાય, પણ મારું માનવું છે કે—આ લાવણીમાં જે ત્રણ કિંવદન્તીઓનો સંગ્રહ કરેલ છે, તેને પારમાર્થિક દૃષ્ટિએ ચકાસતાં તેમાંથી કંઈ અસત્યનું તત્ત્વ મળી આવતું નથી, માટે કિંવદન્તીઓ બધી જ ખોટી, એવા અસદાગ્રહને છોડીને તત્ત્વગવેષણા કરનાર સાહિત્યિકોને કેશરિયાજી તીર્થની પ્રાચીનતા તેમ જ પ્રાભાવિકતા આદિ સમજવા આ લાવણી બહુ ઉપયોગી નીવડશે.

આ લાવણી 'उदयपुरના श्री जैनानंद ज्ञानमंडार'ના હસ્તલિખિત સંગ્રહમાંથી ગત વૈશાખ માસમાં મળી આવેલ છે. —સંગ્રાહક]

ટૂંક સાર—લાવણીકાર પ્રથમ આદિનાથ ભગવાનની સ્તુતિ કરી વર્તમાન કેશરિયાજી તીર્થ જે પ્રાંતમાં છે, તે પ્રાંતનું પ્રાચીન નામ '**खड्गदेश**' જણાવી, વર્તમાન પ્રતિમાજીની ઐતિહાસિકતા કિંવદન્તીના આધારે જણાવતાં કહે છે કે—આ પ્રતિમા આમ તો [1]ઘણા કાળથી પૂજાતી આવી છે, પણ રાવણને ત્યાં લંકામાં અગિયાર લાખ, પંચ્યાશી હજાર, પાંચશે અને પચાસ (૧૧૮૫૫૫૦) વર્ષ સુધી પૂજાણી. બાદ રામચંદ્રજીએ રાવણનો વધ કર્યા પછી અયોધ્યા પાછા ફરતાં તે પ્રતિમાજી પણ સાથે લીધાં, પણ અધવચ્ચે જ '**उज्जयिनी**'પુરીમાં જ તે પ્રતિમાજી રહ્યાં [2] ત્યાં પછી શ્રીપાલ મયણાસુંદરીના જીવનનો

---

૧ અહીં લાવણીકારે **आयौ मूरत काल अनंतकी** આદિ ગાથામાં 'અનંત કાલ' શબ્દનો પ્રયોગ કર્યો છે, તે ઔપચારિક—લાક્ષણિક સમજવો. કવિનો મૂળ આશય ઘણો કાળ જણાવવાનો છે.

૨ લાવણીકારે આનું કંઈ કારણ જણાવ્યું નથી. **नयर अयोध्या जाते अधबिच शाहर उज्जेणी ठहराये** પદ મૂકી આ વાતને ગર્ભિત રાખી છે.

નવપદારાધના આદિને લગતો આખો પ્રસંગ જણાવી લાવણ્યીકારે તેનાથી આ પ્રતિમાજીની પ્રાભાવિકતા સિદ્ધ કરી છે.[3]

પછી ત્યાંથી તે પ્રતિમાજી વર્તમાન કેશરિયાજી તીર્થથી ૨૨ માઈલ દૂર ડુંગરપુર રાજ્યાંતર્ગત ડુંગરપુરથી ૨૨ માઈલ દૂર હાલના [4] અંતરીદાનગરમાં પધાર્યાં, અને ત્યાં ઘણાં વરસ પૂજાયાં.

ત્યાર બાદ દિલ્હી ઉપર મુસલમાનોનું રાજ્ય થતાં બાદશાહ ચઢાઈ લઈને વાગડ તરફ આવે છે. અને કેટલોક સમય લડવા છતાં તેને જીત મળતી નથી ત્યારે કંટાળીને બાદશાહ કાજી મુલ્લાઓની સલાહ લઈ પ્રતિમા સામે ઔષધ કરવા લાગ્યો. ત્યારે પ્રતિમા પોતે જ શસ્ત્રોના ખણખણાટ સાથે ઊભા થઈને બાદશાહી ફોજ સાથે લડવા લાગી. લડતાં લડતાં પ્રતિમાના શરીર ઉપર ચોરાશી ઘાવ લાગ્યા, બાદશાહની ફોજને ભગાડી, ત્યાંનો બધોય જનસમુદાય અને લાખો ગાડાં લઈ પ્રતિમાજી ધુલેવે આવ્યાં,[5] અને ત્યાં વંશજાળમાં ભૂગર્ભમાં પ્રભુની પ્રતિમા રહી. બાદ ત્યાંના વાણિયાની ગાય ચરતી ચરતી તે સ્થાને આવી, અને એની મેળે તેનું દૂધ ત્યાં ઝરી જવા માંડ્યું. ગોવાળને વાણિયાએ ધમકાવવાથી ગોવાળ અને વાણિયા બન્નેએ ગાયનું દૂધ તે વંશજાળમાં ઝરી જતું જોયું. તે જ રાત્રિએ શેઠને સ્વપ્નું આવ્યું કે, પ્રભુની પ્રતિમાને બહાર કાઢો અને લાપસીમાં નવ દિવસ રાખો, તે પહેલાં ન કાઢતા. સવારે બહાર પ્રતિમા કાઢી લાપસીમાં રાખી, પણ છ દિવસ થતાં થતાં તો આ વાતની જાણ થતાં દેશદેશાવરોથી હજારો યાત્રિકો અનેક જાતની અન્ન-પાણી રૂપાની બાધા-આખડીઓ લઈ આવ્યા અને તેઓએ ખૂબ આગ્રહ કરી પરાણે સાતમે દિને પ્રભુજીને લાપસી બહાર કાઢ્યા.[6] જેથી પ્રતિમાજી ઉપર ઝીણા ઝીણા ઘાનાં ચિહ્નો રહી જવા પામ્યાં, બાદ અધિષ્ઠાયક સ્વપ્ન આપી દ્રવ્ય દેખાડી દેરાસર બંધાવ્યું, અને પ્રતિમાજી ગાદી ઉપર બિરાજ્યા અને જયજયકાર વર્ત્યો.[7] આ પછી લાવણ્યીકારે વિ. સં. ૧૮૬૭માં બનેલી જગ પ્રસિદ્ધ-લગભગ ઐતિહાસિક જેવી—બાઉ સદાશિવની ચઢાઈનો પ્રસંગ ઉપસ્થિત કરી તેનો આબેહૂબ ચિતાર દર્શાવ્યો છે, અને ભૈરવજીએ તેનો પ્રતિકાર કેવો સજ્જડ કરેલ આદિ વર્ણન કરતા વચ્ચે વચ્ચે વીરરસનું તથા દુઃખથી પીડિત ભક્તજનોના પુકારનું કરુણરસમયું અદ્ભુત વર્ણન કરેલ છે.

---

૩ અહીં કવિએ જે મયણાસુંદરીને મુખે લગ્નના બીજા દિને દેરાસરમાં આદિનાથ ભગવાનની મોતીદામ છંદ માં સ્તુતિ કરાવી છે, તેમાં ભાવગાંભીર્ય એવં સરસ પદ-રચનાથી ખરેખર લાવણ્યીકારનું કવિત્વ ઝળકી ઉઠે છે.

૪ જે પ્રાચીન કાળમાં વટપદ્ર નગર કહેવાતું અને વાગડ દેશની રાજધાની હતી, તેમ જ પરમાર્હત કુમારપાલના જીવનપ્રસંગમાં વટપદ્રના વાણિયાનો પ્રસંગ આવે છે તે પણ આ જ સ્થાન જાણવું.

૫ આ બધું તેના અધિષ્ઠાયક દેવની માયા જાણવી.

૬ આજે પણ પ્રતિમાજી ઉપર તેવાં ચિહ્નો સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં જણાય છે.

૭ આ વાત કિંવદન્તી રૂપે લાવણ્યીકારે સંગ્રહી છે. મેં જાતે પણ ઉદયપુરના ગત ચતુર્માસ દરમિયાન કેટલાક અનુભવી વૃદ્ધોને મુખે પણ આ વાત કંઈક વિશિષ્ટતા પૂર્વક સાંભળેલી, અને તે બાજુ વિશેષ પ્રચલિત પણ છે.

અંતે **મોતીદામ છંદ** માં પ્રભુભક્તિમાં તન્મય ચિત્તથી ઉદ્‌ગારેલ ભાવભક્તિભીના મધુર શબ્દોમાં કેશરીયાનાથજીની સુંદર સ્તુતિ કરી લાવણી પૂર્ણ કરી છે.

આ પ્રમાણે આમાં પ્રતિમાની ઐતિહાસિક પ્રભાવિકતા સંબંધી લાવણીકારે જનતામાં પ્રચલિત કિંવદન્તીઓનો સંચય કરી સાહિત્યરસિકોને આ બાબત સંશોધનની દિશામાં ઉત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો લાગે છે.

અંતે આ વિષયના અનુભવી જાણકારો પાસેથી હું આશા રાખું છું કે અમુક જાતના આપ્ત ગણાતા વૃદ્ધ પુરુષોનાં મુખોપમુખથી કહેવાતી અને ચાલી આવતી આવી અનેક કિંવદન્તીઓ પણ સાવ અપ્રમાણિક કે નિર્મૂલ હોય એવી માન્યતા છોડી તેઓ આવી લાવણી ઉપર વિશેષ કંઈ પ્રકાશ પાડશે, અથવા આને લગતું અન્ય વિશિષ્ટ સાહિત્ય પ્રગટ કરી આ વિષયને વિશેષ સ્પષ્ટ કરશે.

વિ. સં. ૨૦૦૪, અષાડ વદ ૩, શનિવાર
એલિસબ્રીજ — અમદાવાદ.

લાવણી

श्रीमहागणाधिपतये नमः

(दुहा)

आदिकरण आदि जगत आदिजिणंद जिनराज ।
धुलेवनाथ साचो धणी वरणुं श्री माहाराज ॥ लावणी ॥ १ ॥
कास्यप गोत्र इक्षागवंसमें मरुदेवि जननी जायो
नाभिनरेसरवंसउजालण आदि धर्म जस प्रगटायो ॥ २ ॥
चोसठि सुरपती देवी देवता मिल मंदरगिरपर नवरायो ।
इसो ऋषभनिधि प्रगट कल्पतरु नरवर मुनि जिन नित ध्यायो ॥ ३ ॥
खड्गदेशमें नगर धुलेवे जास दमामा धुरता है ।
ज्याकी महिमा अपरंपारा कविजन कीरत करता हें ॥ ४ ॥
आदौ मूरत काल अनंतकी पूजित सूरनर असुरिंदा ।
सुरपति नरपति वंदित पदजुग वलि पूजित सूरज चंदा ॥ ५ ॥
लाख इग्यारे हजार पिचासी वरस पांचसे पचासा ।
इतने वरसां लंकागढमें पूजित रावण गुणरासा ॥ ६ ॥
रामचन्द्र सीता अरु लछमण ए मूरत पूजन लाये ।
नयर अयोध्या जाते अधबिच सहर उजेणि ठहराये ॥ ७ ॥
प्रजापाल नरपतकी तनया सुंदरि मयणां घर मन कि ।
बाप कर्म अरु आपकर्मके भई लडाई मनमनकी ॥ ८ ॥

आपकरमके उपर नृपने कुष्टि वरकुं परणाइ ।
मयणा चिंते कांई न भाई कर्म लिखि सो बणि आई ॥ ९ ॥
इक दिन जिनवंदिन गुरुवंदिन आइथी जिनमंदिरपे ।
वंदिनपूजन करके एकचित ध्यान धरे मनकंदरपे ॥ १० ॥

(अथ ध्यानस्तुति । छन्द-मोतिदामः)

तुंहि अरिहंत तुंहि भगवंत तुंहि जिनराज तुंहि जग संत ।
तुंहि जगनाथ तुंहि प्रतिपाल तुंहि मनमोहन गाजिदयाल ॥ १ ॥
तुंहि भवभंजन भावमरुय तुंहि अरिगंजन रंजनभूप ।
तुंहि अविनाश तुंहि महाराज तुंहि वीतराग तुंहि वडभाग ॥ २ ॥
तुंहि गुणधाम तुंहि विसराम तुंहि नवनिध तुंहि वडनाम ।
तुंहि अघनास तुंहि अविनाश तुहि हितवंत तुंहि मतिवास ॥ ३ ॥
तुंहि गुणकेवलरूप अनंत तुंहि जगतारन तारन संत ।
तुंहि जगधेय तुंहि जगध्यान तुंहि चिद्रूप तुंहि जगभांन ॥ ४ ॥
तुंहि मम मात तुंहि मम तात तुंहि मम भ्रात तुंहि मम छात ।
तुंहि सुखसंपत राखणहार तुंहि दुखदाहग टालनहार ॥ ५ ॥

(लावणि)

करुं अरज एक तोपे जिनपति कंत कुष्टसे नहिं डरते ।
पूर्व करमके लिखत लेख जे किसके टारे नहिं टरते ॥ ६ ॥
पिण तुज शासन जगतहेलना जगत ढंढेरो वाजत है ।
आपकर्म अरु जैनधर्मके फल पाए सो लाजत है ॥ ७ ॥
ओ दुख मोये सह्यो न जाय है आदिनाथ जग रखवाला ।
करुणाकरके रोग निवारो गुण कीजे जगप्रतिपाला ॥ ८ ॥
आप प्रसन्न होय फल बिजोरो हाथलगो फल सब दीनो ।
मयणा तब उल्लास भई मनचिंत्यो कारज सब किनो ॥ ९ ॥
नव दिन नमणनिर तनु फरसे कुष्टरोग सब नासत है ।
कामदेव प्रमु अमर समोवड नृप श्रीपाल सुहावत है ॥ १० ॥
या किरत हे प्रभू तिहारि भूतल प्रगट प्रगलहे जस तेरो ।
आसोज चैत्र मासमें महिमा देसदेसमें प्रभू तेरो ॥ ११ ॥
फिर बागडदेस वडोद नगरमें जगपर प्रभू करुणा किनी ।
कीतने बरस कर्मों पूजनमहिमा अविचल भूतल आप दीनि ॥ १२ ॥

दिल्लिपर तुरकांन भयो जब पातसाह लडवा आयो ।
तूत मूल पत्थरकी मूरत जडामूलसें उखरायो ॥ १३ ॥
बहोत दिनां लग किनी लडाई थाको यौं वाचा बोले ।
देव हिंदुको बडो जागतो यौं बोलत फीर फीर डोलै ॥ १४ ॥
सुणो बात काजी मुल्लां तुम एक वातसें त्रासेगा ।
गोब्राह्मणप्रतिपाल कहावे गोवधसे जो नासेगा ॥ १५ ॥
गोवध करन लग्यौ जब निजरां देख शके क्यौं प्रतिपाला ।
करण जुध जब भए महाबल शस्त्र जडोजड विकराला ॥ १६ ॥

(दूहो)

महायुध करते लगें घाव चोरासी अंग ।
करि मेलो लाखां गाडली आये धूलेवे सूरंग ॥ १ ॥

(लावणी)

गाम धूलेवे वंसजालमें गुपत रहे हे प्रभु धरति ।
गाय येके केडे वणीयनकी आई उहां चरति चरति ॥ १ ॥
श्रवे तवां पयधारा सिरपर सांज समे फिर नहिं दूजै ।
रिस करे तब गोवालन पर गोपालक थीर थीर धूजें ॥ २ ॥
दूजे दिन गोवाल्यो आयो लह्यो मेद कह्यो वणियनपें ।
सेठ आय जब निजरे देख्यो चकित भयो हे तनमनमें ॥ ३ ॥
मध्य निसामें सुपनो दिनो ऋषभनाथकी मूरत हे ।
बाहिर काढे करे लापसी भितर मूरत पूरत हे ॥ ४ ॥
नव दिनमें सब घाव मिलासि मत काढो तु नव दिनमें ।
कीयो शेठने हुकमप्रमाणे आये संघ बहो छ दिनमें ॥ ५ ॥
केइ अपवासी केई व्रतधारी केई अल्रुआणे पाय चलें ।
केइ लोककु कर बाधा कबां प्रभुको दरिसण मिलें ॥ ६ ॥
यो सब लोकां तरसे दरिसनकुं कहे लोक मूरत काढो ।
लाखो लाखो महाराजको मूरत संघ सबे किनो आडो ॥ ७ ॥

जबरदस्तपें दिवस सातमें लापसी बाहिर तब किनें ।
अंस अंस भर व्रण रहाए संघलोकने दरसन दिनौ ॥ ८ ॥
फिर सुपनेमें द्रव्य दिखायो संघ मिले देहरो किनों ।
मध्य बिराजे ऋषभ तखतपर कलियुगमें यों जस लिनों ॥ ९ ॥

(दुहो)

संवत अठारे सतसठसमें भाउ सदासीवराय ।
कीयो धींगाणो दुष्टनें भाखुं वरण बनाय ॥ १ ॥

(छंद—मोतीदाम)

सदासीवराव चिंते मन एह लूटे बहु धाम जमीं पर जेह ।
मिलां पतिनाथ धूलेव कहाय अखोलख द्रव्य भंडार सुनाय ॥ २ ॥
जावां अब लूटण गाम धूलेव ग्रही सब माल ग्रही ततखेव ।
आयो निज फोज लेई दलराज तोपां दोय साथ लीए बहु साज ॥ ३ ॥
कंपू दोय लार लिए फिरंगाण उठां भर साथ लिए कोक बाण ।
तब बहु लोक कहे माहाराज नहि इहां कारज कृत अकाज ॥ ४ ॥
ए तो बहु झाजल देव कहाय रहे नहीं लाज तिहारि काय ।
तबां फिर बोले सदासीव भूप गहुं सब चीज अबां चढ चूंप ॥ ५ ॥
इसो कहि आवत दुष्ट करूर कियो निज राणो नाथ हजूर ।
राख्यो नहि नाथ तबां निज गण गयो मचकित मन गिलाण ॥ ६ ॥
तबां मन चिंते भंडारि बुलाय मीठे व वन बोले सबे ललचाय ।
लेई संघ आय मुकां मम जार कियो तब कुंच लेई सब लार ॥ ७ ॥
करे तब गांम पूकार पूकार भंडारि सबे य पूकार पूकार ।
करो अब बाहर नाथ दयाल गयो कहां आज गरीबनिवाज ।
चढो अब बाहर राखण लाज (पंचपदी) ॥ ८ ॥

(दुहो)

उण समे कोढ शेठको वाहण तारण काज ।
गये हुंते माहाराजजी मेरुं गए वहां गाज ॥ १ ॥

सुणो अरज पृथीनाथजी सेहेर धुलेव मजार ।
कियो घिगांनो दुष्टने सीघ्र चलो जन तार ॥ २ ॥
आये तुरत माहाराजजी करवा जन संभाल ।
दा घोडे दोनूं चढे मेरु अर प्रतिपाल ॥ ३ ॥
भिल्लको रूप आपें कियो दिस दिस फोज हजार ।
मार मार चोतरफतें भई लडाई त्यार ॥ ४ ॥

(छंद—भुजंगी)

कुकु कूकू कहे कोक बांण सणण सणण तिर तरगके बाण ।
धूबके धूबके वहे नालगोला जिसा कर्कसा जमरा नेण डोला ॥ १ ॥
केते अंगपे सन्नरा घाव लागे केते मारिथि कंपते दूर भागे ।
केते दंतपें तरन लेवेव रांक केते थरथरे सेस होवे न राक ॥ २ ॥
केतें रसुल, ईलल्ला, ईलल्ला, पुकारे किते दीन ह्वेके खूदापें संभारे ।
किते नाथकुं केसराष् न मांने केते नाथकुं जागति जोत जाने ॥ ३ ॥
सदासीवपें घाव लागो अटारों फूनि भाउ जसवंत दोनू संहारे ।
बडो कोप जानि सबे भो(फो)ज भाजी हुइ केसरानाथरी जित वाजी ॥ ४ ॥
सदासीवपें घव लागो अटारों फूनि भाउ जमवंत दोनू संहार ।
बडो कोप जानि यह फोज भाजी हुई केसर्या नाथरी जित वाजी ॥ ५ ॥

(दुहो)

याविघ कलियुग जगजना तार्या के जिनराज ।
दीपविजय कविराजकुं महिर करो महाराज ॥ १ ॥

(छंद — मोतीदाम)

तुंहि अडरिघ तुंहि नवनिघ तुंहि मनवंछत इछतसिघ ।
तुंहि सिरदार तुंहि किरतार तुंहि सरणागत दीनदयाल ॥ २ ॥
तुंहि घटकुंभ तुंहि गविघेन तुंहि सुरवृच्छ तुंहि मम सेन ।
तुंहि दिक्षणावर्त्त दायक देव तुंहि विसराम तुंही वड सेव ॥ ३ ॥
तुंहि मम प्राण आघार जरूर तुंहि मम इच्छत दायक नूर ।
तुंहि मम भूप तुंहि पातसाह तुंहि मम ऋद्ध भंडारि अगाह ॥ ४ ॥

तुंही मम मंत्र तुंही मम जंत्र तुंही मम सत्य तुंही मम तंत्र ।
तुंही गच्छनायक तुं श्रीपूज्य तुंही मम पूज्य तुंही जग पूज्य ॥ ५ ॥

(लावणी)

नाथ धूलेवा किरत सुणकें देसदेसके नृप आवत हें ।
केसरमें गरगाव रहें हें केसर्यो नाथ कहावत हें ॥ ६ ॥
सहेर परगने देसदेसावर फीरे दुहाई नाथकी ।
हिंदू मूसल वड राणां हाजर पूरे इच्छा सब मनकी ॥ ७ ॥
जलवट थलवट वाटधाटमें रण राउल भय दूर हरे ।
तनमन ध्यानें एक चित समरें अखय खजानो अमर भरे ॥ ८ ॥
धिधिमप २ धपमप २ तालपरवा वजरावत हें
गगडदौं गगडदौं २ धो धौ नौपतसहि वाजत हें ।
हिंदुपत पतसाह उदेपूर भिमसिंघके राजनमें
एह लावणी खूब वणाई सकलसिंघके साजनमें ॥ ९ ॥
संवत १८७५ के शुभ वरसें फागुण सुदि तेरस दिवसें ।
मंगलके दिन दीपविजयकुं दरसण फरसण दो उलसें ॥ १० ॥

(कलस)

ऋषभनाथ प्रथीनाथ ऋषभ दुखदालिद्र भंजण
ऋषभनाथ प्रथीनाथ सबे भूप मनरंजन ।
ऋषभनाथ प्रथीनाथ समर्यो वाहर धायें
ऋषभनाथ प्रथीनाथ मंगला नाम गवाइं ॥ ११ ॥
दीपविजे कविराज कहें खलक मूलक हाजर रहे ।
कलियुग साचो देव तुं सुर नर सवि किरत कहे ॥ १२ ॥

इति श्री ऋषभदेवजीरी लावणी संपूर्णम् ।

संवत १९१३ वर्षे मिति आसोज वदि ७ दिने दक्षिणदेसे गाम येवला मध्ये । साधुजी महाराज श्री १०८ श्री श्री हेमसागरजी तत् शिष्य श्री १०५ श्री रूपचंदजी तत् शिष्य नंदलाल पठनार्थम् । लिखितं दवे अमरचंद पलिवाल ।

કનકકુશલગણિ અને એમની કૃતિઓ

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

"ભક્તામર-કલ્યાણમન્દિર-નમિઊણસ્તોત્રત્રયમ્" નામનું પુસ્તક દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૩૨માં પ્રસિદ્ધ થયું છે. એની સંસ્કૃત ભૂમિકા (પૃ. ૨૯-૩૦)માં મેં કનકકુશલગણિનો આછો પરિચય તેમ જ એમની સોળ કૃતિ વિષે સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે. ત્યાર બાદ ઈ. સ. ૧૯૩૩માં જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પ્રસિદ્ધ થયો છે. એની ૮૭૦મી અને ૮૯૧મી કંડિકામાં કનકકુશલ અને એમની કૃતિઓ વિશે સંક્ષિપ્તમાં નોંધ લેવાઇ છે. આ અરસામાં "આત્માનંદ પ્રકાશ"ના વિ. સં. ૧૯૮૮ના માગશરના અંકમાં "સૌભાગ્યપંચમીકથા" નામના લેખમાં આ ગણિ અને એમની કૃતિઓ વિષે થોડોક ઉલ્લેખ છે. આ લેખ 'વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો" નામના લેખ-સંગ્રહમાં ૧૧મા લેખ તરીકે આ વર્ષે છપાયો છે. અને એ લેખો અ. ભોગીલાલ સાંડેસરાના છે. આમ આ ગણિ વિષેની માહિતી પૂરી પાડનાર આ ત્રણ મુખ્ય સાધનો છે.

દીક્ષાગુરુ ને વિદ્યાગુરુ—કનકકુશલગણિએ **દાનપ્રકાશ** રચ્યો છે. એના પ્રત્યેક પ્રકાશના અન્તમાંની પુષ્પિકામાં એમણે પોતાનો પરિચય આપતાં કહ્યું છે કે 'તપાગચ્છ'ના નાયક શ્રીવિજયસેનસૂરીશ્વરના શિષ્ય શ્રીસોમકુશલગણિના શિષ્ય પંડિત કનકકુશલગણિકૃત **દાનપ્રકાશ** છે. આ **દાનપ્રકાશ**ની પ્રશસ્તિમાં તેઓ પોતાના વિદ્યાગુરુ તરીકે વાચક શાન્તિચન્દ્ર અને વિબુધ કમલવિજયનો ઉલ્લેખ કરે છે. **રોહિણીકથા**ની પ્રશસ્તિમાં અને **સાધારણ જિન સ્તવ**ની વૃત્તિની પુષ્પિકામાં એમણે પોતાને વિજયસેનસૂરિના 'શિષ્યાણુ' તરીકે અને **ભક્તામરસ્તોત્ર**ની વૃત્તિની પ્રશસ્તિમાં હીરવિજયસૂરિના 'શિષ્યાણુ' તરીકે ઓળખાવેલ છે આમ એમણે 'લઘુ શિષ્ય' અર્થવાળો શિષ્યાણુ' શબ્દ 'પ્રશિષ્ય' તેમજ એના પણ શિષ્યના અર્થમાં વાપર્યો છે. જૈ૦ સા૦ સં૦ ઈ૦ (§ ૮૭૦)માં કનકકુશલને, વિજયસેનસૂરિના શિષ્ય તરીકે ઓળખાવાયા છે તે ભૂલ છે. આ ભૂલ 'શિષ્યાણુ'નો લઘુ શિષ્ય એ એક જ અર્થ ખ્યાલમાં રહેવાથી થઇ હશે. § ૮૯૧માં વિક્રમના સત્તરમા શતકમાં સંસ્કૃત અને પાઇય ગ્રંથોના ગદ્યાત્મક અનુવાદરૂપે બાલવબોધ-ટબા ક્યા ક્યા થયા છે તેનો ઉલ્લેખ કરતી વેળા "ત. કનકકુશલે સં. ૧૬૫૫માં **વરદત્તગુણમંજરીકથા, સૌભાગ્યપંચમીકથા** અને **જ્ઞાનપંચમીકથા** પર" એવો ઉલ્લેખ છે. આમ અહીં એક જ કૃતિને ત્રણ ભિન્ન ભિન્ન ગણી હોય એમ લાગે છે. એટલે જો એ એમ જ હોય તો એ પણ ભ્રાન્ત ઉલ્લેખ છે એમ એમનો કૃતિકલાપ વિચારતાં જણાય છે.

કૃતિકલાપ

કનકસુન્દરગણિની કૃતિઓનાં નામ અને ત્યાં સુધી એના રચના-વર્ષના ઉલ્લેખ પૂર્વક અહીં હું રજૂ કરું છું:—

નામ	રચના-વર્ષ
૧ 'ઋષભ! નમ' સ્તોત્રવૃત્તિ	વિ. સં. ૧૬૫૨[1]

૧ આ વર્ષમાં હીરવિજયસૂરિનો ઉનામાં સ્વર્ગવાસ થયો.

૨ કલ્યાણમન્દિરસ્તોત્રવૃત્તિ	વિ. સં. ૧૬૫૨
૩ ગોડીપાર્શ્વનાથછંદ	?
૪ ચતુર્વિંશતિજિનસ્તોત્રવૃત્તિ	વિ. સં. ૧૬૫૨
૫ જિનસ્તુતિ	વિ. સં. ૧૬૪૧
૬ જ્ઞાનપંચમીકથા (સૌભાગ્યપંચમીકથા)	વિ. સં. ૧૬૫૫
૭ જ્ઞાનપંચમીકથાનો બાલાવબોધ	?
૮ દાનપ્રકાશ	વિ. સં. ૧૬૫૬
૯ દીવાળીકલ્પ (સં. દીપાલિકાકલ્પ)	?
૧૦ 'દેવાઃ પ્રભો' સ્તોત્રવૃત્તિ	?
૧૧ પંચમીપર્વસ્તુતિવૃત્તિ	વિ. સં. ૧૬૫૨
૧૨ ભક્તામરસ્તોત્રવૃત્તિ	વિ. સં. ૧૬૫૨
૧૩ રત્નાકરપંચવિંશતિકાટીકા	?
૧૪ રોહિણીકથા	વિ. સં. ૧૬૫૭
૧૫ વરદત્તગુણમંજરીબાવની	?
૧૬ વિશાલલોચનસ્તોત્રવૃત્તિ	વિ. સં. ૧૬૫૩
૧૭ શોભનસ્તુતિવૃત્તિ	?
૧૮ સકલાર્હચ્ચૈત્યવંદનવૃત્તિ	વિ. સં. ૧૬૫૪
૧૯ સાધારણજિનસ્તવનવૃત્તિ	?
૨૦ સુરપ્રિયમુનિકથા	વિ. સં. ૧૬૫૬
૨૧ 'સ્નાતસ્યા' સ્તુતિવૃત્તિ	વિ સં ૧૬૫૮
૨૨ હરિશ્ચન્દ્રરાજાનો રાસ	વિ સં. ૧૬૯૭

આ પૈકી જિનસ્તુતિ, રત્નાકરપંચવિંશતિકાટીકા, અને સુરપ્રિયમુનિકથા એ ત્રણનો ઉલ્લેખ છે. સા. સં. ઇ. ને આધારે અને શોભનસ્તુતિવૃત્તિનો ઉલ્લેખ છે. ગુ. ક. ને આધારે મેં અહીં કર્યો છે, જ્યારે જ્ઞાનપંચમીનો બાલાવબોધ અને હરિશ્ચન્દ્રરાજાનો રાસ એ બેની નોંધ ઉપર્યુક્ત લેખસંગ્રહને આધારે લીધી છે. બાકીની સોળ કૃતિનાં નામ તો મેં પૂર્વોક્ત સંસ્કૃત ભૂમિકામાંથી અહીં ઉતાર્યાં છે. ઉપર જે મેં બાવીસ કૃતિઓ ગણાવી છે તેમાં જિનસ્તુતિ એ સૌથી પ્રાચીન છે. એની પૂર્વે કોઈ કૃતિ કનકકુશલે રચી હોય એમ જાણવામાં નથી. એમની છેલ્લી કૃતિ હરિશ્ચન્દ્રનો રાસ હોય એમ લાગે છે, કેમકે ત્યાર પછીની કોઈ કૃતિ જોવામાં આવી નથી.

એમની મુખ્ય પ્રવૃત્તિ વિવિધ સ્તોત્ર-સ્તુતિ ઉપર ગદ્ય સંસ્કૃતમાં વૃત્તિ રચવાની હતી એમ આ કૃતિકલાપ જોતાં ભાસે છે. વિ. સં. ૧૬૫૨માં એમણે ચાર સ્તોત્ર અને એક સ્તુતિ એમ પાંચની વૃત્તિ રચી છે.

ગોડીપાર્શ્વનાથછંદ, જ્ઞાનપંચમીકથાનો બાલાવબોધ અને હરિશ્ચન્દ્રરાજાનો રાસ એ ત્રણ ગુજરાતી કૃતિઓ છે. વરદત્તગુણમંજરીબાવની કદાચ હિન્દીમાં હશે. દીવાળીકલ્પ એ પાઇય કૃતિ છે. આ સિવાયની તમામ કૃતિઓ સંસ્કૃતમાં છે.

હવે હું ઉપર્યુક્ત બાવીસ કૃતિઓ વિષે ક્રમશઃ થોડીક વિગતો રજૂ કરીશ :

(૧) 'ઋષભ ! નમ્ર !' સ્તોત્રવૃત્તિ—જિનપ્રભસૂરિએ 'ઋષભ ! નમ્ર'થી શરૂ થતું ૨૧ પદ્યનું સ્તોત્ર રચ્યું છે. એ પ્રકરણરત્નાકર (ભા. ૪)માં તેમજ જૈનસ્તોત્રસમુચ્ચય (પૃ. ૧૪૯-૧૫૧)માં છપાયું છે. એના ઉપરની આ ગદ્યાત્મક વૃત્તિ છે અને એનું પ્રમાણ ૪૫૭ શ્લોક જેટલું છે. આની પ્રશસ્તિનાં પાંચ પદ્યો મેં ઉપર્યુક્ત ભૂમિકામાં આપ્યાં છે.

(૨) કલ્યાણમંદિરસ્તોત્રવૃત્તિ—સિદ્ધસેન દિવાકરે રચેલા કલ્યાણમન્દિરસ્તોત્ર ઉપરની આ ગદ્યાત્મક વૃત્તિ છે. એનું પ્રમાણ ૬૦૦ શ્લોક જેવડું છે. આ વૃત્તિ તેમજ ભક્તામરસ્તોત્રવૃત્તિ મેં સંપાદિત કરી છે અને એ બંને ઉપર્યુક્ત "ભક્તામર-કલ્યાણમન્દિર-નમિઊણસ્તોત્રત્રયમ્" નામના પુસ્તકમાં અનુક્રમે પૃ. ૧૫૩-૨૧૯માં અને પૃ. ૧૨૬-૧૫૧માં છપાઈ છે. આ બંને વૃત્તિમાં સમાસો વિષે સમજણ અપાઈ છે. પૃ. ૧૭૪માં 'માલવ' દેશમાં લોકો પવનો બીજને 'અક્ષ' કહે છે એવો ઉલ્લેખ છે.

(૩) ગોડીપાર્શ્વનાથ-છંદ—આ ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથની કે જેમનાં વિવિધ નામોમાંના એક નામમાં 'ગોડી' શબ્દ છે, તેમની સ્તુતિરૂપ કૃતિ હશે એમ લાગે છે. આ છપાઈ હોય તો તેની મને ખબર નથી. આની હાથપોથીઓ ક્યાં ક્યાં છે તે જાણવું બાકી રહે છે.

"શ્રીભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહનો દ્વિતીય ભાગ" જે મેં સંપાદિત કર્યો છે તેના 'ત્ર' પરિશિષ્ટ તરીકે વિજયસેનસૂરિના શિષ્ય વિનયકુશલના શાંતિકુશલે રચેલ (ગોડી)પાર્શ્વનાથસ્તવન છપાયું છે. આ સ્તવનના પ્રારંભમાં પાર્શ્વનાથનાં ૧૧૦ નામ ગણાવાયાં છે. આ સ્તવન વિ. સં. ૧૬૬૭માં ગુજરાતીમાં વિનંતિ રૂપે રચાયું છે.

(૪) ચતુર્વિંશતિજિનસ્તોત્રવૃત્તિ—જિનપ્રભસૂરિએ રચેલ ચોવીસ જિનોની સ્તુતિરૂપ કૃતિની આ ગદ્યાત્મક વૃત્તિ છે. એનું પ્રમાણ ૫૦૧ શ્લોક જેટલું છે. આ સ્તુતિ તે કઈ તે જાણવામાં નથી. એ જો 'ઋષભ ! નમ્ર !'થી શરૂ થતી જ સ્તુતિ હોય તો આ પૃથક્ ગણવાની રહેતી નથી.

(૫) જિનસ્તુતિ—આ કયા તીર્થંકરની સ્તુતિ છે તે વાત તેમ જ એ કોઈ સ્થળેથી છપાઈ છે કે કેમ તેની તપાસ કરવી બાકી રહે છે.

(૬) જ્ઞાનપંચમીકથા—જ્ઞાનની વિરાધના અને આરાધનાનાં ફળ દર્શાવનારી આ ગદ્યાત્મક કૃતિ છે. એમાં રાજપુત્ર વરદત્ત અને શ્રેષ્ઠિ-કન્યા ગુણમંજરીનો અધિકાર છે. સાથે સાથે બન્નેના પૂર્વ ભવ અને ઉત્તર ભવ વિષે પણ નિર્દેશ છે. આ કૃતિનું પ્રમાણ ૧૫૦ શ્લોક જેવડું છે. એ મેડતામાં રચાઈ છે. આને કેટલાક 'વરદત્તગુણમંજરીકથા' પણ કહે છે. (જુઓ જિનરત્નકોશ, પૃ. ૩૪૧.) જ્ઞાનપંચમીને સૌભાગ્યપંચમી કહેવાનું કારણ દર્શાવતાં અહીં કહ્યું છે કે પંચમીના આરાધનથી મનુષ્યોને અધિક સૌભાગ્ય મળે છે. એથી એનું સૌભાગ્યપંચમી એવું નામ લોકમાં પડ્યું.

(૭) જ્ઞાનપંચમીકથા-બાલાવબોધ—આ ઉપર્યુક્ત સંસ્કૃત કૃતિનો ગુજરાતીમાં ગદ્યાત્મક અનુવાદ છે. લીંબડી જ્ઞાનભંડારના સૂચિપત્ર (પૃ. ૧૪) માં તેમ જ જૈ. ગૂ. ક. (પૃ. ૬૦૪) માં એની નોંધ છે એમ જણાય છે. ઉપર્યુક્ત લેખસંગ્રહ

(પૃ. ૧૨૬) માં આપી રહીના વાંચન માટે વિ. સં. ૧૭૮૦માં જ્ઞાનપંચમીકથાનો બાલાવબોધ સંપૂર્ણ કરાયાનો ઉલ્લેખ છે. આ જ હાથપોથી તે કનકકુશલગણિએ રચેલી જ્ઞાનપંચમીકથાનો પોતે રચેલો બાલાવબોધ છે એમ અ૦ સાંડેસરાએ કહ્યું છે. એને માટે એમણે કારણ દર્શાવતાં નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છેઃ—

"મને મળેલી હાથપ્રતમાં કર્તા તરીકે કનકકુશલનું નામ નથી, પરંતુ સ્વરચિત પંચમીકથા ઉપરનો તેમનો બાલાવબોધ સુપ્રસિદ્ધ છે. તેમજ અન્યત્ર પણ એ વિષેની નોંધ મળે છે. (લીંબડી જ્ઞાનભંડારનું સૂચિપત્ર પૃ. ૬૪ તથા જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૫૯૧ તથા ૬૦૪), [૨] એટલે તેને કનકકુશળની કૃતિ માનવામાં કોઈ પ્રત્યવાય નથી."

અહીં દર્શાવેલ કારણ ઉપરથી જ આ બાલાવબોધ કનકકુશલનો જ છે એમ માનવા હું તૈયાર નથી. કનકકુશલના બાલાવબોધની હાથપોથી જ્યાં હોય ત્યાંથી એને મેળવી બન્ને બાલાવબોધ સરખાવી જોવા જોઈએ અને તેમ કરતા એ એક જ જણાય તો હું એ વાતને અકાટ્ય પ્રમાણ ગણું. આ કાર્ય અત્યારે મારાથી બને તેમ નથી. એટલે આ સંબંધમાં મને કેમ શંકા રહે છે તે જણાવું છું અને તેનું નિરસન કરવાનું કાર્ય તજ્જ્ઞોને ભળાવું છું

(અ) કનકકુશલની જે કૃતિઓ મારા જોવામાં આવી છે તેમાં એમણે કર્તા તરીકે પોતાનું નામ આપ્યું છે. તો આ બાલાવબોધમાં કર્તા તરીકેનો ઉલ્લેખ કેમ નથી?

(આ) એક જ કૃતિના ઉપર અનેક વ્યક્તિના બાલાવબોધ જોવાય છે તો એવું આ કૃતિના સંબંધમાં કેમ નહિ બન્યું હોય?

(ઇ) એ કોઈ અજ્ઞાત રહેવા ઇચ્છનારની કૃતિ તો નહિ હોય?

(૮) દાનપ્રકાશ—આ હીરાલાલ હંસરાજ તરફથી ઇ. સ. ૧૯૨૧માં પ્રસિદ્ધ થયેલી ૮૪૦ શ્લોકપ્રમાણક કૃતિ છે. એની પ્રશસ્તિનાં ચાર પદ્યો મેં ઉપર્યુક્ત સંસ્કૃત ભૂમિકા (પૃ. ૩૦)માં આપ્યા છે અને એની પ્રત્યેક પ્રકાશના અંતમાં અપાયેલી પુષ્પિકાને આધારે તો મેં કનકકુશલને 'ગણિ' કહ્યા છે તેમજ એમના ગુરુ તરીકે 'સોમકુશલગણિ' નો ઉલ્લેખ કર્યો છે. આ પદ્યાત્મક કૃતિમાં દાન વિષે અધિકાર છે. આ કૃતિને આઠ ભાગમાં વિભક્ત કરાઈ છે. દરેક ભાગને 'પ્રકાશ' કહ્યો છે. આઠ પ્રકાશમાં અનુક્રમે મુનિવરને વસતિ (નિવાસ-સ્થાન), શય્યા, આસન, શુદ્ધ અન્ન, પ્રાસુક જળ, ઔષધ, વસ્ત્ર અને પાત્રનું દાન દેવાથી થયેલા લાભની વાત છે. આ આઠ પ્રકાશમાં અનુક્રમે કુરુચન્દ્ર, પદ્માકર, કરિરાજ, કનકરથ, ધન અને પુણ્યક, [૩]રેવતી, ધ્વજભુજંગ અને ધનપતિની કથા અપાઈ છે. આઠ પ્રકાશનાં પદ્યોની સંખ્યા પ્રકાશ દીઠ નીચે મુજબ છેઃ—

૧૭૯, ૫૨, ૧૧૫, ૧૧૫, ૫૬, ૩૯, ૧૮૧, ૪૩ (૩૯ + ૪)

---

૨ આ કૌંસગત લખાણ મારું નથી, પણ મૂળ લેખકનું છે. અહીં જે પૃ. ૫૯૨ નો ઉલ્લેખ છે તે અસ્થાને છે. કેમકે આ પૃષ્ઠ ઉપર કનકકુશલના કોઈ બાલાવબોધ વિષેનો ઉલ્લેખ નથી.

૩ મહાવીર સ્વામી ઉપર ગોશાલકે તેજોલેશ્યા મૂકી તેથી ઉદ્ભવેલા વ્યાધિને મટાડવા સિંહમુનિ રેવતીને ત્યાં ઔષધ લેવા જાય છે એ સમગ્ર પ્રસંગ અહીં વર્ણવાયો છે.

બધાં મળીને ૭૯૦ પદ્યોવાળી આ કૃતિ[૪] સરળ અને મનોરંજક સંસ્કૃતમાં રચાઈ છે.

(૯) **દીવાલી-કલ્પ**—આ દીવાળીને અંગેનો (કલ્પ) છે. એ મારા જોવામાં આવ્યો નથી.

(૧૦) **'દેવાઃ પ્રભો 'સ્તોત્રવૃત્તિ**—જયાનંદસૂરિએ 'દેવાઃ પ્રભો!' થી શરૂ થતો સ્તવ (સ્તોત્ર) નવ પદ્યમાં રચેલ છે. એ 'સાધારણજિનસ્તવ' એ નામથી અવચૂરિ સહિત 'કાશી' થી યશોવિજય જૈન ગ્રન્થમાલામાં વીર સંવત્ ૨૪૩૯માં પ્રસિદ્ધ થયેલા "જૈન સ્તોત્રસંગ્રહ" ના પ્રથમ ભાગ (પૃ. ૪૫–૫૬) માં છપાયેલ છે. આમાં અવચૂરિના કર્તાનું નામ નથી. એટલે આ અવચૂરિ કનકકુશલની નહિ હશે. જો એમ જ હોય તો પ્રસ્તુત વૃત્તિ આથી ભિન્ન ગણવી જોઈએ.

(૧૧) **પંચમીપર્વસ્તુતિવૃત્તિ**—જિનરત્નકોશ (પૃ. ૨૨૭) જોતાં એમ જ ભાસે છે કે ૧૩૨ પદ્યની જે પંચમી સ્તુતિ છે તેના ઉપર કનકકુશલે વૃત્તિ રચી હશે. એ ગમે તે હો પણ જૈન ગુર્જર કવિઓ (ભા. ૧, પૃ. ૫૮૩) માં તો 'શ્રી નેમિઃ પંચરૂપ' થી શરૂ થતી ચાર પદ્યની પંચમીસ્તુતિ ઉપર કનકકુશલે વિ. સં. ૧૬૫૨માં વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ છે અને એ વાસ્તવિક હોય એમ લાગે છે.

(૧૨) **ભક્તામરસ્તોત્રવૃત્તિ**—આ માનતુંગસૂરિએ રચેલા **ભક્તામરસ્તોત્ર**ની ગદ્યાત્મક વૃત્તિ છે અને એ છપાયેલી છે.

(૧૩) રત્નાકરપંચવિંશતિકાટીકા—રત્નાકરસૂરિએ 'શ્રેયઃ શ્રિયાં મંગલ' થી શરૂ થતી ૨૫ પદ્યની સંસ્કૃતમાં સ્તુતિ રચી છે એને કેટલાક 'વીતરાગસ્તોત્ર' કહે છે (જુઓ જિનરત્નકોશ, પૃ. ૩૨૮). મોટો ભાગ તો એને **રત્નાકરપંચવિંશતિકા** (ગુ. રત્નાકરપચ્ચીસી) કહે છે. આ કૃતિ યશોવિજય જૈન પાઠશાલા (મહેસાણા) તરફથી પ્રસિદ્ધ થયેલી છે. આનો ગુજરાતી પદ્યાત્મક[૫] અનુવાદ થયેલો છે. વળી એનું સ્વ. કેશવલાલ પ્રે. મોદીએ તૈયાર કરેલું અંગ્રેજી ભાષાન્તર જૈન સાહિત્ય સંશોધક (Vol 1, No 1, pp. 15–16) માં ઈ. સ. ૧૯૨૦માં છપાયું છે. આના ઉપરની કનકકુશલની વૃત્તિના હાથપોથી કાંતિવિજયજીના વડોદરામાંના પુસ્તક ભંડારમાં છે એમ જૈ. સા. સં. ઇ. (પૃ. ૫૯૨)માં કહ્યું છે.

(૧૪) **રોહિણીકથા**—આને 'રૌહિણેય-કથાનક' પણ કહે છે. આમાં કર્તાએ પોતાના વિદ્યાગુરુ તરીકે વાચક શાન્તિચન્દ્રનો ઉલ્લેખ કર્યો છે. જિનરત્નકોશ (પૃ. ૩૩૩)માં 'રોહિણ્યશોકચન્દ્રકથા' તરીકે ઓળખાવાયેલી આ કૃતિ જૈન આત્માનંદ સભા તરફથી વિ. સં. ૧૯૭૧માં તેમજ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૨માં છપાઈ છે. આ પદ્યાત્મક કૃતિ છે અને એમાં ૨૦૨ પદ્યો છે. આ કથા દ્વારા 'રોહિણી' તપનો મહિમા વર્ણવાયો છે. પદ્ય ૩૦–૩૬માં કેટલાક દેશોનાં નામ છે. રોહિણી અશોકચન્દ્રને

૪ આનો ગુજરાતીમાં અનુવાદ પ્રસિદ્ધ ન થયો હોય તો તેમ કરવું ઘટે.

૫ બાલાભાઈ કકલભાઈ તરફથી ઈ સ. ૧૯૦૯માં **રત્નાકરપચ્ચીસી** ગુજરાતી શબ્દાર્થ અને ગદ્યાત્મક અનુવાદ સાથે છપાઈ છે. સાથે સાથે આ પુસ્તિકામાં જિનપ્રભસંસ્કૃત **આત્મનિન્દાષ્ટક** (શ્લોક ૧–૧૦) અને હેમચન્દ્રાચાર્યકૃત **આત્મગર્હાસ્તવ** (શ્લોક ૧–૯) પણ આવા શબ્દાર્થ અને અનુવાદ સહિત છપાયાં છે.

પરણે છે. એને રુદનની ખબર નથી. એથી તો પુત્રના મરણને લઇને રડતી એવી એક આ પ્રકાર થતાં એણે એના પતિને પૂછ્યું કે છ રાગમાંથી આ કયે રાગે ગાય છે અને આ કયું વિચિત્ર નાટક છે!

(૧૫) **વરદત્તગુણમંજરીબાવની**—અધ્યાત્મ-બાવની, ઉપદેશ-બાવની, કુંડલિઆ-બાવની, કેશવ-બાવની, ક્ષેમ-બાવની, ગુણ-બાવની, જસરાજ-બાવની, દૂહા-બાવની, દોહા-બાવની, ધર્મ-બાવની, નિહાલ-બાવની, પ્રાસ્તાવિક કુંડલિયા-બાવની, પ્રાસ્તાવિક છપ્પય-બાવની, બ્રહ્મ-બાવની, લઘુબ્રહ્મ-બાવની, સવૈયા-બાવની, સવૈયા માન-બાવની અને સાર-બાવની હિન્દીમાં છે, તો આ પ્રસ્તુત 'બાવની' પણ હિન્દીમાં હશે. અથવા રાજસ્થાની-મજમાં 'બાવની' નામની કૃતિ છે તો એ ભાષામાં આ હશે. એ ગમે તે હો પણ આમાં વરદત્ત અને ગુણમંજરીનો અધિકાર હોવો જોઇએ એમ આના નામ ઉપરથી જણાય છે. આની હાથપોથી કોઈ સ્થળે છે?

(૧૬) **વિશાલલોચનસ્તોત્રવૃત્તિ**—'વિશાલલોચન'થી શરૂ થતી અને પ્રતિક્રમણ કરતી વેળા બોલાતી સ્તુતિ ઉપરની આ વૃત્તિ છે. એ સાદડીમાં રચાઇ છે. આ વૃત્તિ કોઈ સ્થળેથી છપાઈ છે?

(૧૭) **શોભનસ્તુતિવૃત્તિ**—શોભનમુનિએ **સ્તુતિચતુર્વિંશતિકા** રચી છે. અને એ પ્રસિદ્ધ છે. એના ઉપર કનકકુશલે સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. (જુઓ જૈ. ગુ. ક., ભા. ૧, પૃ ૫૮૩). આ વૃત્તિ છપાયેલી છે ખરી?

(૧૮) **સકલાર્હચ્ચૈત્યવન્દનવૃત્તિ**—'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ ૨૫ પદ્યમાં સકલાર્હત્ રચ્યુ છે અને 'બૃહચ્ચૈત્યવન્દન' પણ કહે છે. આના ઉપર કનકકુશલે વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ જિનરત્નકોશ (પૃ. ૪૦૮) માં છે અહીં જે કનકકુશલને વિજય-સેનસૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે તે ભૂલ છે, કેમકે એ તો એમના પ્રશિષ્ય છે.

જૈ. સા. સં. ઇ. (પૃ ૫૯૧) પ્રમાણે વિજયસેનસૂરિના શિષ્ય વિનયકુશલે વિ. સં. ૧૬૫૨ માં મંડલપ્રકરણ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત રચ્યું છે. વિ. સં. ૧૬૫૦માં વિજયસેનસૂરિ-જીવરાજ-આનંદકુશલશિષ્ય રાજકુશલે **ખીમસોભાગ્યાભ્યુદય** નામની કૃતિ રચી તેમાં ખેમરાજ મંત્રી સંબંધી ઐતિહાસિક હકીકત પૂરી પાડી છે.

(૧૯) **સાધારણજિનસ્તવવૃત્તિ**—જિનરત્નકોશ (પૃ ૪૨૯) માં ૭ સાધારણ જિન સ્તવનની નોંધ છે. જેમકે (૧) કુમારપાલે ૩૩ પદ્યોમાં રચેલું સંસ્કૃત સ્તવન, (૨) સોમપ્રભકૃત, (૩) જયાનન્દસૂરિકૃત, (૪) હેમચન્દ્રના શિષ્ય રામચન્દ્રે રચેલ કે જેને 'ષોડશિકા' કહે છે તે, (૫) રત્નાકરકૃત, અને (૬) અજ્ઞાતકર્તૃક. [૬] સોમતિલકસૂરિએ સાધારણજિનસ્તુતિ રચી છે અને એ આ૦ સમિતિ તરફથી ઇ. સ. ૧૯૨૭માં પ્રસિદ્ધ થઈ છે. વળી સૂરચન્દ્રે એક **સાધારણસ્તવન** રચ્યું છે. એના ઉપર કોઇકની

---

૬ ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ જે મેં સંપાદિત કરી છે તેની ભૂમિકા (પૃ ૨૧-૨૫) માં મેં સોમતિલકસૂરિનો પરિચય આપ્યો છે. વિશેષમાં અહીં મેં 'ક' પરિશિષ્ટ તરીકે આ સૂરિની એક પદ્યમાં રચાયેલી અને ચાર અર્થવાળી સાધારણજિનસ્તુતિ અનુવાદ સહિત આપી છે.

ટીકા છે. આમ વિવિધ સ્તવનાદિમાંથી કોના ઉપર કનકકુશલે વૃત્તિ રચી છે એનો નિર્ણય કરવો બાકી રહે છે. બાકી જયાનન્દસૂરિકૃત 'દેવાઃ પ્રભો!' થી શરૂ થતા સ્તોત્રની વૃત્તિ તો એમણે રચી છે એ જ જો અહીં અભિપ્રેત હોય તો આના પૃથક્ ઉલ્લેખની જરૂર નથી.

(૨૦) સુરપ્રિયમુનિકથા—[૭] આની એક હાથપોથી અહીંના મોહનલાલજીના ભંડારમાં છે. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી પ્રસિદ્ધ થયેલી છે, પણ એ મેં જોઈ નથી. એનું પ્રતાપવિજયજીએ ગુજરાતીમાં કરેલું ભાષાન્તર મેં જોયું છે. એમાં કહ્યા મુજબ આ ૧૨૫ પદ્યની કૃતિ છે. એ હાલીવાટક ગામમાં રચાઈ છે. એમાં સુરપ્રિય-મુનિનો અધિકાર છે. પૂર્વજન્મના વેરને લઈને એમનો જ પિતા જે 'બાજ' પક્ષી થયો હતો તે રાણીનો હાર ઉઠાવી આ મુનિ કાયોત્સર્ગ કરતા હતા તે વેળા એમના ગળામાં નાખી ગયો અને એથી રાજાએ અંતે એ મુનિને શૂળીએ ચડાવ્યા. ત્યાં એમને કેવલજ્ઞાન થયું. અને શૂળીનું સિંહાસન થયું. બાજ પક્ષી પણ આત્માનન્દા કરી સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયું.

(૨૧) 'સ્નાતસ્યા' સ્તુતિ વૃત્તિ—'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિના શિષ્ય બાલચન્દ્રે 'સ્નાતસ્યા'થી શરૂ થતી ચાર પદ્યની સ્તુતિ રચી છે એમ કહેવાય છે. અને એ પ્રતિક્રમણાદિમાં બોલાય છે. આની વૃત્તિ વિષે જિનરત્નકોશ (પૃ. ૪૫૬)માં ઉલ્લેખ છે તે બરાબર છે. પણ એમાં કનકકુશલને હીરવિજયસૂરિના શિષ્ય તરીકે અહીં ઓળખાવ્યા છે એ ભૂલ છે.

(૨૨) હરિશ્ચન્દ્રનો રાસ—જૈ. ગુ. ક. (ભા ૧, પૃ ૫૮૩)માં આ રાસ વિષે અને એ વિ. સં. ૧૬૯૭માં રચ્યા વિષે ઉલ્લેખ છે, પણ એની પ્રારંભની કે અંતની કોઈ પંક્તિ અપાઈ નથી. આ રાસ કોઈ સ્થળેથી છપાયો છે ખરો ?[૮]

આમ મેં અહીં [૯]બાવીસ કૃતિઓનો આછો પરિચય આપતાં કેટલાક પ્રશ્નો ઊઠાવ્યા છે, તો તેના ઉત્તર આપવા, કનકકુશલગણિની કોઈ કૃતિ ગણાવવી રહી જતી હોય તો તેનો અને સાથે સાથે એમના કોઈ શિષ્યાદિ હોય તો તેમના નામનો ઉલ્લેખ કરવા તેમજ આ લેખમાં જે ન્યૂનતા જણાય તે દૂર કરવા તજ્જ્ઞોને વિનવતો વિરમું છું.

ગોપીપુરા, — સુરત

તા ૧૮-૮-૪૮

---

૭ આમાં ક્યાં ક્યાં ધન દાટેલું હોય તેની નિશાનીઓ બતાવાઈ છે.

૮ અત્યાર સુધીમાં કઈ કઈ જૈન કૃતિ ક્યાંથી છપાઈ છે તે જાણવાનું કોઈ સાધન નથી. દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલી કૃતિઓ વિષે જેમ એના ગ્રન્થાંક ૬૭ના અન્તમાં ઉલ્લેખ કરાયો છે તેમ વિવિધ સંસ્થાઓ પોતા તરફથી છપાયેલી કૃતિઓ અંગે માહિતી પૂરી પાડે તોયે આ દિશામાં થોડોક પ્રકાશ પડે.

૯ ગોડી-પાર્શ્વનાથછંદની નોંધ મેં સંસ્કૃત ભૂમિકામાં શાને આધારે કરી હશે તે યાદ આવતું નથી એથી તેમ જ શાંતિકુશલની આનું સ્મરણ કરાવનારી કૃતિ વિ. સં. ૧૬૬૭માં રચાઈ છે એથી આ ઉલ્લેખ ભ્રાન્ત તો નથી એવી શંકા ઉદ્ભવે છે.

बारह भावना संबंधी विशाल साहित्य

लेखक—श्रीयुत अगरचन्दजी नाहटा

'जैन सत्य प्रकाश' के क्रमांक १५३ में मुनि रमणिकविजयजी का 'बार भावनाना साहित्य विषे कंईक विशेष' शीर्षक लेख प्रकाशित हुवा है। उसमें आपने मेरे लेखके सम्बन्धमें जो कुछ लिखा है वह विचारपूर्ण प्रतीत नहीं होता। क्यों कि मैंने अपने लेखमें यह स्पष्ट लिख दिया था कि—"बारह भावना का साहित्य बहुत विशाल है। कापडियाजीने जो सूची उपस्थित की हैं उतना ही साहित्य और भी मिल सकता है। मेरी जानकारीमें भी अनेक ऐसे ग्रन्थ आये हैं जिनमें बारह भावनाओं का विवरण है पर अभी वह मेरे सामने नहीं है, अतः विशेष विचारणा भविष्यमें की जायगी। यहां तो दो चार बातों पर ही प्रकाश डाला जा रहा है।" अर्थात् उस लेखका लेखन सिलहट (पाकिस्तान)में अपने व्यापारिक केन्द्रोंके निरीक्षणार्थ जाने पर हुआ था। वहां साधन न होनेसे जो कुछ आवश्यक सूचन करना था कर दिया गया व भविष्यमें विशेष विचार करनेका निर्देश भी कर दिया था तब "नाहटाजी नी नोंधमां विशेष ज्ञातव्य तरीके खास कांई जणातुं नथी" लिखने का कोई अर्थ नहीं रह जाता, क्यों कि उसमें स्पष्ट रूपसे १ साहित्यकी विशालता, २ मेरे अवलोकनमें अन्य अनेक ग्रन्थोंका आना, ३ उस समय साधनों का पासमें न होना, ४ भविष्यमें विशेष प्रकाश डालनेकी सूचना कर ही दी थी। कुंदकुंद के समय व सकलचंद्रके गच्छ सम्बन्धी स्पष्टीकरणको आपने अप्रस्तुत बतलाया है पर जिस लेखके संबंधमें विशेष ज्ञातव्य लिखा गया उसमें इन दोनों बातों के संबंधमें चर्चा है अतः इनके संबंधमें लिखी गई टिप्पनी अप्रस्तुत नहीं मानी जा सकती। सकल कविको चाहे अन्य सभी तपागच्छीय मानते हों पर कापडियाजीने "कहेवाय छे (निश्चित नहीं) पण एमना गच्छ समय इत्यादि विषे कोई उल्लेख जाणवामां नथी" लिखा है अर्थात् वे इसे असंदिग्ध नहीं मानते इसी लिये मुझे लिखना आवश्यक हो गया था। अस्तु।

अब मैं अपनी पूर्व सूचनानुसार बारह भावना संबंधी जो विशाल साहित्य मेरे अवलोकन एवं जानने में आया है उसीका परिचय दे रहा हूं।

(१) यद्यपि कापडियाजीका अध्ययन बहुत विशाल एवं स्मृति तेज है अतः बारह भावना सम्बंधी साहित्य की विस्तृत सूची दी है पर उनमें एतत् सम्बन्धी

मौलिक रचनायें १० के करीब ही हैं, बाकीके नाम ऐसे ग्रन्थों व टीकाओं के हैं जिनमें १२ भावनाओं का वर्णन पाया जाता है अर्थात् अवान्तर ग्रन्थों की सूची ही अधिक है। ऐसे छोटे मोटे अवान्तर ग्रन्थों का मैं उल्लेख करने लगूं तो शायद उनकी सूचीसे द्विगुण हो जाय अतः लेख विस्तार भयसे मैं इस लेख में १२ भावना सम्बन्धी स्वतंत्र छोटी मोटी रचनाओंका ही निर्देश करना आवश्यक समझता हूं और वह भी कापडिया व मुनिश्री के सूचित रचनाओं से दुगुनी चौगुनी हो ही जायगी।

(२) पाटणके ताडपत्रीय ग्रन्थसूचीमें ही ऐसी रचनाओंका निम्नोक्त निर्देश पाया जाता है। यथा—

१ द्वादश भावना गा. २०८ (२१०)	सूची पृ. ९१–१९०
२ ,, ,, कुलक गा. ३२ जिनेश्वरसूरि	,, पृ २४
३ ,, ,, ,, गा. १२	पृ. ४१०
४ भावना प्रकरण प्रा०	,, पृ. २३–१६९–२९९
५ ,, सं०	पृ. ३९४
६ भावनासार अपभ्रंश गा. ८८	पृ. २९
७ भावना कुलक गा. ३०	पृ. ८९
८ ,, गा. २४ सोमदेव	
९ ,, गा. २२ यशोघोष	पृ. १८९–४१०

नं. ४ व ६ से ९ में १२ भावना का (उद्धरणोंमें तो) नामनिर्देश नहीं है पर विषय यही प्रतीत होता है। प्रति देखने से पूरा निर्णय हो सकेगा।

(३) जिनरत्न कोषमें निम्नोक्त रचनाओं का निर्देश है–

१० द्वादशभावना विनयविजय डेहला उपासरासूची (संभव है शान्तसुधारसका ही अपर नाम हो)

११ द्वादशभावना (कथा) लींबडी नं. ९६२

१२ ,, प्रकरण

भावना नामांकित १ भावना प्रकरण (गा. ४९४ हंस नं. ८९३), २ भावनाशतक, ३ भावनासार (अजितप्रभ) आदिका उल्लेख है। संभवतः उनमें भी १२ भावनाओंका विवरण होगा। निर्णय तो प्रति देखनेसे ही हो सकता है।

(४) हमारे संग्रहमें द्वादश भावनाकुलक गाथा १३ (१५) के व द्वादश भावना कथाकी २ प्रतिये हैं—

१ भावनाविलास-लक्ष्मीवल्लभ, २ भावना बेलि जयसोम एवं ३ भावना सज्झाय सकलचन्द्र कृत, ४ जयसोम कृत भावना संधि भी हमारे संग्रहमें हैं एवं चारों प्रकाशित भी हैं।

१ बारह भावना कथा (हमारे संग्रहमें) २ प्रकारकी हैं।

२ भावना विलास, मगन (सं. १९५२ चै. शु. २ कल्याणपुरी)

३ १२ भावनागीत, पद्मराज (१७ वीं) गा. १२

४ ,, समयसुन्दर

आधुनिक रचित एवं प्रकाशित ग्रन्थों में निम्नोक्त उल्लेखनीय हैं—

१ भावनाभूषण—विनयविजयजी हमारे संग्रहमें

२ भावनाबोध—राजचंद्र | सेठिया लाइब्रेरी

३ भावनाशतक-स्था० रत्नचंद्रजी |

(५) यहां के ज्ञानभंडारमें १२ भावनाविचारादिकी प्रतियें हैं।

दिगम्बर साहित्य।

(१) 'अनेकान्त'में प्रकाशित दि० भंडारोंकी सूचियें एवं जिनरत्न कोष आदिसे १२ भावना सम्बंधी नीचे लिखे दि० साहित्यका पता चला है—

१ द्वादश अनुपेक्षा पं. योगदेव कुंभनगर 'अनेकान्त' व. ४ पृ. ४८७

२ ,, कन्नड (उदयराग) ,, पृ. ६००

३ ,, ,, (विजयण्ण) ,,

४ ,, ,, गौतमस्वामी (?)

५ ,, मू. प्रा. टी. कन्नड (मू. कुंदकुंद) टी. केश (व वर्णी)

६ ,, कल्याणकीर्ति | जिनरत्नकोष

७ ,, अज्ञात |

८ ,, अपभ्रंश गा. २१ विश्वसेन हमारे संग्रहमें

९ दोहडा अनुपेक्षा अपभ्रंश लक्ष्मीसेन 'अनेकान्त' व. ५

१० बारस अणुवेक्खा (अपभ्रंश) जाल्हिग अनेकांत व. ५

११ ,, ,, ,, कवि ईसर ,,

१२ ,, ,, ,, लक्ष्मीचन्द्र ,,

१३ अध्रुव अनुप्रेक्षा अध्रुव अनेकान्त व. ५

१४ द्वादश अनुपेक्षा गर्भित (राजुल पचीसी) विनोदीलाल

१५ अनुपेक्षा भावना भगवतीदास (१६८०) दि. जै. सा. इ. पृ. १०१

१६ द्वादश अनुपेक्षा छत्रपति (१९०७) दि. ग्रन्थसूची

१७ ,, विरधीचन्द्र (१९ वीं)

प्रकाशित हिन्दी दि. ग्रन्थ

१८ बारह भावना नयनसुख प्र. जैन साहित्य सदन दमोह (c. p.)

१९ ,, ,, भूदरदास प्र. भावनासंग्रहमें

२० ,, ,, गा. १४ बुधजन ,,

२१ ,, ,, गा. १५ भगौतीदास ,,

२२ ,, ,, गा. १२ जयचन्द्रजी ,,

२३ ,, ,, मंगतरामजी ,,

२४ द्वादशानुपेक्षा, हिं. प्राप्तिस्थान मूलचंद किशनदास सूरत

२५ ,, गु. ,,

२६ बारह भावना संग्रह ,,

२७ अनित्य पंचाशत् ,,

२८ द्वादशानुपेक्षा पद्मनंदि (उपासकाचारके अंतर्गत)

२९ ,, बाहुबली (मूल प्राकृत, टीका कन्नड) (संभवतः कुन्दकुन्दके ग्रंथकी ही टीका है)

३० ,, वादीभसिंह (क्षत्रचूडामणिसे उद्धृत)

३१ ,, कन्नड भाषाकी अज्ञातकर्तृक अनेक प्रतियां (इनका उल्लेख अभी अभी भारतीय ज्ञानपीठसे प्रकाशित कन्नड प्रांतीय ताडपत्रीय ग्रन्थसूचीमें पाया गया है)

३२ बारह भावना दूहा हिन्दी (सं. १६८५ लि. हमारे संग्रहके गुटकेमें)

अब श्रीयुत् कापडियाजी एवं रमणिकविजयजीके लेखोंके समर्थनमें [illegible] ज्ञातव्य बातें नीचे दे दी जाती हैं —

१ मरणसमाधिपयन्नेका उल्लेख नंदीसूत्रमें आनेसे उसका समय ५ वीं शताब्दी के पूर्वका निश्चित है।

२ स्वामी कीर्तिके पानुपेक्षा हिन्दी अनुवाद सहित प्रकाशित है इस पर २-३ भाषा टीकाएं भी उपलब्ध हैं।

३ संस्कृत, कन्नड दि. अनुपेक्षा ग्रन्थों का उल्लेख उपर कर ही दिया है। शुभचन्द्रका समय कुछ पीछेका प्रतीत होता है। देखें प्रेमीजीका 'जैन साहित्य और इतिहास' ग्रन्थ।

४ जयदेवरचित भावनासंधि जैनयुग वर्ष ४ पृ. ३१४ में व मधुसूदन मोदीका लेख भी उसी पत्रके पृ. ४६९में प्रकाशित है।

५ तपा जयसोमकी भावना सज्झायके रचनेका महीना सूचिसे चैत्र लिया गया है पर अमरकोषादिके अनुसार अषाड होना चाहिये।

६ सकलचंद्रकी १२ भावनावेलि विवेचनसहित जैनधर्म प्रसारक सभासे छप चुकी है। उसके परिशिष्टमें अमृतविजयरचित १२ भावना भी प्रकाशित है। अवान्तर ग्रन्थोंमें ज्ञानार्णवके आधार से रचित श्रीमद् देवचंद्रजी रचित ध्यानदीपिका चौपाइमें विस्तृत वर्णन है। एवं अगरचंद भैरोंदान सेठिया प्रकाशित जैन सिद्धांत बोलसंग्रह भा. ३ के पृ. ३९० में विस्तारसे विवरण दिया गया है।

७ मुनि रमणिकविजयजी सूचित भावनाप्रकरणकी दो ताडपत्रीय प्रतियें पाटणके भंडारमें हैं जिनमेंसे एकमें गा. १३२ है।

८ भावनाकुलक पाटण भंडार में कई हैं। मुनिश्री सूचित गा. २४ वाला उनसे अभिन्न है तब तो वह प्राचीन है। मुनिश्रीने उसे ११ वीं के पूर्वार्द्धका बतलाया पर वह लेखनसमय ही संभव है। कुलक ×साहित्य का समय ८ वीं से १७ वीं तकका है।

९ द्वादशानुपेक्षा--आल्हुकृतका समय १८ वीं सदी अनुमान किया गया है पर वह १५ वीं १६ वीं शताब्दी का संभव है। १७ वींकी लिखित तो प्रति भी उपलब्ध है।

आल्हु दि. है या श्वे० इसका निर्णय करना आवश्यक है। दि. भंडारमें भी इसकी प्रतियें उपलब्ध हैं।

× देखें जैनधर्म प्रकाशमें प्रकाशित मेरा कुलकसाहित्य सम्बन्धी लेख।

શ્રી જૈન સત્ય પ્રકાશ

નું

तेरमा वर्षनुं विषय-दर्शन

પ્રતિકાર

સંપાદકીય

તત્ત્વજ્ઞાન

સાહિત્ય

ઇતિહાસ, શિલ્પ, સ્થાપત્ય.

ચરિત્ર, કથા, વર્ણન, ઉપદેશ, પ્રકીર્ણ

સ્તુતિ, સ્તોત્ર, સ્તવન આદિ

મ દ દ

પર્યુષણમહાપર્વ નિમિત્તે તેમજ ચાલુ મદદની નીચે મુજબ રકમો અમને મળી છે તે માટે અમે તે તે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરો તેમજ તે તે ગામના સંઘો અને સદ્ગૃહસ્થોનો આભાર માનીએ છીએ, અને બીજા ગામના સંઘો અમને વધુ મદદ મોકલી આપે એવી વિનંતિ કરીએ છીએ. —તં૦

૧૦૧) પૂ. આ. મ શ્રી. વિજયઅમૃતસૂરિજીના સદુપદેશથી નાગજીભુદરની પોળનો ઉપાશ્રય, અમદાવાદ.

૧૦૧) પૂ આ. મ. શ્રી. વિજયવિજ્ઞાનસૂરિજીના સદુપદેશથી પાંજરાપોળનો ઉપાશ્રય, અમદાવાદ

૧૦૦) પૂ. આ મ. શ્રી. જિનહરિસાગરસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, કોટા.

૧૦૦) શેઠશ્રી ચીમનલાલ લાલભાઈ, અમદાવાદ.

૩૩) શેઠશ્રી તળશીભાઈ જાદવજી, વઢવાણકેમ્પ.

૨૫) પૂ. આ. મ. શ્રી. વિજયયતીન્દ્રસૂરિજીના સદુપદેશથી શ્રી જૈનસંઘ થરાદ.

૧૧) પૂ. આ. મ. શ્રી. વિજયકુમુદસૂરિજીના સદુપદેશથી થરા જૈન લાયબ્રેરી, થરા (પાંચવર્ષ માટે વાર્ષિક)

૧૧) પૂ. મુ. મ. શ્રી. યશોભદ્રવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, સાઠંબા.

૧૧) જૈન પાઠશાળા, ખેરવા (ચોથા વર્ષના)

૧૦) પૂ. પં. મ. શ્રી. દેવેન્દ્રસાગરજીના સદુપદેશથી વિજયદેવસૂર જૈનસંઘ, ડભોઇ.

૧૦) પૂ. પં. મ. શ્રી પ્રવીણવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, વાપી.

अट्टाइं रुद्दाइं परिच्चयंति, धम्माइं सुक्काइं समायरंति ।
नवाइं [14]कम्माइं न बंधयंति, पुव्विल्लयाइं तवि [15]झोसयंति ॥ १३ ॥
तेसिं नमो दुक्करकारयाणं, महव्वयादुद्धरधारयाणं ।
जिणागमे सुद्धपरूवगाणं, विसुद्धचरणे करणे रयाणं ॥ १४ ॥
[16]अहं पि पुव्विं गिहवासलीणो, सुसाहुधम्मे विमले न लीणो ।
इण्हिं पुणो [17]वयबलसत्तिहीणो, [18]चिट्ठे जहा जलविरहम्मि मीणो ॥ १५ ॥
जाणंतओ भोगसुहे अणिच्चे, [19]घोरेअरे दुहभरिए [20]अनिच्चे ।
न लग्गओ दुविहे धम्मकिच्चे, ठिओ अहं कुडुकवाडविच्चे ॥ १६ ॥
आसापिसाएण[21] घरेवि मुक्को, [22]मणोरहो साहु मणम्मि चुक्को ।
कयावराहा[23] वि गिहे निलुक्को, [24]चिट्ठे जहा वानर डालचुक्को ॥ १७ ॥
अइसंकिलिट्ठा विसया अणिट्ठा, करंडए छूढभुयगपुट्ठा ।
मोहंधयारेहिं[25] झडत्ति दट्ठा, अम्हारिसा जग्गंता वि मुट्ठा ॥ १८ ॥
एएण मन्नामि अहं कयत्थो, जं पाविओ [26]सिवपुरमग्गसत्थो ।
जिणिंदभणिओ धम्मो पसत्थो, संसारजलहीतरणे समत्थो ॥ १९ ॥
भत्तिब्भरो नामसिरो सया हं, विन्नत्तिय परमिट्ठीण काहं ।
पत्थेमि [27]वत्थु इह किंचि नाहं, भवे भवे दिंतु सुबोहिलाहं ॥ २० ॥
खमावणं सव्वजीवाण खमणं, आलोयणाइं चउसरणगमणं ।
अणसणं पच्चक्खाणकरणं, अंतम्मि मे हुज्ज समाहिमरणं ॥ २१ ॥
जे भावणाए कुलयं पढंति, एयं सचित्ते परिभावयंति ।
आणं जिणंदाण सया कुणंति, ते झत्ति निव्वाण सुहं लहंति ॥ २२ ॥

---

१४ पावाइं न ते करिंति प्र० । १५ सोसयंति प्र० । १६ इहं तु प्र० । १७ ०सत्थहीणो प्र० । १८ चिट्ठं जहा प्र० । १९ घरोवरे प्र०, गडोवमे प्र० । २० निमिच्चे प्र० । २१ ०हिं घरेवि प्र० । २२ मणोरहा सो वि मणे विमुक्को प्र० । २३ राहु व्व गओ प्र० । २४ चिट्ठं जहा प्र० । २५ ०यातेहिं प्र० । २६ ०पुरिगमणसत्थो प्र० । २७ वत्थं अइ किंपि नाहं प्र० ।

આ ભાવનાકુલક શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમન્દિરની પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે. આ કુલક ખૂબ જ અશુદ્ધ હતું આથી તેની લગભગ પાંચેક પ્રતિઓ મેળવી સંશોધન કર્યું છે, છતાં હજી સર્વાંગશુદ્ધ થઈ શક્યું નથી. આ કુલકનાં નામો પ્રતિઓમાં નીચે મુજબ મળે છે—

૧ નિશ્રાવિગમકુલક, ૨ આવકકુલક, ૩ સ્વજીવાનુશાસનકુલક અને ૪ ભાવનાકુલક.

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ)

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીના સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાનો દળદાર સચિત્ર અંક મૂલ્ય દોઢ રૂપિયો

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક મૂલ્ય ચાર આના

[૨] ક્રમાંક ૪૫-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દસમા અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા

લખો

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા અમદાવાદ

મુદ્રક-મગનભાઈ છોટાભાઈ દેસાઈ શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ પ્રકાશક-ચીમનલાલ ગોકળદાસ શાહ શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય જેશિંગભાઈની વાડી ઘીકાંટા રોડ-અમદાવાદ